શ્રી ધ્યાન કલ્પ તરુ.

ગુજરાતી ભાષાંતર કર્તા
[illegible]

કર્તા અમોલખ ઋષિ.

॥ ૐ ॥

॥ श्री परमात्मने नमः ॥

શ્રી ધ્યાન કલ્પ તરુ.

(PARADISE OF MEDITATION,

મૂળ હિંદી ભાષામાં

પરમ પૂજ્ય બાલબ્રહ્મચારી મહાત્મા શ્રીઅમોલખ ઋષિ

રચિત ગ્રંથ

તેનું

ગુજરાતીમાં ભાષાંતર કરનાર

પ્રાણજીવન મોરારજી શાહ,

હેડ માસ્તર, રાજકોટ તાલુકા સ્કુલ નાં. ૨.

મહાન્ ઉપકારક બુદ્ધિથી પ્રગટ કરનાર,

પોરબંદર નિવાસી

શાહ હરખચંદ વેલજી અને સ્નેહીઓ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦.

ઈ. સ. ૧૯૧૬. મહાવીર સં. ૨૪૪૨. વિ. સં. ૧૯૭૨.

મૂલ્ય—માત્ર આઠ આના.

ગ્રંથ સ્વામિત્વના સર્વ હક્ક પ્રગટ કર્ત્તાએ પોતાને
સ્વાધીન રાખ્યા છે.

શ્રી ખરચાર પ્રેસમાં ચકુભાઇ અને ધનજીભાઇએ
છાપ્યું.
રાજકોટ પુરા.

પ્રસ્તાવના.

"ધ્યાન કલ્પતરૂ" નામનો જેવો અર્થ છે તેવોજ આ ગ્રંથ છે. ધ્યાનની ઉત્તમતારૂપી વૃક્ષે ચડવાથી કલ્પતરુની પેઠે ઇચ્છિત ફળો અને છેવટે પરમાત્મદશા જે સત, ચિત્ ને આનંદઘન સ્વરૂપ મોક્ષસ્થાન તે પણ મેળવી આપે એવો આ ગ્રંથ છે: ગ્રંથ કર્ત્તાનો પણ એજ હેતુ છે.

આજકાલ પ્રવૃત્તિમય જમાનો ચોતરફ વર્તી રહ્યો છે; માણસો પોતાને સંસારમાં જોઇતી ચીજો માટે અતિ આકુળ વ્યાકુળ થઇ રહ્યા છે. ૩૦ કલાકનો દિવસ અને ૫૦૦ દિવસનું વર્ષ હોય તોએ અત્યારે થોડાં થઇ પડે તેવી સ્થિતિ ભાસે છે. ગરીબ અને તવંગર, મૂર્ખ અને વિદ્વાન, બાળ અને વૃદ્ધ સૌને માટે પ્રવૃત્તિ-પ્રવૃત્તિજ નજરે પડે છે. નિવૃત્તિમય જીવન અથવા નિવૃત્તિ આવવા સારૂ પ્રવૃત્તિ કે નિવૃત્તિ રહે એવી પ્રવૃત્તિનો લગભગ અભાવ જોવામાં આવે છે. માણસે પોતે પોતાને માટે જોઇતી ચીજોનો પોતે માની લીધેલો ખપ વધારી દીધો હોવાથી તે તે ચીજોની ઉત્પત્તિ, પ્રાપ્તિ, ઉપભોગ અને સંભાળમાંજ તેના જીવતરનો લગભગ બધો ભાગ વ્યતીત થાય છે. વખતે તેનેજ તે નિવૃત્તિ માટેનો હોય એમ પણ જોવામાં આવે છે. આથી તેનું ફોકટું બહુ ધુંચવાય છે અને "એ નિવૃત્તિ નહોતી, નિવૃત્તિ આપે એવી પ્રવૃત્તિ પણ નહોતી, હું બહુ ભૂલ્યો, જશમાં—જરમાં—જોમમાં—ઝાંઝવાના જળમાં-જળળમાંજ રહી ગયો." એવો ભેદ છેક છેલ્લી ઘડીએ ખુલવો હોય તો ખુલે છે કે જ્યારે સાવ મોડું થઇ ગયું હોય છે. એ તમામ ચીજો કે પ્રવૃત્તિ જરા પણ શરણ રૂપ થતી નથી અને એને છોડીને અશાંતિમાં મરણ શરણ થવું પડે છે. જે મહાત્માઓ દ્રવ્યથી (બાહ્યથી—બહારથી) અને ભાવથી (અંતરથી) ત્યાગી છે તેઓ એકાંતમાં રહ્યા. તેમજ સંસારમાં જળ-કમળવત્ એટલે નિષ્કામ કે લૂખા પરિણામે રહેતા ગામમાંના ગૃહસ્થો ઘરમાં રહ્યા રહ્યા, અંતે ભયંકર પરિણામ આણનારી આ અતિપ્રવૃત્તિ

જોઇને ચેતતા રહે છે અને બીજાને ચેતાવવા બનતો પ્રયાસ કરે છે. તોપણ કાળબળ એ મહાન્ શક્તિ હોવાથી તેવા ઉત્તમ જીવો પણ કાળ પ્રવૃત્તિને સામાન્યપણે રોકી શકતા નથી. આવી આકુળ ને ચિંતા-ગ્રસ્ત પ્રવૃત્તિને લીધે ધાર્મિકજ્ઞાન, શાંતિ, સમાધાની, સ્થિરતા, ધ્યાનાવસ્થ દશા, સમાધિ વગેરે, આત્માની શાંતિના અપૂર્વ સુખને મેળવી આપનારી વસ્તુની તેમજ શરીર બળ અને બુદ્ધિબળની પણ ગેરહાજરી જોવામાં આવે તો તેમાં કાંઇ નવાઇ નથી. કદી કોઇ પોતે પોતાના ધાર્મિકસ્થા-નમાં ઘડીભર શાંતિ ભાવમાં બેસે તો ત્યાં પણ ઘણીવાર મનરૂપી ઘોડો લગામમાં રહેતો નથી અને અંતર્ શાંતિ ઉડી જાય છે, તેથી અમૂલ્ય ને અખુટ આનંદવાળી મહાન્ દશાની સ્મૃદ્ધિ મળતી નથી અને ધર્મ ક્રીયા વેઠની પેઠે જેમતેમ પૂર્ણ કરી પાછો એની એ જડ પ્રવૃત્તિમાં તન, મન, વચનને જોડે છે.

આ સ્થિતિનો પૂર્વના મહાત્માઓએ ઘણા કાળ પહેલાંથી વિચાર કરી ચિતાર આપ્યો છે. તેઓએ દીર્ઘ અનુભવથી કાળના બે ભાગ અને તે બે ભાગમાંના દરેકના છ છ વિભાગ પાડયા છે. તેમાં બળ, બુદ્ધિ, શરીર સાધન, રૂપ, ગુણ, વગેરેમાં દિન પ્રતિદિન ઉતરતો એવો હાલનો અવસર્પિણી કાળ અને તેના છ ભાગ (છ આરામાંનો આ પાંચમો ૨૧ હજાર વર્ષનો (આરો) ચાલે છે; જેના હજી લગભગ ૨૫૦૦ વર્ષ વીતી ગયાં છે ત્યાં તો આવી અતિ અસ્થિર સ્થિતિ–પ્રવૃત્તિમય સ્થિતિ આવી છે. સ્થિતિ જ્યાં જુઓ ત્યાં અશુભ કે અશુદ્ધ વિચારનીજ ધમાલ છે, આરંભ અને પરિગ્રહ માટે કજીયા, કપટ, કુસંપ, દ્વેષ, મમતા જામી રહ્યાં છે. ક્ષણિક જીવન છતાં, પૂર્વજોની અનંત પેઢીઓ જતી રહી અને જેનાં નામ નિશાન રહ્યાં નથી કે યાદ પણ નથી છતાં ખરા ધર્મની ખરી સમજણ વિના લગભગ બધું જગત્ નાશવંત પુદ્ગળિક સુખપર અથાગ મોહ–મમતા ચોંટાડી પોતાના આત્માને મલિન કરે છે!!! જડ વસ્તુ-ઓનો સંયોગ વિયોગ, ભાગ વિભાગ, અને ગુણ શક્તિ જાણી તેમાંથી કળા કૌશલ્ય મારફતે મહાકષ્ટે જગતને ઉપયોગી થાય તેવી કરોડો ચીજો બનાવી ઘર, મહેલ, દેવળ, ગામ વગેરે જારી મૂકવાં તેનેજ કેટલાક ભારે મહત્વનું કામ ગણી તે તરફ જગતને વાળવા ભારે આતુરતાથી પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આત્માનંદનો કે ખરી સમાધિનો રસ ચાખ્યો નથી

તેથીજ આ ચમત્કારિક લાગતી જડ પ્રવૃત્તિ, કે જે મેળવતાં, સાચવતાં વાપરતાં ઘણી મહેનત-વખતને મુસ્કેલીઓ પડે છે ને જે પરિણામે સોંઘે મોંઘી, વહેલે મોડી, સહેલી લાગતી છતાં અઘરી, નિર્ભય લાગતી છતાં ભયંકર જણાણી છે તેને ઉત્તમ ગણી રહ્યા છે અને જળોની પેઠે મૂકતા નથી. જેઓ પૂર્વજ મહાત્માઓના તત્ત્વજ્ઞાનના ખરા ચિંતવનમાં પડયા છે અને શાસ્ત્રમાં કહેલી વિધિ પ્રમાણે ચારિત્ર પાળી ગુણવાન્ થતા જાય છે તેઓને હાલની પ્રવૃત્તિથી બનતી ચીજો કરતાં અનંતગણી ચમત્કારિક ચીજો ઘણી સહેલાઇથી પ્રાપ્ત થાય છે છતાં તેમાં તેઓ લુબ્ધ થતા નથી.

આ હાલની પ્રવૃત્તિ કરતાં જે સુખ અતિ ઉત્તમ છે, જે સુખની ઇચ્છા સંસારી જીવાત્મા કરે છે, જે સુખને માટે મોટા મોટા મહાત્મા મહાન્ પ્રયાસ કરે છે, જે સુખને માટે જ્ઞાનીઓ મહા પરિષહ્માં ગર્જના કરી ઉપદેશ આપે છે અને જે સુખને માટે જપી, તપી, સંયમી ખપી (પરમ સુખના ઇચ્છક) ઉદ્યમ કરે છે તે પરમાનંદ અખંડસુખ એક ઠેકાણે બેઠાં બેઠાં સુખથી પ્રાપ્ત કરી શકે તેવો સત્ય, સીધો સર્વ-માન્ય અને પ્રત્યક્ષ ફળદાતા ઉપાય એક **ધ્યાનજ** છે. **કોઇપણ વસ્તુપર ચિત્તની એકાગ્રતા—તન્મયતા** તેને **ધ્યાન** કહે છે. એ ધ્યાનના મુખ્ય ચાર ભેદ છે. તેમાંના પ્રથમના બે અશુભ ભેદ જે **આર્ત્તધ્યાન** અને **રૌદ્ર ધ્યાન**તે કેવળ તજવા જેવા છે, અને બાકીના બે **ધર્મધ્યાન** અને **શુકલધ્યાન** (જે બંને શુભ કે શુદ્ધ ધ્યાન છે તે) આદરવા જેવાં છે. તેથીજ આત્મા ગુણસ્થાનક પર ચડતો જઇ ઊંચી સ્થિતિમાં આવે છે. એ ઊંચી સ્થિતિનો રોધ કરનાર અડચણરૂપ જે આઠમું **અંતરાયકર્મ** છે તેનો નિર્જરા તત્ત્વથી ક્ષય થાય છે. એ નિર્જરા તત્ત્વ નવ તત્ત્વમાનું સાતમું ઉત્તમ આદરવા જોગ તત્ત્વ છે. તેના બાર ભેદ કહ્યા છે; છ બાહ્ય અને છ અભ્યંતર. એમાં અભ્યંતરનો પાંચમો ભેદ **ધ્યાન** છે. પુણ્ય કે પાપરૂપી નવાં કર્મ આત્મામાપર ન આવવા દેવાં એટલે નવું દેણું ન થવા દેવું તેને **સંવર તત્ત્વ** કહે છે, તેનાથી પણ ચડીયાતું **નિર્જરા તત્ત્વ** છે. એ તત્ત્વ મોક્ષ તત્ત્વની ડેલી રૂપે છે. આત્મા પર જે કર્મો લાગ્યાં છે તેને ખેરવાં, ઝેરવાં, એટલે જુનું દેણું તે દેવા માંડવું અને એ રીતે આત્માને કેવળ નકરો, અકર્મી, મૂળસ્વરૂપ-વાળો થવા દેવો એ નિર્જરા તત્ત્વનો હેતુ છે. ઉત્તમ ધ્યાનથી એ નિર્જરા થાય છે. બીજાં તપ તો બહુ લાંબો વખત કરવાથી જેવું ધ્યાન

હોય તેવું ને તેટલું કાળાંતરે ફળ મળે છે, પણ આ ધ્યાન નામની નિર્જરા શક્તિ તો એકાગ્ર ચિત્તથી એક અંતર્મુહૂર્ત્ત અજમાવે તો અનંત કાળનાં એકઠાં થયેલાં કર્મનો નાશ કરી પરમાત્માનંદી બને છે, તેટલા માટે શાસ્ત્રમાં ઠેકઠેકાણે સાધુજી અને શ્રાવકજીને શુભ ધ્યાનમાં રહેવાની વિશેષ જરૂર બતાવી છે. સાધુજીને માટે કહ્યું છે કે :—

पढमं पोरिसि सज्झायं, बीयं झ्झाणं झियायई ॥
तइयाए भिख्खारियं, पुणो चउत्थाइ सज्झायं ॥

ઉત્તરા૦ ૨૬, ગાથા ૧૨.

સાધુએ દિવસના પહેલા પહોરમાં મૂળ સૂત્રોનું પઠન (सज्झाय=स्वाध्याय) બીજે પહોર ધ્યાન (સૂત્રના અર્થપર એકચિત્તે વિચાર) ત્રીજે પહોરે ભિક્ષાચરી (ગોચરી) અને ચોથે પહોરે ફરી सज्झाय કરવા ખાસ કહેલ છે. તેજ પ્રમાણે રાત્રિના પણ પ્રથમ પહોરે सज्झाय, બીજે ધ્યાન, ત્રીજે નિદ્રા, અને ચોથે પુનઃ सज्झाय કરવાની છે. એ પ્રમાણે રાત દિવસના આઠ પહોરમાંથી છ પહોર તો सज्झाय ધ્યાનમાં વ્યતીત કરવાનું તીર્થંકર પ્રભુનું ફરમાન છે. શ્રાવકજીને માટે કહેલ છે કે:—

आगारीयं सामाइय झ्झाणि, सद्दि काएण फासिए ।
पोसह दुहओ पख्खं, एगरायं न हावए ॥

ઉત્તરા૦ ૫, ગાથા ૨૩.

આગાર ધર્મો એટલે ગૃહસ્થાવાસમાં રહેતા શ્રાવકે ત્રિકાળ સમભાવમાં પ્રવૃત્તિ એવી શ્રદ્ધાયુક્ત સામાયિક સ્વર્શવી (= કરવી) અને બંને પક્ષમાં આઠમ અને પખ્ખીને દિવસે પૌષધ (= જ્ઞાનાદિ ગુણનું પોષણ કરનાર એવું) વ્રત આદરવું. એ પ્રમાણે સદા ધર્મધ્યાન કરે અને એક રાત્રિ પણ (એટલે કાળ નકામો) ગુમાવે નહિ. ગતકાળમાં શ્રાવકો એક દિવસમાં ઓછામાં ઓછા ૩ કલાક અને મહિનામાં છ દિવસ ધર્મધ્યાનમાં કાઢતા હતા. તેઓ ત્યાં એવા તો મશગુલ બનતા હતા કે તેમનાં વસ્ત્ર, ભૂષણ, અને પ્રાણ પણ કોઇ હરણ કરે તોપણ ધ્યાન મૂકતા નહિ. જુઓ ઉપાસક દશાંગ સૂત્રમાં કામદેવજી, કુંડકોલિયાજી વગેરે શ્રાવકનો અધિકાર. આવા શ્રાવકો હતા તોપછી સાધુજીના ગુણનું તો પૂછવુંજ શું ? એ બધો ધ્યાનનો પ્રતાપ છે. બીજાનાં છિદ્ર, દુર્ગુણ

ખોળવાના પ્રપંચો, વિકથાઓ, વગેરેમાં પડતા નહિ, એવી પુરસદ તન, મન, વચનને લેવા દેતાજ નહિ. એથી તેઓનાં ચિત્ત સદા શાંત, સ્થિર, પ્રસન્ન રહેતાં, અને તેમને માટે મોક્ષનાં દ્વાર ખુલ્લાં હતાં. ધ્યાનના આવા મહિમાને ભજવનારા ને ગજવનારા શ્રાવક અને સાધુઓ જે ધર્મમાં હોય, ત્યાં કલેશ, દ્વેષનું નામ નિશાન હોયજ નહિ. ગતકાળમાં તેવા ઉત્તમ પુરૂષને લીધે તીર્થંકર પ્રભુ, કેવળી પ્રભુ, ચૌદ પૂર્વના જ્ઞાનના ધરનાર, એવા મહાત્મા સાધુઓ વિરાજમાન હતા, અને સમ્યક્ દ્રષ્ટિ મનુષ્યો તો ઘણાજ હતા. એ વખતે જૈન ધર્મ પાળનારની આવી ઉત્તમ દશા જોઈ, ઘણા રાજાઓ, અરે ચક્રવર્તિ મહાન્ શહેનશાહ પણ રાજરિદ્ધિનાં અનુપમ સુખો, દેવતાઓની સેવાનાં સુખો (હાલની દુનીઆમાં કોઈપણ બાદશાહને નથી તેવાં સુખો) છોડીને ભિક્ષાચારી સાધુ થઈ ચાલી નીકળતા. જુઓ માની લીધેલા પુદ્ગળિક સુખ કરતાં જ્ઞાન! ધ્યાનથી મળતા સુખની ઉત્તમતા!! હવે એ ઉત્તમ સાધુ શ્રાવકની સાથે આજ-કાલના સાધુ શ્રાવકની સ્થિતિ સરખાવીએ તો ઘણો ખેદ થશે. હાલની ઉતરતી દશા થવાનું કારણ સૂત્ર પ્રમાણે પોતાનું કર્તવ્ય આદરવાનો પ્રમાદ તેમજ "જૈન એટલે શું?, શુભધ્યાન એ કેવી અસલ વસ્તુ છે." તેની સમજણજ ઓછી, એજ છે. આથી કરીને રાગ દ્વેષ, મચ્છવાડાના કંકાસ, પરિગ્રહનાં તોફાન અને મારૂં તારૂં પ્રબળ પ્રવર્તી રહેલ છે. તોપણ હજી દેશમાં ઉત્તમ સાધુ અને શ્રાવક કેટલેક ઠેકાણે વિરાજે છે એટલાં ભાગ્ય સારાં છે.

લાલા રણજિતસિંહજી કહે છે કે:—

જૈન ધર્મ શુદ્ધ પાયકે, વર્તે વિષય કષાય;
એહ અચંભા હો રહા, જલમેં લાગી લાય.

ઉજ્જયની નગરીની ક્ષિપ્રા નદીના પાણીમાં પડીને પાડા બળી મુઆ. એવો આશ્ચર્યજનક બનાવ બનવાનું કારણ એ હતું કે પાડાની પીઠપર ચુનાની ગુણો (કોથળા) લાદેલી હતી. જૈનધર્મમાં રહેલા જીવો, સૂત્રવાણીરૂપી ઉત્તમ અમૃતમય મીઠા મેરામણના શીતળ જળમાં પડયા છતાં, હૃદયમાંના વિષય કષાય, ઇર્ષ્યારૂપી હાયવોયનો ચુનો હોવાને લીધે અગ્નિથી સળગી ઉઠે છે અને તેથી નવા નવા દેહ અને જન્મ મરણ

કરી કરીને આત્મા રઝળ્યા કરે છે એથી સખેદ આશ્ચર્ય થાય છે. એ અગ્નિ ઓલવવાનો ઉત્તમ ઉપાય **સદ્ધ્યાન** છે.

ધ્યાન એ વિચારનું બીજું નામ છે. વિચાર મનથી થાય છે, મન છે તે દ્રવ્ય છે, ને તે ગુણ અને પર્યાયથી સંયુક્ત છે. જગતનાં બીજાં દ્રવ્યથી મનદ્રવ્ય અધિક બળવાન્ છે. એ મનમાંથી ઉત્પન્ન થતા વિચારોથીજ આ જગતની તમામ નવી વસ્તુઓ મનુષ્ય વગેરેએ ઉત્પન્ન કરી છે. ઘર, વસ્ત્ર, ભૂષણ તથા ટેલીફોન, રેલ્વે, ફોનોગ્રામ, વાયરલેસ ટેલીગ્રામ વગેરે ચમત્કારિક લાગતી ચીજોની જન્મભૂમિ વિચાર છે. હવે પછી પણ એ વિચારથીજ નવી નવી ચીજો ઉત્પન્ન થશે. આથી પ્રત્યક્ષ છે કે વિચારમાં નવું નવું ઉત્પન્ન કરવાની શક્તિ છે. આ વાત અલંકારરૂપે કે અતિશયોક્તિ રૂપે ગણવાની નથી પણ મન એ અનંત શક્તિમાન હોવાથી વસ્તુ રૂપે એ વાત સત્ય ગણવાની છે વિલંબ માત્ર એટલોજ કે તે મનની સાથે પોતાની એકતાનો સાક્ષાત્કાર થાય. અન્ય ખંડના મનુષ્યો આપણા દેશમાં ઉદ્ભવેલી વિદ્યાઓના પ્રતાપે વિચારો ઉત્પન્ન કરી તે વિચારો સાથે એકતા કરી વિચારને અજમાવી એવા એવા નવા શોધો કરે છે કે આપણે અહીંના મોટા મોટા વિદ્વાનો તેથી ચકિત થાય છે, વાહ વાહ કરે છે. જુઓ, એ વિચાર શક્તિની પ્રબલતા! પણ એ રીતે વપરાતી વિચાર શક્તિ પ્રવૃત્તિમય છે અને તેથી મહાન્ આનંદ પ્રાપ્ત થતો નથી માટે વિચારનો વ્યવહારિક ઉપયોગ છોડી પૂર્વાચાર્યોએ એ અગાધ વિચાર શક્તિને નિશ્ચયનાં સુખનો વિકાસ કરવા વિશેષ પ્રયાસ કર્યો છે. એમાં જરા પણ ભૂલ થઇ નથી કારણ કે નિશ્ચયનાં આત્મ સુખ મેળવવામાં વિચાર શક્તિ એટલે ધ્યાનને રોકનાર, વ્યવહારને શુદ્ધ રાખે એ સ્વભાવિકજ છે વ્યવહાર સુખથી નિશ્ચય સુખ અનુપમ, અનંત, સત્ય, શાશ્વત, અને અખૂટ છે. જમાનો બદલાયો હોવાથી એ નિશ્ચય સુખપર હાલના જમાનાના લોકોનું ચિત્ત વાળવા સારૂ પરમ ઉપકારી પુરૂષોએ પૂર્વની સદ્વિદ્યાનું સ્હેજ રૂપાંતર કરી આવા ગ્રંથો બહાર પાડવા પ્રયાસ આદર્યો છે, જેમાંના એક આ મહાન્ ગ્રંથકર્ત્તા મુનિ મહાશય છે.

પ્રથમનાં બે ધ્યાનનો ચિતાર ગ્રંથ કર્ત્તાએ આ ગ્રંથમાં જે રીતે દોર્યો છે તે ઉપરથી એમ ન સમજવું કે સંસારનાં સર્વ કાર્યોની ઉત્પા-

પના કરી છે. કોધની ઉત્થાપનાથી સંસારનાં કામો બંધ પડયાં નથી ને પડવાનાં નથી. મહાન્ તીર્થંકર મહાશયો પણ એ અનાદિ સંસારની મહાજંજાળ સૌને માટે અટકાવી ન શકયા તો બીજા કોણ માત્ર છે. સંસારનાં કયાં કયાં કામોથી આરંભ થાય છે ને આપણું મન મલીન બને છે તેનું સ્વરૂપ યથાબુદ્ધિ બતાવવું જોઇએ જેથી સરકારી જીવ સંસારમાં રહે અગર કેવળ ત્યાગી બને તે એ આત્મહિત સાધી શકે. વળી એમ પણ ન જાણવું કે સંસારમાંનાં બધાં માણસો અશુભ ધ્યાનમાંજ વેતે છે અને તે તમામની ગતિ ખરાબ થવાની જ. સંસારમાં કુધ્યાનવાળાં માણસો વખતે ધર્મધ્યાનપણ ધ્યાય છે, કરાં ધર્મ માર્ય પણ કરે છે અને તેથી શુભ ને અશુભ ફળની મિશ્રતા થતાં તેવાઓને દેવગતિ પ્રાપ્ત થાય છે, ને ત્યાં ધર્મધ્યાને ચડે તો ફરી ઉત્તમ સ્થળે મનુષ્ય થઇ પરમાનંદ દશા પ્રાપ્ત કરી શકે છે. એકાંત (એક પક્ષેજ ઉતરી જવું) સ્થાપતાં પહેલાં બહુ વિચાર કરવાનો છે.

આવા પ્રવૃત્તિમય જમાનામાં ધ્યાનને ઠેકાણે રાખવા આત્માની ખરી શાંતિ ચખાડવા અને આપણે જે જે વિચારો કરીએ છીએ તે પણ આકારવાળી જડ વસ્તુ છે, જેને લીધે આપણો આત્મા કેવો ભારે કે હલકો થાય છે તે બતાવવાને આ ગ્રંથની ઘણી જરૂર હતી તે દક્ષિણ વિહારી પરમ પૂજ્ય શ્રીમાન્ મહાત્મા બાળ બ્રહ્મચારી અમોલખઋષિજીએ હિંદી ભાષામાં પ્રથમ પહેલ કરી પૂરી પાડી છે. જો ગ્રંથ વાંચનારાઓ પોતાના મનને દિન પ્રતિદિન વિશુદ્ધ કરતા જશે, બે મલીન ધ્યાન જે આર્ત્ત અને રૌદ્ર તેમાંથી મુક્ત થઇ, કાળાંતરે ધર્મ અને શુકલ નામે બે શુભ ધ્યાને ચડશે તો પોતાનો આ ભવ અને પરભવ સુધારી થોડા કાળમાં ઉચ્ચ દશા (મોક્ષ) પ્રાપ્ત કરશે, અને તેથી પૂજ્ય મહાત્માશ્રીને ઘણો આનંદ થશે. આવો લાભ પ્રાપ્ત કરવા આ ગ્રંથ આદ્યંત વાંચી જવા, વિચારી જવા અને અનુભવમાં લાવવાની અને વિચારતા જે ઉંચી સ્થિતિ થાય તેને અખંડ જાળવી રાખવાની પૂરેપૂરી જરૂર છે. વાંચવું કે સાંભળવું, વિચારવું અને અનુભવવું એ ત્રણેયા કાર્ય સિદ્ધિ થાય છે.

આવા ઉત્તમ હિંદી ગ્રંથની ૨૭૫૦ નકલ થોડા વખતમાંજ ખપી જાય એમાં શું આશ્ચર્ય છે ! તેથી જો તેનું ગુજરાતી ભાષાંતર પ્રગટ થાય

તો ભારે લાભ થાય. એવો વીચાર આકાંક્ષા કોમ શિષ્ટ પુરૂષના પ્રભાવે પોરબંદરવાળા **ધર્મ ચુસ્ત પરોપકારી શેઠ સાહેબ હરખચંદ વેલજી** કે જેમણે હાલમાં પોતાની જીંદગી સાર્થક કરવા પોરબંદર વગેરેનાં પરોપકારી ખાતામાં તન, મન, ધનથી બહુ આગળ પડતો ભાગ લીધો છે ને લેતા જાય છે. તેમને અને તેમના **શ્રદ્ધાળુ, લાયક-ગુણી મુરબ્બીઓ અને મિત્રોએ** મળી એક ફંડ એકઠું કર્યું; અને તરતજ દક્ષિણ હૈદ્રાબાદથી મહા પરોપકારી જૈન ધર્મ ધુરંધર **રાજા બહાદુર સુખદેવસહાય જવાલાપ્રસાદજી** કે જેમણે જૈન ધર્મનાં આ ગ્રંથ જેવાં અનેક પુસ્તકોની હજારો નકલો વિના મૂલ્યે વહેંચવાનું આજે વર્ષો થયાં શરૂ કરી ધનનો ભારે સદુપયોગ કર્યો છે તેમની ભાષાંતર માટે રજા માગી. એઓ સાહેબે ઘણી ખુશીથી અને ઉદારતાથી આ હિંદી ધ્યાન કલ્પતરુ તેમજ તદુપરાંત બીજા પોતાના જ્ઞાનવૃદ્ધિ ખાતાના તમામ ગ્રંથોનાં ભાષાંતર કરવાની પરવાનગી આપતાં આ ગ્રંથનું કામ મને સુપરદ કરવામાં આવ્યું અને એ રીતે આ ગ્રંથ હસ્તીમાં આવ્યો છે. પોરબંદર નિવાસી એ ઉદાર પુરૂષોનો વિચાર આવા આવા હિંદી, મરાઠી, બંગાળી વગેરે ભાષાના ગ્રંથો બહાર પાડવાનો છે, અને બને તે રીતે ઘણીજ કિફાયતે-ઘણી ખોટ ખમીને પણ આ પ્રયત્ન જારી રાખ્યો છે અને રાખશે. તથાસ્તુ. કોટિશઃ ધન્ય છે એ કર્ત્તા મહાત્માને ઋષિજીને, શુદ્ધ તથા અનુકરણીય પ્રવૃત્તિવાળા **રાજા બહાદુર લાલા સુખદેવસહાયજીને અને પોરબંદર નિવાસી શિષ્ટ અને ઉદાર ગૃહસ્થોને!!**

મૂળ ગ્રંથના વિચારે શાસ્ત્રીય, ગુંથણી સારી, લેખક એક મહાન્ અનુભવી, પંચમહાવ્રતધારી જ્ઞાનવૃદ્ધ, મહા સમર્થ, બાળ બ્રહ્મચારી-સંત મહાત્મા છે. તેથી એ મહાન્ લેખકના વિચારો મારા જેવા અપૂર્ણ અને બાળ શ્રાવકને ગુજરાતી ભાષામાં તથા રૂપે ઉતારવા મુશ્કેલ પડે એ દેખીતું છે તો પણ ભાષાંતરમાં, અર્થ શુદ્ધિ, શબ્દ શુદ્ધિ અને મૂળ મતલબ જાળવી રાખવા, તેમજ વિષય ગહન છતાં ભાષા સરળ કરવા બન્યો તેટલો વિશેષ પ્રયત્ન કર્યો છે છતાં કોઇ જગોએ દેશ પરત્વે, ભાષા પરત્વે, ફેર થયો હશે તેટલા માટે કંઇ દોષ જણાય તો તે મૂળ કર્ત્તાનો નહિ પણ મુજ અલ્પનોજ સમજી વાચકવૃંદ મને ક્ષમા આપશે. અને જો તે લખી જણાવશે તો બીજી આવૃત્તિમાં સુધારો કરવા કાળજી રખાશે. તત્વ

વિચાર અગર સિદ્ધાંતમાં કંઇ ખામી જણાય તો તે બાબતે મિચ્છામિ-દુક્કડં છે.

ધર્મ સન્મુખ રહેનાર કે વિમુખ રહેનાર, ઇંગ્રેજી ભણેલા કે ન ભણેલા સૌને આ ગ્રંથ અથતિ વાંચીને વિચારી જવા ખાસ વિનતિ છે; એમ થશે તો અંતરમાં નવો પ્રકાશ પડશે, શ્રદ્ધા દૃઢ થતાં, આત્મા શાંત સ્થિર, ગંભીર વિચારક, પૂર્વજોને ધન્યવાદ દેનારો, અને વ્યવહારમાં પૂર્ણ સદાચારી થશે એ નિઃસંશય છે. મને પોતાને તો અપૂર્વ શાંતિ, અતિ આનંદ અને લાભ આ ગ્રંથના પ્રતાપે થયા છે. છેક છેલ્લે છે તેટલો ઉપસંહાર વાંચનારને પણ અપૂર્વ શાંતિ પ્રાપ્ત થશે એમ મારૂં માનવું છે.

શ્રીમાન્ ગ્રંથ કર્ત્તા મહાત્માએ આ ગ્રંથને બને તેટલો સરળ, વિચારપૂર્ણ અને ધ્યાન વિષયમાં સંગીન કરવા તેમજ જૈનના ત્રણે ફિરકાને માટે સામાન્ય થાય તે હેતુથી અનેક ગ્રંથો, સૂત્રો અને કથાઓનો સંબંધ મેળવી અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. વળી વૃક્ષ, સ્કંધ, શાખા, પ્રતિશાખા, પત્ર, પુષ્પ, ફળ વગેરે ગુણનિષ્પન્ન નામ આપી ધ્યાનની ઉત્તમતા એવી તો સિદ્ધ કરી બતાવી છે કે આવા ધર્મ પૂર્ણ ઉત્તમ ગ્રંથનાં અનેક ભાષામાં ભાષાંતર થવાં જોઇએ. શ્રદ્ધાળુ ધનાઢય ગૃહસ્થોને પોતાનાં નાણાંનો સદુપયોગ કરવાની આ એક સરસ તક છે. કાઠિયાવાડમાં અલ્પ મૂલ્યે કે વિના મૂલ્યે મોટાં શાસ્ત્રીય પુસ્તકો આપવાની પૃથા વેરાવળ વગેરે સ્થળે છે. કાઠિયાવાડના દરિયા કાંઠાના એટલે કંઠાળના શ્રાવકો આવા પ્રયાસ વિશેષ કરે છે, તેથી પોરબંદર કે જ્યાંના શ્રાવકો સંપત્તિમાં પૂર્ણ, શ્રદ્ધામાં પ્રબળ, કાર્યમાં ઉત્સાહી અને ધર્મ દાનમાં આગળ પડતા હોવાથી તેઓ શ્રીમાન્ રાજા બહાદુર સુખદેવસહાયજીનું અનુકરણ કરે તો તે બધી રીતે યોગ્ય અને શક્ય છે. તથાસ્તુ.

આ ભાષાંતર કરવામાં ભાષા, સિદ્ધાંત અને અનુભવ વિષે મને જે જે મુશ્કેલીઓ પડી તે દૂર કરવાને મારે થાન, લીંમડી અને મૂળી જવું પડયું હતું. લીંમડીના કવિ મુનિ મહાશય નાનચંદ્રજી મહારાજે ગ્રંથોની મદદ થા તેમજ પરમ પૂજ્ય સ્થવીર આચાર્ય શ્રી જેઠાલાલજી મહારાજ શ્રીથી બની તે પૂછગાછ કરીને, મૂળીના સૂત્ર જ્ઞાનભંડારવાળા પરમ સજ્જન

શ્રાવકજી ભગવાનજીભાઈએ અને રાજકોટમાં વિરાજતા સંત મહાત્માઓએ મને વખતે વખત કિંમતી મદદ આપી મારાપર અનહદ ઉપકાર કર્યો છે.

છેવટે આ ગ્રંથનો હેતુ સૌને સમજાએ, તે પ્રમાણે અનુભવાએ અને સર્વ જગત્ શુભ ધ્યાનના પ્રતાપે શાંતિના ધરમાં આવી દેખાતી બાહ્ય સમૃદ્ધિ કરતાં અનંતગણી આત્મ ગુપ્ત શક્તિઓનો ઉપયોગ કરતા થાએ અને આખરે આ ભ જંજાળનો પાર પમાડનારૂં કેવળજ્ઞાન પ્રાપ્ત કરો એવી અંતરની ઊંડી ભાવના છે.

રાજકોટ,
આષાઢી પંચમી, સુધ.

ચતુર્વિધ સંઘ ચરણરજ,
પ્રાણજીવન મોરારજી શાહ.
(ભાષાંતરકાર.)



શુદ્ધિ પત્રક.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧	૧૬	ફોર્મનો અંક નથી.	૧
૨	૮	સબિકલ્પં	સવિકલ્પં
૫	૨૦	સર્વજ્ઞને	સર્વજ્ઞ ને
૬	૯	કર્યો છે	કર્યો છે.
૬	૨૦	રચાણા છો	રચાણા છે.
૮	૧૬	ફોર્મનો અંક નથી.	૨
૯	૨	ચાર	બે.
૯	૭	ર્યાજન્તો	ર્યા જન્તો.
૧૩	૧૩	અનુમેદના	અનુમોદના.
૧૬	૨૩	વગેરેનાં	વગેરેનો
૨૨	૧૨	ધરમાંથી	ધરમાંની.
૨૨	૧૯	વેયમેવ	વયમેવ.
૨૫	૧૦	હિંસાનું બંધી	હિંસાનુબંધી.
૨૫	૧૪	તજ્ઞા:	તજ્ઞ્ઞાઃ
૨૬	૭	અશ્વમેધ	અશ્વમેધ.
૨૬	૮	અજ્ઞમેધ	અજ્ઞમેધ.
૨૬	૮	નરમેધ	નરમેધ.
૨૬	૨૧	હિસાનું બંધી	હિંસાનુબંધી
૩૨	૧	પાપ કાળ	પાપકામ.
૩૩	૧૬	શ્રાવકની	શ્રાવકનો.
૩૫	૨	સુનિન્દ્રાસ્પદં	સુનિન્દ્રાસ્પદં.
૩૫	૧૬	કાળાં	કાળાં
૩૮	૧૧	તસ્તુર્યં	તન્તુર્યં
૩૮	૧૬	બધાતો	બધાનો.
૩૯	૨૫	અર્ત્તધ્યાનના	આર્ત્તધ્યાનના
૪૦	૯	આપા	આપી.
૪૧	૯	દ્વિતિય.	દ્વિતીય.
૪૮	૮	બનાવા	બનાવી.
૪૮	૧૮	બ્રહ્મચારી	બ્રહ્મચારી
૪૯	૮	પ્રથમશાખા	પ્રથમ પ્રતિશાખા.
૪૯	૧૯	સ્વભાવિક	સ્વાભાવિક
૫૦	૨૧	સમકત્વ	સમ્યક્ત્વ.
૫૦	૨૨	સ્વભાવિક	સ્વાભાવિક
૫૧	૫	સમ્યક	સમ્યક્
૫૫	૧૭	પરિણામે	પરિણમે
૫૬	૧૩	સ્થતિ	સ્થિતિ
૫૮	૧૪	સવૃતો	સંવૃતો
૬૦	૪	દ્વિતીય ઉપશાખા	દ્વિતીય પ્રતિશાખા
૬૩	૧૮	ચેથે.	ચોથે.
૬૪	૨૧ થી ૨૬	લીટી બે વાર ભૂલથી લખાણી છે.	
૬૬	૫	સંધી	સંધિ
૬૮	૨૧	ઉપશાખા	પ્રતિશાખા
૭૦	૧૬	શ્લોક	* શ્લોક.
૭૪	૧૪	પુદ્ગળિક	પુદ્ગલિક
૭૭	૪	શુભધ્યાનનું ફળ	શુભધ્યાનનાં પુષ્પ અને ફળ

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૭૮	૧૮	ધર્મધ્યાન પાયા	ધર્મધ્યાનના પાયા
૭૯	૧૦	ધર્મધ્યાન	ધર્મધ્યાન
૮૮	૭	અનિટ	અનિત્ય
૯૧	૧	આશ્રવ	આસ્રવ
૯૧	૧૩	નિજરા	નિર્જરા
૯૩	૧૦	ઉપજિવિકા	ઉપજીવિકા
૯૭	૮	ગધિપણું	ગર્વિપણું
૧૦૨	૨૪	રાંભાલથી	સંભાલથી
૧૦૩	૩	ક્ષાયક	ક્ષાયિક
૧૦૪	૫	કુંર	ક્રૂર.
૧૦૬	૧૨	ક્ષાયકસમ્યકતો	ક્ષાયિકસમ્યક્ત્વી
૧૧૧ ૧૧૨	૨૫ ૫	અનાભિગ્રહ	અનભિગ્રહ
૧૧૪	૨૬	પમાણે	પ્રમાણે
૧૧૫	૪	બીજા	બીજાં
૧૧૭	૧૨	નિદ્રા	નિદ્રા.
૧૧૭	૧૨	નિદ્રા	નિંદા
૧૧૯	૩	સદગુણોથી	સદ્‌ગુણોથી
૧૧૯ ૧૨૦	૨૭ ૧	કરવાથી	કરવાથી
૧૨૧	૧	હુ	હું
૧૨૨	૪	ભગવતજી	ભગવતીજી
૧૨૨	૨૫	લેાકા	લેાકેા
૧૨૪	૧૬	મેાહની	મેાહરાજાની
૧૩૧	૧૮	ઉમશમરાવ	ઉપશમરાવ
૧૩૨	૨૭	ઉમારાવેા	ઉમરાવેા
૧૩૭	૧૭	દીવસના	દિવસના

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૩૮	૧૨	કરે.	કરે,
૧૪૩	૨	રવચંદે	સ્વછંદે
૧૪૪	૨૫	કુંર	ક્રૂર
૧૪૬	૯	સંતાંપે	સંતાપે
૧૫૨	૧૧	ચલાલે	ચલાવે
૧૫૩	૧૬	પ્રમણિપણે	પ્રમાણિક-પણે
૧૫૩	૧૮	કરે	કરે,
૧૫૬	૨૬	સુદ્રષ્ટતરંગણિ	સુદ્રષ્ટ તરંગિણી
૧૫૭	૧૯	ગાંડાં	ગાંડા
૧૬૨	૫-૬	તેષ્ઠદ્રિય	તેષ્ઠદ્રિય.
૧૬૨	૧૭	જેઠાણી	જેઠાણી,
૧૬૨	૧૭	ભેાજાષ	ભેાજાષ-
૧૬૫	૨૫	ધર્મજ્ઞાન પ્રકાશ	"ધર્મ જ્ઞાન પ્રકાશ"
૧૬૬	૨૪	ગેાડવણ	ગેાઠવણ.
૧૬૭	૧૨-૧૫-૧૭ ૧૮-૨૨-૨૩-૨૪	દ્વિપ	દ્વીપ
૧૬૭	૨૧	ઉપર	ઉપરના
૧૬૮	૨	દ્વિપ	દ્વીપ
૧૬૮	૪	કાજુ	રાજુ
૧૬૮	૬	ગ્રૈયેવક	ગ્રૈવેયક
૧૬૮	૨૫	(૩) જેવી રીતે (કાઢી નાંખીને વાંચવું).	
૧૬૯	૨૧	દ્વિપ	દ્વીપ
૧૭૦	૭	અશેાભાનિક	અશેાભનિક
૧૭૧	૬	કામની	કામની,
૧૭૧	૧૦	સ્વભાવિક	સ્વાભાવિક.

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૭૨	૧૨	કાલથી	કાળથી
૧૭૨	૨૫	અપ્રતીઅંધ	અપ્રતિઅંધ
૧૭૩	૬	નમિરાજ	૪નમિરાજ
૧૭૩	૧૩	કર્થો	કર્યા
૧૭૫	૬	વના	ભવા.
૧૭૫	૭	સ્વભાવિક	સ્વાભાવિક
૧૭૬	૧૩	ફ્ઞાણાસ્સ	ફ્ઞાણસ્સ
૧૭૭	૧૮	જનો	જતો.
૧૭૭	૨૩	પાડ જનક	પીડાજનક
૧૭૮	૧	અહાર	આહાર
૧૭૮	૫	પૂર્વ	એકપૂર્વ
૧૭૮	૧૭	કેાઈ	કેાઇ
૧૭૮	૧૮	ઉત્તરાધ્યનજી	ઉત્તરાધ્યયનજી
૧૭૮	૨૫	સદ્દગુરૂ	સદ્દગુરૂ
૧૭૮	૨૬	ગેાતમ	ગૌતમ
૧૭૮	૨૭	સમયમાત્ર	સમય માત્રનેા
૧૭૯	૨૨	સૂયગડાર્તા	સૂયગડાંગ
૧૮૧	૮	ઉતર	ઉત્તર
૧૮૧	૯	ફરેમાવે	ફરમાવે
૧૮૨	૧૪	ઉત્તરાધ્યન સૂત્રમાં	ઉત્તરાધ્યયન સૂત્રના
૧૮૨	૨૪	પરિયટ્ટણાણ્ણં	પરિયટ્ટણાણ્ણં
૧૮૩	૧૬	દીર્ઘ દ્રષ્ટિએ.	દીર્ઘ દ્રષ્ટિએ.
૧૮૩	૨૪	બાધે	બાંધે
૧૮૩	૨૫	કર્મનાં	કર્મનેા
૧૮૪	૪	વર્દ્ધમાન	વર્ધમાન.
૧૮૫	૨૧	ખેાટાં	ખેાટા
૧૮૭	૩	દીર્ઘ	દીર્ઘ
૧૮૯	૩	બે શુદ્ધ	બેશુદ્ધ
૧૯૦	૨૩	વિત્તમાર્જિત-કે	વિત્તમાર્જિત-કે
૧૯૨	૬	વસ્રથી	વસ્રથી
૧૯૪	૧૩	અનંત	અનંત
૧૯૫	૧૧	પેાત પેાતા	પેાતપેાતાના
૧૯૭	૧	અને	*અને
૧૯૭	૨૩	આવવાની*	આવવાની
૨૦૫	૧૬	જે ને	જે જે
૨૦૫	૧૭	પરમાણુંઓ	પરમાણુઓ
૨૦૫	૨૧	પુદ્દગળેાનેા	પુદ્દગળેા તેા
૨૧૦	૪	મતલબ	મતલબ
૨૧૨	૧૦	કાં તેા	કાંત
૨૧૩	૧૧	અકત્વાનુપ્રેક્ષા	એકત્વાનુપ્રેક્ષ,
૨૧૪	૨૪–૨૫	મુસ, અગ્નિ,ટંકણ-ખાર અને ફુંકવાના ઉપાય સેાની ચાર તે.	શ્રદ્ધારૂપી મુસા તપરૂપી અગ્નિ ચારિત્ર રૂપી ટંકણ ખાર રૂપી અને જ્ઞાનરૂપી (ફુંકવાનેા ઉપાય તે) સેાની એ ચાર જે
૨૧૫	૨૨	સદ્દગુરૂનાં	સદ્દગુરૂનાં
૨૧૭	૧૫	બે શુધ	બેશુદ્ધ
૨૧૭	૧૬	ભૂલીગયેાછું	ભૂલીગયેાછું+
૨૧૮	૨૭	પુદ્દગળ	પુદ્દગળ
૨૨૨	૨૨	કહેછે. એક	કહેછે. ૫–એક

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૨૨	૨૭	સ્વભાવિક	સ્વાભાવિક
૨૨૪	૧૧	૧ અસી ×	૧અસી
૨૨૪	૧૧	મસી	૨મસી
૨૨૪	૨૧	(૧)	*(૧)
૨૨૮	૧૦	મહાકંદાય	મહાકંદિય
૨૨૮	૧	સનકુમાર	સનત્કુમાર
૨૩૮	૨૪	દુહા	÷દુહા
૨૪૪	૨૨	થી ૨૭ આ લખાણ પૃષ્ટની ટીપમાં × આવુંચિહ્ન કરી લખવું જોઇએ.	૨૪૫
૨૪૫	૯	લેખે છે	લેખેછે×
૨૪૫	૧૨	આત્મમાંજ	આત્મામાંજ
૨૪૬	૨૪	પ્રવેતે છે	પ્રવર્તે છે
૨૫૦	૯	સર્વોનમ	સર્વોત્તમ
૨૫૧	૨૪	સિધહેમચંદા ચાર્યકૃત	સિદ્ધહેમચંદ્રા ચાર્યકૃત
૨૫૧	૨૬	ऊ	ૐ
૨૫૨	૨	અંહીઆં	અહીંઆં
૨૫૨	૧૫	પવ્વજામિ	પવ્વજામિ,
૨૫૩	૧૮	વધારા	વધારો
૨૫૫	૧૫	પુદ્દગળિક	પુદ્દગળિક
૨૫૬	૯	કમોનો	કર્મોનો
૨૫૬	૧૧	સંયેગ	સંયોગ
૨૫૭	૬	દ્રવ્યવ	દ્રવ્ય
૨૫૭	૧૮	ક્ષયેાપશમ વાળો.	ક્ષયોપશમ- વાળો.
૨૫૭	૨૦	કામ બળ- ૬પી પ્રાણ	કાય બળ- ૬પી પ્રાણ

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૫૮	૮	આધિન	અધીન
૨૫૮	૧૮	કાળ	કાળ,
૨૫૮	૨૭	સમય	સમયે
૨૬૧	૨૫	કરેલ	રહેલ
૨૬૨	૨૩	થી ૨૭ પછીના પૃષ્ટની ટીપમાં આ લખાણ જોઇએ	
૨૬૩	૧૪	લગાવવું	લગાવવું*
૨૬૪ / ૨૬૫	૨૬ / ૧	ધરેણુંદ્ર	ધરણેંદ્ર
૨૬૫	૧	બ્રહસ્પતિ	બૃહસ્પતિ
૨૬૭	૧૧	જીનેશ્વર	જિનેશ્વર
૨૭૦	૬	વૃદ્ધિ	બુદ્ધિ
૨૭૦	૨૨	અકર્મો	અકર્મી
૨૭૦	૨૩	દેખતા	દેખાતા
૨૭૨	૨૭	શરિર	શરીર
૨૭૩	૮	તૃતિયવલ્લી	તૃતીયવલ્લી
૨૭૩	૨૬	મતપર્યવજ્ઞાન	મનપર્યવજ્ઞાન.
૨૭૪	૧	કેાષ્ટક	કોષ્ઠક
૨૭૪	૨૫	પહેલાં	પહેલું
૨૭૪	૨૫	ઉભરીાસય	ઉભયઝારી
૨૭૫	૨	પાંદડા	પાંદડાં
૨૭૫	૧૧	મૂલિકા	મૂલિકા
૨૭૫	૨૦	ઉપગ્રત	ઉગ્રતપ
૨૭૬	૨	સૂકાય	સૂકાઇ
૨૭૬	૨૧	શ્રોતેંદ્રિ	શ્રોતેંદ્રિય
૨૮૦	૨૭	સ્પશેંદ્રિય	સ્પર્શેંદ્રિય
૨૮૧	૨૧	માટ	માટે
૨૮૧	૨૩	દ્રાષ્ટાવપાર- વાસીયા	દ્રષ્ટિવિષરિ- વાસીયા

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૮૧	૨૫	આધ્યાતિક	આધ્યાત્મિક
૨૮૨	૧૧	મછબુત	મજબૂત
૨૮૨	૨૨	પૃથક	પૃથક્
૨૮૩	૨૩	નિર્વિકાર	નિર્વિકારી
૨૮૮	૨૬	પૃથક્ પ્રથક્	પૃથક્ પૃથક્
૨૮૪	૧	સ્વભાવિક	સ્વાભાવિક
૨૮૫	૩	સુક્ષ્યક્રિયા	સૂક્ષ્મક્રિયા
૨૮૬	૯	શુકલધ્યાનનાં	શુકલધ્યાનીનાં
૨૯૧	૨૬	આધીન	અધીન
૨૯૩	૨૭	પરપુદ્ગળોને	પરપુદ્ગળોને
૨૯૪	૪	ચિકાશ	ચીકાશ
૨૯૪	૫	પુદ્ગળિક	પુદ્ગળિક
૨૯૫	૧૮	અનંત	અનંત વખત
૨૯૫	૨૧ ૨૨	અનંત વખ- ંત વખત	અનંત વખત
૨૯૬	૧૯	તા	તો
૩૦૪	૧૧	રહી	રી
૩૦૪	૧૩	પુદ્ગળોને	પુદ્ગળોનો
૩૦૪	૧૫	ગુણરંગનાં	ગુણકાળારંગનાં
૩૦૪	૧૯	પુદ્ગળોને	પુદ્ગળોને
૩૦૯	૨૬	ચત્તની	ચિત્તની

ધ્યાન કલ્પતરુ ગ્રંથની વિષયાનુક્રમણિકા.

વિષયાંક.	વિષય.	પૃષ્ઠ.
૧	મંગળાચરણ.	...૧
૨	ભૂમિકા.	...૨
૩	સ્કંધ.	...૭
૪	શાખા.	...૮
૫	અશુભધ્યાન.	...૯
૬	પ્રથમ શાખા–આર્ત્તધ્યાન	....૧૦
૭	પ્રથમ પ્રતિશાખા—આર્ત્તધ્યાનના ભેદ ...	૧૦
૮	પ્રથમ પત્ર—અનિષ્ટસંયોગ... ...	૧૧
૯	દ્વિતિય પત્ર—ઇષ્ટ સંયોગ... ...	૧૨
૧૦	પાઠાંતર—ઇષ્ટવિયોગ... ...	૧૩
૧૧	તૃતીય પત્ર—રોગોદય	૧૪
૧૨	ચતુર્થ પત્ર—ભોગેચ્છા	૧૬
૧૩	દ્વિતીય પ્રતિશાખા--આર્ત્તધ્યાનનાં લક્ષણ	૧૭
૧૪	પ્રથમ પત્ર—કંદણુયા	૧૮
૧૫	દ્વિતીય પત્ર—સોયણુયા	૧૮
૧૬	તૃતીયપત્ર—તિપ્પણુયા	૧૯
૧૭	ચતુર્થપત્ર—વિલવણુયા	૧૯
૧૮	આર્ત્તધ્યાનનાં લક્ષણ	૧૯
૧૯	આર્ત્તધ્યાનનાં પુષ્પ અને ફળ ...	૨૦
૨૦	દ્વિતીય શાખા—રૌદ્રધ્યાનના ભેદ ...	૨૪
૨૧	પ્રથમ પ્રતિશાખા--રૌદ્ર ધ્યાનના ભેદ	૨૪
૨૨	પ્રથમ પત્ર—હિંસાનુબંધી... ...	૨૫
૨૩	દ્વિતીય પત્ર—મૃષાનુબંધી	૩૧
૨૪	તૃતીય પત્ર—તસ્કરાનુબંધી... ...	૩૪

૨૫	ચતુર્થ પત્ર—સંરક્ષણ	૩૮
૨૬	દ્વિતીય પ્રતિશાખા—રૌદ્રધ્યાનીનાં લક્ષણ	૪૧
૨૭	પ્રથમ પત્ર—ઉષણદોષ	૪૨
૨૮	દ્વિતીય પત્ર—બહુલદોષ	૪૪
૨૯	તૃતીય પત્ર—અજ્ઞાન દોષ	૪૪
૩૦	ચતુર્થ પત્ર—આમરણાંત દોષ ...	૪૫
૩૧	રૌદ્રધ્યાનનાં પુષ્પ અને ફળ... ...	૪૬
૩૨	પ્રથમનાં બંને ધ્યાનનો સાર ...	૪૮
૩૩	ઉપશાખા—શુભધ્યાન	૪૯
૩૪	પ્રથમ પ્રતિશાખા—ધ્યાનમૂળ ...	૪૯
૩૫	પંચલબ્ધિ	૫૧
૩૬	પાંચ લબ્ધિનું સ્વરૂપ	૫૧
૩૭	દ્વિતીય પ્રતિશાખા—શુભધ્યાન વિધિ	૬૦
૩૮	પ્રથમ પત્ર—ક્ષેત્ર...	૬૦
૩૯	અશુભ ક્ષેત્ર	૬૦
૪૦	શુભ ક્ષેત્ર	૬૧
૪૧	દ્વિતીય પત્ર—દ્રવ્ય	૬૧
૪૨	અશુભ દ્રવ્ય	૬૧
૪૩	શુભ દ્રવ્ય	૬૨
૪૪	તૃતીય પત્ર—કાળ...	૬૩
૪૫	અશુભ કાળ	૬૩
૪૬	શુભ કાળ	૬૩
૪૭	ચતુર્થ પત્ર—ભાવ	૬૪
૪૮	અશુદ્ધ કે અશુભ ભાવ ...	૬૪
૪૯	શુભ કે શુદ્ધ ભાવ	૬૪
૫૦	મૈત્રીભાવ	૬૫
૫૧	પ્રમોદભાવ	૬૬
૫૨	કરૂણભાવ	૬૬
૫૩	મધ્યસ્થભાવ	૬૭

૫૪	તૃતીય પ્રતિશાખા-શુભ ધ્યાનનાં સાધન	૬૯
૫૫	પ્રથમ પત્ર—યમ...	૬૯
૫૬	દ્વિતીય પત્ર—નિયમ	૭૦
૫૭	તૃતીય પત્ર—આસન	૭૧
૫૮	ચતુર્થ પત્ર—પ્રાણાયામ	૭૨
૫૯	બાહ્ય પ્રાણાયામ	૭૨
૬૦	પંચવાયુ શુદ્ધિનો ઉપાય ...	૭૩
૬૧	અભ્યંતર પ્રાણાયામ... ...	૭૪
૬૨	પંચમ પત્ર—પ્રત્યાહાર	૭૪
૬૩	ષષ્ઠ પત્ર—ધારણા	૭૫
૬૪	સપ્તમ પત્ર—ધ્યાન	૭૬
૬૫	અષ્ટમ પત્ર—સમાધિ	૭૬
૬૬	શુભ ધ્યાનનાં પુષ્પ અને ફળ ...	૭૭
૬૭	તૃતીયશાખા—ધર્મ ધ્યાન	૭૮
૬૮	પ્રથમ પ્રતિશાખા—ધર્મ ધ્યાનના પાયા	૭૮
૬૯	પ્રથમ પત્ર-આજ્ઞાવિચય	૭૯
૭૦	સૂત્રાર્થ	૮૧
૭૧	માર્ગણા (ચૌદ)	૮૨
૭૨	મહાવ્રત (પાંચ)	૮૬
૭૩	બાર ભાવના	૮૯
૭૪	પંચેંદ્રિય ઉપશમતા	૯૪
૭૫	દયાર્દ્રભાવ	૯૭
૭૬	બંધ (ચાર)	૧૦૨
૭૭	મોક્ષ ગમન...	૧૦૪
૭૮	ગતિ ગમન (પાંચ)	૧૦૬
૭૯	હેતુ (સતાવન)	૧૦૭
૮૦	પાંચ પ્રમાદ...	૧૧૬
૮૧	દ્વિતીયપત્ર—અપાયવિચય	૧૨૩
૮૨	આંતઃશત્રુ મોહરાજાની ઋદ્ધિ ...	૧૨૪
૮૩	આંતરમિત્ર—ચૈતન્ય રાજાની ઋદ્ધિ	૧૨૫
૮૪	તૃતીય પત્ર—વિપાક વિચય... ...	૧૩૭
૮૫	અશુભ અને શુભ કર્મનાં ફળ...	૧૩૭

૮૬	ચતુર્થ પત્ર—સંસ્થાન વિચય ...	૧૬૫
૮૭	**દ્વિતીય પ્રતિશાખા—ધર્મધ્યાનનાં લક્ષણ.**	૧૭૦
૮૮	પ્રથમ પત્ર—આજ્ઞા રૂચિ.... ...	૧૭૧
૮૯	દ્વિતીય પત્ર—નિસર્ગ રૂચિ. ...	૧૭૩
૯૦	તૃતીયપત્ર—ઉપદેશરૂચિ.	૧૭૪
૯૧	ચતુર્થ પત્ર—સૂત્રરૂચિ.	૧૭૫
૯૨	**તૃતીય પ્રતીશાખા-ધર્મધ્યાનીનાં આલંબન.**	૧૭૬
૯૩	પ્રથમપત્ર—વાયણા.	૧૭૭
૯૪	દ્વિતીયપત્ર—પુચ્છણા.	૧૮૧
૯૫	તૃતીયપત્ર—પરિયટ્ટણા	૧૮૨
૯૬	ચતુર્થપત્ર—ધર્મકથા (ચાર)... ...	૧૮૪
૯૭	**ચતુર્થ પ્રતિશાખા—ધર્મધ્યાનીની અનુપ્રેક્ષા**	૧૯૩
૯૮	પ્રથમ પત્ર—અનિત્યાનુપ્રેક્ષા. ...	૧૯૪
૯૯	દ્વિતીય પત્ર—અશરણાનુપ્રેક્ષા. ...	૨૦૭
૧૦૦	તૃતતી પત્ર—એકત્વાનુપ્રેક્ષા. ...	૨૧૩
૧૦૧	ચતુર્થ પત્ર—સંસારાનુપ્રેક્ષા. ...	૨૧૬
૧૦૨	**ધર્મધ્યાનનાં પુષ્પ અને ફળ ... ...**	૨૩૧
૧૦૩	**ઉપશાખા-શુદ્ધધ્યાન ....**	૨૩૪
૧૦૪	**પ્રથમ પ્રતિશાખા-આત્મા... ...**	૨૩૮
૧૦૫	પ્રથમ પત્ર—બહિરાત્મા	૨૩૯
૧૦૬	દ્વિતીયપત્ર—અંતરાત્મા	૨૪૧
૧૦૭	અંતર આત્માવિજ્ઞાનીના વિચારો	૨૪૧
૧૦૮	તૃતીય પત્ર--પરમાત્મા	૨૪૬
૧૦૯	**પુષ્પ અને ફળ ...**	૨૪૯
૧૧૦	**દ્વિતીય પ્રતિશાખા—ઉપધ્યાનચાર.**	૨૪૯
૧૧૧	પ્રથમપત્ર--પદસ્થ ધ્યાન	૨૫૦
૧૧૨	જૂદા જૂદા અક્ષરોથી મંત્ર ...	૨૫૦
૧૧૩	ચત્તારિમંગલં	૨૫૧
૧૧૪	ચઉવીસંથ્થો	૨૫૨
૧૧૫	થયથુઇમંગલ અથવા નમોત્થુણં	૨૫૩
૧૧૬	દ્વિતીયપત્ર--પિંડસ્થ ધ્યાન... ...	૨૫૪

૧૧૭	સપ્તભંગી	૨૬૧
૧૧૮	તૃતીયપત્ર—રૂપસ્થ ધ્યાન	૨૬૪
૧૧૯	ચતુર્થપત્ર—રૂપાતીત ધ્યાન... ...	૨૬૭
૧૨૦	આઠ પ્રકારની ઋદ્ધિ... ...	૨૭૩
૧૨૧	**ચતુર્થ શાખા—શુકલ ધ્યાન ૨૭૯**	
૧૨૨	**શુકલ ધ્યાનીના ગુણ ૨૭૯**	
૧૨૩	**પ્રથમ પ્રતિશાખા—શુકલધ્યાનના પાયા, ૨૮૨**	
૧૨૪	પ્રથમ પત્ર--પૃથકત્વવિતર્ક... ...	૨૮૨
૧૨૫	દ્વિતીય પત્ર--એકત્વ વિતર્ક ...	૨૮૩
૧૨૬	તૃતીય પત્ર—સૂક્ષ્મક્રિયા	૨૮૫
૧૨૭	ચતુર્થ પત્ર--સમુચ્છિન્ન ક્રિયા ...	૨૮૫
૧૨૮	**દ્વિતીય પ્રતિશાખા—શુકલધ્યાનીનાં લક્ષણ ૨૮૬**	
૧૨૯	પ્રથમ પત્ર-વિવકત	૨૮૬
૧૩૦	દ્વિતીય પત્ર--વ્યુત્સર્ગ	૨૮૮
૧૩૧	તૃતીય પત્ર- અવસ્થિત	૨૮૯
૧૩૨	ચતુર્થ પત્ર—અસંમોહ	૨૯૧
૧૩૩	**તૃતીય પ્રતિશાખા-શુકલધ્યાનીનું આલંબન ૨૯૨**	
૧૩૪	પ્રથમ પત્ર—ક્ષમા	૨૯૩
૧૩૫	દ્વિતીય પત્ર—મુકિત	૨૯૫
૧૩૬	તૃતીય પત્ર—આર્જવ	૨૯૭
૧૩૭	ચતુર્થ પત્ર—મદ્દવ	૨૯૮
૧૩૮	**ચતુર્થ પ્રતિશાખા-શુકલધ્યાનીની અનુપ્રેક્ષા ૩૦૦**	
૧૩૯	પ્રથમ પત્ર—અપાયાનુપ્રેક્ષા... ...	૩૦૦
૧૪૦	દ્વિતીય પત્ર—અશુભાનુપ્રેક્ષા ...	૩૦૧
૧૪૧	તૃતીય પત્ર—અનંતવૃત્તયાનુપ્રેક્ષા ...	૩૦૩
૧૪૨	પુદ્ગળ પરાવર્તન	૩૦૩
૧૪૩	ચતુર્થ પત્ર—વિપરિણામાનુપ્રેક્ષા ...	૩૦૫
૧૪૪	**શુકલ ધ્યાનનાં પુષ્પ અને ફળ ... ૩૦૭**	
૧૪૫	**ગ્રંથ કર્તાની લઘુતા... ... ... ૩૦૭**	
૧૪૬	**ઉપસંહાર.... .... ૩૦૮**	

સમ્યક્ત્વ,-સમકિત,- દર્શન,- શ્રદ્ધા,- આસ્તિકતા.

સમ્યક્ એટલે બરોબર કે યથાર્થ એવો અર્થ થાય છે તેથી **સમ્યક્ત્વ** એટલે **બરોબરપણું** અથવા **યથાર્થતા** એટલે **સાચા પદાર્થની શ્રદ્ધા, સાચી માન્યતા.**

મથાળાના બધા શબ્દો જૈન શાસ્ત્રોમાં એકજ અર્થમાં વપરાય છે. **વસ્તુને વસ્તુ તરિકેજ ઓળખવી તેનું નામ સમ્યક્ત્વ છે.** ધર્મને ધર્મ સ્વરૂપે અધર્મને અધર્મરૂપે, જીવને જીવરૂપે, અજીવને અજીવ-રૂપે, તેજ પ્રમાણે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ, ચાર તીર્થ, લોકાલોક, છ દ્રવ્ય, વગેરે તમામ વસ્તુને તેના ખરા સ્વરૂપે જાણવી, માનવી, શ્રધ્ધવી, પ્રતીતિ આણવી, ગમવી, તેને **સમ્યક્ત્વ** કે **સમકિત** કહે છે. ટુંકામાં કહીએ તો લોકાલોકમાં જડ અને ચૈતન્યનો ભેદ ખરા સ્વરૂપે હૈયે બેસવો તેને જૈન ધર્મમાં **દર્શન** કે **સમ્યક્ત્વ** કહે છે, અને એવા **સમકિત** ધારી જીવને **આસ્તિક** અથવા **સમકિતી જીવ** કહે છે. અનંત જ્ઞાની દેવ, તારણ તરણ ઉપદેશક ગુરૂ અને દુર્ગતિમાંથી બચાવે તેવો ધર્મ એ ત્રણ તત્ત્વને ખરા સ્વરૂપમાં જાણી તેપર વિશ્વાસ બેસાડવો, જીવ અને તે જીવને ચાર ગતિમાં રખડાવનાર જે કર્મ તેના તથા દેહ અને આ-ત્માના સ્વરૂપને જાણવું, વગેરે **સમકિતનાં** લક્ષણ છે. આ તમામનો સાર એકજ છે. એ સમ્યક્ત્વથી ઉલટું **મિથ્યાત્વ** સમજવું. ખોટા પદાર્થની શ્રદ્ધા, જડ ચૈતન્ય એકજ ગણવું, હિંસાને ધર્મ કહેવો વગેરે **ખોટી માન્યતા** તેનું નામ **મિથ્યાત્વ** અને તેવા ગુણવાળાને **મિથ્યાત્વી** કહે છે.

ખરૂં જોઇએ તો શ્રદ્ધા વિના કોઇ કામ થઇ શકતાં નથી. ઘરનાં કામકાજ, હુન્નર, પદવી મેળવી આપતી કેળવણી, દવા કરવી વગેરે સાંસારિક કાર્યમાં પણ દ્રઢ વિશ્વાસ હોવોજ જોઇએ. આ ધંધો કલ્યાણ મહાન્ પુરૂષે કાઢયો છે, હાલ આ ધંધો શીખવનાર ઉસ્તાદથી હું તેમાં

ફેરવે પામીશ, અને આ ધંધો મને આ જગતમાં ગુજરાનનું પૂરેપૂરૂં સાધન મેળવી આપી ધન, સંપત્તિ અને પદવી પ્રાપ્ત કરાવશેજ એવી શ્રદ્ધા વિના દુનિયાદારીના કામમાં પણ માણસ રખડી મરે છે, તો જે કામમાં એક ભવનું નહિ પણ અનંત ભવનું દુઃખ ટાળવું છે, અનંત અક્ષય અને સદા કાળનું સુખ પ્રાપ્ત કરવું છે, મહાન્ પદવી હાથ કરવી છે, તેવા કામમાં એટલે વીતરાગી સત્ય દેવ, અધમોદ્ધારક ગુરૂ અને સત્ય દયા ધર્મને જાણવામાં, શ્રદ્ધા વિના એકડા વગરનાં મીંડાંજ છે. લૌકિકમાં પણ "**મન વિનાનું મળવું**" "**શ્રદ્ધા વિનાનું દાન**" "**કાંઇક શ્રદ્ધાને કાંઇક જોરાવરી**" "**દેવ નહિ પણ શ્રદ્ધાજ ફળે છે**" વગેરે કહેતીઓથી શ્રદ્ધા કેટલી દિવ્ય, પૂજ્ય, બલિષ્ઠ અને ચમત્કારિક ચીજ છે તેનો નિશ્ચય થાય છે. ગમે તેટલું જ્ઞાન (વ્યાકરણ-કોષ-તત્ત્વજ્ઞાન-થોકડાઓ-તમામ સૂત્રો) કડકડાટ કંઠે હોય, હજારો નહિ પણ લાખો મનુષ્યોને ચકિત કરી શકે તેવી વાણી હોય, ત્રણે કાળની ક્રિયા અતિશય ચોખ્ખી હોય છતાં મનમાં, તે તમામ પર પોતાને શ્રદ્ધા ન હોય તો ચોખા વિનાની ક્રમોદ, બીજ વગરની ભોંય, એકડા વગરનાં મીંડાં, ક્ષાર જમીનમાં વાવેતર અને જીવ વિનાના દેહ જેવું છે.

એવું સમકિત પૂર્વ જન્મના સંસ્કારી તીર્થંકરાદિ જીવને ગર્ભથીજ હોય છે, પણ તેવાં સંસ્કારી જીવ બહુ થોડા હોય. કોઇને ગુરૂદ્વારા જ્ઞાન મેળવતાં પ્રાપ્ત થઇ જાય છે અને કોઇને કર્મ પાતળાં પડતાં અસાધારણ બુદ્ધિના પ્રતાપે ખરા ધર્મના શ્રવણ-વાચન—મનનનો કે બીજો જોગ મળતાં આપોઆપ પણ પ્રાપ્ત થાય છે.

ગમે તેમ હોય પણ ભાષા સંબંધી, ચર્ચા સંબંધી, વાદવિવાદ સંબંધી કે ધર્મ સંબંધી ગમે તેટલું જ્ઞાન મેળવો પણ તે જ્ઞાનપર શ્રદ્ધા આવ્યા પછીજ તે જ્ઞાન, સદ્જ્ઞાન છે. નહિ તો તે જ્ઞાન અજ્ઞાન-અવિદ્યા-મિથ્યા જ્ઞાન છે. **જ્ઞાન એ જ્ઞાન નથી પણ શ્રદ્ધાવાળું જ્ઞાન તેજ જ્ઞાન છે. ચારિત્ર એ ચારિત્ર નથી પણ શ્રદ્ધાવાળું ચારિત્ર તેજ ચારિત્ર છે.** પ્રથમ જ્ઞાન મેળવવું એ વાત સાચી છે પણ તે જ્ઞાનપર જ્યાં લગી શ્રદ્ધા ઉત્પન્ન થઇ નથી ત્યાં લગી તે માત્ર **કંઠજ્ઞાન છે:—હૃદયમાં પ્રગમેલું, ભવાટવીનો પાર પમાડનારૂં અજરામર કરનારૂં જ્ઞાન નથી.** એ ખાસ યાદ રાખવાનું છે. આ ઉપરથી સાર સ્પષ્ટ થાય છે કે-શ્રદ્ધા એજ ધર્મનો-જ્ઞાનનો-મોક્ષનો

પાયો છે. શ્રદ્ધારૂપી દૃઢ પાયા વિનાની ધર્મની ઇમારત તદ્દન નકામી છે. શ્રદ્ધાની ન્યૂનતા તેટલીજ સિદ્ધિ દૂર. **જ્ઞાન, દર્શન અને ચારિત્ર** એ ત્રણ રત્નોમાં **દર્શન એટલે** શ્રદ્ધાજ પ્રથમ પદે છે, તે આવ્યાથીજ **ત્રણે રત્ન, રત્નરૂપે** છે.

જ્ઞાન, દર્શન, અને ચારિત્ર એ ત્રણ રત્નો છે, પણ તેનાં ખરાં નામ જ્ઞાન નહિ પણ **સમ્યક્ જ્ઞાન**, દર્શન નહિ પણ **સમ્યક્ દર્શન** અને ચારિત્ર નહિ પણ **સમ્યક્ ચારિત્ર** એમ સમજવાનું છે. ટુંકામાં સમકિત વગરનું જ્ઞાન કે ચારિત્ર (કરણી કરવી-ક્રિયા પાળવી) નકામાં છે. ખરૂં જ્ઞાન અને તેપર ખરી શ્રદ્ધા તેજ સમકિત છે અને પછી તે પ્રમાણે પાળવું તે ખરૂં ચારિત્ર છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પ્રભુ ફરમાવે છે કે:—

નાહુ દંસણિસ્સ નાણં, નાણે વિણા ન હોઇ ચરણગુણા ।
અગુણીસ્સ નત્થિ મોક્ખો, નત્થિ અમોક્ખ નિવ્વાણં ॥

સમકિત વિનાનું જ્ઞાન તે જ્ઞાન નહિ, સમ્યક્ જ્ઞાન વિનાનું ચારિત્ર તે ચારિત્ર નહિ, સમ્યક્ ચારિત્ર વિના મોક્ષ નહિ; મોક્ષ વિના **કર્મથી નિવૃત્તિ એટલે નિર્વાણ દશા નહિ.** આ ઉત્તરાધ્યયનજી સૂત્રની ગાથાનો દરેક સાધુ શ્રાવકે ખાસ વિચાર કરવાનો છે, અને તેમાં મુખ્ય આધાર સમ્યક્ત્વ ઉપરજ મૂકયો છે તે વાતનું રહસ્ય હૃદયમાં ઉતારવાનું છે.

સમકિત પાળવું એ સંસારનો પાર પામવા બરાબર છે, સમ્યક્ત્વવાન્ જીવને મોહ અને દ્વેષની સજ્જડ ગાંઠ હોતી નથી. ક્રોધ, માન, કપટ અને લોભ કંઇ ઢીલા પડે ત્યારેજ જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે.

સમ્યક્ત્વ એ કાંઇ **ક્રિયા નથી** પણ **ચિત્તની ખરી શ્રદ્ધા છે, ચિત્તની પવિત્રતા છે.** આથીજ મનુષ્યો તો શું પણ જેઓ વ્રત પચ્ચખાણ વગેરે ક્રિયા બીલકુલ કરી શકતા નથી છતાં કેટલાક દેવતા, મનુષ્ય તથા નારકીને અરે કોઇ પશુને પણ સમ્યક્ત્વ હોય છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા સિવાય કોઇને મોક્ષ મળતોજ નથી. જેમનું હૃદય સમતાવાળું હોય છે તેને સંસારની મોજમજામાં અંદરથી ઓછી પ્રીતિ હોય છે, તેમજ કોઇપણ દુઃખી જીવને જોઇને તરત અનુકંપા આવે છે, અને **"મારો આત્મા મારાં કરેલાં પુણ્ય પાપજ-**

કર્મજ ભોગવે છે," "આત્મા-અમર-અજર-અવિનાશી-નિત્ય છે," "કલ્યાણ કલ્યાણ સિદ્ધાંતો આચર્યાથીજ આપણ આત્માને કર્મથી મુકત કરી શકાશે," વગેરે, ખરા ધર્મપર ભારે પ્રીતિ હોય છે.

સમ્યક્ત્વનું બીજું નામ **સમ્યક્દર્શન** પણ છે, દર્શન એટલે અવલોકવું, નિહાળવું પણ તેમાંએ યથાર્થ-ખરૂં નિહાળવું તેજ સત્ય છે. સમ્યક્ દર્શન થવા માટે ખરી નજરની અથવા સમ્યક્ દ્રષ્ટિની પૂર્ણ જરૂર છે, એવી નજર થયાથીજ ખરી બાબતોની ઓળખ પામી તેની શ્રદ્ધા થાય છે અને ઉંચી સ્થિતિપર ચડાય છે. એવી સ્થિતિપર ચડતાં જીવને, રાગ દ્વેષ રહિત અને પવિત્ર હોય તે મારા ખરા દેવ, નિસ્વાર્થી અને સર્વ જીવોના રક્ષક અને મમતા રહિત હોય તેજ મારા ખરા ગુરૂ, અને સર્વ પ્રાણીઓ તરફ દયા ભાવ રખાવે તેજ મારો ખરો ધર્મ વગેરેની ઓળખાણ અને પ્રીતિ થાય છે.

આ પ્રમાણે સમકિતનું સ્વરૂપ છે છતાં તેની વિશેષ ઓળખાણ માટે શાસ્ત્રમાં બહુ બહુ રસ્તા બતાવ્યા છે તેમાંના કેટલાક નીચે પ્રમાણે,

સમકિતના પ્રકાર.

(૧) સાસ્વાદન (૨) ઉપશમ (૩) ક્ષયોપશમ (૪) વેદક (૫) ક્ષાયિક એમ પાંચ પ્રકારનાં સમકિત છે. કેટલાક આ પાંચ સમકિતમાંથી સાસ્વાદન અને વેદકને ન ગણતાં **ઉપશમ, ક્ષયોપશમ,** અને ક્ષાયિક એમ ત્રણજ સમકિત ગણે છે.

બીજી રીતે ત્રણ પ્રકારનાં સમકિત (૧) કારક (૨) રોચક (૩) **દીપક.**

વળી બે પ્રકારે સમકિત (૧) **નિશ્ચય સમકિત** (૨) **વ્યવહાર સમકિત.**

વ્યવહાર સમકિતના છ બોલ.

૪ શ્રદ્ધના, ૩ લિંગ, ૧૦ વિનય, ૩ શુદ્ધતા, ૫ લક્ષણ, ૫ ભૂષણ, ૫ દૂષણ, ૮ પ્રભાવના, ૬ યતના, ૬ ભાવના, ૬ સ્થાન અને ૬ આગાર મળી કુલ ૬૭ બોલ વ્યવહાર સમ્યક્ત્વના છે.

સમકિતી જીવની ૧૦ પ્રકારની રૂચિ.

(૧) નિસર્ગ (૨) ઉપદેશ (૩) આજ્ઞા (૪) સૂત્ર (૫) બીજ (૬) અભિગમ (૭) વિસ્તાર (૮) ક્રિયા (૯) સંક્ષેપ (૧૦) ધર્મ.

આ પ્રમાણે શાસ્ત્રોમાં સમકિત વિષે અનેક પ્રકારે વર્ણન કરેલ છે તેનો વિસ્તાર સૂત્રો કે સૂત્ર સહાયક ગ્રંથોમાંથી અગર ગુરુ સંગે જાણી લેવો

સમકિતજ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ છે. ધર્મ અંગીકાર કર્યા પહેલાં સમકિતની ખાસ જરૂર છે. મારા તમારા જીવે કરોડો મેરૂ પર્વત જેવડા રજોહરણ, મુહપત્તી, પાત્ર અને ગુચ્છાના ઢગલા થાય તેટલી વાર સમકિત વિનાનું સાધુપણું લીધું અને પાળ્યું પણ દુઃખનો અંત આવ્યો નહિ ને સિદ્ધિ પ્રાપ્ત ન થઇ.

તપ, જપ, કરણી, જ્ઞાન સૌ, સમકિત વણ ગણ ફોક;
મુડદા પર શણગાર સમ, સમજ, કહે ત્રિલોક.

માટે, હે ભવ્ય જીવ ! સમ્યક્ત્વરૂપ-શ્રદ્ધારૂપ રત્નને ઘણી કાળજીથી સંભાળ એ રત્નને સંભાળવા સારૂ ભગવાન મહાવીર પ્રભુએ આચારાંગમાં જે સોનેરી હિત શિક્ષા દીધી છે. તેમાંથી કેટલોક સાર નીચે પ્રમાણે.

(૧) નાના મોટા કોઇ પણ પ્રાણીને કિંચિત માત્ર દુઃખ ન દેવું.

(૨) મિથ્યા દ્રષ્ટિઓના ઠાઠમાઠથી મોહિત ન થવું.

(૩) સમ્યક્ ધર્મ આદરવા માટે પ્રમાદ છોડવો.

(૪) મિથ્યાત્વી જીવને જે કર્મ બાંધવાના હેતુ છે તે સમકિતી જીવને કર્મ છોડવાના હેતુ થાય છે.

(૫) હિંસાને દુઃખરૂપ ગણે, શરીર પર મમત્વ ન ધરે, ધર્મતત્ત્વ ને જાણે, નિષ્કપટી રહે અને કર્મો તોડવામાં સાવધ રહે તે સમ્યક્ત્વી.

(૬) મોક્ષ તરફ સદા દ્રષ્ટિ રાખવી.

(૭) કરેલાં કર્મનાંજ ફળ ભોગવાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ મા અધ્યયનની ૨૫૭-૨૫૮ ની ગાથામાં પણ કહે છે કેઃ—

सम्मत्त दसण रत्ता, अनियाणा सुक्क लेसामो गाढा ॥
इय जे मरंती जीवा, सुलहा तेसिं भवे बोहिं ॥ २५७ ॥
मिच्छा दंसण रत्ता, सनियाणा किण्ह लेसामो गाढा ॥
इय जे मरन्ति जीवा, तेसिं पुण दुलहा बोहिं ॥ २५८ ॥

અર્થ—જે જીવ સમ્યક્‌ત્વમાં પ્રેમાનુરાગી, નિયાણું (ફળની ઇચ્છા) ન કરનાર, અને નિર્મળ પરિણામી હશે તે આ ભવમાં અગર પરભવમાં સહેજે સમ્યક્‌ જ્ઞાન પ્રાપ્ત કરી અખંડ સુખ (મોક્ષ સુખ) પ્રાપ્ત કરશે. પણ જે મિથ્યાત્વ પર પ્રેમાનુરાગી, નિયાણું કરનાર અને કૃષ્ણલેશી છે તેને સમ્યક્‌જ્ઞાન થવું દુર્લભ છે, તો મોક્ષ તો કયાંથી મળે ?

નારકીમાં પણ સમકિત હોય છે અને જૈન ધર્મમાં જન્મી તેની કરણી કરનાર જીવ વખતે મિથ્યાત્વી હોય છે માટે **સમકિતી જીવે સ્વધર્મના આચરણમાં રહેતાં છતાં મિથ્યાત્વીને કે પરધર્મીને જોઇ દ્વેષ કરવાનો નથી પણ અનુકંપા આણવી ઘટે છે.** સમકિતી મનુષ્યે ચાર પ્રકારની ભાવના જે **સમાનપર મૈત્રી, અધિકપર પ્રમોદ કે આનંદ, દુઃખી કે ઉતરતાપર કરૂણા અને સંસારના વ્યવહારિક કર્મ વગેરે પર માધ્યસ્થ વૃત્તિ (ભાવના) રાખવી.**

આજકાલ જે કોઇ ભાઇઓ પોતાને સમકિતી કહેવરાવતા હોય વા કેવળી પ્રભુની દ્રષ્ટિએ તેઓ સમકિતી તરિકે છપાઇ ગયા હોય તો તેનામાં દ્વેષ-અદેખાઇનો તો નાશ હોવોજ જોઇએ. ગમે તેટલા ગચ્છ, સમુદાય, સંપ્રદાય કે સંધાડા જૈન ધર્મના કે બીજા ધર્મના હોય તેના પર સમકિતી જીવ વેરભાવ કદી પણ આણે નહિ તો નિંદા તો શાનીજ કરે ? સુધારવાનો પ્રયત્ન કરતાં છતાં ન સુધરે તો તટસ્થ ભાવ આણે, દયા દ્રષ્ટિથી નિહાળે, અને કર્મની વિચિત્રતા વિચારે.

સમકિતની મહત્તા, સમકિતની અગત્યતા, ને સમકિતની કિંમત કેટલી ગહન છે તેનો કંઇક ખ્યાલ આ ઉપરથી આવ્યો હશે-એશક, કોઇ ઉત્તમ સાધુ અગર સાધ્વી, કોઇ પણ જૈનને સમકિત રત્નની કિંમત સમજાવે અને દેવ, ગુરૂ ધર્મની ઓળખ આપે, નવકાર મંત્ર બતાવે તે ઘણું સારૂં છે, પણ સમ્યક્‌ત્વ રૂપી આવો ઉત્તમ ગુણ કોઇ

સાધુ કે સાધ્વી કોઇ જૈનને કે શ્રોતાને " **અમે તમારા ગુરૂ છીએ એમ માનજો અને અમે તમને સમકિત દીધું છે, હવે બીજા કોઇનું સમકિત લેશો નહિ** ". એ પ્રમાણે કહે તેથી કંઇ તે તેનામાં આવી જતો નથી, તેમ સમકિત રૂપી ગુણ આવેલો હોય તો જતો રહેતો નથી. મહાન્ તીર્થંકર પ્રભુના સમવસરણમાં જે ભાગ્યવાન પુરૂષો દર્શને જતા, તેઓને જ્યારે પ્રભુ તરફથી ધર્મકથા કહેવામાં આવતી ત્યારે તે શ્રોતા જનને માટે " **धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठा** " વગેરે શબ્દો કહ્યા છે, એ શબ્દો પર ખાસ ધ્યાન આપવાનું છે. તે વખતે રોમેરોમ ખડાં થઇ જતાં અને ધર્મનો રંગ હાડમાં પ્રસરી રહેતો માટે સમકિત જીવ ન હોય ને ધર્મકથા સાંભળ્યા પછી સમકિતી થાય તેનું, તેમજ સમકિતી જીવ હોય અને ધર્મકથા સાંભળ્યા પછી તે જીવની જે મહાન દશા થાય, તેનું વર્ણન વાણીથી થઇ શકે નહિ તેવી ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થાય છે. સમકિત સમજવું ગહન, પામવું ગહન, પામ્યા પછી અનુભવવું પણ તેટલું જ ગહન ને આનંદદાયક છે. તે પદની લ્હેજત જેની પાસે તે હોય તેજ જાણે. અંધશ્રદ્ધાને તો મિથ્યાત્વજ કરેલ છે; છતાં કોઇ એમ કહે કે પ્રથમ આ ભવમાં જાણપણું કરે તોજ સમકિત આવે કે સમકિતી થઇ શકે તે વાત એકાંત સ્થાપવા જેવી નથી. જૈનધર્મ એકાંત નથી, અનેકાંત છે. આ એકજ ભવનો અભ્યાસ તેજ અભ્યાસ એમ માનવાનું નથી. જીવ અનંત ભવો કરી આ દેહમાં આવે છે તેથી કોઇ વખત માના પેટમાં રહેલ જીવને પણ સમકિત હોય છે. માબાપ કે વ્યવહાર ગુરૂના ઓરડર કે કામ આપણે ઘણીવાર વગર સમજ્યે આપણા હિત માટે કે શ્રદ્ધા માટે માનીએ છીએ. જો કે માબાપ કે વ્યવહાર ગુરૂ તો ઘણીવાર ભૂલને પાત્ર પણ હોય છે, તો પછી કેવળજ્ઞાન પામેલ મહાન્ ગુરૂ કે જેઓ કદી પણ ભુલ ન કરે તેના હુકમો વગર સમજ્યે માનવા એમાં ખોટું શું ? આનો અર્થ એમ પણ સ્થાપવાનો નથી કે " જાણપણું નજ કરવું " ને " અમે સમકિતી અને આ મિથ્યાત્વી " એમ મનના લાડવા વાળી રાજી રહેવું. દુનિયામાં કદીપણ સૌ માણસોઅભ્યાસી હોઇ શકતા નથી. કદી હોય તો સૌ જ્ઞાન મેળવી શકતા નથી અરે વખતે ઘણા અભ્યાસ કર્યા છતાં જ્યાંના ત્યાં હોય છે. છતાં તેમાંના કોઇને સમકિત રત્ન વખતે હોય છે. આ પ્રશ્ન ઘણો વિચારણીય ને મહત્વનો છે.

ઉતાવળીઆ થવાનું નથી. દુરંદેશી થઇ આ વિષય કેમ અતિ ઉપયોગી છે તેનો નિર્ણય સૂત્રજ્ઞાનનું કે શાસ્ત્રનું જાણપણું કરીને કરવાનો છે. બાકી શાસ્ત્રમાં જેને પૂર્વનું જ્ઞાન કહેછે, તેવા **પૂર્વધારી** મહાત્માને તો સમકિત રત્ન હોયછેજ. સમકિત એતો ખરા જ્ઞાનપરની રૂચિ અને શ્રદ્ધા છે પછી તેવો જીવ વ્યાખ્યાન વાંચી શકે તેવો કે સૂત્રજ્ઞાન વગેરેનો અભ્યાસી અગર અમુક વ્રત-નિયમ-ચારિત્ર પાળનાર હોવો જોઇએ એમ એકાંત માની લેવાનું નથી. જ્યાં તીર્થંકર પ્રભુએ કહ્યું તેવું થોડું પણ ચારિત્ર હોય ત્યાં સમકિત છેજ પણ જ્યાં સમકિત છે ત્યાં ચારિત્ર હોય વા ન પણ હોય. સૂત્ર સિદ્ધાંતો કંઠસ્થ કરનાર, શુષ્ક પંચ મહાવ્રતધારી કે બાર વ્રત ધારી પાસે જેમ વખતે તે રત્ન હોતું નથી તેમ એક પણ વ્રત પચ્ચખાણ ન લેનાર કે માત્ર નવકાર મંત્રજ જેમ તેમ બોલી જાણનાર પાસે વખતે તે રત્ન હોય છે. બહું વિચાર કરવા જેવો આ વિષય છે. શાસ્ત્રનું મહાન રહસ્ય આ બાતમાં રહેલું છે. હવે સમકિતના ૬૭ બોલમાંથી (સમકિતી જીવનાં) ૫ લક્ષણ કેવાં હોય, તે વિષે વિવેચન કરવું ઘણું અગત્યનું હોવાથી ટુંકામાં જણાવી આ વિષય પૂર્ણ કરીશ.

લક્ષણ પાંચ—૧ સમ:—શત્રુ અને મિત્રપર, સારી કે ખરાબ ચીજપર સમભાવ આણે, પોતાના આત્માને કહે કે તુજ તારો મિત્ર અને શત્રુ છે. તારાથીજ તારૂં સારૂં અને બૂરૂં થયું છે, થાય છે અને થશે. બીજાપર દ્વેષ કે રાગ ન કર. આ પ્રમાણે મન વચન અને કાયાથી સમભાવી હોય તેમજ પ્રકૃતિ પણ ઘણી શાંત હોય.

(૨) **સંવેગ**—સદા વૈરાગ્ય ભાવમાં રહે. સંસારનાં સુખ યા દુઃખને સ્વપ્ન, ઇંદ્રજાળ, અથવા ગાડીના ખેલ બરોબર ગણે. અસ્થિર સુખમાં લુબ્ધ ન રહે. જળ કમળવત્ રહે. ઉપાશ્રયમાં કે સંત સમાગમમાં રોજ રહેનાર મનુષ્યમાં આ ગુણ દિન પ્રતિદિન વધતો હોવો જોઇએ.

(૩) **નિર્વેગ**—સંસારના સ્વરૂપને ક્ષણિક જાણી, છકાયના જીવોના છેદન-ભેદન-કુટન વગેરે આરંભિક પાપ તેમજ સ્થાવર અને જંગમ ચીજોના પરિગ્રહથી યથાશક્તિ નિવર્તે, અમર તેવો ભાવ રહે. આરંભ અને પરિગ્રહજ ચાર ગતિમાં રખડાવે છે ને રખ-

ડાવશે એમ માની તેથી મુક્ત થવા અતિ ઉત્સુક રહે. **ગજસુકુમાર** અને **ભરત કેવળી**નાં નકલ. કરવા જેવાં દ્રષ્ટાંતો નજર સામે રાખે.

(૪) **અનુકંપા**—પ્રાણિમાત્રપર દયા આણે. પોતાના આત્માને સુખ દુઃખ થાય છે તેજ રીતે સૌને થાય એમ જાણી, પોતાના આત્મા સમાનજ નાના મોટા સૌ જીવને ગણે અને અભયદાન એટલે જીવિતદાન આપે. દેવા ન હોય તો દયા તો આણેજ. ચિત્ત સદા દયાળુ હોય.

(૫) **આસ્થા**—અહિંસામય, સત્યમય, શીલમય, એવા વીતરાગી ધર્મપર આસ્થા–શ્રદ્ધા રાખે, ડમમગ ચિત ન રાખે. કરણીનાં ફળ મળશેજ. સત્ય શું અને મિથ્યાત્વ શું તે સમજે. **કામદેવ** વગેરે શ્રાવકોની પેઠે ધર્મમાં દ્રઢીભૂત રહે.

આ પ્રમાણે ૫ લક્ષણ જાણવાથી પોતાના આત્માને ઘણો લાભ થાય છે. સમ્યક્ત્વ અને મિથ્યાત્વની ખરી સમજ આવે છે ને સત્ય તરફ વળાય છે. કારણકે જાણ્યા વિના સત્યાસત્યની પિછાન થવી મુશ્કેલ છે.

આ ધ્યાનકલ્પતરુ ગ્રંથમાં પણ સમ્યક્ત્વ રૂપી દોરીનું અવલંબન રાખી ડાળે ડાળે–પત્રે પત્રે પહોંચાશે તો ફૂલોની સુગંધ અને અમૃતરૂપી ફળોનો સ્વાદ ચખાશે અને આત્માને અનહદ–અપૂર્વ–અમૂલ્ય આનંદ પ્રાપ્ત થશે. સમકિતની ખુમ્મીજ કંઈ ઓર છે. જેણે સ્પર્શ્યું, જેણે જાણ્યું, અને જેણે તેની લહેજત ચાખી તેનો બેડો પાર થવાનોજ એ વાત સાચ સાચી છે. માટે સમકિતી બનો ભાઇ સમકિતી બનો. તથાસ્તુ.

ૐ શાંતિઃ! શાંતિઃ!! શાંતિઃ!!!

રાજકોટ,
ભીમ એકાદશી
૧૯૭૨.

લેખક,
માણેકચંદ મોરારજી શાહ.





શ્રી જિનવરેંદ્રાય નમઃ

ધ્યાન કલ્પતરુ.

મંગલાચરણ.

ગાથા–અણુત્તરં ધમ્મમુઈરઇત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઇં ॥
સુસુક્કસુક્કં અપગંડસુક્કં, સંખિંદુ એગંતવદાતસુક્કં ॥૧॥
અણુતરગ્ગં પરમં મહેસી, અસેસ કમ્મં સ વિસોહઇત્તા ॥
સિદ્ધિંગતે સાઇમણંત પત્તે, ણાણેણ સીલેણ ય દંસણેણ ॥૨॥

સૂયગડાંગ અ૦ ૬. ગાથા ૧૬–૧૭.

શ્રમણ ભગવંત શ્રી મહાવીર—વર્ધમાન સ્વામીએ, ઉત્તમ ધર્મને પ્રગટાવ્યું, સર્વોત્તમ, અતિ ઉજ્વલ અને દોષ રહિત એવું શુકલ ધ્યાન ધ્યાયું હતું. એ શુકલધ્યાન બધા ધ્યાનમાં શ્રેષ્ઠ છે; અર્જુન નામે સુવર્ણથી, પાણીનાં ફીણથી, શંખની કાંતિથી અને ચંદ્રમાનાં કિરણોથી પણ વિશેષ ઉજ્વલ છે. આ ધ્યાનના પ્રતાપે એ મહાઋષીશ્વર સમસ્ત કર્મોનો ક્ષય કરી કર્મમેલથી રહિત થયા, અને એથીજ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને

અનંત વીર્ય એવા અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થઇ. છેવટે તેઓશ્રી, લોકના અગ્ર ભાગે રહેલી સાદિ અનંત (એક જીવ પ્રત્યે આદિ સહિત પણ અંત રહિત) એવી મોક્ષ ગતિને પામ્યા છે. એવા શ્રીમાન્ મહાવીર અથવા વર્ધમાન સ્વામીને મારા વિશુદ્ધ ત્રિકરણથી ત્રણે કાળ નમસ્કાર હો.

ભૂમિકા.

શ્લોક–ધ્યાતા ધ્યાનં તથા ધ્યેયં, ફલં ચેતિ ચતુષ્ટયમ્ ।
ઇતિ સૂત્રસમાસેન, સવિકલ્પં નિગદ્યતે ॥ ૧ ॥

જ્ઞાનાર્ણવ. સર્ગ ૪. શ્લો. ૫

અર્થ—ધ્યાન કરનારને ધ્યાતા કહે છે, સ્થિર એવી ચિન્તવન અવસ્થા ધારણ કરવી તેને ધ્યાન કહે છે, ભૂત (=પ્રાણી), પદાર્થ અગર જે વિષયનું મનમાં ધ્યાન કરવું તેને ધ્યેય કહે છે, અને એ ધ્યાન અથવા વિચારણાથી ધ્યાતાને જે પરિણામ પ્રાપ્ત થાય તેને ફળ કહે છે. એ ચારે બાબતને મારી મતિ પ્રમાણે આ ગ્રંથમાં સમજાવવાની કોશીશ કરીશ. માટે વાંચનારે કે અભ્યાસ કરનારે પૂર્ણ ચિત્ત રાખી ભણવું તેમજ અશુભમાંથી મનને ખેંચી શુભમાં દાખલ કરવું જેથી ધારેલો અર્થ સિદ્ધ કરવામાં સમર્થ થવાય.

શ્લોકઃ—અપાસ્ય ખણ્ડવિજ્ઞાન, રસિકાં પાપવાસનામ્ ।
અસદ્ધ્યાનાનિ ચાદેયં, ધ્યાનં મુક્તિપ્રસાધકમ્ ॥

જ્ઞાનાર્ણવ સર્ગ ૫ શ્લોક ૮.

અર્થ—ક્ષયોપશમ રાગ વગેરે સહિત, જ્ઞાનમાં આસક્તિ રૂપી પાપવાસના તેને, તથા અન્ય મતવાળાનાં માનેલાં આર્ત્ત, રૌદ્ર વગેરે અસદ્ ધ્યાન છે તેને ખંડવિજ્ઞાન કહે છે. તે ખંડવિજ્ઞાનને છોડીને મુક્તિ મેળવી આપનારૂં સદ્ધ્યાન આદરવું જોઇએ, જેથી પોતાની ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરવામાં સફળ થવાય છે.

હે ભવ્ય જીવો! આપણે ચર્મચક્ષુથી તથા જ્ઞાનચક્ષુથી આ વિશ્વમાં રહેતાં પ્રાણિમાત્રની વૃત્તિઓને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ પ્રમાણ મારફતે ભિન્ન ભિન્ન પ્રકારની નિહાળીએ છીએ. કોઇને સુખી, કોઇને દુઃખી, કોઇને આનંદી, કોઇને દિલગીર, કોઇને હસતા, કોઇને રોતા એમ વિવિધ રીતે જોઇએ છીએ. એ જૂદી જૂદી વૃત્તિનો આધાર તેઓનાં ચિત્તની ધ્યાનશક્તિ અગર તો વિચારશક્તિ પરજ છે એમ પ્રત્યક્ષ જણાય છે. જગત્માં રહેલા પદાર્થોમાંના આ સારા છે, આ નઠારા છે, એમ ગણીને તે સારા નઠારાના સંજોગ વિજોગથી પોતે લાભ અને હાનિ માને છે. આ માન્યતા એ મનના સંકલ્પ વિકલ્પ છે, છતાં આત્મા પણ એ સારા અગર માઠા ભાનને લઇને તેના જેવો બને છે. આથી નિશ્ચય થાય છે કે સુખ દુઃખનો મુખ્ય હેતુ બીજું કાંઇ નહિ પણ વિચાર એટલે ધ્યાનજ છે.

વળી વિશેષમાં એ પણ સ્પષ્ટ જણાય છે કે, તમામ પ્રાણીને સુખ અગર આનંદ બહુજ પ્રિય છે, અને તે સુખની અથવા આનંદની પ્રાપ્તિને માટે જ્ઞાની, મુમુક્ષુ, વિષયી, પામર વગેરે સર્વ પ્રકારના અધિકારી મનુષ્યો પોતે માની લીધેલો આનંદ મેળવવા

અનેક તરેહની ક્રિયા કરી રહ્યા છે. *કોઈ જ્ઞાનની, કોઈ યોગની, કોઈ ભક્તિની તો કોઇ ધર્મની ચેષ્ટા કરી રહ્યા છે. કોઇ ધનપ્રાપ્તિ, સ્ત્રીકામસંયોગ, પુત્રપર પ્યાર વગેરે અનેક પ્રવૃત્તિઓમાં લીન થયેલા નજરે આવે છે. આત્માનો અખંડાનંદ મેળવવાને વાસ્તે આજ લગી ઘણાં શાસ્ત્રોની રચના થઈ છે, અનેક કાર્ય, અનેક ક્રિયા અને અનેક અનુષ્ઠાનની ગોઠવણ બની રહી છે, અને પ્રતિદિન નવા નવા સુધારા થતા જાય છે. એવી રીતે સર્વ દેશમાં, સર્વ કાળમાં, અને સર્વ સ્થિતિમાં જે જે પ્રવૃત્તિ અનાદિકાળથી ચાલે છે તે અખંડાનંદ મેળવવાને માટે છે. છતાં હજી સર્વ વિશ્વવાસી પ્રાણીઓ અખંડ અને પૂર્ણ આનંદમય થયા નથી. વળી એવું કોઈ ગામ કે દેશ પણ નજરે આવતો નથી કે જ્યાં અખંડાનંદ વર્તે છે. જ્યાં જોશો ત્યાં દિલગીરી, મોહ અને દુઃખની થોડી કે વધારે છાયા અનુભવવામાં આવશેજ. છતાં સૌ કોઈ અખંડ આનંદ મેળવવાને માટે અને દુઃખ કોઈ પણ કાળે નજ આવે તેને સારૂ, તરફડીઆં મારી રહ્યા છે. આ બધા ઉપરથી ખાત્રી થાય છે કે, જેને મેળવવાને પ્રાણિમાત્ર પ્રયાસ કરી રહ્યા છે તેનો સાચો ઉપાય તેમના હાથમાં આજ લગી આવ્યો નથી, અને જેજે પ્રયત્નમાં અલ્પજ્ઞ અને અજ્ઞાની મનુષ્યો મચી રહ્યાં છે તે પ્રયત્ન અખંડાનંદ પ્રાપ્ત કરવાનો સાચો ઉપાય પણ નથી. કપોલ કલ્પિત ઉપાયથી ધારેલો

---

*વાંચનાર ! જ્ઞાન, ભક્તિ, યોગ અને ધર્મ એ આનંદપ્રાપ્તિના ઉપાયો છે. પરંતુ તે એકાન્તથી તેમજ પૂર્ણ અંશે નહિ. આ બાબતનો ખુલાસો આ ગ્રંથનું અવલોકન કરતાં આગળ થશે; એટલા સારૂ આ સ્થળે મનમાં કોઇ જાતના તર્ક વિતર્ક કરવા નહિ.

અર્થ કોઈ દહાડો મળતો નથી. જો ધારેલી સિદ્ધિ એમ મળતી હોત તો તેવા ઉપાય કરવાવાળા માણસો આજ લગી દુઃખી રહેતજ નહિ, પણ અખંડાનંદમાં મગ્ન હોત અને દુઃખનું નામ પણ સાંભળત નહિ.

અખંડ આનંદ મેળવવાનો ઉપાય આ દુનિયામાં છેજ નહિ એમ માનવાનું કાંઇ પણ કારણ નથી. જે વસ્તુ હોય છે તેને માટેજ દુનિયા પ્રયાસ કરે છે. પણ સાચો ઉપાય નહિ મળવાથી પોતાનું કામ પાર નથી પડતું ત્યારે અજ્ઞાન અને અલ્પજ્ઞ મનુષ્યો કલ્યાણી વસ્તુ છેજ નહિ એવો ખોટો વિચાર મનમાં દ્રઢ કરી નાસ્તિક બને છે. પોતે માની લીધેલાં સાધનોને આકાશનું ફૂલ મેળવવાના ઉપાય જેવાં અથવા ઝાંઝવાનાં જળની પ્રાપ્તિ જેવાં નકામાં માનીને તે તે ઉપાયોને છોડી દે છે અને નાસ્તિક બની વિષયભોગનાં પુદ્ગળોમાં મોજ માની આવરદા ગુમાવે છે. એવા જીવો " **खिण मित्त सुखा बहुकाल दुरुखा** "એ મહાવાકયની પેઠે થોડા કાળના સુખમાં લીન બની અનંત કાળ લગી દુઃખ ભોગવવાનાં કર્મોમાં ફસાય છે. આજકાલ આખી દુનિયામાં આ વાત ચારે તરફ સ્પષ્ટ જોવામાં આવે છે.

જેમણે સતત પ્રયાસ કરી અખંડ આનંદ પ્રાપ્ત કર્યો છે અને અખંડ આનંદ વિષે જેમના અંતઃકરણમાં પૂર્ણ ખાત્રી થઈ ગઈ છે, એવા સર્વજ્ઞને કરૂણાના સાગર મહાત્માઓના દિલમાં, આવા પામરને પુદ્ગલાનંદી પ્રાણીઓની દશાનું પૂરેપૂરૂં અવલોકન કરતાં તથા અખંડાનંદ મેળવવાને આતુર બની તેઓ જે અસત્

ઉપાય કરી પીડાય છે તે દેખી, અત્યંત કરૂણા ઉપજી. મૂળે એવા મહાત્માઓ દયાના ભંડાર તેમાં અખંડ આનંદના અભિલાષી જીવોના આવા ઉલટા ઉપાયથી તેમનું હૃદય ગદ્‌ગદિત થયું. અનંત દાન-લબ્ધિ એ નામની શક્તિ પોતાના આત્મામાં પ્રગટ થઈ હતી તેનો આ વખતે ખરેખરો ઉપયોગ કરી બધા જીવોને અખંડ આનંદનો લાભ મળે તેટલા વાસ્તે મહાપરિષદમાં સૌ સમજે એવી અર્ધ-માગધી ભાષાએ સાચો બોધ પ્રગટ કર્યો આ બોધને સાંભળી, મનન કરી તેમજ પૂર્ણ પ્રેમથી આરાધન કરી, અનન્ત જીવોએ અખંડ આનંદને પ્રાપ્ત કર્યો છે. મહાત્માઓના એ પવિત્ર પ્રય-ત્નને અને પ્રભાવને આગળને આગળ ચાલુ રાખવા એ મહાત્મા-ઓના શિષ્યોએ ભવિષ્ય કાળના ભવ્ય જીવો પર પૂર્ણ ઉપકાર કરી નિર્મળ બુદ્ધિથી શાસ્ત્રોની રચના રચી છે. આ શાસ્ત્રો વર્તમાન કાળમાં આપણા ઉપર અતિ કરૂણા કરી રહ્યાં છે. એ સૂત્રો ન હોત તો આપણી ઘણી બૂરી દશા થાત.

એ સૂત્રો અને ગ્રંથોમાં અપૂર્વ આનંદ એટલે આત્મિક સુખ મેળવવાના ઉપાય જૂદે જૂદે ઠેકાણે થોડા થોડા આંપ્યા હોવાથી તેમજ ભાષા પણ અર્ધમાગધી હોવાથી હાલના અલ્પજ્ઞ જીવોને પૂરેપૂરો લાભ મળવો દુર્લભ છે, આવું જાણી એ આત્મિક સુખપ્રાપ્તિને માટે હાલના વખતમાં અનેક દેશની ચાલુ ભાષામાં ઘણા ગ્રંથો રચાણા છે.

આવા અર્વાચીન તથા પ્રાચીન ગ્રંથો જોવાથી તેમજ આ જગતના જીવો રાત દિવસ સુખને માટે જે પ્રવૃત્તિ આદરી રહ્યા

છે તે નિહાળવાથી સ્પષ્ટ થાય છે કે, સુખ અને દુઃખનો હેતુ બીજો કોઈ નહિ પણ મનનું ધ્યાન કે મનના વિચારજ છે. એવી મનની પ્રવૃત્તિજ સુખ દુઃખને પેદા કરનાર છે. એ ધ્યાનનો ધ્યાનાર (એટલે ધ્યાતા જે) આત્મા, તે પણ જે વસ્તુનું (એટલે ધ્યેયનું) રાત દિવસ ધ્યાન કરે છે તેના જેવો એટલે ધ્યેય વસ્તુરૂપ બની જાય છે. આત્મા આ પ્રમાણે પોતાને હાથે ધ્યેયરૂપ બનવાથી શુભ અને અશુભ પ્રવૃત્તિમાં પડે છે અને તેથી સુખ અને દુઃખ પામે છે.

આ ધ્યાન શું ચીજ છે? કેટલી જાતનું છે? ધ્યાતા (ધ્યાન કરનારો) પોતે ધ્યેયરૂપ (જે વસ્તુનું ધ્યાન કરે તેના જેવો) શી રીતે બની જાય છે? કેવી રીતે સુખી અને દુઃખી થાય છે? કયા ધ્યાનથી અખંડ આનંદ અથવા આત્મિક પરમ સુખની પ્રાપ્તિ થાય છે? એ બધી બાબતોનું ખુલાસાથી સ્વરૂપ જાણવાને, અનુભવવાને અને મેળવવાને જે જે ઉપાયો જોઈએ તે, આ ધ્યાન-કલ્પતરૂ એટલે ધ્યાનથી મનવાંછિત ફળ આપનાર ઝાડની છાયામાં વિસામો લઈ તેમાં મગ્ન થવાથી જરૂર મળશે.

સ્કંધ.

ધ્યાન શબ્દમાં ધ્યૈ ધાતુ છે. ધ્યૈ ધાતુનો અર્થ અંતઃકરણમાં ધ્યાન કરવું, વિચાર કરવો, ચિન્તવન કરવું, એવો થાય છે. શાસ્ત્રમાં ધ્યાનના ભેદ નીચે પ્રમાણે કહ્યા છે.

શાખા.

સૂત્ર–से किं तं झ्झाणे ! झ्झाणे चउव्विहे पण्णत्ते, तं जहा अट्टेझ्झाणे, रुद्देझ्झाणे, धम्मेझ्झाणे, सुक्केझ्झाणे.

(उववाई सूत्र).

અર્થ–ગુરૂ મહારાજને શિષ્ય સવિનય પ્રણામ કરી પ્રશ્ન પૂછે છે કે હે ગુરૂ મહારાજ, ધ્યાનના કેટલા ભેદ છે ?

ગુરૂ–હે શિષ્ય, ધ્યાનના ચાર ભેદ **શ્રી** વીતરાગ પ્રભુએ ફરમાવ્યા છે, તે હું તને અનુક્રમે કહું છું. ૧ **આર્ત્તધ્યાન**, ૨ **રૌદ્રધ્યાન**, ૩ **ધર્મધ્યાન**, અને ૪ **શુકલધ્યાન**. અંતઃકરણમાં હરહમેશ બે પ્રકારના વિચાર થાય છે. કોઇ વખત અશુભ અથવા ખરાબ અને કોઇ વખત શુભ અથવા સારા. અશુભ વિચારને **અશુભધ્યાન** અને શુભ અથવા શુદ્ધ વિચારને **શુભ** અથવા **શુદ્ધ ધ્યાન** કહે છે.

હવે અશુભ ધ્યાનના **આર્ત્તધ્યાન** અને **રૌદ્રધ્યાન** એવા બે ભેદ છે. તેમજ શુભ ધ્યાનના **ધર્મધ્યાન** અને **શુકલધ્યાન** એવા બે ભેદ છે. આ ચારે ધ્યાનનું સવિસ્તર વર્ણન આગળ જુદી જુદી શાખાઓમાં કરવામાં આવશે.



અશુભ ધ્યાન.

ઉપર કહેલા ચાર ધ્યાનમાંથી પ્રથમ અશુભ ધ્યાનનું વર્ણન કરૂ છુ, કેમકે મોક્ષાર્થી જીવો પ્રથમ અશુભ ધ્યાનનું સ્વરૂપ સમજે તો તેનાથી બચવાનો પ્રયત્ન કરી શકે અને શુભ ધ્યાનમાં પ્રવેશ કરી શકે.

શ્લોક--અજ્ઞાતવસ્તુતત્ત્વસ્ય, રાગાદ્યુપહતાત્મનઃ ॥
સ્વાતન્ત્ર્યવૃત્તિર્યાજન્તો, સ્તદસદ્ધ્યાનમુચ્યતે ॥

જ્ઞાનાર્ણવ, સર્ગ ૫, શ્લો. ૧૯.

અર્થ--જેણે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણ્યું નથી, અને જેનો આત્મા રાગ, દ્વેષ, મોહ વગેરે દુર્ગુણોથી પીડાય છે, એવી જીવોની જે સ્વતંત્ર પ્રવૃત્તિ છે તેને અપ્રશસ્ત કે અસદ્ધ્યાન કહે છે. આ ધ્યાન જીવોને વગર ઉપદેશે પોતાની મેળેજ થાય છે. કારણ કે અનાદિ કાળથી આવીજ વાસના ચાલી આવે છે.

અશુભ ધ્યાનના બે ભેદમાંથી પ્રથમ આર્તધ્યાનનું સ્વરૂપ બતાવે છે.

પ્રથમ શાખા—આર્ત્તધ્યાન.

આ જગતના જે સકર્મી (કર્મ સહિત અથવા સંસારી) જીવો છે તેમને અનાદિ કાળથી શુભ અને અશુભ કર્મના સંયોગ-વિયોગ રૂપી ઘટમાળ લાગી રહી છે. કોઇ વાર સારાં કર્મનો સંયોગ થાય છે અને ખરાબ કર્મનો વિયોગ થાય છે, તો કોઇ વાર ખરાબ કર્મનો સંયોગ થાય છે અને સારાં કર્મનો વિયોગ થાય છે. કર્મોના આવી રીતના વેપારથી મનમાં જે સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન થાય છે તેનેજ "આર્ત્તધ્યાન" કહે છે. એ આર્ત્તધ્યાનના જીનેશ્વર ભગવાને મુખ્ય ચાર પ્રકાર અથવા ભેદ કહ્યા છે.

પ્રથમ પ્રતિ શાખા—આર્ત્તધ્યાનના ભેદ.

સૂત્રપાઠ—અટ્ટેઝ્ઝાણે ચઉવ્વિહે પણ્ણત્તે તં જહા

૧ અમણુણ્ણ સંપ્પઓગ સંપઉત્તે તસ્સ વિપ્પઓગ-સઇ સમણાગએયાવિ ભવઇ ॥ ૧ ॥

૨ મણુણ્ણ સંપ્પઓગ સંપઉત્તે, તસ્સ અવિપ્પઓગ-સઇ સમણાગએયાવિ ભવઇ ॥ ૨ ॥

૩ આયંક સંપ્પઓગ સંપઉત્તે, તસ્સ વિપ્પઓગસઇ સમણાગએયાવિ ભવઇ ॥ ૩ ॥

૪ પરિઝ્ઝાસિયા કામભોગ સંપ્પઓગ સંપઉત્તે, તસ્સ અવિપ્પઓગસઇ સમણાગએયાવિ ભવઇ.

ઉવવાઈ સૂત્ર.

અર્થ–આર્ત્તધ્યાન ભગવાને ચાર પ્રકારનું ફરમાવ્યું છે તે કહે છે.

૧. અમનોજ્ઞ એટલે ખરાબ શબ્દ વગેરેનો સંયોગ થવાથી વિચાર થાય કે આનો વિયોગ હવે કયારે થાય. એને **અનિષ્ટ સંયોગ આર્ત્તધ્યાન** કહે છે.

૨. મનોજ્ઞ એટલે સારા શબ્દો વગેરેનો સંયોગ (પ્રાપ્તિ) થવાથી એમ વિચારે કે આનો વિયોગ કદી પણ ન થાઓ એને **ઇષ્ટ સંયોગ આર્ત્તધ્યાન** કહે છે.

૩. તાવ, કોઢ વગેરે અનેક પ્રકારના રોગની પ્રાપ્તિ થવાથી વિચાર થાય કે આનો તરત નાશ થાઓ એને **રોગોદ્ભવ આર્ત્તધ્યાન** કહે છે.

૪. ઇચ્છિત કામભોગની પ્રાપ્તિ થવાથી વિચાર થાય કે આનો કદીપણ વિયોગ ન થાઓ એને **ભોગેચ્છા આર્ત્તધ્યાન** કહે છે.

પ્રથમ પત્ર—"અનિષ્ટ સંયોગ."

૧. **અનિષ્ટ સંયોગ** નામે **આર્તધ્યાન**—આત્માએ પોતાના શરીરને, સ્વજન, સ્નેહી વગેરે કુટુંબને, સોનું રૂપું વગેરે ધનને, ઘઉં વગેરે ધાન્યને, ગાય વગેરે પશુને અને ઘર વગેરે મકાનને, પોતાને સુખ દેનારાં માની લીધાં છે. એનો નાશ કરનારાં સિંહ, સર્પ, વીંછી, માંકડ, જૂ વગેરે જાનવર; શત્રુ, ચોર, રાજા વગેરે માણસ; નદી, સમુદ્ર વગેરે જલસ્થાન;

અગ્નિ; વછનાગ, અફીણ, વગેરે ઝેર; તીર, તરવાર વગેરે શસ્ત્ર; પર્વતની ગુફા વગેરે ઠેકાણાં; અને ભૂત વગેરે વ્યંતર દેવો; એ વગેરે ભયંકર વસ્તુનાં નામ સાંભળવાથી, તેમનાં સ્વરૂપનું અવલોકન કરવાથી, તથા કેટલીક વાર તો પોતાના સુખનો નાશ કરનારી ભયંકર વસ્તુઓ યાદ આવવાથી કે આવી મળવાથી મનમાં સંકલ્પ વિકલ્પ અને ગભરાટ થાય છે, તે ભયંકર વસ્તુઓના વિયોગની ઈચ્છા કરે છે અને કહે છે કે આ મારો જીવ લેવાને કેમ મારી પછવાડે મંડયા છે, અને મને શા માટે સતાવે છે. હે ભગવાન! આ બધાંનો તરતજ નાશ થાય તો બહુ સારૂં. એવું ચિંતવન કરે તેને તત્વજ્ઞ પુરૂષોએ આર્ત્તધ્યાનનો પ્રથમ ભેદ કહેલ છે.

દ્વિતીય પત્ર—"દૃષ્ટ સંયોગ".

૨. "દૃષ્ટ સંયોગ નામે આર્ત્તધ્યાન" તે.

(વસંતતિલકા છંદ)

राज्योपभोगशयनासनवाहनेषु ।
स्त्रीगंधमाल्यवररत्नविभूषणेषु ॥
आत्माभिलाषमतिमात्रमुपैति मोहाद् ।
ध्यानं तदार्त्तमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥

सागार धर्मामृत.

ઇચ્છિત અને પ્રિય રાજ સત્તા ભોગ, ચક્રવર્તિ-બળદેવ-માંડલિક અને સામાન્ય રાજાઓની ઋદ્ધિ ભોગ, જુગળિયાનાં અખંડ

સૌભાગ્યનાં સુખ મળે, મુખ્ય પ્રધાન અને શ્રેષ્ટ સેનાપતિના વિલાસ મળે, માણસ અને દેવની નવ યૌવના સ્ત્રીઓ સાથે કામ-ભોગ ભોગવવાનો અવસર મળે, પલંગ વગેરે શય્યા, તથા ઘોડા હાથી અને રથ વગેરે વાહનો મળે, ચુવા, ચંદન, પુલ અને અત્તર વગેરે સુગંધી પદાર્થો સેવવાનો જોગ મળે, રત્ન, રૂપું, સોનું વગેરે ઉત્તમ ધાતુઓના અલંકારો મળે, રેશમી અને જરીનાં વસ્ત્રો પહેરીને શરીર શણગારી ઉત્તમ રૂપ બનાવવાનો પ્રસંગ મળે, વગેરે જૂદી જૂદી જાતના કામભોગ ભોગવવાની જે અભિલાષા થાય છે તે મોહકર્મના ઉદયથી થાય છે. એ બધા પદાર્થો મળ્યા હોય ત્યારે તેનો ઉપભોગ કરતાં અંતઃકરણમાં જે સુખ અને આહ્લાદ ઉત્પન્ન થાય, વળી એમ થાય કે હું આ મનોવાંછિત સુખનો ભોક્તા છું, તેમજ એ પદાર્થો ભોગવવાની વારંવાર અનુમોદના કરતાં મોંમાંથી જે સ્વાભાવિક આનંદના ઉદ્‌ગાર નીકળી જાય અને મનમાં જે અનુભવ અને વિચાર થાય એ બધાને તત્ત્વજ્ઞાનીઓ આર્ત્તધ્યાનનો બીજો પ્રકાર (" **ઇષ્ટ સંયોગ** ") કહે છે.

॥ પાઠાંતર ॥ કેટલાક વળી આર્ત્તધ્યાનના બીજા પ્રકારને " **ઇષ્ટ વિયોગ** " કહે છે, અર્થાત્ કાળ જ્ઞાન વગેરેની બાબતો અનેક ગ્રંથોમાં બતાવેલ છે તે પ્રમાણે સ્વર વગેરે લક્ષણો ઉપરથી, અથવા જ્યોતિષ વગેરે વિદ્યાના પ્રભાવથી એમ જાણવામાં આવે કે હવે શરીરનો વિયોગ (મરણ) થોડા કાળમાં થવાનો છે. આથી એવો વિચાર ઉત્પન્ન થાય છે કે અરેરે! હવે હું આ સુંદર શરીર, વહાલાં કુટુંબીઓ અને સ્નેહીઓ,

અને મહા કષ્ટથી પેદા કરેલી લક્ષ્મી એ બધાંનો ત્યાગ કરીને ચાલ્યો જઈશ! પોતાનાં મદદગાર સ્વજન અને મિત્રોના વિયોગથી મૂર્ચ્છા ખાઇ પડી જાય, કલ્પાંત કરે, * છાતી માથું કૂટે, અગર તો મરણ પામવાનો વિચાર કરે; ઘરની ધક્ષ્મી કોઇ હરણ કરી જાય, અગ્નિથી બળી જાય, પાણીમાં ડુબી જાય કે તણાઈ જાય, ભોંયમાં દાટેલી લક્ષ્મી × કોયલા થઇને નીકળે, તમામ ધન રાજા અગર નાત ઉપાડી જાય, વેપારમાં ભારે નુકશાન જાય, નામ કાઢવા સારૂ મદમાં આવી જઇ લગ્ન વગેરે કામમાં શક્તિ ઉપરાંત નાણું વપરાઈ જાય, એમ અનેક કારણે લક્ષ્મીનો નાશ થતાં અશક્તિ અને દરિદ્રતા પ્રાપ્ત થતાં પસ્તાવો કરે કે હાય! હાય! હવે શું કરૂં! હાય! હાય! હવે મારૂં શું થશે! મારી લક્ષ્મી કયાં ગઇ! વગેરે વિચારો અંતઃકરણમાં કરવા; અને વિષય સુખ ભોગવવા, અનેક વાજાં, નાયકાઓ, બગીચા, અત્તર, અબીલ, છ રસનાં ભોજન, વસ્ત્રાભૂષણ, શયન, આસન, વગેરે વિનાશી પદાર્થોનો સંજોગ મેળવવા સારૂ અનેક પાપનો આરંભ કરવાના વિચારો કર્યા કરે, એ બધાંને "ઇષ્ટ વિયોગ" આર્ત્તધ્યાન કહે છે.

તૃતીય પત્ર—"રોગોદય"

૩. રોગોદય આર્ત્તધ્યાન તે, (૧) બધા જીવ નિરોગી રહેવાને ઇચ્છે છે, પરંતુ અશુભ વેદનીય કર્મના ઉદયથી જે જે

---

* ઘણા એ પ્રમાણે આત્મ પ્રહાર કરતાં મરી પણ જાય છે.

× દાટેલા ધનના એ પ્રમાણે કોયલા કે પાણી થઇ જાય છે.

રોગ અને અશાતા થાય છે તેને ભોગવ્યા વિના છૂટકોજ નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરવાવ્યું છે કે— "**कडाण कम्माण न अत्थि मोक्खो**"* એટલે કરેલાં કર્મનાં ફળ ભોગવ્યા વિના છૂટકો નથી. માણસનાં શરીરપર સાડા ત્રણ કરોડ રોમ (=વાળ) કહેવાય છે; અકેક રોમમાં પોણા બગે રોગ કહે છે એ ઉપરથી આ શરીર કેટલા રોગનું ઘર છે તેનો વિચાર કરી જુઓ! જ્યાં લગી શાતા વેદનીય કર્મનું જોર છે, ત્યાં લગી તો બધા રોગ ઢંકાઈ રહ્યા છે, પણ પાપનો ઉદય (પાપનું પરિપકવપણું) થયું કે તરતજ કોઢ, ભગંદર, જલંદર, અતિસાર, શ્વાસ, ખાંસી, તાવ, વગેરે અનેક પેટના તેમજ લોહી વગેરેના વિકારવાળા ભયંકર રોગો ઉત્પન્ન થઈ પીડા આપવા માંડે છે; આવે વખતે મન આકુળ વ્યાકુળ થઇને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરે છે. (૨) એ બધા રોગોને મટાડવા અનેક ઓસડો કરતાં, અનંતકાય એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય લગીના જીવોને, આરંભ સમારંભ, છેદન ભેદન, પચન પાચન વગેરે ક્રિયાથી મારવાનો અંતઃકરણમાં વિચાર થાય, રોગનો ઉતાવળે નાશ કરવાની ચટપટી થાય, એ રોગની હાની અને વૃદ્ધિમાં હર્ષ શોક થયા કરે, વળી એમ પણ થાય કે, હે પ્રભુ સ્વપ્નાંતરમાં પણ આવું દુઃખ ન હજો ઇત્યાદિ અભિલાષા થાય એ પણ "**રોગોદય નામે આર્ત્તધ્યાન**" છે.

---

* कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि ॥
अवश्यमेव भोक्तव्यं, कृतंकर्म शुभाशुभम् ॥

गरुडपुराण.

૪૩૨ કરોડ વર્ષનો એક કલ્પ થાય છે, એવા કરોડો કલ્પમાં કરેલાં કામોનાં ફળ ભોગવ્યા વિના છુટકો નથી

ચતુર્થ પત્ર "ભોગેચ્છા"

૪. ભોગેચ્છા આર્ત્તધ્યાન તે—૧ પાંચ ઇંદ્રિયો સંબંધી કામ ભોગ* ભોગવવાની ઇચ્છા થાય. શ્રવણેંદ્રિય (કાન) થી રાગ, રાગણી, કિન્નરીઓનાં ગાયન, અને વાજાંઓના કોમળ અને મનોહર રાગ સાંભળવામાં; ચક્ષુરિંદ્રિય (આંખ) થી નાચ, સોળ જાતના શણગારથી શોભિત સ્ત્રી અને પુરૂષો, બાગ, આતશબાજી (દારૂખાનું) ની રમત, મહેલ અને મંડપની રચના, રોશની વગેરે જોવામાં; ઘ્રાણેંદ્રિય (નાક) થી અત્તર, ફૂલ વગેરેની સુગંધ લેવામાં; રસેંદ્રિય (જીભ) થી છ જાતના રસિક ભોજન અભક્ષ્ય પદાર્થ વગેરે ખાવામાં, અને સ્પર્શેંદ્રિય (ત્વચા–શરીર) થી શયન, આસન, વસ્ત્રાભૂષણ, સ્ત્રી વગેરેના વિલાસ ભોગવવામાં આનંદ માનવો; આ સુખકારી પ્રસંગ સદા એક સરખો રહે એવી ઇચ્છા કરવી; હું ઘણો ભાગ્યશાળી છું કે મને મનોવાંછિત સુખમય સામગ્રી મળેલી છે; વગેરેથી આનંદ માનવો, તેને ભોગેચ્છા આર્તધ્યાન કહે છે. ૨. ભોગાંતરાય કર્મના ઉદયથી પોતાને ઇચ્છા પ્રમાણે સુખદાતા સાધનોની પ્રાપ્તિ ન થઇ, બીજાને રાજ્ય, ઐશ્વર્ય માણતા જોઇ, ઇન્દ્ર વગેરેને રિદ્ધિના સુખ ભોગવતા જાણી, અગર શાસ્ત્રદ્વારા સાંભળી પોતાને તે પ્રાપ્ત થવાને અંતઃકરણમાં એવી અભિલાષા કરે કે "હે પ્રભુ! એક

---

* પાંચ ઇંદ્રિયોમાં કાન અને આંખ એ બને ઇંદ્રિયો કામી કહેવાય છે, અર્થાત્ શબ્દ સાંભલવા અને રૂપ દેખવું એ બે ઇંદ્રિયો કામ (વિષય સુખ) આપે છે અને નાક, જીભ, અને ચામડી એ ત્રણ ઇંદ્રિયો ભોગી છે એટલે ગંધ, સ્વાદ અને સ્ત્રી વગેરેનાં ઉપભોગ લે છે.

અથવા અર્ધું રાજ્ય મને મળી જાય, કોઇ દેવ મારા તાબામાં આવી જાય તો હું પણ આવી મોજ ભોગવી મારો જન્મ સફળ કરું, જ્યાં લગી એવું સુખ ન મળે ત્યાં લગી મને ધિક્કાર છે, કમભાગી છું," વગેરે વિચાર કરે. (૩) તપ સંજમ, પચ્ચખાણ, વગેરે કરી તેનું ફળ માગી લે એટલે *નિયાણું કરે કે મારી ધર્મ કરણીના ફળથી મને રાજ્ય અને ઇન્દ્ર વગેરેના વૈભવની પ્રાપ્તિ થાઓ. (૪) પોતાની કરણીના પ્રતાપથી પોતાનાં સ્વજન, મિત્ર વગેરેને ધનવાન અને સુખી કરવાની ઇચ્છા કરે, અથવા આશીર્વાદ આપે. (૫) વળી પોતાનાં સ્વજન, મિત્ર, પડોશીને સુખી દેખી પોતાનાં મનમાં ઝૂરણા કરે કે બધાની વચ્ચે હુંજ એક ગરીબ ભિખારી રહી ગયો વગેરે. આવી આવી જેજે પ્રવૃત્તિ અંતઃકરણમાં થાય તેને આર્ત્તધ્યાનનો ચોથો પ્રકાર (લોગેચ્છા) જાણવો.

દ્વિતીય પ્રતિશાખા—આર્ત્તધ્યાનનાં લક્ષણ.

પાઠ—अट्टस्सणं झाणस्स चत्तारि लक्खणा पण्णता तं जहा–१ कंदणया २ सोयणया ३ तिप्पणया ४ विलवणया.

ઉવવાઈ સૂત્ર.

---

* દશા શ્રુત સ્કંધ સૂત્રમાં નિયાણાં બે પ્રકારનાં ફરમાવ્યાં છે. ૧. ભવ પ્રત્યેક—એટલે સંપૂર્ણ ભવ લગી ચાલે એવું નિયાણું કરે. જેમકે—નારાયણ વાસુદેવ પદ નિયાણાથી મળે છે તેનાથી આખો ભવ વ્રત પચ્ચખાણ અને સંજમ બને નહિ ૨ વસ્તુ પ્રત્યેક—એટલે કોઇ વસ્તુ મળવાનું નિયાણું કરે જેમકે—દ્રૌપદીજી, એમને નિયાણું કરેલી વસ્તુ ન મળે ત્યાં લગી સમ્યકત્વ પ્રાપ્ત થાય નહિ.

અર્થ--આર્ત્તધ્યાની જીવનાં ચાર લક્ષણો છે. ૧ આક્રંદ એટલે રૂદન કરે. ૨ શોક (ચિન્તા) કરે. ૩ આંખમાંથી આંસુ પાડે. ૪ વિલાપ કરે.

આર્ત્તધ્યાનના ધ્યાતાને (ધ્યાન ધરનારને) બહારનાં ચિન્હોથી ઓળખવા સારૂ પ્રભુએ ચાર લક્ષણ સૂત્રમાં કહ્યાં છે. ૧. અનિષ્ટનો સંજોગ, ૨. ઇષ્ટનો વિયોગ, ૩. રોગ વિગેરે દુઃખની પ્રાપ્તિ, ૪. ભોગ વિગેરે સુખની અપ્રાપ્તિ. આ ચાર પ્રકારનાં કારણોને લીધે સકર્મી (સંસારી) જીવોને કર્મના જોરથી સ્વાભાવિક રીતે નીચની ચાર ક્રિયા થઈ જાય છે.

પ્રથમ પત્ર--" કંદણુયા ".

૧. કંદણુયા એટલે આક્રંદ કરે. જેમકે હાયરે ! મારી સુખ સામગ્રીનો નાશ થઈ દુઃખ સામગ્રી શામાટે મળે છે ! અરે દૈવ ! હે પ્રભુ ! વગેરે વિચારો થતાં હૈયાફાટ શબ્દોથી રોયા કરે.

દ્વિતીય પત્ર--" સોયણુયા ".

સોયણુયા એટલે શોક તથા ચિંતા કરે. જેમકે કપાળ પર હાથ મૂકી બેસે, નીચી નજર કરી સુનમુન બેસી રહે, ધરતી ખોદે, તરખલાં તોડે, ગાંડા જેવો બને, મૂર્છિત થઈ પડયો રહે વગેરે.

તૃતીય પત્ર--" તિપ્પણુયા ".

૩. તિપ્પણુયા એટલે આંખોમાંથી* આંસુ વહે. વાત વાતમાં એ ચીજનું સ્મરણ થતાં રોવા માંડે અને ઊંડા નિસાસો મૂકે.

ચતુર્થ પત્ર--" વિલવણુયા ".

૪. વિલવણુયા એટલે વિલાપ કરે. અંગ પછાડે, છાતી કૂટે, વાળ તોડે, હાય, વોય, જુલમ થયો, ગજબ થઈ ગયો, ભારી અનર્થ થયો વગેરે ભયંકર શબ્દ પોકારે, કલેશ, ટંટો, તોફાન કરે, દીન, દયામણાં વેણ બોલે વગેરે આર્ત્તધ્યાનીનાં લક્ષણ જાણવાં.

વળી આર્ત્તધ્યાનીનાં લક્ષણ આ પ્રમાણે છે :—

शंकाशोकभयप्रमादकलहाश्चित्तभ्रमोभ्रांतयः ।
उन्मादो विषयोत्सुकत्वमसकृन्निद्राङ्गजाड्यश्रमः ॥
मूर्च्छादीनि शरीरिणामविरतं लिङ्गानि बाह्यान्यल ।
मार्त्तोपेतचेतसां श्रुतधरै र्व्यावर्णितानि स्फुटम् ॥

જ્ઞાનાર્ણવ સર્ગ ૨૫, શ્લો. ૪૩.

---

* श्लेमाश्रुबांधवैर्मुक्तं, प्रेतो भुंक्ते यतोऽवशः ।
अतो न रोदितव्यं हि, क्रियाः कार्याः स्वशक्तिभिः ॥१॥

મરણ પામનારની પાછળ એનાં સ્વજન અને સ્નેહી રૂદન કરીને આંસુ અને લીટ કાઢે છે તે મરનારને ખાવાં પડે છે એમ મિતાક્ષર ગ્રંથમાં લખ્યું છે.

અર્થ—પ્રથમ તો દરેક વાતમાં શંકા રહે છે, પછી શોક, ભય, પ્રમાદ, અસાવધાની, કલેશ, ચિત્તભ્રમ, ભ્રાન્તિ, વિષય ભોગવવાની ઇચ્છા, હમેશાં ઉંઘ આવવી, શરીરમાં જડતા, શિથિલતા, મનમાં ખેદ, વસ્તુઓ ઉપર મૂર્ચ્છાભાવ વગેરે ચિહ્ન આર્ત્તધ્યાનીને પ્રગટ થાય છે, એવું શાસ્ત્રના પારગામી વિદ્વાનો કહે છે.

આર્ત્તધ્યાનનાં "પુષ્પ અને ફળ".

આર્ત્તધ્યાન ધરનારને પોતાની પાસે નથી તે વસ્તુઓ મેળવવાની અત્યંત આશા રહે છે. હમેશાં તેનું ચિત્ત તેમાંજ લાગ્યું રહે છે, જેથી બીજાં કામોમાં અનેક રીતે બગાડો થાય છે, અને હરકત પડે છે. ધર્મકરણી, સંજમ, તપ વગેરે કરવા છતાં જેવો જોઇએ તેવો લાભ *કુંડરિકની પેઠે મેળવી શકાતો નથી.

---

*જંબુદ્વીપના પૂર્વ મહા વિદેહમાં પુષ્કલાવતી વિજય નામે ભાગ છે તેની પુંડરીકણી નામે રાજધાનીમાં પદ્મનાભ રાજાના કુંડરિક નામે કુંવરે દિક્ષા લીધી જેથી તેના ભાઇ પુંડરિકને રાજ્ય મળ્યું. ભાઇનો રાજ્ય સુખ ભોગવતો જોઇ, કુંડરિકનું મન દિક્ષામાંથી તે તરફ લલચાણું. ગુરૂનો સંગ છોડી, રાજમહેલની પાછળની અશોકવાડીમાં છાની રીતે આવીને બેઠો. માળીની મારફતે પુંડરિક રાજાને ખબર પડતાં, ભાઇનાં દર્શન કરવાને આવ્યો. તે ટાણે મુનિનું ચિત્ત ઉદાસ દેખી પૂછતાં કુંડરિકે રાજ વૈભવનાં વખાણ કર્યાં. મુનિનું મન રાજ સુખમાં લોભાયું જાણી, પુંડરિકે વસ્ત્રાભૂષણ ઉતારી રાજ તજીને મુનિને દીધું અને મુનિનો ઉતારેલો વેષ પોતે ધારણ કરી, ગુરૂજીનાં દર્શન માટે ગયો. ત્રણ દિવસના ઉપવાસ કરી ગુરૂજીને મળ્યો. લૂખા, સૂકા, શુદ્ધ આહારથી છંદિયો દમી નિર્જરા કરી

અખંડ અને પૂર્ણ પુણ્યના ભોગ વિના ઈષ્ટ વસ્તુનું મળવું અને સ્થિર રહેવું, બની શકતું નથી. જે માણસો વસ્તુ ન મળવાથી અથવા મળ્યા પછી તેનો નાશ થવાથી ઝુરી ઝુરીને મરે છે તેનો કંઈપણ અર્થ સરતો નથી. ઉલટું નમિરાજર્ષિના ફરમાન પ્રમાણે "कामेय पत्थेमाणा, अकामा जंति दुग्गई".* એટલે ન મળેલા કામભોગની ઈચ્છા કરતો થકો તે માણસ, તે કામભોગ ભોગવ્યા વિના નરક, તિર્યંચ વગેરે ખરાબ ગતિમાં મરીને ઉપજે છે. કદાચિત્ કંઈ પુણ્યોદયથી મનુષ્ય ગતિ મળી તો તે દુઃખી, દરિદ્રી, નીચ અને દીન થાય છે. તેમજ દેવગતિ મળી તો ×અભોગિયા દેવ થઈ હમેશાં સ્વામીના હુકમને તાબે રહી અનેક દુઃખ ભોગવે છે, અને સ્વામીની ઈચ્છા પ્રમાણે પોતાને મને કે કમને પણ કરવું પડે છે. ભોગાંતરાય નામના કર્મોદયથી પોતાને મળેલા પદાર્થો પણ ભોગવી શકાતા નથી અને બીજાને કામભોગ ભોગવતા જોઈ પોતે ઝુરણા કરે છે. આર્ત્તધ્યાનની એટલી તો જબ્બર શક્તિ છે કે, તે ધ્યાનમાં

મરીને સર્વાર્થસિદ્ધ વિમાનનો દેવ થયો. પાછળથી કુંડરિક રાજવેષ ધારણ કરી, રાજસુખમાં અત્યંત આસક્ત થયો, તાકાત વધારવા સારૂ માંસ મદિરા વગેરે અભક્ષ્ય પદાર્થનાં ભક્ષણથી અત્યંત અસહ્ય વેદના થઇ. ત્રણ દિવસમાં આયુષ્ય પૂર્ણ કરી ભોગ ભોગવ્યા વગર મરી સાતમી નરકે ગયો.

* ઉત્તરાધ્યયન અ. ૯ ગાથા ૫૬.

×એવા અભોગિયા દેવને નોકર દેવ કહે છે. તેઓ પોતાના સ્વામીને માટે વિમાન બતાવે છે અને ઉઠાવે છે. સેનાની નોકરી હોય તો અશ્વ વગેરે પશુનાં રૂપ કરી સ્વામીની સેવા કરવી પડે છે.

લાગ્યા રહેવાથી કે તે ધ્યાનપર પ્રેમ લગાડવાથી ભવભ્રમણ કરવું પડે છે અને ત્યાં પણ તેજ ધ્યાન ધરવું પડે છે અને આર્ત્તધ્યાનની પ્રીતિ તૂટતી નથી.

(૨). આર્ત્તધ્યાનવાળો મનુષ્ય કામભોગમાં અતિ લુબ્ધ રહે છે. દેવતા વગેરેનાં ઊંચા પ્રકારનાં સુખ અનંતીવાર ભોગવ્યા છતાં એમ જાણે છે કે આવી ચીજ મને કોઇ જગાએ મળી હતીજ નહિ. તેથી તે, તે ચીજથી એક ક્ષણ માત્ર પણ જૂદો રહી શકતો નથી. આવા અતિશય લુબ્ધપણાથી તે આ ભવમાં શૂળ, પ્રમેહ, ચાંદી, ચિત્તભ્રમ વગેરે અનેક રોગોથી દુઃખી થાય છે, ઓસડ અને પથ્યમાંજ વખત ગાળવો પડે છે, અને મળેલા પદાર્થો ભોગવી શકતો નથી. પોતાના ઘરમાંથી સામગ્રીઓને જોઇ જોઇ ઝૂરણા કરે છે અને કહે છે કે આ રોગથી કયારે છૂટું અને તે ચીજનો કયારે ઉપભોગ લઉં.

(૩). આર્ત્તધ્યાનીની પાસે જે જે ચીજ છે તે તે ચીજથી બીજી ચીજો વિશેષ સારી સાંભળતાં કે દેખતાં તેને મેળવવાની રૂચિ વધતી જાય છે અને એમ ઉત્તરોત્તર વસ્તુઓ ભોગવવાની ઇચ્છા પર ઇચ્છા થતાં તેનો જન્મ તેમાંજ પૂર્ણ થાય છે અગર વૃદ્ધાવસ્થા આવી જાય છે તોપણ તૃષ્ણા તૃપ્ત થતી નથી. ભર્તૃહરિએ કહ્યું છે કે—"**तृष्णा न जीर्णा वेयमेव जीर्णा**" એટલે અમે વૃદ્ધ થઇ ગયા, પણ તૃષ્ણા જરાપણ ઘરડી ન થઇ. આ દુનિયામાં એકથી એક અધિક સરસ પદાર્થ પડ્યા છે, એ બધા એકજ વખતમાં મળી શકતા નથી, મળ્યા વિના તૃષ્ણાવંતની તૃષ્ણા પણ શાંત થતી નથી અને

તૃષ્ણા શાંત થયા વિના દુઃખ મટતું નથી. આ વિચાર ઉપરથી નિશ્ચય થાય છે કે, આર્ત્તધ્યાન હમેશાં એકાંત (નરદમ) દુઃખનુંજ કારણ છે. જેવી રીતે આ ભવમાં આર્ત્તધ્યાન દુઃખદાતા છે, એથી પણ અધિક પરભવમાં દુઃખદાયક છે. જે મળેલી વસ્તુઓપર અત્યંત આસક્તિ રાખે છે તેનાં કર્મ ઘણાં કઠણ (ચીકણાં) બંધાય છે, અને પછી એજ કર્મો દુર્ગતિમાં લઈ જઈ એવી તો પીડા આપે છે કે રોતાં રોતાં પણ છૂટાતું નથી. આવો વિચાર કરી, સમ્યક્‌દર્શી સાધુ અને શ્રાવકો આ આર્ત્તધ્યાનનો ત્યાગ કરી સુખી થવાની તજવીજ કરે છે.

આ આર્ત્તધ્યાન સકર્મી (સંસારી) જીવોની સાથે અનાદિકાળથી ચોંટયું છે અને એ ધ્યાન, વગરસંસ્કારે સ્વભાવથીજ ઉત્પન્ન થાય છે. પહેલી ક્ષણમાં તે રમણિક લાગે છે, તથાપિ અંતમાં અપથ્ય આહારની પેઠે દુઃખરૂપ છે. એના ચાર પાયા તો પાંચમા ગુણસ્થાનક લગી રહે છે અને નક્કી એ ત્રણ પાયા તો છઠ્ઠા ગુણસ્થાન લગી હોય છે. આ ધ્યાનવાળાને કૃષ્ણ, નીલ અને કાપોત એ ત્રણ અશુભ લેશ્યા રહે છે. આ ધ્યાનમાં મરનારની વિશેષે કરીને તીર્યંચ ગતિ થાય છે. આ ધ્યાન "હેય" એટલે છોડવા જોગ છે.

[પરમ પુજ્યશ્રી કહાનજી ઋષિજી મહારાજના સંપ્રદાયવાળા બાળ બ્રહ્મચારી મુનિશ્રી અમોલખઋષિજી રચિત ધ્યાન કલ્પતરુની આર્ત્તધ્યાન નામે પ્રથમ શાખા સમાપ્ત].

દ્વિતીય શાખા–"રૌદ્રધ્યાન."

શ્લોક—રુદ્રઃ ક્રૂરાશયઃ પ્રાણી, પ્રણીતસ્તત્ત્વદર્શિભિઃ ।
રુદ્રસ્ય કર્મભાવો વા, રૌદ્રમિત્યભિધીયતે ॥

જ્ઞાનાર્ણવ સર્ગ ૨૬, શ્લોક ૨.

અર્થ—જે ક્રૂર પરિણામવાળો પ્રાણી થાય છે તેને રુદ્ર કહે છે અને એવા રુદ્રપ્રાણીનું કામ અથવા તેના ભાવ પરિણામને "રૌદ્રધ્યાન" કહે છે.

જેવી રીતે મદિરાપાન કરવાથી મનુષ્યની બુદ્ધિ વિકલ થઈ જાય છે અને તેથી તે વિશેષ ક્રૂર કર્મોમાંજ આનંદ માને છે, તેવી રીતે જીવ અનાદિ કાળથી કર્મરૂપ મદિરાની ધુનમાં મસ્ત બનીને કુકર્મો કરવામાંજ આનંદ માને છે. એ કુકર્મોના આનંદથી અંતઃકરણમાં જે વિચાર થાય છે, તેને તત્ત્વજ્ઞ પુરૂષોએ રૌદ્ર એટલે ભયાનક ધ્યાન એવું નામ આપેલું છે.

પ્રથમ પ્રતિ શાખા—"રૌદ્રધ્યાનના ભેદ."

સૂત્ર—રુદ્દેઝ્ઝાણે ચઉવ્વિહે પણ્ણત્તે તં જહા–૧. હિંસાણુબંધી, ૨. મોસાણુબંધી, ૩. તેણાણુબંધી, ૪. સરક્ખણાણુબંધી.

ઉવવાઈ સૂત્ર.

અર્થ—રૌદ્ર (ભયંકર) ધ્યાનના ચાર પ્રકાર ભગવંતે ફરમાવ્યા છે જે અહીં કહે છે:—૧. હિંસાનુબંધી રૌદ્રધ્યાન તે હિંસક કર્મોનું અનુમોદન (પ્રશંસા) કરે, ૨. મૃષાનુબંધી રૌદ્રધ્યાન તે મિથ્યા (ખોટા) કર્મોનું અનુમોદન (પ્રશંસા) કરે, ૩. તસ્કરાનુબંધી રૌદ્રધ્યાન તે ચોરી કરવાનું અનુમોદન કરે, ૪. સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન તે વિષય સુખના રક્ષણના કર્મોનું અનુમોદન કરે. આ ચારે પ્રકારનું આગળ સવિસ્તર વર્ણન કરેલું છે.

પ્રથમ પત્ર—"હિંસાનુબંધી".

૧. "હિંસાનું બંધી રૌદ્ર ધ્યાન" તે...

संछेदभेदनसुताडनतापनैश्च ।
बंधप्रहारदमनैश्च विकुन्तनैश्च ॥
यस्येह रागमुपयाति न चानुकम्पा ।
ध्यानं तु रौद्रमिति तत्प्रवदन्ति तज्ज्ञाः ॥

(સાગારધર્મામૃત).

અર્થ—છેદન, ભેદન, તાડન, તાપન, બંધન, પ્રહાર, દમન, અને કુરૂપ કરવું, એ વગેરે કર્મોમાં જે પ્રેમ રહે છે, અને એ પાપકર્મ દેખી દયા ન આવે તે **હિંસાનુબંધી રૌદ્રધ્યાન** કહેવાય છે.

(૧) દુઃખ કોઈને પણ પ્રિય લાગતું નથી. બિચારા જીવો,

કર્મને તાબે થઇ પરાધીનતા, નિરાધારતા, અને અસમર્થપણું તો પામ્યા છે; હીન, ગરીબ અને દુઃખી બન્યા છે; તેમજ એકેંદ્રિય વગેરે અવસ્થા મળી છે; હમેશાં તે જીવો સુખને ચાહનાર છે અને યથાશકિત સુખ મેળવવાના ઉપાય કરતાં કરતાં ખપી જાય છે. એવા એ રાંક જીવોને અર્થથી (મતલબથી—સ્વાર્થથી) અનર્થથી (વગર સ્વાર્થે) દુઃખ દેવું, સતાવવું અગર તેને પીડા પામતા જોઇ હર્ષ પામવો, તેને હિંસામય રૌદ્રધ્યાન કહે છે. એકેંદ્રિયથી માંડીને પંચેદ્રિય જીવ લગી કોઇ પણ જીવને પોતાના હાથથી, તથા બીજાના હાથથી પ્રાણરહિત કરતા જોઇને, કટકા કરતા જાઇને, લોઢાની બેડીથી અથવા શણ કે સૂતરની દોરીથી બાંધતા જોઇને, કોટડીમાં, ભોંયરામાં કે કેદખાનામાં કબ્જે કરતા જોઇને, કાન, નાક, પૂછડું, શીંગડું, હાથ, પગ, નખ અને ચામડી વગેરે કોઇપણ અંગઉપાંગનું છેદન ભેદન થતું જોઇને, કતલખાનામાં બિચારા જીવોનો વધ કરતી વખત કળકળાટ સાંભળીને તથા તેના કટકે કટકા તરફડતા જોઇને, એમ અનેક રીતે જીવોને દુઃખ ખમતા અગર કપાતા જોઇને, એવી રીતે આનંદ માને કે બહુ સારૂં થયું, આ પ્રમાણેજ આને મારવાની જરૂર હતી, બાંધવોજ જોઇએ, ફાંસી, શૂળી દેવીજ જોઇએ, એ બહુ જુલમી હતો તેથી જીવ્યો હોત તો ભારે ગજબ કરી નાંખત, મરી ગયો તો પાપ ગયું, પૃથ્વીનો ભાર ઓછો થયો, વગેરે શબ્દોચ્ચાર કરે અને રાજી થાય તો તેને હિંસાનું બાંધી રૌદ્રધ્યાન કહેછે.

(૨) (વળી પણ) આહાહા ! આ મહેલ, મંદિર, બંગલા, દુકાન, હવેલી, કોટ, કિલ્લા, બાઇ, બુરજ, તીરસ્થંભ, માટી અને

પત્થરના રમકડાં, મૂર્ત્તિઓ, વાસણકૂસણ વગેરે બહુ સારાં બન્યાં છે; સારા રંગથી કોતરણી વગેરે કરી સુશોભિત કરેલ છે; કારીગરના શિલ્પ કામને શાબાશ છે કે આવી મનોહર વસ્તુ બની; આ પ્રમાણે કૂવા, વાવ, નળ, તળાવ, હોજ, કુંડ, ઝરણ, ઝારી, લોટા, ગ્લાસ, કળશીઆ વગેરે બહુજ સુંદર બનેલાં છે; કેવું સ્વાદિષ્ટ અને સુવાસિત પાણી છે; કેવો ઉમદા કુવારો છૂટી રહ્યો છે; કેવી રીતે છંટકાવ થઇ રહ્યો છે; ચૂલા, ભઠ્ઠી, એંજીન, મીલ, દિવા, વાલ્સેટ, હાંડી, ગ્લાસ, ઝુમર, ચીમની વગેરે બહુ સુશોભિત છે; કેવી રંગ બેરંગી આતશબાજી છૂટી રહી છે; કેવી ધૂપની સુગંધી મઘમઘી રહી છે; કેવી શીતળ અને સુગંધી હવા આવે છે; ઊંચી જાતના પંખા કેવા ચાલી રહ્યા છે; હીંડોળાખાટ કેવી ઝૂલી રહી છે; વાજાંઓના કેવા મનોહર અવાજ છે; કેવા ઊંચી જાતના વિચિત્ર આકારનાં ઝાડો શોભી રહ્યાં છે; આ ઝાડોને કાપીને તેના મહેલ, સ્તંભ, પાટ વગેરે બનાવવા યોગ્ય છે; આ મીઠાં ફળ ખાવા યોગ્ય છે; તે ગુણકારી છે; શાક બહુજ સ્વાદિષ્ટ બન્યું છે; કેવી લીલી લીલી વનસ્પતિ છવાઈ રહી છે; જે જોવાથી ઘણોજ આનંદ થાય છે; કેવા મનોહર હાર, તોરા, બનાવ્યા છે; ઓસડ, કંદ, મૂળ વગેરે પૌષ્ટિક પદાર્થનો સ્વાદ કેવો મજાનો છે; આ કીડા, માંકડ, ડાંસ, મચ્છર વિગેરે જીવો મરવા યોગ્ય છે; એને જરૂર મારવા જોઇએ; જળચર જીવો મચ્છ વગેરે, ભૂચર જીવો ગાય વગેરે, વનચર જીવો હુંડ વગેરે, ખેચર જીવો પક્ષી વગેરે, રાંધીને ખાવા યોગ્ય છે; આ ઘોડા, હાથી વગેરેની બેઠક કેવી મજાની છે; મારૂં સૈન્ય શત્રુની કતલ કરે એવું છે; બહુજ મજાનાં ચિત્ર વિચિત્ર પક્ષીઓને પાં-

જરામાં રાખ્યાં છે; એ સંગ્રહ સ્થાનની રચના બહુજ અજબ છે; *ઉંદરથી રોગની ઉત્પત્તિ થાય છે માટે તે મારવા યોગ્ય છે; સર્પ, વીંછી વગેરે ઝેરી જીવોને તો જરૂર મારી નાંખવા જોઇએ કે જેથી બહુજ પુણ્ય થાય; સિંહનો શિકાર ક્ષત્રીઓએ અવશ્ય કરવો જોઇએ; કેવો પરાક્રમી યોદ્ધો છે કે એક પલકમાં હજારોનો સંહાર કરી નાંખે છે; આ બધા વિચારોને **હિંસાનુબંધી રૌદ્રધ્યાન** કહે છે. વળી અશ્વમેધ યજ્ઞ એટલે ઘોડાને, ગોમેધ યજ્ઞ એટલે ગાયોને, અજામેધ યજ્ઞ એટલે બકરાને અને નરમેધ યજ્ઞ એટલે માણસને અગ્નિમાં હોમવો કે જેથી ભારે પુણ્ય થાય છે અને સ્વર્ગ મળે છે; આવા વિચારો પણ રૌદ્રધ્યાનનાજ છે. કેટલાક પાપના કામમાં રચી પચી રહેલા એમ માને છે કે, જાનવરોના અંગોપાંગ, માંસ, લોહી, હાડકાં, ચામડી વગેરે ખાવાથી રોગનો નાશ થાય છે; કેટલાક મોજની ખાતર કૂતરા વગેરે શિકારી જાનવરો પાસે બિચારાં ગરીબ પશુ પક્ષી વગેરેને પકડાવીને આનંદ માને છે; કેટલાક વાંદરા, રીંછ વગેરે જીવોની પાસે નાચ, ગાયન વગેરે તમાસા કરાવી જોવામાં મોજ માને છે; કેટલાક વળી કુકડા, પાડા, મેંઢા વગેરેની સાઠમારી અને માણસની કુસ્તી જોઇ રાજી થાય છે; આ બધાં કામથી **હિંસાનુબંધી** નામે રૌદ્રધ્યાન થાયછે.

(૩) કેટલાક લોકો જીવને મારવાને વાસ્તે તોપ, બંદુક, ધનુષ્ય, બાણ, તરવાર, કટાર, છરી, ચપ્પુ, વગેરેનો સંગ્રહ કરે છે; એવાં

---

*પ્લેગના વખતમાં ઘરમાં ઉંદર મરે છે તે ઘરધણીને ચેતાવે છે કે રોગથી બચવું હોય તો સંભાળો. આવા ઉપકારી જીવોને જે મારે છે તે બહુજ અજ્ઞાની છે.

શસ્ત્ર જોઈ જીવોને મારવાની ઈચ્છા કરે છે; કેટલાક લોકો ઘંટી, હળ, બખ્તર, કોદાળી, પાવડો, ખાંડણીઓ, સાંબેલું, સૂડી, દાતરડું, કાતર વગેરેનો સંગ્રહ કરે છે; એને જોઈને સંહાર કરવાની ઈચ્છા કરે છે; હાથમાં એ શસ્ત્ર આવે તો ચલાવવાની ઈચ્છા કરે છે; ખાલી ચલાવી જુએ છે; તે પણ **હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે.**

(૪) કોઈનું બૂરૂં ચિંતવવું, પોતાનાથી વધારે રૂપવાન, ધનવાન, ગુણવાન, પુણ્યપ્રતાપી, કુટુંબવાળો, અને સુખી દેખી ઇર્ષા કરે, એવાને દુઃખ થાય એવા વિચાર કરે; આનો નાશ થાય તો પછી મને કોઇ પૂછવાવાળું નથી, આ મારા સુખમાં હરકત કર્તા છે, મને હરવખત દબાવે છે, સતાવે છે, માટે આ કયારે મરે કે પાપ ટળે; વગેરે વિચાર કરવો એ પણ **હિંસાનુબંધી રૌદ્રધ્યાન છે.**

(૫) પૃથ્વી, પાણી, વગેરે છકાયના જીવોની હિંસા થાય એવા યજ્ઞ, હોમ, પૂજા વગેરેનો ઉપદેશ આપે; એવા ગ્રંથ રચે; તેવાં બોસડાનાં શાસ્ત્રો બનાવે; દુષ્ટ મંત્રોનાં સાધન કરે; બિભત્સ કથા અથર્વા કાદંબરી વગેરે બનાવે અથવા ભણે; હિંસક, ચોર, વ્યભિચારી, પાપી, અને દુર્વ્યસનીના સંગમાં રહે; નિર્દયી, ક્રોધી, અભિમાની, કપટી, લોભી, અને નાસ્તિક બને; એ સર્વ લોકોના મનમાં હિંસાનુબંધી રૌદ્રધ્યાનનો વિશેષ વાસ રહે છે.

(૬) તેવીજ રીતે હિંસા કરવાથી ઉપજતી ચીજ જેવી કે:—

* ૧ મીલમાં દળેલો લોટ, ૨ મોરસ વગેરે પરદેશી ખાંડ, ૩ હાડકાં કે હાથીદાંતની ચૂડીઓ, ૪ કચકડાંની બનેલી ચીજો, ૫ પીછાંની ટોપીઓ વગેરે બને છે તે, ૬ ચામડાંના પુંઠાં વગેરે થાય છે તે, ૭ અંગ્રેજી દવાઓ, ૮ સાબુ, મીણબત્તી, ૯ રેશમી લૂગડાં, ૧૦ ખરાબ કેસર, ૧૧ ચરબીનું ઘી, વગેરે હિંસક વસ્તુનો

---

* ૧. મીલના લોટમાં તથા મેંદામાં પાણી નાંખી રાતવાસી રાખી તે પર સવારે સાકર ભભરાવવાથી હાલતા ચાલતા ધણા જીવો જોવામાં આવેછે.

૨. મોરસ વગેરે પરદેશી ખાંડમાં હાડકાંનો લોટ નાંખે છે અને ગાયના લોહીથી સાફ કરે છે.

૩. હાથીદાંતને માટે સીતેર હજાર હાથી હર સાલ ફ્રાંસમાં મારવામાં આવેછે.

૪. કાચબાને ગરમ પાણીમાં ડૂબાડી મારી નાંખી તેની ચામડાની જે વસ્તુ બનાવે છે તેને કચકડાની ચીજ કહે છે.

૫. જીવતા પંખીની પાંખો ઝડપથી ઉખાડે છે અને ટોપીઓ વગેરે ઉપર તેનાં પીછાં શોભા માટે લગાડે છે.

૬. જીવતા પશુનું ચામડું ઉતારી લે છે. કેટલેક ઠેકાણે તો ચામડાને માટે ઝેર વગેરેનો પ્રયોગ કરી પશુને મારી તેનાં ચોપડાનાં પુંઠાં, નોબત નગારાં વગેરે બનાવે છે.

૭. અંગ્રેજી દવામાં જનવરોના માંસનો અર્ક એટલે દારૂનો ભેગ થાય છે. કૉડલીવર ઑઇલ તો માછલીનુંજ તેલ છે. એવી ઘણી ચીજો છે.

૮. સાબુ અને મીણબત્તીમાં ચરબીનો ભેગ થાય છે.

૯. કેસરમાં કેટલેક ઠેકાણે માંસના રેસા હોય છે.

૧૦. રેશમી કીડાને ગરમ પાણીમાં મારી રેશમ લેવામાં આવે છે.

૧૧. કેટલાક ઘીમાં પણ ચરબીનો ભેગ હોય છે.

વર્તમાન પત્રોમાં ઘણીવાર એવી ખબરો પ્રગટ થઇ છે. એ પ્રમાણે જાણીને ઉપરની વસ્તુઓને જેઓ છોડતા નથી તેને આર્ય શી રીતે કહેવાય ?

ભોગોપભોગ કરતાં મનમાં આનંદ માને છે તે પણ **હિંસાનુબંધી રૌદ્રધ્યાન** ગણાય છે.

(૭) બોર, મૂળા વગેરેની ભાજી, જુવાર અને બાજરીનાં ડુંડાં, સળેલાં અનાજ અને બોસડ, એવી એવી સજીવ ચીજો વગર જોયે ભોગવતાં મજા માનવાથી પણ **હિંસાનુબંધી રૌદ્રધ્યાન** ગણાય છે. કારણ કે એનાં ત્રસ જીવો મરવાનો વિશેષ સંભવ છે.

(૮) મહાભારતની લડાઇઓના ઇતિહાસ તથા કથાઓ વાંચતાં તથા સાંભળતાં જો તેમાં અનુમોદના થાય તો તે પણ **હિંસાનુબંધી રૌદ્રધ્યાન** છે.

હિંસાનુબંધી રૌદ્રધ્યાનનું ઘણું વર્ણન છે. એ બધાનો સાર એ છે કે કોઈ પણ જીવને દુઃખ દેવાનો વિચાર થાય, અગર બીજાએ હિંસા કરીને વસ્તુ બનાવી હોય તેમાં અનુમોદન અપાય, એને હિંસાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.

દ્વિતીય પત્ર—"મૃષાનુબંધી."

૨. **મૃષાનુબંધી રૌદ્રધ્યાન** એટલે....

असत्यचातुर्यबलेन लोकाद्वित्तं ग्रहीष्यामि बहुप्रकारं ।
तथाश्वमातङ्गपुराकराणि, कन्यादिरत्नानि च बन्धुराणि ॥
असत्यवाग्वंचनया नितान्तं, प्रवर्तयत्यत्र जनं वराकम् ।
सद्धर्ममार्गादतिवर्तनेन मदोद्धतो यः स हि रौद्रधामा ॥२॥

જ્ઞાનાર્ણવ સર્ગ ૨૫, શ્લોક ૧૮-૧૯.

અર્થ—હું જૂઠી ચતુરાઇ કરીને મારાં પાપ કામ ન પ્રગટ થાય તેવી અનેક રીતે લોકોને ઠગી મારી બૂરી મતલબ પૂરી કરૂં; મન કલ્પિત અનેક દયા રહિત શાસ્ત્ર રચી મન માન્યો મત ચલાવું; વાકય ચતુરાઇથી લોકોને મોહ પમાડી તેમની પાસેથી સુંદર કન્યા, રત્ન, ધન, ધાન્ય, અને ઘર પડાવી લઉં અને મારૂં જીવન સુખે ચલાવું; એ વગેરે અસત્ય વિચાર જેના અંતઃકરણમાં થાયછે તેને મદોન્મત્ત (મદમાં છકી ગયેલ) **મૃષાનુબંધી રૌદ્રધ્યાનનું** ધામ સમજવો જોઇએ.

મૃષા એટલે રાખ્યું નથી, એટલે જૂઠ નામના દુર્ગુણે જગતમાં એકે બૂરો પદાર્થ બાકી રાખ્યો નથી. તમામ અવગુણી ચીજ જૂઠમાં આવી ગઈ છે. અસત્ય ઘણુંજ ખરાબ છે. નાના મોટા સૌ માણસો જૂઠને ખરાબ માને છે કારણ કે જૂઠું કહેવાથી સૌ ચીડાય છે. છતાં આશ્ચર્યની વાત એ છે કે તેને કોઈ છોડતું નથી. જુઓ, આ ધ્યાનની સત્તા કેવી પ્રબળ છે કે ખરાબ કામમાંજ આનંદ મનાય છે. કેટલાક પોતાની ચાતુરી બતાવે છે કે અમે કેવા વિદ્વાન છીએ કે ભારે પ્રપંચ કરીને એ અંગહીન, રૂપહીન, ઈંદ્રિયહીન અને ગુણહીન કન્યાને મોટે સારે ઠેકાણે આપી દીધી, અને એની પાસેથી આટલી રોકડી રકમ પડાવી ; વૃદ્ધનો, રોગીનો અને નપુંસકનો કેવી યુકિતથી વિવાહ કરી આપ્યો; હવે એ બંને તો ભલે જીંદગી સુધી પોક મૂકી રોવે, પણ આપણું તો કામ થયું. એવીજ રીતે ગાય, ઘોડા, વગેરે પશુઓની; પોપટ, મેના, વગેરે પક્ષીની; ખેતર, બાગ વાવ વગેરેની કેટલાક લોકો જૂઠી પ્રશંસા કરી, ખટપટ કરી, રૂપ બદલાવી, ખરાબને થોડીવાર રૂડી બનાવી,

વધારે કિંમત ઉપજાવે છે અને પછી ખુશી થાય છે. વળી જૂનાં લૂગડાંને રંગ વગેરેથી નવાં જેવાં બનાવે, ખોટાં ઘરેણાંને સાચાં જેવાં કરે, સારો માલ બતાવી બરાબ માલ દઈ આનંદ માને, પોતાનાં સગાં કે મિત્રો, વિશ્વાસ રાખી છૂપી રીતે ધન, ઘરેણાં કે કંઈ થાપણ મૂકી ગયા હોય એને દબાવી રાખી તે પાછીને ન આપે, જૂઠી સાક્ષીઓ ઉભી કરી જૂઠા દસ્તાવેજ બનાવી કોઈના પૈસા, ઘર વગેરે પડાવી ખુશી થાય, એ રીતે વેપારના અનેક કામોમાં દગાબાજી કરે, અને પ્રપંચથી બીજાને ઠગવાનો વિચાર કરે તેને મૃષાનુબંધી રૌદ્રધ્યાન કહે છે.

પોતાનો મન માન્યો જૂઠો પંથ ચલાવી વીતરાગ પ્રભુએ કહેલો શાસ્ત્રીય ધર્મ છોડી અનેક કલ્પિત ગ્રંથ, ચરિત્ર વગેરે બનાવી બિચારા ભોળા જીવોને ભરમમાં પાડે, હિંસાનો માર્ગ બતાવી, શુદ્ધ દયા માર્ગથી છોડાવી મનમાં આનંદ માને કે મેં આટલાં ગામો અને આટલાં માણસો મારાં કર્યાં, જ્ઞાનવંત, આચારવંત, શુદ્ધ જિનેશ્વર પ્રભુના માર્ગના પ્રરૂપક, ક્ષમાશીલ, બ્રહ્મચારી વગેરે ધર્મ દીપાવનાર સાધુની કે શ્રાવકની મહિમા સાંભળી તેમનાપર ઇર્ષા લાવે, *એમનું અપમાન કરીને એમના શિરપર જૂઠું કલંક ચડાવીને નિંદા કરે, પોતાની જૂઠી વાતને બીજાઓ સ્વીકારે તેથી હર્ષ આણે, કન્યાદાન, ઋતુદાન વગેરે

---

* મનહર—સજ્જનકો દેખ કર, દુર્જન કરત કોપ,
બ્રહ્મચારી દેખ કામી, કોપ કરે મનમેં;
નિશંક જગૈયા તાકો, દેખ કોપ કરે ચોર,
ધર્મવંત દેખ પાપી, જ્વાળ ઉઠે તનમેં;
શૂરવીર દેખકર, કાયર કરત કોપ,
કવિઓકો દેખ મૂઢ, હાંસી કરે જનમેં;
ધનકે ધનીકો દેખ, નિર્ધન કોપ કરે,
વિનાહિ નિમિત્ત ખાખ, ડારે તિહુપનમેં.

ઠરાવીને કુલીન સ્ત્રીઓને ભ્રષ્ટ કરે, ધર્મને કાજે હિંસા કરવામાં દોષ નથી એવું ઠરાવે, બ્રહ્મચારી નામ ધરાવીને વ્યભિચાર સેવે, પોતાને કોઈ મહાત્મા કહે તો બહુ ખુશી થાય, આ બધું **મૃષાનુબંધી રૌદ્રધ્યાન** છે.

બહેરા, આંધળા, લંગડા, વગેરે અપંગની, કોઢ વગેરે હોય તેવા રોગીની, કમઅક્કલની ઇત્યાદિની મશ્કરી કરે, ખીજવે, ખીજતા જોઈ આનંદ માને; જૂગાર, ગંજીપો, *શતરંજ વગેરે સહેજે જૂઠું બોલવું પડે તેવા ખેલો બેલી રાજી થાય; નકામા વિવાદમાં, સામાવાળાને દગાથી છેતરવામાં, જૂઠો પ્રપંચ રચવામાં, હાથ ચાલાકીથી અથવા ઈંદ્રજાળથી અનેક કૌતુક બતાવવામાં, મંત્ર, જંત્ર વગેરેનો આડંબર વધારી પોતાની પ્રતિષ્ઠા (મહિમા) સાંભળી ખુશી થાય; શાસ્ત્રનો અર્થ કરતી વખત અથવા વ્યાખ્યાન દેવા ટાણે પોતાના મર્મની વાતને છૂપાવે, અને અર્થને ફેરવી અનર્થ કરે; જૂઠાં ગપ્પાં મારી સભાને રીઝાવી આનંદ માને; દયા, સત્ય, શીલ વગેરે તો ગુણ રહિત શાસ્ત્ર છે એમ કહે અને જેમાં ફક્ત લડાઈ, વિલાસ તથા કૌતુકની કથા હોય તેને સાંભળી પ્રસન્ન થાય; એ વગેરે સર્વ **મૃષાનુબંધી રૌદ્રધ્યાન** સમજવું.

મૃષાનુબંધીનો અર્થ બહુજ વિશાળ છે, પણ સારાંશ એટલો છે કે ખોટા કામમાં આનંદ માને તેનું નામ **મૃષાનુબંધી રૌદ્રધ્યાન** જાણવું.

તૃતીય પત્ર—" तस्करानुबंधी ".

૩. तस्करानुबंधी रौद्रध्यान એટલે,

यच्चौर्याय शरीरिणामहरहश्चिन्तासमुत्पद्यते ।
कृत्वा चौर्यमपि प्रमोदमतुलं कुर्वंति यत् संततम् ॥

---

* શત=સો અને રંજ=ખેદ એટલે સો વાર ખેદ કરાવનારી.

चौर्येणापि हृते परैः परधने यज्जायते संभ्रम.।
स्तच्चौर्य प्रभवं वदन्ति निपुणा रौद्रं सुनिन्द्रास्पदं ॥ ३ ॥

જ્ઞાનાર્ણવ સર્ગ ૨૫–૨૬ . શ્લોક ૨૫.

અર્થ—ચોરી કરવાનો હમેશાં વિચાર કરે, ચોરી કરીને બહુ રાજી થાય, બીજાની પાસે ચોરી કરાવી લાભ મળેલો જોઈ ખુશી થાય, ચોરીના કામમાં હુશીઆરી બતાવનારાનાં વખાણ કરે, વગેરે વિચાર થાય એ **तस्करानुबंधी रौद्रध्यान** અતિ ધિક્કારવા જોગ છે.

આપણો જીવ, તૃષ્ણારૂપી ભયંકર જાળમાં ફસાઈ જઈને આખા જગતની લક્ષ્મી, અન્ન અને કુટુંબનું રાજ્ય (ધણીપણું) પોતાનું કરવા ચાહે છે, પણ એટલાં બધાં પુણ્ય કરીને આવ્યો નથી કે સર્વનો ધણી બને; પાપના ઉદયથી પ્રમાદી (આળસુ) બની પરબારૂં દ્રવ્ય મેળવવાની ઈચ્છા તૃપ્ત કરવાનું મન થતું હોવાથી ચોરી સિવાય બીજો કોઈ ઉપાય સૂઝતો નથી એજ હેતુથી તે ચૌર્યાનુબંધી રૌદ્રધ્યાનમાં ચડતો જાય છે. વિચાર કરે છે કે—વાદળાંથી ઢંકાએલી અંધારી રાતે કાળાં વસ્ત્ર ધારણ કરી છાની રીતે જઇ બાતર દઈ પૈસા લાવીશ. કોનો ભગદૂર છે કે કોઈ મારી સામો આવે; હું શસ્ત્રકળામાં એવો તો હુશીઆર છું કે એકજ ઝાટકાથી ઘણાના કટકા કરી નાંખું અને એવો ભાગું કે કોની માએ દૂધ પીધું છે કે મને પકડે; હું અનેક વિદ્યાઓ જાણું છું જેને પ્રતાપે બધાને નિદ્રાવશ કરી શકું છું, મોટી મોટી બેડીઓ અને તાળાંને એક કાંકરીથી તોડી શકું છું, સૈન્યને સ્થિર કરી દઉં છું, અંજન સિદ્ધિ (આંખમાં કંઈ આંજી જોવાની કળા) થી પાતાળમાં કંઈ ગુપ્ત દ્રવ્ય હોય તે દેખું છું અને અંધારામાં દિવસની પેઠે તમામ જોઈ શકું છું વગેરે અનેક કળાઓ મારા હાથમાં છે. મારી બરોબરી કરવાની કોઈની તાકાત નથી,

હજારો યોદ્ધાઓ મારા હુકમમાં છે, તેઓ પણ મારી પેઠે કળાઓમાં પૂરા, અને શૂરવીર છે. મેં મોટા મોટા રાજાઓને કંપાવ્યા છે. હવે હું થોડા વખતમાં તમામ રાજાઓનો અને મારી બધી રિદ્ધિ સિદ્ધિનો સ્વામી બની નિરાંતે મોજમજા ભોગવીશ. કલાણી સ્ત્રી ઘણીજ કૃપાળી છે, એનું પણ હરણ કરીશ; કલાણાં લૂગડાં, વાસણ, ઢોર, માણસ એ બધા ઉત્તમ પદાર્થોને મારે તાબે કરીશ અને તે બધાંને ભોગવીને મારા આત્માને રાજી કરીશ; વગેરે વિચારો અંતઃકરણમાં થાય તેને **તસ્કરાનુબંધી રૌદ્રધ્યાન** કહે છે.

એજ પ્રમાણે કેટલાક નામ ધારી શાહુકારો લોકોને પોતાની શેઠાઇ બતાવી ઊંચાં ઊંચાં વસ્ત્ર, ભૂષણ, તિલક–છાપાં, માળા, કંઠી વગેરેથી શરીર શણગારી, હાથમાં માળા ઝાલી મોટા ધર્માત્મા બની, ઊંચી ઊંચી ગાદી અને તકીઆપર આડા પડી દુકાનમાં બિરાજતા હોય છે; કંઈ શિકાર આવ્યો કે માળા ફેરવતાં ફેરવતાં, ભગવાનનું નામ મુખથી બોલતાં બોલતાં, મીઠું મીઠું બોલી ભોળા જીવને પાન, સોપારી, બીડી વગેરે લાલચથી ભરમાવીને એવી બખરદારીથી ઠગે કે કોઈની તાકાત નહિ કે તેનાં છળકપટ સમજે; ભાવમાં, તોલમાં, બોલમાં, માપમાં, હિસાબમાં, જવાબમાં, ઠગાઈ કરી, જ્યાં લગી લૂટાય ત્યાં લગી લૂટવામાં બાકી રાખતા નથી; વિશ્વાસ ઉપજાવવા પાઈ પાઇ સારૂ પણ ગાય, દીકરા, પરમેશ્વર, ધર્મ વગેરેનાં સોગન ખાય છે; મનવાંછિત લાભ મળે ત્યારે ભારે આનંદમાં આવી જાય છે; સારો બતાવી ખરાબ માલ દે છે; સારો નરસો માલ ભેગો કરી આપે છે; હિસાબમાં અને વ્યાજમાં એનું ઘર પાયમાલ કરે છે; એવાં એવાં અનેક ચોરી છળકપટનાં કામો ભર બજારમાં કરી શાહુકાર કહેવાય છે અને તેમાં પોતાની ચાલાકી ને હુશીઆરી માની ઘણો રાજી થાય છે; એને પણ **ચૌર્યાનુબંધી રૌદ્રધ્યાન** કહે છે.

એ પ્રમાણે કેટલાક સાધુઓ પણ *ચોર જેવા કપટી હોય છે. તેમનું શરીર દુર્બળ દેખી કોઇ પૂછે કે મહારાજ, આપ તપસ્વી છો ? તે વખતે તપસ્વી નથી છતાં કહે કે હા ભાઇ, સાધુ તો સદા તપસ્વીજ હોય છે. આવા સાધુને તપના ચોર કહે છે. શુદ્ધ આચાર નથી છતાં મલીન વસ્ત્ર વગેરે ધારણ કરી આચારવંત કહેવરાવે, ધોળા વાળ થાય તેથી સ્થવીર (વૃદ્ધ) કહેવરાવે, કૃપાળા હોય તેથી રાજઋદ્ધિના ત્યાગી ગણાય, ક્રૂર વિચારોવાળા છતાં ડોળથી વૈરાગીમાં ખપે, વગેરે ધર્મ રૂપી ઠગાઈ કરી આનંદ માને તેને પણ **તસ્કરાનુબંધી રૌદ્રધ્યાન** કહે છે.

કોઇનાં મકાન, બગીચા, ધર્મશાળા, વસ્ત્ર, ભૂષણ, વાસણ, ભોજન, પાણી, અન્ન, ફળ, ફૂલ, ખડ, પત્થર જેવા નિર્માલ્ય પદાર્થ પણ તેના ધણીની આજ્ઞા વિના જોઇ, સ્પર્શી, ભોગવી આનંદ માને તેને પણ **ચૌર્યાનુબંધી રૌદ્રધ્યાન** કહે છે.

જે જે બીજાના પદાર્થો સાંભળવામાં, દેખવામાં અને જાણવામાં આવે, તેને ગ્રહણ કરવાની, પોતાને તાબે કરવાની, કે ભોગવવાની અભિલાષા થાય તે પણ ત્રીજા **તસ્કરાનુબંધી રૌદ્રધ્યાનમાં** ગણાય છે.

ચોર ચોરી કરીને વસ્તુ લાવ્યો, તે ચીજને સસ્તા ભાવમાં લઈને આનંદ માને, ચોરને મદદ દે, ખાનપાન વસ્ત્ર વગેરેથી ચોરને શાંતિ ઉપજાવી તેની પાસે ચોરી કરાવે અને ચોરીનો માલ પોતે

---

* तवतेणे वयतेणे, रुवतेणे अ जे नरे ;
आयारभावतेणेअ, कुव्वइ देव किव्विसं ॥१॥

અર્થ—તપ, વ્રત, રૂપ, આચાર અને ભાવના ચોર એવો જીવો મરીને કિલ્બિષી દેવ (દેવતાઓમાં ચંડાળ જેવા દેવ) થાય છે. દશવૈકાલિક સૂત્ર ૫, ઉદ્દેશ ૨, ગાથા ૪૬.

લઈ આનંદ માને, દાણચોરી કરી ખુશી થાય, જે વસ્તુ વેચવાની પોતાના રાજમાં રાજાએ મના કરેલ હોય તેને છાની રીતે મંગાવી વેચે અને ખુશી થાય, એ પ્રમાણે તસ્કરાનુબંધી રૌદ્રધ્યાનના અનેક ભેદ છે. બધાની મતલબ એ છે કે ધણીની રજા વિના અથવા તેની મરજી વિના જબરદસ્તી કરી જે વસ્તુ પોતાની માલીકીની કરી આનંદ માનવામાં આવે તે તસ્કરાનુબંધી રૌદ્રધ્યાન ગણાય છે.

ચતુર્થ પત્ર—સંરક્ષણ.

बह्वारंभपरिग्रहेषु नियतं रक्षार्थमभ्युद्यते ।
यत्संकल्प परम्परा वितनुते प्राणीह रौद्राशयः ॥
यच्चालम्ब्य महत्वमुन्नतमना राजेत्यहं मन्यते ।
तत्तुर्यं प्रवदन्ति निर्मलधियो रौद्रं भवाशंसिनाम् ॥१॥

જ્ઞાનાર્ણવ ૨૬–૨૯.

અર્થ—જે પ્રાણી રૌદ્ર (ક્રૂર) ચિત્ત વાળો બની, ઘણો આરંભ પરિગ્રહ રાખી તેનું રક્ષણ કરવાની ગોઠવણમાંજ મંડયો રહે, તેમાંજ પોતાની મોટાઈ ગણી ફૂલાઈ જઈ એમ માને કે, હું આ બધાનો ધણી છું વગેરે વિચારોની પ્રવૃત્તિને તત્ત્વજ્ઞ મહાપુરૂષો, વિષય સંરક્ષણ નામનું રૌદ્રધ્યાન કહે છે. આવું ધ્યાન સંસારની વાસના રાખનાર જીવોને હોય છે.

આ દુનીઆમાં બધા જીવો નરદમ પાપીજ છે, એમ પણ ન જાણવું; તેમજ નરદમ પુણ્યાત્મા છે, એમ પણ ન સમજવું. બધા સંસારી જીવોને પુણ્ય અને પાપ અનાદિથી વળગેલ છે. પાપનો વધારો થવાથી દુઃખનો વધારો અને પુણ્યનો વધારો થતાં સુખનો વધારો થાય છે. પાપ પુણ્યમાંથી જેનો વધારો થાય તેનાં ફળ નજર આગળ તરે છે; છતાં તેનો પ્રતિપક્ષી ગુપ્તપણે હોય છેજ.

જેને પુણ્યની અધિકતા થાય છે, તેને સુખદાયક સુંદર સામગ્રીઓનો સંજોગ મળે છે, અને તે તેનો વિજોગ કદી પણ ઇચ્છતો નથી. +વસ્તુનો સ્વભાવજ "**अध्रुवे असासयंमी**"* અર્થાત્ અધ્રુવ, અશાશ્વત, અને ક્ષણભંગુર છે. "**समय समय अनंत हानी**" ભગવાને ફરમાવેલ છે તે સત્ય છે. વસ્તુનો સ્વભાવ ક્ષણ ક્ષણમાં બદલતાં બદલતાં કોઇ વખત તે સર્વ વસ્તુનો નાશ થઇ જાય છે. એ પ્રમાણે નષ્ટ થનાર વસ્તુનો નાશ ન થવા દેવો અર્થાત્ બચાવવાના જે જે ઉપાય કરવામાં આવે તેનું નામ **વિષય સંરક્ષણ રૌદ્રધ્યાન** છે.

રાજલક્ષ્મી મળવાથી વિચાર થાય કે, રખે માારૂં રાજ્ય કોઇ બીજો રાજા વગેરે હરણ કરી જાય, તેને માટે પ્રથમથી બંદોબસ્ત કરૂં, ચતુરંગિણી સેના (હાથી, ઘોડા, રથ, પાયદળ) માં ઉમદા ઉમદા પરાક્રમીઓને એકઠા કરૂં, મુરકેલીની જગ્યાઓપર છાવણીઓ નાંખું, ઉદ્ધત થયેલાનો સંહાર કરવાના ઉપાય કરૂં, શત્રુના રાજમાં છૂપાં માણસો રાખી ખબર લેતો રહું, અમીર ઉમરાવોને ઇનામ અકરામ આપી સંતોષી રાખું કે જેથી ખરે વખતે પ્રાણાર્પણ કરે, મજબૂત કોટ, ઊંડી ખાઈઓ, તોપ વગેરે શસ્ત્રો ગોઠવેલા ઊંચા બુરજો અને પાક્કા કિલ્લા બનાવું, ધનુષ્યબાણ, તરવાર વગેરે અનેક હથિયારો તેમજ બખ્તરોનો સંગ્રહ કરૂં, ધનુર્વેદ (લડાઈનું શાસ્ત્ર) વગેરેમાંથી કળાઓ ગ્રહણ કરી સંગ્રામની વિદ્યામાં પ્રવીણ બનું, કસરત અને ઓસડ વગેરેનું સેવન કરી શરીરને મજબૂત અને સહનશીલ મહેનતુ બનાવું કે જેથી વખત આવ્યે હારૂં નહિ, વગેરે ઉપાયોથી રાજ્ય રક્ષણની ચિંતા કર્યા કરે તે પણ **વિષય સંરક્ષણ રૌદ્રધ્યાન** છે.

+ આ બાબતનું વિશેષ વર્ણન આર્તધ્યાનના બીજા ભેદમાં થઇ ગયું છે.

* ઉત્તરા૦ ૮, ગાથા ૧.

નાણાંને તિજોરીઓમાં રાખું કે જેથી અગ્નિ, ચોર વગેરેનો ઉપદ્રવ ન થાય, મેલોઘેલો રહું કે જેથી કુટુંબ અને ચોર વગેરે મને ગરીબ માને અને ધન લેવાને પાછળ ન લાગે, કોઈની સાથે મોહબ્બત (દોસ્તી–સંબંધ) ન રાખું કે જેથી વખતપર કોઈ કંઈ ચીજની માગણી કરવા આવે તો ના પાડવી ન પડે, સંકોચ કરી કરી થોડા ખર્ચમાં ગુજરાન ચલાવું, સોંઘી વસ્તુઓ વાપરું, વગેરે ઉપાયોથી દ્રવ્યનું રક્ષણ કરું; સ્ત્રીઓને પડદામાં રાખું, ખોજાઓ (નાજર લોકોનો) પહેરો રાખું, ખાનપાન, વસ્ત્ર, આભૂષણ મર્યાદા પૂર્વક આપું, થોડું ભાષણ કરી, મારી તરફથી એમને એવો સંતોષ ઉપજાવી રાખવું કે જેથી તેઓ અન્ય પુરૂષ વગેરેની ઇચ્છા ન કરે; સ્વજન અને મિત્રોને ખાનપાન, વસ્ત્ર, આભૂષણ, સ્થાન, સન્માન વગેરેથી એવા સંતોષું કે જેથી તેઓ સંકટ સમયે પૂરેપૂરી મદદ આપે; મકાનને સુધારીને એવી સફાઈથી રાખું કે પડી ન જાય; એ પ્રમાણે અનેક રીતે સંપત્તિ, સંતતિ અને સુખના રક્ષણનો વિચાર કરે તે પણ **વિષય સંરક્ષણ રૌદ્રધ્યાન** છે.

એ પ્રમાણે આ મારૂં શરીર મને રત્નના કરંડીઆથી પણ વિશેષ વહાલું છે, તેને ટાઢ, તાપ, વરસાદમાં જેમ યોગ્ય લાગે તેમ વસ્ત્ર આહાર, પાણી ને મકાનથી સુખ આપું; ડાંસ, મચ્છર વગેરે ક્ષુદ્ર પ્રાણીઓના ઉપદ્રવથી સંરક્ષણ કરું; શત્રુઓથી રક્ષણ કરવાને વાસ્તે હથિયાર, અને સુભટોનો બંદોબસ્ત કરું; ભૂખ લાગે ત્યારે મન-વાંછિત ભોજનથી, તરસ લાગે ત્યારે ઠંડા પાણીથી, વાત પિત્ત કફ વગેરે રોગો આવે ત્યારે ઔષધોપચારથી, ભૂત, પિશાચ, વ્યંતરનો ઉપસર્ગ (દુઃખ) આવે ત્યારે મંત્ર વગેરેથી બચાવી આ શરીરને અખંડ સુખી રાખું એવો વિચાર કરે; પોતાનો ગોરો અને તેજસ્વી ચહેરો તથા પુષ્ટ શરીર જોઈ ખુશી થાય; અભક્ષ્ય વગેરે પદાર્થથી શરીરને પોષણ કરવાની ઇચ્છા કરે; પોતાનું શરીર, સ્વજનસંબંધીઓ અને સંપત્તિનો નાશ કરનાર જેઓ હોય, તેનો સંહાર

કરવાને વાસ્તે અનેક ઉપાયોની રચના કરે; પોતાનું શરીર, ધન, વગેરે બીજાના તાબામાં હોય તેને સ્વતંત્ર કરવાને અનેક કુયુક્તિઓના જે વિચાર થાય, તે તમામ વિષય સંરક્ષણ નામે રૌદ્રધ્યાન સમજવું.

એ પ્રમાણે આ ધ્યાનના અનેક ભેદ છે. પરંતુ બધાનું તાત્પર્ય એ છે કે, આ ધ્યાનમાં વિશેષે કરીને પોતાના રક્ષણનો અને બીજાને પરિતાપ ઉપજાવવાનોજ વિચાર રહે છે; તેટલા માટે એને રૌદ્ર (ભયંકર) ધ્યાન કહ્યું છે.

દ્વિતિય પ્રતિશાખા—રૌદ્રધ્યાનીનાં લક્ષણ.

સૂત્ર—રુદ્દસ્સણં ઝાણસ્સ ચત્તારિ લક્ખણા પણ્ણત્તા તં જહા
૧ ઉસણદોસે, ૨ બહુલદોસે, ૩ અણ્ણાણદોસે, ૪ આમરણાંતદોસે.

અર્થ—રૌદ્રધ્યાનીનાં ચાર લક્ષણ છે. ૧ હિંસા વગેરે પાપોનો વિચાર કરે, ૨ વિશેષ (ઉપરાઉપર અખંડ) વિચાર કરે, ૩ અજ્ઞાનીઓનાં શાસ્ત્રનો અભ્યાસ કરે, ૪ મોત થાય ત્યાં લગી પાપનો પશ્ચાતાપ ન કરે.

રૌદ્ર એટલે ભયંકર છે જે ધ્યાનનું નામ, વિચાર અને કર્તવ્ય તે. વળી એ ધ્યાનનું સ્વરૂપ ભયંકર હોય એ તો સ્વાભાવિકજ છે. કોઇપણ વિચારો મગજમાં રમણ કરી આકૃતિ ધારણ કરે છે અને પછી કર્તવ્યમાં મૂકવાને શરીરને ઉશ્કેરે છે.

રૌદ્રધ્યાન થવાથી ભયંકર કામોમાં જે પ્રવૃત્તિ થાય છે તેના ચાર મુખ્ય ભેદ શ્રી ભગવાને ફરમાવ્યા છે.

પ્રથમ પત્ર—"ઉષણ દોષ."

૧ હિંસા, જૂઠ, ચોરી અને વિષય સંરક્ષણ એ ચારના પોષણ અને વૃદ્ધિને માટે જેજે કામ થાય છે તેને ઉષણદોષ કહે છે. હિંસાનું પોષણ કરવાને અનેક પાવડા, કોદાળી, ખરપીઆ (દાતરડાં) વગેરે પૃથ્વીને ખોદવા તોડવા સારૂ હથિયારોનો સંજોગ મેળવે, અધુરાં હથિયાર હોય તો હાથા વગેરે કરે, ધાર કઢાવી સુધારી તૈયાર કરે, અને પૃથ્વીનું છેદન ભેદન કરવાના આરંભમાં તેનો ઉપયોગ કરે; પાણીના આરંભની વૃદ્ધિને માટે કોસ, રેંટ, મસક, ઘડા, કળશીઆ વગેરે વાસણોનો સંજોગ મેળવે, કૂવા, વાવ, તળાવ, નળ, કુઆરા, હોજ વગેરે બનાવીને પાણીનો આરંભ કરે અને કરાવે; અગ્નિને માટે ચૂલા, ભઠ્ઠી, દીવો, ચલમ, આતશબાજી વગેરે કરાવે અને અગ્નિના આરંભના કામમાં વાપરે; હવાના આરંભને માટે નાના પંખા, મોટા પંખા, વાજાં, વગેરે કરાવે; વનસ્પતિ લીલોત્રીના આરંભને માટે બાગ બગીચા, વાડી વગેરે બનાવી વાપરે અથવા પત્ર, ફૂલ, ફળ, ઘાસ વગેરેનું છેદન ભેદન, પચન પાચન તથા ભક્ષણ કરે કરાવે; ત્રસજીવના આરંભને માટે ધુમાડો છંટકાવ વગેરે પ્રયોગ કરી મચ્છર, ડાંસ, માંકડ વગેરેને મારે; જાળ, ફાંસો વગેરે સાધનથી જળચર, ભૂચર, ખેચર વગેરે પ્રાણીઓને પકડે; તરવાર, ભાલા વગેરે હથિયારથી પ્રાણીઓનું છેદન ભેદન તાડન તર્જન કરે; મનુષ્ય અને પશુને સખત બંધનથી બાંધે, ત્રાસદાયક પ્રહાર કરે, આહાર અને પાણીની અંતરાઇ (વિજોગ) પાડે, અંગોપાંગ છેદન ભેદન કરે, ગજા ઉપરાંત કામ યા મહેનત કરાવે; એ પ્રમાણે સદા નિર્દય બની અજતનાથી એકાંત સ્વાર્થ સાધવાને અગર વિના કારણ બીજાને દુઃખ ઉપજાવવાને જેજે કામ કરે, તેને રૌદ્રધ્યાનીનાં કામો સમજવાં.

જૂઠ—અસત્યનું પોષણ વૃદ્ધિ કરવાને અનેક પાપકારી શાસ્ત્ર,

કામશાસ્ત્ર, કાદમ્બરી વગેરે ભણે, ખોટા કજીઆઓ જીતવાને અનેક ચંચળ અને પાક્કા માણસોની સોબત કરે, કાયદા કાનુનોનો અભ્યાસ કરે, ખોટા તમાસા કવિતા બનાવે, ચકાર મકાર (ભમો ચચો) વગેરે ગાળો બોલે, બિભત્સ (અયોગ્ય) શબ્દ બોલે, નિડર અને નિર્લજ થઈને ચાલે, ચોરીની પુષ્ટિને માટે ચોર લોકોને આપવા કોશ, કોદાળી, ગુપ્તિ વગેરે હથિયારોનો સંગ્રહ કરે, ચોરીની કળા શીખે, ચોરી કરવા માટે ઘો વગેરે જનાવર પાળે, ચોરની સોબત કરે, ધાડાં પાડે, ચાલાકીથી બીજાનો માલ પડાવે; વિષય (કામભોગ) સંરક્ષણ અને પોષણને માટે—(૧) શ્રોતેંદ્રિય (કાન) નું પોષણ કરવાને મૃદંગ, ઢોલ વગેરે બનાવવાને જીવતા જનાવરોની ચામડી ઉતરાવે, સારંગી વગેરે વાજાં બનાવવાને ગાય, વગેરેનાં આંતરડાં તોડાવે; (૨) ચક્ષુઇંદ્રિય (આંખ)ના પોષણને માટે શણગાર અને સામગ્રી બનાવવા સોના અને રત્નોના બબ્બા કરાવે, મોતીને ચીરાવે, શણ કપાસ વગેરે પિલાવે, કંતાવે, મીણો વગેરે બંધાવી તેની મારફતે લૂગડાં વગેરે બનાવી અનેક શણગાર સજે, સ્ત્રી વગેરેને શણગારી તેનાં નાટક ખેલ વગેરે જુએ, બગીચા વગેરે બંધાવી તે જોઈ ખુશી થાય; (૩) ઘ્રાણેંદ્રિય (નાક)ના પોષણને માટે અનેક સંચાઓથી અત્તર, તેલ, અર્ક કઢાવે, ફૂલ વગેરે સુગંધી ચીજોનું સેવન કરે, ફૂલવાડીઓ વગેરે બનાવી ઉપભોગ લે; (૪) રસેંદ્રિય (જીભ) ના પોષણને માટે દારૂ પરમાટી ભોગવે, કંદમૂળ વગેરે અભક્ષ્ય ખોરાક ખાય, પૈષ્ટિક દવાઓ જેમાંથી ઉન્માદ થાય અને વિષયવાસના વધે તેવી વસ્તુનું સેવન કરે, રસાયન દવા, ભસ્મ વગેરે ખાય, વીર્યસ્થંભન ગોળીઓનું સેવન કરી મહાકામી બને; (૫) સ્પર્શેંદ્રિય (શરીર) નું પોષણ કરવાને અનેક ફૂલોની શય્યા ભોગવે, ઉત્તમ વસ્ત્ર અને ઘરેણાંઓથી શણગાર સજે, હાર, તુરા, અત્તર, ફૂલ વગેરેથી શરીર શોભાવે, ચમચમ થાય તેવા જોડા પહેરે, અક્કડ ફક્કડ ચાલે, વેશ્યા વગેરેના નાચમાં આગેવાની

કથી ગાનતાનમાં ગુલતાન બની પડયા રહે, કામભોગના ચોરાસી આસનોની છબીઓનું વારંવાર અવલોકન કરે; આ પ્રમાણે પાંચ ઇંદ્રિઓના પોષણને માટે જે જે ઉપાયો ગોઠવે તેને ઉષણ નામે રૌદ્રધ્યાની દોષ જાણવો.

દ્વિતીય પત્ર—" બહુલ દોષ ".

૨. ઉપર ગણાવેલાં કામો વિશેષ કરે, કરતાં કરતાં ઇચ્છા વધારતોજ જાય અને તે વધેલી ઇચ્છા પૂર્ણ કરવાને વિશેષ વિશેષ કામો કરે, પણ તૃપ્તિ પામે નહીં તેને બહુલ દોષ કહે છે.

તૃતીય પત્ર—" અજ્ઞાન દોષ ".

૩. અણાણ દોષ—રૌદ્ર ધ્યાનનો સ્વભાવજ એવો છે કે તે ઉત્પન્ન થાય છે કે તરતજ સદ્જ્ઞાનનો નાશ કરી, જીવને અજ્ઞાની (મૂઢ) બનાવી દે છે અને સારાં કામોમાંથી પ્રીતિ ઉતારી કુકર્મોમાં જોડી દે છે. સત્શાસ્ત્રના શ્રવણમાં તથા સત્સંગમાં અપ્રીતિ અને અરૂચિ થાય છે અને *૨૯ પાપ સૂત્રોમાંના અભ્યાસમાં પ્રેમ ઉપજે છે.

વિષયમાં પ્રવૃત્તિ કરાવે એવી કવિતા, કલ્પિત ગ્રંથો, કોકશાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરે તથા સૂણે, કુશાસ્ત્રો કે જેમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન વગેરે પાપોનું સેવન કરવામાં દોષ નથી એમ બતાવ્યું હોય તેમજ જેમાં વશીકરણ, ઉચ્ચાટન, આકર્ષણ, સ્થંભન

---

* ૨૯ પાપ સૂત્રનાં નામ—૧ ભૂમિકંપ, ૨ ઉત્પાત, ૩ સ્વપ્ન, ૪ અંગનું ફરકવું, ૫ ઉલ્કાપાત, ૬ પક્ષીઓનો સ્વર, ૭ તલ, મસ વિગેરે ચિહ્ન, ૮ સામુદ્રિક લક્ષણ, એ આઠનો અર્થ, પાઠ અને કથા એમ દરેકના ત્રણ ત્રણ ગણતાં આઠ તરી ચોવીશ થયા, ૨૫ કામ કથા, ૨૬ વિદ્યા—રોહિણી વગેરે, ૨૭ મંત્ર, ૨૮ તંત્ર, ૨૯ અન્ય મતના આચારનાં શાસ્ત્ર.

વગેરે ચમત્કારી વિદ્યા હોય તેનો અભ્યાસ કરે; ગાળો બોલે, ઠઠ્ઠા મશ્કરી કરે, પુરૂષોને સ્ત્રીઓનાં લૂગડાં ઘરેણાં પહેરાવી નાચ, ગાયન, કુચેષ્ટા કરાવે; દયામય ઉત્તમ ધર્મનો ત્યાગ કરી હિંસામય ધર્મમાં રાચ્યો રહે; કામી, કપટી, લોભી, કનક કાન્તાધારી, સ્ત્રીઓના ભોગી, ધૂપ, ફૂલ, અબીલ વગેરેની સુગંધીમાં મસ્ત રહેનાર, સચિતના આહારી, માંસ મદિરાના ભોગવનાર, રંગબેરંગી વસ્ત્રો અને ભૂષણોથી શરીરને શણગારનાર, રૂષ્ટ પુષ્ટ થાય તો નાશ કરે અને તુષ્ટ થાય તો ઇચ્છા પૂર્ણ કરે એવા રાગદ્વેષથી ભરેલા દુર્ગુણી દેવગુરૂને જાણીને માને, પૂજે તથા ભક્તિ કરે; ત્યાગી, વૈરાગી, શાંત, દાંત, વીતરાગી એવા દેવગુરૂનો ત્યાગ કરે, અપમાન કરે; ઇંદ્રિયો અને કષાયનું પોષણ કરવામાં ધર્મ અને કલ્યાણ સમજે; સાચાં કામોપર અરૂચિ અને નઠારાં કામોમાં રૂચિ થાય; એ તમામ **અણુણાણુ દોષ** (અજ્ઞાન દોષ) નામે રૌદ્ર ધ્યાનીનાં લક્ષણ જાગવાં.

ચતુર્થ પત્ર—" આમરણાંત દોષ ".

૪. રૌદ્ર ધ્યાનીનું હૃદય વજ્ર જેવું કઠણ હોય છે, બીજાનાં સુખ દુઃખની તેને જરાપણ દરકાર રહેતી નથી માત્ર પોતાનુંજ સુખ ચાહે છે, બીજાને પોતાથી વધારે સુખી દેખી પોતે દુઃખી થાય, બીજાના જશ અને સુખનો નાશ કરવાના ઉપાય કરે, નિર્દયતા અને ક્રૂર પરિણામથી ત્રસ અને થાવરનો ઘાત કરે, ત્રસ થાવરને તરફડતાં અને રીબાતાં જોઇ ખુશી થાય અને વધુ સંતાપ ઉપજાવે, નિષ્ઠુરતામાં નિડર બની અકાર્ય કરવામાં જરાપણ અચકાય નહિ, જુઠું બોલતાં ડરે નહિ, ચોરીથી હઠે નહિ, મૈથુન ક્રિયામાં અતિ આસક્ત બને, પરિગ્રહની અત્યંત મૂર્છા રાખે, ક્રોધ, માન, માયા, કપટ અને લોભમાં અતિ પ્રબળ હોય, રાગદ્વેષનું ઘર, મહા ક્લેશી, ચાડીઓ, ઉપકારીના ગુણને અવગુણ માનનાર, ગુણવાન

ઉપર ખોટાં આળ નાંખનાર, પોતાની વસ્તુપર અતિ પ્રેમ ધરનાર અને બીજાની ચીજનો દ્વેષી, દગાબાજ, ઉપરથી મીઠા બોલો પણ અંદર કપટી, કુગુરૂ, કુદેવ અને કુધર્મપર શ્રદ્ધા, પ્રતીતિ અને આસ્થા રાખનાર, વગેરે અઢારે પાપ સ્થાનકમાં તલ્લીન હોય, ધર્મનું નામ સાંભળતાંજ બૂરૂં માને એવો, મોત નજીક આવ્યું હોય તો પણ પોતાનાં કરેલાં પાપોનું પ્રાયશ્ચિત નહિ લેનાર તેમ પશ્ચાતાપ પણ ન કરનાર, કઠોર અને ઘર કુટુંબમાં અત્યંત લુબ્ધ હોય, એવા એવા ભાવ સહિત પ્રાણ છોડે અને મરીને અન્યગતિમાં સિધાવે, તે **આમરણાંત દોષનું લક્ષણ** જાણવું.

"રૌદ્ર ધ્યાનનાં પુષ્પ અને ફળ".

રૌદ્ર ધ્યાનીનાં પરિણામ હમેશાં ક્રૂર રહે છે, મદ અને મસ્તરથી હૃદય ભર્યું રહે છે, હમેશાં પાપિષ્ટ વિચાર મનમાં થયાં કરે છે અને એથી વજ્ર કર્મોનો બંધ સદા પડયાં કરે છે. એવા આત્માથી ધર્મ કર્મ બિલકુલ બનતું નથી. કદી દેખા દેખીથી કંઇ ધર્મ ક્રિયા કરે તોપણ ક્રૂર પ્રકૃતિને લીધે એનું સારૂં ફળ નાશ પામે છે. પોતાને કંઇ સ્વાર્થ નથી તેમજ પોતાના વિચાર પ્રમાણે બીજાનું ભલું યા બૂરૂં થતું પણ નથી છતાં પેતાના બરાબ વિચારોથી કર્મનો તીવ્ર બંધ તો જરૂર પડે છે અને તે કનિષ્ટ કર્મનો બદલો પોતાને નરક ગતિમાં ભોગવવો પડે છે. ક્રૂર પરિણામોનાં ફળો નરક ગતિમાં પરમાધામી દેવ, જેવી રીતની હિંસા કરી હોય તેવી રીતે આપે છે. કાપવાવાળાને તે પરમાધામી (યમ) દેવ કાપે છે, છેદનારને છેદે છે, ભેદનારને ભેદે છે. સિંહ, સર્પ, વીંછી, કીડા, સચ્છર વગેરે ક્ષુદ્ર જીવોને મારનારને, તે તે પ્રાણીના જેવાં રૂપો ધારણ કરી ચીરે છે, ફાડે છે, અને માંસાહારીને તેનું માંસ તેનેજ ખવરાવે છે. દારૂ પીનારને સીસું, જસત અને તાંબાનો ઉનો રસ પીવરાવે છે. કામી પુરૂષને લોઢાની ધગધગતી પૂતળી બનાવી

તેની સાથે સંભોગ કરાવે છે. રાગ રાગણીઓના રસીઆના કાન, રૂપના વિલાસીનું નાક અને રસના લાલચુની જીભ, છેદી ભેદી નાંખે છે. ધગધગતા ખારા પાણીથી ભરેલી વૈતરણી નદીમાં નવરાવે છે, તરવારની ધારથી પણ અતિ તીક્ષ્ણ પાંદડાંવાળા શાલ્મલી વૃક્ષ નીચે બેસાડી હવા ખવરાવે છે, કુંભીપાકમાં રાંધે છે, કસાઇઓની પેઠે શરીરના તલ તલ જેવડા કડકા કરે છે, કર્મ જ્યારે ઉદય આવે છે ત્યારે આ પ્રમાણે *સાગરોપમ જેટલા વખત સુધી રોઈ રોઇને દુઃખ ભોગવવાં પડે છે અને કોઈ રીતે છૂટાતું નથી. એવા રીતે રૌદ્ર ધ્યાન બંને ભવમાં ભયંકર દુઃખો દેનારૂં જાણવું.

રૌદ્ર ધ્યાનીને ઘણે ભાગે કૃષ્ણ લેશ્યાની વાસના હોય છે. એવો કૃષ્ણ લેશ્યાના પરિણામ (ધ્યાન) વાળો જીવ, હિંસા, જુઠ, મૈથુન, પરિગ્રહ એ પાંચ અવ્રત; મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભ જોગ એ પાંચ આસ્રવ એમ દશ પાપ કર્મને સેવે છે અને જુનાં કર્મોનું ફળ ભોગવવા ટાણે વિચારો ખરાબ રહેવાથી ફરી તેવાં ને તેવાં કર્મોનો બંધ પાડે છે. એ પ્રમાણે ભવાંતરની (નવા ભવોની) શ્રેણીમાં પરિભ્રમણ કર્યા કરે છે. રૌદ્ર ધ્યાનીનો આ સંસારમાંથી છૂટકો થવો બહુજ મુશ્કેલ છે. રૌદ્ર ધ્યાનવાળો જીવ અનંત સંસાર ભટકે છે માટે એ રૌદ્ર ધ્યાન હોય એટલે ત્યાગવા જોગ છે.

---

* ચાર ગાઉ ઉંડો, ચાર ગાઉ લાંબો, ચાર ગાઉ પહોળો એવો એક કુવો ધારવો, તેમાં દેવકુરૂ નામે જુગળીઆના પ્રદેશમાં રહેતાં જુગળીઆના વાળના, આંખમાં નાંખતાં જરાપણ ખટકે નહિ એવા બારીક કટકા કાતરીને ઠાંસી ઠાંસીને ભરવા. પછી સો વર્ષે એકેક કડકો (વાળની રજ) કાઢતાં તે કુવો તદ્દન ખાલી થાયે ત્યારે એક પલ્ય જેટલાં વર્ષ સમજવાં. એવા ૧૦×ક્રોડ×ક્રોડ (દશ ક્રોડાક્રોડ) કુવા ખાલી થાય ત્યારે એક સાગર જેટલાં વર્ષ સમજવાં.

પ્રથમનાં બંને ધ્યાનનો સાર.

આ આર્ત્ત ને રૌદ્ર ધ્યાન ૧૮ પાપ સ્થાનકથી ભરેલાં, મહા મલીન, સત્પુરૂષોથી નિંદાયેલાં અને ત્યાગ કરવા જોગ છે. આ બંને ધ્યાન આ ભવમાં વગર અભ્યાસે પૂર્વનાં કર્મને પ્રતાપે સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. જ્યાંલગી કર્મનું જોર હોય છે ત્યાંલગી નિરંતર હૃદયમાં રમી રહે છે. ઉંચી પદવીવાળા મોટા મોટા જ્ઞાની, ધ્યાની, તપસ્વી અને સંયમી મુનિને આ ધ્યાન એક ક્ષણમાં પાતાળગામી (નરકના અધિકારી) બનાવો દે એવું એનું પરિબળ છે. મોક્ષ માર્ગને અટકાવનારાં છે, મોક્ષનગરીના દરવાજામાં આગળીઆ (ભોગળ) જેવાં છે, અને સદ્વૃત્તિનો નાશ કરનારાં છે. વળી તેઓ પાપરૂપી ઝાડનાં બી છે. એ બીજ, કલંક જેવાં કાળાં અને કામભોગ જેવાં ઝેરી છે. સ્ત્રી, ધન, બાગ, હવેલી વગેરે દ્રવ્યો છોડી દેવાં એ સહેલું છે પણ આ બે ધ્યાનથી બચવું ઘણું મુશ્કેલ છે. એ બે ધ્યાનનો નાશ મહા બળવાન, પરમ પ્રતાપી મુનિરાજજ કરી શકે છે અને આખર અનંત, અક્ષય અને અવ્યાબાધ મોક્ષ સુખને મેળવે છે.

પરમ પૂજ્ય શ્રી કહાનજીઋષિજી મહારાજના સંપ્રદાયના બાલ બ્રહ્મચારી મુનિશ્રી અમોલખઋષિજી રચિત " ધ્યાન કલ્પતરૂ "
ગ્રંથની રૌદ્ર ધ્યાન નામની દ્વિતીય શાખા સમાપ્ત.

ઉપ શાખા–શુભ ધ્યાન.

मोक्षकर्मक्षयादेव, ससम्यग्ज्ञानतःस्मृतः।
ध्यानसाध्यंमतंतद्धि, तस्माद्धितमात्मनः ॥

જ્ઞાનાર્ણવ સર્ગ ૩, શ્લોક ૧૭.

ભાવાર્થ—કર્મનો ક્ષય થવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, સમ્યક્ જ્ઞાનથી કર્મનો ક્ષય થાય છે અને શુભધ્યાનથી સમ્યક્ જ્ઞાન થાય છે એટલામાટે મુમુક્ષુઓને આત્મ કલ્યાણનો હેતુ ધ્યાનજ છે.

પ્રથમ શાખા–"ધ્યાન મૂલ."

આ જગતમાં સારી અને ખરાબ એમ બે વાતો અનાદિથી ચાલી આવે છે. સારી હોય તો નઠારીની, અને નઠારીથી સારી વાતની ઓળખાણ થાય છે. રાત્રિ હોય તો દિવસની અને દિવસ હોય તો રાત્રિની, ટાઢથી તાપની અને તાપથી ટાઢની, સદાચારીથી વ્યભિચારીની અને વ્યભિચારીથી સદાચારીની કિંમત અને ઓળખાણ જેવી રીતે થાય છે તેવી રીતે તમામ સારી અને ખરાબ વાતનું સમજવું. બધા પદાર્થોના ગુણની પરીક્ષા કરી દશવૈકાલિક સૂત્રના ફરમાન પ્રમાણે "जं सेयं ते समायरे"* એટલે જે કલ્યાણકારક માલુમ પડે તેને અંગીકાર કરવું.

અનાદિથી સંબંધ હોવાને લીધે અશુભ ધ્યાનની પ્રવૃત્તિ તો વગર પ્રયાસે સ્વભાવિક રીતે થયાંજ કરે છે, પણ તેવી રીતે શુભ ધ્યાનની પ્રવૃત્તિ થવી બહુજ મુશ્કેલ છે. અશુભ કામ જેમ સહજ થઇ જાય છે તેમ શુભ કામ સહજ થઇ શકતું નથી. આ નિયમ બહુ વિચારવા જેવો છે. ઝેર પીવાથી અચેત થયેલ પુરૂષને,

* દશ વૈ. અધ્યાય ૪ શ્લોક ૧.

ઝેરની જરાક અસર ઓછી થતાં કંઈક ચૈતન્ય આવે છે, ગાઢ નિદ્રામાં સૂતેલા પુરૂષને કંઇક નિદ્રા ઓછી થતાં કંઈક સ્મરણમાં રહે છે, પિત્તના રોગથી બેભાન થયેલા પુરૂષને જરાક રોગ દૂર થતાં જેમ કંઈક ચૈતન્ય પ્રગટે છે તે પ્રમાણે નિગોદ વગેરે એકેંદ્રિય જીવોમાં અનંતકાળ ભમતાં ભમતાં અને અકામપણે (પરવશપણે) કષ્ટ સહન કરતાં કરતાં કર્મનું જોર કંઈક નબળું પડે તો તેનાથી બેઇંદ્રિય વગેરે ત્રસ જીવોની શ્રેણીમાં અવાય છે. ફરી જો કર્મનું જોર વધી જાય તો નિગોદ વગેરેમાં અવતાર પામે છે. એમ અનંત વખત આવાગમન કરતાં કરતાં બહુ કષ્ટથી અનંત પુણ્યનો વધારો થાય તો પચેંદ્રિય જીવ લગી પહોંચાય છે. પચેંદ્રિય જીવ થયા પછી પણ ક્રૂર કર્મોનું આચરણ કર્યા કરે તો નિગોદ વગેરે એકેંદ્રિયમાં ઉત્પન્ન થાય છે અને કદી પંચેંદ્રિયજ થાય તો નરકગતિમાં અસંખ્ય કાળ કાઢવો પડે છે. આ પ્રમાણે અનંત દુઃખ ભોગવતાં ભોગવતાં જેમ જેમ અશુભ કર્મનો અંશ ઘટતો જાય અને પુણ્યનો ભાગ વધતો જાય તેમ તેમ જીવ "ઘુણાક્ષર"× ન્યાય પ્રમાણે મનુષ્યપણું મેળવે છે. તેમાં પણ આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, પૂર્ણ ઇંદ્રિયો, વગેરે સામગ્રી મળવી ઘણીજ મુશ્કેલ છે. કદાચ પુણ્ય પ્રભાવે તે પણ મળે તો પણ શુભ ધ્યાનની લાયકાત મળવી અતિશય કઠણ છે. જે આત્મામાં અનાદિકાળથી ભવ્ય સિદ્ધિપણાનો ગુણ છે તે આત્મા જો કષાયરૂપી મેલ કાઢી ચોખ્ખો થાય તો સમકત્વ રૂપી રત્ન મેળવી શકે છે; એજ પ્રમાણે તે આત્મામાં અનાદિથી સ્વભાવિક રીતે આર્ત્ત રૌદ્રધ્યાનરૂપ મેલ લાગેલ છે તેનું સ્વરૂપ જાણી તે મેલથી પોતાના આત્માને દૂર કરી

× ઘણ એ નામનો કીડો લાકડામાં પેદા થઈ તે લાકડાને ખાવાને કોતરે છે એમ કોતરી ખાતાં સહેજે સહેજે અમુક અમુક અક્ષરોનો આકાર કોતરાઇ જાય છે તે ન્યાય પ્રમાણે નિગોદમાં પડેલા જીવને પરિભ્રમણ કરતાં મનુષ્યપણું પ્રાપ્ત થાય છે.

શુભ ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરવી હોય તો કરી શકે છે, તેટલા માટે શુભ ધ્યાન પ્રાપ્ત કર્યા પહેલાં સમ્યકત્વની પૂર્ણ જરૂર છે. સમ્યકત્વી જીવજ શુભ ધ્યાનમાં પ્રવેશ કરવાને સમર્થ થાય છે, માટે અહીં સમ્યકત્વની દુર્લભતા પ્રથમ બતાવે છે.

સમ્યક દર્શન અનાદિ અથવા સાદિ મિથ્યાત્વીને ઉપજે છે, પણ તે જીવ સંજ્ઞી, પર્યાપ્તો, મંદકષાયી, ભવ્ય, ગુણ દોષનો વિચારવાન, સાકાર ઉપયોગી (=જ્ઞાની) અને જાગૃત અવસ્થાવાળો હોવો જોઈએ. પરંતુ અસંજ્ઞી, અપર્યાપ્તો, તીવ્રકષાયી, અભવ્ય, દર્શનોપયોગી, મોહનિદ્રાથી અચેત અને સમૂર્છિમ હોય તેવા જીવને સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી. પાંચમીકરણ લબ્ધિ કે જે ઉત્કૃષ્ટ કરણ લબ્ધિ અને અનિવૃત્તિ કરણ છે તેના અંત સમયમાં પ્રથમ ઉપશમ સમ્યકત્વ પ્રગટ થાય છે.

" પંચ લબ્ધિ ".

(૧) ક્ષયોપશમ લબ્ધિ, (૨) વિશુદ્ધ લબ્ધિ, (૩) દેશના લબ્ધિ, (૪) પ્રયોગ લબ્ધિ અને (૫) કરણ લબ્ધિ એ પાંચ લબ્ધિ છે. એ પાંચ લબ્ધિઓ નિયમસર મેળવતાં સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે. ચાર લબ્ધિ તો કદાચિત્ ભવ્ય તથા અભવ્ય બંને જીવને થાય છે પણ પાંચમી કરણ લબ્ધિ તો જે સમ્યકત્વ અને ચારિત્રને અવશ્ય મેળવનાર છે તેવા ભવ્ય જીવનેજ થાય છે.

પાંચ લબ્ધિનું સ્વરૂપ.

(૧.) જ્યારે એવો જોગ બને કે, જ્ઞાનાવરણીય વગેરે આઠ કર્મની બધી ખરાબ પ્રકૃતિની શકિતનો રસ, સમયે સમયે અનંત ગણો કમી થતો થતો, અનુક્રમે ઉદય આવે, ત્યારે ક્ષયોપશમ લબ્ધિ પ્રાપ્ત થાય છે. (૨.) ક્ષયોપશમ લબ્ધિના પ્રતાપે જીવને શાતાવેદનીય

વગેરે શુભ પ્રકૃતિઓના બંધથી ધર્માનુરાગ થાય છે અને ધર્માનુરાગથી શુભ પરિણામની પ્રાપ્તિ થતાં **વિશુદ્ધ લબ્ધિ** ઉપજે છે. *(૩) છ દ્રવ્ય અને નવ પદાર્થનું સ્વરૂપ આચાર્ય મહારાજના ઉપદેશથી ઓળખે તેને **દેશના લબ્ધિ** કહે છે. +(૪) આ ત્રણ લબ્ધિવાળો જીવ સમયે સમયે વિશુદ્ધતાનો વધારો કરે, આયુકર્મવિના સાત કર્મની દેશે ઉણી ક્રોડાક્રોડ સાગરોપમની ફકત સ્થિતિ રહે; એ વખતે જે પૂર્વ સ્થિતિ હતી, તેથી એક ભાગ છેદી તે ભાગના દ્રવ્યની બાકી રહેલી સ્થિતિ વિશેષ રીતે નિક્ષેપણ કરે, (ખપાવે), તે વખતે ઘાતી કર્મનો રસ પર્વતની સ્થિતિ રૂપે નહિ પણ લાકડા તથા લતા જેવો રહે અને અઘાતી કર્મનો રસ હળાહળ ઝેર રૂપે નહિ પણ લીમડા તથા કાંજી રૂપે રહે. તેમજ પૂર્વે જે અનુભાગ (રસ) હતો તેના અનંત ભાગ કરી ઘણા ભાગનો રસ કાપી, થોડા ભાગનો રસ પ્રાપ્ત કરે. આ પ્રમાણેનું કામ કરવાની યોગ્યતા મેળવવી તેને **પ્રાયોગતા લબ્ધિ** કહે છે. *વળી સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાને સંકલેશ પરિણામ થતાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટ સ્થિતિ અનુભાગનો સત્વ થાય માટે જીવથી પ્રથમ ઉપશમ સમકિત ગ્રહણ કરાતું નથી, તેમજ વિશુદ્ધ ક્ષપક શ્રેણીમાં હોય તેવા જઘન્ય સ્થિતિબંધ અને જઘન્ય સ્થિતિ અનુભાગ પ્રદેશનો સત્વ છતાં પણ સમ્યકત્વની પ્રાપ્તિ થતી નથી. પહેલાં મિથ્યા દ્રષ્ટિ જીવ ઉપશમ સમકિતને સન્મુખ થાય છે. પછી વિશુદ્ધતાની વૃદ્ધિ કરતો કરતો ચડે છે. એ ચડવાનો કાળ પ્રયોગ લબ્ધિના પ્રથમ સમયથી

---

*અશુભ કર્મના રસનો ઉદય ઘટવાથી અને સંકલેશમય પરિણામની હાનિ થાય ત્યારે વિશુદ્ધ પરિણામની વૃદ્ધિ સ્વભાવથીજ થાય છે.

+નરક ગતિ વગેરેમાં ઉપદેશક નથી ત્યાં પૂર્વ જન્મમાં જે તત્વો ધાર્યાં છે તેના સંસ્કારથી અને પરમાધામી દેવના ઉપદેશથી સમ્યકત્વ થાયછે.

*આ પ્રયોગતા લબ્ધિ ભવ્ય અને અભવ્ય બંનેને સામાન્ય થાય છે.

માંડીને પૂર્વ સ્થિતિના સંખ્યાતમાં ભાગ જે દેશે ઉણી એક કોડા-કોડ સાગર લગીછે તેમાં આયુષ્ય સિવાય બાકીનાં સાત કર્મનો સ્થિતિ બંધ કરે છે. આ દેશે ઉણા એક કોડા કોડ સાગર લગીનો સ્થિતિ બંધ છે તેમાં પલ્યનો અસંખ્યાતમો ભાગ ઓછો થતાં સ્થિતિ બંધ અંત મુહૂર્ત સુધી સમાનતાને લીધે કરે છે. એવા ક્રમથી સ્થિતિ બંધની સંખ્યાતી શ્રેણીઓ કરી, પૃથક્ એટલે ૭૦૦ તથા ૮૦૦ સાગર ઓછા થાય ત્યારે બીજું પ્રકૃતિબંધ શ્રેણીસ્થાન થાય છે. એવાને એવા ક્રમથી એટલા ને એટલા સ્થિતિબંધ ઘટાડતાં એકેક સ્થાન થાય છે. એ પ્રમાણે બંધના ૩૪ *શ્રેણી સ્થાન છે. ત્યાંથી માંડીને પ્રથમ ઉપશમ સમ્યકત્વ લગી બંધ થતો નથી, ત્યાં સુધી ચોથી લબ્ધિ સમજવી. (૫) પાંચમી **કરણલબ્ધિ** છે તે ભવ્ય જીવ-નેજ થાય છે. તેના ૩ ભેદ છે. ૧ અધઃકરણ, ૨ અપૂર્વકરણ, ૩ અનિવૃત્તિ કરણ. +એ ત્રણમાં અનિવૃત્તિ કરણનો કાળ અલ્પ અંત-મુહૂર્ત પ્રમાણે છે, તેનાથી સંખ્યાત ગુણો કાળ અપૂર્વકરણનો છે, અને તેનાથી સંખ્યાત ગુણો કાળ અધઃપ્રવૃત્તિ કરણનો છે, છતાં તે પણ xઅંતર્મુહૂર્ત્તજ છે. વળી ત્રણે કાળના અનેક જીવોને ગણીએ તો આ અધઃપ્રવૃત્તિ કરણના કાળનો વિષય, પરિણામની વિશુદ્ધતાના ક્રમે અસંખ્યાતા લોક પ્રમાણે છે. આ વિશુદ્ધતાનાં પરિણામોમાં અધઃપ્રવૃત્તિ કરણના જેટલા સમય છે ત્યાં લગી સમાન વૃદ્ધિના ક્રમે સમય સમયમાં વધારો થાય છે. આથી આ કરણમાં નીચેના સમયમાં થતા પરિણામની સંખ્યા અને વિશુદ્ધતા, ઉપરના સમયમાં થતા કોઈપણ જીવના પરિણામ અને વિશુદ્ધતા સાથે મળતાં આવે છે. આથી એનું નામ **અધઃપ્રવૃત્તિકરણ** છે. આ

---

*આનો વિશેષ ખુલાસો લબ્ધિસાર નામે ગ્રંથમાં છે.

+કષાયની મંદતાને કરણ કહે છે.

xઅંતર્મુહૂર્ત્તના અસંખ્યાતા ભેદ છે.

અધઃપ્રવૃત્તિકરણના ૪ આવશ્યક છે. (૧) સમય સમય પ્રત્યે વિશુદ્ધતામાં અનંત ગણો વધારો. (૨) સ્થિતિ બંધ શ્રેણી એટલે પેહેલા લીધેલાં કર્મનો જેટલા પ્રમાણમાં સ્થિતિ બંધ થતો હતો તેને ઘટાડી ઘટાડી સ્થિતિ બંધ કરે. (૩) શાતા વેદનીય વગેરે જે પ્રશસ્ત (રૂડા) કર્મ પ્રકૃતિ છે તેમાં સમયે સમયે અનંતગુણો વધારો થતાં ગોળ, ખાંડ સાકર, અને અમૃત આ ચાર ક્રમે અનુભાગ બંધ છે. (૪) અશાતાવેદનીય વગેરે જે અપ્રશસ્ત (અશુભ) કર્મ પ્રકૃતિ છે તેમાં સમયે સમયે અનંત ગુણો ઘટાડો થતાં લીંબડો અને કાંજી સમાન બે સ્થાનમાં અનુભાગ બંધ છે પણ તે હળાહળ ઝેર જેવો નહિ. આ પ્રમાણે ચાર આવશ્યક સમજવાનાં છે.

(૨) અધઃપ્રવૃત્તિ કરણમાં અંતર્મુહૂર્ત્ત કાળ જાય ત્યારે બીજું **અપૂર્વકરણ** થાય છે. અધઃકરણના પરિણામથી અપૂર્વકરણનાં પરિણામ ઘણા જીવોની અપેક્ષાથી કહીએ તો અસંખ્યાત લોક ગુણા છે. પણ એક જીવની અપેક્ષાએ તો એક સમયમાં એકજ પરિણામ થાય છે અને એ રીતે ગણતાં એક જીવની અપેક્ષાએ તો અંતર્મુહૂર્ત્તના જેટલા સમય છે તેટલાંજ પરિણામ થાય છે. અધઃપ્રવૃત્તિ કરણમાં પણ એક સમયમાં એક પરિણામ થાય છે અને ઘણા જીવોની અપેક્ષાએ અસંખ્ય પરિણામ જાણવાં. અપૂર્વ કરણનાં પરિણામો સમયે સમયે સરખી રીતે વધે છે. પણ નીચેના અને ઉપરનાં સમયનાં પરિણામ સરખાં હોતાં નથી. પહેલાં સમયની ઉત્કૃષ્ટ શુદ્ધતાથી બીજા સમયની જઘન્ય શુદ્ધતા અનંતગુણી છે. એવી રીતે પરિણામનું અપૂર્વપણું હોવાથી તેને **અપૂર્વકરણ** કહે છે.

અપૂર્વકરણના પહેલા સમયથી માંડી છેલ્લા સમય સુધી એક સમયના જઘન્ય ભાગથી તેજ સમયના ઉત્કૃષ્ટ ભાગ તથા પૂર્વ સમયના ઉત્કૃષ્ટ ભાગથી પછીના સમયનો જઘન્ય ભાગ સર્પની ચાલની પેઠે અનંતગુણો વિશુદ્ધ છે. આ ક્રમમાં અનુત્કૃષ્ટપણું નથી

પણ ઉત્કૃષ્ટપણુંજ છે. અપૂર્વકરણના પહેલા સમયથી માંડીને, સમ્યકત્વ મોહનીય અને મિશ્ર મોહનીયનો પૂર્ણ કાળ કે જે કાળમાં ગુણનું સંક્રમણ થઈ મિથ્યાત્વને સમ્યકત્વ મોહની અને મિશ્ર મોહની રૂપે પ્રગમાવે છે તે કાળના છેલ્લા સમય સુધી (૧) ગુણ શ્રેણી (૨) ગુણ સંક્રમણ (૩) સ્થિતિ ખંડ (૪) અનુભાગ ખંડ એ ચાર આવશ્યક થાય છે. (૧) જે સ્થિતિ બંધ શ્રેણી છે તે પણ અધઃપ્રવૃત્તિકરણના પહેલા સમયથી માંડીને જ્યાં ગુણ સંક્રમણ પૂર્ણ થાય ત્યાં સુધી છે. જો કે પ્રયોગ લબ્ધિથીજ સ્થિતિ બંધ શ્રેણી થાય છે તોપણ પ્રયોગ લબ્ધિથી સમ્યકત્વ થવાનું અનવસ્થિતપણું એટલે નિયમ ન હોવાથી ગ્રહણ કરેલ નથી. સ્થિતિ બંધ શ્રેણીનો કાળ અને સ્થિતિ કાંડ કાંડોત્કરણનો કાળ એ બંને સરખા એટલે અંત મુહૂર્ત્ત માત્ર છે. પૂર્વે બાંધ્યાં હતાં એવાં કર્મનાં પરમાણુ રૂપી દ્રવ્ય જે સત્તામાં હતું તે તેમાંથી કાઢી ગુણ શ્રેણીમાં દીધું. એ ગુણ શ્રેણીના કાળમાં, સમયે સમયે અસંખ્યાત ગુણક્રમવાળી પંક્તિબંધ નિર્જરા થાય છે. તેને ગુણશ્રેણીનિર્જરા કહે છે. (૨) સમયે સમયે ગુણાકારના અનુક્રમે વ્યવક્ષિત (જૂની જૂની) પ્રકૃતિનાં પરમાણુ બદલી બીજી પ્રકૃતિરૂપે બનીને પરિણમે તેને ગુણસંક્રમણ કહે છે (૩) પૂર્વે બાંધેલી અને સતામાં રહેલી કર્મ પ્રકૃતિની સ્થિતિને ઘટાડવી તેને સ્થિતિખંડ કહે છે. (૪) પૂર્વે બાંધેલા અને સત્તામાં રહેલા અશુભ પ્રકૃતિનો અનુભાગ (=રસ) ઘટે તેને અનુભાગખંડ કહે છે. એવાં ચાર કાર્ય અપૂર્વકરણ લબ્ધિમાં અવશ્ય બને છે.

અપૂર્વકરણને પહેલે સમયે પ્રશસ્ત અને અપ્રશસ્ત પ્રકૃતિનો જે અનુભાગ સત્ત્વ છે તેમાં છેલ્લે સમયે પ્રશસ્ત પ્રકૃતિમાં અનંતગણો વધારો અને અપ્રશસ્ત પ્રકૃતિમાં અનંતગુણો ઘટાડો થાય છે એમ સમજવું. એમ સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતા થવાથી અંત સમયમાં પ્રશસ્ત પ્રકૃતિનો

અનંતગુણો અનુભાગ કાંડ ચડે છે અને અપ્રશસ્ત પ્રકૃતિનો અનંતમો ભાગ બાકી રહે છે.*

એ પ્રમાણે અપૂર્વ પ્રવૃત્તિ કરણની વાત કહી. હવે સ્થિતિ કાંડ વગેરે કાર્યનું વિશેષપણું તો અનિવૃત્તિકરણમાં જાણવું. તેમાં વિશેષપણું એ છે કે અહીં સમાન સમયવર્તી અનેક જીવોના પરિણામ સરખાં છે. આથી અનિવૃત્તિ કરણમાં અંતર્મુહૂર્ત્તના જેટલા સમય છે તેટલાંજ તેના પરિણામ છે એટલે સમયે સમયે એકેક પરિણામ છે. જો કે આમાં સ્થિતિ ખંડ, અનુભાગ ખંડ વગેરેનો પ્રારંભ બીજા પ્રમાણથી પણ લીધો હોય છે, તે અપૂર્વકરણ સંબંધી જે સ્થિતિ ખંડ વગેરે હતાં તેને છેલ્લે સમયે સમાપ્તિ પણાને પામ્યાં.

અહીં એ પ્રયોજન છે કે અનિવૃત્તિ કરણના છેલ્લા સમયમાં દર્શન મોહની અને અનંતાનુબંધી ચોકડીની પ્રકૃતિ, સ્થતિ, પ્રદેશ અને અનુભાગનો સમસ્તપણે ઉદય થતો નથી પણ ઉપશમ થવાથી તત્ત્વાર્થ (=જૈનશાસ્ત્ર) ની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ થાય છે તે ઉપશમિક સમ્યક્ત્વ છે.

सूत्र—सम्यग्द्रष्टि श्रावक विरतानन्त वियोजक दर्शन—
मोह क्षपकोपशम कोप शांत मोह क्षपक—
क्षीणमोहजिनाः क्रमशोऽ संख्येयगुण निर्जरा.

(तत्त्वार्थ सूत्र अ० $\frac{९}{४७}$).

અર્થ—(૧) પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની ઉત્પત્તિ રૂપ જે અનિવૃત્તિકરણ તેના છેલ્લા સમયમાં વર્તતો વિશુદ્ધમાં વિશુદ્ધ સાતિશય મિથ્યા દ્રષ્ટિ જે જીવ છે તેને આયુકર્મ સિવાયનાં સાત

---

* આ સ્થિતિ ખંડ વગેરે થવાનો વિશેષ અધિકાર પણ છે પણ અહીં તો ગ્રંથ ગૌરવની બીકે લખ્યો નથી.

કર્મની નિર્જરા થાય છે તે ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાત ગણું છે. (૨) તેનાથી અસંયતિ સમ્યક દ્રષ્ટિ ગુણસ્થાનકવાળા જીવને અંતમુહૂર્ત્ત પર્યંત સમયે સમયે અસંખ્યાત ગુણી વિશુદ્ધતા વધતી હોવાથી તેનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાત ગણું છે. (૩) તેનાથી દેશવિરતિ ગુણસ્થાનકવાળા જીવને અંતર્મુહૂર્ત લગી નિર્જરા થવા લાયક કર્મપુદ્ગલરૂપી ગુણશ્રેણીદ્રવ્ય અસંખ્યાત ગણું છે. (૪) તેનાથી સકળસંજમ ગ્રહણ કર્યા પહેલાંના અંતર્મુહૂર્ત્ત સુધી સમયે સમયે અસંખ્યાત ગુણાકારરૂપે નિર્જરા થવા યોગ્ય કર્મ દ્રવ્ય અસંખ્યાતગણું છે.† (૫) તેનાથી *અનંતાનુબંધી વગેરે બાર કષાય, નવ નોકષાય, ત્રણ કરણના પ્રભાવથી પરિણમન કરાવે એવા જીવનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાતગણું છે. (૬)+ એનાથી દર્શનમોહનીય કર્મ ખપાવનારનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાતગણું છે. (૭) એનાથી કષાયનો ઉપશમ કરનારા અપૂર્વકરણાદિ ત્રણ ગુણસ્થાનકવાળા જીવોનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાતગણું છે. (૮) એનાથી સકળ મોહનીય કર્મનો ઉપશમ કર્યો છે એવા ઉપશાંત કષાય ગુણસ્થાનકવાળા જીવનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાત ગણું છે. (૯) એનાથી ક્ષપકશ્રેણી કરનાર અપૂર્વકરણાદિ ગુણસ્થાનકવાળા જીવનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય

---

† આ સાતમા અપ્રમત્તસંયતિ નામે ગુણસ્થાનકવાળાને થાય છે કારણ કે છઠ્ઠું પ્રમત્તસંયતિગુણસ્થાનક તો સાતમામાંથી પડનારનેજ થાય છે.

*અનંતાનુબંધીની વિસંયોજના, ૧ અવિરત, ૨ દેશવિરત, ૩ પ્રમત્ત અને ૪ અપ્રમત્ત સંયતિ એ ચાર ગુણ સ્થાનકમાં થાય છે. જે ગુણસ્થાનકમાં વિસંયોજના કરે ત્યાં અંતર્મુહૂર્ત્ત સુધી સમયે સમયે અસંખ્યાત ગુણી નિર્જરા થાય છે.

+ત્રિકરણ સમર્થ શ્રુત કેવળી મનુષ્યના અવિરત વગેરે ચાર ગુણ સ્થાનકમાં દર્શન મોહનું ખપાવવું થાય છે.

અસંખ્યાત ગણું છે. (૧૦) અને એનાથી કેવળી જિનેશ્વરનું ગુણશ્રેણીનિર્જરાદ્રવ્ય અસંખ્યાત ગણું છે.

આ દશ સ્થાન પ્રાપ્ત કરતાં તેની પહેલાં અંતર્મુહુર્ત્ત લગી પરિણામની વિશુદ્ધતાની વૃદ્ધિ થતાં સમયે સમયે આયુષ્ય કર્મ સિવાયનાં સાતે કર્મોનાં પરમાણુ દ્રવ્યની નિર્જરા થાય છે. અહીં નિર્જરા તો સ્થાન સ્થાન પ્રત્યે અસંખ્યાત ગણી છે અને નિર્જરા થવાનો કાળ સ્થાન સ્થાન પ્રત્યે અસંખ્યાતમો ભાગ ઘટતો ઘટતો જાય છે. એવી રીતે જેમ જેમ કષાયની મંદતા થતાં પરિણામોની વિશુદ્ધતામાં આગળ વધાય છે, તેમ તેમ જ્ઞાન વગેરે નિજાત્મગુણનો પ્રકાશ વધારે વધારે ચડતો જાય છે અને ધ્યાનની યોગ્યતાને માટે આત્મા વધારે ને વધારે લાયક બનતો જાય છે; વળી જ્ઞાનાર્ણવ ગ્રંથમાં ધ્યાનીનાં ૮ લક્ષણો કહ્યાં છે.

मुमुक्षुर्जन्मनिर्विण्णः शान्तचित्तो वशी स्थिरः ॥
जिताक्षः संवृतो धीरो, ध्याता शास्त्रे प्रशस्यते ॥

જ્ઞાનાર્ણવ—સર્ગ ૪. શ્લોક ૬.

અર્થ—(૧) મુમુક્ષુ એટલે મોક્ષે જવાની જેને અભિલાષા છે તેજ ધ્યાનનું કષ્ટ સહન કરી આત્મ નિગ્રહ કરશે. (૨) જેનું મન પુદ્ગલિક સુખોથી નિવૃત્ત છે એવા વિરક્ત પુરૂષનાંજ પરિણામ ધ્યાનમાં સ્થિર રહી શકશે. (૩) પરિસહ અને ઉપસર્ગ થતાં જેનાં પરિણામ શાંત રહે છે એવો શાંત ચિત્તવાળોજ ધ્યાનનું ખરેખરૂં અને યથાતથ્ય ફળ પ્રાપ્ત કરી શકશે. (૪) સ્થિર સ્વભાવી એટલે જે મન વગેરે જોગને ખોટે રસ્તેથી વાળી ધ્યાનમાં વૃત્તિ સ્થિર કરશે તેજ ધ્યાની થઇ શકશે. (૫) સ્થિર આસની એટલે જે સ્થાને ધ્યાનસ્થ થાય ત્યાંથી ચળવિચળ ન કરે અને ધ્યાનનો વખત પૂરો થાય ત્યાં લગી આસન બદલે નહિ એનેજ સિદ્ધાસની કહે છે. ૬. જિતાક્ષ એટલે જેને સાંસારિક સુખોની અભિલાષા

નથી, કાંક્ષા એટલે વાંછાને જીતી લીધી છે તથા જિતેંદ્રિય એટલે આંખ કાન વગેરે પાંચે ઇંદ્રિઓને, રૂપ શબ્દ રાગ દ્વેષમાંથી બચાવી ધર્મ માર્ગમાં લગાવી છે તેજ ધ્યાન સિદ્ધિને પહોંચશે. (૭) સંવૃત્તાત્મા એટલે જેણે પોતાના અંતર આત્માને સંવૃત્ત કરી હિંસા વગેરે પાંચ આસ્રવથી બચાવી અહિંસા વગેરે પાંચ મહાવ્રત સ્વીકાર્યા છે, અને અનાદિથી જીવને સંસારનો સંસર્ગ હોવાથી અંતઃકરણની વૃત્તિઓ વિકાર માર્ગમાં દોડી જાય છે તેને જ્ઞાનરૂપી અંતરાત્માની પ્રબળ પ્રેરણાથી બચાવીને જેણે ખાનપાનની *લોલુપતા ત્યાગી છે તેજ ધ્યાન સિદ્ધિ મેળવી શકશે. (૮) ધીર એટલે ધ્યાનસ્થ થયા પછી ગમે તેવો કઠણ પરિસહ પડે કે ઉપસર્ગ આવે, તો પરિણામોને જરાપણ ચળવિચળ ન કરે. ધ્યાનમાં પ્રવેશ કર્યા પહેલાં "**अप्पाणं वोसिरामि**" એટલે હું આ શરીરને વોસરાવું છું, આ શરીરની મમતા છોડું છું, આ શરીર મારૂં નથી અને હું એનો નથી એવું કહી ધ્યાનમાં બેસે છે. હવે જ્યારે શરીર પોતાનું નહિ તો તેનું ભક્ષણ થઈ જાઓ, દહન થાઓ કે કોઈ છેદન ભેદન કરો, ગમે તે થાઓ તેની પોતાને શી ફિકર. એવો નિશ્ચય હોય ત્યારેજ ધ્યાનની સિદ્ધિ મેળવાય છે. કર્મનો ક્ષય કરવા સારૂ ધ્યાન કરીએ છીએ અને કર્મનો ક્ષય, વગર ઉપસર્ગે કે વગર પરિસહે કે વગર દુઃખે થવો મુશ્કેલ છે. એથી જ્યારે ધ્યાનમાં ઉપસર્ગ વગેરે દુઃખ પડે ત્યારે માનવું કે મારાં કર્મનો ક્ષય થવાનો આ વખત આવ્યો છે અને એવી રીતે દેણું દેતાં પાછું હઠવું નહિ. એવા દ્રઢ નિશ્ચયથી ધૈર્ય ધરતાં ધ્યાનસિદ્ધિ થવાય છે.

---

* એકદમ લોલુપતા ઘટાડવી બહુજ મુશ્કેલ હોવાથી થોડી થોડી લોલુપતા ઘટાડવાનો સહઅભ્યાસ રાખવો જોઇએ, જેમકે આ વસ્તુ આજ ન ખાધી તો શું થવાનું હતું? આ વસ્ત્ર ન પહેરીએ તો શું? આ કામ પ્રથમ મુશ્કેલ લાગશે પણ પછી તો સહજ થઇ જશે. એમ સર્વ વસ્તુ ઉપરથી લોલુપતા ઘટાડવાની બહુજ સહેલી ને સહજ રીત છે, એમ કરતાં કરતાં કોઇ વખત નિર્મળપણું પ્રાપ્ત થઇ જાય છે.

આ આઠ ગુણો ધરનારને ધ્યાનસિદ્ધિનો મોટો લાભ થાય છે એવું જાણી શુભધ્યાન ધરવાવાળા મુમુક્ષુ જનોએ, આ આઠ ગુણ ધીમે ધીમે અને ક્રમથી અભ્યાસ કરી મેળવવા જોઈએ.

દ્વિતીય ઉપશાખા—" શુભધ્યાન વિધિ "

કોઇ પણ કામ વિધિપૂર્વક થાય તો ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ તરત થાય છે. એ નિયમને લીધે અહીં મોક્ષ કાર્યની સિદ્ધિ કરનારૂં જે ધ્યાન છે તે ધ્યાન ધરવાની વિધિ બતાવે છે.

દોહરો.

ક્ષેત્ર દ્રવ્ય કાલ ભાવ યહ, શુભાશુભ વસ્તુ જાન,
અશુભ તજી શુભ આચરી, ધ્યા ધ્યાતા ધર્મ ધ્યાન.

અર્થ—૧ ક્ષેત્ર, ૨ દ્રવ્ય, ૩ કાળ, ૪ ભાવ એ ચારના શુભ અને અશુભ ભેદ ગણતાં ૮ ભેદ થાય છે. એ આઠમાંથી ચાર અશુભ ક્ષેત્ર દ્રવ્ય વગેરે છે તેનો ત્યાગ કરી બાકીના ચાર શુભ છે તેનો જોગ મેળવી હે ધ્યાનના ધ્યાતાઓ ! શુદ્ધ ધર્મધ્યાનને ધ્યાવો.

ધ્યાનમાં મનને સ્થિર કરવા સારૂ ક્ષેત્ર, દ્રવ્ય, કાળ અને ભાવ એ ચારની શુદ્ધિની અતિશય જરૂર છે તેમાં અહીં પ્રથમ ક્ષેત્રની શુદ્ધિ અશુદ્ધિ બતાવે છે.

પ્રથમ પત્ર—" ક્ષેત્ર ".

૧. ' અશુદ્ધ ક્ષેત્ર '—દુષ્ટ રાજાની જે જગ્યા હોય, અને જ્યાં અધર્મી, પાખંડી, મ્લેચ્છ તથા કુલિંગી રહેતા હોય એવા ક્ષેત્રમાં રહેવાથી ઉપસર્ગ ઉપજવાનો ઘણો સંભવ છે. જ્યાં ફૂલ, ફળ, પત્ર, ધૂપ, દીપ, મદિરા અને માંસ હોય એવા સ્થાનમાં રહેવાથી મન ચંચળ બનવાનો સંભવ છે. જ્યાં વ્યભિચારી સ્ત્રી-પુરૂષ ક્રીડા કરે, ચિત્ર ચિતરેલાં હોય, કામકીડાનાં શાસ્ત્રો ભણાતાં

હોય, વાજાં ગાજાં વાગતાં હોય, એવી જગ્યામાં વિકાર ઉપજવાનો સંભવ છે. જ્યાં યુદ્ધ, મલકુસ્તી, લડાઇ ટંટા, થતા હોય, યુદ્ધની વાતો વંચાતી હોય, પંચાત થતી હોય, ત્યાં કજીઆ તોફાન થવાનો સંભવ છે. જ્યાં પ્રવેશ કરવાની ધણી તરફથી મના હોય ત્યાં રહેવાથી ચોરી થવાનો, કલેશ થવાનો તેમજ અધવચ જતા રહેવું પડે એવો સંભવ છે. જ્યાં જુગાર રમાતો હોય, કેદી રહેતા હોય, સોની, લુહાર, સુતાર, રંગારા વગેરે શિલ્પી કે કારીગર રહેતા હોય ત્યાં ચિત્તનો વિગ્રહ થવાનો સંભવ છે. જ્યાં નપુંસક, પશુ, દુરાચરણી, ભાંડ, નટ, મદારી, ધૂર્ત વગેરે રહેતા હોય ત્યાં અપ્રતીતિ થવાનો સંભવ છે. આ બધાં અયોગ્ય સ્થાનક છોડીને ધ્યાન કરવું.

૨ '**શુભ ક્ષેત્ર**'—જ્યાં વિશેષ મનુષ્ય વગેરે વસ્તીનું આવાગમન ન હોય એવું નિર્જન સ્થાન હોય, સમુદ્ર અને નદીના કાંઠાપર ઝાડના ઝુંડમાં, *વેલના માંડવામાં, પર્વતોની ગુફાઓમાં સ્મશાનના ઘાબામાં, સુકાં ઝાડની કોતરમાં, ઘરનાં તથા ગામનાં ખંડેરોમાં, નિર્મળ દેવાલયોમાં, વગેરે જગ્યાઓમાં જીવની ઉત્પત્તિ ન હોય એટલે જગા નિર્જીવ હોય તે તમામ ધ્યાન કરવા યોગ્ય સ્થાન છે. એવા સ્થાનમાં ધ્યાન કરવાથી ચિત્તની સમાધિ (શાંતિ) રહે છે.

દ્વિતીય પત્ર—"દ્રવ્ય".

૩. '**અશુભ દ્રવ્ય**'—જ્યાં હાડકાં, માંસ, લોહી, ચામડું, ચરબી અને મરેલ જાનવરોનાં કલેવર પડેલાં હોય, બાનપાન,

---

* अफ्फोवमण्डवम्मि झ्झायइ खवियासवे.

અર્થ—ગર્દભાલી મુનિ અફોવ (નાગરવેલ) ના મંડપમાં ધ્યાન ધ્યાતા હતા.

ઉત્તરા૦ અ૦ ૧૮ ગાથા ૫.

પક્વાન્ન, તંબોળ, ઔષધિઓ, સુગંધી અત્તર અને તેલ, પલંગ વગેરે શય્યા, આસન, સ્ત્રી પુરૂષના શણગારનાં વસ્ત્રાભૂષણ, કામાસન, સ્ત્રી વગેરેનાં ચિત્રો, વગેરે દ્રવ્ય હોય ત્યાં ધ્યાનીનું ચિત્ત સ્થિર રહેવું અને મનોનિગ્રહ થવો મુશ્કેલ છે.

૪. 'શુભ દ્રવ્ય'—શુદ્ધ નિર્જીવ પૃથ્વી જેમકે શિલાપટ; કાષ્ટાસન જેમકે પાટ, બાજોઠ; પરાળનું આસન; ઊન, સૂતર વગેરેનાં શુદ્ધ વસ્ત્રો; એ ચીજો ઉપર બેસી ધ્યાન કરવાથી પરિણામ સ્થિર રહેવાનો ઘણો સંભવ છે. ધ્યાન ઇચ્છનારે થોડો હલકો ચોખા વગેરેનો પણ વિશેષ ઘી, મશાલાથી રહિત, ઋતુ પ્રમાણે પ્રકૃતિને અનુકુળ, વખતસર અને વજનસર મેળવેલો, નિર્જીવ, અને નિર્દોષ આહાર કરવો જોઇએ. તે આહાર ચિત્તને સ્થિર રાખેછે.

ધ્યાન ઇચ્છનારને મુખ્ય ત્રણ આસન રાખવાનાં છે. (૧) **પદ્માસન**—એટલે પલાંઠીવાળી બંને પગને બંને સાંથળોપર ચડાવી બંને હાથ પેટની પાસે નીચે એક જગ્યાએ ખીલેલા કમળની પેઠે રાખી શરીર સ્થિર કરવું તે. (૨) **પર્યંકાસન**—એટલે પલાંડી વાળી બેસવું તે. (૩) **દંડાસન**—એટલે ઉભું રહેવું તે. આ ત્રણ સિવાય બીજાં વીરાસન, લગડાસન, અંબખુજાસન, ગોદોહાસન, વગેરે કઠણ હોવાથી આ કાળમાં વધુ વખત સ્થિર રહેવું મુશ્કેલ છે. વળી તર્જની, મધ્યમા અને અનામિકા‡ એ ત્રણ વચલી આંગળીઓના નવ વેઢા થયા તેને બાર વખત ગણવાથી ૧૦૮ થાય છે. ધ્યાનને વખતે એ રીતે ૧૦૮ વાર ઇષ્ટ પ્રભુનું સ્મરણ કરવું એ ઉત્તમ છે.* માળા રાખીને સ્મરણ કરવું એ તો મધ્યમ કે કનિષ્ટ ગણાય છે. ધ્યાનીએ ધ્યાનમાં સ્થિર થઇ, નાકના

---

‡ કનિષ્ઠિકા (ટચલી આંગળી) અને અંગુઠો એ બેને છોડીને વચલી ત્રણ ગણવી.

* એનેજ નોકરવાળી (એટલે સૂત્ર વગેરેની નથી કરેલી એમ) કહેછે.

અગ્ર ભાગ પર દ્રષ્ટિ મેષોન્મેષ (એક નજર) સ્થિર કરી, ચિત્રી કાઢેલી મૂર્તિની પેઠે અડગ રહી, નિશ્ચળ બની, મોંનું જડબું ઢીલું કરી, ચિત્તને બધી વ્યાધિ અને સંકલ્પ વિકલ્પથી મુક્ત કરી બેસવું. એથી ધ્યાનની સિદ્ધિ સુલભતાથી થવા સંભવ છે.

તૃતીય પત્ર—"કાળ."

૫—'**અશુભકાળ**' ÷પહેલો, બીજો અને છઠ્ઠો એ ત્રણે આરા પૂરેપૂરા અને ત્રીજો લગભગ પૂરો, એટલા વખતમાં ધર્મી માણસોનો અભાવ હોવાથી તેમનાથી ધ્યાન બનવાનો ઓછો સંભવ છે. વળી અતિ ઉષ્ણકાળ, અતિ શીતળકાળ, અતિ જીવની ઉત્પતિનો કાળ, દુકાળ, લડાઈનો કાળ, રોગચાળાનો કાળ, એ વગેરે કાળ ધ્યાનમાં અડચણ કરનાર ગણાય છે.

૬-'**શુભકાળ**' ધ્યાનને માટે છ આરામાં ચોથો આરો સર્વોત્તમ કાળ ગણાય છે. એ આરામાં વજ્રઋષભ નારાચ સંઘયણ અને ધ્યાન કરવા લાયક જોગવાઇઓ ઘણી હતી. આથો મરણાંત કષ્ટ સહન કરીને પણ અડોલ રહેતા હતા. આ પાંચમા આરામાં સંઘયણ વગેરે ઘટી ગયાં, તેથી આગળની પેઠે ધ્યાન થઇ શકતું નથી, તોપણ સર્વથા નાસ્તિ ન સમજવું. ગુણકારક વસ્તુઓ હમેશાં ગુણજ કરે છે. ચોથે આરે સાકરમાં વધારે મીઠાશ હતી અને હમણાં કાળના પ્રભાવથી ઘટી ગઈ તો પણ સાકર તો મીઠીજ લાગશે. એ પ્રમાણે આ કાળમાં પણ યથાવિધિ કરેલું ધ્યાન ગુણકર્તાજ થશે. વળી ધ્યાન કરનાર પુરૂષે શીતકાળ, ઉષ્ણકાળ વગેરે વખતે પોતાની પ્રકૃતિને શું માફક આવે છે તેનો વિચાર કરવો. શ્રી ઉતરાધ્યયનજી સૂત્રમાં ફરમાવ્યું છે કે

÷પહેલો, બીજો ને ત્રીજો એ ત્રણ આરા ધ્યાનનું સાધન કરવા માટેજ અશુદ્ધ છે. બીજી કાંઇ અડચણ ન સમજવી.

*" बीयं झाणं झियायई " એટલે દિવસના અને રાતના બીજા પહોરમાં ધ્યાન ધરવું. વળી કેટલાક ગ્રંથોમાં પાછલી રાત્રિએ (રાતના ચોથા પહોરમાં) ધ્યાન કરવાનું સર્વોત્તમ છે એમ જણાવ્યું છે.

*દ્રવ્ય, ક્ષેત્ર, અને કાળની શુભાશુભ વિધિ, ઉપર જે જણાવી છે તે અપૂર્ણજ્ઞાની અને અસ્થિર મનવાળાને માટે છે. પૂર્ણ જ્ઞાની અને અડોલ વૃત્તિથી જેનું ચિત્ત નિર્વિકારી થઈ ગયું છે તેવા મહાત્માને તો તમામ ક્ષેત્ર, તમામ દ્રવ્ય અને તમામ કાળ ધ્યાન કરવાને માટે અનુકુળજ છે.

ચતુર્થ પત્ર—" ભાવ ".

૭. **અશુદ્ધ ભાવ કે અશુભ ભાવનું** વર્ણન તો આર્ત્ત અને રૌદ્રધ્યાનમાં બતાવ્યું છે તેજ સમજી લેવું. વિષય, કષાય, આસ્રવ, અશુભ જોગ, અસમાધિ, ચપળતા, વિકળતા, અધીરાઈ, નાસ્તિકપણું, કઠોરતા, રાગ અને દ્વેષના વિચારો વગેરે તમામ અશુભ જોગ ગણાય છે અને તેનાથી ભાવમાં મલીનતા આવે છે.

૮. ' **શુભ કે શુદ્ધ ભાવ** '—એના ચાર પ્રકાર છે તે એ કે:—

मैत्रीप्रमोदकारुण्य, माध्यस्थानि नियोजयेत् ॥
धर्मध्यानमुपस्कर्तुं, तद्धि तस्य रसायनं ॥१॥

યોગશાસ્ત્ર-પ્રકાશ ૪. શ્લોક ૧૧૭.

---

*ઉત્તરા૦ ૨૬ ગાથા ૨૨.

* **સૂત્ર**—मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावना तश्चित्तप्रसादनम्

પાતંજલ યોગદર્શન—૩૩.

અર્થ—સુખી પ્રાણીઓમાં મિત્રતા, દુઃખી પર દયા, ધર્માત્મા ઉપર હરખ, અને પાપીઓ તરફ ઉપેક્ષા એટલે માધ્યસ્થ વૃત્તિ, એ પ્રમાણે વર્તવાથી ચિત્ત પ્રસન્ન રહે છે.

અર્થ—૧ મૈત્રી ભાવ, ૨ પ્રમોદ ભાવ, ૩ કરૂણા ભાવ, મધ્યસ્થ ભાવ, એ ચારે ભાવ *સંયુક્ત થાય તો ધર્મ ધ્યાન ખરેખર રસાયન (ખરેખરો સ્વાદિષ્ટ રસ) રૂપ પેદા થાય છે.

૧. 'મૈત્રી ભાવ'—**मित्ती मे सव्वभूएसु वेरं मज्झं न केणइ** " એટલે સર્વ જીવો મારા મિત્ર છે, તેથી મારે કોઈની સાથે કંઈપણ વેર વિરોધ નથી. આ જગતવાસી તમામ જીવોની સાથે આપણો જીવ, માતા, પિતા, સ્ત્રી, પુત્ર, બંધુ, ભગિની, વગેરે જેટલા સંબંધ છે તે તમામ સંબંધ એક એક જીવની સાથે અનંતી અનંતી વાર કરી આવ્યો છે. શ્રી ભગવતીજી તથા જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં ફરમાવ્યું છે કે—**" असई अदुवा अणंत खुत्तो "** અર્થાત્—સંસારમાં આ જીવે અનંત જન્મ મરણ કરીને આખા જગતનો સ્પર્શ કર્યો છે, આ નિયમથી જગતમાંના તમામ જીવો આપણા મિત્ર છે. આ ભવનું જે કુટુંબ છે તેના ઉપર જેવો પ્રેમ રહે છે તેવોજ સર્વે જીવોની સાથે રાખવો, સૂક્ષ્મ (નજરે ન આવે એવા) જીવ, બાદર (દેખાય એવા) જીવ, ત્રસ (હાલે ચાલે એવા) જીવ, સ્થાવર (સ્થિર રહે તે) જીવ, એ બધા જીવોને આપણી આત્મા સમાન જાણવા,* અને બધા સુખી થાય એવું ઇચ્છવું તે **મૈત્રીભાવ** કહેવાય છે.

---

* **સૂત્ર**—મૈત્રીકરુણામુદિતોપેક્ષાણાં સુખદુઃખપુણ્યાપુણ્યવિષયાણાં ભાવના તચ્ચિત્તપ્રસાદનમ્. ૩૩–પાતંજલ યોગદર્શન.

અર્થ—સુખી પ્રાણીઓમાં મિત્રતા, દુઃખીપર દયા, ધર્માત્મા ઉપર હરખ, અને પાપીઓ તરફ ઉપેક્ષા એટલે માધ્યસ્થ વૃત્તિ એ પ્રમાણે વર્તવાથી ચિત્ત પ્રસન્ન રહે છે

* यथा आत्मनः प्रियप्राणाः तथा तस्यापि देहीनाम् ।
इति मत्वा न कर्तव्यो, घोरप्राणिवधो बुधैः ॥ १ ॥
(महाभारत शांत पर्व)

અર્થ—જેવી રીતે આપણો આત્મા આપણને વહાલો છે તેવી રીતે સર્વ જીવોનું જાણી કોઇપણ પ્રાણીનો વધ કદાપિ ન કરે તેજ બુદ્ધિમાન્ જાણવો.

૨. '**પ્રમોદભાવ**'—આ જગતમાં અનેક સત્પુરૂષો અનેક અનેક ગુણના ધારણ કરનાર પડયા છે. કેટલાક જ્ઞાનસાગર છે, કેટલાક સૂત્રો ભણી સ્વાદવાદ શૈલીથી જિન આગમનું રહસ્ય શ્રોતાઓના હૃદયમાં ઠસાવે એવા છે, વળી કેટલાક મહાત્મા સિદ્ધાન્તની સંધી (= સાંધ અથવા યુક્તિથી વાતને બેસાડવી તે) ના મેળવનાર, તર્ક વિતર્ક કરી ગહન વિષયને સરળ કરી બતાવનાર, નય, નિક્ષેપ, પ્રમાણ વગેરેના ન્યાયમાં પારંગત, કુતર્કીઓનું શાંતપણે સમાધાન કરનાર, અસરકારક સદ્બોધથી ધર્મની ઉન્નતિ કરનાર, ચમત્કારિક કવિત્વ શક્તિ અને વકતૃત્વ શક્તિના ધારણ કરનાર, એવા એવા અનેક ગુણના ધરનાર છે. કેટલાક શાંત, દાંત (ઇંદ્રિયદમનાર), આત્મધ્યાની, ગુણગ્રાહી, અલ્પભાષી, સ્થિરાસની, ગુણાનુરાગી, અને ધર્મરૂપ બાગમાં પોતાના આત્માને સદા આનંદ કરાવે છે. કેટલાક મહાન્ તપસ્વી માસખમણ વગેરે જબરી તપશ્ચર્યા કરનાર, ઉપવાસ આંબીલ કરનાર, છ રસના વિગયનો ત્યાગ કરનાર, એક બે ચીજપરજ નિર્વાહ કરનાર, અને શીત, તાપ, લોચ વગેરે કાયાકલેશ તપના કરનારા છે. કેટલાક જ્ઞાનાભ્યાસ અને તપશ્ચર્યા કરવાની શક્તિ નથી તોપણ સ્વધર્મીઓની ભક્તિ કરે છે અને આહાર, વસ્ત્ર, શય્યા, આસન, વગેરેનો લાભ દઈ શાંતિ ઉપજાવે છે. કેટલાક ગૃહસ્થ તન, મન, ધનથી ચારે તીર્થની ભક્તિ કરનાર, ધર્મની ઉન્નતિ કરનાર, અને મળેલા પદાર્થો અને વખતનો સદુપયોગ કરનારા છે એવા એવા અનેક ઉત્તમોત્તમ ગુણજનોનાં દર્શન કરી તેમની પ્રશંસા સાંભળી ખુશી થવું. ધન્યભાગ્ય છે કે અમારા ધર્મમાં એવાં એવાં નરરત્નો ઉત્પન્ન થઈ ધર્મને દીપાવે છે. એવા મહા પુરૂષો સદા વિજયવંત હો!! એવું વિચારી એનો સત્કાર કરવો, સન્માન દેવું, શાંતિ ઉપજાવવી, બીજાને તેમની ભક્તિ કરતા જોઈ પ્રસન્ન થવું, એને **પ્રમોદ ભાવના** કહે છે.

૩. '**કરૂણા ભાવ**'—જગતવાસી જીવો કર્મવશ બની

અનેક દુઃખ પામે છે. કેટલાક અંતરાય કર્મની પ્રબળતાથી અનાથ, ગરીબ અને દુઃખી થઈ રહ્યા છે. ખાનપાન, વસ્ત્ર, ઘર, વગર હેરાન છે. કેટલાક વેદનીય કર્મની પ્રબળતાથી કોઢ વગેરે અનેક રોગથી પીડિત છે, કેટલાક લાકડાની બેડી (હેડ) જંજીર વગેરે બંધનમાં પડયા છે, કેટલાક શત્રુને તાબે થઈ દુઃખી છે, કેટલાક ટાઢ, તાપ, ભૂખ, તરસ વગેરે અનેક વિપત્તિ ભોગવે છે, કેટલાક આંધળા, લૂલા, લંગડા, બહેરા, મુંગા, વગેરે અંગોપાંગ રહિત છે, કેટલાક પશુ, પક્ષી, જળચર અને વનચર જીવો પરાધીનપણું ભોગવે છે, વધ, બંધન, મારવું, કૂટવું વગેરે વેદના સહન કરે છે, કેટલાક પાપીઓને હાથે કપાય છે, વગેરે અનેક જીવ અનેક તરેહનાં કષ્ટ ભોગવીને સુખને માટે તરફડીઆં મારે છે. તેઓ કહે છે કે અમને કોઈ સુખી કરો! અમને જીવિતનું દાન દ્યો! દુઃખ અને સંકટથી બચાવો! વગેરે દીન અને દયામણી પ્રાર્થના કરે છે એવાને જોઈ આપણે ખેદ પામવો, કરૂણા લાવવી અને એમને દુઃખથી છોડાવવા, યથાશક્તિ અને યથા યોગ્ય પ્રયત્ન કરવો અને સુખી કરવા એને **કરૂણા ભાવના** કહે છે.

૪. **'મધ્યસ્થ ભાવ'**—આ વિશ્વમાં કેટલાક ભારે કર્મી પાપી જીવ સદ્‌ગુણ અને સદ્‌ધર્મને ત્યાગી અવગુણ અને અધર્મનો સ્વીકાર કરે છે. સદા ક્રોધમાં તપેલા, માનમાં અક્કડ થયેલા, કપટથી ભરેલા અને લોભમાં તત્પર રહે છે. નિર્દયતાથી અનાથ પ્રાણીઓનો સંહાર કરે છે. મદિરા, માંસ, કંદમૂળ વગેરે અભક્ષ્ય પદાર્થનું ભક્ષણ કરે છે. અસત્ય, ચોરી અને મૈથુન સેવવામાં ચતુરાઈ બતાવે છે. વિષયલંપટ વેશ્યા અને પર સ્ત્રી ગમનમાં આનંદ માને છે. જુગાર વગેરે દુર્વ્યસનમાં બૂડેલા, અઢાર પાપોથી ભરેલા કુદેવ, કુગુરૂ અને કુધર્મની આબરૂ વધારનાર, ભલા માણસની નિંદા કરનાર, પોત પોતાની બડાઈમાં મગ્ન, વગેરે પાપી જીવોને

જોઈ રાગ અને દ્વેષ રહિત બની મધ્યસ્થ પરિણામથી વિચાર કરવો કે આહા! જુઓ આ બિચારા જીવોની કર્મ દશા કેવી બરાબ છે! ચાર ગતિરૂપી સંસારમાં અત્યંત દુઃખ સહન કરતાં કરતાં, અનંત પુણ્યોદયથી, અનેક દુઃખથી મુકત એવો મનુષ્ય જન્મ, આર્ય ક્ષેત્ર વગેરે ઉત્તમોત્તમ સામગ્રીઓ મળી છે તે આ કમનસીબ જીવો વ્યર્થ ગુમાવે છે! પોતાનું બળ ને સાધન કુમાર્ગમાં વાપરે છે! સુખ મેળવવા જતાં દુઃખ પ્રાપ્ત કરે છે! કાંકરો વેચાતો લઈ ચિંતામણી રત્ન આપે છે, ઝેરના બદલામાં અમૃત દે છે અને સુધારાની જગાએ ઉલટો બગાડો કરે છે! હે પ્રભુ! આ કુકર્મનાં ફળ ભોગવવા ટાણે બિચારા અનાથ પામર જીવોની શી દશા થશે! કેવી વિટંબણા પામશે! ત્યારે કેવો ને કેટલો પશ્ચાત્તાપ થશે! પણ આ બિચારા જીવોનો શો દોષ છે, એતો બિચારા સારૂં કરવાને માટેજ પ્રયત્ન કરે છે, પણ તેનાં અશુભ કર્મો તેમને સદ્બુદ્ધિ ઉપજવા દેતાં નથી, જેવું જેવું જેનું ભવિતવ્ય (=ભાવી) હોય તે પ્રમાણે બનાવ બન્યાં કરે છે વગેરે વિચારોથી મધ્યસ્થપણે ઉદાસીનતા ધારણ કરે તે **મધ્યસ્થ ભાવના** જાણવી.

આ ચારે ભાવના ભાવતાં તથા તેમાં કહ્યા પ્રમાણે વર્તતાં દરેક જીવ રાગ, દ્વેષ, વિષય, કષાય, કલેશ, મોહ વગેરે શત્રુઓનો નાશ કરવાને સમર્થ થાય છે. આ ભાવના ભાવનારના હૃદયમાં ઉપર કહેલા શત્રુઓને પ્રવેશ કરવાનું સ્થાન મળતું નથી.

તૃતીય ઉપશાખા—"શુભધ્યાન સાધન".

શ્લોક—અષ્ટાવઙ્ગાનિ યોગસ્ય, યાન્યુક્તાન્યાર્યસૂરિભિઃ
ચિત્તપ્રસત્તિમાર્ગેણ, બીજં સ્યુસ્તાનિ મુક્તયે ॥ ૧ ॥

જ્ઞાનાર્ણવ–સર્ગ ૨૨–શ્લોક ૭.

અર્થ—ચિત્તની પ્રસન્નતાને વાસ્તે અને ધ્યાનની સિદ્ધિ કરવા સારૂ પૂર્વાચાર્યોએ યોગનાં આઠ અંગ ફરમાવ્યાં છે તે અહીં કહે છે.

गद्य—केश्चिद्यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यान-समाधयइत्यष्टावङ्गानि योगस्य स्थानानि ॥ १ ॥

ज्ञानार्णव-सर्ग २२-श्लोक १.

અર્થ—૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધારણા, ૭. ધ્યાન અને ૮. સમાધિ એ આઠ પ્રકારનાં સાધનથી યોગાભ્યાસ (=ધ્યાન) સિદ્ધ થાય છે.

પ્રથમ પત્ર—" યમ ".

" अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहयमाः "

અર્થાત્—યમના પાંચ ભેદ છે. (૧) ' અહિંસા ' એટલે ત્રસ, સ્થાવર સર્વે પ્રાણીઓને પોતાના આત્મા બરોબર ગણે, અને તેમનાપર મૈત્રીભાવ ધારણ કરે જેથી બધાં પ્રાણી સજ્જન બને. (૨) ' સત્ય ' એટલે ઇંદ્રિયો અને મનથી જેવા જેવા ભાવ જાણવામાં આવે તે કોઈને દુઃખકારી ન થાય પણ ગુણકારી થાય એવી રીતે અવસર જોઈ કહે જેથી વચન સિદ્ધિ થાય. (૩) ' અસ્તેય ' એટલે સજીવ અને નિર્જીવ વસ્તુઓ કે જેના વિના ચાલે નહિ તે જોઈએ તેટલીજ અને તેનો માલિક ખરા અંતઃકરણથી ઉત્સાહ પૂર્વક દે તેજ ગ્રહણ કરે જેથી ઇચ્છિત સર્વ વસ્તુઓ મળે. (૪) ' બ્રહ્મચર્ય ' એટલે ઇંદ્રિયો અને મનને વિકારી બનાવે એવા શબ્દ વગેરે વિષયોથી મનને ખેંચી લે અને નિવૃત્તિ ધારણ કરે કે જેથી શરીર અને બુદ્ધિનું બળ વધે. (૫) ' અપરિગ્રહ ' એટલે ગમતી અને અણગમતી વસ્તુઓ ઉપર રાગદ્વેષરૂપી ભાવ ધરે નહિ. જેથી નિકાળજ બને. એ પાંચે યમને પૂર્ણતાથી ધારણ કરે.

દ્વિતીય પત્ર—" નિયમ ".

शौचसंतोषतपस्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः

અર્થાત્—નિયમના પાંચ ભેદ છે.—(૧) ' શૌચ '*—સાત દુર્વ્યસન, ઠગાઈ, ઈર્ષા, મદાન્ધતા, વિષયોમાં રમણુતા, જોઇએ તે કરતાં વધારે સંગ્રહ, મિથ્યા આચરણ, ખીજાને ગભરાવવાં અને અનાચાર એ બધાંનો ત્યાગ કરે અને શરીરથી અશુચિ દૂર રાખે, જેથી સંસર્ગીને રૂગ ન ચડે. હવે અભ્યંતર શુચિ તે કામક્રોધાદિથી અલગ રહે કે જેથી મન નિર્મળ રહે. (૨) ' સંતોષ '—ભૂખની શાંતિ કરે તેટલુંજ અન્ન, ગુપ્ત અવયવ ઢાંકે અને શીતાદિથી બચાવે તેટલાંજ વસ્ત્ર, જરૂર હોય તેટલાં મકાન અને શય્યા એ બધાં ઉદાસભાવ—અનિત્યભાવથી ગ્રહણ કરે, વિશેષ ઈચ્છા ન કરે જેથી નિર્દોષ બની સુખી થાય. (૩) ' તપ '—ટાઢ, તાપ, ભૂખ, તરસ, મારે કૂટે, વાકય પ્રહાર વગેરે કષ્ટ, સમભાવથી સહન કરે, ધર્મ અને વૃદ્ધની સેવા અને સદ્ગુણનું આચરણ કરે, જેથી રિદ્ધિ સિદ્ધિ મળે. (૪) ' સ્વાધ્યાય '—શાસ્ત્રોનું પઠન, પાઠન, મનન કરે,

---

શ્લોક—સત્યશૌચં તપશૌચં, શૌચમિન્દ્રિયનિગ્રહઃ ।
સર્વભૂતદયાશૌચં, જલશૌચં તુ પંચમમ્ ॥ ૧ ॥
ચાણુકય નીતિ.

અર્થ—સત્ય બોલવાથી, તપ કરવાથી, ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાથી, જીવોની રક્ષા કરવાથી અને પાણીથી એમ પાંચ પ્રકારે શુચિ થાય છે.

શ્લોક—અશુચિ કરુણાહીનં, અશુચિ નિત્ય મૈથુનં ।
અશુચિ પરદ્રવ્યેષ્વ, શુચિ પરનિંદા ભવેત્ ॥ ૧ ॥
ચાણુકય નીતિ.

અર્થ—દયા રહિત, નિત્ય મૈથુન સેવનાર, ચોરી કરનાર અને નિંદાખોર એ ચાર સદા અશુદ્ધજ રહે છે.

ૐકાર નવકારનું સ્મરણ કરે, જેથી ઈષ્ટદેવ પ્રસન્ન થાય અને ઈચ્છિત કાર્ય સિદ્ધિ થાય. (૫) ' પ્રણિધાન '—પ્રભુને સર્વે ભાવ સમર્પણ કરે, બનવાનું છે તે કોઈને કોઈ રીતે બનશે એમ જાણી, શુભ અશુભ કામ, દુઃખ સુખ વગેરેથી મનમાં ગભરામણ, અકળામણ ન કરે જેથી સમાધિ ભાવની પ્રાપ્તિ થાય છે. આ પાંચ નિયમને ધારણ કરે.

તૃતીય પત્ર—" આસન ".

समं कायशिरोग्रीवं, धारयन्नचलं स्थिरः ।
संप्रेक्ष्य नासिकाग्रं स्वं, दिशश्चानवलोकयन् ॥ १ ॥
प्रशांतात्मा विगतभी, र्ब्रह्मचारि व्रतेस्थितः ।
मनः संयम्य मच्चित्तो, युक्त आसीत मत्परः ॥ २ ॥
युञ्जन्नेवं सदात्मानं, योगी नियतमानसः ।
शान्तिं निर्वाणपरमां, मत्संस्थामधिगच्छति ॥ ३ ॥

(गीताजी) अ. ६, श्लोक १३, १४, १५

અર્થ—શ્રીકૃષ્ણ કહે છે કે—અહો ધર્મરાજ ! શરીર માથું અને ડોકને સ્થિર કરી, આમતેમ ન જોતાં, ફક્ત નાકના અગ્રભાગ પર નજરને દ્રઢ કરી, અંતઃકરણને અત્યંત નિર્મળ કરી, ભય રહિત અને બ્રહ્મચર્ય સહિત મનનો સંયમ કરી જેઓ મારી તરફ લગાવે છે, અને મનેજ સર્વસ્વ ગણે છે એવા જોગીઓજ મારી મદદથી નિર્વાણ અને પરમ શાંતિના સ્થાનને પહોંચે છે. આસનનો વિશેષ ખુલાસો પાછળ શુભ દ્રવ્યમાં કર્યો છે તે જાણી લેવો. જે આસનથી શરીર અને મનની સ્થિરતા રહે તે આસન શ્રેષ્ટ છે.

ઉપર કહેલ યમ અને નિયમથી બાહ્ય અભ્યંતર આત્માને પવિત્ર કરી, આસન લગાવી, દ્રઢ બની, પછી ધ્યાનની સિદ્ધિને માટે પ્રાણાયામ વગેરે ક્રિયા કરવાની છે તે જણાવે છે.

ચતુર્થ પત્ર—" પ્રાણાયામ ".

" तस्मिन्सति श्वासप्रश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ".

અર્થાત્—શ્વાસોશ્વાસને રોકવો તે પ્રાણાયામ.

પ્રાણાયામ કરનારને શુદ્ધ સ્થાન, સ્વચ્છ બિછાનું, ચિંતા રહિત મન અને રોગ રહિત શરીરની પૂરેપૂરી જરૂર છે. જમીને તેમજ મળ મૂત્રાદિ હાજત દૂર કર્યા વિના પ્રાણાયામની ક્રિયા કરવી યોગ્ય નથી. આ વાતોનો પૂરેપૂરો વિચાર કરી ઉપર કહેલા આસનપર સ્થિર થઇ પ્રાણાયામની ક્રિયાનો પ્રારંભ કરવો જોઇએ. પ્રથમ પોતાના ઇષ્ટદેવનું સ્મરણ અને ૐ અગર અર્હન્ મંત્રનો જાપ કરવો. પછી એવો સંકલ્પ કરવો કે હું શરીર શુદ્ધિને માટે પ્રાણાયામ કરૂં છું. આ પ્રમાણે સંકલ્પ કર્યા બાદ પ્રાણાયામની ક્રિયા કેવી રીતે કરવી તે કહે છે.

બાહ્ય પ્રાણાયામ.

પ્રથમ ઇડા નાડી (= જમણી નાસિકા) થી ધીરે ધીરે પ્રાણ વાયુ ઉદરમાં અગર હૃદયમાં ભરવો તેને કુંભક પ્રાણાયામ કહે છે. એ પ્રાણવાયુને અંદર બે મિનિટ રોકવો તેને પૂરક પ્રાણાયામ કહે છે. પછી તે રોકેલા પ્રાણવાયુને ધીરે ધીરે પિંગલા (= ડાબી નાસિકા) થી બહાર કાઢવો તેને રેચક પ્રાણાયામ કહે છે. આ પ્રમાણે સાધન થાય ત્યારે સમજવું કે હું પ્રાણાયામની ક્રિયા સાધી શકીશ. પ્રાણાયામ સાધનારને આ પ્રમાણે સવાર, બપોર અને સાંજ ત્રણે કાળ ૮૦-૮૦ વખત સાધન કરવું જોઇએ. બે મહિના લગી એવી રીતે સાધન કરવાથી સુષુમ્ણાનું ઉત્થાન થયું કહેવાય છે. સુષુમ્ણાનું ઉત્થાન થવાથી આત્મ ધ્યાન કરવાની યોગ્યતા મળે છે, મનની સ્થિરતા થાય છે અને શરીરની અંદરનો પ્રાણવાયુ બહુજ શુદ્ધ થાય છે.

આ પ્રમાણે બે માસ થયા પછી ફક્ત કુંભક પ્રાણાયામની ક્રિયાનો પ્રારંભ કરાય છે. માત્ર કુંભક પ્રાણાયામની ક્રિયામાં પ્રાણાયામની માફક બધી વિધિ કરવી જોઈએ. ફેર માત્ર એટલોજ કે બે મિનિટ (= ક્ષણ) થી વધુ કાળ, શક્તિ પ્રમાણે હૃદયમાં અગર ઉદરમાં વાયુને રોકવો, એને કેવળ કુંભક પ્રાણાયામ કહે છે. બે પ્રમાણે ત્રણે કાળ (પ્રભાત, મધ્યાહ્ન, અને સાંજે) શરૂઆતમાં વીશ વીશ વખત અને પછી ત્રીશ ત્રીશ વખત કરી બે મહિના લગી ચલાવાય તો કેવળ કુંભક પ્રાણાયામની સામાન્ય સિદ્ધિ થઈ એમ ગણાય છે. કેવળ કુંભક પ્રાણાયામની ક્રિયા કરવાથી પિત્ત અને કફથી ઉત્પન્ન થતાં છાતીનાં ક્ષયરોગ, શ્વાસ વગેરે દરદોની શાંતિ થાય છે, શરીર હલકું બને છે, અને આ ક્રિયા કરવાથી મન લજ્જાવંત બને છે તેથી મનમાં ઉઠતા અનેક પ્રકારના સંકલ્પ બંધ પડી જાય છે.

પંચ વાયુની શુદ્ધિનો ઉપાય.

શ્લોક—હૃદિ પ્રાણો ગુદેઽપાન, સમાનો નાભિમંડલે ॥
ઉદાનઃ કંઠદેશે સ્યાત્, વ્યાન સર્વશરીરગઃ ॥૧॥

અર્થ—હૃદયમાં પ્રાણ વાયુ રહે છે, ગુદામાં અપાનવાયુ રહે છે, નાભિમંડળમાં સમાનવાયુ રહે છે, કંઠમાં ઉદાનવાયુ રહે છે અને આખા શરીરમાં વ્યાનવાયુ રહે છે.

પ્રાણવાયુ જીતવાને માટે હૃદયમાં ચિત્તની વૃત્તિનું સ્થાપન કરી ‘ ઐં ’ મંત્રનું સ્મરણ કરે છે. અપાનવાયુ જીતવા સારૂ ગુદાસ્થાનમાં ચિત્તવૃત્તિનું સ્થાપન કરી ‘ રૌં ’ મંત્રનું સ્મરણ કરે છે. સમાનવાયુ જીતવા સારૂ ચિત્તવૃત્તિને નાભિમંડળમાં સ્થાપિત કરી ‘ ૈં ’ મંત્રનું ધ્યાન કરે છે, ઉદાનવાયુ જીતવાને કંઠસ્થાનમાં ચિત્ત-

વૃત્તિને રોકી 'ઙ્ગ્રૌં' મંત્રનો જપ કરે છે, અને વ્યાનવાયુને જીતવાને આખા શરીરમાં ચિત્તવૃત્તિનું રમણ કરી 'ક્ષ્રૌં' મંત્રની સાધના કરે છે, આ જપ એક ધ્યાનથી એક મુહૂર્ત્ત કરવામાં આવે છે. એ પ્રમાણે પાંચ વાયુની સાધનાથી જઠરાગ્નિની પ્રબળતા થાય છે, શરીર સંબંધી અનેક રોગ બળીને ભસ્મ થાય છે, શરીર મજબૂત અને હલકું થાય છે, જળ, અગ્નિ વગેરે ઉપદ્રવથી રક્ષણ થાય છે એ રીતે અનેક દ્રવ્યગુણનો લાભ મળે છે. હેમાચાર્ય વિરચિત યોગશાસ્ત્રનું એ કથન છે.

'દેખા દેખી સાધે યોગ, પડે પિંડ કે વાધે રોગ'

આ વાતને ધ્યાનમાં લઈ પ્રાણાયામની ક્રિયા ગુરૂગમ વિના નજ કરવી.

અભ્યંતર પ્રાણાયામ.

શરીર, વાણી અને મનમાં આત્મબુદ્ધિ, જડ અને ચૈતન્યની અજ્ઞાનતા, પુદ્ગલિક વ્યવહારમાં નિમગ્નપણું એ બધા બહારના આત્મભાવને ત્યાગ કરે તે **અભ્યંતર રેચક પ્રાણાયામ છે.** આત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણોથી ભરવો તે **અભ્યંતર પૂરક પ્રાણાયામ** છે. ઉપશમ અને ક્ષયોપશમ ભાવને સ્થિર કરવા તે **અભ્યંતર કુંભક પ્રાણાયામ** છે. આ રીતે બંને પ્રકારના પ્રાણાયામ કરવાથી જ્ઞાનપરનું આવરણ દૂર થઈ આત્મજ્યોતિ પ્રદિપ્ત થાય છે.

પંચમ પત્ર—"પ્રત્યાહાર."

પ્રાણાયામ કરવાથી મન વ્યાકુળ થઈ જાય તો તેને સ્થિર કરવાને પ્રત્યાહાર કરવો પડે છે, મનને ઇંદ્રિયોના શબ્દાદિ વિષયો તેમજ પુદ્ગલ પરિણતિ વગેરે બહિરાત્મ ભાવથી અત્યંત ખેંચી, ઉદયિક ભાવમાં દોડી જતી ચિત્તવૃત્તિને ફેરવી ક્ષયોપશમ, ઉપશમ,

અને ક્ષાયિક ભાવનો વધારો કરે, અને શરીરને કોઈપણ એક અવયવ પર સ્થાપન કરીને એકાગ્રતા કરે, તેને **પ્રત્યાહાર** કહે છે. આથી મન સ્વાધીન થઈ જાય છે એમ કેટલોક વખત મનની એકાગ્રતા થયા પછી મનની અંતર્વૃત્તિ કરી ધારણા ધારણ કરે છે તે વિષે કહે છે.

ષષ્ઠ પત્ર—"ધારણા."

"**देशबंधश्चितस्य धारणा**" એટલે ચંચળ ચિત્તને રોકી ઇષ્ટ વસ્તુમાં એકાગ્ર કરે તેને **ધારણા** કહે છે.

જેમ વ્યભિચારીનું મન સ્ત્રીમાં, લોભીનું મન ધનમાં અને વિદ્યાર્થીનું મન વિદ્યામાં વગર મોકલ્યું અહોનિશ લાગ્યું રહે છે તેવીજ રીતે અહકે તેથી પણ વિશેષ, ધારણા ધારણ કરનારા ઋષીશ્વરોની ચિત્તવૃત્તિ માત્ર સત્શાસ્ત્રોનાં તત્ત્વાર્થ રહસ્યમાં અખંડ લાગી રહે છે. જેમ વાસુદેવ પોતે પ્રતિવાસુદેવનો સંપૂર્ણ પરાજય કરવાને પોતાના પરાક્રમને જાગૃત કરી પ્રવર્તે છે તેવીજ રીતે કર્મશત્રુનો પરાજય કરવા માટે ચિત્તવૃત્તિને અખંડ લગાડી દે અને એમ વિચારે કે હું અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયનો ધારણ કરનાર અનંત શક્તિમાન છું, મારો પ્રતિપક્ષી જે કર્મશત્રુ તે મારૂં નીજ-સ્વભાવરૂપી ધ્યાન ભૂલાવી મને અનંત દુઃખરૂપી વિંટબનામાં નાંખી દે છે તે હવે મારા જાણવામાં આવ્યું. મારાં મોટાં ભાગ્ય! કે આવી સમજણ મારામાં આવી તે મારો સુધારો થવાનાં ચિહ્ન બતાવે છે. હવે ગફલતમાં રહીને આવી અનુપમ તક ગુમાવવી એ મારે માટે બિલકુલ ઠીક નથી, એવો દ્રઢ નિશ્ચય ધારણ કરે, જેથી સાંસારિક બધા પદાર્થોપરથી રાગ, દ્વેષરૂપી વૃત્તિ ઢીલી પડી જાય છે, આત્મા સમભાવી બને છે, આત્માની ચડતી થાય છે અને આગળપર કર્મશત્રુનો નાશ કરવાને ધ્યાન કરવા લાયક થવાય છે, તે **ધ્યાન** બતાવે છે.

સપ્તમ પત્ર--" ધ્યાન. "

" तत्र प्रत्येकतानता ध्यानम् " ધારણા કેરે ધ્યાન થાય છે. જેની ધારણા કરી હોય તેમાં અખંડ રીતે એક ચિત્ત કરવું તેને **ધ્યાન** કહે છે.

ધ્યાનના વિષયનો આ આખો ગ્રંથ છે તો પણ કંઈક અહીં જણાવે છે. ધ્યાનના બે ભેદ છે. (૧) નવકાર, નમોત્થુણં, લોગસ્સ, **ૐ, અર્હન્**, અગર બીજી રીતે **सोहं हंसः, तत्त्वमसि, अहं ब्रह्मास्मि,** ઇત્યાદિ પદોનું આલંબન લઇ ધ્યાન ચિંતન કરે, તથા કોઇપણ બાહ્ય તથા અભ્યંતર (= આત્મભાવ), પ્રત્યક્ષ કે પરોક્ષ પદાર્થ (= પરભાવ) પર દ્રષ્ટિ સ્થાપન કરી તે પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાયનો જ્ઞાન ભાવથી વિચાર કરે તેને **સાલંબધ્યાન** કહેછે. (૨) ફકત આત્મ દ્રવ્યનું સંકલ્પ વિકલ્પ રહિત ચિંત્વન થાય તેને **નિરાલંબધ્યાન** કહે છે. એ પ્રમાણે ધ્યાન કરવાથી સમાધિની પ્રાપ્તિ થાય છે તે જણાવે છે.

અષ્ટમ પત્ર—" સમાધિ ".

" तदेवार्थमात्रानिर्भासं स्वरूपशुन्यमिव समाधिः "

અર્થાત્--ધ્યાન પછી સમાધિ થાય છે. સમાધિ વખતે ધ્યાતા પોતાનું ભાન ભૂલી જઇ ધ્યેય રૂપ બની જાય છે, અને આત્માનો અનુભવ સંપૂર્ણતાથી મળે છે. સંકલ્પ વિકલ્પ રહિત વૃત્તિ થવાથી આત્મામાં સંપૂર્ણપણે રમણતા થાય છે અને તેથીજ અખંડ સુખનો ભોક્તા બને છે. આવા સમાધિવંત મહાત્માઓની મુખ મુદ્રા હમેશાં પ્રફુલ્લિત, વચનો શીતળ અને વિષય રહિત તથા કાયા અત્યંત ગૌરવ ગુણધારક, નિશ્ચળ, અકુટિલ અને કોઇને પણ દુઃખ ન ઉપજે એવી થઇ જાય છે.

" त्रयमेकत्रसंयमः " ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણની એકત્રતા થવી તેને સંયમ કહે છે. એ સંયમથીજ સર્વ સુખ તેમજ પરમ પદની પ્રાપ્તિ થાય છે.

" શુભ ધ્યાનનું ફળ. "

એવી વિધિથી કરેલું ધ્યાન, આ જીવને મોક્ષ માર્ગમાં ચોંટાડે છે, હૃદયમાંના જ્ઞાનરૂપી દીવાને પ્રદિપ્ત કરે છે, અતીંદ્રિય એવું જે મોક્ષ સુખ તેને મેળવી આપે છે, અધ્યાત્મ દશાની શાંતિ મળે છે, ઇંદ્રિયોના વિષયો ચિત્તને ખેંચી શક્તા નથી, મોહરૂપી નિદ્રા સ્વાભાવિક રીતે નાશ પામી તેનો સંપૂર્ણ ક્ષય થાય છે, ધ્યાન નિદ્રા (= સમાધિ)ની પ્રાપ્તિ થાય છે, મહા પરાક્રમ પ્રગટે છે, વીતરાગ દશા પેદા થાય છે, અને ધ્યાતાને તેજ વખતે મુક્તિ સુખનો અનુભવ આ લોકમાંજ થવા માંડે છે. આવી મહાન્ શક્તિઓ અને લાભો વિધિસર કરેલું ધ્યાન આપી શકે છે.

ક્ષેત્ર વગેરે આઠ પ્રકારનાં શુભાશુભ ધ્યાનનાં સાધનોમાંથી અશુભને ત્યાગી શુભને ગ્રહણ કરનાર ધ્યાતા, યમ, નિયમ વગેરે આઠ પ્રકારનાં સાધનની સાધના યથાવિધિ કરતાં ધ્યાનની સિદ્ધિ મેળવી શકશે.

પરમ પૂજ્ય શ્રી કહાનજી ઋષિજી મહારાજના સંપ્રદાયના બાલ બ્રહ્મચારી મુનિશ્રી અમોલખઋષિજી વિરચિત ધ્યાનકલ્પતરુ ગ્રંથની શુભ ધ્યાન નામે ઉપશાખા સમાપ્ત.

તૃતીય શાખા-"ધર્મ ધ્યાન".

જેવી રીતે પ્રથમ અશુભ ધ્યાનના બે ભેદ આર્ત્તધ્યાન ને રૌદ્રધ્યાન ગણ્યા છે તેવી રીતે શુભ ધ્યાનના પણ બે ભેદ જાણવા-- ૧. ધર્મ ધ્યાન, ૨. શુકલ ધ્યાન. એનું વર્ણન હવે ચાલશે.

પ્રથમ ઉપશાખામાં શુભધ્યાન કરવાની વિધિ બતાવી, હવે અહીં શુભ ધ્યાનમાં બેઠા પછી સારા વિચારો કરવા તે કહે છે. વિચારો બે જાતના છે. (૧) કર્મોની એકાંત (=કેવળ) નિર્જરા કરી સર્વ કર્મોનો નાશ કરી મોક્ષરૂપ ફળને દેનાર વિચારો છે તેને શુકલધ્યાન કહે છે. તેનું વર્ણન આગળ આવશે. (૨) અશુભ કર્મનો વિશેષે કરીને અને શુભ કર્મનો કિંચિત્ નાશ કરે અને નિર્જરા તથા પુણ્ય પ્રકૃતિનું ઉપાર્જન કરે તે વિચારોને ધર્મધ્યાન કહે છે. તેનું વર્ણન અહીં કરું છું.

સૂત્ર—धम्मेझ्झाणे चउव्विहे चउप्पडायारे पण्णत्ते तं जहा।

(ઉવવાઇ સૂત્ર).

અર્થ—ધર્મ ધ્યાનના ચાર પાયા, ચાર લક્ષણ, ચાર આલંબન અને ચાર અનુપ્રેક્ષા એમ સોળ ભેદ શ્રી તીર્થંકર મહારાજે ફરમાવ્યા છે તે પ્રમાણે અહીં કહે છે.

પ્રથમ પ્રતિશાખા—" ધર્મ ધ્યાન પાયા. "

સૂત્ર-૧ आणाविचये, २ अवायविचये, ३ विवागविचये, ४ संठाणविचये.

અર્થ—ધર્મ ધ્યાનના ચાર પાયા છે. (૧) આજ્ઞાવિચય, (૨) અપાયવિચય, (૩) વિપાકવિચય અને (૪) સંઠાણવિચય.

જેવી રીતે ઝાડને લાંબા વખત લગી ટકવાને માટે પાયાની (= મૂળની) મજબૂતીની જરૂર છે, તેવી રીતે ધ્યાનને સ્થિર કરવા માટે ચાર પ્રકારના પાયારૂપી વિચાર કરે છે. શ્રીભગવાને આ જીવના ઉદ્ધારને માટે ૧ હેય એટલે છોડવા યોગ્ય, ૨ જ્ઞેય એટલે જાણવા યોગ્ય, ૩ ઉપાદેય એટલે આદરવા યોગ્ય એ પ્રમાણેના કયા કયા હુકમ ફરમાવ્યા છે તેનો વિચાર કરવો તે **આજ્ઞાવિચય** ધર્મ ધ્યાન છે. (૨) આ જીવ અનંતકાળથી દુઃખી છે તે દુઃખ શાથી દૂર થાય તેનો વિચાર કરવો તે **અપાયવિચય** ધર્મ ધ્યાન છે. (૩) કર્મ શું છે? કેવી રીતે ઉત્પન્ન થાય છે? અને શું શું ફળ આપે છે? એવો વિચાર કરવો તે **વિપાકવિચય** ધર્મ ધ્યાન છે. (૪) જે જગત્માં આ જીવને ભમતાં ભમતાં અનંતકાળ જતો રહ્યો તે જગતનો કેવો આકાર છે? એનો વિચાર કરવો તે **સંઠાણવિચય** ધર્મધ્યાન છે.

એ ચારનું વિસ્તારથી વર્ણન આગળ કહે છે.

પ્રથમ પત્ર—"આજ્ઞાવિચય".

આજ્ઞાવિચય ધર્મધ્યાનનો ધ્યાતા એવો વિચાર કરે કે, આ જગતમાં રહેલા ઘણા જીવો આત્મ કલ્યાણની ઇચ્છા કરે છે, તે આત્મ કલ્યાણ શ્રીજિનેશ્વર પ્રભુની આજ્ઞામાં પ્રવર્તવાથીજ થાય છે. શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞામાં રહીને સાધુ, શ્રાવક જે કરણી કરે છે, તે કરણી આત્મ કલ્યાણ કરનારી છે. પ્રભુની આજ્ઞાથી વધારે, ઓછું અને વિપરીત સરધે, તે મિથ્યાત્વ ગણવું. માટે શ્રીજિનેશ્વર ભગવાનની આજ્ઞા કઈ કઈ છે તેનો પ્રથમ વિચાર કરવાની બહુ જરૂર છે. શ્રીજિનેશ્વર ભગવાને કેવળજ્ઞાન મેળવી, અધો લોક, મધ્ય લોક અને ઉર્ધ્વ લોક એ ત્રણ લોકમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળમાં જીવ અને પુદ્ગળના અનંત પર્યાયોનું પરાવર્તન થઈ રહ્યું છે તે પ્રગટ કરી બતાવ્યું છે. તેથીજ આપણે તેમની આજ્ઞા પ્રમાણે ચરાચર (= ચળ અને અચળ)

પદાર્થોથી જાણીતા થયા છીએ. વળી અગોચર (= અદ્રશ્ય) પદાર્થોના ગુણ અને પર્યાય તો એટલા સૂક્ષ્મ છે કે આપણે તો શું પણ મોટા મોટા ચાર જ્ઞાનના ધરનાર, બાર અંગના ભણેલ, મહા મુનિવરોને પણ લક્ષમાં આવવા મુશ્કેલ છે અને જે પદાર્થ આપણી સમજમાં તો આવતાજ નથી છતાં આપણે શાસ્ત્રમાંથી વાંચી સત્ય માનીએ છીએ તે પણ શ્રીતીર્થંકર પ્રભુએ નિશ્ચયપણે વર્ણવી બતાવ્યા છે. આપણે તેમની આજ્ઞા માનવીજ જોઇએ, કારણ કે આપણને સંપૂર્ણ ખાત્રી છે કે શ્રી વીતરાગ પ્રભુ રાગ અને દ્વેષથી રહિત છે, એમને કોઇનો પણ પક્ષ છે નહિ, જેથી તેઓ કદીપણ જૂઠું બોલેજ નહિ. શ્રી સર્વજ્ઞ પ્રભુએ કેવળજ્ઞાનમાં જેમ દીઠું તેમ ફરમાવ્યું છે અને તે સર્વ સત્યજ છે.

શ્રી જિનેશ્વર દેવે જે જે ફરમાવ્યું છે તેમાંથી અહીંઆ કંઇક જરૂરનું જાણી શ્લોકમાં કહે છે.

શ્લોક—સૂત્રાર્થ માર્ગણ મહાવ્રત ભાવના ચ ।
પંચેંદ્રિયોપશમતાતિદયાર્દ્રભાવઃ ॥
બંધપ્રમોક્ષગમનાગતિ હેતુ ચિંતા ।
ધ્યાનં તુ ધર્મમિતિ તત્ પ્રવદન્તિ તજ્જ્ઞાઃ ॥

(સાગાર ધર્મામૃત)

અર્થ—સૂત્રોનો અર્થ, જીવોની માર્ગણા, મહાવ્રતની ભાવના, પાંચ ઇંદ્રિયોને દમવાનો વિચાર, દયાર્દ્રભાવ, કર્મથી બંધન અને મુક્ત થવાના ઉપાય અને વિચાર, ચાર ગતિ અને સતાવન હેતુની ચિંતવણા, એ વગેરે વિચાર કરે તેને શ્રી તત્ત્વજ્ઞ પ્રભુએ ધર્મ ધ્યાનનો ધ્યાતા કહ્યો છે.

ધ્યાન કરનારને પ્રથમ સૂત્ર જ્ઞાનની ઘણી જરૂર છે તેથી અહીંઆ પ્રથમ શ્રુતજ્ઞાનનું વર્ણન કરે છે.

ગાથા–સુયકેવલં ચ ણાણં, દોણી વિ સારિસાણિ હોતિ બોહેઓ,
સુયણાણં તુ પરોક્ખં, પચ્ચક્ખં કેવલણાણં.

(ગોમટસાર).

અર્થ—શ્રુતજ્ઞાન અને કેવળજ્ઞાન બંને બરાબર છે, ફરક માત્ર એટલોજ કે શ્રુતજ્ઞાન તો પરોક્ષ છે, અને કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ છે. કેવળી ભગવાને જે જે ભાવ કેવળજ્ઞાનમાં જાણ્યા તેમાંથી જેટલું પ્રગટ કરી શકાય તેટલુંજ જ્ઞાન શ્રુતજ્ઞાન રૂપે શ્રોતા લોકોને સમજાવી શકે છે. એજ કેવળજ્ઞાનીના વચનથીજ સ્વર્ગ, નરકથી માંડીને ઠેઠ મોક્ષ લગીની રચના નથી દેખાતી છતાં છદ્મસ્થ જાણે છે અને માને છે તે પણ શ્રુતજ્ઞાનજ છે. સ્વયંભુ રમણ સમુદ્રથી વિશેષ ગંભીર, લોક અને અલોકથી મોટું, બધા પદાર્થોથી જૂદું, અને કરોડો સૂર્યથી પણ અધિક પ્રકાશનાર શ્રુતજ્ઞાનછે. શ્રુતજ્ઞાનનો* બાર અંગ ×ચાર અનુયોગ, $અંગનાં ઉપાંગ‡

---

* આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસક દશાંગ, અંતગડ દશાંગ, અણુત્તરોવવાય દશાંગ, પ્રશ્ન વ્યાકરણ, વિપાક સૂત્ર અને દ્રષ્ટિવાદ એ બાર અંગ છે.

× ચાર અનુયોગમાં પ્રથમ ચરણાનુયોગ કે જેમાં આચારનું કથન છે જેમકે-આચારાંગાદિ શાસ્ત્ર. બીજો ગણિતાનુયોગ કે જેમાં ગણિતશાસ્ત્ર છે જેમકે—ચંદ્ર પ્રજ્ઞપ્તિ વગેરે શાસ્ત્ર. ત્રીજો ધર્મકથાનુયોગ કે જેમાં કથાઓ છે જેમકે—જ્ઞાતાજી વગેરે શાસ્ત્ર. ચોથો દ્રવ્યાનુયોગ કે જેમાં ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યનો વિચાર છે જેમકે—સૂયગડાંગજી વગેરે શાસ્ત્ર.

$ આચારાંગ વગેરે બાર અંગનાં નામ કહ્યાં તેમાં આ કાળમાં દ્રષ્ટિવાદ નામે અંગનો અભાવ છે તેથી ૧૧ અંગ ગણાય છે.

‡ ઉપાંગ ૧૨ છે.—ઉવવાઇ, રાયપસેણી, જીવાભિગમ, પન્નવણા, જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ, નિરયાવળિકા-કપ્પિયા, કપ્પવડંસિયા, પુપ્ફિયા, પુપ્ફચુલિયા, વહ્નિદશા.

§ છેદ, ¶ મૂળ અને અનેક પ્રકીર્ણ ગ્રંથો વડે ઘણો વિસ્તાર કર્યો છે. શ્રુતજ્ઞાન અનેક ચમત્કારિક વિદ્યાનો સાગર છે, શબ્દોથી અવર્ણનીય છે, ભારે ભારે વિદ્વાન પણ તેનો પાર પામી શકયા નથી, જેમાં પાપનો લેશ ભાગ નથી એવું એ સાચું તીર્થ છે, એ તીર્થમાં સ્નાન કરવાથી મોટા મોટા પાપાત્મા પવિત્ર થયા છે, જગતના જીવોનો ઉદ્ધાર કરવાનું સામર્થ્ય એમાં છે, યોગી લોકોનું ત્રીજું નેત્ર તે છે, વગેરે અનેક ગુણથી પરિપૂર્ણ શ્રુતજ્ઞાન છે. એનો અભ્યાસ કરવામાં ધર્મધ્યાની જીવે જરાપણ પ્રમાદ ન કરવો જોઈએ.

હવે આગળ જે જે વાત ચાલશે તે તમામ શ્રુતજ્ઞાનમાંનીજ સમજવી.

માર્ગણા.

ગાથા—ગઇ ઇંદીએ કાએ, જોએ વેએ કસાય ણાણેય ।
સંજમ દંસણ લેસા, ભવ સમ્મે સન્નિ આહારે ॥

(તૃતીયકર્મ ગ્રંથ. ગાથા ૧.)

અર્થ—ગતિ, ઇંદ્રિય, કાયા, જોગ, વેદ, કષાય, જ્ઞાન, સંજમ, દર્શન, લેશ્યા, ભવ્ય, અભવ્ય, સમ્યકત્વ, સંજ્ઞી, અસંજ્ઞી, આહારિક, અનાહારિક એ પ્રમાણે ૧૪ માર્ગણા છે. માર્ગણાનું જ્ઞાન

---

§ ચાર છેદ છે.—દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, નંદી અને અનુયોગદ્વાર.

¶ અક્ષરાત્મક શ્રુતજ્ઞાનના મૂળ અક્ષર ૬૪ છે. તેમાં ૩૩ વ્યંજન, ૨૭ સ્વર અને ૪ યોગવહ છે. એ અક્ષરોનો સંયોગ એટલે દ્વિસંયોગી, ત્રિસંયોગી, ચતુઃસંયોગી વગેરે ચોસઠ સંયોગી પર્યંત ભંગ કરીએ અને એ સમસ્ત ભંગોને જોડી દઇએ, ત્યારે એકવારી, સંયુક્ત પ્રમાણ, સમસ્ત અપુનરૂક્ત શ્રુતજ્ઞાનના અક્ષર ૧૮૪૪૬૭૪૪૦૭૩૫૫૧૬૧૫ એટલા થાય છે જેમાં તમામ શ્રુતજ્ઞાનનો સમાવેશ થાય છે. આવો લેખ દિગમ્બર મતના તત્ત્વાર્થ સૂત્રની અર્થ પ્રકાશિકા નામની વચનિકાના પહેલા અધ્યાયમાં છે.

અતિશય ગહન છે. એનો વિચાર કરવાથી ધ્યાનમાં બહુ સ્થિરતા રહેવાનો સંભવ છે તેટલા માટે અહીં માર્ગણાનું વર્ણન કરે છે.

૧. ગતિમાર્ગણા—જેમાં આવાગમન કરે તેને ગતિ કહે છે, તે ગતિ ચાર છે. (૧.) નરક ગતિ એટલે અધોલોક; તે નીચે છે જેમાં સાત મહા દુઃખમય સ્થાન છે. (૨.) તીર્યંચ ગતિ—જેમાં સૂક્ષ્મ એકેંદ્રિય જીવ જે સર્વ લોકમાં ભર્યા છે તેછે. વળી બાદર એકેંદ્રિય તથા ત્રસ એટલે બેઇંદ્રિયથી પચેંદ્રિય સુધી (કીડા, પશુ વગેરે) જીવો છે. (૩.) મનુષ્ય ગતિ—જેમાં તિરછા લોકમાં કર્મભૂમિ અને અકર્મભૂમિ મનુષ્ય જીવ છે તે. (૪.) દેવગતિ—જેમાં પાતાળવાસી ભવનપતિ અને વાણવ્યંતર દેવો, તિરછા લોકમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ વગેરે જ્યોતિષી દેવો અને ઉર્ધ્વલોકમાં બાર સ્વર્ગમાંના કલ્પવાસી અને નવ ગ્રેવેયિક અને પાંચ અનુત્તર વિમાનમાંના કલ્પાતીત દેવો રહે છે તે. આ પ્રમાણે ચાર ગતિ સંસારી જીવો માટે છે. (૫.) મોક્ષગતિ છે પણ ત્યાં ગયા પછી જીવને સંસારમાં ફરી આવવું પડતું નથી.

૨. ઇંદ્રિય માર્ગણા—જેનાથી જીવોની જાતની ખબર પડે તેને ઇંદ્રિય કહે છે. એ ઇંદ્રિયો પાંચ છે. (૧.) એકેંદ્રિય જીવ એટલે પૃથ્વીકાય વગેરે; માત્ર સ્પર્શ ઇંદ્રિયવાળા જીવો છે તે. (૨.) બેઇંદ્રિયજીવ તે કીડા વગેરે; જેને સ્પર્શ અને રસઇંદ્રિય છે તેવા જીવો. (૩.) તેઇંદ્રિય જીવ—તે જૂ વગેરે; સ્પર્શ, રસ અને ઘ્રાણ એમ ત્રણ ઇંદ્રિયવાળા જીવો. (૪.) ચોરેંદ્રિય જીવ તે માખી વગેરે; સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુ એમ ચાર ઇંદ્રિયવાળા જીવો. (૫.) પંચેંદ્રિય જીવ તે મચ્છ વગેરે જળચર; પશુ, ગાય વગેરે સ્થળચર; હંસ વગેરે (પક્ષી) ખેચર; અને નારકી, મનુષ્ય તથા દેવતા; એમ જેને સ્પર્શ રસ, ઘ્રાણ, ચક્ષુ અને કાન મળી પાંચે ઇંદ્રિય

છે એવા જીવો. એ સિવાય અનેંદ્રિય* (ઇંદ્રિ વગરના) જીવ કેવળી ભગવાનને કહે છે.

૩. કાય માર્ગણા—શરીરને કાયા કહે છે, જીવવાળી કાય છ છે. (૧) પૃથ્વીકાય તે માટી. (૨) અપકાય તે પાણી. (૩) તેઉકાય તે અગ્નિ. (૪) વાઉકાય તે હવા. (૫) વનસ્પતિકાય તે લીલોતરી એ પાંચ કાયા એકેંદ્રિયની છે. (૬) ત્રસકાય તે હાલતા ચાલતા બેઇંદ્રિયથી માંડીને પંચેંદ્રિય લગીના જીવો.

૪. જોગ માર્ગણા—બીજાની સાથે સંબંધ કરે તે જોગ કહેવાય છે. તે જોગ ત્રણ છે. (૧) મન જોગ તે અંતઃકરણના વિચાર (૨) વચનજોગ તે શબ્દોચ્ચાર. (૩) કાયજોગ તે પ્રત્યક્ષ શરીરનો જોગ.

૫. વેદ માર્ગણા—વિકારનો ઉદય થાય તે વેદ કહેવાય છે. તે વેદ ત્રણ છે. (૧) સ્ત્રી વેદ. (૨) પુરૂષ વેદ. (૩) નપુંસક વેદ.

૬. કસાય માર્ગણા—સંસારનો કસ આવીને આત્માના પ્રદેશમાં જામે તે. એ કષાય ચાર છે. (૧) ક્રોધ એટલે ગુસ્સો. (૨) માન એટલે અભિમાન. (૩) માયા એટલે કપટ. (૪) લોભ એટલે તૃષ્ણા.

૭. જ્ઞાન માર્ગણા—જેનાથી પદાર્થ જાણવામાં આવે તેને જ્ઞાન કહે છે તેની પાંચ જાત છે. (૧) મતિજ્ઞાન તે બુદ્ધિ. (૨) શ્રુતજ્ઞાન તે શાસ્ત્રજ્ઞાન. (૩) અવધિજ્ઞાન તે રૂપી સર્વ પદાર્થ જાણે. (૪) મનપર્યવજ્ઞાન તે મનની વાત જાણે. (૫) કેવળજ્ઞાન તે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ જાણે. આ પાંચ જ્ઞાન સમ્યક્‌દ્રષ્ટિને

---

* કેવળજ્ઞાનીએ અનંત કાળના શબ્દાદિ વિષયને પહેલેથી જાણી લીધા છે તેથી તેઓને કર્ણ વગેરે ઇંદ્રિયોનો આકાર છે પણ તેના વિષયોનું તેને કંઈ પણ પ્રયોજન નથી.

હોય છે અને (૧) મતિઅજ્ઞાન તે કુબુદ્ધિ, (૨) શ્રુતઅજ્ઞાન તે કુશાસ્ત્રોનો અભ્યાસ, (૩) વિભંગજ્ઞાન તે ઉલટું જાણે. એ ત્રણ અજ્ઞાન મિથ્યાત્વદ્રષ્ટિને થાય છે.

૮. **સંયમ માર્ગણા**—કુકર્મોમાંથી આત્માને રોકવો તેને સંયમ કહે છે. એ સંયમના સાત પ્રકાર છે. (૧.) અવ્રતી—જે સમ્યક્‌દ્રષ્ટિએ પોતાના આત્માને મિથ્યાત્વથી બચાવી તે. (૨.) દેશવ્રતી તે શ્રાવક. (૩.) સામાયિક તે દેશથી શ્રાવકો અને જાવજીવ લગી તે સાધુઓ. (૪.) છેદોપસ્થાપનીય તે દોષથી નિવારણ કરનાર. (૫.) પરિહાર વિશુદ્ધ તે શુદ્ધ ચારિત્ર. (૬.) સૂક્ષ્મ સંપરાય તે થોડા લોભ સિવાય તમામ દોષથી રહિત. (૭.) યથાખ્યાત તે સર્વથા દોષ રહિત.

૯. **દંસણ માર્ગણા**—દેખે તે દર્શન, તે ચાર છે. (૧.) ચક્ષુદર્શન, તે આંખોથી દેખે. (૨.) અચક્ષુદર્શન તે આંખ વિના ચાર ઇંદ્રિયોથી અને મનથી દેખે. (૩.) અવધિદર્શન તે કૂરના રૂપી પદાર્થ દેખે. (૪.) કેવળદર્શન તે સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ દેખે.

૧૦. **લેશ્યા માર્ગણા**—કર્મથી જીવને લેપ ચડાવે તે લેશ્યા કહેવાય. એ લેશ્યા છ છે. (૧.) કૃષ્ણલેશ્યા તે મહા પાપી જીવ. (૨.) નીલલેશ્યા તે અધર્મી જીવ. (૩.) કાપોતલેશ્યા તે વક્રસ્વભાવી હઠીલો જીવ. (૪.) તેજુ લેશ્યા તે ન્યાયવંત. (૫.) પદ્મલેશ્યા તે ધર્માત્મા. (૬.) શુકલલેશ્યા તે મોક્ષાર્થી જીવોઅને અલેશી તે અજોગી કેવળી તથા સિદ્ધ ભગવાન.

૧૧. **ભવ્યમાર્ગણા**—સંસારી જીવોના બે પ્રકાર છે. (૧.) ભવ્ય તે મોક્ષગામી. (૨.) અભવ્ય તે કદાપિ મોક્ષે ન જનારા. વળી નોભવ્યાભવ્ય જીવો તે સિદ્ધ ભગવાન.

૧૨. **સંજ્ઞી માર્ગણા**—સંસારમાં જીવ બે પ્રકારના છે. (૧.) સંજ્ઞી તે જ્ઞાન અથવા મનસહિત, તેમાં દેવતા, નારકી અને

માતા પિતાના સંયેાગથી ઉત્પન્ન થયેલ મનુષ્ય અને તિર્યંચ આવે છે. (૨.) અસંજ્ઞી તે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય અને માતા પિતાના સંયેાગથી નહિ ઉત્પન્ન થયેલા મનુષ્ય અને તિર્યંચ આવે છે. વળી નેા–સંજ્ઞી–અસંજ્ઞી તે સિદ્ધ ભગવાન.

૧૩. સમ્યકત્વ માર્ગણા—પદાર્થની યથાર્થ શ્રદ્ધા તે સમ્યકત્વ તેની સાત જાત છે. (૧.) મિથ્યાત્વ–તે બહારનું સ્વરૂપ મિથ્યાત્વનું પણ અંદર સમકિત પામે તે. (૨.) સાસ્વાદન–તે લેશ માત્ર ધર્મની અસર થયા પછી પડી જાય તે. (૩.) મિશ્ર–તે શ્રદ્ધાની ગડબડ. (૪.) ક્ષયેાપશમિક–તે મેાહનીય કર્મની પ્રકૃતિ કંઇક ક્ષય કરી અને કંઇક ઢાંકી તે. (૫.) ઔપશમિક–તે મેાહની કર્મની પ્રકૃતિ ઉપશમાવી છે તે.(૬.) વેદક–તે પ્રકૃતિને વેદે આ વેદક સમકિત ક્ષાયિક સમકિતના પહેલા ક્ષણે માત્ર થાય છે. (૭.) ક્ષાયિક–તે મેાહનીય કર્મની પ્રકૃતિ-ઓનેા ક્ષય કરે.

૧૪. આહાર માર્ગણા––(૧.) આહાર કરે તે જીવ આહારિક કહેવાય. (૨.) અનાહારિક તે વાટે વહેતા (એક શરીર છેાડી બીજા શરીરમાં જનારા જીવ) તથા મેાક્ષ વગેરેના જીવ.

આ ચૌદ માર્ગણાનું જ્ઞાન સાગરરૂપ છે પણ ગ્રંથ મેાટેા થવાની બીકે અહીં સંક્ષેપથી બતાવ્યું છે. ધ્યાની જીવ એની વિસ્તારથી ચિંતવણા કરશે.

મહાવ્રત.

મહાવ્રત એટલે મેાટાં વ્રત. તળાવમાં પાણી આવવાનાં નાળાં રેાકવાથી જેમ તળાવમાં પાણી આવતું બંધ થઈ જાય છે તેમ વ્રત પચ્ચખાણ કરવાથી જીવને આખા જગતનું પાપ આવતું બંધ થાય છે.

શ્રાવકના વ્રતની અપેક્ષાએ સાધુજીનાં વ્રતોને મહાવ્રત કહે છે.

ધ્યાની જીવ ઘણું કરીને મહાવ્રતી હોય છે તેથી તેને પોતાનાં વ્રતો ઉપર ધ્યાન દેવાની અતિશય જરૂર છે.

૧. સવ્વ પાણાઇવાયાઓ વિરમણું—એટલે ત્રસ, સ્થાવર, સૂક્ષ્મ, બાદર, સર્વ જીવોની હિંસાથી ત્રિવિધિ ત્રિવિધિ (નવ કોટિ) સર્વથા નિવર્તે–સર્વથા હિંસાનો ત્યાગ કરે તે.

૨. સવ્વં મોસાવાયાઓ વિરમણું—એટલે ક્રોધથી, લોભથી, હાંસીથી અને ભયથી સર્વથા ત્રિવિધિ ત્રિવિધિ (નવકોટિ) જૂઠું ન બોલે.

૩. સવ્વં અદિણ્ણા દાણાઓ વિરમણું—એટલે થોડી, વધારે, હલકી, ભારે, સજીવ, નિર્જીવ એ તમામ ચીજોની સર્વથા પ્રકારે ત્રિવિધિ ત્રિવિધિ (નવ કોટિ) ચોરી ન કરે.

૪. સવ્વં મેહુણાઓ વિરમણું—એટલે દેવાંગના, મનુષ્યણી અને તિર્યંચણી વગેરેથી મૈથુન સેવવાનું સર્વથા પ્રકારે ત્રિવિધિ ત્રવિધિ (નવ કોટિ) તજે.

૫. સવ્વં પરિગ્ગહાઓ વિરમણું—થોડો, વધારે, હલકો, ભારે, સચેત, અચેત વગેરે પરિગ્રહથી સર્વથા પ્રકારે ત્રિવિધિ ત્રિવિધિ (નવ કોટિ) દૂર રહે.

૬. સવ્વં રાઇ ભોયણું વિરમણું—એટલે અન્ન, પાણી, મેવા મિઠાઇ અને મુખવાસ (તંબોળ, સોપારી વગેરે) ઇત્યાદિ આહાર, રાત્રિમાં સર્વથા પ્રકારે ત્રિવિધિ ત્રિવિધિ (નવ કોટિ) ન ભોગવે.

ધ્યાની જીવે આ મહાવ્રતો, તેની ભાવના, ભાંગા, તણાવા સર્વેનું ચિંતવન કરવું અને સદા કર્તવ્ય પરાયણ રહેવું.

બાર ભાવના.

૧. **અનિત્ય ભાવના**—દ્રવ્યાર્થિક નયથી આત્માનો સ્વભાવ અવિનાશી છે. પણ તેને રાગદ્વેષરૂપી જે કર્મ લાગ્યાં છે તેથી તેનો સ્વભાવ વિનાશી ગણાય છે. એ વિનાશી કર્મના સ્વભાવથી આત્માએ ગ્રહણ કરેલાં સ્ત્રી, પુત્ર વગેરે સચેતન દ્રવ્ય, સુવર્ણ, રૂપું વગેરે અચેતન દ્રવ્ય અને એ સચેતન તથા અચેતન બંનેથી થયેલાં મિશ્ર દ્રવ્યો જે છે તે તમામ દ્રવ્ય, અનિત્ય, અધ્રુવ તથા વિનાશી છે. આવી ભાવના જેના હૃદયમાં રમી રહી છે તેવા મહાત્માનો સર્વ દ્રવ્યપરથી મમત્વભાવ દૂર થઈ જાય છે. એ મહાત્મા એવાં સર્વ વિનાશી દ્રવ્યોને વમન કરેલા ખોરાકની પેઠે નિહાળે છે. એવા મહાત્માઓ અક્ષય અને અનંત સુખનું ધામ જે મોક્ષ તેને મેળવે છે.

૨. **અશરણ ભાવના**—આત્માને જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા અરિહંત વગેરે પંચ પરમેષ્ટીનું ખરેખરૂં શરણ છે. તે સિવાય દેવેન્દ્ર, નરેંદ્ર, સ્વજન, સેના, ઘર, ધન, મંત્ર, જંત્ર, તંત્ર વગેરે કોઈપણ આશ્રય દેનાર નથી. જેમ હરણનાં બચ્ચાંને સિંહે પકડયું હોય તો તેને છોડાવવાને બીજું કોઈ હરણ સમર્થ નથી, જેમ વહાણમાંથી દરિયામાં પડનાર મનુષ્યને આશ્રય દાતા કોઈ નથી, તેમ આ સંસારનો ખેલ જાણી પરદ્રવ્યથી મમત્વ ભાવ ઉતારી જે જે નિજ સ્વભાવ છે, જે જે નિજગુણ છે, તેનુંજ અવલંબન ગ્રહણ કરવું જેથી નિજઆત્મસ્વરૂપ જે સિદ્ધ અવસ્થા તેને મેળવી શકાય.

૩. **સંસાર ભાવના**—(૧) આ સંસારમાં જેટલાં દ્રવ્યો છે તેને આપણા આત્માએ જ્ઞાનાવરણી વગેરે આઠ કર્મના પ્રતાપથી, શરીરનું પોષણ કરવા સારૂ, આહાર, પાણી વગેરે રૂપે, શ્રોત્રિયેંદ્રિય વગેરે ઇંદ્રિયોની મારફતે, અનંતી અનંતીવાર ગ્રહણ કરેલાં છે, તેમજ છોડી પણ દીધાં છે, એને **દ્રવ્યસંસાર** કહે છે. (૨) આ લોકના અસંખ્ય પ્રદેશ છે તેમાંના અકેક પ્રદેશપર આપણો જીવ અનંતી

અનંતીવાર જન્મ્યો અને મૃત્યુ પામ્યો એને **ક્ષેત્રસંસાર** કહે છે. (૩) અવસર્પિણી તથા ઉત્સર્પિણીનો વખત જે ૨૦ ક્રોડાક્રોડ સાગરનો છે તેના એકેક સમયમાં આ જીવ અનંત જન્મ મરણ કરી ચૂકયો છે એને **કાળસંસાર** કહે છે. (૪) ક્રોધ, માન વગેરે ચાર કષાય, મન વગેરે ત્રણ જોગ, પ્રકૃતિ વગેરે ચાર બંધ, એ બધા ભાવોને જીવે અનંતી વખત ગ્રહણ કરી છોડી દીધા છે એને **ભાવસંસાર** કહે છે. એવી રીતે ચાર પ્રકારના સંસારમાં આ જીવ અનાદિ કાળથી પરિભ્રમણ કરતો છતાં થાકયો નથી. હવે આ સંસારના પરિભ્રમણપર, તેનાથી નિવર્તવા સારૂ જે ઉદાસી ભાવ લાવશે તેજ મોક્ષે પહોંચશે.

૪. **એકત્વ ભાવના**—આ જીવને આત્માના સહજાનંદ સુખની સામગ્રી બતાવનાર કેવળજ્ઞાન છે. એ કેવળજ્ઞાનમાં અનંત ગુણો રહેલા છે. એ કેવળજ્ઞાનજ આત્માનું સ્વાભાવિક શરીર છે. એજ કેવળજ્ઞાન અવિનાશી હિતકારક છે. સ્વજન વગેરે કોઈપણ દ્રવ્ય હિતકર્તા છેજ નહિ. કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે નિજગુણો સિવાયના બીજા પદાર્થો મનને સંકલ્પ વિકલ્પ ઉપજાવે છે, અને અનેક પ્રકારનાં દુઃખ આપે છે. એવું જાણી બધી બાહ્ય વસ્તુઓપરથી મમત્વભાવ ઉતારી એક આત્માપરજ જે દ્રષ્ટિ જમાવશે તેજ પુરૂષ આત્મદ્રવ્યનો તપાસ કરી નિજાનંદ–સહજાનંદ સુખને મેળવશે.

૫. **અન્યત્વ ભાવના**—આ જગતમાં આપણે કેટલાક સજીવ પદાર્થોને આપણું કુટુંબ માનીએ છીએ અને કેટલાક નિર્જીવ પદાર્થને સહાય દેનાર તરીકે ગણીએ છીએ. પણ તે બધાં કર્માધીન તથા કર્મથી ભરેલ છે. તે બિચારાં પોતે સુખી નથી થઇ શકતાં તો આપણને સુખ કયાંથી દેશે? તેઓ પોતાનો નાશ થતો અટકાવી નથી શકતાં તો આપણને શી રીતે બચાવી શકશે? આટલો બધો કાળ આ સંસારમાં આપણો જીવ દુઃખી રહ્યો તે એ પદાર્થોનોજ પ્રતાપ છે. એવો નિશ્ચય કરી હે જીવ! એવો વિચાર

કર કે આ બધા પદાર્થ જૂદી વસ્તુ છે, અને હું શુદ્ધ ચૈતન્યરૂપ જૂદી વસ્તુ છું. એ મારાં નથી હું એનો નથી. એ બધાં મને રખડાવે છે. જો આ રીતે સર્વ દ્રવ્યથી અલગ થવાય તો પોતાના સ્વરૂપને મેળવીને અનંત સુખના ભોક્તા થવાય.

૬. **અશુચિ ભાવના**—આ શરીરને સ્વચ્છ કરવાને કેટલાક મનુષ્યો, પાણીના અસંખ્ય જીવોનો ઘાત કરે છે. વિષ્ટાના ઘડાને સાફ કરવા જેવી આ રીત છે. આ શરીર, માતાના રજ તથા પિતાના શુક્રના સંયોગથી પેદા થયેલ છે. પછી દૂધ અને વિષ્ટાના આતરથી પેદા થયેલા પદાર્થોના ભક્ષણથી વૃદ્ધિ પામતું ગયું. જે જે પદાર્થોની આ શરીરમાં વૃદ્ધિ થઇ તે સર્વે પણ અશુચિમય છે. આ શરીરના સંયોગથી તેમાં આવેલા શુચિ પદાર્થ પણ અશુચિ રૂપ થાય છે. સારા સારા ખોરાક તેમાં પડે છે તે વિષ્ટારૂપે, મૂત્રરૂપે, લીટરૂપે એમ અનેક રીતે અશુચિરૂપે બને છે. સુરભિગંધવાળા પદાર્થો આ શરીરના સંયોગથી દુરભિગંધરૂપે બને છે. મનોહર પદાર્થો દુગંછનીય બને છે. ઘણા કાળથી ઘણા સંગ્રહ કરેલા પદાર્થો આ શરીરનો સંબંધ થતાં ઉકરડાપર નાંખવા જેવા બને છે. આ શરીરના દ્વારમાંથી નીકળતા સર્વ પદાર્થ જોઈ આપણને છીટ આવે છે. આ શરીરના કોઇપણ ભાગપર પ્રેમ ઉત્પન્ન થાય એવું કંઇ છેજ નહિ છતાં મોહ મદિરા પીને છકી ગયેલા જીવો અશુચિમય આ શરીરને પ્રાણપ્રિય માને છે. આથી વિશેષ અજ્ઞાન દશા બીજી કઇ! શરીરના જે જે ભાગો પોતાને અતિશય વ્હાલા લાગે છે તે જૂદા કરી તેનાજ હાથમાં દઈએ, જુઓ કેવાક પ્યારા લાગે છે! વગેરે વગેરે વિચારો કરી આ અશુચિથી ભરેલા શરીરપરથી મમતા છોડી, તેમાં રહેલો આત્મા કે જે પરમ પવિત્ર જ્ઞાનાદિ રત્નોનો ધારક છે તેને અશુચિરૂપ કેદખાનામાંથી છોડાવવાને માટે બ્રહ્મચર્ય વગેરે પવિત્ર વ્રતોને ધારણ કરવાં અને પરમ પવિત્ર મોક્ષસ્થાન મેળવવું એજ ખરો પુરૂષાર્થ છે.

૭. આશ્રવ ભાવના—જેમ કાણાંવાળું વહાણ પાણીમાં ડૂબી જાય છે તેવી રીતે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય વગેરે પાપરૂપી પાણી, આત્મારૂપ વહાણમાં શુભ અશુભ જોગરૂપી કાણાંની મારફતે પ્રવેશ કરે છે અને આત્માને સંસારરૂપી સમુદ્રમાં ડૂબાડે છે. એવું જાણી આસ્રવને છોડી આ આત્માને સંસારરૂપી સમુદ્રમાંથી બચાવવાને ઉપાય કરવો.

૮. સંવર ભાવના—આસ્રવ ભાવનામાં આત્માને કેાણ કેવી રીતે ડૂબાડે છે તે બતાવ્યું. હવે એ ડૂબાવનારાને આવવા ન દેવાનેા ઉપાય તે સંવર છે. સમ્યક્ત્વ, અપ્રમાદ, અકષાય અને શુભ સ્થિર-જોગ એ એનાં અંગ છે. એ બધા ગુણેામાં આત્માને રોકી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી ત્રણ રત્નોનેા અક્ષય ભંડાર હાથ કરી સંસાર સમુદ્રને કિનારે જઇ મેાક્ષરૂપી નગરીમાં પહેાંચવું.

૯. નિર્જરા ભાવના—જીવનેા સ્વભાવ તેા મેાક્ષમાં પહેાંચવાનેાજ છે પણ અનાદિથી ચેાંટેલાં કર્મરૂપી દળાણુથી દબાઈ જઈ પહેાંચી શકતેા નથી. જેવી રીતે તુંબડાનેા સ્વભાવ તેા પાણી ઉપર રહેવાનેાજ છે પણ તેના પર કેાઈ માટી અને શણના આઠ લેપ સુકવી સુકવીને લગાવે, પછી પાણીમાં મૂકે તેા તરતજ તળીએ બેસે છે. તળીએ ગયા પછી પાણીનેા સંયેાગ લાગ્યેા રહેવાથી અકેક લેપ ગળવા માંડે છે અને તેથી તે ઉપર આવે છે. તેજ રીતે જીવરૂપ તુંબડું આઠ કર્મરૂપી લેપથી સંસાર સાગરમાં ડૂબી ગયું છે. તે લેપને બાર ભેદરૂપી તપશ્ચર્યા વગેરેથી મુમુક્ષુ જન ગાળે તેા તેજ તુંબડું સંસારનેા અગ્ર ભાગ જે મેાક્ષ સ્થાન ત્યાં પહેાંચી અનંત અને અક્ષય સુખ મેળવે છે.

૧૦. લેાકભાવના—અનંત આકાશરૂપ અલેાકના મધ્ય

ભાગમાં ૩૪૩ ઘનાકાર* રાજુ જેટલા ક્ષેત્રમાં લોક છે. લોકના મધ્યમાં ૧૪ રાજુ લાંબી ને ૧ રાજુ પહોળી ત્રસનાળ છે. તે ત્રસનાળમાં ત્રસ અને સ્થાવર જીવો ભરેલા છે. લોકના છેક ઉપરના ભાગમાં મોક્ષસ્થાન છે, જે જીવ કર્મથી મુક્ત થઇ જાય છે તે સિદ્ધ ક્ષેત્રમાં વિરાજે છે. સિદ્ધ ક્ષેત્રમાં ગયા પછી જીવને કદાપિ ચલાયમાન થવું પડતું નથી. ત્યાં જીવ હમેશાં નિરામય સુખમાં લીન રહે છે. હે આત્મા ! એ સ્થાનને મેળવવાના ઉપાય કર.

૧૧. બોધ બીજ દુર્લભ ભાવના—બધી વસ્તુઓ મળવી સુલભ છે પણ બોધબીજ જે સમ્યકત્વ રત્ન તેની પ્રાપ્તિ થવી અતિ કઠણ છે. બોધબીજની પ્રાપ્તિ વિશેષે કરીને મનુષ્ય જન્મમાંજ થાય છે. "दुल्लहो खलु माणुसो भव" એટલે મનુષ્ય જન્મ મળવો ઘણો મુશ્કેલ છે. અઠાણું બોલની અલ્પ બહુત્વ વિધિમાં પહેલાજ બોલમાં કહે છે કે 'સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય' એ બોલનો વિસ્તાર આ પ્રમાણે છે. ૩૪૩ રાજુ ક્ષેત્રનો સંપૂર્ણ લોક જીવથી ઠાંસો ઠાંસ ભર્યો છે, વાળના અગ્ર ભાગ જેટલી જગા પણ ખાલી નથી. એ લોકમાં ત્રસજીવો તો ફક્ત ૧૪ રાજુની ત્રસનાળમાંજ છે. જેમાંથી ૭ રાજુ નીચે નરક અને ૭ રાજુમાં કંઈક ક્રમ પ્રમાણમાં સ્વર્ગ છે. જેની વચમાં ૧૮૦૦ જોજનની જાડાઈવાળો અને ૧ રાજુ પહોળાઈવાળો તિરચ્છો લોક છે. એ તિરચ્છા લોકમાં અસંખ્ય દ્વીપ સમુદ્ર છે. અને એ દ્વીપ સમુદ્રોની વચમાં ૪૫ લાખ જોજનનો મનુષ્ય લોક ગણાય છે. એ ૪૫ લાખ જોજનમાંથી ૨૦ લાખ જોજન જગા તો સમુદ્રે રોકી છે. કેટલીક જગામાં પર્વતો, નદીઓ, વન, વગેરે છે. માત્ર ૧૦૧ ક્ષેત્ર મનુષ્યનાં છે. એ ૧૦૧

* ૩૮૧૨૭૯૭૦ મણ લોઢાનો એક ભાર થાય છે એવા હજાર ગોળા ભેગા કરી એક ગોળો બનાવીએ. એ ગોળાને કોઇ દેવતા બહુજ ઉંચેથી નીચે નાંખે તો તે ૬ મહિના. ૬ દિન અને ૬ ઘડીમાં જેટલી જગ્યા ઓળંગે તેટલી લંબાઇને ૧ રાજુ કહે છે.

ક્ષેત્રમાં ૧૫ ક્ષેત્ર કર્મભૂમિ મનુષ્યનાં છે. એ ૧૫ માં પણ આર્ય-ભૂમિતો કમ છે. ભરત ક્ષેત્રના ૩૨૦૦૦ દેશમાં માત્ર ૨૫॥ દેશજ આર્ય છે. એ પ્રમાણે બીજા ક્ષેત્રોમાં પણ આર્ય ક્ષેત્રની સંખ્યા ઘણીજ ન્યૂન છે. ૧૫ કર્મભૂમિના ક્ષેત્રમાંથી ૫ મહાવિદેહ ક્ષેત્રમાં તો હમેશાં ધર્મ કરણીનો જોગ રહ્યાં કરે છે. ભરત અને ઐવતના ૧૦ ક્ષેત્રમાંજ સર્પિણી કાળ છે. ૧૦ કોડાકોડી સાગર સર્પિણી કાળમાં ફકત ૧ કોડાકોડી સાગર જેટલા વખતમાં ધર્મ કરણી કરવાનો જોગ બને છે. એ ૧ કોડાકોડી સાગરનો જોગ પ્રાપ્ત કરવો બહુજ મુશ્કેલ છે. એ જોગ મળ્યા પછી આર્યક્ષેત્ર ઉત્તમ કુળ, દીર્ઘ આયુષ્ય, પૂર્ણ ઇંદ્રિય, નિરોગી શરીર, સુખથી ઉપજિવિકા, સદ્‌ગુરૂ દર્શન, શાસ્ત્ર શ્રવણ–મનન–નિદિધ્યાસન, ભવ્યપણું, સમ્યક્ દ્રષ્ટિપણું, સુલભ બોધીપણું, હળુકર્મીપણું અને સ્વલ્પ સંસારીપણું વગેરે જોગ મળે ત્યારે ધર્મપર રૂચિ જાગે છે, અને તે પછી સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. જુઓ ભાઇ, બોધબીજ કેટલું દુર્લભ છે. હે ભવ્ય જનો! અત્યંત પુણ્યોદયથી તમે બહુજ ઉંચે ચડયા છો અને બોધ બીજ રૂપી રત્ન હાથ આવ્યું છે, તો તે રત્નને ફોગટ ન ગુમાવતાં આત્મક્ષેત્રમાં રોપી, જ્ઞાનરૂપી જળનું સિંચન કરી ધર્મવૃક્ષને ખુબ ખીલવો કે જેથી આખર મોક્ષરૂપી ફળ આપે.

૧૨. ધર્મ ભાવના—"धारयति इति धर्मः"* અધોગતિમાં પડતા જીવને બચાવે તેને ધર્મ કહે છે. संसारंमि दुरुख पउराए ÷ સંસાર સાગર મહા દુઃખથી ભરેલ છે. એમાં પડેલા જીવને બચાવી મોક્ષ સ્થાનમાં પહોંચાડે તેને ધર્મ કહે છે. મોક્ષાર્થી જીવોને ધર્મની અતિશય જરૂર છે. એ ધર્મ શું છે તે જાણવું જોઇએ. જૈન કહે છે કે—+' धम्मो मंगल मुक्किठं अहिंसा संजमो

---

* ' दुर्गति प्रपतत् प्राणि धारणात् धर्म उच्यते ' એટલે દુર્ગતિમાં પડતા જીવને બચાવે તેને ધર્મ કહે છે. (યોગશાસ્ત્ર).

÷ઉત્તરાધ્યયન સૂત્ર ૮–ગાથા ૧. +દશવૈ. અધ્ય. ૧–ગાથા ૧.

तवो ' અર્થાત્–મંગળકારી અને સર્વથી શ્રેષ્ટ ધર્મ તેજ છે કે જે દયા, સંજમ અને તપથી સંયુક્ત હોય. વેદ કહે છે કે—'अहिंसा परमो धर्मः ' અર્થાત્–જ્યાં અહિંસાનો સંપૂર્ણ નિવાસ હોય તેજ પરમોત્કૃષ્ટ ધર્મ છે. વિષ્ણુ પુરાણમાં કહેલ છે કે—' अहिंसा लक्षणो धर्मः अधर्मः प्राणीनां वधः ' અર્થાત્–ધર્મનું લક્ષણ અહિંસા છે અને અધર્મનું લક્ષણ હિંસા છે. કુરાન કહે છે કે—' फला तज अलू बुतून् कुम मकाबरल हयवानात ' અર્થાત્–તું પશુ પક્ષીની કબર તારા પેટમાં કર નહિ. બાઈબલ કહે છે કે—" Thou shalt not kill " " ધાઉ શૅલ્ટ નોટ કિલ " અર્થાત્–તું હિંસા ન કર. એ પ્રમાણે સર્વે શાસ્ત્રોમાં ધર્મનું મૂળ ' દયા ' જ ફરમાવેલ છે. દયા ના બે ભેદ છે. (૧) પરદયા એટલે છએ કાયના જીવની રક્ષા કરવી. (૨) સ્વદયા એટલે પોતાના આત્માને કુકર્મોથી બચાવવો. જેથી તે આત્મા ભવિષ્યમાં સર્વ દુઃખથી છૂટી મોક્ષનાં અક્ષય અને અનંત સુખો મેળવે.

આ ૧૨ ભાવના મુમુક્ષુ જીવોને મોક્ષ પહોંચાડનારી નિસરણીનાં ૧૨ પગથીઆં છે એમ ગણી તેપર હમેશાં ચિત્ત લગાડવું.

" પંચેંદ્રિય ઉપશમતા ".

श्लोक—इंद्रियाणां प्रसंगेन, दोषमृच्छत्यसंशयम् ।
संनियम्य तु तान्येव, ततः सिद्धिं नियच्छति ॥

અર્થ—ઇંદ્રિયોને અધીન બનીને જીવો અનેક વિટંબણા પામે છે. પણ ઇંદ્રિયોને પોતાને તાબે કરે તો આનંદમય મોક્ષ પદ મેળવે છે.

(૧.) શ્રોતેંદ્રિય—કાનનો સ્વભાવ, જીવ શબ્દ, અજીવ શબ્દ અને મિશ્ર શબ્દને ગ્રહણ કરવાનો છે. એને તાબે રહેવાથી

હરણનો નાશ થાય છે. (૨) ચક્ષુ ઇંદ્રિય--કાળો, લીલો, લાલ, પીળો અને શ્વેત રંગ અને રૂપને ગ્રહણ કરવાનો છે. એ ઇંદ્રિયને વશ થવાથી પતંગ જીવ ખુએ છે. (૩) 'ઘ્રાણેંદ્રિય'-નાકનો સ્વભાવ સુગંધ અને દુર્ગંધ ગ્રહણ કરવાનો છે. એ ઇંદ્રિયને વશ થવાથી ભમરો માર્યો જાય છે. (૪) 'રસેંદ્રિય'--ખાટા, મીઠા તીખા, કડવા અને કસાયલા રસને ગ્રહણ કરવાનો સ્વભાવ જીભનો છે. એને તાબે થવાથી માછલું મૃત્યુ પામે છે. (૫) 'સ્પર્શેંદ્રિય'-એનો સ્વભાવ હલકો, ભારે, ટાઢો, ઉનો, લુખો, ચીકણો, કોમળ, ખડબચડો વગેરે સ્પર્શને ગ્રહણ કરવાનો છે. એને વશ પડવાથી હાથીનો નાશ થાય છે. હવે જરા વિચાર કરીએ તો જણાશે જે એકેક ઇંદ્રિયને વશ થનાર જીવનું અકાળ મૃત્યુ થાય છે તો જે પાંચે ઇંદ્રિયોના તાબામાં પરાધીન છે તેના શા હાલ થશે! કરેલ કર્મોનો બદલો દુર્ગતિમાં જઈને અવશ્ય ભોગવવો પડશે.

અજ્ઞાનતાથી જીવ દુઃખ દેનારી ઇંદ્રિયોના વિષયમાં સુખ માને છે એ અતિશય આશ્ચર્ય છે, જુઓ તો ખરા કે (૧) શબ્દ સાંભળવા એ સુખરૂપ હોય તો ગાળો સાંભળવાથી ગુસ્સો શા માટે થાય છે? ગાળની ઉત્પત્તિ અને ગ્રહણ કરવાની જગા એકની એકજ છે. વળી જે ગાળોથી દુઃખ ઉપજે છે તેજ ગાળો જો બાળક, સ્નેહીઓ અગર વ્હાલી સ્ત્રીઓ આપે તો તે સાંભળી ખુશી ઉપજે છે. (૨) રૂપ જોઇને પ્રસન્નતા થાય છે તો અશુચિ જોઇને શા માટે છીટ થાય છે. એજ અશુચિ કોઇકવાર ચિત્તને પ્રસન્ન કરે એવી ચીજ હતી. અને હજીપણ ભવિષ્યમાં રૂપાંતર પામી આનંદદાયક પદાર્થ બનશે. વળી ખરેખર જો અશુચિથી નાખુશીજ થતી હોય તો સ્ત્રી સંબંધી મહાન અશુચિમાં તો અતિશય મજા ગણાય છે. (૩) દુર્ગંધ આવવાથી નાકને શામાટે ફેરવવું. કારણ કે દુર્ગંધી પણ એક જાતની ગંધજ છે. રૂપાંતર થતાં તેજ દુર્ગંધી સુગંધી રૂપે બનશે. વળી ખરેખર જો દુર્ગંધીથી નારાજ હોય તો જે મનુષ્ય લોકની ૫૦૦ જોજન દૂરથી

ગંધ આવે છે તેમાં કેમ રાચ્યાપચ્યા રહેવાય છે. (૪) રૂચિકર મધુર રસથી સુખ મળે છે તો પછી ખૂબ સાકર ખવાણી તેથી તાવ ચડયો અને ઘી ખાવાથી ખાંસી થઇ એવી ફરિયાદ વૈદ્યરાજ પાસે શા માટે કરવી પડે છે. જો ઘી અને સાકર જેવા રસિક પદાર્થ પણ દુઃખદાઇ છે તો પછી બીજા પદાર્થોનું તો શું કહેવું. વૈદકશાસ્ત્ર કહે છે કે 'रस्साणी ते रोगाणी' અર્થાત્–રસનો ભોગી તે ઝાઝો રોગી. આમ છે તો પછી એમાં સુખ શું દીઠું. (૫.) ચિત્ત મુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહ્યું કે *'सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा' અર્થાત્–સર્વે ઘરેણાં ભારરૂપ છે અને સર્વે ભોગ દુઃખદાતા છે. એ કથન સાવ સાચું છે. જેમ સુવર્ણ પણ ધાતુ છે તેમ લોઢું પણ ધાતુ છે. પણ જો રાજા સુવર્ણની બેડી આપે તો ખુશી થાય છે અને લોઢાની બેડીની બક્ષિસ દે તો રોવા મંડે છે. આ બધા વિચારોથી નક્કી થાય છે કે ભૂષણ વગેરેમાં સુખ દુઃખ નથી પણ મનથી માનવામાંજ છે. એવી રીતે સર્વ કામભોગ દુઃખકારકજ છે. એનું નામજ વિષય ભોગ એટલે વિષને ભોગવવું તે. વિષ કરતાં ય અક્ષર વધારે છે. તેથી ઝેર કરતાં પણ અધિક હાનિકારક છે. ઝેર તો જે ખાય તેનેજ મારે છે પણ વિષય તો મનથી વિચાર માત્ર કરનારને આકુળ વ્યાકુળ કરે છે અને અનેક ફજેતી પણ કરાવે છે. વળી––

विषस्य विषयाणां च, दूरमत्यन्तमंतरम् ।
उपभुक्तं विषं हन्ति, विषयाः स्मरणादपि ॥

અર્થ—ઝેર અને વિષયોમાં મોટો ફરક છે. ઝેર તો ખવાય ત્યારેજ પ્રાણ હરણ કરે છે. પણ વિષય તો સ્મરણ માત્રથી મારી નાંખે છે.

---

* ઉત્તરા. ૧૩ ગાથા ૧૩.

ભગવાને ફરમાવ્યું છે કે-- ' **कामभोगाणुरयणं, अनंत संसार वड्ढणं** ' અર્થાત્-કામભોગમાં મગ્ન રહેનારનો અનંત સંસાર વધી જાય છે. બધાનો સાર એ છે કે-વિષ તો એક ભવમાં મારે છે પણ વિષય તો ભવ અને પરભવમાં અનંતીવાર માર્યાજ કરે છે. મોટા મોટા વિદ્વાનોને અને ઋષિ મહાત્માઓને વિષયો બાવરા બનાવી દે છે એવું ભયંકર ઝેર તે છે. વિષયસુખ ભોગવવામાં શું શું હાનિ છે તે વિચારીએ. શક્તિ, બુદ્ધિ, તેજ, મોટાઈ એ સર્વેનો નાશ કરે છે. અતિ ગર્ધિપણું રાખવાથી ચાંદ્રી, પ્રમેહ વગેરે રોગોથી સડતાં કીડા પડે છે અને મરીને નરકે ઉપજે છે. ત્યાં પોલાદની ગરમાગરમ પૂતળીની સાથે પરમાધામી દેવ ક્રીડા કરાવે છે તે ટાણે વિલાપ કરે છે. આ પ્રમાણે દુઃખના સાગર જેવા વિષયને સુખનો સાગર માનનારને કેવી જાતના ડાહ્યા કહેવા !* આ બધી બાબતોનો વિચાર કરીને ધ્યાની જીવ પાંચ ઇંદ્રિયોના વિષય ભોગની અભિલાષારૂપી અજ્ઞાનતાને છોડી નિર્વિષયી અને નિર્વિકારી બની પરમસુખી થાય છે.

किं बहु लेखनेनेह, संक्षेपादिदमुच्यते ।
त्यागो विषय मात्रस्य, कर्तव्योऽखिलमुमुक्षुभिः ॥

અર્થ—વધારે લખવાનું શું પ્રયોજન. સંક્ષેપમાં એટલુંજ કહેવાનું છે કે મોક્ષના અભિલાષીઓએ સર્વથા વિષયોનો ત્યાગ કરવોજ જોઈએ.

દયાર્દ્ર ભાવ.

શ્રી સુયગડાંગ સૂત્રના બીજા શ્રુતસ્કંધના પ્રથમ અધ્યયનમાં ભગવાને ફરમાવ્યું છે કે—

---

* **સવૈયા**—દીપક દેખ પતંગ જલા, ઔર સ્વર શબ્દ સુણ મૃગ દુખદાઇ,
સુગંધ લેઇ મરા ભ્રમરા, ઔર રસ કે કાજ મચ્છી વિરલાઇ;
કામકે કાજ ખુતા ગજરાજ, યહ પરપંચ મહા દુઃખદાઇ,
જો અમરાપદ ચાવત હો, ઇન પાંચોકો વશ કીજેરે ભાઇ.

सूत्र—तत्थ खलु भगवंता छज्जीवनिकायहेउं पण्णत्ता तं जहा–पुढवीकाए जाव तसकाए––से जहा णामए मम अस्सायं दंडेग वा अट्ठीण वा मुट्ठीण वा लेलूण वा कवालेण वा आउट्टिज्जमाणस्स वा हम्ममाणस्स वा तज्जिज्जमाणस्स वा ताडिज्जमाणस्स वा परियाविज्जमाणस्स वा किलाविज्जमाणस्स वा उद्दविज्जमाणस्स वा जाव लोमुक्खणणमायमवि हिंसाकारगं दुक्खं भयं पडिसंवेदेमि, इच्चेवं जाण सव्वेजीवा सव्वेभूता सव्वेपाणा सव्वेसत्ता दंडेण वा कवालेण वा आउट्टिज्जमाणा वा हम्ममाणा वा तज्जिज्जमाणा वा ताडिज्जमाणा वा परियाविज्जमाणा वा किलाविज्जमाणा वा उद्दविज्जमाणा वा जाव लोमुक्खणणमायमवि हिंसाकारगं दुक्खं भयं पडिसंवेदेंति, एवं नच्चा सव्वेपाणा जाव सत्ता ण हंत्वा ण अज्जावेयव्वा ण परिघेतव्वा ण परितावेयव्वा ण उद्दवेयव्वा ॥ ४८ ॥

से बेमि जेय अतीता जेय पडुप्पन्ना जेय आगमिस्सामि अरिहंत भगवंत सव्वे ते एव माइक्खंति एवं भासंति एवं पण्णवेंति एवं परूवेंति सव्वेपाणा जाव सत्ता ण हंतव्वा ण अज्जावेयव्वा ण परिघेतव्वा ण परितावेयव्वा ण उदवेयव्वा एस धम्मे धुवे णीतिए सासए समिच्च लोगं खेयन्नेहिं पवेदेंति ॥

सुयगडांग प्रथम अध्ययन, गाथा ४८–४९.

अर्थ—બાર જાતની પરિષદામાં નિશ્ચયપૂર્વક શ્રી તીર્થંકર દેવ ભગવાને ફરમાવ્યું કે—છકાયના જીવોની હિંસા એ કર્મબંધનું કારણ છે. એ છકાયના જીવોનાં નામ કહે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. એ છકાયને દુઃખ થાય છે તે વાત

દૃષ્ટાંતથી સમજાવે છે. *જેમ મને કોઇ જીવ લાકડીથી, હાડકાથી, મુઠ્ઠીથી, પત્થરથી, અને કાંકરાથી મારે કુટે, પરિતાપ ઉપજાવે, દુઃખ દઈ અશાતા કરે, ઉદ્વેગ ઉપજાવે, જીવકાયા જૂદાં કરે, અને શરીર ઉપરથી વાળ તોડે એમ હિંસા કરવાના અનેક ઉપાયોથી જેમ મને દુઃખ અને ડર થાય છે તેવી રીતે સર્વે જીવ (= પંચેંદ્રિય) ને, સર્વે ભૂત (= વનસ્પતિ) ને, સર્વે પ્રાણી (= બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચોરેંદ્રિ) ને અને સર્વ સત્ત્વ (= પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ જે જીવમય છે તે) ને લાકડી, હાડકું, મુઠી વગેરેથી મારે, દુઃખી કરે, પરિતાપ ઉપજાવે, કિલામના આપે, ઉદ્વેગ કરે, યાવત્ જીવ-કાયા જૂદાં કરે, અરે! વાળ માત્ર ખેંચી કાઢે, ત્યારે દુઃખ અને ડર માને છે અને અનુભવે છે. એવું જાણી તમામ પ્રાણી, ભૂત, જીવ અને સત્ત્વને મારવાં નહિ, લાકડીથી લગાવવાં નહિ, બળાત્કાર કે જબરદસ્તી કરી પકડવાં નહિ, અગર તો કોઇ કામમાં જોડવાં નહિ, શારીરિક, માનસિક દુઃખ ઉપજાવી પરિતાપ દેવો નહિ, કિંચિત્ પણ ઉપદ્રવ કરવો નહિ અને જીવ કાયા જૂદાં પણ ન કરવાં. આવો ઉપદેશ ગયા કાળમાં જે અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાન કાળમાં જે વિદ્યમાન છે અને આવતા કાળમાં અનંત તીર્થંકરો થશે એ સર્વેએ ફરમાવ્યો ને ફરમાવશે. જરાપણ શંકા વિના કહેલ છે કે શારીરિક માનસિક દુઃખ દેવું નહિ. આવો દયામય ધર્મ નિશ્ચય છે, નિત્ય છે, અને સનાતન છે. પ્રભુનાં આ વચનોપર હમેશાં વિચાર કરવો કે બિચારા બધા જીવો કર્મવશ થઈ દુઃખસાગરમાં પડયા છે. એ બધાનાં દુઃખ જાણનાર ખેદજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને ફરમાન કર્યું છે કે સર્વ જીવોની દયા પાળો ને તેનું રક્ષણ કરો. ÷

---

* ખુદ મહાવીર પ્રભુ પોતાનો દાખલો આપીને ફરમાવે છે.

÷ દીર્ઘ દૃષ્ટિથી મહા દયાળુ એવા શ્રી તીર્થંકર ભગવાનનાં વચનો ઉપર લક્ષ દેવાથી જણાશે કે—છકાયના જીવોની હિંસા કરવાથી જેવું

गाथा—कल्लाण कोडि कारणी, दुरंत दुरया दूर ठवणी ।
संसार भवजल तारणी, एगंत होइ सिरि जीवदया ॥

અર્થ—કરોડો કલ્યાણનો જન્મ આપનારી, દુર્દંત (=ભારે) પાપનો નાશ કરનારી, સત્પુરૂષોના સ્થાનરૂપ, સંસારરૂપી મહા-સાગરમાં તરવાને નાવ સમાન, વગેરે અનેક સુકાર્યોની કરનારી તથા સત્ફળ દેનારી શ્રી જીવદયા એકજ છે.

દયા એજ ધર્મનું મૂળ છે. સર્વ મતમતાંતર એક દયાના આધારેજ ચાલી રહ્યા છે. દયા—અનુકંપા એ ધર્માત્મા જીવોનું પરમ લક્ષણ છે. એવી રીતની પરમ પવિત્ર દયાને ધર્મધ્યાની જીવ સદા પોતાના આત્મામાં નિવાસ કરી રાખે છે, એટલે તેઓમાં સદા દયાર્દ્ર ભાવ રહે છે. *

મને દુઃખ થાય છે તેવું જ તેને થાય છે. એમ પ્રભુ પોતે ફરમાવે છે. એવા મહા દયાળુ પ્રભુને છકાયના જીવોની હિંસા કરીને ખુશી કરવા ચહાય છે એ કેવી જબરી મોહ દશા ! !

*શ્રેણિક રાજાને સુત, હાથી ભવ દયા પાલી,
મેઘરથ દયા કાજ, માંડ દીયો મરણો;
ધર્મ રુચિ દયા ધાર, કર ગયા ખેવો પાર,
શ્રેણિક પડહ વજાયો, સૂત્રમેં હે નિરણો;
નેમજીને દયા પાલી, છોડ દી રાજુલ નારી,
મેતારજ દયા પાલી, મેટ દીયો મરણો;
તેવીસમા જિનરાય, તાપસકે પાસ જાય,
જીવને બચા દીયો, નવકારકો સરણો;
સવૈયો સવાયો કીયો, ધનાક્ષરી નામ દીયો,
જીવદયા ધર્મ પાલો, જો વે ચાવો તરણો. ॥ ૧ ॥
(કૃપારામજી મહારાજ).

દયાળુ જીવો બીજા જીવોને દુઃખી દેખી તેનાપર કરૂણા આણે છે. ત્રસ અને સ્થાવર જીવોને શારીરિક (રોગ વગેરે)અને માનસિક (ચિંતા વગેરે) દુઃખોથી હેરાન થએલા દેખી તેનાપર અનુકંપા લાવે છે. હાલપણ ઘણા દયાવંત જીવો કોઈ બહેરા માણસને જોઈ વિચાર કરે છે કે આ બિચારા જીવને પાપનો કેવો ઉદય છે કે તે સાંભળી શકતો નથી. બહેરો અને આંધળો એમ બંને રીતે દુઃખી હોય તેને જોઈને વળી વિશેષ દયા આવે છે. એજ પ્રમાણે કોઈને અંગ ઉપાંગથી રહિત, અન્ન વસ્ત્ર વિનાનો અને રોગથી પીડિત જોઈ અતિશય દયા આવે છે. તિર્યંચ પશુઓ તો બિચારાં અન્ન, વસ્ત્ર, ઘર, વિનાનાં નિરાધાર છે. પરાધીનપણે ભૂખ, તરસ, ટાઢ, તાપ, વગેરે અનેક દુઃખો ભોગવે છે. તિર્યંચ પંચેંદ્રિયથી ચોરેંદ્રિય જીવને દુઃખ વધારે છે કારણકે એક ઈંદ્રિય ઓછી છે, ચોરેંદ્રિયથી તે ઈંદ્રિયમાં, તે ઈંદ્રિયથી બેઈંદ્રિયમાં, બેઈંદ્રિયથી એકેંદ્રિયમાં અને એકેંદ્રિયથી નિગોદ (કંદમૂળ વગેરે) માં દુઃખ અધિક છે. નિગોદમાં તો એક શરીરમાં અનંત જીવો એકત્ર થઈને રહેલ છે. એક મુહૂર્ત્તમાં (૪૮ મિનિટમાં) ૬૫૫૩૬ જન્મ મરણ કરે છે. એટલી બધી પરાધીનતા છે કે દુઃખથી છૂટવાનો ઉપાય કરવાની શક્તિ તો દૂર રહી પણ પોતાનું દુઃખ બીજાને જણાવી પણ શકતા નથી! બિચારા પામર બની કરેલાં કર્મોનાં ફળ ભોગવે છે. એવા રાંક જીવોની ઘાત કરનારા જીવો નવા કર્મોના બંધ પાડે છે અને તેનાં ફળ ભોગવવાં પડશે ત્યારે તેનાપણ એવાજ હાલ થશે. આવું જ્ઞાનથી જાણનાર ફકત જિનેશ્વર દેવના અનુયાયીઓજ છે. એ અનુયાયીઓ (જૈન લોકો) જ બધા જીવોને અભયદાન આપેછે,*

---

*એકેંદ્રિય જીવની હિંસા કરતાં બેઈંદ્રિયની હિંસામાં વધુ પાપ છે, બેઇંદ્રિયની હિંસાથી તેઇંદ્રિયમાં, તેઇંદ્રિયથી ચોરેંદ્રિયમાં અને ચોરેંદ્રિયથી પંચેંદ્રિયની હિંસામાં વિશેષ પાપ છે. એની મતલબ એવી છે કે ઉચ્ચ સ્થિતિના જીવોનાં પુણ્ય નીચેના જીવો કરતાં અનંત ગણાં વધારે છે.

બાકી બધા ધર્મોમાં તો જીવઘાતનું ભારે ધમસાણ મચી રહ્યું છે. મારાં મહાન્ પુણ્ય છે કે શ્રી જૈન ધર્મનું જ્ઞાન મને પ્રાપ્ત થયું. સુયગડાંગ સૂત્રમાં પ્રભુએ ફરમાવ્યું છે કે ×' **एवं खु णाणिणो सारं, जं ण हिंसइ किंचण**' અર્થાત્ નિશ્ચયપણે જ્ઞાન પ્રાપ્તિ કરવાનો સાર એ છે જે કોઇ પણ જીવની કિંચિત્ માત્ર હિંસા કરવી નહિ. આથી હવે હું મન, વચન અને કાયાના શુદ્ધ જોગથી બધા જીવોનો અભયદાતા બનું. બધા સાથેનાં વૈર વિરોધથી નિર્વર્તુ કે જેથી મને મોક્ષમાં જતાં કોઈ પણ જાતની કોઇના તરફથી હરકત થાય નહિ. આ પ્રમાણે દયા મોક્ષનો ખરેખરો હેતુ છે.

બંધ.

કર્મ બંધન છૂટવાથીજ જીવને મોક્ષ મળે છે, એટલા માટે મુમુક્ષુ જીવે બંધનું સ્વરૂપ જાણવાની આવશ્યકતા છે. એ બંધનાં કારણો સૂત્રમાં ૪ બતાવ્યાં છે તે '**पयइ ठिइ रस पयसा**' અર્થાત્ (૧) પ્રકૃતિબંધ, (૨) સ્થિતિબંધ (૩) અનુભાગબંધ (૪) પ્રદેશ-બંધ. આ ચારે બંધનું સ્વરૂપ લાડુનું દ્રષ્ટાંત લઈ જણાવે છે.

(૧) પ્રકૃતિબંધ—પ્રકૃતિ એટલે સ્વભાવ. સુંઠ વગેરે નાખીને બનાવેલા લાડુમાં જેમ વાયુ રોગ હણવાનો સ્વભાવ છે તેમજ જ્ઞાનવરણીય કર્મનો સ્વભાવ એવો છે કે જ્ઞાનને ઢાંકી દે. (૨)

જેમ કોઇ ગરીબને ગાળ દેવામાં આવે તો કોઇ ભાવ પૂછતું નથી. પણ કોઇ મોટાને ગાળ દેવામાં આવે તો ભારે કષ્ટ ઉઠાવવું પડે છે. જે જીવો જેટલી ઉચ્ચ સ્થિતિ પામ્યા છે તેટલાજ તેઓ આત્મ કલ્યાણની નજીક આવ્યા છે એમ ગણવું. એને મારવા તે તેના આત્મકલ્યાણની જબરી ઘાત કરવા બરોબર છે. એકેંદ્રિય જીવોની ઘાત કર્યા વગર ગૃહસ્થાશ્રમ ચાલી શકતો નથી, તો પણ તેમાં સંભાળથી વર્તતાં ઘણો લાભ છે.

×સૂયગડાંગ પ્ર. શ્રુ. ના પ્રથમ અધ્યયનનો ઉદ્દેશો ૪ થો ગાથા ૧૦ મી.

દર્શનાવરણીય કર્મનો સ્વભાવ દર્શન ગુણને ઢાંકી દેવાનો છે. (૩) વેદનીય કર્મનો નિરાબાધ સુખની હાનિ કરવાનો સ્વભાવ છે. (૪) મોહનીય કર્મથી ક્ષાયક સમકિતની હાનિ થાય છે. (૫) આયુષ્ય કર્મથી અજરામરપદની હાનિ થાય છે. (૬) નામ કર્મનો અરૂપી પદની હાનિ કરવાનો સ્વભાવ છે. (૭) ગોત્ર કર્મનો અગુરૂલઘુપદ એટલે સંપૂર્ણ સુલક્ષણુપદની હાનિ કરવાનો સ્વભાવ છે. (૮) અંતરાય કર્મનો અનંત શકિતની હાનિ કરવાનો સ્વભાવ છે.

(૨) સ્થિતિબંધનો સ્વભાવ—જેમ તે લાડુ પક્ષ, માસ વગેરે કાળ લગી રહે છે તેવી રીતે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય, એ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડાક્રોડી સાગરની, મોહનીય કર્મની ૭૦ ક્રોડાક્રોડી સાગરની, આયુષ્ય કર્મની ૩૩ સાગરની અને નામ તથા ગોત્ર કર્મની વીસ ક્રોડાક્રોડ સાગરની છે.

(૩) અનુભાગબંધનો સ્વભાવ--જેમ તે લાડુમાં કોઈનો રસ કડવો ને મીઠો હોય છે તેમ (૧) જ્ઞાનવરણીય કર્મનો રસ સૂર્યને વાદળાં જેમ ઢાંકે છે તેવો છે. (૨) દર્શનાવરણીય કર્મનો રસ આંખે પાટા બાંધે તેવો છે. (૩) વેદનીય કર્મનો રસ મધથી ખરડેલી તરવાર ચાટવા જેવો. (૪) મોહનીય કર્મનો રસ મદિરાના કેફ જેવો. (૫) આયુ કર્મનો રસ બેડીના બંધન જેવો. (૬) નામ કર્મનો રસ કુંભાર જેવો. (૭) ગોત્ર કર્મનો રસ ચિતારા જેવો અને (૮) અંતરાય કર્મનો રસ રાજાના પહોરેગીર જેવો છે.

(૪) પ્રદેશ બંધનો સ્વભાવ--જેમ તે લાડુ કોઇવાર બમણી તથા કોઇવાર ત્રણગણી સાકરથી બને છે તેમ કેટલાંક કર્મનો બંધ ઢીલો અને કેટલાંક કર્મનો બંધ નિબિડ (મજબૂત) હોય છે જેથી કોઈ કર્મની સ્થિતિ થોડી તો કોઈની લાંબી હોય છે.

આ ચાર બંધમાંથી પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી બને છે અને સ્થિતિ તથા અનુભાગ બંધ કષાયથી બને છે. આ બંધનોથી આ જીવ અનાદિથી બંધાયલો છે. કોઇનો તીવ્ર રસોદય અને કોઇનો મંદરસોદય હોય છે. આ જગતના જીવો પણ એ બંધોના સ્વરૂપ પ્રમાણે કોઈ ક્રુર પ્રકૃતિવાળા, કોઈ શાંત પ્રકૃતિવાળા કોઇ દીર્ઘાયુષી તો કોઈ અલ્પાયુષી, કોઇ સુસંયોગી તો કોઇ દુઃસંયોગી, કોઈ સારા વર્ણના તો કોઇ ખરાબ વર્ણના, કોઈ સારા સંઠાણુવાળા તો કોઈ ખરાબ સંઠાણુવાળા છે એ વગેરે પ્રસંગો જોઇ સારાપર પ્રીતિ અને ખરાબ ઉપર દ્વેષ કરવો નહિ. જેવો જેનો બંધોદય થયોછે તેવો તેને સંયોગ મળ્યાં કરે છે. તેમાં તે બિચારો જીવ શું કરે? એ સંયોગને બદલાવવાની એનામાં સતા કયાં છે કે આપણે એને ખોડવાળો કહીએ! વળી પોતાના ઉપર પણ તેવા શ્રેષ્ટ અને ખરાબ સંયોગ વિયોગની અસર થાય છે. એવું જાણી ધર્મધ્યાની જીવ સમભાવ આણે છે અને તેવા સમભાવથી હમેશાં પરમાનંદી અને પરમસુખી થઇ રહે છે.

મોક્ષ ગમન

"बन्धहेत्वभाव निर्ज्जराभ्यां कृत्स्नकर्म क्षयो मोक्षः"

तत्वार्थाधिगम सूत्र अध्याय-१० सूत्र २-३.

અર્થ--જેવીરીતે બીજમાંથી અંકુર ઉત્પન્ન થવાનો અનાદિથી સંબંધ છે પણ જો તે બીજને દેવતામાં ભુંજી નાંખવામાં આવે તો ઉત્પત્તિ થવાનો સંબંધ નાશ પામે છે. તેવીજ રીતે ઉપર કહેલાં બંધનાં ચારે કારણોનો સંપૂર્ણ અભાવ થઇ જાય અર્થાત્ ધ્યાનરૂપી અગ્નિથી એ ચારે બંધનાં કારણોને અત્યંત બાળી તેનાથી છૂટી નિર્લેપ થાય તો તેને મોક્ષ કહે છે.

જેવી રીતે બંધનથી તુંબડું પાણીમાં ડૂબી જાય છે અને તે

બંધન તૂટવાથી પાણીની ઉપર રહેવાનો તેનો સ્વભાવ હોવાથી સપાટી ઉપર આવે છે. તેવી રીતે જીવ પણ કર્મબંધનથી છૂટી જાય તો તેના સ્વભાવ પ્રમાણે ઉપર મોક્ષસ્થાનમાં જઈ રહે છે.* લોકના મધ્ય ભાગમાં ૧૪ રાજુ લાંબી જે ત્રસનાળ છે તે ત્રસનાળના ઉપરના ભાગમાં એક ૪૫ લાખ જોજનની લાંબી અને ૪૫ લાખ જોજનની પહોળી, ગોળ પતાસાં જેવી, વચમાં ૮ જોજન જાડી અને ત્યાંથી કિનારા તરફ પાતળી થતી થતી અત્યંત પાતળી, ધોળા સુવર્ણની બનેલી એક સિદ્ધશિલા છે. એ સિદ્ધશિલા ઉપર ફક્ત ૧ જોજન લોક રહેલ છે. એ એક જોજનના સૌથી ઉપરના ચોવીસમા ભાગમાં સિદ્ધસ્થાન છે. આ જગામાં મોક્ષ ગતિ પામેલા જીવો પોતાના વિશુદ્ધ આત્મ પ્રદેશથી રહેલા છે. ઉપરની તરફ તે આત્મપ્રદેશ અલોકને અડી રહ્યા છે. એ વિશુદ્ધ આત્મ પ્રદેશને જીવની સિદ્ધ અવસ્થા કહે છે. એ સિદ્ધ ભગવાન કેવા છે તે કહે છે.

आत्मोपादानसिद्धं स्वयमतिशयवद्वीतबाधंविशालं ।
वृधिह्रासव्यापेतं विषयविरहितं निष्प्रतिद्वन्द्वभावम् ॥
अन्यद्रव्यानपेक्षं निरूपममामितं शाश्वतं सर्वकाल ।
मुत्कृष्टानन्तसारं परमसुखमतस्तस्य सिद्धस्य जातम् ॥

અર્થ—શ્રી સિદ્ધ પરમાત્મા, પોતાના આત્મ સ્વરૂપે રહેલા, સ્વાભાવિક અતિશયોથી યુક્ત, અવ્યાબાધિત (સર્વ બાધા પીડાથી રહિત), હાનિ વૃદ્ધિરહિત, વિષયરૂપી દ્વંદ્વભાવરહિત, કોઈ પણ દ્રવ્યની ઉપમા ન અપાય તેમ હોવાથી અનુપમ, જ્ઞાન વગેરે

---

* જેવી રીતે પાણીના આધાર વિના તુંબડું આગળ જઈ શકતું નથી તેવી રીતે ધર્માસ્તિકાયના આધાર વિના જીવ મોક્ષની ઉપર આગળ અલોકમાં જઈ શકતો નથી.

અપેક્ષાથી ગણીએ તો અપાર, નિત્ય, સર્વ કાળ ઉત્તમ, પરમ સાર-યુક્ત અને અનંત સુખમાં વિરાજમાન છે.

વળી સિદ્ધ પરમાત્મા અતીંદ્રિય સુખના ભોક્તા છે. ઇન્દ્રિથી થતાં ને ભોગવાતાં સુખો તો ફક્ત કહેવા માત્ર છે. તેનાં પરિણામો દુઃખરૂપ છે. ઇંદ્રિયના વિષયોનું પોષણ કરવામાં દુઃખજ છે એ વાત પ્રથમ વર્ણવી બતાવી છે, એટલા માટે સિદ્ધ ભગવાન તો અનંત અતીંદ્રિય સુખના ભોક્તા છે.

સિદ્ધ પરમાત્માનાં જ્ઞાનાવરણીય કર્મ નાશ પામ્યાં છે તેથી તેઓ અનંત કેવળજ્ઞાની થયા છે, દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી અનંત કેવળ દર્શની થયા છે, વેદનીય કર્મનો નાશ થવાથી નિરાબાધી સુખના ભોક્તા થયા છે, મોહનીય કર્મનો ક્ષય થવાથી શુદ્ધ ક્ષાયકસમ્યકત્વી થયા છે, આયુષ્ય કર્મનો નાશ થતાં અજરામર થયા છે, નામકર્મનો નાશ થવાથી અરૂપી થયા છે, ગોત્ર કર્મનો નાશ થવાથી અપલક્ષણ રહિત થયા છે, અને અંતરાય કર્મના ક્ષયથી અનંતદાનલબ્ધિ, અનંતલાભલબ્ધિ, અનંતભોગલબ્ધિ, અનંતઉપભોગલબ્ધિ અને અનંતબલવીર્યલબ્ધિ મળી છે. એવા અનંતગુણધારક સિદ્ધભગવાનનું ધ્યાની જીવ ધ્યાન ધરે છે.

ગતિગમન.

૨૦ કારણોને લીધે જીવ પાંચ ગતિમાં ગમન કરે છે. (૧) **મહા આરંભ**–એટલે સદા ત્રસ અને સ્થાવર જીવોનો આરંભ એટલે કુટો થાય તેવાં કારખાનાં વગેરે ચલાવે. (૨) **મહા પરિગ્રહ**–એટલે મોટા અનર્થ કરીને દ્રવ્ય મેળવવામાં પાછી પાની ધરે નહિ અને ચામડી તૂટે પણ દમડી ન છૂટે એવો કંજૂસ હોય. (૩) **કુણિમાહારી**–એટલે માંસ, મદિરા, વગેરે અભક્ષ્ય પદાર્થોનો આ-

હાર કરે. (૪) **પંચેંદ્રિય જીવઘાતક**–એટલે મનુષ્ય, પશુ, વગેરે પંચેંદ્રિય જીવોનો વધ કરે. એ ચાર કારણથી જીવ **નરક ગતિમાં** ગમન કરે છે. (૫) **દગાબાજ.** (૬) **નિબિડ દગાબાજ**–એટલે મીઠા ઠગ અથવા ધૂતારો. (૭) **મત્સરી**–એટલે ગુણીનો દ્વેષ કરનારો. (૮) **કુડ તોલે કુડ માણે**–એટલે મોટાં તોલાં ને માપ રાખે. એ ચાર કર્મને લીધે જીવ **તિર્યંચ** (પશુ) **ગતિમાં** ગમન કરે છે. (૯) **ભદ્રિક**–એટલે દગા રહિત સરળ. (૧૦) **વિનીત**–એટલે નમ્ર, કોમળ સ્વભાવ અને મળતાવડો. (૧૧) **દયાળુ**–એટલે દુઃખીને દેખીને કરૂણા કરે, યથા શકિત સુખ આપે. (૧૨) **અમત્સરી**–એટલે ગુણાનુરાગી, સૌની શુભ ઉન્નતિ ઇચ્છનાર. એ ચાર કર્મોથી જીવ **મનુષ્ય ગતિમાં** જાય છે. (૧૩) સરાગ સંયમી એટલે શરીર, શિષ્ય, અને ઉપકરણ પર મમત્વ રાખનાર સાધુ. (૧૪) **સંયમા સંયમી**–એટલે શ્રાવક. (૧૫) **બાળ તપસ્વી**–એટલે હિંસાયુકત તપ કરનારા અને કંદ-મૂળ, ફળ આદિ ખાનારા તપસ્વીઓ. (૧૬) **અકામનિર્જરા**–એટલે પરવશ પણાથી દુઃખ સહન કરી મરનાર. એ ચાર કર્મોથી જીવ **દેવગતિમાં** જાય છે. (૧૭) **જ્ઞાન**–એટલે જીવાદિ નવ પદાર્થને જાણે. (૧૮) **દર્શન**–એટલે યથાર્થ શ્રદ્ધાવંત. (૧૯) **ચરિત્ર**–એટલે શુદ્ધ સંયમ પાળવો. (૨૦) **તપ**–એટલે જ્ઞાનયુકત તપશ્ચર્યા કરવી. **એ ચાર કર્મોથી જીવ મોક્ષમાં** જાય છે. એ ૨૦ કર્મોમાંથી ધર્મ-ધ્યાની જીવ પ્રથમનાં ૧૬ કર્મો છોડી બાકીનાં ચાર કર્મોનું **સાધન કરે છે.**

હેતુ.

સંસારના હેતુ ૫૭ છે. ૨૫ કષાય, ૧૫ યોગ, ૧૨ અવ્રત, **૫ મિથ્યાત્વ.** એ બધા મળી ૫૭ હેતુ છે. તેનો વિસ્તાર આ પ્રમાણે છે.

૨૫ કષાય—(૧) **અનંતાનુબંધી ક્રોધ**-પત્થરની ફાટ જેવો

તે કોઈ દિવસ સંધાય નહિ. (૨) અનંતાનુબંધી માન—પત્થરના થાંભલા જેવું તે કોઈ દિવસ નમેજ નહિ. (૩) અનંતાનુબંધી માયા—વાંસની ગાંઠ જેવી એટલે ગાંઠમાં ગાંઠ હોયજ. (૪) અનંતાનુબંધી લોભ—કિરમજી રંગ જેવો એટલે લૂગડું બળે તો પણ રંગ ન જાય. આ ચાર કષાય જેનામાં હોય તે મિથ્યાત્વી જીવ નરકમાં જાય. (૫) અપ્રત્યાખ્યાની ક્રોધ—પૃથ્વીપરની તડ જેવો તે વરસાદ આવે ત્યારે સંધાઈ જાય. (૬) અપ્રત્યાખ્યાની માન—લાકડાના થાંભલા જેવું તેમહેનતે નમે. (૭) અપ્રત્યાખ્યાની માયા—ઘેટાના શીંગડા જેવી તે વાંકી ચુંકી પણ આંટા દેખાય. (૮) અપ્રત્યાખ્યાની લોભ—મળી (ગાડાના પૈડામાં હોય છે તે) ના રંગ જેવો તે ક્ષારથી ધોતાં જાય. આ ચાર કષાય દેશવ્રત થતું અટકાવે ને મરીને તિર્યંચમાં લઈ જાય છે. (૯) પ્રત્યાખ્યાની ક્રોધ—રેતીમાં કાઢેલી લીટી જેવો તે હવાના જોરથી મળી જાય. (૧૦) પ્રત્યાખ્યાની માન—નેતરના થાંભલા જેવું તે નમાવ્યું નમે. (૧૧) પ્રત્યાખ્યાની માયા—ચાલ્યા જતા બળદના મૂત્ર જેવી, થોડા વાંકવાળી. (૧૨) પ્રત્યાખ્યાની લોભ—કાદવના રંગ જેવો, સુકાવાથી રંગ દૂર થાય. એ ચાર કષાય સર્વ વ્રતનો ઘાત કરે અને મરીને મનુષ્ય થાય. (૧૩) સંજળનો ક્રોધ—પાણીમાં લીટી કાઢેલી જેવો. (૧૪) સંજળનું માન—બડના થાંભલા જેવું. (૧૫) સંજળની માયા—વાંસની છોઈ જેવી. (૧૬) સંજળનો લોભ—પતંગના રંગ જેવો. એ ચાર કષાય કેવળજ્ઞાનનો ઘાત કરે અને મરીને દેવતા થાય. (૧૭) હાસ્ય—હસવું તે. (૧૮) રતિ—ખુશી. (૧૯) અરતિ—નાખુશી, ઉદાસી. (૨૦) ભય—ડર. (૨૧) શોક—ચિંતા. (૨૨) દુગંછા—છીટ, સુગ. (૨૩) સ્ત્રીવેદ. (૨૪) પુરૂષવેદ. (૨૫) નપુંસક વેદ. આ પચીશ કષાય આત્મા ઉપર કર્મના રસનો જમાવ કરે છે.

૧૫ જોગ છે—(૧) સત્ય મન જોગ. (૨) અસત્ય મનજોગ, (૩) મિશ્ર મન જોગ તે સાચું જૂઠું ભેગું. (૪) વ્યવહાર મનજોગ

એટલે સાચું પણ નહિ અને જૂઠું પણ નહિ.* (૫) સત્ય ભાષા. (૬) અસત્ય ભાષા. (૭) મિશ્ર ભાષા. (૮) વ્યવહાર ભાષા. (૯) ઔદારિક તે સાત ધાતુથી ભરેલ, મનુષ્ય અને તિર્યંચનું શરીર. (૧૦) ઔદારિક મિશ્ર—ઉદારિક શરીર ઉત્પન્ન થતાં અથવા વૈક્રેય શરીર કરતી વખત મિશ્રતા રહે છે તે. (૧૧) વૈક્રેય—શુભ અને અશુભ પુદ્ગળોથી બનેલ નારકી અને દેવતાનું શરીર. (૧૨) વૈક્રેયનો મિશ્ર—વૈક્રેય શરીર ઉપજે ત્યારે અથવા ઉત્તર વૈક્રેય કરે ત્યારે મિશ્રતા રહે છે તે. (૧૩) આહારક—પૂર્વ ધારી મુનિ સંશય છેદન કરવા કે રિદ્ધિ જોવા પુતળું બનાવી તેમાં પોતાના આત્મ-પ્રદેશ નાંખે છે તે. (૧૪) આહારકનો મિશ્ર—પુતળું બનાવતી તથા સમાવતી વખત મિશ્રતા રહે છે તે. (૧૫) કાર્મણ કાયજોગ—પ્રથમ શરીર છોડી બીજા શરીરમાં જતી વખત વોળાવારૂપે સાથે રહે છે તે. આ ૧૫ જોગ કર્મોનું આકર્ષણ કરે છે.

૧૨ અવ્રત છે—(૧ થી ૬) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. એ છકાયનો જેટલો આરંભ તે. (૭ થી ૧૨) શ્રોત, ચક્ષુ, ઘ્રાણ, રસ, સ્પર્શ, અને મન એ ઇંદ્રિયોના પોષણને માટે જગતમાં જે કામ બની રહ્યાં છે એની અવ્રતની રાવઈ સમયે સમયે અપચ્ચખાણી જીવને ચાલી આવે છે અને તેથી કર્મનો બંધ થયા કરે છે. ઇંદ્રિયોનું પોષણ કરવાને અનેક પચેંદ્રિ જીવોનો ઘાણ કાઢી તેનું ચામડું લાવે છે. તે ચામડાનાં વાજાં બનાવે છે. કંસારા ધાતુ ગાળીને તેના કળશીઆ ચંબુ વગેરે બનાવે છે. અનેક મનોહર જગાઓ, વસ્ત્ર, ભૂષણ, ભોજન વગેરે સામગ્રીઓ અનેક આરંભ કરીને બતાવે છે. મદિરા માંસ વગેરે અભક્ષ્ય પદાર્થોનો આહાર, પરસ્ત્રી વેશ્યા ગમન વગેરે અનેક કર્મનાં પાપની સામે દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો બિચારા પૃથ્વીકાય વગેરે

---

* જેવી રીતે બને છે તો તેલ અને વાટ, છતાં કહે કે દીવો બળે છે. ગામ તરફ પોતે જાય છે છતાં કહે કે ગામ આવે છે વગેરે વ્યવહાર છે.

જીવોનો ઘાણ નીકળી જાય છે. ફક્ત એક વસ્ત્રનો દાખલો લઈએ. પ્રથમ પૃથ્વીના પેટને હળથી ચીરવું, પછી તેમાં ખાતર નાંખવું તેમાં અસંખ્ય ત્રસ અને સ્થાવર જીવોનો ઘાણ નીકળે છે. નિંદણ વગેરે અનેક ખેતીનાં પાપ કરતાં કપાસના છોડ તૈયાર થાય છે. એ કપાસને ચુંટી ભેળો કરી જીનના સંચામાં લોઢવો ત્યાંથી તે ઠેઠ વસ્ત્ર બને ત્યાં સુધી અનેક સંચામાં અસંખ્ય ત્રસ સ્થાવર જીવોનો ડાટ વળી જાય છે. પછી રંગ ચડાવવો વગેરે કામને માટે પણ પાપનો પાર નથી. આવો મહા અનર્થ કરવાથી એક વસ્ત્ર પેદા થાય છે. તેજ પ્રમાણે ઘરેણાં માટે પ્રથમ ધાતુ ખોદનારા ધાતુની માટી ખોદી ધાતુ અને માટી જૂદાં કરે છે, સોની તે ધાતુને ગાળી તેનો ઘાટ બનાવી ઉજાળે છે વગેરે અનેક ક્રિયાનો નરદમ પાપકારી આરંભ થાય છે ત્યારે ઘરેણાં બને છે. એજ પ્રમાણે ભોજન, મકાન વગેરે સંસારનાં અનેક કામોને અલગ અલગ તપાસીએ તો ઉત્પત્તિ થતાં સુધી જે જે પાપો થાય છે તેને ઉપયોગ રાખી તપાસીએ તો આપણાં રોમે રોમ ખડાં થઈ જાય છે. એવાં એવાં મહા પાપોથી આ સંસાર ભર્યો છે. અકેક વેપાર ધંધામાં નજર રાખીએ તો કેટલો બધો જુલમ થાય છે તે સ્પષ્ટ જણાય છે. કેટલાંક પાપ તો આપણી જાણમાં આવે છે અને કેટલાંક મહા ઘોર પાપો જગત્માં એવાં તો થાય છે કે જેની આપણને ખબર પણ નથી, છતાં એ પાપનો હિસ્સો (અવ્રતની રાવઈ) જ્યાં લગી આપણે અપચ્ચખાણી છીએ ત્યાં લગી ચાલ્યો આવે છે. ઘરનાં કમાડ બંધ ન હોય ત્યાં લગી કેટલોક કચરો આપણી જાણ બહાર, નજર બહાર અને મન નથી છતાં ઘરમાં ઘુસીજ જાય છે. તેવી રીતે જ્યાં લગી પચ્ચખાણ કરી કમાડ બંધ નથી કર્યાં ત્યાં લગી જગતનો પાપરૂપ કચરો આત્માને લાગે છે. એવું જાણી મુમુક્ષુ જીવોએ બારે અવ્રતનું પાપ આવતું રોકવું જોઈએ અને તેને માટે પચ્ચખાણ કરવાં જોઈએ.

૫. મિથ્યાત્વ છે—આ જીવ આ સંસારમાં અનંત કાળ થયાં પરિભ્રમણ કરે છે તેનું કારણ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વથી છૂટવું ઘણું કઠણ છે. એ મિથ્યાત્વની સોબત જીવને અનાદિ કાળથી છે. એનાથી મુક્ત થયા વગર મોક્ષની પ્રાપ્તિ થશે નહિ; માટે મુમુક્ષુ જીવોએ મિથ્યાત્વની ઓળખાણ જરૂર કરવી જોઇએ. એ મિથ્યાત્વની પાંચ જાત છે.

૧. અભિગ્રહ મિથ્યાત્વ—ખોટા પંથને દ્રઢતાથી ધારણ કરે. અજ્ઞાન, મદ, ક્રોધ, માન, માયા, લોભ, રતિ, અરતિ, નિદ્રા, શોક, જૂઠ, ચોરી, મત્સર, ભય, હિંસા, પ્રેમ, ક્રીડા, હાસ્ય, આ ૧૮ દોષથી ભરેલા છે એવાને સત્ય દેવ માને, અને એ ૧૮ દોષથી રહિત દેવ છે તેને કુદેવ માને; હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, અને પાંચે ઇંદ્રિયોના વિષયોને ભોગવનાર, ચારે કષાયમાં ઉન્મત્ત, એ બધા દુર્ગુણોથી ભરેલા અને જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચ આચાર, ઇર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપના અને પરિઠાવણિયા એ પાંચ સુમતિ, મન, વચન અને કાયાની ત્રણ ગુપ્તિ એ બધા સદ્‌ગુણોથી રહિત છે એવાને સદ્‌ગુરૂ માને; હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલેશ, આળ ચડાવવું, ચાડી, નિંદા, હર્ષશોક, માયા-કપટ, મિથ્યાત્વ એ અઢાર પાપસ્થાનકને તથા રાત્રિભોજનને ધર્મ માને, તેનાથી ઉલટું જે દયા, સત્ય વગેરે છે તેને અધર્મ માને; એ પ્રમાણે ત્રણે કુતત્ત્વને દ્રઢતાપૂર્વક કદાગ્રહથી ખરા તરીકે ધારણ કરે છે. કોઇ સમજાવે તો કહે કે અમારા બાપદાદાથી આ ધર્મ ચાલ્યો આવે છે તેને અમે કદાપિ નહિ છોડીએ, એવી રીતે જે હઠાગ્રહી હોય તે અભિગ્રહ મિથ્યાત્વી જાણવો.

અનાભિગ્રહ મિથ્યાત્વ—સુદેવ, કુદેવ, સુગુરૂ, કુગુરૂ, સુધર્મ, કુધર્મ, સર્વને એક સરખા ગણી નમન કરે, પૂજા કરે,

સત્ય અને અસત્યનો નિર્ણય ન કરે, કોઇ સમજાવે તો કહે કે આપણે એ ઝઘડામાં શા માટે પડવું જોઇએ ? ઝઘડો કરવાથી શું લાભ છે ? બધા ધર્મોમાં મોટા મોટા વિદ્વાન અને ગુણવાન છે. તો કેને જૂઠા ને કેને સાચા કહેવા ? બધા ધર્મ સારા છે. એવા વિચારને અનાભિગ્રહ મિથ્યાત્વ કહે છે.

૩. અભિનિવેશિક મિથ્યાત્વ--કુદેવ, કુગુરૂ, કુધર્મ અને કુશાસ્ત્ર છે એમ કોઇ સદ્‌ગુરૂના પ્રતાપથી કે સત્સંગથી યથાર્થ રીતે સમજણમાં આવે કે હું જેને જેને માનું છું તે તમામ ખોટ છે, છતાં લોકોની અને કુળગુરૂઓની શરમમાં પડી જઇ છોડે નહિ, પણ એવો વિચાર કરે કે આ ખોટાં છે તેને હું છોડી દઇશ તો મારા ગુરૂ, મિત્રો, સ્વજન, વગેરે મને ઠપકો દેશે અગર નિંદા કરશે. વળી આ ધર્મના અહીં ઘણા લોક છે, હું તે બધાનો આગેવાન છું, મારા હુકમ પ્રમાણે બધા ચાલે છે, મારૂં માન અને માહાત્મ્ય ખૂબ છે, જેથી હું આ ધર્મને મૂકી દઇશ તો તમામ લોકો મારા શત્રુ થઇ મારી નિંદા અપમાન કરશે, વગેરે વિચારો કરી ખોટાને ખોટું સમજે છે છતાં છોડે નહિ. પોતાનો આખો જન્મારો અંધકારમાં ડૂબી જાય છે તેની તેને બિલકુલ ફિકર થતી નથી , એવા ભારે કર્મી જીવને અભિનિવેશિક મિથ્યાત્વી ગણવો.

૪. સંશય મિથ્યાત્વ--કેટલાક અલ્પજ્ઞ, અને અજ્ઞાની જીવ કોઇ પુણ્યના યોગથી જૈન ધર્મ તો પામ્યા, જૈનનાં શાસ્ત્રો સાંભળે, જૈન ધર્મની ક્રિયા કરે, પણ કેટલીક ગહન બાબતો નહિ સમજવાથી શંકા કરે કે—સોના અગ્ર ભાગ જેટલી જગામાં અનંત જીવ, પાણીના એક ટીપામાં અસંખ્યાતા જીવ, પૂર્વ, પલ્યોપમ અને સાગરોપમનાં આયુષ્ય, હજારો અને લાખો ધનુષ્યની અવગ્રહણા, નગરીઓનાં પ્રમાણ અને વસ્તીની સંખ્યા, ચક્રવર્તિ મહારાજની ઋદ્ધિ, પરાક્રમ, લબ્ધિઓ, ભૂગોળ ખગોળના હિસાબો, અરૂપી જીવરાશિ, સૂક્ષ્મ જીવો, મોક્ષનાં સુખો તથા અસ્તિત્વ, વગેરે વગેરે સાચું

હશે? તેવી વાતો સાંભળી તેઓ કહે છે કે આ અસંભવતી વાતો શી રીતે સાચી મનાય? પણ તેઓ એમ નથી વિચારતા કે આ બધાં અનંત જ્ઞાની મહારાજનાં મહાસાગર જેવાં વચનો મારી લોટા જેટલી બુદ્ધિમાં શી રીતે સમાઈ શકે? વીતરાગી પુરૂષ ખોટું ભાષણ કદાપિ કરેજ નહિ; કેવળજ્ઞાનમાં જે નજરે દીઠું તેજ ફરમાવ્યું છે. વળી આજ પણ જુઓઃ— (૧)–કરોડ ઓસડ ભેગાં કરી તેનું ચૂર્ણ કરી તેમાંથી એક રાઇ જેટલું લઈએ તો તેમાં પણ કરોડમાંની દરેક ઔષધિનો અંશ છે. આ મનુષ્યકૃત કૃત્રિમ વાત છે તો પછી કુદરતી રીતે થતા કંદમૂળના સૂક્ષ્મ કડકામાં અનંત જીવ હોય તેમાં આશ્ચર્ય શું? (૨) હાલ પણ હાથીનું મોઢું અને કુંથવાનું નાનું શરીર છે, તે પ્રમાણે ગતકાળમાં મનુષ્ય વગેરેની વધારે અવઘેણા અને વધારે આયુષ્ય હોય તેમાં શું આશ્ચર્ય? (૩) હાથીને ઘણે દૂરથી આપણે જોઈ શકીએ છીએ અને કુંથવો સાવ નજીક હોય છતાં મહા મુશ્કેલીથી જોઇ શકાય છે. તો પછી કુંથવાથી પણ વધારે સૂક્ષ્મ પૃથ્વી વગેરેના જીવો હોય ને તે નજરે ન આવે તો તેમાં આશ્ચર્ય શું? (૪) આજ પણ અન્ય પ્રદેશમાં મોટાં મોટાં શહેર છે, તો પ્રાચીનકાળમાં બાર બાર જોજનનાં નગર અને શહેર હોય તો તેમાં શું આશ્ચર્ય? (૫) ક્ષેત્રના વિસ્તારની કોટિધરની તથા મનુષ્યોની વસ્તીની શંકા આણે છે. પરંતુ કોટિ શબ્દનો અર્થ એક કરોડજ હોય એમજ સમજવાનું કંઈ કારણ નથી. હાલ પણ કોઈ જગાએ ૬ અને કોઇ જગાએ ૨૦ ને કોડી કહે છે. એ પ્રમાણે તે વખતે પણ કોઈ મોટી સંખ્યાને કોડી કહેતા હશે. (૬) હાલ પણ એકેક મિનિટમાં હજારો રૂપીઆ વ્યાજ ચાલ્યું આવે એવા પૈસાદાર કરોડપતિ, અબ્જોપતિ શ્રીમંત શેઠ બેઠા છે તો તે વખતે પણ ઈભપતિ વગેરે શ્રીમંત હોય તેમાં શું હરકત? (૭) આજ પણ લોઢાની સાંકળ તોડનાર રામમૂર્તિ જેવા બળવાન મનુષ્ય મોજુદ છે તો ગતકાળમાં અનંત બળવાન હોય

તેમાં શું આશ્ચર્ય? (૮) વળી કેવળી ભગવાનનાં વચનો ઉથાપીને અમુક સંખ્યામાંજ દ્વીપ અને સમુદ્ર બતાવે છે તેવા કોઇએ પૃથ્વીનો અંત દીઠો નથી તો પછી દ્વીપસમુદ્ર અને તેમાં પ્રકાશ કરનારા ચંદ્ર સૂર્ય પણ અસંખ્ય છે એમ કેવળજ્ઞાની પ્રભુએ નજરે જોઇ કહ્યું છે, એમાં શું આશ્ચર્ય છે? (૯) આંખે નથી દેખાતા એવા શબ્દ, ગંધ વગેરે ગ્રહણ કરવાનું કબૂલ કરે છે તો પછી અરૂપી પદાર્થોને વગર જોયે માનવામાં શું અડચણ છે? (૧૦) ઘી ખાતાં છતાં તેનો સ્વાદ કહી શકાતો નથી તો પરમ સુખનું ધામ જે મોક્ષ તેનું વર્ણન મુખથી શી રીતે થઇ શકે? ભોગવે તેજ જાણી શકે. એ પ્રમાણેના સ્થૂળ વિચારોથી કેટલીક સ્થૂળ બાબતોનો નિર્ણય થઇ શકે; અને કેટલીક ગહન બાબતોનો નિર્ણય ન પણ થઇ શકે. તો પણ સમ્યકત્વ દ્રષ્ટિ જીવે વીતરાગી પ્રભુનાં વચનો પર શ્રદ્ધા રાખવીજ જોઇએ. જેમ આપણને બે રૂપિયાની કિંમતનો લાગતો હીરો, ઝવેરીના કહેવાથી લાખ રૂપીઆનો માનીએ છીએ તેમ મહાન ઝવેરી તીર્થંકર દેવનાં વચનો માનવાં. મિથ્યાત્વી જીવ ખાલી સંશયમાં પડી પોતાનું સમ્યકત્વ ગુમાવી દે છે તેને સંશયિક મિથ્યાત્વ કહે છે.

૫—અનાભોગ મિથ્યાત્વ—એકાંત જડ, એકાંત મૂઢ, ન કંઇ સમજે કે ન કંઇ કરે, ધર્મ અને અધર્મનું નામ પણ ન જાણે, એકેંદ્રિયાદિ જીવ (અવ્યક્તતા એટલે) અજાણપણામાં છે એવો જે હોય તે અનાભોગ મિથ્યાત્વી જાણવો.

મિથ્યાત્વનો અર્થ જૂઠ થાય છે. સત્ય ને અસત્ય શ્રધ્ધે અને અસત્યને સત્ય શ્રધ્ધે તે મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ તે બુદ્ધિને બગાડનારૂં તથા આત્મહિતનો નાશ કરનારૂં જાણીને ધ્યાની જીવ છોડી દે છે.

આ પ્રમાણે ધર્મધ્યાનના આજ્ઞાવિચય નામે પહેલા પાયાની એક ગાથાનો અર્થ યત્કિંચત્ કહ્યો. એમાંથી જ્ઞેય એટલે

જાણવા યોગ્ય હોય તે જાણવું, હેય એટલે છોડવા યોગ્ય હોય તે છોડવું, અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય હોય તે આદરી અંગીકાર કરવું.

બીજા ઘણાં શાસ્ત્રોમાં પણ ભગવાનની આજ્ઞાનું વારંવાર ચિંતવન કરવા સારૂ સાધુઓને માટે ઘણું ઘણું ફરમાવેલું છે. **"संयमेणं तवसा अप्पाणं भावेमाणा विहरइ"** એટલે પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય અને પંચેંદ્રિય એ નવ ચેતન વસ્તુની અને દશમી અજીવ એટલે વસ્ત્ર, પાત્ર, તે બધાની જતના કરે, (૧૧ થી ૧૩) મન વગેરે ત્રણે યોગને વશ કરે, (૧૪) સૌની સાથે મૈત્રી ભાવ રાખે, (૧૫) સદા ઉપયોગયુક્ત વર્તે, (૧૬) દિવસે નજરે જોઈને અને રાત્રિએ રજોહરણ વગેરેથી પુંજ્યા પછી દરેક વસ્તુ કામમાં લે, (૧૭) અયોગ્ય વસ્તુ હોય તો જતનાથી એકાંત જગામાં પરઠવે એ ૧૭ પ્રકારનો સંજમ, તથા (૧) આયુસબંધે ઘડીથી માંડી જાવજીવ આહાર ત્યાગે. (૨) ઉણોદરી–ઉપાધિ અને કષાય કમી કરે. (૩) ભિક્ષાચારથી ઉપજીવિકા કરે. (૪) રસ (વિગય) નો પરિત્યાગ કરે. (૫) કાયાને લોચ વગેરેથી દુઃખ આપે. (૬) પ્રતિસંલીનતા–ઇંદ્રિયો, કષાય અને જોગની પ્રવૃત્તિ ઘટાડે. (૭) લાગેલાં પાપોનું પ્રાયશ્ચિત લઈ શુદ્ધ થાય. (૮–૧૨) વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન અને કાયોત્સર્ગ કરે. એ ૧૨ પ્રકારનો તપ જ્ઞાન સહિત કરીને શુદ્ધ સાધુ પોતાના આત્મામાં રમણ કરતાં કરતાં વિચરે.

વળી ભગવાને શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કે– **"समयं गोयम मा पमायए"*** અર્થાત્ હે ગૌતમ! હે મુમુક્ષુ જીવો! આત્મ સાધન તથા મોક્ષ પ્રાપ્તિના કામમાં એક સમયનો પણ પ્રમાદ ન કરો!!

---

*ઉત્તરા૦ ૧૦ ગાથા ૧.

પાંચ પ્રમાદ.

ગાથા–મદ વિસય કસાય, નિદ્દા વિકહાય પંચમા ભણિયા।
ए ए पंच पमाया, जीवा पाडंति संसारे ॥ १ ॥

(૧) **મદ**—જીવોને જાતિ, કુળ, બળ, રૂપ, લાભ, જ્ઞાન, તપ અને ઐશ્વર્ય એ આઠ પ્રકારની ઉત્તમતા પુણ્યોદયથી મળે છે. એ આઠ ચીજનું અભિમાન કરે છે, પણ તેને સંયમમાં, બ્રહ્મચર્યમાં અને પરોપકાર વગેરેમાં નથી વાપરતા, અને કાંઇક ભલું કામ કર્યું તેના પ્રતાપે જરા આબરૂદાર થયા કે વિચારવા મંડે છે કે હું પંડિત છું, શુદ્ધઆચારી છું, વક્તા છું, બધા માણસો મને સત્કાર સન્માન આપે છે, હું જગતપ્રસિદ્ધ છું, સરસ્વતી કંઠાભરણ, વાદી, વિજય વગેરે ઇલ્કાબો મને મળ્યા છે, વધારે તો શું પણ હું એક અદ્વિતીય મહાત્મા છું, એવા વિચારોથી જે છલકાઈ જાય છે અથવા પોતાને મોઢે પોતાની બડાઇ હાંકવા મંડી જાય છે, તે જ્ઞાનાદિ ગુણથી નષ્ટ થઈ ભ્રષ્ટ બને છે. અભિમાની જીવો પોતાના જરા સદ્ગુણને અને દુશ્મનના જરા દુર્ગુણને મેરૂ બરોબર જુએ છે, અને બીજાના અપાર ગુણો તથા પોતાના અપાર દુર્ગુણોને રાઇ બરોબર સમજે છે. આથી તે પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી. અભિમાન પોતે આવા આવા દુર્ગુણોથી ભરેલું છે, આથી તેને મદિરા નામ આપેલ છે.

(૨)–**વિષય**–એટલે વિષય. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ એ પાંચે વિષયની પૂર્ણતા, પુણ્યોદયથી મળે છે. એ પાંચે ગુણની પૂર્ણતાને ગુણીજનના ગુણો ગાવામાં, સાધુ દર્શનમાં, અને તપ વગેરે સત્કાર્યમાં નહિ વાપરતાં, બિભત્સ શબ્દોચ્ચાર, રૂપ અવલોકન ગંધગ્રહણ, અભક્ષ્ય ભક્ષણ, અને ભોગ વિલાસમાં લગાડે છે તે તેનો પોતાનોજ નાશ કરે છે. અમૃત સમાન એ પાંચ ગુણોને જેઓ વિષયમાં

લગાવે છે તે તે ગુણોનું ઝેર (વિષ) બનાવે છે અને તેથી બંને ભવમાં દુઃખનો ભોક્તા થાય છે. આથી આ ગુણોને વિષ (ઝેર) એ નામ આપ્યું છે.

(૩)—કસાય—ક્રોધ, માન, માયા, અને લોભ, એ ચાર કષાય મહાપાપનું મૂળ છે. એને તાબે થઈ જીવ આત્મસ્વરૂપ ભૂલી જાય છે. એ કષાયોથી આત્મઘાત, દ્રવ્યનો નાશ, જશની હાનિ, કુળનો સંહાર, અયોગ્ય કામમાં તત્પરતા વગેરે ઘણા અવગુણો થાય છે, નિર્બળ અને અનાથ જીવોને સ્વપરાક્રમથી તથા બળવાનને દગાથી મારી મહા પાપોથી પોતાના આત્માને મલીન કરી બંને ભવમાં દુઃખનો ભોક્તા બને છે, એથી એનું નામ કષાય (કર્મ રસનું આવવું) અથવા કસાઇ (ઘાતકી) એવું રાખ્યું છે.

૪—નિદ્રા—આ શબ્દના બે અર્થ થાય છે (૧) નિદ્રા એટલે બીજાનું વાંકું બોલવું. (૨) નિદ્રા એટલે ઊંઘ. તે બેમાંથી પ્રથમ નિંદા વિષે વિવેચન કરીએ. દશવૈકાલિક સૂત્રમાં કહેલ છે કે "पीट्ठि मांसं न खाइज्जा" અર્થાત્ કોઈની પાછળ તેની નિંદા કરવી એને માંસ ભક્ષણ બરોબર ગણેલ છે. જ્ઞાની, શુદ્ધાચારી, પ્રભાવક, ધર્મોન્નતિ કર્તા, તપસ્વી, ક્ષમાશીલ વગેરેના ગુણાનુવાદ, નિંદક માણસ સહન કરી શકતો નથી. તેના ગુણો ઢાંકવાને તે નિંદા કરે છે, ખોટાં તહોમતો ચડાવી છે, અને ગુણી લોકોની ભક્તિ કરનારા ભોળા લોકોનો ભાવ કુતર્કો કરીને ઉતારે છે. એવી નીચ નિંદા બરેબર નિંદવા યોગ્ય છે.*

---

*સવૈયા—नर्क निगोद भमे निंदाका करणहार,
चंडाल समान जाकी संगत न कामकी;
आपकी बडाइ परहाणीमें मगन मूढ,
ताकत पराये छिद्र नीत है हरामकी;

નિંદા વિષે સદ્‌બોધ--હે આત્મા, તું હમેશાં બીજાના દોષ દેખવામાં તત્પર રહે છે. સદા કહેતો ફરે છે કે ફલાણો ક્રોધી છે, ફલાણો અભિમાની છે, ફલાણો દગાબાજ છે, ફલાણો લાલચુ, વિશ્વાસઘાતી, ક્રૂર, જુઠો, ચોર, વ્યભિચારી, ઉપરથી ભક્તરાજ, પ્રભુસ્મરણ કરે છે પણ પાખંડી, ધૂર્ત, વ્રત ભાંગનાર, એવા એવા દોષો જોઈ એને દોષિત ઠરાવે છે. આથી મલીન મન બીજાના દોષો જોવામાં તલ્લીન રહેતાં વિશેષ મલીન થાય છે, અને બીજાના દોષોના સંસ્કાર સચોટ પોતા પર લાગુ થાય છે. એવે વખતે મોઢેથી પણ ખરાબ ઉચ્ચાર થઈ જાય છે, જેની અસર આસપાસના અનેક આત્મા પર થાય છે અને દોષ જોનાર પોતે તેવા ગુણવાળો થઇ કુકર્મો કરવા મંડી જાય છે. આમ બીજાના દોષોનું અવલોકન કરવાથી બીજાનો સુધારો થવો તો રહ્યો પણ ખુદ પોતેજ એ દોષોમાંજ ડૂબી જાય છે. અનેકના આત્માઓના અવગુણ જોવાથી પોતે દોષિત થાય છે, બીજાઓની સાથે ઝેર વેર વધે છે અને છેવટે પોતેજ સૌનો નિંદાપાત્ર થાય છે.

નિંદાખોર માણસ સ્વભાવથીજ ખરાબ હોય છે. જેમ કોઈ મહારાજાએ રત્નજડિત મનોહર મહેલ બનાવ્યો. એ મહેલ જોવાને અનેક મનુષ્યો આવ્યાં. બધા વખાણ કરવા લાગ્યા એવામાં એક ભંગીઓ ત્યાં જોવા આવી કહેવા લાગ્યો કે આ મહેલ ઠીક છે પણ તેમાં પાયખાનું તો રાખ્યું નથી!! આ રીતે નિંદાખોર મનુષ્યની બુદ્ધિ હમેશાં નીચજ રહે છે. હરકોઈ ચીજના બધા સદ્‌ગુણો છોડી દુર્ગુણોનેજ જોવા મંડે છે.

वाकी निंदा कान सुण खुशी नहि होणा कधीं,
पीछेसे करेगा नर तेरी बद नामकी;
तिलोक कहत तेरे दोष है निंदकमांहे,
यहांसे मर जाय आगे गति यमधामकी. ॥ १ ॥

હે આત્મા, તું બીજાના દુર્ગુણોને જોઈ એની નિંદા કરે છે પણ તેજ દુર્ગુણોથી તારો આત્મા બચેલ છે ખરો? શું તું તમામ સદ્‌ગુણોથી ભરેલ છે? સર્વાંશે નિર્દોષી છે? આ પ્રમાણે મનને બરાબર સાક્ષી રાખી વિચાર કરી પૂછી જો તો તરતજ જણાશે કે પ્રથમ તો તારામાંજ એ નિંદા કરવાનો મોટો દુર્ગુણ ઘર કરી બેઠો છે. વળી લોકો તને રાજા, બ્રાહ્મણ, શાહુકાર, પટેલ વગેરે ઉત્તમ નામોથી બોલાવે છે, પૂજે છે તો તે તે પદવી પ્રમાણે શુદ્ધ નીતિ પૂર્વક તું ચાલે છે ખરો કે? તું ધર્માત્મા, પુણ્યાત્મા, સમ્યક્‌દ્રષ્ટિ, શ્રાવક, સાધુ, મહાત્મા, આચાર્ય, તપસ્વી, પંડિત વગેરે નામ ધરાવી તે તે પદના આચારને પૂર્ણપણે પાળે છે ખરો કે? આ પ્રમાણે અંતરમાં આત્મદ્રષ્ટિ લગાડી વિચાર કરવાથી તરત પ્રગટ જણાશે કે હું પોતેજ નિંદાપાત્ર છું. હવે આમ જ્યારે પોતેજ ખુદ ખરાબ છે તો પોતાનામાં સુધારો કરવાનું તજી બીજાના દુર્ગુણોની નિંદા કરી તે દુર્ગુણોની અસર પોતાના આત્મામાં ભરી વિશેષ ખરાબી કરવી એ કેટલી ભારે અજ્ઞાનતા! માટે બીજાની નિંદા કરવી એ સત્પુરૂષોનું કર્તવ્ય છેજ નહિ.

"દુનિયા દોરંગી" એ જે જગતની કહેવત છે, તે પર બરોબર નજર રાખી હે આત્મા, તું તારા આત્માના સદ્‌ગુણો બીજાને બતાવી પ્રશંસા કરાવવાની ઇચ્છા પણ ન કરે. વળી તારા આત્માના સદ્‌ગુણોનું સ્વરૂપ સમજ્યા વિના કોઈ તારી નિંદા કરે યા તો સદ્‌ગુણોને દુર્ગુણરૂપ દેખે તો ભલે દેખે–એની આગળ સદ્‌ગુણોને સિદ્ધ કરી બતાવવાની કશી જરૂર નથી. આ દુનિયામાં કાંઇ એકજ માણસ નથી કે તેને તું સમજાવી શકીશ. આજ એકને સમજાવીશ તો કાલ બીજો નિંદા કરશે, બીજાને સમજાવીશ તો પરમરોજ ત્રીજો નિંદા કરશે, એમ સર્વ મનુષ્યોને તું તારા સદ્‌ગુણો સમજાવતાં સમજાવતાં થાકી જઈશ અને ધારેલું કામ પણ સિદ્ધ થશે નહિ. કારણ કે પ્રથમ તો પોતાની મેળે પોતાની પ્રશંસા કર-

રવાથી સદ્‌ગુણીની સ્થિતિ બહુ હલકી થઈ જાય છે અને એ નીચ સ્થિતિ પણ નિંદાપાત્ર છે.

જેમ અરીસામાં ભલી ભુંડી ચીજનું પ્રતિબિંબ પડતાં તેને કાંઇ નુકશાન થતું નથી પણ જોનારજ રાગ દ્વેષરૂપી પરિણામોથી સંકલ્પ વિકલ્પ કરી સુખી દુઃખી થાય છે તે પ્રમાણે જે શુદ્ધાત્મા છે તેનાં કોઇ કામ બીજાને અયોગ્ય જણાય અને તે નિંદા કરે તો તેથી તે પવિત્ર આત્મા અરીસાની પેઠે કદી પણ દોષિત થતો નથી પણ નિંદાખોરનોજ આત્મા મલીન થશે.

તીર્થંકર જેવા અત્યંત વિશુદ્ધ મહાત્માઓને પણ દુનિયાના અજ્ઞાન મનુષ્યોએ દોષિત ઠરાવ્યા, તો બીજાઓનું તો શું કહેવું? જેમ તીર્થંકર મહારાજે ગોશાળા જેવા પ્રતિપક્ષીઓની નિંદાથી જરા પણ ન અચકાતાં સૂર્યની માફક ધર્મના પ્રકાશની વૃદ્ધિ કરતા રહ્યા તેવી રીતે આત્માનું હિત સાધનારે કોઈના નિંદાયુક્ત શબ્દોપર જરા પણ લક્ષ ન દેતાં, તેમજ એક શબ્દ પણ ન બોલતાં, પોતાના ઈષ્ટ સાધન તરફ લક્ષ્ય બિંદુ રાખી મંડ્યા રહેવું. એથી હડહડતા નિંદાખોરના હૃદયમાં સ્વભાવિક રીતે આપણા સદ્‌ગુણરૂપી સૂર્યનો પ્રકાશ થવા માંડશે તો બીજા માણસોના હૃદયમાં થાય તેમાં નવાઇ શી?

ગરીબ માણસને શ્રીમંત કહેવાથી તે શ્રીમંત થતો નથી, તેમ ધનાઢય માણસને ગરીબ કહેવાથી તે ગરીબ પણ થતો નથી, તેઓ તો જેવા છે તેવા ને તેવા રહે છે. તે પ્રમાણે સદ્‌ગુણી માણસ હોય તેને કોઇ દુર્ગુણી કહે તો તેથી દુર્ગુણી બની જતો નથી અને દુર્ગુણી ને સદ્‌ગુણી કહેવાથી સદ્‌ગુણી થઈ જતો નથી.

પોતાની કીર્તિ થવાની ઈચ્છા કરવી એ પણ એક પ્રકારની કાયરતા છે. જેના મનમાં કીર્તિની ઈચ્છા પ્રબળ છે એને ચારે તરફની બીક રહે છે કે હું આમ કરીશ તો લોકો દુનિયા માંહે

વાંકું બોલશે, હું કયું કામ કરું કે જેથી બધા મારાં વખાણ કરી મને સારો કહે, વગેરે વિચારો થવાથી તે લોકથી વિરૂદ્ધ પણ આત્માને હિતકારક (એટલે લોકોત્તરમાં શુદ્ધ) એવાં કેટલાંક કામો કરતાં અચકાઈ જાય છે અને તેથી જોઈએ તેવી આત્મોન્નતિ કરી શકતો નથી.

આત્માનંદી મનુષ્ય લોકોની નજરમાં સારા કહેરાવવાના પ્રયત્નને પડતા મેલી સર્વજ્ઞ પરમાત્મા પ્રભુની નજરમાં પવિત્ર થવાય એવા પ્રયત્નો કરવા મંડે છે. કારણ કે જગત્માં જશ મેળવવાના કામોમાં રહી જવાથી ઈષ્ટિતાર્થ જે મોક્ષ તેની પ્રાપ્તિ થઈ શકશે નહિ. જો પરમાત્મા પ્રભુએ આપણી પવિત્રતા સ્વીકારી તો પછી દુનિયાની મગદૂર નથી કે મોક્ષ પ્રાપ્તિના આપણા પ્રયત્નમાં જરાપણ વિઘ્ન નાંખી શકે ?

(૨) નિદ્રા–એટલે ઉંઘ પણ સત્કાર્યોમાં વિઘ્ન કરનાર મોટો શત્રુ છે. ધર્મના સ્થાનકમાં નિદ્રાનું જોર વિશેષ નજરે આવે છે. કેટલાક સાધુ મુનિવ્રત ધારણ કરી, પાપ શ્રમણ (પાપી સાધુ) બને છે. તેઓને વગર મહેનતે આહાર, વસ્ત્ર, ઉપાશ્રય વગેરે સામગ્રી મળતાં બેફિકર બની ઘણો વખત ઊંઘવામાં ગુજારે છે. આ નિદ્રારૂપી પ્રમાદ પણ બંને ભવમાં દુઃખ દેનાર છે.

(૫)–વિકહા–વિકથા ચાર પ્રકારની છે. દેશકથા, રાજકથા, સ્ત્રી કથા અને ભત્તકથા—એ ચાર પ્રકારની ખોટી કથા ઉપરાંત ચોરની, પૈસાની, ધર્મ ખંડનની, વેરવિરોધની, સદ્‌ગુણનો વધ કરનારી, વિષયવાસના વધારનારી, કલેશકારી, પરને દુઃખકારી, ગ્લાનિ ઉત્પન્ન કરનારી વગેરે અનેક પ્રકારની વિકથાઓ છે. એ કથાઓ કરવામાં જે પોતાના અમૂલ્ય મનુષ્ય જન્મનું આયુષ્ય ખુએ છે તે ઘણું જ અઘટિત કરે છે. કેટલાક વિદ્વાનો સભાને રાજી કરવા સારૂ અનેક કપોળ કલ્પિત વાતો બનાવી, કલ્પિત વિષયોની ઢાળો રચી હાસ્ય

શૃંગાર, બિભત્સ વગેરે રસમાં માણસોને લીન કરે છે* તેઓ ફૂટેલા વહાણના ખલાસીની પેઠે પોતાના ભક્તજનો સહિત પાતાળમાં બેસે છે.

આ પાંચ પ્રમાદ ટાળવા અતિ કઠણ છે. શ્રી ભગવતજી સુત્રના ૮ મા શતકમાં ફરમાવ્યું છે કે, ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વધારી, આહારક શરીર કરી શકેએવા મુનિરાજો પણ આ પાંચ પ્રમાદને તાબે થઇ આયુષ્ય પૂર્ણ કરે તો અધોગતિ પામે છે. પ્રમાદને દુષ્ટ જાણી પ્રભુએ ખાસ ફરમાવ્યું છે કે "**પ્રમાદનો સમય માત્ર પણ સહવાસ ન કરો.**" એ પ્રમાદની જરા પણ સોબત કરવાથી આત્મા પર એવી અસર થાય છે કે મરણ પર્યંત છૂટવી મુશ્કેલ છે. હાલ જૈન જેવા પવિત્ર ધર્મની દુર્દશા થઇ રહી છે એ પ્રમાદનોજ પ્રતાપ છે. જે મહાત્મા આ પાંચ પ્રમાદથી બચશે તે ખરી ધ્યાન સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે.

આ આજ્ઞાવિચય ધ્યાનનો અર્થ ઘણોજ ગંભીર અને અપાર છે. પણ અહીં એટલુંજ કહી હવે સર્વનો સાર થોડામાં જણાવી પૂરૂં કરીશ.

ગાથા—किं बहुणा इहा जहा जहा, रागदोसा लहू विज्जइ ।
तह तह पयट्टियव्वं, एसा आणा जिणिंदाणं ॥

અર્થ—અહીં વિશેષ કહેવાનું શું પ્રયોજન છે? બસ, થોડા-માંજ સમજી લેવું કે જે જે પ્રવૃત્તિથી રાગ અને દ્વેષ એકદમ કમી થાય તેવી તેવી પ્રવૃત્તિ કરો—એ શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે.

---

*દુહા—દશ બોગા દશ બોગલી, દશ બોગાકા બચ્ચા ।
ગુરુજી તો ગપ્પાં મારે, સબહી જાણે સચ્ચા ॥ ૧ ॥

અર્થ—ભોળા દશ શ્રાવક, દશ શ્રાવિકા, અને દશ બાળકની પરિષદામાં ગુરૂજી (સાધુજી) ગપ્પાં મારે છે ને તે ભોળા લોકોસાચું માની લે છે. આ પ્રમાણે પણ બને છે.

આ આજ્ઞાવિચય નામે ધર્મ ધ્યાનમાં પ્રવેશ કરવાથી, મિથ્યાત્વ વગેરે અનાદિના મેલનો નાશ કરી ચૈતન્યને પવિત્ર બનાવવામાં તે જળની માફક કામ કરે છે. આધિ, વ્યાધિ, ઉપાધિ, રૂપ જવાળાથી બળતા જીવને શાંત કરવામાં પુષ્કરાવર્ત્ત નામે મેઘની બરાબર છે. મોહરૂપી વનચર પશુનો નાશ કરવામાં કેસરી સિંહરૂપ છે, બુદ્ધિ, વિવેક વગેરે સદ્‌ગુણો વધારવામાં સરસ્વતી રૂપ છે, યોગી લોકોના મનને આનંદ આપવામાં શાંત મહેલ રૂપે છે, વગેરે અનેક ગુણોના સાગર રૂપી **આજ્ઞાવિચય**નું ચિંતવન ધર્મ ધ્યાની હમેશાં કરે છે.

દ્વિતીય પત્ર—અપાય વિચય.

ગાથા—અપ્પાણમેવ જુઝ્ઝાહિં, કિં તે જુઝ્ઝેણ વઝ્ઝઓ।
અપ્પાણમેવ અપ્પાણં, જઇત્તા સુહમેહએ. ॥ *

અર્થ—શ્રી નમિરાજઋષિ શક્રેંદ્રને કહે છે કે, સુખની ઇચ્છા કરનારે પોતાના આત્મામાં રહેલા દુર્ગુણોનો પરાજય કરવો જોઈએ. બીજાની સાથે બાહ્ય યુદ્ધ કરવાની કશી જરૂર નથી. જ્ઞાન, દર્શન વગેરેથી ભરેલા આત્માને પોતાના બાકી રહેલા કષાયરૂપ આત્મા સાથે યુદ્ધ કરાવવાથીજ આત્માને પરમ સુખ થાય છે.

અપાય વિચય નામે ધર્મ ધ્યાનના બીજા પાયાનું ધ્યાન કરનાર એવો વિચાર કરે છે કે—મારો જીવ હમેશાં સુખ ચાહે છે; અનંતભવથી સુખ મેળવવાને માટે તરફડીઆં મારી રહ્યો છે; અનેક ઉપાય કરતાં છતાં સંકટ આવ્યાં કરે છે; કરેલી મહેનત નિષ્ફળ જાય છે, એ બધાનું શું કારણ? મારી પાસે અનંત, અક્ષય, અવ્યાબાધ સુખ રહેલ છે તેને મેળવવામાં વિઘ્નરૂપ, અને મારા કરેલા ઉપાયોને નિષ્ફળ કરનાર એવો શત્રુ કોણ છે? વિચાર

*ઉત્તરા૦ ૯ ગાથા ૩૫.

કરતાં એટલું તો સૂઝે છે કે બરેબર, એ શત્રુઓ બહારના કોઈ પદાર્થ નથી. બહારના શત્રુ હોત તો મને દુઃખ દેતી વખતે નજરે ચડત. મારા શત્રુઓ તો મારા ઘરમાંજ ઘર કરી રહેલ છે. ઠીક થયું કે બહાર શોધ કરવાની કડાકૂટ મટી. આશ્ચર્ય એ છે કે આટલા દિવસ લગી તેઓ મને કેમ ન દેખાયા? પણ કયાંથી દેખાય? હું તો આજ લગી તેને શોધવા માટે મારૂં પોતાનું ઘર છોડી, બીજાના ઘરમાં ભટકતો ફર્યો, તેથી તેઓ મારા ઘરમાં મારા પ્રયત્નોને નિરાંતે નાશ કરી શકયા. ઠીક, પણ હવે મારી એ ભૂલ સુધારૂં, અને બહારથી મિત્ર જણાતા પણ અંદર શત્રુનું કામ કરતા એ વેરીઓને બરોબર રીતે પિછાણવા હવે બાહ્ય દ્રષ્ટિ બંધ કરૂં. શ્રી ભગવાને ફરમાવ્યું છે કે 'એક કાર્યમાં બે કાર્ય ન થાય.' આવો વિચાર કરી આંખ મીંચી મેં અંદર અવલોકન કર્યું. તો મને માલમ પડયું કે મારા શત્રુઓ ઘણા બળવાન છે અને એણે અંદર ભારે ધામધુમ જમાવી છે! મોહરૂપી જબ્બર શત્રુની આંતરિક જમાવટ આ પ્રમાણે છે.

અંતર શત્રુ મોહની ઋદ્ધિ.

અવિદ્યારૂપી નગરીને ત્રણ અજ્ઞાન રૂપ ત્રણ ગઢ છે. એ ગઢને પ્રકૃતિ રૂપી કાંગરાં છે અને ચાર ગતિરૂપી ચાર દરવાજા છે. એ અવિદ્યારૂપી નગરીની વચ્ચોવચ્ચ અસંયમરૂપી મહેલમાં અધર્મ નામે સભા છે. તે સભામાં ભ્રષ્ટમતિ નામે સિંહાસન ઉપર અતિ પ્રચંડ શરીર ધારણ કરીને મદમાં છકેલો મોહ નામે મહારાજા બેઠેલો છે. તેણે અનાજ્ઞા નામે છત્ર ધારણ કરેલું છે અને બે પડખે રતિ અરતિ રૂપી બે દાસીઓ હર્ષ શોક રૂપી બે ચામર ઢોળે છે. મોહરાજાએ પાપરૂપી પોશાક ધારણ કર્યો છે, અવ્રતરૂપી મુગટ વગેરે ઘરેણાં પહેર્યા હોવાથી ઝળકી રહ્યો છે. તેની ક્રિયારૂપી તરવાર મનરૂપી મખમલના મ્યાનમાં ઝળકે છે, અને જડતારૂપી

ઢાલ પાછલા ભાગમાં લટકી રહી છે. મોહરાજાની માયારૂપી પટ્ટરાણી ચાર સંજ્ઞારૂપી દાસીઓથી પરવરી અર્ધાંગના બની રહી છે. કામદેવરૂપી પુત્ર, જ્ઞાનાવરણી વગેરે ૭ માંડલિક મહારાજા, મિથ્યાત્વ પ્રધાન, પ્રમાદ પુરોહિત, રાગ દ્વેષ સેનાધિપતિ, ક્રૂરભાવ કોટવાળ, વ્યાક્ષેપ (દુષ્ટભાવ) નગરશેઠ, કુવ્યસન ભંડારી, કુસંગ દાણી, નિંદક પટેલ, કુકવિ રૂપીભાટ, પરિણામ દૂત, દંભ દુર્દંત, પાખંડ દ્વારપાળ વગેરે મહાજનો બેઠેલા છે, એવી મોહરાજાની સભાએ મહાભયંકર રૂપ ધારણ કર્યું છે. અવિદ્યાનગરીમાં ચોરાશી લાખ બજારો, અનેક રૂપગૃહો અને વિચિત્ર પ્રકૃતિવાળી પ્રજાનો વાસ છે. જરા માન મળતાં ફૂલાઇ જવું, જરા અપમાન થતાં રીસાઈ જવું, જરા લાભ થતાં હર્ષ પામવો અને નુકશાનીમાં શોક કરવો ઇત્યાદિ વિચિત્ર સ્વભાવના પ્રજાજનો છે. મોહરાજાના લશ્કરમાં માનરૂપી ગજાધીશ, ક્રોધરૂપી અશ્વાધીશ, કપટરૂપી રથાધીશ, લોભરૂપી પાયદલાધીશ, વગેરે વિકટ અમલદારો છે. એ વખતે ચૈતન્ય પોકાર કરે છે કે આ તો ભારે જબરો શત્રુ છે; હું એકલો આનો શી રીતે પરાજય કરી શકું, કે જેથી ધારેલું કામ સિદ્ધ થાય; આમાં મારૂં કોઇ નથી; હે પ્રભુ, હવે શું કરૂં ?

અંતર મિત્ર ચૈતન્ય રાજાની ઋદ્ધિ.

એ વખતે એક પાસે ઉભેલા વિવેક નામે ચૈતન્યના પરમ મિત્રે બંને હાથજોડીને કહ્યું, કેમ ચૈતન્ય મહારાજ, શી ચિંતા કરોછો ? શત્રુઓને જોરાવર દેખી કાયર શું બનો છો ? કાયરતા છોડી દ્યો. આવાં વચનોથી ચૈતન્યે વિવેકને પોતાનો હિતેચ્છુ જાણી જવાબ દીધો કે ભાઇ, શક્તિ વિના શૂરાતન શું કામનું ?

વિવેક—વાહ ! મહારાજા બનીને આવા શબ્દો કેમ ઉચારોછો ! આપની પાસે એકે બાબતની તાણ નથી. આપની ઋદ્ધિ તો આ મોહરાજાની ઋદ્ધિ કરતાં બધી રીતે વધારે છે.

આપના સૈન્યનો પરિવાર કુશળ અને પ્રબળ છે. આપ શત્રુના તાબામાં રહ્યા ત્યાં લગી અમારા તરફ દ્રષ્ટિ સરખી પણ ન કરી. જેથી અમે ગરીબ થઈ સ્વામીના આદર વિના ચુપચાપ બેઠા રહ્યા. આજ અમારા તરફ આપે જરા સુદ્રષ્ટિથી અવલોકન કર્યું તો આ સેવક આપની સેવામાં હાજર થયો. હવે આપને અરજ કરૂંછું કે, આપ આપના પરિવારની ખબર લેવા કૃપા કરો, બધાને સંભાળી હુશીઆર કરો, અને પછી આપ હુકમ કરો કે જેથી અમે ચોર જેવા તમામ શત્રુઓને હરાવી આપની મનકામના સિદ્ધ કરીએ.

આટલું સાંભળતાં ચૈતન્ય રાજાને ધીરજ આવી, અને તેણે કહ્યું કે—વહાલા મિત્ર, મારો પરિવાર મને બતાવ.

વિવેક—જુઓ આ આપની **શ્રદ્ધા**રૂપી નગરી છે. તેને ત્રણ **ગુપ્તિ**રૂપી ત્રણ ગઢ છે. તે ગઢને **દાન, શિયળ, તપ** અને **ભાવ**રૂપી ચાર દરવાજા છે. **શ્રદ્ધા** નગરીની વચમાં **સંયમ**રૂપી મહેલમાં **ધર્મ** નામે સભા છે. તે સભામાં **સમિતિ**રૂપી સિંહાસન છે તે **જિનાજ્ઞા**રૂપી છત્રથી અને **સમ, સંવેગ**રૂપી બે ચામરોથી શોભે છે. બજારમાં **શુભભાવ**રૂપી નગરશેઠ, **પુણ્ય** દુકાનોમાં ઋદ્ધિસિદ્ધિયુક્ત વિરાજે છે અને **સુક્રિયા**રૂપી વેપાર કરે છે. એ સિવાય બીજો આપનો ઘણો પરિવાર છે. પણ તે શહેરમાં પેઠા પછી આવી મળશે. શહેરમાં હુશીઆરી રાખીને પેસવાનું છે કેમકે **મોહ**રૂપી રાજાએ આગળથી ચોકી પહેરાનો પુખ્ત બંદોબસ્ત કર્યો છે. ડરવાની જરા **પણ** જરૂર નથી. લો, આ **જ્ઞાન**રૂપી ખડ્ગ કે જેથી સર્વ કાર્ય ફત્તેહમંદ થશે.

આટલું સાંભળી **ચૈતયરાજ શ્રદ્ધા** નગરીમાં પ્રવેશ કરવાને તૈયાર થયો. નગરમાં પેસતાં **મિથ્યાત્વ** પ્રધાનના **મિથ્યામોહ, મિશ્રમોહ, સમ્યકત્વમોહ** અને **અનંતાનુબંધીની** ચોકડી મળી સાત ભારે સુભટ, સન્મુખ આવી બોલ્યા કે ખબરદાર **ચૈતન્યરાય**! આગળ વધવા દેવાની **મોહ** મહારાજની આજ્ઞા નથી.

ચૈતન્ય મહારાજ જ્ઞાનરૂપી તરવાર લઇ એકદમ સામે દોડ્યા કે જેથી સાતે સુભટો નાશી ગયા. ચૈતન્યરાયે, ઉમંગભેર નગરમાં પ્રવેશ કર્યો. નગરની છટા જોઇ બહુજ આનંદ થયો. એટલામાં અવ્રતના રાખેલા ૧૨ સુભટ સામે થયા. તે બોલ્યા કે આ સંયમ રૂપી મહેલમાં પેસવાનો હુકમ નથી. આથી ચૈતન્યે પ્રત્યાખ્યાન રૂપી ભાલાથી તેમને હઠાવ્યા અને સંયમ મહેલમાં પ્રવેશ કર્યો. મહેલમાં જઈ સમિતિ સિંહાસન પર જિનાજ્ઞારૂપી છત્ર ધારણ કરી વિરાજ્યા. તરતજ લજ્જા અને ધૈર્ય રૂપી દાસીઓ સમ સંવેગરૂપી ચમર ઢોળવા લાગી. તેજ વખતે ચૈતન્યરાજનો તમામ પરિવાર હર્ષ સાથે વિનય પૂર્વક હાજર થયો. ચૈતન્યરાયે તમામનો યથાયોગ્ય સત્કાર કર્યો. તત્ત્વરૂચિ અને સદ્બુદ્ધિરૂપી વિરહિણી પટ્ટ-રાણીઓને અંકમાં (ખોળામાં) સ્થાપિત કરી. પંચ મહાવ્રતોને માંડલિક રાજાની પદવી આપી, સમ્યકત્વ પ્રધાન, ઉદ્યમપુરોહિત ઉપશમ સૈન્યાધિપતિ, શાંતભાવ કોટવાળ, શુભભાવ નગરશેઠ, પરમાગમથી ભરપુર ભંડાર પર વિજ્ઞાનરૂપી ભંડારી, સત્સંગ દાણી વ્યવહાર પટેલ, ગુણીજન ભાટ, સત્યદૂત, ન્યાય દ્વારપાળ, મનો-નિગ્રહ અશ્વાધીશ, માર્દવ ગજાધીશ, આર્જવ રથાધીશ સંતોષ, પાયદલાધીશ, વગેરેને યથાયોગ્ય અધિકાર પર સ્થાપિત કરી, ચૈતન્ય મહારાજા બહુ આનંદથી રાજ કરવા લાગ્યો. છતાં મોહના પ્રબળ પ્રતાપની અસર એના હૃદયમાં ચમકી રહી હતી.

એક દિવસે સભામાં ચૈતન્ય મહારાજ બોલ્યો કે--મારા વ્હાલા સામંતગણો! હું આપના મેળાપથી ઘણો રાજી થયો છું. છતાં જ્યાં લગી મોહરૂપી શત્રુનો નાશ નહિ થાય ત્યાં લગી હું પૂરેપૂરો સુખી ગણાઉં નહિ, તેટલા વાસ્તે મોહરાજાનો નાશ કરવાને પ્રથમથીજ પ્રયત્ન કરવા ઇચ્છું છું. એટલું સાંભળતાંજ વિવેક વગેરે સર્વ અધિકારીઓ નમ્રતાપૂર્વક બોલ્યા કે હે નાથ! તૈયારી કરો, હમણાંજ ચાલો, આપણે મોહરાજનો નાશ કરીએ અને મનકામના

સિદ્ધ કરીએ, કે જેથી સર્વે સુખી થાય. ચૈતન્યરાજે હુકમ કર્યો તેથી મોહરાજાનો પરાજય કરવાને બધા સુભટો તૈયારી કરવા મંડયા.

આ સમાચાર **પરિણામ**રૂપી સુભટ મારફતે **મોહ** નૃપતિને પહોંચ્યા. સુભટે કહ્યું કે મહારાજ! ચૈતન્યરાયે **શ્રદ્ધા** નગરીમાં પ્રવેશ કરી **સયંમ** રૂપી મહેલ તાબે કરી ખૂબ ઠાઠમાઠ જમાવ્યો છે. હવે આપને જીતવાને તૈયારી કરવા મંડયો છે. આ ખબર સાંભળતાં **મોહ**નૃપતિ ક્રોધાતુર થઈ બોલ્યો, હું મારા પ્યારા સામંતો મેં અનંતી વખત મના કરી ચૈતન્યને કહ્યું છે કે તારે આવો ઢોંગ કરવો નહિ, છતાં તે નિર્લજ્જ (પોતાની ઘણી ઘણો ફજેતી થયા છતાં) શરમાતો નથી. ચાલો ઉઠો આપણે તેની આંખ ઉઘાડી કેદ કરી આપણે તાબે કરીએ. આટલું સાંભળતાં **મોહ**રાજાના **પાખંડ** સેવકે **કુબોધ**રૂપી ભેરી બજાવીને સૈન્યને સાવધ કર્યું. અચાનક ભેરી વાગતા તમામ સેવકો ચમકી ઉઠયા, અને પોતપોતાનાં હથિયાર વગેરેથી તરત સજ્જ થયા. મદોન્મત **અભિમાન** રૂપી હાથી, ચંચળ ચપળ **મન**રૂપી અશ્વ, રંગ બેરંગી ઝણુઝણાટ કરતા **કપટ**રૂપી રથ, અને અતિ બળવાન **લોભ**રૂપ પાયદળના સમૂહ સાથે પરવરી, **તામસ**-રૂપી બખ્તર પહેરી, **કુક્રિયા**રૂપી શસ્ત્ર ધારણ કરી ત્રણ ખરાબ **લેશ્યા**રૂપી કાળાં, આસમાની અને લીલાં નિશાન ફરકાવતાં, બેટા આલાપરૂપી વાજિંત્રોના ઝણુકારથી ગગન ગજાવતાં, **કર્મોદય**રૂપો મુહૂર્ત્તમાં પ્રયાણ કરી, **કર્મરોહણ**રૂપી માર્ગમાં **મોહ**રાજા પરિવાર સહિત તૈયાર ઊભો.

મોહનું લશ્કર જોઈ **અધ્યવસાય** નામે સન્ધિપાળ (સમાધાન કરાવનાર) ચૈતન્યની પાસે આવી અરજ કરવા લાગ્યો કે હે સ્વામી, હું બંને પક્ષનું ભલું ચાહું છું. આપને ચેતવું છું કે **મોહ**રાજા ઘણો પુરાતની અને વૃદ્ધ છે. આપ જેવા જુવાન મહારાજાએ એનું અપમાન કરવું યોગ્ય નથી. જેણે ત્રણ લોક પોતાને તાબે કરેલ છે એવો એના સૈન્યનો પ્રબળ પ્રતાપ આપના જાણવામાં

કયાં નથી ? એની સાથે લડવામાં આપની જીત થવી બહુ મુશ્કેલ છે. સંભાળજો, કદાચ એવું ન થઈ જાય કે આપનું લશ્કર એમાં મળી જઈ આપનું અપમાને થાય અને રાજ પણ જાય; માટે આપ તેની પાસે જઈ સમાધાન કરો. વૃદ્ધ પુરૂષની સેવામાં અપમાન સમજશો નહિ.

આ સાંભળી **ચૈતન્ય** રાજા હસીને બોલ્યા કે હું એ તમામ જાણું છું. જ્યાં સુધી સિંહ ગુફામાં ભર ઉંઘમાં પડયો છે ત્યાં લગી વનમાં પશુઓને તોફાન કરવાની સગવડ મળે છે. ઘણા વખતથી ઉડતી ધૂળને ક્ષણવારમાં વરસાદ દબાવી દે છે. મારા સિવાય એ **મોહની** ખબર લેનાર બીજો છે કોણ ? આટલા દિવસ ગમ ખાધી એ મારી ભૂલ થઈ. અન્યાયીની પાયમાલી કરવી એ મારૂં કર્તવ્ય છે. શું તમે નથી જાણતા કે હું **મોહને** તાબે હતો ત્યારે તેણે મારી કેવી ફજેતી કરી હતી ! એ ફજેતી ક્ષણે ક્ષણે મને યાદ આવે છે. હવે હું એવો મૂર્ખ નથી કે પાછો એના તાબે થઈ ફજેતી કરાવું ! આટલા દિવસ મારા પરિવારની મને ખબર નહતી, પણ **વિવેક** મંત્રીશ્વરનું ભલું થાઓ કે તેણે મને દુઃખથી છૂટવાને યુક્તિઓ અને સામગ્રીઓ બતાવી. હું **મોહની** સામે થઈ તેનો નાશ કરવાને તૈયાર હતો પણ સારૂં થયું કે તેજ હવે સામે આવી ઉભો છે. હે સન્ધિપાલ, તમે થોડીવાર ઉભા રહો, અને મારી સેનાનું પરાક્રમ તો જુઓ કે ત્રણ લોકમાં પૂજાએલા **મોહરાજાની** કેવી દુર્દશા થાય છે. એટલું કહી **ચૈતન્ય** મહારાજે **સદ્‌ગુરૂ** સુભટની પાસે ભેરી (ભ્યુગલ) વગડાવી સૈન્યને તૈયાર કર્યું. એજ વખતે શાંતરસથી ભરેલ **મનોનિગ્રહરૂપી** અશ્વ, વૈરાગ્યના કેફમાં ઘુમતા રહેલા **માર્દવ** રૂપી ગજ, સરળતાથી શોભિત **આર્જવરૂપી** રથ અને તૃપ્તિ પામેલ **સંતોષરૂપી** પાયદળવાળું ચતુરંગિણી સૈન્ય, **ક્ષમા**બખ્તર અને **તપરૂપ** અનેક અસ્ત્ર શસ્ત્રથી તૈયાર બની **સ્વાધ્યાયરૂપી** નગારૂં બજવતાં **ભજનરૂપી** શરણાઇઓ ગજાવતાં, **વૈરાગ્ય** રૂપી માર્ગમાં આગળ

વધતાં, ત્રણ લેશ્યારૂપી લાલ, પીળાં અને ધોળાં નિશાન ફરકાવતાં ગુણસ્થાનરોહણ રણાંગણમાં આવી ખડું થયું.

બંને માલીકોનો હુકમ થયો કે તરતજ સંગ્રામ શરૂ થયો. મોહની તરફથી મિથ્યાત્વ મંત્રીશ્વર પચીશ ઉમરાવ અને અનંત સુભટો સાથે ચૈતન્યની સામે આવીને કહેવા લાગ્યો કે કેમ ચૈતન્ય, ત્રિલોકવ્યાપી મારૂં પરાક્રમ તું ભૂલી ગયો કે શું? મેં તારી અનંત વખત ખુવારી કરી તો પણ બેશરમ થઈ લડવાને તૈયાર થયો છે. જો હમણાંજ એક ક્ષણમાં તને તીવ્ર બાણોથી ભૂમિપર નાંખી પાતાળમાં (નરકમાં) પહોંચાડું છું અને કુદેવ, કુગુરૂ, કુધર્મ, કુશાસ્ત્ર વગેરે મારા સેવકોને હાથે કજેતી કરાવું છું. એવો બકબકાટ કરતો મિથ્યાત્વ મંત્રીશ્વર પોતાનું બાણ ખેંચી ઉભો.

તે વખતે ચૈતન્ય મહારાજ તરફ નજર કરી, વિવેક મંત્રીશ્વર બોલ્યો, હે સ્વામી, આ મોહ નૃપતિનો અતિ માનીતો પ્રધાન મિથ્યાત્વ છે. આપણા સમ્યકત્વરૂપી પ્રધાનજીની દ્રષ્ટિ માત્રથીજ એ મરી જશે. એના મરવાથી મોહરાજનું આખું સૈન્ય ઠંડુંગાર થઈ જશે અને આપણે શ્રદ્ધા નગરીને નિર્ભય કરીશું. આટલું સાભળતાં સમ્યકત્વ મંત્રીશ્વર પાંચ સમકિત રૂપી મહા સુભટ તથા અન્ય લશ્કર સાથે મિથ્યાત્વની સામે થયો. તત્વાતત્વ વિચારરૂપી બાણ છોડતાંજ મિથ્યાત્વનો પરિવાર સાથે નાશ થઈ ગયો. ચૈતન્યના સૈન્યમાં જયનાં નગારાં વાગવા માંડયા અને મોહરાજા અતિ બળવાન મંત્રીના વિયોગથી અત્યંત દિલગીર થયો. એ વખતે અવ્રતરાય આગળ આવી મોહ મહારાજને કહેવા લાગ્યો, સ્વામી, આપ જરા પણ ફિકર ન કરો, હમણાંજ હું પ્રધાનનો બદલો લઉં છું. બિચારો ચૈતન્ય મારી પાસે કોણ ગણતરીમાં છે? એવું કહી અવ્રતરાયે બાર ઉમરાવો સાથે ચૈતન્યની સામે આવી કહ્યું કે અરે ચૈતન્ય, આવા તારા ઢોંગને મેં વારંવાર ઉડાડી દીધા તો પણ તું સામે થતાં શરમાતો નથી! પણ હવે આવી જા, ને જો મજા!

તેજ સમયે ચૈતન્ય મહારાજ તરફ નજર કરી, વિવેક મંત્રીશ્વર બોલ્યો, મહારાજ, એના જેટલો સમર્થ આપણામાં સર્વવ્રતીરાય છે. એ એનો એક ક્ષણમાં નાશ કરી આપણા સંયમરૂપ મહેલને નિર્ભય બનાવી દેશે. આ સાંભળી સર્વવ્રતરાયે તેર ચારિત્ર અને અનેક શુભ પરિણામરૂપી સુભટોનો પરિવાર લઇ વૈરાગ્ય બાણની વૃષ્ટિ કરી અવ્રતરાયને કાળ ધર્મે પહોંચાડયો અને ચૈતન્યની જીત કરી. આથી મોહ રાજા અત્યંત શોકાતુર થઇ કહેવા લાગ્યો કે હવે ચૈતન્યની સાથે લડવામાં ફત્તેહ મળવી મુશ્કેલ છે. ત્યારે પ્રમાદસિંહજી હસતાં હસતાં બોલ્યા, મહારાજ, આવા ઢોંગ તો ચૈતન્યે ઘણીવાર કર્યા છે. મેં પૂર્વધારી મહામુનિરાજોને પણ નરકગામી બનાવી દીધા તો આ બિચારો કોણ ગણતરીમાં ! દક્ષિણનાં વાદળાંને જેમ વાયુ વીખેરી નાંખે છે તેમ હું હમણાં ચૈતન્યનાં તમામ સૈન્યને નસાડું છું. એવી મગરૂરી કરતો, પાંચ ઉમરાવ અને અનેક યોદ્ધાઓ સાથે ચૈતન્યની સન્મુખ આવી કહેવા લાગ્યો કે તું હવે મારી આગળથી ભાગીને કયાં જવાનો છે ? તારી ફિસીઆરી અને ઢોંગનો હમણાંજ નાશ કરૂં છું. ત્યારે વિવેક મંત્રીશ્વર બોલ્યો, સ્વામી, એને હરાવવાને આપણામાં ઉપશમરાવજી સમર્થ છે, તેજ વખતે ઉમરામરાવ પાંચ અપ્રમાદરૂપી પાંચ ઉમરાવો અને અનેક સુભટો સાથે પ્રમાદની સામે આવી ઉભો. તેણે પરિણામની ધારારૂપી ગોળીઓના વરસાદથી પ્રમાદનો પરાજય કરી સ્વધામ પહોંચાડયો. જેથી ચૈતન્યરાય નિજધ્યાનમાં લીન બની સુખી થયો.

પ્રમાદરાવનું મૃત્યુ સાંભળી મોહ રાજા પોતાની સાન શુદ્ધ ભૂલી ગયો, બેહોશ અને બેહાલ બની ગયો. ત્યારે કામદેવ કુમાર બોલ્યો, પિતાજી, મારા જેવા પરાક્રમી પુત્ર આપને છે તો આપ જરાપણ ફિકર ન કરો. હમણાં વાતવાતમાં ચૈતન્યને કબજે કરી આપની પાસે હાજર કરૂં છું. કુમાર સાહેબનાં આ વચન સાંભળી

સ્ત્રી, પુરૂષ અને **નપુંસક** એ ત્રણ ઉમરાવો તૈયાર થઈ કહેવા લાગ્યા કે અમે કુમારસાહેબની મદદમાં જઈએ છીએ અને **ચૈતન્યની** મગરૂરી તથા પ્રીસીઆરીને એક ક્ષણમાં તોડી નાંખીએ છીએ. **ક્રોધરૂપી** અશ્વાધિપ ઉભા થઇ ધમધમાયમાન થઈ બોલ્યા કે કેની માએ શેર સુંઠ ખાધી છે કે મારી સામે ઉભો રહે, અને મારા **રાગ, દ્વેષ, કલહ, ચંડ, ભંડ, વિવાદ** સુભટોની સામે ટકે ! **ગજાધિપ અભિમાનજી** બોલ્યા કે મેં અનેક વખત ચૈતન્યને **અશક્ત** અને રાંક બનાવી દીધો છે. શું મારા **અવિનય, માન, મદ, દર્પ, દંભ, ઉત્કર્ષ, ગર્વ** સુભટોનું પરાક્રમ કમ છે ? રથાધિપ **કપટજી** બોલ્યા, મેં ઘણી વખત **ચૈતન્યને** બાઈડી બનાવી ઘાઘરો, ઓઢણી, ચૂડીઓ પહેરાવી છે. શું હવે હું તેને છોડી દઈશ ? **માયાકપટ, ખટપટ, યુક્તિ, લુચ્ચાઈ, કુડ, છળ-વિદ્યા,** એ મારા સુભટોનું પરાક્રમ શું કમ છે ? એ પ્રમાણે બડાઇ કરી ત્રણે સેનાપતિ પોતાના પરિવાર સહિત **કામદેવ** કુમારની સાથે ચાલ્યા, જેથી **કામદેવ** કુમારનો ઠાઠ સૌથી વધારે થયો. **અનુરાગ** (પ્યારરૂપી) રણશીંગડું બજાવી તેણે એકદમ **ચૈતન્ય** ઉપર **વિષયરાગરૂપી** બાણોનો વરસાદ શરૂ કર્યો. **ક્રોધજી**તો જ્વાળામય બાણો છોડવા મંડયા, **અભિમાનજી**એ સ્થંભનવિદ્યા ફેંકી, અને **કપટરાય** ગુપ્તરીતે નાશ કરવા તૈયાર થયા. આ પ્રમાણે અણધાર્યો જુલમ એકદમ થતો જોઈ **વિવેકે ચૈતન્યને** કહ્યું, આપ ગભરાશો નહિ. **શાંતિરૂપી** ઢાલની ઓથે વિરાજો. **કામદેવને નિર્વેદરાય, ક્રોધને ક્ષમાચંદ્ર, માનને માર્દવસિંહ, કપટને આર્જવપ્રસાદ,** એક ક્ષણવારમાં ઉડાડી નાશ કરશે. એટલું સાંભળતાં **ચૈતન્ય**ના ચારે સેનાપતિ તૈયાર થઈ ૧૮૦૦૦ શીલાંગ રથનો ઝણઝણાટ કરતા સામે આવી ઉભા. **નવવાડરૂપી** સંગીન સૈન્યના કોટથી ઘેરી, **વૈરાગ્યરૂપી** બાણો વરસાદની ધારાની માફક વરસાવી **કામદેવ**નો પરાજય કરી તેને મરણ શરણ કર્યો. જેથી તેના બાકીના ત્રણ ઉમરાવો ભાગવા મંડયા.

પણ ભાગતાં ભાગતાં **ક્ષમાચંદ્રે** ક્રોધનો, **માર્દવસિંહે માન**નો અને **આર્જવપ્રસાદે કપટ**નો નાશ કર્યો. આથી **ચૈતન્ય**ના સૈન્યમાં ભારે જયજયકાર થઇ રહ્યો અને **ચૈતન્ય નિર્વિષયી, શાંત,** અને **સરળ** થઇ પરમ આનંદ ભોગવવા લાગ્યો.

મોહ રાજા, પોતાના વ્હાલા પુત્ર અને મહાબલિષ્ટ ત્રણ ઉમરાવોનું મૃત્યુ સાંભળી મૂર્છા આવતાં ચકરી ખાઈ પડ્યો. હાય હાય ! ત્રાહ્ય ત્રાહ્ય ! કરવા લાગ્યો. લાલ આંખો કરી કહેવા લાગ્યો કે હવે હું પોતેજ **ચૈતન્ય**નો નાશ કરીશ. ત્યારે **લોભરાય** બોલ્યો કે આપ જેવા મહારાજાધિરાજને **ચૈતન્ય** ભૂપતિ જેવા બાળકની સામે લડવા નીકળવું ઘટિત નથી. મેં ઉપાય શોધી કાઢ્યો છે તે એ છે કે, **ચૈતન્યરાયને ઉપશમ મોહરૂપી** કિલ્લો દેવાની લાલચ આપવી. જેથી તે સૈન્ય સાથે તે કિલ્લામાં જશે. જ્યાં આપણા છૂપાયેલા સુભટો એકદમ તૂટી પડતાં તેના તમામ સૈન્યને નસાડી કેદ કરી લેશે. આ યુક્તિ અને સલાહ **મોહ** રાજાને પસંદ પડી. તે કહેવા લાગ્યો કે વિલંબ ન કરો. આ હુકમ સાંભળી **લોભચંદ્ર** તુરત સજ્જ થયો. એની સાથે **હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા,** એ ઉમરાવો સપરિવાર તૈયાર થઇ ચાલ્યા.

અહીં **ચૈતન્ય** મહારાજની આજ્ઞા લઇ **વિવેકચંદ્ર** મંત્રીશ્વરે, **ધર્મ**સ્થાનકમાં પોતાના સર્વ માંડલિક સામંત અને સુભટોની સભા બોલાવી. પોતે કહેવા લાગ્યો કે, ભાઈઓ, આપણું ઘણું ખરૂં કામ ફત્તેહમંદ થયું છે. હવે જે થોડું રહ્યું છે તે આપ સૌની મદદથી થોડીવારમાં પાર પડશેજ. પણ હમણાં ગુપ્ત એલચી મારફતે ખબર મળી કે **ઉપશમ** કિલ્લામાં **મોહ** રાજાએ પોતાના ગુપ્ત સુભટોને ગોઠવ્યા છે, માટે આપણામાંના કોઈએ કોઈપણ લાલચમાં ન પડવું અને તે કિલ્લામાં પ્રવેશ ન કરવો. રસ્તામાંના તમામ ઉપસર્ગો અડગપણે સહન કરવા. આપણે સર્વેએ **ક્ષીણમોહ**

કિલ્લામાં પ્રવેશ કરવો કે જેથી મોહનો એક ક્ષણમાં પરાજય થશે અને ઈચ્છેલાં તમામ કામો ફળીભૂત થશે. વિવેકમંત્રીની આ શીખામણ સૌએ હર્ષ સહિત માથે ચડાવી અને તરતજ બધાએ સજ્જ થઈ ક્ષીણમોહ કિલ્લા તરફ પ્રયાણ કર્યું.

રસ્તામાં લોભચંદ્ર મળી ગયા. તેણે મધુરતાથી કહ્યું, હવે શા માટે ભાગો છો? તમે અમારૂં સત્યાનાશ તો કાઢી નાંખ્યું. હવે અમે તમારાજ છીએ. શા માટે ડરો છો? આ ઉપશમકષાય કિલ્લો તમારો છે, એમાં પ્રવેશ કરી બે ફિકર રહો. અમારા મોહરાય તો બિચારા ચુપચાપ બેઠા છે, હવે તમારૂં નામ પણ લેવાના નથી.

આ સર્વ દગાથી વિવેકમંત્રીએ પ્રથમથીજ સર્વને વાકેફ કર્યા હતા. જેથી લોભચંદ્રનાં મીઠાં વચનોથી કોઇ ઠગાયા નહિ અને આગળ ચાલવા મંડયા. ત્યારે લોભચંદ્ર એકદમ લાલચોળ થઇ પોતાના પરિવાર સહિત સામે થઈ કહેવા લાગ્યો. દુષ્ટો, મારા ભાઈઓને મારીને આ તરફ કયાં જાઓ છો? હવે હું તમને છોડનાર નથી. એમ કહી સર્વ સૈન્યયુક્ત ચૈતન્યની સેનાપર ઇચ્છા, તૃષ્ણા, મૂર્છા, કાંક્ષા, ગૃદ્ધતા, આશા વગેરે બાણોની વૃષ્ટિ કરવા લાગ્યો. તેજ વખતે ચૈતન્યે ક્ષાયિક બાણોનો પ્રહાર કરી લોભનો સપરિવાર નાશ કરી નિશ્ચિંત બની ક્ષીણકષાય કિલ્લામાં જઇ પરમાનંદ પામ્યો.

લોભચંદ્રનો સપરિવાર નાશ કરી ક્ષીણકષાય કિલ્લામાં ચૈતન્યે નિવાસ કર્યો, એવી મોહરાજાને ખબર પડતાંજ અંગોઅંગે ઢીલો થઇ ગયો. જીતવાની તો આશા દૂર રહી પણ ઈજ્જત અને જીવ બચાવવો મુશ્કેલ થઈ પડયો. છતાં પણ માનમાં મરડાઈ આપખુદ ચૈતન્યનો પરાજય કરવા તૈયાર થયો. તે વખતે જ્ઞાના-

વરણીય, દર્શનાવરણીય વગેરે સાત મહામાંડલિક રાજા પોતાનું અસંખ્ય દળ બળ લઈ તેની મદદે આવ્યા અને તમામ લશ્કર **ચૈતન્ય**રાજ તરફ ગયું.

ચૈતન્યરાયને આ ખબર મળતાં **ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક-યથાખ્યાત ચારિત્ર** જેવા મહાપરાક્રમી રાજાઓને સાથે લઈ, **કરણ-સત્ય, ભાવસત્ય,, યોગસત્ય**, વગેરે બખ્તરો ધારણ કરી, **વીતરાગી** અને **અકુષાયી** શસ્ત્રો લઇ, સંપૂર્ણ **સંબૂડતા**રૂપો ચારે તરફ બંદોબસ્ત કરી, **સંપૂર્ણ ભાવિતાત્મા**રૂપી કેફમાં ગુલતાન બની **મહદ્ જ્ઞાન**રૂપી વાજાંઓનાં રણકારથી **મહાધ્યાન** રૂપી નિશાન ફરકાવતાં, મહા-તપ તેજથી દીપાયમાન થઈ, અમોહી–અવિકારીપણે **અપડવાઇ-પણા**રૂપી દ્રઢતા ધારી, **ક્ષપકશ્રેણી** રૂપી ચોકમાં સર્વ પરિવાર સાથે આવી ઉભો.

ચૈતન્યને આ પ્રમાણે ઠાઠમાઠથી સામે ઉભેલો જોઇ, મદમાં છકી જઈ **મોહરાય** બોલ્યો. હે **ચૈતન્ય**, તું મારાજ ઘરમાં મોટો થયો, મારી સેવામાં અનંત કાળ તેં ગાળ્યો અને હવે નિમકહરામ થઈ મારી સાથેજ લડવાને તૈયાર થયો. તારી પાસે જે જે રુદ્ધિ છે તે મારા પ્રતાપથીજ છે. તું ઘણી વખત મારી સામે થયો, મેં તારી દરેક વખતે ખુવારી કરી છતાં તું શરમાયો નહિ અને આગલા દિવસો ભૂલી પાછો સામે આવી ઉભો. શરમ! શરમ!

ચૈતન્ય––હા, હા, મારી લાજને ગુમાવનાર, અનંત કાળથી મારી ફજેતી કરાવનાર, આપને મેં હવે બહુ સારી રીતે ઓળખ્યા છે. હવેજ મને ખબર પડી છે, માટેજ આપના સર્વ પરિવારનો નાશ કરવા સામો આવી ઉભો છું. આપને પણ મરવાનો શોખ પેદા થયો છે. તમામનો નાશ કરવાની ધારણાથી મારી સામે આવ્યા છો તો સંભાળજો. એટલું કહેતાં વાર **ચૈતન્યે મોહરાજા**ના માથામાં **ક્ષાયિક** ખડ્ગનો પ્રહાર કરી તેનો નાશ કર્યો. તેજ વખતે તેના સાત માંડલિક રાજામાંથી **જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને**

અંતરાય એ ત્રણનો સ્વાભાવિક રીતે નાશ થઈ ગયો. આકાશમાં દેવતાઓએ જય જયકાર કર્યો, શ્રેષ્ટ દ્રવ્યની વૃષ્ટિ કરી અને દેવ દુંદુભિ વાગવા માંડયાં. **ચૈતન્ય** મહારાજને **કેવળજ્ઞાન, કેવળ-દર્શન**રૂપી મહા ઋદ્ધિની પ્રાપ્તિ થઈ અને ત્રણે લોકમાં **ચૈતન્ય** મહારાજની આણ દુવાઇ ફરી ગઇ. સર્વ જગતના વંદનિક, પૂજ-નિક, અને અર્ચનિક, **ચૈતન્ય** મહારાજા બન્યા.

પોતાનું તમામ કામ, **વિવેક** મંત્રીશ્વરની સલાહથી સિદ્ધ થયું જાણી **ચૈતન્યરાય**, સપરિવાર **સંયમ**રૂપી મહેલમાં પરમાનંદ ભોગવે છે. એવામાં એક દિવસ **વિવેકચંદ્ર** કહે, સ્વામી, આપની ઇષ્ટિત અર્થ સિદ્ધિ થયાથી હું કોઈ પણ પ્રકારની સલ્લાહ દેવા અસમર્થ છું. આપ જાણો છો કે આપના ચાર શત્રુ હજી આપની સાથે છે. એનો કંઈ વિચાર કરવો ઘટે છે.

ચૈતન્ય મહારાજા બોલ્યા, કંઇ વિચાર કરવાની જરૂર નથી. એ ચાર શત્રુ બિચારા નિર્બળ થઈને પડયા છે. તેઓ મારી સાથે રહીને જગતના જીવોનું ભલું થાય તેવુંજ કામ કરે છે. મને તેઓ જરાપણ હરકત કરતા નથી. **આયુષ્ય, નામ, ગોત્ર,** અને **શાતા-વેદનીય** એ ચારે એક આયુષ્યના આધારથી ટકી રહ્યા છે. આયુષ્ય તો બિચારૂં સ્વભાવથીજ ક્ષણે ક્ષણે ઘટી ક્ષય પામે છે અને એમ સર્વથા ક્ષય થશે કે બાકીના ત્રણ પણ તેની સાથેજ ક્ષય પામશે, એટલે હું સીધે સીધો **શિવપુર**માં જઇ અજર, અમર, અવિકારી બની, અક્ષય અને અનંત પરમ સુખનો ભોકતા બનીશ.

અપાય વિચય નામે ધર્મ ધ્યાનના ત્રીજા પાયાનું ધ્યાન કરનાર મનુષ્ય અનંત કાળથી હેરાનગતિ કરનારા કર્મ શત્રુઓ શી રીતે નાશ પામે તેનો વિચાર એકાગ્રતાથી તાદૃશ બની ચિંતવે છે અને કર્મવૃદ્ધિનાં કામોથી નિવૃત્તિભાવ ધારણ કરી આત્મ સુખના ઉપાયોમાં સંલગ્ન બની મોક્ષ માર્ગે જવા સમર્થ બને છે. એમ કરતાં કોઈ કાળે તે અક્ષય સુખનો ભોકતા જરૂર થાય છે.

તૃતીય પત્ર—વિપાક વિચય.

આહાહા ! આ જગતની કેવી આશ્ચર્યકારક રચના દેખાય છે, સર્વ જીવો એકસરખા છે છતાં કોઈ સુખી તો કોઈ દુઃખી, કોઈ નીચ તો કોઈ ઊંચ, કોઈ મૂર્ખ તો કોઈ વિદ્વાન, કોઇ દરિદ્રી તો કોઈ શ્રીમંત વગેરે વિચિત્ર રચના નજરે જોવામાં આવે છે. આનું કારણ શું ? જીવ પોતે તો પોતાનું બૂરૂં નજ કરે, માટે બૂરૂં કરનાર જીવની સાથે કોઇ બીજો છે. આ બીજું કોણ છે ? જરા વિશેષ વિચાર. કરીએ તો, જેને અપાય વિચયમાં વિચાર કરતાં ઓળખ્યો હતો તેજ કર્મરૂપ શત્રુ અંદર રહીને આ બધું કરે છે. એમ સ્પષ્ટ જણાશે. આ કર્મરૂપ શત્રુ બે પ્રકારનો વિપાક (=અસર) ઉત્પન્ન કરે છે.

(૧) **અશુભ કર્મરૂપ વિપાક**—તે કડવો એટલે દુઃખ રૂપ. (૨) **શુભ કર્મરૂપવિપાક**—તે મીઠો એટલે સુખરૂપ. શુભ કર્મનાં ફળ ભોગવતાં જીવ મજા માને છે, તેથી અશુભ બંધ પડે છે. આ અશુભ બંધનાં ફળ દુઃખરૂપે ભોગવવાં પડે છે. એ રીતે અશુભ કર્મનો ક્ષય થવાથી શુભ કર્મની વૃદ્ધિ થાય છે, એવી પરંપરા રાત દીવસના ક્રમની પેઠે અનાદિ કાળથી ચાલી આવે છે.

હવે શુભ અને અશુભ કર્મો શી રીતે થાય છે તેની રીત શાસ્ત્રના આધારે વિચારવાની જરૂર છે. કયા કર્મથી જીવ સુખ પામે છે, અને કયા કર્મથી જીવ દુઃખ પામે છે એ વિચાર અહીં કરવામાં આવેછે.

અશુભ અને શુભ કર્મનાં ફળ—

(૧) પ્ર૦—બહેરો અથવા શ્રોતેંદ્રિયની હીનતા શાથી થાય ?

ઉ૦—વિકથા સાંભળી ખુશી થાય, સત્યને અસત્ય અને અસત્યને સત્ય ઠરાવે, બહેરા માણસની હાંસી કરે, તેને બીજવે,

દીન માણસોના કરૂણામય શબ્દો તથા આજીજીપર ધ્યાન ન આપે, સદ્‌બોધ તથા શાસ્ત્ર શ્રવણ ન કરે, આવાં કર્મો કરવાથી બહેરાપણું આવે, કાનનો રોગ થાય અને ચૌરેંદ્રિયપણું પામે.

(૨) પ્ર૦—શ્રોતેંદ્રિયની મજબૂતી શાથી થાય ?

ઉ૦—શાસ્ત્ર અને સુકથા સાંભળે, યથાયોગ્ય શ્રદ્ધાથી શાસ્ત્ર વચન પ્રગમાવે, બહેરાઓની દયા ખાય, તેમજ યથાશક્તિ મદદ કરે, ગરીબોની અરજ ધ્યાનમાં લઈ મીઠી વાણીથી સંતોષે, ગુણી જનોના ગુણ સાંભળી હરખ પામે અને કોઈની નિંદા સાંભળે નહિ તો શ્રોતેંદ્રિય (કાન) ની આરોગ્યતા, સુન્દરતા અને તીવ્રતા પામે તથા પંચેંદ્રિયપણું મેળવે. (કાન મળે તોજ પંચેંદ્રિય થવાયછે.)

(૩) પ્ર૦—ચક્ષુ ઇંદ્રિય (આંખ) ની હીનતા શાથી થાય ?

ઉ૦—સ્ત્રી પુરૂષોનાં સુંદર રૂપ જોઈ વિષય સેવવા પ્રીતિ કરે. રૂપહીનને જોઇ તિરસ્કાર કરી નિંદા કરે, આંધળાઓની હાંસી કરે તથા ખીજવે, મનુષ્ય અને પશુઓની આંખોને ઇજા કરે અગર ફોડે, પાખંડી શાસ્ત્રો, પુસ્તકો કે પત્રો વાંચે, નાટક વગેરે જુએ, નેત્રના વિષયમાં આસક્તિ રાખે, કુર દ્રષ્ટિથી જુએ, આંખના ખોટા ચાળા કરે, તો આંધળો, કાણો, ટુંકી નજરવાળો, ચુંચળો વગેરે આંખના રોગવાળો થાય અને તેઇંદ્રિયપણું પામે.

(૪) પ્ર૦—ચક્ષુ ઇંદ્રિય (આંખ) ની પ્રબળતા શાથી થાય ?

ઉ૦—સાધુ સાધ્વીઓનાં દર્શન કરી હરખ પામે, ધર્મ-પર પ્રીતિ રાખે, વિષય વિકાર ઉપજે એવાં રૂપ દેખી તુરત નજર ફેરવી લે, આંખના રોગીઓની દયા ખાય, સત્શાસ્ત્ર, પુસ્તક અને પત્રોનું પઠન કરે, વિષય ભોગથી આંખને બચાવે તો તેજસ્વી, મનહર અને લાંબી નજરવાળી આંખો પામે. (આંખ મળે ત્યારેજ ચૌરેંદ્રિય થવાય છે.)

(૫) પ્ર૦—ઘ્રાણેંદ્રિય (નાક) ની હીનતા (= ન મળવું) શા કારણથી થાય છે ?

ઉ૦—સુગંધી પદાર્થોપર પ્રીતિ હોય, અત્તર, ફૂલ વગેરે સેવન કરે, દુર્ગંધી તરફ દ્વેષ હોય, નાક વગરનાની (નકટા કે ગુંગાની) હાંસી કરે અને દુઃખી કરે, મનુષ્ય, પશુ અને પક્ષીઓનાં નાકનું છેદન ભેદન કરે કે કરાવે તો ગુંગો અગર નકટો થઈને બેઇંદ્રિયપણું પામે.

(૬) પ્ર૦—ઘ્રાણેંદ્રિયનું નિરોગીપણું શાથી પામે ?

ઉ૦—પરમાત્મા, સાધુ, સાધ્વી, પૂજ્ય મનુષ્યો, અને ગુણી જનની સાથે વિનય રાખે, નમસ્કાર કરે, સુગંધી પદાર્થમાં આસક્ત ન બને, નાક વગરના માણસોને મદદ કરે તો રૂપાળું, રોગ રહિત નાક પામે. (નાક મળે તોજ તેઇંદ્રિયપણું પ્રાપ્ત થાય છે).

(૭) પ્ર૦—જીહ્વા ઇંદ્રિયની ખોડ (= ન મળવું તે) શાથી પામે ?

ઉ૦—દારૂ, માંસ, કંદમૂળ, વગેરે અભક્ષ્ય પદાર્થ ખાય, છ જાતના રસવાળા પદાર્થ ઉપર અત્યંત લોલુપતા રાખે, જીભના સ્વાદની ખાતર, વનસ્પતિનો મહા *આરંભ કરે, ખોટો નઠારો ઉપદેશ ફેલાવે તેમજ પાખંડ વધારે, મર્મવાળું જૂઠું બોલે, કઠોર અને તીખાં વચન બોલે, જૂઠું બોલે, મુંગા અને તોતડાની હાંસી કરી ખીજવે, સાધુ સાધ્વી વગેરે ગુણીજનની નિંદા કરે, બીજાની જીભને છેદે, ભેદે, અને બીજાના શ્વાસોશ્વાસ રૂંધે તો જીભની ખોટ આવે, તોતડો થાય, મુંગો થાય, એનું બોલ્યું કોઈને ગમે નહિ, મોઢામાંથી દુર્ગંધી નીકળે અને એકેંદ્રિયપણું પામે.

(૮) પ્ર૦—રસેંદ્રિયની આરોગ્યતા શાથી મેળવે ?

---

* આરંભ=રાંધવું, કાપવું, સોવું, છેદવું, ભેદવું વગેરે ધર્મ દ્રષ્ટિએ જણાતી તમામ પાપકારી ક્રિયાઓ જેથી છકાય જીવની હિંસા થાય છે.

ઉ૦—અભક્ષ્ય પદાર્થનો ત્યાગ કરે, જાતજાતના રસમાં આસકત ન રહે, સદ્બોધ આપી ધર્મનો ફેલાવો કરે, ગુણકારી અને સર્વને સુખ દેનારી વાણી બોલે, રસના વગરનાની સહાયતા કરે તો રસના (રસેંદ્રિય) નિરોગી, મધુર અને લાવણ્યમયી થાય. (જીભ મળે તોજ બેઇંદ્રિયપણું પ્રાપ્ત થાય છે).

(૯) પ્ર૦—હાથની બામી કયારે હોય ?

ઉ૦—બીજાના હાથ છેદે, બોટાં તોલાં, બોટાં માપ, વાપરે, બોટા લેખ લખે, બોટાં શાસ્ત્ર બનાવે, ચોરી કરે, ઠુંઠા કે હાથવગરનાની હાંસી કરે, બીજાના હાથને દુઃખ દે, ભેદે, મરડે, મચરડે, પક્ષીઓની પાંખ કાપે, તો હાથ વગરનો થાય.

(૧૦) પ્ર૦—હાથ મજબૂત ને નિરોગી કયારે થાય ?

ઉ૦—દાન દે, બોટી લેણ દેણ ન કરે, બોટા લેખ ન લખે, પવિત્ર ધર્મની વૃદ્ધિ થાય તેવા લેખ લખે, અણદીધેલી વસ્તુઓ હાથમાં લે નહિ, હાથ ન હોય તેને મદદ કરે તો રોગ રહિત અને બળવાન હાથ પામે.

(૧૧) પ્ર૦—પગની બામી શાથી પામે ?

ઉ૦—રસ્તો છોડીને ચાલે, હિંસા વગેરે પાપના કામોમાં આગેવાની લે, ધર્મનાં કામોમાં પાછળ હઠે, કાચી માટી, કાચું પાણી, લીલોતરી, કીડીઓનાં દર વગેરેને પગથી દાબે, નાના મોટા જીવોના પગ તોડે, લૂલાં લંગડાની મશ્કરી કરે, ચોરી છીનાળી વગેરે કુકર્મોમાં પ્રવર્તે તો લૂલો પાંગળો થાય.

(૧૨) પ્ર૦—પગ મજબૂત શાથી પામે ?

ઉ૦—બોટે રસ્તે જાય નહિ, બીજા જતા હોય તેમને બચાવે, સચેત પદાર્થ ઉપર પગ દે નહિ, લૂલાં લંગડાંની સહાય કરે તો રોગરહિત અને બળવાન પગ પામે.

(૧૩) પ્ર૦--નિર્ધન એટલે દરિદ્રી શાથી થાય ?

ઉ૦--ચોરીથી, દગાથી ઠગાઇથી, ધન કમાય, પૈસાદાર પર ખાર રાખે, પૈસાદારને નિર્ધન કરવા ઇચ્છે, મહેનત કરીને જે લોકો કંઇ કમાયા હોય તે લૂંટી લે અને ઘર, અન્ન, વસ્ત્રથી તેમને દુઃખી કરે, ગરીબોને કઠોર વચનો કહે, ખોટાં આળ ચડાવે અને ફસાવે, ગરીબોની આજીવિકાનો ભંગ કરે, સાધુ છતાં પૈસા રાખે, બીજાની કમાણીમાં પાણો નાખે, થાપણ પચાવી પાડે, આ બધાં પાપોથી નિર્ધનપણું મળે છે. બીજાનું ધન અગ્નિમાં બાળે, પાણીમાં ડુબાડે એમ જે રીતે બીજાના દ્રવ્યનો નાશ કરે તે રીતે તેના દ્રવ્યનો નાશ થાય છે.

(૧૪) પ્ર૦—પૈસાદાર શાથી થવાય છે ?

ઉ૦—ગરીબોની દયા રાખે, તેમને મદદ કરે, બીજાને પૈસાદાર થતો જોઇ હર્ષ પામે, મળેલાં નાણાંપર મમત્વ ભાવ ઓછો કરી તેમાંથી દાન, પુણ્ય, ધર્મનો ઉદ્યોત, અનાથને મદદ વગેરે સારાં કામોમાં દ્રવ્ય ખર્ચે તો પૈસાદાર થવાય છે.

(૧૫) પ્ર૦—વાંઝીઓ શાથી થાય છે ?

ઉ૦—પશુનાં, પંખીનાં અને મનુષ્ય વગેરેનાં અનાથ બચ્ચાંને, જૂ, લીખને મારે, ઇંડાં ફોડે, પુત્રવંત ગૃહસ્થોને દેખી દ્વેષ કરે, ગાય, ભેંસ વગેરેનાં બચ્ચાંને દૂધ પીતાં ખેંચી લે અગર વેચી નાંખી વિયોગ પડાવે, બીનો ગર્ભ (મીંજ) કઢાવે, આ બધાં પાપથી વાંઝીઆપણું પામે.

(૧૬) પ્ર૦--પુત્રવંત શાથી થાય ?

ઉ૦—પશુ, પક્ષી, મનુષ્ય વગેરેનાં અનાથ બચ્ચાંનું રક્ષણ પાલણ કરે, અને જીંદગી લગી તે બાળકો પોતાનો નિર્વાહ કરી શકે તેવાં બનાવે, તો બહુ પુત્રવાન્ થાય.

(૧૭) પ્ર૦--કુપુત્રવંત (ખરાબ દીકરાના પરિવાર વાળો) શાથી થાય ?

ઉ૦—બીજાના દીકરાઓને અવળું સમજાવી માબાપનો અવિનય કરાવે, પિતા પુત્રના ઝઘડા જોઈ ખુશી થાય, માબાપ અને છોકરામાં કુસંપ કરાવે, પોતાનાં માતા પિતાને દુઃખ આપે, ઋણ અને થાપણ દબાવે તો તેના પુત્ર કુપુત્ર થાય.

(૧૮) પ્ર૦—સુપુત્રો શાથી થાય ?

ઉ૦—પોતે માત પિતાની ભક્તિ કરે, બીજાને તેવી ભક્તિ કરવાનો બોધ કરે,* પુત્રોને ધર્મ માર્ગમાં જોડે, સુપુત્રોને જોઈ હરખાય, તો પોતે સુપુત્રવાળો થાય.

(૧૯) પ્ર૦—કુભારજા શાથી મળે ?

ઉ૦—ઘણી ઘણીઆણીમાં કલેશ કરાવે, વર વહુને કજીઆ કરતા જોઈ હરખ પામે, બાઇડીઓને ભોળવે, તેને વ્યભિચારિણી બનાવે, સતી સ્ત્રીઓની નિંદા કરે, તેનાપર કલંક ચડાવે, અને બીજાની સારી સ્ત્રી દેખી દુઃખી થાય તો પોતાને કુભારજા મળે.

(૨૦) પ્ર૦—સુભાર્યા (સતી સ્ત્રી) શાથી મળે ?

ઉ૦—પોતે શીયળ પાળે, વ્યભિચારિણી સ્ત્રીઓના સમાગમે રહે નહિ અને વ્રત ભાંગે નહિ, કુલટા સ્ત્રીઓને સુધારે, સતી સ્ત્રીઓનાં વખાણ કરે, તેમને મદદ કરે, અને વર વહુના વિરોધ મટાડે તો ભલી સ્ત્રી મળે.

(૨૧) પ્ર૦—માનભંગ (માનહીન) શાથી થાય ?

ઉ૦—બીજાનું માન ખંડન કરે, માતા, પિતા, ગુરુ, વૃદ્ધ વગેરેનો વિનય ન કરે, ગરીબ અને બુદ્ધિહીનનો તિરસ્કાર કરે, પોતાના શત્રુનું અપમાન સાંભળી ખુશી થાય, પોતાના મોઢાથી પોતાનાં વખાણ કરે, પોતાના ગુણની બડાઇ કરે, ગુણવાનનો દ્વેષ

---

* ઉવવાઇજી સૂત્રમાં ફરમાવ્યું છે કે માત પિતાની ભક્તિ કરવાથી ૬૪૦૦૦ વર્ષની આવરદા વાળો દેવતા થાય.

કરે, ગુણવાનોને નમસ્કાર ન કરે; ગુણી જનને બીજાઓ નમતા હોય તો તેને અટકાવે, અને સ્વચ્છંદે ચાલે તો માનહીન થાય.

(૨૨) પ્ર૦—માનવંત શાથી થાય ?

ઉ૦—તીર્થંકર, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સમ્યક્‌દ્રષ્ટિ (સમકિત પામેલો હોય તે), જ્ઞાની, ગુણી, ધર્મમાં દીપકરૂપ, એવા મહાજનોના ગુણગ્રામ કરે, તેમના ગુણ દીપાવે, તેમની વિનય-ભક્તિ કરે, તેમની કીર્તિ સાંભળી રાજી થાય, તેને પોતે વંદના કરે ને બીજા પાસે કરાવે, પોતે ગુણીજન છતાં પોતાના ગુણો છુપાવે, હમેશાં પોતે નમ્ર રહે, તો બધે સ્થળે સન્માન પામે,

(૨૩) પ્ર૦—કલેશી કુટુંબ શાથી મળે ?

ઉ૦—કુટુંબમાં ઝગડા કરાવે અને કુટુંબના ઝગડા દેખી ખુશી થાય તો કજીઆળું કુટુંબ મળે.

(૨૪) પ્ર૦—સારૂં કુટુંબ શાથી મળે ?

ઉ૦—કુટુંબમાં સંપ કરાવે, ગરીબ કુટુંબોને મદદ આપે અને કુટુંબમાં સંપ દેખી રાજી થાય તો સુખદાતા કુટુંબ પામે.

(૨૫) પ્ર૦— રોગી શાથી થાય ?

ઉ૦—રોગીઓને સંતાપે, તેની નિંદા અને હાંસી કરે, ઓસડ દેવામાં અંતરાઈ નાંખે, રોગ વધારી અશાતા ઉપજાવવાના ઉપાય કરે, અને સાધુ મહારાજનાં મલીન વસ્ત્ર દેખી દુગંછા (છિટ છિટ) કરે તો રોગિષ્ટ થાય.

(૨૬) પ્ર૦— નિરોગી કાયા શાથી થાય ?

ઉ૦—ગરીબ અને દુઃખી માણસોને રોગી દેખી તેની દયા આણે, તથા સુખ ઉપજાવે, સાધુ અને સાધ્વીઓને ઓસડનું દાન દે તો તે નિરોગી થાય.

(૨૭) પ્ર૦—ક્રુર સ્વભાવનો શાથી થાય ?

ઉ૦—બરાબ સોબતમાં આનંદ માને, સત્સંગથી અલગ રહે, વાત વાતમાં તપી જાય, અને નરકમાંથી જીવ આવ્યો હોય તો તે ક્રૂર સ્વભાવનો થાય.

(૨૮) પ્ર૦—મળતાવડો શાથી થાય?

ઉ૦—સાધુનાં દર્શનથી પ્રસન્ન થાય, કુસંગનો ત્યાગ કરે, બરાબ વચન સાંભળી ધીરજ રાખે, મળેલી વસ્તુથી સંતોષમાં રહે, અને દેવગતિમાંથી આવેલો જીવ હોય તો તે સારા સ્વભાવનો મલતાવડો થાય.

(૨૯) પ્ર૦—પાપી જીવ શાથી થાય?

ઉ૦—લોકોને ધર્મથી ભ્રષ્ટ કરે, સાચા ધર્મની નિંદા કરે, ખોટાં ધર્મનો મહિમા વધારે, અને અધર્મીઓની સોબત કરે તો જીવ પાપાત્મા થાય છે?

(૩૦) પ્ર૦—ધર્માત્મા જીવ શાથી થાય છે?

ઉ૦—અધર્મીને ધર્મી બનાવે, અને ધર્મની ચડતી તન ધનથી કરે તો ધર્માત્મા જીવ થાય છે.

(૩૧) પ્ર૦—બળહીણ શાથી થાય છે?

ઉ૦—ગરીબોને દુઃખ આપે, તેમની સાથે ઝગડા કરે, તેમને મારે અને બાંધે, અને પોતાના બળનો ગર્વ કરે તો તે નબળો થાય છે.

(૩૨) પ્ર૦—બળવાન શાથી થાય છે?

ઉ૦—ગરીબ અને અનાથ જીવોપર દયા રાખી તેમને શાંતિ ઉપજાવે, સંકટમાં સહાય કરે, અને અન્ન વસ્ત્ર વગેરે આનંદથી આપે, તો બળવાન થાય છે.

(૩૩) પ્ર૦—કાયર શાથી થાય છે?

ઉ૦—બીજા જીવોને ભય ઉપજાવે, ફાસ્કા પાડે, આબરૂ લુંટે, રાજા, પંચ, ચોર, સર્પ, ઝેર, અગ્નિ, પાણી દેવ, ભૂત, વગેરે ભયંકર વસ્તુઓનું નામ લઈ બીજાને બીવરાવે, પશુઓને ત્રાસદાયક બનાવીને અથવા ચમકાવીને રાજી થાય તો કાયરપણું પામે છે.

(૩૪) પ્ર૦—શૂરવીર શાથી થાય ?

ઉ૦—દીન, દુઃખી, અને અપરાધીને અભયદાન દઈને ભયથી બચાવે અને ઉપદ્રવ મટાડે તો શૂરવીર થાય.

(૩૫)—પ્ર૦ લોભી શાથી થાય ?

ઉ૦—દ્રવ્ય છતાં દાન ન દે, દેતો હોય તેને ન દેવા દે, દાન દેનારને જોઈ પોતાને ખેદ થાય, દાન દેનારની નિંદા કરે, અને તૃષ્ણા ઘણીજ હોય તો તે કૃપણ એટલે લોભી થાય છે.

(૩૬) પ્ર૦—દાતાર શાથી થાય ?

ઉત્તર—ગરીબ છતાં દાન આપે, બીજાને દાન દેતા જોઈ આનંદ પામે, સમર્થ હોય તો દીન અને દુઃખીનું રક્ષણ કરે, દાન દેવાની સદા ઇચ્છા રાખે, અને ધર્મની ચડતી સાંભળી રાજી થાય તો તે શ્રીમંત થઈ દાતાર પણ થાય.

(૩૭) પ્ર૦—મૂર્ખ શાથી થાય છે ?

ઉ૦—વિદ્વાનો અને પંડિતોની હાંસી. નિંદા, અવિનય, આશાતના કરે, જ્ઞાનના ફેલાવામાં અંતરાઈ નાંખે, જ્ઞાનનાં પુસ્તક, અને સાધનોનો નાશ કરે, જ્ઞાનનો તિરસ્કાર કરે, જ્ઞાનની ચોરી કરે, સાચાં શાસ્ત્રોને જૂઠાં બનાવે, જૂઠાંને સાચાં બનાવે, તો મૂર્ખ થાય છે.

(૩૮) પ્ર૦—પંડિત શાથી થાય ?

ઉ૦—વિદ્યાદાન આપે, વિદ્યાના ફેલાવામાં તન ધન ખર્ચે, વિદ્વાનોનો મહિમા વધારે અને ધર્મનાં પુસ્તકો તથા સાધનો મફત ફેલાવે તો તે પંડિત થાય.

(૩૯) પ્ર૦—પરાધીન શાથી થાય?

ઉ૦—બીજાને બંધીખાનામાં નાંખે, બહુ મહેનત કરાવીને થોડી મજુરી આપે, દેવદારોનાં ઘર લૂંટે, તેની આબરૂ લે, કુટુંબને અને નોકરોને આહારપાણીની અંતરાઈ પાડે, તેમની પાસે જબરદસ્તીથી કામ કરાવે, પશુ અને પંખીને વાડામાં અગર પાંજરામાં રોકી રાખે, બીજાને પરાધીન દેખી ખુશી થાય, અને બીજાની સ્વાધીનતા લૂંટી લે તે પરાધીન થાય.

(૪૦) પ્ર૦—સ્વાધીન (સ્વતંત્ર) શાથી થાય?

ઉ૦—કુટુંબને અને નોકરોને સંતાપે નહિ, તેમને આહાર, વસ્ત્ર, ઘર આપી શાતા ઉપજાવે, શક્તિ ઉપરાંત કામ ન કરાવે, મનુષ્ય, પશુ, પક્ષી, વગેરેને બંદીખાનાથી છોડાવીને તેને સ્વતંત્ર બનાવે, પોતાની ઈચ્છા પ્રમાણે ન વર્તતાં ગુરૂ મહારાજના હુકમમાં વર્તે તો સ્વતંત્ર થાય છે.

(૪૧) પ્ર૦—કુરૂપવાન શાથી થાય છે?

ઉ૦—પોતે રૂપવાળો હોઈને અભિમાન કરે, બીજા સ્વરૂપવાન હોય તેની નિંદા કરે, કદરૂપાની હાંસી કરે, અપમાન કરે, અને આળ ચડાવે, વળી શણગાર બહુ સજે તો તે કુરૂપવાન થાય.

(૪૨) પ્ર૦—સ્વરૂપવાન શાથી થાય છે?

ઉ૦—પોતાની સુંદરતાનો ગર્વ ન કરે, સુંદર સ્ત્રીઓ વગેરેને વિકાર દ્રષ્ટિથી ન જુએ, કદરૂપાનો તિરસ્કાર ન કરે, અને શિયળ પાળે તો સ્વરૂપવાન થાય છે.

(૪૩) પ્ર૦—ધનવાન છતાં ધનનો ઉપભોગ શાથી ન કરી શકે?

ઉ૦—બીજાઓને ખાવા, પીવા, વસ્ત્ર અને ભૂષણની અંતરાઇ આપે, પોતે સમર્થ થઈને ભોગ ભોગવે અને આશ્રયે પડેલાંને ભોગવવા ન દે, બીજાને ભોગ અને ઉપભોગ ભોગવતા જોઈ પોતે બળ્યાં કરે, તો ધન મળ્યા છતાં ભોગવી નહિ શકે.

(૪૪) પ્ર૦—સુખ વિલાસી શાથી થાય?

ઉ૦—પોતાને મળેલા ભોગ અને ઉપભોગ ભોગવે નહિ, પોતાને ભોગવવાની વસ્તુઓ દાન પુણ્યમાં તથા સ્વધર્મીઓને દઈને તેમનું પોષણ કરે, તો ઇચ્છિત ભોગ ભોગવે.

(૪૫) પ્ર૦—ક્રોધી શાથી થાય ?

ઉ૦—પોતે ક્રોધ કરે, ક્રોધી હોય તેનાં વખાણ કરે, મનુષ્ય, પશુ, અને દેવતાઓનાં જુદ્ધની વાતો સાંભળી હરખાય, શિકાર કરે, ક્ષમાવંતને દુઃખ દે, તેની નિંદા અને હાંસી કરે, તો તે ક્રોધી થાય છે.

(૪૬) પ્ર૦—ધૂતારો શાથી થાય છે ?

ઉ૦—ધર્મની ક્રિયાઓમાં, દાન પુણ્યમાં, અને જપ તપમાં કપટ કરે, થોડું દાન પુણ્ય વગેરે કરી, ઘણું બતાવે અને બડાઈ કરે, તો તે દગાબાજ અને ધૂતારો થાય.

(૪૭) પ્ર૦—સરળ સ્વભાવનો શાથી થાય ?

ઉ૦—સરળભાવથી ધર્મ ક્રિયા કરે, તેવી કરણી કરીને બડાઇ કરે નહિ તો તે સરળસ્વભાવી થાય.

(૪૮) ચોર શાથી થાય ?

ઉ૦—ચોરીના કામને સારૂં ગણે, ચોરને મદદ કરે, ચોરાઉ માલ લે, ચોરીની કળા શીખવે અને ચોરનાં વખાણ કરે, તો ચોર થાય.

(૪૯) પ્ર૦—સાહુકાર શાથી થાય ?

ઉ૦—અદત્તવ્રત (ત્રીજું) ધારણ કરે, અને ચોરનો સંગ ન કરે તો શાહુકાર થાય.

(૫૦) પ્ર૦—કસાઇ શાથી થાય ?

ઉ૦—હિંસા કરવાના કામને વખાણે, હિંસા કરવાની કળા શીખવે, હિંસાકારી હથિયાર બનાવે, અને દયાને નિંદે તો તે કસાઇ થાય છે.

(૫૧) પ્ર૦—દયાળુ શાથી થાય ?

ઉ૦—પાપીઓની સોબત ન કરે, હિંસક માણસને ઉપદેશ દઈ દયાળુ બનાવે, ગુજરાનની મદદ દઈ પાપકારી ધંધાથી છોડાવે, તો દયાળુ થાય છે.

(૫૨) પ્ર૦—દુરાચારી શાથી થાય ?

ઉ૦—પ્રકૃતિ અસ્થિર રાખે, મલીન અને અભક્ષ્ય વસ્તુ ભોગવે, સદાચારીની નિંદા કરે, દુરાચાર સેવવામાં આનંદ માને, દુરાચારીઓનો સહવાસ રાખે અને દુરાચારને સારો ગણે તો તે દુરાચારી થાય છે.

(૫૩) પ્ર૦—શુદ્ધાચારી (સદાચારી) શાથી થાય ?

ઉ૦—અનાચારીને શુદ્ધાચારી બનાવે, અનાચારને ખોટો માને, સદાચારીની સેવા ભક્તિ કરે, અભક્ષ્યનો ત્યાગ કરે, અને નીતિમાં વર્તે તો તે સદાચારી (શુદ્ધાચારી) થાય છે.

(૫૪) પ્ર૦—વિરોધ શાથી થાય ?

ઉ૦—હાથી, ઘોડા, ભેંસ, ઘેટાં, કુતરાં, કુકડાં વગેરે જનાવરોને અંદર અંદર લડાવે, તેમની લડાઈ જોઈ રાજી થાય, તો ભાઈઓમાં વિરોધ થાય છે.

(૫૫) પ્ર૦—ભાઈઓમાં સંપ શાથી થાય છે ?

ઉ૦—મનુષ્ય અને પશુઓના ઝગડા મટાડી સંપ કરાવે અને તે જોઈ રાજી થાય, તેમજ તેમની વચ્ચે સંપ રહે તેવો ઉદ્યમ કરે તો ભાઈઓમાં સ્નેહની વૃદ્ધિ થાય છે.

(૫૬) પ્ર૦—અંતરદ્વિપાની ભૂમિમાં મિથ્યાત્વી જુગળીઆંનો અવતાર શાથી આવે ?

ઉ૦—મિથ્યાત્વી સાધુ સાધ્વી વગેરેને દાન આપે, ઉત્તમ સાધુઓને કપટની સાથે ફળની ઇચ્છા રાખીને દાન દે, દાન દીધા પછી બડાઈ કરે, તો અંતરદ્વિપામાં મિથ્યાત્વી જુગળીઆં મનુષ્ય થાય છે.

(૫૭) પ્ર૦—અકર્મભૂમિના જુગળિયાં મનુષ્ય શાથી થાય ?

ઉ૦—શુદ્ધ આચારવંત સાધુને હુલ્લાસભાવથી શુદ્ધ આહાર, સ્થાન, વસ્ત્ર, અને પાત્ર આપે, બીજા પાસેથી પણ અપાવે, બીજા દે તે જોઇ પોતે રાજી થાય, તો અકર્મભૂમિમાં સમ્યક્‌દ્રષ્ટિ જુગળિયાં થાય.

(૫૮) પ્ર૦—અનાર્ય દેશમાં જન્મ શાથી થાય ?

ઉ૦—ખોટાં આળ ચડાવે, મ્લેચ્છ લોકોની સુખ સંપત્તિ સારી લાગે, મ્લેચ્છના જેવો વેષ પહેરે, મ્લેચ્છના કામોનાં વખાણ કરે, આર્ય દેશ છોડી અનાર્ય દેશમાં રહે, તો અનાર્ય દેશમાં જન્મ પામે..

(૫૯) પ્ર૦—આર્યદેશમાં જન્મ શાથી થાય ?

ઉ૦—આર્યોની રીતભાત પસંદ કરે, અનાર્યના રિવાજ તથા કામ છોડે, અનાર્યને આર્ય બનાવે, મુનિરાજ સાધુનાં વખાણ કરે, આર્યોને શક્તિ પ્રમાણે મદદ કરે, તો આર્ય દેશમાં જન્મ પામે.

(૬૦) પ્ર૦—હમાલ (મજુર) શાથી થાય ?

ઉ૦—મનુષ્ય અને પશુઓ પર ગજા ઉપરાંત ભાર ભરે, વેઠમાં માણસોને પકડી બળાત્કારે કામ કરાવે, થોડો ભાર કહી વધારે ભરે, વધારે વજન ઉપાડનારને જોઇને રાજી થાય, તો હમાલ, પોઠીઆ, બળદ, ઘોડા વગેરે થાય.

(૬૧) પ્ર૦—કુકવિ (ભાટ, ચારણ) શાથી થાય ?

ઉ૦—કુકથાઓ સાંભળવાનો પ્રેમી બને, લૌકિક શાસ્ત્ર (મિથ્યા શાસ્ત્ર)નું દાન દે, ધર્મકથાનું નામ રાખી વ્યભિચાર થાય એવી કથા કરે, વિષય વધારનારી કવિતા બનાવે, વિષય વધારનાર વચનો, રાગ, રાગણીઓ સાંભળે, એવી ક્રિયા પર પ્રેમ કરે, તો તે કુકવિ (ભાટ, ચારણ) થાય.

(૬૨) પ્ર૦—સુકવિ શાથી થાય ?

ઉ૦—જિનરાજ, મુનિરાજનાં ગુણ કીર્તન સાંભળી આનંદ

પામે, શાસ્ત્રકર્તા ગણધર આચાર્યોનાં વખાણ કરે, જ્ઞાનવૃદ્ધિમાં ધન વાપરે, ધર્મની કવિતા કરનારાઓને મદદ આપે, ધર્મની કવિતાનાં રહસ્યો જાણી બહુ હરખ પામે તો તે વિદ્વાન સુકવિ થાય.

(૬૩) પ્ર૦—લાંબી આવરદા શાથી પામે?

ઉ૦—દ્રવ્ય દઈ કસાઈના હાથમાંથી જીવોને છોડાવે, તે જીવોને ખાન, પાન, સ્થાનની સહાયતા આપે, બંદીવાનને છોડાવે, સંસારના કામ પર ઉદાસીનતા રાખી વર્તે, દયા ભાવ રાખે, ગરીબ અને અનાથને મદદ કરે, સાધુને નિર્દોષ શુદ્ધ આહાર વગેરે આપે તો લાંબી આવરદાવાળો થાય.

(૬૪) પ્ર૦—ઓછી આવરદાવાળો શાથી થાય?

ઉ૦—જીવઘાત કરે, ગર્ભ ગળાવે, આજીવિકાનો નાશ કરે, જૂ, માંકડ વગેરેને મારે, સાધુને ખરાબ અને દુઃખકારી આહાર વગેરે આપે, શુદ્ધ આહાર લેનાર સાધુને અશુદ્ધ આહારાદિ આપે, અગ્નિ, ઝેર, હથિયાર વગેરેથી જીવોને મારે, તો અલ્પાયુષી થાય.

(૬૫) પ્ર૦—હમેશાં ચિંતાતુર શાથી રહે?

ઉ૦—ઘણા જીવોને ચિંતા ઉપજે એવી વાતો કર્યા કરે તો સદા ચિંતાતુરપણું પામે.

(૬૬) પ્ર૦—સદા નિશ્ચિંત (ચિંતા રહિત) શાથી રહે?

ઉ૦—બીજાની ચિંતા મટાડે, ધર્માત્મા જીવોને જોઈ ખુશી થાય, દુઃખથી પીડાતા જીવોને સંતોષ ઉપજાવે, તો હમેશાં નચિંત રહે.

(૬૭) પ્ર૦—દાસપણું શાથી પામે?

ઉ૦—નોકરોને બહુ પીડા આપે, તેનાથી બહુ કામ લે, કુટુંબ પરિવાર અને લશ્કરનું અભિમાન રાખે તો તે ઘણા માણસોનો દાસ બને.

(૬૮) પ્ર૦—માલેક (શેઠ) શાથી બને?

ઉ૦--ધર્મી જીવોની અને તપસ્વીઓની વૈયાવચ્ચ કરે, ધર્માત્મા અને દુઃખી માણસોનું પોષણ કરે, બીજાની પાસે ધર્માત્મા જીવોની સેવા ભક્તિ કરાવે, તેવી સેવા કરનારાને જોઈ પોતે ખુશી થાય તો તે ઘણા માણસોનો શેઠ બને.

(૬૯) પ્ર૦--નપુંસક શાથી થાય ?

ઉ૦--નપુંસક માણસના નાચ, ગાયન, ઠઠ્ઠા મશ્કરી, દેખી ખુશી થાય, પુરૂષને બાઇડીનો વેષ પહેરાવી નાચ કરાવે, બળદ, ઘોડા, વગેરે પશુના અને માણસના લિંગ છેદન કરે (ખસી કરે), નપુંસકની સાથે વિષયનું સેવન કરે, પોતે નપુંસક જેવા ચાળા કરે, સ્ત્રી પુરૂષનો મેળાપ કરવાની દલાલી ખાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચોરેંદ્રિય જીવની હિંસા કરે તો તે નપુંસક થાય.

(૭૦) પ્ર૦--સ્ત્રી શાથી થાય ?

ઉ૦--સ્ત્રી સંબંધી વિષયોમાં ઘણો આસક્ત રહે, પુરૂષ છતાં સ્ત્રીનું રૂપ બનાવે, સ્ત્રીઓની પેઠે ચાળા કરે, અથવા કપટ કરે તો સ્ત્રી થાય.

(૭૧) પ્ર૦--નિગોદમાં શાથી જાય ?

ઉ૦--દેવ, ગુરૂ, ધર્મની નિંદા કરે, અને કંદમૂળ ખાયતો નિગોદમાં જાય.

(૭૨) પ્ર૦--એકેંદ્રિય શાથી થાય ?

ઉ૦--પૃથ્વી, પાણી, અગ્નિ, હવા, વનસ્પતિ કંદમૂળ, વૃક્ષ, ઘાસ, ફૂલ અને પત્રનું છેદન ભેદન કરે તો એકેંદ્રિય થાય.

(૭૩) પ્ર૦-વિકલેંદ્રિય શાથી થાય ?

ઉ૦--નિર્દયતાથી ત્રસ જીવોની ઘાત કરે, અનાજનો ઘણા વખત લગી સંગ્રહ કરે, ત્રસ જીવ ઉપજે એવી ચીજોનો સંગ્રહ કરી પછી તે જીવોની ઘાત કરે, મચ્છર, માંકડ, વગેરે જીવોને ટાળવાને માટે ધુમાડા વગેરે કરીને તેને મારે, જેમાં ત્રસ જીવ ઉપજે એવાં બોર વગેરે ફળોનું ભક્ષણ કરે, અને બાળ-કુહી-

મારીમાં પેશાબ કરે તો મરીને વિકલેંદ્રિય જીવ (બેઇંદ્રિય, તેઇંદ્રિય ચારેંદ્રિય જીવ) થાય.

(૭૪) પ્ર૦—અંગ ઉપાંગ રહિત શરીર શાથી થાય ?

ઉ૦—જીવોના હાથ, પગ, કાન, નાક, આંખ, આંગળી વગેરે અંગોપાંગનું છેદન ભેદન કરે, કાન કાતરે, વીંધે અગર કાંગરી કરે અને તેને જોઈને હરખ પામે તો અંગોપાંગ રહિત જીવ થાય.

(૭૫) પ્ર૦—પૂર્ણ અંગવાળો શાથી થાય ?

ઉ૦—બીજાનાં અંગોપાંગ છેદન થતા જોઇ પોતે તેનું રક્ષણ કરે, અપંગ જીવપર દયા લાવે, અપંગને સુધારવાને દવાદારૂ કરે, અપંગનું ગુજરાન ચલાવે, તેમજ મદદ દેતો સંપૂર્ણ અંગવાળો જીવ થાય.

(૭૬) પ્ર૦—નીચ જાતમાં શાથી ઉપજે ?

ઉ૦—પોતાની ઊંચ જાત હોય ત્યારે કુળનું અભિમાન કરે, ઊંચ જાતિની નિંદા કરે, દ્વેષ કરે, અને નીચ કૃત્ય કરે તો નીચ જાતિમાં ઉપજે.

(૭૭) પ્ર૦—ઊંચી જાત શાથી પામે ?

ઉ૦—સત્પુરૂષોના ગુણોનાં વખાણ કરે, તેમને વંદના નમસ્કાર કરે, પોતાના દુર્ગુણ પ્રગટ કરે, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, એ ચાર તીર્થની ભક્તિ કરે, એવો જીવ મનુષ્ય જન્મ પામે તો રાજાનો માનીતો થઇ, સુખ ભોગવે.

(૭૮) પ્ર૦—ઊંચ જાતિમાં છતાં દાસપણું શાથી કરે ?

ઉ૦—ઊંચ કર્મ કરતાં કરતાં અભિમાન કરે, ગુરૂની આજ્ઞાનો ભંગ કરે, ઊંચ થઇ ગરીબ પર આળ ચડાવે, ઊંચ છતાં નીચ ધંધા કરે, તો ઊંચ જાતિનો છતાં દાસપણું કરે.

(૭૯) પ્ર૦—આજીવિકા (ગુજરાન) માટે પરદેશ શા માટે ફરવું પડે ?

ઉ૦--ભિખારીઓને બહુજ તરફડાવીને પછી દાન આપે, નોકરોના પગાર પણ કાલાવાલા કરાવીને આપે, ધર્મખાતાનો પૈસો ઘણો વખત ઘરમાં રાખે, ફાસદને (બેપીઆને) બહુ રખડાવે, તો પરદેશ ભમીને આજીવિકા કરવાનો વખત આવે.

(૮૦) પ્ર૦--દેશમાં રહી સુખે સુખે ગુજરાન શી રીતે ચાલે ?

ઉ૦--ધર્માત્મા જીવોને ઘેર બેઠાં આહાર વસ્ત્ર, વગેરે પહોંચડાવી મદદ આપે, એમની પાસેથી ધર્મની વૃદ્ધિ કરાવે, પોતે સ્થિર ચિત્તે ધર્મ ધ્યાન કરે એવી રીતે ધર્મ ધ્યાન કરતો હોય તેવા સ્થિર ચિત્તવાળાનાં વખાણ કરે, તો ઘેર બેઠાં સુખે આજીવિકા મળે.

(૮૧) કપટકરીને પેટ ભરવાનું શી રીતે થાય ?

ઉ૦ કપટભાવથી ગરીબ માણસોને દાન આપે, મુનિમહારાજને પ્રેમભક્તિ વગર દાન આપે, ચોર લુચ્ચા વગેરેમાંથી પોતાની આજીવિકા ચલાવે, એવાઓની પ્રશંસા કરે, પ્રમાણિકપણે ગુજરાન ચલાવનાર ઉપર આળ ચડાવે, તો મહા મુશીબતે અને કપટ કરી ગુજરાન ચલાવે.

(૮૨) પ્ર૦—પ્રમાણિપણે આજીવિકા કોણ કરે ?

ઉ૦—સરળ ભાવથી, વિનય સહિત, ધર્માત્માજીવને આહાર પાણી વગેરે દે, ગરીબોની રક્ષા કરે નિર્દોષ આજીવિકા ન મળવાથી ભૂખ, તૃષા, વગેરે પરિષહ સહન કરે, છતાં ખોટા વેપાર ન કરે તો સરળપણે અને સુખે સુખે કમાણી મેળવે.

(૮૩) પ્ર૦--મનુષ્ય અને પશુઓ વગેરે જીવો બજારમાં શા માટે વેચાય છે ?

ઉ૦--મનુષ્ય અને પશુઓને વેચે, કન્યાવિક્રય, પુત્રવિક્રય કરે, અથવા તેવા કામની દલાલી કરે તો તે જીવ મનુષ્ય અથવા પશુ થઈ બજારમાં ગુલામની પેઠે વેચાય.

(૮૪) પ્ર૦--સામુદાણી (એક સાથે સૌનું ભેગું) કર્મ શાથી બંધાય ?

ઉ૦—મનુષ્ય અને પશુનો વધ થતો હોય ત્યાં જોવા સારૂ ઘણા માણસો ઉભા રહે, અને પછી વિચાર કરે કે કયારે આને મારે કે આપણે ઝટ ઘેર જઈએ, વળી ભિન્ન ભિન્ન સંપ્રદાયના લોકો એકઠા થઇ સત્ય દેવ, ગુરૂ અને ધર્મની નિંદા કરે, તો તેનાં સામુદાયિક કર્મ બંધાય છે. એવા સામુદાણી કર્મવાળા જીવો એક સાથે પાણીમાં ડુબે છે, આગમાં બળે છે, અથવા પ્લેગ વગેરેના સપાટામાં આવી એકદમ મરી જાય છે.

(૮૫) પ્ર૦—એક સાથે ઘણા જીવો ઝટ સ્વર્ગમાં શી રીતે જાય ?

ઉ૦—ધર્મ મહોત્સવ, દિક્ષાઓચ્છવ, કેવળ મહોત્સવ, ધર્મસભા, અને વ્યાખ્યાન વગેરેમાં ઘણા માણસો ભેગા થઈ આનંદ પામે, વૈરાગ્ય ભાવ લાવે, એવા કામની પ્રશંસા કરે તો એકદમ ઘણા જીવ સ્વર્ગ અથવા મોક્ષે જાય.

(૮૬) પ્ર૦—આ ભવમાં વગર કારણે કોઈ દ્વેષ કરે તેનું શું કારણ હશે ?

ઉ૦—પરભવમાં કોઈને દુઃખ દીધું હોય, કોઈનું ભુંડું કર્યું હોય, તો વગર વાંકે આ ભવમાં દ્વેષ રાખ્યા કરે.

(૮૭) પ્ર૦—આ ભવમાં કંઈપણ સંબંધ વગર સ્નેહ આવ્યાં કરે એનું શું કારણ હશે ?

ઉ૦—પરભવમાં દુઃખમાંથી છોડાવેલ હોય, શાતા ઉપજાવી હોય, વનમાં, પહાડમાં, લડાઈમાં, નિરાધાર થયેલાને આધાર આપ્યો હોય, તો તેવો જીવ આપણને દુઃખ ટાણે વગર ધાર્યે આ ભવમાં સહાય કરે અને વગર કારણે પ્રેમ કરે.

(૮૮) પ્ર૦—ભૂત, વ્યંતર વ્યાધિથી છૂટે નહિ તેનું શું કારણ ?

ઉ૦—વૈદ્ય કે હકીમ થઇ અનેક જીવોની સાથે વિશ્વાસઘાત કરે, જાણતાં છતાં ખરાબ ઓસડ આપે, રોગ વધારે, જોશી થઇને ગ્રહ, નક્ષત્ર, ભૂત, વ્યાધિ વગેરેનો ડર બતાવે અને બીજાને

લૂંટે, દેવ દેવીની માનતા કરાવે, તથા ઝેર, શસ્ત્ર, અગ્નિથી આપઘાત કરે, તો અત્યંત ઉપાય કરતાં છતાં પણ રોગ, બિમારી અને વ્યંતર વગેરે વ્યાધિ મટે નહિ.

(૮૯) પ્ર૦--પૈસાદાર લોકનો પૈસો ધર્મના કામમાં ન વપરાય તેનું શું કારણ ?

ઉ૦--બીજાને ખોટો ઉપદેશ આપે, તેનું દ્રવ્ય વેશ્યા નાચ, વગેરે ખોટાં વ્યસનમાં ખરચાય, બીજાને નુકશાન થયું જાણી ખુશી થાય, તે પોતાનું દ્રવ્ય જુગાર અને સટ્ટામાં ગુમાવે, એવાં એવાં કારણથી ધનવાન છતાં કુમાર્ગમાં ધન ખરચાય પણ ધર્મના કામમાં પૈસા ખરચી ન શકે.

(૯૦) પ્ર૦--ગર્ભમાંજ મરણ શાથી થાય ?

ઉ૦—શોકનો અગર પોતાનો ગર્ભ, દવાથી કે મંત્ર વગેરેથી ગળાવે, પાડે, પડાવે, તો તે ગર્ભમાંજ મરણ પામે.

(૯૧) પ્ર૦—હિતનાં વચનો અરાબ શા માટે લાગે ?

ઉ૦—બીજાને ખોટો ઉપદેશ આપી ખોટે માર્ગે ચલાવે, ગુરૂ અને માબાપનાં હિત વચનો સાંભળે નહિ, શિક્ષકની હાંસી કરે, એને હિતશિક્ષા પણ અહિત લાગે.

(૯૨) પ્ર૦—જાતિ સ્મરણ જ્ઞાન અને અવધિ જ્ઞાન શાથી થાય ?

ઉ૦--તપ સંજમ પાળ્યો હોય, જ્ઞાની મહાત્માની સેવા ભક્તિ કરી હોય, જ્ઞાનનો મહિમા અને બહુ માન વધારેલ હોય, એને જાતિ સ્મરણ તથા અવધિ જ્ઞાન ઉપજે છે.

(૯૩) પ્ર૦--વ્રત પચ્ચખાણ કેમ ન કરી શકે ?

ઉ૦--બીજાનાં વ્રત ભંગ કરાવે, શુદ્ધ વર્તનારને દોષ લગાડે, બીજાને વ્રત ભાંગતો જોઈ રાજી થાય, પોતે વ્રત લઇ પરિણામની ધારામાં સંકલ્પ વિકલ્પ કરે, વારે વારે વ્રત ભાંગે તો વ્રત પચ્ચખાણ કરી શકે નહિ.

(૯૪) પ્ર૦--કયા પાપથી કસાઇઓને હાથે કપાવું પડે ?

ઉ૦—કસાઇઓ સાથે વેપાર કરે, કસાઇઓને જાનવર દે, કસાઇનો ધંધો કરે, દગાથી જીવની ઘાત કરે, વગડાઉ પશુનો શિકાર કરે, અને માંસ ભક્ષણ કરે, તો પ્રશુ થઇને કસાઇઓના હાથથી કપાવું પડે.

(૯૫) પ્ર૦—પાપનેજ ધર્મ માને તે શા કારણથી ?

ઉ૦—ભ્રષ્ટાચારીની સોબત કરે, પાપના કામને ધર્મ કહે, સત્ય દેવ, ગુરૂ ને ધર્મની નિંદા કરે, તે કારણથી પાપના કામનેજ ધર્મ માને.

(૯૬) પ્ર૦—વ્યભિચારી શાથી થાય ?

ઉ૦—વેશ્યાનો ધંધો કરી કમાય, વેશ્યાનો સંગ કરે, વ્યભિચારીઓનાં વખાણ કરે, પશુ વગેરે તિર્યંચના સંયોગ મેળવે, સંયોગ દેખી રાજી થાય તો તે વ્યભિચારી થાય છે.

(૯૭) પ્ર૦—શીયળવંત શાથી થાય ?

ઉ૦—શિયળ પાળે, શિયળવંતની પ્રશંસા કરે, તેને સહાય કરે, વ્યભિચારીઓનો સંગ મૂકી દે, તો શિયળવંત થાય.*

(૯૮) પ્ર૦—શ્રીમંત શાથી થાય ?

ઉ૦—સુપાત્રે દાન દેવાથી શ્રીમંત થાય.

(૯૯) પ્ર૦—માગતાં છતાં વસ્તુ મળે નહિ તે કયા કારણથી ?

ઉ૦—ધનવંત છતાં દાન દે નહિ અને આશ્રિત જનોને રાંકની પેઠે આજીજી કરાવે તો.

(૧૦૦) પ્ર૦—ભિખારી કોણ થાય ?

ઉ૦—છિદ્ર જોનાર અને નિંદા કરનાર.

(૧૦૧) પ્ર૦—પોતાની સ્ત્રીઓ શાથી મર્યા કરે ?

ઉ—પોતે ઘણી સ્ત્રીઓનો ધણી હોય અને તેને મારે તો.

(૧૦૨) પ્ર૦—ભ્રમિત ચિત્ત શાથી રહે છે ?

---

*આ ૯૭ બોલ મુદ્રક તરંગણિ નામના દિગંબર ગ્રંથમાંથી કહ્યા છે.

ઉ૦—મદિરા, ભાંગ, અફીણ વગેરે કેફી વસ્તુઓનું સેવન કરવાથી.

(૧૦૩) પ્ર૦—દાહજ્વર (બળતરીઓ તાવ) શાથી આવે ?

ઉ૦—માણસ અને ઢોર ઉપર ગજા ઉપરાંત ભાર ભરવાથી.

(૧૦૪) પ્ર૦—બાળ વિધવા શાથી થાય ?

ઉ૦—પોતાના પતિને મારી નાંખી વ્યભિચાર સેવવાથી તથા ધણીનું અપમાન કરવાથી.

(૧૦૫) પ્ર૦—મરેલ છોકરાં શાથી આવતાં હશે ?

ઉ૦—પશુ અને પંખીનાં બચ્ચાં તથા ઈંડાં મારવાથી, સ્ત્રીઓને ફોડી નાંખવાથી, ઉગતી વનસ્પતિનાં કુંપળાં (કોંટા) ચુંટી કાઢવાથી.

(૧૦૬) પ્ર૦—વધારે દીકરીઓ શાથી થાય છે ?

ઉ૦—પાણી પીતાં ઢોરને રોકીને મારી નાંખવાથી, તથા બહુ પુત્રીવાળાની નિંદા કરવાથી.

(૧૦૭) પ્ર૦—પુત્રી વિધવા શાથી થાય ?

ઉ૦—ધર્મ ખાતાનો પૈસો ખાય, ધર્મનાં સાધનોની ચોરી કરે તો.

(૧૦૮) પ્ર૦— ગાંડાં શાથી થાય છે ?

ઉ૦—મદિરા અને માંસ ભોગવવાથી, ગાંડા માણસની હાંસી કરવાથી.

(૧૦૯) પ્ર૦—અપચાનો રોગ શાથી થાય છે ?

ઉ૦—સાધુ મુનિરાજને ખરાબ આહાર દેવાથી.

(૧૧૦) પ્ર૦—ક્ષય રોગ શાથી થાય છે ?

ઉ૦—હાડકાંનો વેપાર કરે, અને મમપૂડા તોડે તો.

(૧૧૧) પ્ર૦—કુરૂપ, અને બેડોળ ચહેરો શાથી થાય ?

ઉ૦—દાતારની નિંદા કરવાથી અને મુખનો બહુ શણગાર કરવાથી.

(૧૧૨) પ્ર૦—છોડ (ગર્ભનો રોગ) શાથી રહે છે?

ઉ૦—ગર્ભપાત કરવાથી.

(૧૧૩) પ્ર૦—સ્થાન ભ્રષ્ટ (અધિકાર પરથી રજા મળવી તે) શાથી થાય છે?

ઉ૦—રસ્તાપરનાં ઝાડ કાપવાથી, તથા આશરે રહેલાનો આશરો તોડવાથી.

(૧૧૪) પ્ર૦—ધોળો કોઢ શાથી થાય?

ઉ૦— ગોવધ કરે, કન્યાવિક્રય કરે, અને સાધુ થઈ વ્રત ભાંગે તો.

(૧૧૫) પ્ર૦—પુત્રનો વિયોગ શાથી થાય?

ઉ૦—ગાય, ભેંસનાં બચ્ચાંને દૂધ ન પાય અને પશુ પંખીનાં બચ્ચાંને મારે તો.

(૧૧૬) પ્ર૦—નાનપણમાં માબાપ શાથી મરે?

ઉ૦—શરણે આવે તેની ઘાત કરે, અને માતપિતાનું અપમાન કરે તો.

(૧૧૭) પ્ર૦—જળોદર (પેટનું વધી જવું તે રોગ) શાથી થાય?

ઉ૦— અભક્ષ્ય પદાર્થના ખાવાથી.

(૧૧૮) પ્ર૦—દાંત શાથી દુઃખ્યા કરે?

ઉ૦—જીભનો બહુ સ્વાદ કરવાથી, અને અભક્ષ્ય ખોરાક ખાવાથી.

(૧૧૯) પ્ર૦—લાંબા દાંતવાળો શાથી થાય?

ઉ૦—ઘરોઘર નિંદા અને ચાડી ચુગલી કરવાથી.

(૧૨૦) પ્ર૦—મુત્રકૃછ અને પથરીનો રોગ શાથી થાય?

ઉ૦—રાણીઓ અને પરસ્ત્રીઓ સાથે ગમન કરવાથી.

(૧૨૧) પ્ર૦—મુંગો શાથી થાય?

ઉ૦—જૂઠી સાક્ષી પૂરે, અને ગુરૂને ગાળો દેવાથી.

(૧૨૨) પ્ર૦—શૂળ રોગ (શૂળ નીકળે તે) શાથી થાય ?

ઉ૦—પશુ પંખીને બાણ મારવાથી, તથા તેમને શૂળી, કાંટા, અને આર ઘોંચવાથી.

(૧૨૩) પ્ર૦—ઉત્તમ જાતિનો મનુષ્ય થઈ ભીખ કેમ માગે ?

ઉ૦—માતા પિતા અને ગુરૂને મારે, અને અપમાન કરે તો.

(૧૨૪) પ્ર૦—ગુમડાં અને મસ વધારે શાથી થાય ?

ઉ૦—પશુ પંખીને પત્થર મારવાથી.

(૧૨૫) પ્ર૦—ચામડી ફાટવાનો અને દાદરનો રોગ શાથી થાય ?

ઉ૦—સાપ, વીંછી, ઘો, માંકડ, જૂ, અને લીખને મારે તો.

(૧૨૬) પ્ર૦—સદા માંદો શાથી થાય ?

ઉ૦—ધર્માદાનું ખાઈને ધર્મ ન કરે તો.

(૧૨૭) પ્ર૦—પીનસરોગ (સળેખમ) શાથી થાય ?

ઉ૦—ચકલાં, મોર, અને પોપટ વગેરેને મારવાથી.

(૧૨૮) પ્ર૦—કોઢનો રોગ શાથી થાય ?

ઉ૦—સાધુને સંતાપવાથી.

(૧૨૯) પ્ર૦—શરીરમાં કંપવા શાથી થાય ?

ઉ૦—રસ્તે ચાલતાં ઝાડ અને ખડ તોડવાથી.

(૧૩૦) પ્ર—અર્ધાંગ રોગ (પક્ષાઘાત) શાથી થાય ?

ઉ૦—સ્ત્રી હત્યા કરવાથી.

(૧૩૧) પ્ર૦—નાસુરનો રોગ શાથી થાય છે ?

ઉ૦—પશુ, પક્ષી, અને માણસના નાકમાં નાથ નાંખવાથી.

(૧૩૨) પ્ર૦—ગળત કોઢ શાથી થાય છે ?

ઉ૦—પશુ, પક્ષી અને મનુષ્યને ફાંસી દઇને મારવાથી.

(૧૩૩) પ્ર—હરસનો રોગ શાથી થાય ?

ઉ૦—નદી, તળાવ, કુવાનાં પાણી સોસાવાથી, અને પાણીમાંના જળચર જીવો મારવાથી.

(૧૩૪) પ્ર૦—રાત અંધો (રતાંધળો) શાથી થાય ?

ઉ૦—સવારમાં, બપોરે અને સાંજે ભોજન કરવાથી.

(૧૩૫) પ્ર૦—સંધીવા શાથી થાય ?

ઉ૦—ઘોડા, ઉંટ, બળદ, બકરાં અને ગાડાં ભાડે દેવાથી.

(૧૩૬) પ્ર૦—ભગંદર રોગ શાથી થાય ?

ઉ૦—ઈંડાનો રસ પીવાથી.

(૧૩૫) પ્ર૦—ધુવડ શાથી થાય ?

ઉ૦—રાત્રી ભોજન કરવાથી, તથા જોયા વગર વસ્તુ આવાથી.

(૧૩૮) પ્ર૦—સિંહ, સર્પ, વગેરે શાથી થાય ?

ઉ૦—ક્રોધમાં કંકાસ થતાં દુઃખી થઇ આત્મહત્યા કરવાથી.

(૧૩૯) પ્ર૦—ગધેડાં અને કુતરાં શાથી થાય ?

ઉ૦—અભિમાનને તાબે થઈ કુકર્મ કરી મરવાથી.

(૧૪૦) પ્ર—બિલાડી શાથી થાય ?

ઉ૦—દગો કરવાથી.

(૧૪૧) પ્ર૦—નોળીઆ અને સર્પ શાથી થાય ?

ઉ૦—લોભ કરવાથી.

(૧૪૨) પ્ર૦—વાળા (વાળાનો રોગ) શાથી નીકળે ?

ઉ૦—વગર ગળ્યે પાણી પીએ અને દાણા વગેરેની જીવાત (જીવ જંતુ) નું જતન ન કરે તો.

(૧૪૩) પ્ર૦—મનુષ્ય શાથી થાય છે ?

ઉ૦—ક્ષમા, દયા અને નમ્રતાથી.

(૧૪૪) પ્ર૦—સ્ત્રી મરીને પુરૂષ શાથી થાય છે ?

ઉ૦—સત્ય, શિયળ, સંતોષ અને વિનય વગેરે ગુણો ધારણ કરવાથી.

(૧૪૫) પ્ર૦--દેવતા કોણ થાય ?

ઉ૦--સાધુ, શ્રાવક, તાપસ, અને અકામ (મન વિના) નિર્જરા કરનાર.

(૧૪૬) પ્ર૦-લક્ષ્મી સ્થિર શાથી રહે ?

ઉ૦--સાધુ મુનિરાજને દાન દઈને પશ્ચાત્તાપ ન કરે તો.

(૧૪૭) પ્ર૦-- કાણો શાથી થાય છે ?

ઉ૦--બીજ, ફળ, ફૂલ છેદે અને હાર, ગજરા વગેરે બનાવે તો.

(૧૪૮) પ્ર૦—ગળત કોઢવાળો શાથી થાય ?

ઉ૦--સોના, રૂપા, ત્રાંબા અને લોઢા વગેરેની ખાણો ખોદાવવાથી.

(૧૪૯) પ્ર૦—જશનાં કામ કરતાં અપજશ શાથી મળે ?

ઉ૦--સચેત ઓસડ કરવાથી અને બીજાના કરેલા ઉપકાર ન માનવાથી.

(૧૫૦) પ્ર૦--આંખમાં આંજણી શાથી થાય ?

ઉ૦--મીઠાની ખાણો ખોદવાથી.

(૧૫૧) પ્ર૦—ખુંધવાળો શાથી થાય ?

ઉ૦—સમ્યકત્વ દ્રષ્ટિ છતાં મિથ્યાત્વીનાં અને અનાર્યોનાં કામ કરે.

(૧૫૩) પ્ર૦--રૂંડ મુંડ શરીર શાથી થાય ?

ઉ૦—ન્યાયાધીશ થઈને સખ્ત દંડ દેવાથી.

(૧૫૩) પ્ર૦--કંઠમાળનો રોગ શાથી થાય ?

ઉ૦—માછલાંનો આહાર કરવાથી.

(૧૫૪) પ્ર૦—નિરોગી દેખાય છતાં રોગી શાથી હોય ?

ઉ૦—લાંચ લઈ જૂઠો ન્યાય કરવાથી.

(૧૫૫) પ્ર૦--સંયોગ મળવા છતાં વિયોગ શાથી થાય ?

ઉ૦—કૃતઘ્નતા, મિત્રદ્રોહ અને વિશ્વાસઘાત કરવાથી.

(૧૫૬) પ્ર૦—ક્રોધીકણુ સ્વભાવ શાથી થાય?

ઉ૦—ક્રોટવાળ થઇ સપ્ત દંડ કરે અને બીજાને ડરાવે તેથી.

(૧૫૭) પ્ર૦—અરજનો રોગ શાથી થાય?

ઉ૦—જૂ, લીખ, માંકડ, મચ્છર અને ઉધૈ વગેરે તે-ઇંદ્રિય જીવ મારવાથી.

(૧૫૮) પ્ર૦—જૂ ઝાઝી શાથી પડે?

ઉ૦—માછલાંનો આહાર કરવાથી અને જુઓને અગ્નિ વગેરેમાં નાંખી મારે તો.

(૧૫૯) પ્ર૦—તપશ્ચર્યા શા માટે ન થાય?

ઉ૦—તપ અને જપ કરવાનું અભિમાન કરે, તથા તપ કરનારને અંતરાઇ પાડે તો.

(૧૬૦) પ્ર૦—અસોહામણી બોલી શા માટે લાગે?

ઉ૦—સારી વાણીનું અભિમાન કરે, અને કઠોર વચન બોલે તો.

(૧૬૧) પ્ર૦—અપજશ શામાટે મળે?

ઉ૦—સાસુ, નણંદ, દેરાણી, જેઠાણી ભાઇ, ભોજાઇ ની અદેખાઇ કરે.

(૧૬૨) પ્ર૦—જુવાનીમાં સ્ત્રી શાથી મરે?

ઉ૦—ભોગની તીવ્ર અભિલાષા રાખે, અને મરજાદા રહિત વિષય સેવવાથી.

(૧૬૩) પ્ર૦—સમૂર્છિમ મનુષ્ય શાથી થાય?

ઉ૦—ગળીના કુંડ કરે, અને સમૂર્છિમની ઘાત કરે તો.

(૧૬૪) પ્ર૦—ભૂખ બહુ શાથી લાગે?

ઉ૦—ખેતીનાં કામ કરવાથી અને પોતે શક્તિમાન છતાં આશ્રિતોને ભૂખે મારવાથી.

(૧૬૫) પ્ર૦—વાઇ અને અર્ધાંગવાયુનો રોગ શાથી થાય?

ઉ૦—લુવારની ધમણ ધમે, વાઈ (ફેફરૂં) આવે તેને દુઃખ દે તો.

(૧૬૬) પ્ર૦—બોલતાં બોલતાં બગાસાં શાથી આવે?

ઉ૦—રંગારાના ધંધા કરવાથી અને તોતડાને ખીજવવાથી.

(૧૬૭) પ્ર૦—બોલતાં બોલતાં થુંક શાથી ઉડે?

ઉ૦—છાણ સડાવ્યાં કરે તો.

(૧૬૮) પ્ર૦—વહાણ શાથી ડૂબે?

ઉ૦—પાયખાનામાં ઝાડે ફરે, મૂતરડીમાં મૂતરે અને આખી રાતનું મૂતર લેગું કરે તો.

(૧૬૯) પ્ર૦—બોબા શાથી થાય?

ઉ૦—ઘણાં વન કપાવે અને બોબાઓની સાથે ક્રીડા કરે તો.

(૧૭૦) પ્ર૦—જુવાનીમાં દાંત પડી જાય અને ધોળા વાળ થઈ જાય, તેનું શું કારણ?

ઉ૦—કુણી કુણી વનસ્પતિનું છેદન, ભેદન, ચટણી, કચુંબર, વગેરે કરવાથી.

(૧૭૧) પ્ર૦—ભરનીંગર ગુમડાં શાથી થાય?

ઉ૦—ફળોને ચીરી મસાલા ભરવાથી.

(૧૭૨) પ્ર૦—શરીરમાં ક્રીડા શાથી પડે?

ઉ૦—બીજાના ઉપર ઘોડાનો પેશાબ છાંટવાથી અને સડેલી વસ્તુ ખાવાથી.

(૧૭૩) પ્ર૦—એક સાથે સોળ રોગ શાથી થાય?

ઉ૦—ગામડાં ઉજડ કરે, લૂંટે તથા ધાડાં પાડે તો.

(૧૭૪) પ્ર૦—ઉછેરીને મોટા કરેલા માણસ દગો શાથી દે?

ઉ૦—રસોઈનો વેપાર કરવાથી અને સારી વસ્તુ દેખાડી બોટી બવરાવવાથી.

(૧૭૫) પ્ર૦—બાર વર્ષનું છોડ (સ્ત્રીઓના ગર્ભમાં) શાથી રહે?

ઉ૦--પેશાબ ભેળો કરી આખી રાત રાખે તો.

(૧૭૬) પ્ર૦--૨૪ વર્ષનું છોડ શાથી રહે ?

ઉ૭--તીવ્ર ભાવથી વિષય ભોગ ભોગવવાથી અને ગર્ભને ગાળવાથી.

(૧૭૭) પ્ર૦—હમેશાં શરીરમાં બળતરા શાથી થાય ?

ઉ૦--ફૂલોનું મર્દન કરાવવાથી, અને શરીરપર બહુજ અત્તર તથા લેપ લગાડવાથી.

(૧૭૮) પ્ર૦--વાંઝણી સ્ત્રી શાથી થાય ?

ઉ૦—ફૂલનું અત્તર કાઢવાથી, તથા મનુષ્ય અને પશુનાં બચ્ચાં મારવાથી.

(૧૭૯) પ્ર૦—ઘણી બાઈડીઓને પરણ્યા છતાં પુત્ર કેમ ન થાય?

ઉ૦—ઘણી વનસ્પતિનો રસ કાઢવાથી.

(૧૮૦) પ્ર૦—હલાલખોર શાથી થાય ?

ઉ૦--બહુ જલચર જીવોને મારવાથી તથા કસાઈનાં કર્મ કરવાથી.

(૧૮૧) પ્ર૦--શકિત છતાં ધર્મ કરણી કેમ ન બને ?

ઉ૦—મમઈ એટલે ઘણું માણસનું લોહી કાઢયું હોય તો.

(૧૮૨) પ્ર૦--શરીર ભારે શાથી થાય ?

ઉ૦—આસવ, શરાબ કે દારૂ બહુ પીધો હોય તો.

(૧૮૩) પ્ર૦—ગર્ભમાં આડું બાળક શાથી આવે ?

ઉ૦—સાધુને માથે આળ ચડાવે, શુદ્ધ આહાર લેનાર સાધુને અશુદ્ધ આપે તો ગર્ભમાં આડું આવે.

(૧૮૪) પ્ર૦—નરકમાંથી અગર તિર્યંચમાંથી અકામ નિર્જરા (વગર મને ભુખ વગેરે દુઃખ સહન કરવાં તે) કરીને મનુષ્ય થયો હોય તો ?

ઉ૦--તે મનુષ્ય પ્રથમ દુઃખી થાય અને પાછળથી સુખ ભોગવે. વળી તેને શીર કલંક આવે, સજા પણ ભોગવે પણ આખર ઇનસાફ થતાં નિર્દોષ ઠરી છૂટે.

(૧૮૫) પ્ર૦—મોક્ષ શાથી મળે ?

ઉ૦—જ્ઞાન, દર્શન (=શ્રદ્ધા) ચારિત્ર અને તપની ફ્રડે પ્રકારે આરાધના કરે, પાળે, અને ફ્રરશે તો.*

એ વગેરે કર્મના બંધ પાડવાનાં અને પાપનાં ફળ ભોગવવાનાં અનેક કારણો શાસ્ત્ર ગ્રંથમાં બતાવ્યાં છે. આ ભવમાં કરેલાં કેટલાંક કર્મ આ ભવમાંજ અને કેટલાંક આગળના ભવમાં ભોગવવાં પડે છે. અનંત જ્ઞાની, સર્વજ્ઞ ભગવાને સંસારી જીવોની જે દશા કર્મનો વિપાક થતી વખતે થાય છે તેનું અવલોકન કર્યું. તેનું વાણીથી સંપૂર્ણ વર્ણન થઈ શકે નહિ. કારણ કે સંપૂર્ણ વિશ્વ અનંત જીવોથી ભરપૂર છે. એમાંના અકેક જીવને અનંત કર્મવર્ગણાના પુદ્ગળો લાગ્યાં છે અને એવા અકેક વર્ણ ગંધ વગેરે પર્યાયનો અનંત વિસ્તાર થઈ શકે છે. એવા અપરંપાર વિપાકવિચયનું વર્ણન વાણી મારફ્તે કદી પણ બની શકે નહિ; તો પણ ધર્મધ્યાની જન, જ્ઞાની મહારાજની આજ્ઞાનુસાર વિપાક વિચયનો યથાશકિત વિચાર કરતો કરતો કર્મોની વિચિત્રતાથી વાકેફ્ થાય છે. એવા માણસો કર્મ બાંધવાના કારણોથી બચીને, કર્મનો ક્ષય કરવાના માર્ગમાં પ્રવર્તી, અનંત આધ્યાત્મિક સુખ મેળવે છે.


ચતુર્થ પત્ર—"સંસ્થાનવિચય".

સંસ્થાનનો અર્થ **આકાર** અને **વિચય**નો અર્થ **વિચાર** થાય છે. જગતનો તથા જગતમાં રહેતા પદાર્થોના આકારનો વિચાર કરવો તેને **સંસ્થાન વિચય ધર્મ ધ્યાન** કહે છે. અનંત આકાશ (=પોલાણ) રૂપ જે અનંત ક્ષેત્ર છે કે જેનો છેડો નથી તેને '**અલોક**' કહેવામાં આવે છે. આ અલોકના મધ્ય ભાગમાં ૩૪૩ રાજુઘનાકાર **લાંબી પહોળી**, એવી જગામાં જીવ અજીવ અથવા

---

* ૬૭ પછીના તમામ બોલ "ગૌતમ પૃચ્છા" અને ધર્મજ્ઞાન-પ્રકાશ ગ્રંથના અનુસારે કંઇ વધારો કરી લખ્યા છે'

રૂપી અરૂપી પદાર્થરૂપ એક પીંડ છે તેને 'લોક' કહેવામાં આવે છે. આ લોક, નીચે એટલે સાતમી નરકને તળીયે ૭ રાજુ પહોળો છે. અને તે મૂળથી સાત રાજુ ઉપર આવે ત્યાં સુધી ઘટતું ઘટતું એક રાજુ આવે ત્યાં **મધ્ય લોક** છે. એ મધ્ય લોક એક રાજુ પહોળો છે; અને ત્યાંથી ઉપર ચડતાં અને પહોળાઈમાં પણ વધતાં વધતાં ચાર રાજુ (પાંચમા દેવલોક સુધી) આવે, ત્યાં પાંચ રાજુની પહોળાઈ છે. ત્યાંથી ઉપર જતાં પહોળાઈમાં ઘટતાં ઘટતાં ત્રણ રાજુ **લોકાગ્ર(મોક્ષસ્થાન)** આવે છે, ત્યાં એક રાજુની પહોળાઈછે. નીચે ઉંધો, તે ઉપર સવળો અને તેની ઉપર ઉંધો એમ ત્રણ દિવા (કોડીઆં) રાખવામાં આવે એવા અથવા પગ પહોળા કરી કેડ ઉપર હાથ લગાડી માણસ ઉભો રહે વગેરે ગોડવણ જેવા **સંસ્થાન** (આકાર)વાળો **લોક** છે, આવું કથન ભગવતિ આદિ શાસ્ત્રમાં લખેલું છે. આ લોકના મધ્ય ભાગમાં એક નીસરણી જેવી એક રાજુ પહોળી ને સાતમી નરકથી મોક્ષ સુધી ચૌદ રાજુ



લાંબી '**ત્રસનાળ**' છે, તેની અંદર ત્રસ અને સ્થાવર બન્ને પ્રકારના જીવ છે. બાકીના સર્વ લોકમાં એકલા સ્થાવરજ જીવ ભરેલા છે. ત્રસનાળનો નીચેનો વિભાગ એટલે સાત રાજુ જેટલી (ઉંધા દિવા જેવી) જગ્યા જેને **અધોલોક** કહે છે તેમાં સાત નરક સ્થાન છે. ત્યાં પાપની અધિકતા હોય છે. જીવ ત્યાં ઉપજીને કરેલાં કર્મનાં અશુભ ફળ દુઃખી થઈ ભોગવે છે. મધ્યમાં બન્ને દિવાની સંધી મળે છે—ભેગા થાય છે ત્યાં ગોળાકાર ૧૮૦૦ જોજન ઉંચી જગ્યા છે. તેને '**મધ્ય**' (તિરછો) લોક કહેવામાં આવે છે. તે તિરછા લોકની મધ્યમાં એક લાખ જોજન જેટલો ઉંચો અને નીચે દશ હજાર જોજન પહોળો (મલસ્થંભ જેવો) **મેરૂ** પર્વત છે. તેની ચારે બાજુએ ગોળ (ચૂડી જેવો) એક લક્ષ જોજનનો લાંબો પહોળો (ગોળ) '**જંબુદ્વિપ**' છે. તેની બહાર ચારે તરફ (ચૂડી જેવો) ગોળ બે લક્ષ જોજન પહોળો '**લવણ સમુદ્ર**' છે. તેની ચારે બાજુએ તેવોજ ગોળ ચાર લક્ષ જોજન પહોળો '**ધાતકી ખંડ દ્વિપ**' છે. તેની ચારે બાજુએ આઠ લક્ષ જોજન પહોળો '**કાલોદધિ**' સમુદ્ર છે તેની ચારે કોર ૧૬ લક્ષ જોજન પહોળો '**પુષ્કર દ્વિપ**' * છે. આમ એકેકને ચારે બાજુ ફરતા ફરતા અને પહોળાઈમાં એકેકથી બમણા અસંખ્યાત દ્વિપ અને અસંખ્યાત સમુદ્ર સર્વ ચુડી (બંગડી) ના સંસ્થાને (આકારમાં) છે. મેરૂ પર્વતની જડમાં સમ ભૂમિ છે, ત્યાંથી ૭૯૦ યોજન ઉપર તારા મંડળ, ત્યાંથી ૧૦ જોજન ઉપર સૂર્યનું વિમાન છે ત્યાંથી ૮૦ જોજન

---

* પુષ્કરદ્વિપના મધ્ય ભાગમાં ગોળાકાર (ચૂડી જેવો) **માનુક્ષેત્ર પર્વત** છે. આથી પુષ્કર દ્વિપના ચૂડાકારે ગોળ બે ભાગ પડે છે. જંબુદ્વિપ, ધાતકી ખંડ દ્વિપ, અને 'પુષ્કરાર્ધ દ્વિપ' એમ ગણ ભાગમળીને '**અઢીદ્વિપ**' કહેવામાં આવે છે અને તેની અંદરજ મનુષ્યની વસ્તી છે.

* ચન્દ્રમાનું વિમાન સામાન્યપણે ૧૮૦૦ કોશ (ગાઉ) પહોળું છે, જ્યારે સૂર્યનું ૧૬૦૦ ગાઉ પહોળું છે; અને ગ્રહ નક્ષત્ર તારાનાં વિમાન જઘન્ય ૧૨૫ કોશ, ઉત્કૃષ્ટ ૫૦૦ કોશ પહોળાં છે. ૧૬ લક્ષ ગાઉ સુર્ય તથા ૧૭ લાખ ૬૦ હજાર ગાઉ ચન્દ્રમા પૃથ્વીથી ઉંચો છે. એમ **મિથ્યાત્વ ખંડન સુત્ર**માં લખેલું છે.

ઉપર ચંદ્રમાનું વિમાન છે. અને તે ઉપર ૨૦ જોજનની અંદર સર્વ જ્યોતિષીઓનાં વિમાન આવેલાં છે. અઢી દ્વિપની અંદરના જ્યોતિષીનાં વિમાન અર્ધા કબિઠ÷ ના સંસ્થાનવાળાં છે, અને બાહેરનાં ઈટ જેવાં છે. આગળ ઉપર (મૃદંગને આકારે) સાત કાજુ માઠેરો (કઈંક ઓછે!) જે લોક રહે છે તેને 'ઉર્ધ્વ લોક' (ઉંચો લોક) કહેવામાં આવે છે. ત્યાં ૧૨ **દેવલોક**, ૯ **લોકાંતિક**, ૯ **ગ્રૈવેયક**, ૫ **અનુત્તર વિમાન** આવેલાં છે, તેમાં બધાં મળી ૮૪૯૭૦૨૩ વિમાન છે, કેટલાંક ચોખુણીઆં, કેટલાક ત્રણ ખુણીઆં અને કેટલાંક ગોળાકાર છે. ત્યાં પુણ્યની અધિકતા છે તેથી જે જીવ ત્યાં ઉપજે છે તે કરેલાં કર્મનાં શુભ ફળ સુખમાં ભોગવે છે. સર્વાર્થસિદ્ધ વિમાનથી ૧૨ જોજન ઉપર '**સિદ્ધ શિલા**' છે, તે ઉઘાડેલી ચત્તી છત્રી સમાન ૪૫ લક્ષ જોજન લાંબી અને તેટલીજ પહોળી ગોળાકારે છે. તેની ઉપર એક જોજનના ચોવીશમા ભાગ જેટલી જગામાં અનંત સિદ્ધ ભગવંત અરૂપી અવસ્થામાં અલોકની સાથે અડીને વિરાજમાન છે. આ સંક્ષેપમાં લોક અને અલોકમાં રહેલા સ્થૂલ પદાર્થોના સંસ્થાનનું વર્ણન કર્યું.

જીવનાં ૬ સંસ્થાન. (૧)--જેની ચારે બાજુ બરાબર અંગ હોય અર્થાત્ પદ્માસનથી બેસીને બંને ઘુંટણની વચમાંની દોરી બરાબર આવે, વળી જમણા ખભા અને જમણા ઘુંટણની વચમાં પણ તેજ દોરી જેટલું માપ આવે (જે પ્રમાણે હમણાં કેટલીક જૈન મૂર્તિને બનાવવામાં આવે છે) તેનું નામ '**સમ ચઉરસ સંસ્થાન.**' (૨.)જેવું વડનું ઝાડ, કે જે નીચે માત્ર લાકડાનું થડ ફુંઢ મૂંઢ દેખાય છે અને ઉપર શાખા પ્રતિ શાખાથી શોભે છે, તેવીજ રીતે કમરથી નીચેનું શરીર અશોભનિક અને ઉપરનું શરીર શોભનિક હોય તેનું નામ '**નિગોહ પરિમંડલ સંસ્થાન.**' (૩.) જેવી રીતે

+ કોઠના ઝાડનું ફળ.

(૩) જેવી રીતે ખુરસાણો આંબલીનું ઝાડ કે જેના ઉપરના ભાગમાં હુંઠાં નીકળે અને નીચે શાખા પ્રતિશાખાથી શોભે; તે પ્રમાણે ઉપરનું શરીર તો અશોભનિક અને કમરથી નીચેનું શરીર શોભનિક લાગે તે **'સાદિ સંસ્થાન.'** (૪) વામનરૂપ એટલે ઠીંગણું શરીર હોય તે **'વામન સંસ્થાન'** (૫) પીઠમાં તથા છાતીમાં કુબડું શરીર હોય તે **કુબ્જ સંસ્થાન.'** (૬) અર્ધા બળેલા મુડદાની પેઠે બધું શરીર બરાબ હોય તે **'હુંડ સંસ્થાન.'**

નરક, પાંચ સ્થાવર, ત્રણ વિકલેંદ્રિય, અને અસંજ્ઞી તિર્યંચ પચેંદ્રિય એ જીવોને આ છ સંઠાણમાંથી ફકત એક **હુંડ સંસ્થાન** પ્રાપ્ત થાય છે; અને સર્વ દેવતા, તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ, આદિ ઉત્તમ પુરૂષોને એક **સમ ચઉરસ સંસ્થાન** હોય છે.

અજીવનાં પાંચ સંસ્થાનઃ-(૧) **વટ્ટ**-બધી તરફથી ગોળ એટલે ● લાડુ જેવું, (૨) **ત્રાંસુ**=ત્રણ ખુણીઉં એટલે ત્રિકોણાકૃતિ ▷ સિંઘોડા જેવું, (૩) **ચોરસ** = ચાર ખુણીઉં □ બાજોઠ જેવું, (૪) **પરિમંડલ**=ગોળ o ચૂડી જેવું, અને (૫) **આયંતસ**= | લાંબું લાકડી જેવું.

આ પાંચે સંસ્થાનવાળા આ જગતમાં અનેક અજીવ પદાર્થ છે. વટ્ટ સંસ્થાનવાળા એટલે વાટલા આકારના, વૈતાઢ પર્વત વગેરે; ત્રાંસા અને ચોરસ આકારનાં, કેટલાક દેવતાનાં વિમાન વગેરે; તથા પરિમંડલ આકારના, દ્વિપ સમુદ્રાદિક છે તે; એમ અનેક બીજા પદાર્થ જાણવા.

આ સંસ્થાન (સંઠાણ) નું જે વર્ણન કર્યું તેવા આકારના સર્વ પદાર્થોમાં આપણો જીવ અનંત વખત ઉપજીને મરણ પામી આવ્યો છે.--અર્થાત્ સર્વ પ્રકારના ઉંચ નીચ સંસ્થાન વાળી વસ્તુનો માલિક બની આવ્યો છે, અને તે તમામ વસ્તુને ભોગવી પણ આવ્યો છે. હવે અરેરે જીવ! અહીં તને પુણ્યોદયથી તારા શરીરનું

સ્ત્રી આદિનું, મનોરમ્ય સંસ્થાન મળેલું છે, તથા શયન, આસન, રહેઠાણ, વસ્ત્ર, ભૂષણ, વાહન ઇત્યાદિ ઇચ્છિત ઋદ્ધિ પ્રાપ્ત થઈ છે, તે જોઈને શામાટે તેના ફંદમાં ફસાય છે? શું મરણ પામીને તેમાં-જ તારે ઉત્પન્ન થવું છે? કહેવાય છે કે 'આશા ત્યાં વાસા' જેવી ઇચ્છા તેવો વાસ મળે તે પ્રમાણે જાણી સારા સંસ્થાનના પદાર્થોમાંથી મમત્વનો ત્યાગ કરવો, અને કોઈ વખત અશુભોદયથી અશોભાનિક સંસ્થાનમય પોતાનું શરીર અથવા સ્ત્રી આદિક કુટુંબ સંયોગ મળી ગયો, અથવા તો અયોગ્ય શયનાસનનો જોગ મળી ગયો તો ખેદિત ન થતો, કારણ કે સંસ્થાન તો ફક્ત એક વ્યાવહારિક રૂપ છે. તેથી આંતરિક કાંઈ કાર્યની સિદ્ધિ થતી નથી. જેનાથી કાર્યની સિદ્ધિ થાય નહિ, તેમાં રૂષ્ટ તુષ્ટ થવું એને અજ્ઞાનતા કહેવામાં આવે છે. વળી વિશેષ વિચાર કરકે 'હે જીવ! તું જ્ઞાની થઈને નકામા કાર્યમાં રાગ દ્વેષ કરી કર્મ બંધન કરે છે, તો તારા જ્ઞાનથી તને શું ફાયદો થયો?' ઇત્યાદિ વિચારી સારા યા ખરાબ સંસ્થાનવાળા પદાર્થોમાંથી રાગ દ્વેષ ઓછો કર અને સદા એકજ આકારમાં રહેનાર જે નિજાત્મ ગુણ તથા પરમાત્મ સ્વરૂપ છે તેમાં પોતાને પરિણુમાવ.

આ ધર્મ ધ્યાનના ચાર પાયાનું સંક્ષેપમાં સ્વરૂપ કહ્યું. ધર્મ ધ્યાની જીવ એ વિષે યથા બુદ્ધિ વિચાર કરી ધર્મધ્યાનમાં પોતાના આત્માને સ્થિર કરે છે.

દ્વિતીય પ્રતિશાખા--- ધર્મધ્યાનીનાં લક્ષણ.

धम्मस्सणं झाणस्स चत्तारि लक्खणा पण्णत्ता तं जहा,

आणारुइ, णिसग्गरुइ, उवदेसरुइ सुत्तरुइ. ॥

—ઉવવાઇ સૂત્ર.

અર્થ—ધર્મધ્યાનના ધ્યાતાને ઓળખવાનાં ચાર લક્ષણ છેઃ—(૧) જિનાજ્ઞામાં રૂચિ હોય તે '**આજ્ઞારૂચિ**', (૨) જિનજ્ઞાનના અભ્યાસમાં રૂચિ હોય તે '**નિસગ્ગરૂચિ**', (૩) સદ્બોધ શ્રવણ કરવાની રૂચિ તે '**ઉપદેશ રૂચિ**', અને (૪) જિનાગમ શ્રવણ કરવાની રૂચિ હોય તે '**સૂત્ર રૂચિ**.'

રૂચિનો અર્થ ઉત્કૃષ્ટ ઇચ્છા છે. જેવી રીતે કામીને કામની ધનેચ્છુને પૈસાની, નામલોભીને નામની, ભુખ્યાને અન્નની, તરસ્યાને પાણીની, સમુદ્રગામીને વહાણની, રોગીને ઓસડની, રસ્તે જતાં ભૂલા પડેલાને કોઇ સાથની ઇત્યાદિ જે જે કાર્યના જે જે અર્થી હોય છે, તેને તે તે કામ પૂરૂં થવા માટે સ્વભાવિક ઇચ્છા રહે છે. કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી તેના મનમાં તાલાવેલી ઝણઝણાટી થઇ રહે છે, કાર્ય પૂર્ણ થયા પછી હર્ષ પ્રાપ્ત થાય છે, અને વિયોગ થતાં પાછી તેવીને તેવી ઉત્કંઠા જાગે છે તેનું નામ '**રૂચિ**' છે. સંસારી જીવોની જેવી રૂચિ વ્યાવહારિક પૌદ્ગલિક કામોમાં હોય છે તેવી રૂચિ ધર્મધ્યાનીને આત્મસાધનનાં કાર્યોમાં હોય છે. આ આત્મસાધનની રૂચિનાં જે પારમાર્થિક કાર્યો છે તેના મુખ્ય ચાર ભેદ કરેલા છે.

પ્રથમ પત્ર—"આજ્ઞા રૂચિ."

(૧) '**આજ્ઞારૂચિ**'—અનાદિ કાળથી આ જીવ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરી સ્વછંદાચારી બની રહ્યો છે. તેથીજ અત્યાર સુધી સંસારમાં પરિભ્રમણ કર્યું છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કેઃ—

छंदं निरोहेण उवेइ मोक्खं ।

(ઉત્તરા૦ ૪, ગાથા ૮).

અર્થાત્—સ્વછંદ (ઇચ્છા)નું નિરૂંધન કરી જિનાજ્ઞામાં પ્રવર્તન કરવાથી મોક્ષ મળે છે. માટે મુમુક્ષુ જને પોતાની ઇચ્છાને રોકી વીતરાગની આજ્ઞામાં પ્રવર્તવાનો પ્રયત્ન કરવો જોઇએ.

હવે વીતરાગની આજ્ઞા શું છે તે વિચારીએઃ—'**વીતરાગ**' રાગ દ્વેષના ક્ષય કરનારને કહેવામાં આવે છે. જેણે રાગ દ્વેષના ક્ષયમાંજ લાભ જોયેા છે તે રાગ દ્વેષ ઓછા કરવાનીજ આજ્ઞા કરે એ નિઃસંદેહ છે. આવું જાણી વીતરાગની આજ્ઞાના ઇચ્છકે સદા મધ્યસ્થ પરિણામી અથવા પ્રતિબંધ રહિત રહેવું ઘટે છે. એ પ્રતિબંધ ચાર પ્રકારનાં છેઃ—

(૧) **દ્રવ્યથી**—તેના ત્રણ ભેદ છે. (૧)સજીવ— તે દ્વિપદ એટલે મનુષ્ય, પંખી આદિ અને ચતુષ્પાદ એટલે પશુ, ગાય આદિ, (૨) અજીવ–તે વસ્ત્રપાત્ર ધનાદિકનેા, અને (૩) મિશ્ર–એટલે બંને (જીવ અજીવ)નું મિશ્રણ થયેલ તે જેમકે વસ્ત્ર ભૂષણથી સજ્જ થયેલ મનુષ્ય, પશુ ઇત્યાદિ; (૨) **ક્ષેત્રથી**—ગામ, નગર, ઘર, ખેતર ઇત્યાદિ; (૩) **કાલથી**—ઘડી, પહેાર, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, વર્ષ વગેરે; (૪) **ભાવથી**—ક્રોધાદિ કષાય, મેાહ, મમત્વ; આ ચારે પ્રતિબંધથી રહિત રહેવું જોઇએ.* ક્ષુધા (ભૂખ), તરસ, ઠંડી, તડકેા આદિ સહનભાવથી સહન કરવાં જોઇએ, મીઠાં કે કડવાં વચનની દરકાર ન રાખવી જોઇએ, નિદ્રા, પ્રમાદ, આહાર ઓછાં કરવાં જોઇએ, સદા જ્ઞાન, ધ્યાન, તપ, સંયમમાં આત્માનું રમણ કરી તેવી પ્રવૃત્તિ રાખવી જોઇએ. [આ આજ્ઞારૂચિનેા વિસ્તાર અગાઉ આજ્ઞાવિચયમાં વિશેષતાથી થઇ ગયેા છે. ત્યાં જે કહ્યું છે તે "વિચાર" સમજવેા અને અહીં જે કહેલ છે તે પ્રવર્ત્તન કરવાની "ઇચ્છા" એમ સમજવું.]

---

* આ શ્રાવક અમારેા, આ ક્ષેત્ર અમારૂં એવા પ્રતિબંધનમાં બંધાવાથીજ હમણાંના વખતમાં વીતરાગના અનુયાયીઓમાં ધર્મધ્યાનની હાનિ થઇ કલેશમાં વૃદ્ધિ થતી નજરે દેખાય છે. આત્માર્થીઓએ આ ઝગડાથી બચી અપ્રતીબંધ-વિહારી થવું જોઇએ કે જેથી ધર્મધ્યાન અખંડિત રહે.

' દ્વિતીય પત્ર—' નિસર્ગ રૂચિ. '

(૨). ' નિસગ્ગ (નિસર્ગ) રૂચિ ' —ધર્મધ્યાની પુરૂષને આ વિશ્વાલયમાંના સર્વ પદાર્થ એવા લાગે છે કે તે જાણે પોતાને સદ્ધ-બોધજ કરતા હોય નહિ. શ્રી આચારાંગ શાસ્ત્રના ફરમાન મુજબ જ્ઞાની મહાત્મા આસ્રવના સ્થાનમાંજ સંવર નિપજાવી લેછે. જેવી રીતે નમિરાજ ઋષિએ પોતાની પ્રેમાળ સ્ત્રીઓની ચૂડીઓનો અવાજ સાંભળી [જે ક્રિયા અન્યના સંબંધમાં કામ રાગની વૃદ્ધિ થવાનું કારણ થાય છે] તેનાથી તેને વૈરાગ્ય પ્રાપ્ત થયો. એવીજ રીતે ઝાડ, પાન, પાન, વસ્ત્ર, ભૂષણ, ગ્રામ, મસાણ, રોગ, હર્ષ, શોક, વાદળાં, વિદ્યુત્ (વિજળી), સંયોગ, વિયોગ, નિવૃત્તિ ભાવ, એ સર્વ વૈરાગ્ય ઉત્પન્ન થવાનાં કારણ બની વૈરાગ્ય ઉત્પન્ન થાય તે નિસર્ગ રૂચિ; તેમજ કેટલાક જાતિસ્મરણ જ્ઞાનથી પોતાના પૂર્વના ૯૦૦ ભવ (સંજ્ઞી પંચેંદ્રિયની લગોલગ કર્યો હોય તેને) જાણે છે તેથી જન્માંતરમાં કૃતકર્મનાં ફળ ભોગવેલાં જોઈ વૈરાગ્ય પામે છે. આવાં આવાં અનેક કારણોથી જેને તત્વજ્ઞાન પ્રાપ્ત

× (મિથિલા નગરીના નમિરાયજીને શરીરમાં દાહજ્વર થયો, તે વખતે વૈદ્યના કહેવાથી શાંતિના ઉપચાર વાસ્તે ૧૦૮ રાણીઓ ભાવનાચંદન ઘસીને શરીરપર લગાડતી હતી. તે વખતે સર્વના હાથની ચુડીઓ ભેગી થતાં તેનો અવાજ ઘણો થવાથી નમિરાયે કહ્યું ' મને આ ઘોંઘાટ સારો નથી લાગતો. ' એટલે તરતજ સર્વે પ્રેમી પ્રમદાએ સૌભાગ્ય ચિહ્ન તરીકે એકેક ચૂડી હાથમાં રાખી બીજી બધી ચૂડીઓ ઉતારી નાંખી. અવાજ બંધ થવાનું કારણ વિચારતાં સમજમાં આવ્યું કે ' બધી ચૂડી એક સ્થાને હતી તેથીજ ગડબડ થતી હતી પણ જ્યારે એક રહી ત્યારે બધી ગડબડ મટી ગઇ. બસ ! જ્યાં સુધી બધામાંજ હું ફસાયો છું ત્યાં સુધીજ હું દુઃખીછું. જો હું આ બંધનમાંથી મુકત થાઉં તો સર્વ શોક તજી સુખી બનું. ' આટલું વિચારતાં તેનો રોગ શાંત થયો અને તે દિક્ષા લઇ અનંત સુખ પામ્યો.)

કરવાની રૂચિ થાય છે તેને નિસર્ગ રૂચિ કહેવામાં આવે છે. અન્ય મતાવલંબીને અજ્ઞાન તપનાં કષ્ટ સહેવાથી અકામનિર્જરા થાય છે અને તેથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં વિભંગજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એ જ્ઞાનથી જૈન મતના સાધુની ઉત્કૃષ્ટ શુદ્ધ ક્રિયા જોઈ અનુરાગ જાગતાં, વિભંગજ્ઞાન મટી અવધિ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે તત્વજ્ઞાનપર રૂચિ જાગતાં જો **સમ્યક્ત્વ** પ્રાપ્તિ થઈ તો તે પણ '**નિસર્ગ રૂચિ.**' આવી રીતે કોઈ પણ પ્રકારે તત્ત્વજ્ઞતા પ્રાપ્ત થાય, અને તેમાં પરિણામ સ્થિરીભૂત થાય, તેજ ધર્મ ધ્યાનીની નિસર્ગ રૂચિનું લક્ષણ જાણવું.

તૃતીય પત્ર— 'ઉપદેશ રૂચિ'

૨. '**ઉપદેશ રૂચિ**'— શ્રી તીર્થંકર, કેવલજ્ઞાની, ગણધર મહારાજ, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, સમ્યગ્દ્રષ્ટિ, ઇત્યાદિ જે શુદ્ધ શાસ્ત્રાનુસાર ઉપદેશ કરે, અને તે સાંભળવાથી ધર્મ ધ્યાનીની રૂચિ જાગે તે '**ઉપદેશ રૂચિ.**' દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં ફરમાવ્યું છે કેઃ—

ગાથા—સોચ્ચા જાણઇ કલ્લાણં, સોચ્ચા જાણઇ પાવગં; ।
ઉભયં પિ જાણઇ સોચ્ચા, જં સેયં તં સમાયરે. ॥

દશ વૈકાલિક સૂત્ર અધ્ય૦ ૪ ગાથા ૧૧.

અર્થ—(૧) સાંભળવાથી જાણી શકાય છે કે અમુક સુકૃત્ય કરવાથી આત્માનું કલ્યાણ (સારૂં ભલું) થશે, (૨) અમુક કુકૃત્ય કરવાથી પાપ થશે—બુરૂં થશે તથા (૩) અમુક કામ કરવાથી ભલું અને બુરૂં બંને કામ થશે. જેવી રીતેઃ—કામભોગથી સુખ થોડું છે અને દુઃખ અનંતછે એ બંને વાતો સમજાયછે. આ બાબતમાં કહેવું જોઈએકે મિશ્ર પક્ષ ગૃહસ્થનોછે, ને શાસ્ત્રમાં તેને 'ધમ્માધમ્મી' તથા 'ચરિત્તા ચરિત્તે' કહેલછે; તેને સંસારમાં વસીને પાપ વિના ગુજરાન કરવું મુશ્કેલછે.આવું સમજી ઉદાસીન વૃત્તિથી ગૃહસ્થેપશ્ચાતાપ-

યુક્ત કામ જોગું કાર્ય કરવાનું છે, અને આત્મ કલ્યાણના કર્તા તરીકે ધર્મને જાણી જ્યારે જ્યારે અવસર મળે ત્યારે ત્યારે અત્યંત હર્ષથી ધર્મ ક્રિયા કરે છે. સાંભળવાથી આ ત્રણ વાતો માલુમ પડે છે, તો તેમાંથી જે સારી લાગે તેનો સ્વીકાર કરવાથી સુખી થવાય છે. ઉપદેશ સાંભળવાથીજ એ બધું જાણી શકાય છે. ઉપદેશ માં સદા વના નવા તથા જાત જાતના સદ્બોધ શ્રવણ કરવાથી સ્વભાવિક રીતે તત્ત્વ રૂચિ અને તત્ત્વજ્ઞતા ઉત્પન્ન થાય છે. ધ્યાનસ્થ થવાથી તે બોધ હૃદયમાં રમણ કરે છે, તેથી અન્ય વૃત્તિથી ચિત્ત નિવૃત્ત બની એકાંત ધર્મધ્યાનમાં લાગી ધ્યાનની સિદ્ધિ કરે છે. ધર્મધ્યાની જીવો ઉપદેશ, શ્રવણ, મનન, નિદિધ્યાસન અને તે અનુસાર પ્રવૃત્તિ કરવામાં અધિક રૂચિ રાખે છે.

ચતુર્થ પત્ર—"સૂત્ર રૂચિ"

૪-'**સૂત્રરૂચિ**' (**સુત્તરૂઇ**)–સૂત્ર એટલે દ્વાદશાંગી અથવા ભગવંતની વાણી,તે બાર અંગનાં નામઃ-(૧) '**આચારાંગ**'–આમાં સાધુના આચાર વગેરેનું વર્ણન છે; (૨) '**સુયગડાંગ**'—આમાં અન્ય મતાવલંબીઓના મતનું સ્વરૂપ બતાવી તેનું નિરાકરણ કર્યું છે; (૩) '**ઠાણાંગ**'—આમાં દશ સ્થાનકના અધિકાર છે; (૪) '**સમવાયાંગ**'—આમાં જીવાદિ પદાર્થોના સમૂહનો સંખ્યાયુકત સમાવેશ કર્યો છે; (૫) '**વિવિહા પણ્ણંતિ**' (**ભગવતી**)--આમાં વિવિધ પ્રકારના અધિકાર છે; (૬) '**જ્ઞાતા**'–એમાં ધર્મ કથાઓ છે; (૭) '**ઉપાસક દશાંગ**'–એમાં દશ શ્રાવકોનો અધિકાર છે; (૮) '**અંતગડ**' માં અંતગડ (કર્મનો અંત કરનાર) કેવલીઓનો અધિકાર છે; (૯) '**અણુતરોવવાઇ**'–એમાં અનુત્તર વિમાનમાં ઉપજનારાનો અધિકાર છે; (૧૦) **પ્રશ્નવ્યાકરણ** માં આસ્રવ સંવરનો અધિકાર છે; (૧૧) '**વિપાક**'–એમાં શુભા શુભ કર્મ ભોગવનારની કથા છે. અને (૧૨) '**દ્રષ્ટિવાદ**' નામના અંગમાં સર્વ જ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ દ્વાદશાંગી એટલે શ્રી જિનેશ્વર ભગવાનની વાણી–અગાધ જ્ઞાનનો સાગર છે; તત્વજ્ઞાનથી પ્રતિપૂર્ણ ભરેલી છે; જ્ઞાતાને અપૂર્વ ચમત્કાર હૃદયમાં ઉત્પન્ન કરે છે; આત્મસ્વરૂપ બતાવનારી, મિથ્યા ભ્રમ મટાડનારી, મોહ પિશાચને નસાડનારી, મોક્ષ પંથે ચડાવનારી અને અનંત અક્ષય અવ્યાબાધ સુખને ચખાડનારી છે. શ્રી જિનેશ્વર ભગવંતની વાણીજ ગુણની ખાણ છે. તેના પઠન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવામાં ધર્મધ્યાની મહાત્મા સદા પ્રેમાતુર રહે છે. એકેક શબ્દ અત્યંત ઉત્સુકતાથી ગ્રહણ કરી તેના રહસ્યમાં અંતઃકરણનો પ્રવેશ કરી, એકાગ્રતાથી લીન થઇ અપૂર્વ અનુપમ આનંદ પ્રાપ્ત કરે છે.

તૃતીય પ્રતિ શાખા– ધર્મધ્યાનીનાં 'આલમ્બન.'

સૂત્ર–ધમ્મસ્સણં ઝ્ઝાણસ્સ ચત્તારિ આલંબણા પણત્તા
તં જહા–વાયણા, પુચ્છણા, પરિયટ્ટણા, ધમ્મકહા.

અર્થ––ધર્મધ્યાન કરનારને ચાર આલંબન (આધાર) ફરમાવ્યા છે. જેવી રીતે વૃદ્ધ મનુષ્યને માર્ગક્રમણ કરવામાં લાકડી આધારભૂત થાય છે, અને જેમ મહેલ ઉપર ચઢવાને નિસરણીનાં પગથીઆં આધારભૂત છે, તેવી રીતે ધર્મધ્યાનમાં પ્રવૃત્ત થનાર મહાત્માને જે ચાર પ્રકારના આધાર હોય છે તે કહીએ છીએઃ–– (૧) 'વાયણા'–(વાચના)–સૂત્રનું પઠન, (૨) 'પુચ્છણા' (પૃચ્છના) –સંદેહ નિવારણ અર્થે ગુરૂને પૂછવું તે, (૩) 'પરિયટ્ટના' (પરિવર્તના)–શીખેલા જ્ઞાનને વારંવાર સંભારવું (ફરી સંભારી જવું), અને (૪) 'ધમ્મ કહા' (ધર્મ કથા)–ધર્મની કથા (વ્યાખ્યાન) કહી, પ્રગટ કરવી.

પ્રથમ પત્ર—'વાયણા' (વાચના)

(૧) 'વાચના'—ગીતાર્થ, બહુ સૂત્રી, આચાર્ય, ઉપાધ્યાય, ઇત્યાદિ વિદ્વદ્વરોની પાસેથી જ્ઞાન ગ્રહણ કરવું (શીખવું), અથવા લિખિત સૂત્ર ગ્રંથાદિ વાંચવા એ ધ્યાનીના ધ્યાનનું પ્રથમ આલંબન (આધાર) છે.

પહેલાં ચોથા આરામાં પ્રબળ (=તીક્ષ્ણ) પ્રજ્ઞા (=બુદ્ધિ) ના કારણે શાસ્ત્રાદિક લખવાની જરૂર ઘણી થોડી હતી. તેઓ સ્વગુરૂ પાસેથી થોડા કાળમાં ઘણું જ્ઞાન કંઠાગ્ર કરી લેતા હતા; કેટલાક તો એટલા બધા તેજ બુદ્ધિવાળા હતા કે ૧૪ પૂર્વની વિદ્યા કે જે કદાપિ લખવામાં આવે તો ૧૬૩૮૩ હાથી ડૂબી જાય એટલી શાહી તેમાં જોઇએ તેટલું જ્ઞાન એક મુહૂર્ત્ત માત્રમાં કંઠે કરી લેતા હતા; અર્થાત (૧) ઉપનેવા—ઉત્પન્ન થનારા પદાર્થ, (૨) વિઘનેવા—વિનાશ પામનારા પદાર્થ અને (૩) ધ્રુવેવા—ધ્રુવ (સ્થિર) રહેનારા પદાર્થ, એ ત્રણ પદ ભણાવવામાં આવતાં કે તરતજ ચૌદ પૂર્વનું જ્ઞાન સમજમાં આવી જતું. જેવી રીતે એક કુંડના પાણીમાં એક તેલનું ટીપું નાંખવાથી તે આખા હોજમાં ફેલાઇ જાય છે તેવી રીતે એક સંક્ષિપ્ત શબ્દ કહેવામાં આવતાં તેમને તે શબ્દનો તમામ વિસ્તાર પરગમી જતો વળી ચૌદ પૂર્વનું જ્ઞાન જેના એક ખૂણામાં સમાઇ જાય એવા દ્રષ્ટિવાદ અંગના પઢનારા પણ ત્યારે વિરાજમાન હતા. દ્રષ્ટિવાદ સૂત્રમાં જ્ઞાનનો જે પરમોત્કૃષ્ટ રસ છે તેમાં તેમનો અંતરાત્મા એવો લીન થઇ જતો હતો કે છ છ મહિના જેટલો સમય ધ્યાનમાં વ્યતિકાંત (વ્યતીત) થઇ જાય છતાં તેમને ભૂખ, તરસ, શીત, ઉષ્ણતા આદિ પીડાજનક (દુઃખદાયક) લાગતા નહિ. આવા આવા પ્રબળ બુદ્ધિવાળા હોય ત્યાં લેખ લખવાની શી જરૂર પડે? ચોથો આરો ઉતર્યા પછી લગભગ ૯૭૬ વર્ષ થયા ત્યારે શ્રી દેવર્દ્ધી (દેવર્દ્ધિ) ગણિ ક્ષમા શ્રમણ નામના આચાર્ય

કોઈ રોગને મટાડવા માટે સૂંઠ લઈ આવ્યા હતા અને તે આહાર કર્યા બાદ લેવાની હતી તેથી કાન પર રાખેલી હતી; તે વખતસર ખાવાનું ભૂલી ગયા અને દેવસી પ્રતિક્રમણ કરતી વખતે આજ્ઞા લેવામાં નમસ્કાર કરતાં સૂંઠ કાન પરથી પડી ગઈ ત્યારે જાણ્યું. પોતાને વિચાર થયો કે પૂર્વ જેટલું જ્ઞાન વિદ્યમાન છે છતાં બુદ્ધિ અને ધારણશકિત આટલી મંદ થઈ ગઈ તો પછી શું થશે? આમને આમ જ્ઞાન નષ્ટ થતું જશે તો ઘોર અંધકાર છવાશે! આથી જ્ઞાન લખાવવાની ઘણી જરૂર છે. લિખિત જ્ઞાન ભવ્ય જીવોને હવે પછી બહુ આધારભૂત થશે—ઇત્યાદિ વિચાર કરી સંક્ષેપમાં સૂત્ર લખવાનું શરૂ કર્યું; કારણ કે પ્રથમ આચારાંગજીમાં ૧૮૦૦૦ પદ હતાં, જ્યારે હમણાં ફક્ત મૂલના ૨૫૦૦ શ્લોકજ જોવામાં આવે છે. એવીજ રીતે દ્રષ્ટિવાદાંગ સિવાય અગીઆરે અંગાદિ ૭૨ સૂત્રોનું લખવું સંક્ષેપમાં થયું કે જેની હુંડી (નામાદિ) શ્રી સમવાયાંગજી તથા નંદીજી સૂત્રમાં છે. બાકીનું સર્વ જ્ઞાન તેમની સાથે ગયું.

હવે આ પંચમ કાળમાં તીર્થંકર, કેવળી, ગણધર, દ્વાદશાંગીના પાઠી, પૂર્વધારી વગેરે અપાર જ્ઞાનના ધારક કોઈ રહ્યા નથી. શ્રી ઉત્તરાધ્યનજીના દશમા અધ્યયનમાં કહ્યું છે કેઃ—

ગાથા—**ન હુ જિણે અજ્જ દિસ્સઇ, બહુમએ દિસ્સઇ મગ્ગદેસિએ;**
સંપઇ નેયાઉએ પહે, સમયં ગોયમ મા પમાયએ.

ઉત્તરા૦ ૧૦, ગાથા ૩૧.

અર્થ—હમણાં આ પંચમકાલમાં નિશ્ચયથી શ્રી જિન-તીર્થંકર ભગવાન્ અને કેવળજ્ઞાની દેખવામાં આવતા નથી, પરંતુ મોક્ષમાર્ગના ઉપદેશ કરનાર, જિનોક્ત સિદ્ધાંતનો સદ્બોધ કરનાર અને જીવોને મુક્તિ પંથમાં વાળનાર 'સદ્ગુરૂ' ઘણા છે, તો તેની પાસેથી ન્યાયમાર્ગ-મોક્ષપંથ પ્રાપ્ત કરવામાં હે ગોતમ! સમય માત્ર પ્રમાદ-આળસ ન કરો!

આ ગાથાનુસાર હમણાં તો ભવ્ય મોક્ષાર્થી જીવોને જિનોક્ત શાસ્ત્ર સંભળાવનાર અને સદ્બોધ આપનાર ફક્ત સદ્ગુરૂઓનોજ આધાર રહેલ છે. મોક્ષાર્થીઓની ઈચ્છા સિદ્ધ કરનારૂં માત્ર જ્ઞાન છે અને તે ફક્ત સૂત્ર અને ગ્રંથોમાં છે. તેનું રહસ્ય ગીતાર્થ, બહુ સૂત્રી, ઉત્પાદ બુદ્ધિવાળા અને દીર્ઘ દ્રષ્ટિવાળા પાસે છે. તેમણે પોતાના ગુરૂઓ પાસેથી યથા વિધિ ધારણ કરેલ છે અને ન્યાય માર્ગમાં લૈકિક અને લોકોત્તર રીતે શુદ્ધ પ્રવૃત્તિથી પ્રવૃત્ત રહેલા છે. તેઓ શાંત, દાંત, નિરારંભી અને નિષ્પરિગ્રહી છે, તેમની પાસેથી શાસ્ત્રાભ્યાસ કરવો જોઈએ, કારણ કે શાસ્ત્રરૂપ સમુદ્ર અતિ ગહન ગૂઢાર્થથી ભરેલ છે; તેનું યથાર્થ જ્ઞાન થવું તેજ આત્મ કલ્યાણકારક છે.

આ જમાનામાં કેટલાક લેભાગુઓ અભિમાનથી ગુરૂગમ વગરની પુસ્તકવિદ્યા પઢી પંડિતરાજ બની ગયા છે; તેમણે ઘણે સ્થાને અર્થના અનર્થ કરી શાસ્ત્રને શસ્ત્ર બનાવી દીધું છે; અનંત ભવ ભ્રમણ મટાડનાર, પવિત્ર અહિંસામય પરમ ધર્મને હિંસામય બનાવી અનંત ભવને વધારનાર બનાવ્યો છે; આથી ચેતવણી આપવાની જરૂર રહે છે કે મોક્ષાર્થીઓએ પહેલાં તો જ્ઞાનદાતા ગુરૂના ગુણોની પરીક્ષા શાસ્ત્રાનુસાર કરી તેમની પાસેથી જ્ઞાન લેવું જોઈએ.

શ્રી સૂયગડાંગજી સૂત્રના ૧૯ મા અધ્યયનમાં ધર્મોપદેશકનું લક્ષણ આ પ્રમાણે બતાવેલ છે.

गाथा—आयगुत्ते सयादंते, छिन्नसोए अणासवे ॥
जे धम्मं सुद्धं मक्खाति, पडिपुन्न मणालिसं ॥

સૂયગડતાં પ્રઠ શ્રુ. ૨ક., ૧૧ મું અધ્ય૦, ગાથા ૨૪.

અર્થ—જેણે મન, વચન અને કાયારૂપ આત્માને પાપ માર્ગમાં જતો અટકાવી પોતાને વશ કરેલ છે, જે કુમાર્ગમાં આત્માને જવા દેતો નથી, જે સદા પંચઇંદ્રિય અને મનને વિષયથી નિવારી ધર્મ ધ્યાનમાં લાગી રહ્યો છે, જેણે સંસારનો આરંભ

પરિગ્રહરૂપ પ્રવાહ બંધ કરેલો છે, મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ એ પાંચ આસ્રવથી જે રહિત થયો છે, અને અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અમમત્વ એ પાંચ મહાવ્રત જેણે ધારણ કરેલ છે, આટલા ગુણોના ધારક જે હોય તેજ સત્ય, શુદ્ધ, યથાતથ્ય, શ્રી વીતરાગપ્રણીત ધર્મ ફરમાવી શકે છે. તે કેવો ધર્મ ફરમાવશે ?—તો કહે છે કે—પ્રતિપૂર્ણ, ન્યૂનાધિકતા રહિત, દેશ વિરતિ (શ્રાવકનો) અને સર્વ વિરતિ (સાધુનો) એમ બે પ્રકારનો, નિરૂપમ—ઉપમા રહિત એવો ધર્મ ફરમાવશે. અન્ય કોઈપણ એવા ધર્મનો પ્રકાશ કરી શકતો નથી. આવા ગુણજ્ઞો પાસેથી જ્ઞાન સંપાદન કરવું યોગ્ય છે.

અન્ન, ધન આદિ સામાન્ય વસ્તુ પણ દાતાની પાસેથી ગ્રહણ કરતાં અનેક મનુષ્યો લઘુતા બતાવે છે, તથા સરોવરમાંથી પણ નમ્યા વગર પાણી લઈ શકાતું નથી તો જ્ઞાન જેવો અત્યુત્તમ પદાર્થ લઘુતા ને નમ્રતા વગર કયાંથી પ્રાપ્ત થાય ? માટે જ્ઞાન પ્રાપ્ત કરવાની રીતિ શ્રી ઉત્તરાધ્યયનજીના પહેલા અધ્યાયમાં એવી ફરમાવી છે કે :--

आसणगओ न पुच्छेजा, नेव सेज्जागओ कया ।
आगम्मुक्कुडुओ संतो, पुच्छेज्जा पंज्जलिउडो ॥ २२ ॥

एवं विणअजुत्तस्स, सुत्तं अत्थं च तदुभयं ॥
पुच्छमाणस्स सीसस्स, वागरेज्ज जहा सुयं ॥ २३ ॥

ઉત્તરા૦ અધ્ય. ૧ ગાથા ૨૨-૨૩

અર્થાત્--પોતાના આસને બેઠાં બેઠાં તથા પથારીમાં સૂતાં સૂતાં કદી પ્રશ્નાદિક પૂછવા નહિ, કારણ કે આસન અભિમાન જનક છે, અને અભિમાન જ્ઞાનનો શત્રુ છે. સૂતાં સૂતાં જ્ઞાન ગ્રહણ કરવાથી અવિનય અને પ્રમાદ થાય છે અને તેથી જ્ઞાનનો નાશ થાય છે

જ્યારે પ્રશ્ન પૂછવાની અને જ્ઞાન ગ્રહણ કરવાની ઇચ્છા હોય ત્યારે આસન, અવિનય, માન અને પ્રમાદને છોડી જ્યાં ગુરૂ મહારાજ વિરાજતા હોય ત્યાં તેમની સન્મુખ નમ્રતાથી જઈ બે ઘુંટણ જમીનને અડાડી તેમજ બંને હાથ જોડી મસ્તકને નમાવી ત્રણ વખત ઉઠ બેસ સાથે નમસ્કાર કરે અને બંને ઘુંટણને જમીન સાથે અડાડી બંને હાથ જોડી નમસ્કાર સાથે સન્મુખ રહી ઉંચી રીતે બહુ માન સૂચક વચનોથી પ્રશ્નોત્તર કરવા, તેમજ સૂત્ર અર્થ વગેરે પૂછવું; શું ઉત્તર મળે છે તેની આતુરતા—ઉત્કંઠા દર્શાવી એકાગ્ર દ્રષ્ટિ તેમની સન્મુખ રાખી તે જે ફરમાવે તે "જી! તહત્ત" એવાં વચન પૂર્વક ગ્રહણ કરવું. જેટલું પોતાને યાદ રહે તે ગ્રહણ કરવું, વધારે લોભ નહિ કરવો. એવી રીતે વિનય યુક્ત પૂછવાથી ગુરૂમહારાજ પોતાના ગુરૂ પાસેથી જેવું જ્ઞાન ધારણ કર્યું હશે તે શીખવશે.

સદ્‌ગુરૂ પાસેથી જે જ્ઞાન ગ્રહણ કર્યું હોય, તેનું પુનસવર્તન કરતાં (= ફરી ફેરવી જતાં) કોઈ પ્રકારની શંકા ઉત્પન્ન થાય, કોઈ શબ્દનું વિસ્મરણ થાય (= ભૂલી જવાય), કોઈને પ્રશ્ન પૂછતાં ઉત્તર મળ્યો ન હોય, ધર્મ દીપાવવાની અને નવી વાત અન્યને બતાવવાની જરૂર હોય ત્યારે પણ પૂર્વોકત વિધિથી ગુરૂ મહારાજ સન્મુખ આવીને પૂછે છે.

દ્વિતીય પદ—"પુચ્છણા" (પૃચ્છના).

(૨) 'પુચ્છણા'—અર્થાત્ પૂછા કરે કે-'હે કૃપાળુ? આપે અનુગ્રહથી મને અમુક શીખવ્યું હતું તેમાં આ પ્રકારે સંશય ઉત્પન્ન થાય છે તો હે પૂજ્ય! તેનું નિરાકરણ-નિવારણ કરવા અર્થે આપને તસ્દી દઉં છું તો માફ કરશો અને મને માર્ગ બતાવશો—ઇત્યાદિ નમ્રતા યુક્ત પોતાના મનની શંકા ખુલ્લે ખુલ્લી ગુરૂજી સન્મુખ પ્રકાશ કરવી અને ગુરૂ મહારાજ ઉત્તર દે તે એકાગ્રતાથી

ને ઉત્સુકતાથી ' જી ! તહત્ત ! '—ઇત્યાદિ સુકોમળ મીઠાં વચનથી વધાવીને ગ્રહણ કરવો. જ્યાં સુધી પોતાના ચિત્તનું પૂરૂં સમાધાન ન થાય ત્યાં સુધી તર્ક ઉઠાવતા જવું ને પૂછતાંજ જવું, શરમાવું નહિ, ડરવું નહિ, તેમ ગભરાવું નહિ. નિશ્ચળ ચિત્તથી પૂરૂં નિરાકરણ કરાવી* સંદેહ રહિત થવું કે જેથી કોઇપણ તે વાતને પૂછે તો પોતે તેને હૃદયથી સચોટ ઠસાવી શકે, એવો નિશ્ચય કરે. તેમજ પોતે જે જે બાબતનો અભ્યાસ કર્યો છે અને નિશ્ચયથી નિઃસંદેહ જ્ઞાન થયું છે, તેને વારે વારે ફેરવતા રહેવું

તૃતીય પત્ર--" પરિયટ્ટણા " (પરિવર્તના.)

(૩) 'પરિયટ્ટણા'-અર્થાત્ વારંવાર પરિવર્તન કરવું-ફેરવવું-ફરી ફરી યાદ કરવું-સંભારવું. કારણ કે હમણાં એટલી તીવ્રબુદ્ધિ રહી નથી કે એક વખત શીખવાથી તરતજ યાદ રહી જાય ને પછી યાદ કરવાની જરૂર ન પડે-- વળી વારંવાર ફેરવણી કરવાથી ઘણા ફાયદા છે. શ્રી ઉત્તરાધ્યન સૂત્રમાં ૨૯ મા અધ્યયનમાં ભગવંતે ફરમાવ્યું છે કે :--

" परियट्टाणाएणं वंजणाइं जणयइ, वंजण लद्धिं च उप्पाएइ

ઉતરા૦ ૨૯ ગાથા ૨૧

અર્થાત્ જ્ઞાનને વારંવાર ફેરવવાથી અક્ષરાનુસારિણી લબ્ધિ ઉત્પન્ન થાય છે; જેમકે:-એક અક્ષર યા પદના અનુસારે ત્યાર પછીના બીજા અગળ પાછળના સંબંધના અક્ષર કે પદનું જ્ઞાન થાય છે. પોતે નહિ શીખેલી વિદ્યામાં પણ બીજા કોઇની ભુલ થઇ હોય તો તે તરત બતાવી શકાય એવી શકિત ઉપજે છે.

વળી જે જ્ઞાન ફેરવવું તે એવી રીતે નહિ ફેરવવું કે જેવી રીતે નાનાં છોકરાંઓ પાડા બોલે છે. પોપટની માફક બોલ્યે જવું

---

* ' પડિચોઅણા—પ્રતિચોઅણા ' (લોચના—પ્રતિલોચના) કરવાથી જ્ઞાની બહુ ખુશી થાય છે અને શાંતપણે તેનો ખુલાસો કરે છે.

નહિ. મોઢે કર્યું હોય તે બોલી જાય પરંતુ તેની મતલબ સમજે નહિ, તેથી શું લાભ? વળી 'તું ચાલ, હું આવ્યો' એવી ગડબડ જ્ઞાન ફેરવતાં ન કરવી, પરંતુ તે વખતે 'आणुप्पेहा'--(अनुप्रेक्षा) અર્થાત્ ઉપયોગ રાખવો. જે જે અક્ષરોનો મુખથી ઉચ્ચાર થાય તેનો અર્થ પણ મનમાં વિચારતાં જવાય, અને તે પર દ્રષ્ટિ પણ થતી રહે. આમ કરવાથીજ ઘણો લાભ છે.

સૂત્ર—"अणुप्पेहाएणं आउयवज्जाओ सत्त कम्मप्पयडीओ धाणियबंधणबद्धाओ, सिढिलबंधणबद्धाओ पकरेइ, दिहकालट्ठिइयाओ हस्सकालठिइयाओ पकरेइ, तिव्वाणुभावाओ मंदाणुभावाओ पकरेइ, बहुपएसग्गाओ अप्पपएसग्गाओ पकरेइ, आउयं च णं कम्मं सिया बंधइ सिया नो बंधइ, अस्सायावेयणिज्जं च णं कम्मं नो भुज्जो भुज्जो उवचिणाइ; अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंत संसारकंतारं खिप्पामेव वीइवयइ.

ઉત્તરા૦ ૨૯. ગાથા ૨૨.

અર્થાત્-ઉપયોગ યુકત જ્ઞાન ફેરવવાથી અને શબ્દના અર્થ પરમાર્થરૂપી દીર્ઘદ્રષ્ટિએ વિચારવાથી જીવ આઠ કર્મોમાંથી આયુષ્ય કર્મ સિવાય બાકીનાં સાત કર્મની પ્રકૃતિઓ કે જે પહેલાં નિબીડ (મજબુત-ઘટ્ટ) બાંધી હોય તેને શિથિલ (ઢીલી) કરે એટલે છુટી જાય તેવી કરે, બહુ કાળ સુધી ભોગવવી પડે એવો બંધ બાંધ્યો હોય તે થોડાજ કાળમાં છૂટી જાય એવા બંધવાળી કરે; તીવ્ર ભાવની (ચીકણા રસથી ઉદય આવનાર) હોય તેને મંદ ભાવે (સરલપણે) ભોગવાય તેમ કરે.* આયુષ્ય કર્મ કદાચિત કોઈ બાંધે, કોઈ નહિ બાંધે, પણ અશાતા વેદનીય (રોગ, દુઃખ દેનારૂં) કર્મ વારંવાર બાંધે નહિ, અને

* આયુષ્ય કર્મનાં બંધ એક ભવમાં બે વખત પડતો નથી—થતો નથી.

સંસારરૂપી જંગલમાં ચાર ગતિરૂપ માર્ગ જે આદિ રહિત છે (તો પણ મુશ્કેલીથી પાર તો પામી શકાય તેમ છે) તેને જલદીથી ઓળંગે અર્થાત્ તે માર્ગનો જલદી પાર પામે અને મોક્ષ પ્રાપ્ત કરે. જુઓ! શ્રી મહાવીર વર્દ્ધમાન સ્વામીએ પોતે શાસ્ત્ર દ્વારા વિચાર કરવાનો એટલે ધ્યાનનો કેટલા બધા વિસ્તારથી ગુણાનુવાદ કર્યો છે! માટે ધ્યાન એટલે વિચાર શક્તિજ ઉત્તમ છે એવું જાણી ખૂબ ઉપયોગ પૂર્વક જ્ઞાનને વારંવાર ફેરવી જવું જોઈએ.

જો જ્ઞાન ફેરવીને પાકું કર્યું અને તેનો રસ બરાબર પ્રગટી ગયો તો પછી તેનો લાભ બીજાને આપવાને માટે ધર્મ કથા કરવી.

ચતુર્થ પત્ર--" ધમ્મ કહા " (ધર્મ કથા).

(૪). 'ધમ્મ કહા' અર્થાત્ ધર્મકથા (=વ્યાખ્યાન) કરવી. શ્રી ઠાણાંગ સૂત્રમાં ધર્મ કથા ૪ પ્રકારની કહી છે અને તે દરેક પ્રકારના ચાર ચાર ભેદ કરવાથી બધા મળી ૧૬ પ્રકાર થાય છે:-

(૧). 'આખેવણી' અર્થાત્ 'આક્ષેપણી'-જે બોધ શ્રોતાને સંભળાવવાથી તેની અસર શ્રોતાના મનમાં બરાબર થાય અને તેનું વમન ન થાય એવી રીતે પક્ષી ઠસી જાય, રૂચી જાય, પચી જાય તેને આક્ષેપણી કથા કહેવી. તેના ૪ ભેદઃ--(૧) સાધુના ધર્મ જેવા કે ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૩ ગુપ્તિ એ ૧૩ ચારિત્ર આદિ કહે, અને જે સાધુ થવા સમર્થ ન હોય તેને માટે શ્રાવકનાં ૧૨ વ્રત આદિ કહે ને યથા શક્તિ ધારણ કરવાની સૂચના કરે, (૨) નિશ્ચય અને વ્યવહારમાં વર્તવાની રીતિ સ્યાદ્વાદ શૈલીથી કહે. એવી રીતે કે નિશ્ચયથી ગણીએ તો જ્ઞાનાદિ ત્રણ રત્નની આરાધનાથી અને વ્યવહારથી ગણીએ તો રજોહરણ, મુહપતિ આદિ સાધુનાં ચિહ્ન અને શુદ્ધ ક્રિયાથી મોક્ષ પમાય છે. નિશ્ચય વિના વ્યવહારની અને વ્યવહાર વિના નિશ્ચયની સિદ્ધિ થવી મુશ્કેલ છે. વ્યવહારમાં શુદ્ધ પ્રવૃત્તિ કરી નિશ્ચયરૂપ સિદ્ધિનો ઉપયોગ રાખવાથી

સર્વજ્ઞ સિદ્ધિ થાય છે. (૩) શ્રોતાઓના સંશયનું ઉચ્છેદન કરવાને પોતાના મનથીજ પ્રશ્નો ઉઠાવી તેનું પોતેજ સમાધાન કરી બતાવે. પ્રશ્નના ઉત્તર માર્મિક શબ્દોમાં અસરકારક રીતે દઇ શ્રોતાઓનું સમાધાન કરે, જેથી ઇષ્ટિતાર્થ સિદ્ધિ થાય. (૪) સત્ય, સરળ, સર્વને રૂચે એવો સદ્બોધ કરે, પક્ષપાત, રાગ, દ્વેષ, આત્મ-પ્રશંસા અને પરનિન્દા થાય, એવો ઉપદેશ ન કરે, બેશક પાપની નિન્દા કરે પણ પાપીની નિન્દા ન કરે.

(૨) "**વિક્ષેપણી**"—અર્થાત્ વિક્ષેપિણી–સંયમ અથવા શ્રદ્ધાથી ચલિત પરિણામવાળાની શ્રદ્ધા, ફરીવાર સદ્બોધ આપી સ્થિર કરે અને આત્માને સવળો કરે, એને **વિક્ષેપિણી ધર્મ કથા** કહે છે જેના ચાર ભેદ છે. (૧) અન્ય મતના પરિચયથી અગર તેના ગ્રંથોનું અવલોકન કરવાથી કોઇની શ્રદ્ધા ભ્રષ્ટ થઇ ગઇ હોય તો તેને જૈન મતનું ગહન સૂક્ષ્મ જ્ઞાન બતાવી, અન્ય મતની વાતોથી મેળવી પ્રત્યક્ષ ફરક બતાવે જેથી તેની શ્રદ્ધા અને અક્કલ તરત ઠેકાણે આવી જાય એવો બોધ કરે. (૨) અન્ય મતમાં એકાંતપણે (તદ્દન) કોઇનું મત ચોંટયું હોય તો તેને તેજ મતના શાસ્ત્રોમાં સાધુઓની કઠણ ક્રિયા વગેરે જે વાતો જૈન મત સાથે મળતી હોય તે બતાવીને પૂછે કે જુઓ, એવી રીતે ચાલનારા જૈન લોક છે કે બીજા ? એવી રીતે સત્યદ્રષ્ટિથી બતાવી જૈન ધર્મમાં દ્રઢ શ્રદ્ધાળુ કરે. (૩) જ્યારે એની શ્રદ્ધા જૈન ધર્મ ઉપર ચોંટી જણાય ત્યારે તેના હૃદયમાંના ખોટાં શલ્યનું નિકંદન કરવાને ન્યાય પ્રમાણનાં શાસ્ત્રોથી ખુલ્લે-ખુલ્લી રીતે મિથ્યાત્વનું સ્વરૂપ બતાવી ત્રણે શલ્યથી ઉદ્ધાર કરી નિર્દોષ બનાવે. (૪) જેનું નિર્મલ હૃદય થઇ ગયું છે તેના હૃદયમાં ફરી મિથ્યાત્વ ન પેસે એટલા માટે વિસ્તારથી, યથાતથ્ય, અને રૂચિકારક રીતે સમ્યકત્વનું સ્વરૂપ બતાવી, તથા તેમાં અનેક પ્રશ્નોત્તર કરી મન દ્રઢ કરે. જેથી તે કોઇનો ડગાવ્યો ડગે નહિ.

(૩) "**સંવેગિણી**" અર્થાત્–સં=સીધું, વેગ=રસ્તે ચલાવવું, તે

સંવેગિણી કથા. એના ચાર ભેદ છે. (૧) જે જે વસ્તુઓ ઉપર સંસારી જીવોનો પ્રેમ છે, તે તે વસ્તુઓની અનિત્યતા બતાવે. એવો ઉપદેશ કરે કે જુઓ ! આ પ્રત્યક્ષ જણાતી વસ્તુઓના સ્વભાવમાં, સ્વરૂપમાં, કેવો ફરક પડી જાય છે. તાજી ચીજ અથવા વાસી ચીજ જોવાથી ફેરફાર તરત માલમ પડે છે. વસ્તુઓનો સ્વભાવજ ક્ષણભંગુર છે એટલે ક્ષણે ક્ષણે બદલે છે. જે ગુણ અને સ્વાદ ગરમ ચીજમાં હતો તે ઠંડી પડતાં રહેતો નથી. એવી રીતે આ શરીર તરફ જુઓ, ઉત્પન્ન થયા પછી જુવાની સુધી સુંદરતામાં કેવો વધારો થયા કરે છે, પણ જ્યારે વૃદ્ધપણું આવે છે ત્યારે સુંદરતામાં ઘણો ઘટાડો થઈ જાય છે અને છેવટ નાશ થાય છે. જગતના સર્વ પદાર્થોની સ્થિતિ આ પ્રમાણેજ સમજવી. ક્ષણ ક્ષણમાં નવાં પુદ્ગળો ઉત્પન્ન થાય છે, અને જુનાં નાશ પામે છે. બધા પદાર્થોની સ્થિતિમાં એકદમ ફરક પડતો નથી. પણ કેટલાકમાં ધીરે ધીરે ફેરફાર થાય છે અને કેટલાક તો પાણીના પરપોટાની પેઠે એકદમ વિનાશ પામે છે. પુદ્ગળોનો આવો સ્વભાવ જાણી તેના પરથી મમતા–ભાવ નિવારવો. વળી મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર વગેરે ઉત્તમ સામગ્રી મળી છે તેની દુર્લભતા બતાવે. *ચોરાસી લાખ જીવ યોનીમાં અનંતીવાર પરિભ્રમણ કરતાં મહાપુણ્યોદયથી ભવભ્રમણનો નાશ કરનાર, મનુષ્ય જન્મ, શાસ્ત્રશ્રવણ, શુદ્ધશ્રદ્ધા અને ધર્મનો સ્પર્શ કરાય તેવી સામગ્રી મહા મુસીબતથી મળે છે. એને વ્યર્થ ગુમાવાશે તો પશ્ચાત્તાપનો પાર રહેશે નહિ. માટે આ વખતે જે જે કામ થઈ શકે એવું છે, તે જો કરી લેવાય તો કેટલો બધો આનંદ થાય ! વગેરે વગેરે બાબતોથી વૈરાગ્ય

---

* ૭ લાખ નિત્ય નિગોદ, ૭ લાખ ઇતર નિગોદ, ૭ લાખ પૃથ્વીકાય, ૭ લાખ અપકાય, ૭ લાખ અગ્નિકાય, ૭ લાખ વાયુકાય, ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય, ૨ લાખ બેઇંદ્રિય, ૨ લાખ તેઇંદ્રિય, ૨ લાખ ચોરેંદ્રિય, ૪ લાખ નારકી, ૪ લાખ દેવતા, ૪ લાખ તિર્યંચ પચેંદ્રિય અને ૧૪ લાખ મનુષ્ય પચેંદ્રિય મળી કુલ ૮૪ લાખ યોની જીવની છે.

પ્રાપ્ત કરાવી ધર્મમાં સંલગ્ન કરે. (૨) આ અલ્પજ્ઞ જીવો છે, તે લાલચમાં પડે તો ધર્મ વૃદ્ધિ કરે એવે વખતે, દેવતાદિકની રિદ્ધિ સિદ્ધિ, ભોગ વિલાસ, વૈક્રેય વગેરે શક્તિ, દીર્ઘ આયુષ્ય, નિરોગી કાયા, ઉત્તમ આહાર વગેરે સુખોનું વર્ણન કરે. જે જીવો વિશેષતાથી અને નિર્દોષપણે ધર્મકરણી કરે છે, તેને જે ઉત્તમોત્તમ સુખ મળે છે તે જણાવે. પણ જે સંસારના કામ ભોગમાં લુબ્ધ રહે છે, પાપારંભ કરે છે, તે નરકમાં જઇ દુઃખ ભોગવે છે. નરકની ક્ષેત્રવેદના, પરમાધામી દેવો જે દુઃખ આપે છે તે, અહીંના ક્ષણિક સુખ સારૂ સાગરોપમ જેટલા કાળ લગી દુઃખ ભોગવવું પડે તે, વગેરે વગેરે ભયંકરતા છે તે સમજાવે જેથી પાપને છોડી ધર્મના માર્ગમાં ઉદ્યમી થાય.

(૩) बन्धनानि खलु सन्ति बहूनि, प्रेमरज्जुकृतबन्धनमन्यत् ।
दारुभेदनिपुणोऽपि षडंघ्रि, निष्क्रियो भवति पंकजकोशे ॥

ચાણુક્ય નીતિ.

અર્થ—સર્વ બંધનોથી પ્રેમનું બંધન અતિશય કઠણ છે. ભમરો લાકડા જેવા કઠણ પદાર્થને છેદી નાંખે છે, પણ કોમળ કમળના ફૂલમાં પ્રેમરાગના બંધનથી ફસીને મરી જાય છે ! એ દાખલો પ્રત્યક્ષ જોવા જેવોછે "न पेमरागो परमत्थी बन्धा" અર્થાત્ આ જગતમાં પ્રેમ રાગ (સ્નેહ પાશ) જેવું બીજું એકે બંધન નથી. પ્રેમરાગરૂપી ફાંસામાં ફસાયેલો જીવ પોતાનું સુખ દુઃખ, સારા નરસાનો વિચાર કંઇ કરતો નથી. સ્વજન મિત્રોના પ્રેમ બંધનમાં તેમના પોષણ અર્થે અનેક આરંભ કરાય છે. પણ તેમાં પોતાનો સ્વાર્થ જરા પણ જોવાતો નથી. જુઓ, જ્યારે કંકોત્રી મોકલે છે, તે ટાણે કેટલો બહોળો પરિવાર જોગો થાય છે પણ જ્યારે સંકટ આવી પડે ત્યારે સ્વજન મિત્રોને 'સંકટપત્રી' મોકલી હોય તો કેટલા આવશે !

* અરે! આવવું તો દૂર રહ્યું પણ જમવા ટાણે માલ ઉડાવવા ભેગા થનારા કહેશે કે લાડુ કર્યા વિના કયાં નાક કપાતું હતું? કોણે પાણો મૂકયો હતો? વગેરે વગેરે કહી સંકટ વખતે ઉલટું અપમાન કરે છે. એવા સ્વજન, મિત્ર, મંતલણીઓનું પોષણ કરનાર પાપનો ભાર પોતાને માથે લઈ, નરક, તિર્યંચ વગેરે ગતિમાં કર્યાં કર્મનાં ફળ પોતે એકલોજ ભોગવે છે. પાપનો ભાગ કોઇ પણ લઈ શકતું નથી. જુઓ અહીં પણ ચોરને સજા થાય છે, પણ જેને માટે ચોરી કરી છે તે માલ ખાનારાં કુટુંબને કંઈ સજા થતી નથી, તેમ ભાગે પડતી વહેંચાતી પણ નથી. એવું જાણી સુખી થવાને, કર્મ બંધથી ડરવું, અને ધર્મ કરણી કરવી. આવી આવી સમજણોથી જીવની મોહદશા ઓછી થાય છે અને ધર્મમાં જોડાય છે. (૪) કુટુંબ પ્રત્યે

---

* એક મરાઠી કવિ કહે છે કે:—

संपदा बहु आलीयावरी, सोयरे जमा होतीं त्याघरी ।
गेलीयास ती रुष्ट होउनी, बंधु सोयरे जाति सोडुनी ॥

અર્થ—લક્ષ્મી ઘણી ભેગી થવાથી સગાં વ્હાલા ભેગાં થવા માંડે છે. પણ તે લક્ષ્મી કોપાયમાન થઇને જેવી ચાલવા માંડે છે કે ભાઇઓ અને સગાં તરતજ (તે નિર્ધનને) છોડીને જતાં રહે છે.

* બે ભાઇઓમાં અંદર અંદર અતિપ્રેમ હતો. તેમાંના એકને વાળા નીકળ્યા, બીજાએ ભાઇના દરદને માટે કંદમૂળ લીલોતરીની ઘણી દવાઓ કરી. એ પાપથી દવા કરનાર ભાઇ મરીને નારકી થયો અને વાળાના રોગવાળો ભાઇ રોગનું કષ્ટ ખમી, અકાળ નિર્જરા મરણથી મરી પરમાધામી દેવ થયો અને નરકમાં તે પોતાનાજ ભાઇને મારવા મંડયો,. તથા કહેવા લાગ્યો કે તેં મારામાં લુબ્ધ થઇ ઘણી લીલોતરી, કંદમૂળ વગેરેનો આરંભ કરી પાપ બાંધ્યાં છે તેનાં ફળ ભોગવ. નારકી બોલ્યો, ભાઇ, મેં તારા માટેજ પાપ કર્યાં ને તુંજ મને અહીં મારે છે, એ કેવો અન્યાય! પરમાધામી દેવ બોલ્યો, હું ન્યાયાન્યાય કંઇ સમજતો નથી. તારાં કર્યાં કર્મનાં ફળ તારેજ ભોગવવાં પડશે. "કર્તા સો ભોકતા"

મમત્વભાવ ઓછો થયા પછી સર્વ પુદ્ગળોપરથી મમતાભાવ ઓછા કરવાનો બોધ કરે. તે એવી રીતે કે આ જીવ અનાદિ કાળથી કર્મ-રૂપી નિશામાં બે શુદ્ધ થઇ, પોતાનું નીજસ્વરૂપ ભૂલી, પરપુદ્ગળોના વિષયોમાં, મન, વચન વગેરે ત્રણે યોગનું રમણ કરી રહ્યો છે, પણ જરાએ વિચાર કરતો નથી કે પારકું કદી પણ પોતાનું થશેજ નહિ–હાલ પણ આ સંસાર વ્યવહારમાં એક વાર એક માણસ દગો દેછેતો કોઈ પણ મનુષ્ય બીજી વખત તેને પડછાયે પણ જતો નથી તો આ પુદ્ગળોએ તો આપણને અનંતીવાર દગો દીધો છે. કયારેક શુભ સંજોગ મેળવી હસાવ્યા, કયારેક અશુભ સંજોગ મેળવી રોવરાવ્યા, કયારેક નવગ્રેવેયેક લગી ઊંચે ચડાવ્યા, કયારેક સાતમી નરકની નીચેના નિગોદમાં ઉપજાવ્યા, કયારેક સૌને રમણિક લાગે એવા બનાવ્યા, કયારેક વિષ્ટાના જીવ બનાવી આપણા પર સૌને થુંકાવ્યા, એવી એવી રીતે આપણને અનંત વિટંબના આ પુદ્ગળોએ આપી છે. જયાં લગી એનો સંગ નહિ છૂટે ત્યાં લગી, પુદ્=પૂરે, મળે, અને ગળ=ગળે, વિખરે, એવો તેનો જે સ્વભાવ છે તે કદાપિ નહિ છોડે. આમ છે તો પછી મૂર્ખ બનીને કયો માણસ તેની સોબતમાં લુબ્ધ થઇ પોતાની ફજેતી કરાવે?

श्रियो दोलालोला विषयजरसाः प्रान्तविरसा।
विपद्गेहं देहं महदपि धनं भूरिनिधनम् ॥
बृहच्छोको लोकः सततमबलादुःखबहला।
स्तथाप्यस्मिन् घोरे पथि बतरता हन्त कुधियः ॥

અર્થ—સંસારમાં લક્ષ્મી વીજળી જેવી ચંચળ છે, વિષય રસનું પરિણામ નઠારૂં છે, શરીર વિપત્તિનું ઘર છે, સ્ત્રીઓ હમેશાં દુઃખ દેનારી છે, ઘણું ધન મોતની નિશાની છે. છતાં અરેરે! અજ્ઞાની મનુષ્યો એ સંસારનાં ઘોર કર્મોમાં લુબ્ધ થઈ રહ્યા છે! ॥૧॥

એવું જાણી જો આત્માનું હિત ચાહતા હો તો પુદ્ગળો ઉપરનો મમત્વભાવ છોડો, અને આત્માનો સ્થિર સ્વભાવી ગુણ જે જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી ત્રણ અમૂલ્ય અને જેના સ્વભાવમાં કયારેય ફેર પડતો નથી એવાં રત્નો જેવો છે તેની પિછાણ કરી તેનાપર અખંડ પ્રીતિ કરો. તેથી તે પોતાનું ણીજ સ્વરૂપ મેળવી અખંડ, અક્ષય,અવ્યાબાધ સુખનો ભોકતા બને. આવો બોધ શ્રોતાઓનું મન મોક્ષની તરફ ખેંચે તેને **સંવેગિણી** કથા કહે છે.

(૪). **નિવ્વેગિણી**–એટલે **નિવર્તિની** કથા. સંવેગિણી કથામાં સંસારનું યથાર્થ સ્વરૂપ બતાવે, અને નિવ્વેગિણી કથામાં સંસારથી નિવર્તવાનું સ્વરૂપ બતાવે. (૧) સંસારમાં રોકનાર કર્મ છે. તેમાંનાં કેટલાંક કર્મ આ ભવમાં કરેલાં હોય અને આ ભવમાંજ ભોગવવાં પડે જેમકેઃ–**હિંસા** કરીએ તો શૂળી, ફાંસી; જૂઠું બોલીએ તો અપ્રતીતિ, કેદખાનું; **ચોરી** કરવાથી કેદ, બેડી; **વ્યભિચારથી** ફજેતી, ગરમી વગેરે દરદોથી સડીને મરવું; **મમત્વભાવથી** કુટુંબી જનોના ભરણ પોષણનું મહા કષ્ટ સહેવું ! વગેરે વગેરે. વળી આ દુનિયાના તમામ જીવો જે જે કામો કરે છે તે તમામ સુખ મેળવવાને માટેજ કરે છે, છતાં આપણે ઘણા થોડાનેજ સુખી થતા જોઇએ છીએ. એથી પ્રત્યક્ષ જણાય છે કે જે ઉપાયથી સુખ થાય છે તે તેઓ જાણતા નથી. તેઓ દુઃખના ઉપાયો કરી સુખ મેળવવા મથન કરે છે તો તેમ શી રીતે બને? અગ્નિના પ્રયાસમાં શીતલતા કદાપિ નહિ મળે તે પ્રમાણે જેઓ ધનથી સુખ ચાહે છે પણ ધનમાં * સુખ છેજ કયાં ? ધન પેદા કરવામાં ટાઢ, તાપ, ભૂખ, તરસ વગેરે અનેક દુઃખ સહન કરવાં પડે

---

* वित्तमार्जितके दुःख, मर्जितानां च रक्षणं ।
आयेदुःखं व्ययेदुःखं, किमर्थं दुःखसाधनं ॥ १ ॥

અર્થ—ધન કમાવામાં દુઃખ, કમાયા પછી રક્ષણ કરવામાં દુઃખ, ચાલ્યું જાય તો દુઃખ એમ બધી રીતે દુઃખ છે તો પછી તેવું દુઃખનું સાધન શા માટે કરવું ?

છે, જેમ જેમ ધન વધે છે તેમ તેમ તૃષ્ણામાં ઘણો વધારો થતો જાય છે અને " तृष्णायाः परमं दुःखं " એટલે તૃષ્ણા છે તે પરમ ઉત્કૃષ્ટ દુઃખ છે. હવે અંતરાય કર્મ તૂટવાથી ધનની વૃદ્ધિ થઇ તો તેનું સંરક્ષણ કરવામાં ઘણું દુઃખ ભોગવવું પડે છે. રખે મારૂં ધન રાજા, ચોર, અગ્નિ, પાણી, પૃથ્વી, કુટુંબ, દેવતા વગેરે નાશ કરે; રખે ખરચતાં ઘટી કે ખૂટી જાય; મૂડીમાં એક પાઇ પણ ઘટી જાય તો શેઠ સાહેબને જરા પણ ચેન ન પડે તો પછી પૂરેપૂરો નાશ થવા ટાણે જે દુઃખ થાય તેની તો વાતજ શી કરવી! ઇત્યાદિ વિચારોથી ધન પોતે દુઃખનુંજ સાધન જણાય છે. કેટલાક સ્ત્રીઓથી સુખ માને છે, પણ પ્રતિવ્રતા સ્ત્રી આ કાળમાં મળવી મહામુશ્કેલ છે અને કુલ્ટાજ તો ઘેર ઘેર દેખવામાં આવે છે. ઉત્તમ જાતિઓમાં પણ સ્ત્રીઓ પતિનું અપમાન કરે છે, પતિની નજર આગળ અનાચાર સેવે છે, પતિને પોતાના હુકમ પ્રમાણે ચલાવે છે, પારકા ઘરમાં પૂરાઈ પતિના નામને બટો લગાડવામાં કંઇ બાકી રાખતી નથી. શું આવી સ્ત્રીઓથી સુખ સમજો છો? કેટલાક વળી પુત્રથી સુખ સમજે છે. પુત્ર થવા સારૂ સમ્યકત્વરૂપી ઉત્તમ રત્નને બટો લગાડી કુદેવો, ઢેડ, ચમારોને પગે પડે છે અને ધર્મ ભ્રષ્ટ પણ થાય છે. પુત્ર થયો તો તે આ કાળમાં સપૂત નીકળવો મુશ્કેલ છે, પણ કુપુત્રો તો ઘણા દેખાય છે. ઘરડા માતાપિતાને વચન બાણથી તથા લાકડીથી મારે છે, ઘર-ધન વગેરે પદાર્થ પર પોતાની મુખ્ત્યારી કરી માબાપને રઝળાવવા કોર્ટમાં કજીએ ચડી ફજેતી કરાવે છે. આ પ્રમાણે પુત્રમાં પણ સુખ જોવાઇ રહ્યું. હવે સંસારનાં કયાં કયાં સુખનું વર્ણન કરૂં? ' **संसारंमि दुरूख पउराए** ' એટલે સંસાર તો દુઃખે કરીને પ્રતિપૂર્ણ ભર્યો છે. આ પ્રમાણે પાપનાં ફળ શ્રોતાજનને બતાવે છે. (૨) હવે પુણ્યનાં ફળ બતાવે છે. જે કોઇને દુઃખ દેતો નથી તે હમેશાં નિરાંતે આરામ કરે છે. વખત ઉપર સૌ મળીને તેને મદદ કરે છે. જે જૂઠું નથી બોલ-

તો તેની ઇજત મહાજનોમાં તથા રાજ સભામાં વધે છે. **ચોરી** નથી કરતો તે ઘણો વિશ્વાસુ ગણાય છે. રાજ ભંડારમાં જતાં પણ કોઈ તેને અટકાવતું નથી. **બ્રહ્મચારી** હોય છે તેનું તેજ, બળ, બુદ્ધિ, નિરોગીપણું, સૌથી વિશેષ હોય છે. **મમત્વરહિત** સંતોષી છે તે સદા સુખી હોય છે. '**संतोषो नंदनंवनं**' અર્થાત્ સંતોષીને નંદનવન સમાન સુખ હોય છે. ધન નથી છતાં મોટા મોટા મહારાજાઓથી પૂજાય છે. સાદાં અન્ન, વસ્ત્રથી નિર્વાહ કરી નિશ્ચિંતપણે આત્મજ્ઞાનમાં પોતાના આત્માને રમણ કરાવે છે, અને સદા આનંદમાં રહે છે. આ શુભ કૃત્યનું ફળ આ ભવમાં પ્રત્યક્ષ દેખાય છે. (૩) કેટલાંક કર્મ એવાં છે કે, આ ભવમાં અશુભ કર્મ કરીએ પણ તેનાં ફળ આવતા ભવમાં મળે છે. આ ભવમાં કેટલાંક માણસો પાપ કર્મ કરતાં છતાં તેના ફળ ન ભોગવતાં ઉલટાં સુખી દેખાય છે તે સુખ તેનાં પૂર્વ ભવનાં શુભ કર્મનું ફળ સમજવું જોઈએ, અને હાલ જે કરે છે તે પાપ કર્મનું ફળ હવે પછીના ભવમાં જરૂર ભોગવવું પડશે. **દ્રષ્ટાંત**—પ્રથમ મીઠાઈ ખાય, પછી ડુંગળી ખાય તો પ્રથમ મીઠાઈનો ઓડકાર આવશે અને તે પછી ડુંગળીનો આવશે. **બીજું દ્રષ્ટાંત**—એક પુણ્યવાન પાલખીમાં બેઠો છે અને ચાર જણ તેની પાલખી ઉઠાવે છે. પાલખી વાળો ઉતરીને ગાદી ઉપર આળોટે છે અને ઉપાડનારા તેના પગ દાબે છે. એ પાંચ એકઠા છે છતાં પાપ પુણ્યનાં ફળ પ્રત્યક્ષ રીતે અલગ અલગ ભોગવે છે. વળી કર્મ ફરી જાય તો ઉઠાવનારા પાલખીમાં બેસે અને પાલખીમાં બેસનાર ઉપાડવા માંડે ! આ પાપ પુણ્યનાં ફળની પ્રત્યક્ષ વિચિત્ર રચના છે. આ રચનાથીજ પરભવનાં ફળ આ ભવમાં ભોગવે છે. (૪) એ પ્રમાણે કેટલાંક એવાં કામો છે કે આ ભવમાં કરેલાં શુભ કર્મોનું ફળ આવતા ભવમાં મળે. કેટલાક ધર્માત્મા જીવોને ધર્મકરણી કરતાં છતાં દુઃખી દેખીએ છીએ, ત્યારે મનમાં શંકા થાયછે કે, જો ધર્મથી સુખ થાય તો આ માણસ દુઃખી શા માટે ?

પણ શંકા લાવવાનું જરા પણ કારણ નથી. **દ્રષ્ટાંત**–હમણાં કોઈ ઓસડ લેછે તેનો ગુણ એકદમ થતો નથી પણ મુદત થાય, પથ્ય પાળે, ત્યારેજ ગુણકારી થાય છે. જ્યાં લગી પ્રથમનો વિકાર ક્ષય નથી થયો ત્યાં લગી ઔષધિનો ગુણ દેખાવો મુશ્કેલ છે. તેજ પ્રમાણે ગતભવનાં અશુભ કર્મોનું જોર મંદ નથી પડયું ત્યાં લગી આ ભવની ઉત્તમ ધર્મ કરણીનું ફળ દેખાવું મુશ્કેલ છે. પણ એટલું તો નિશ્ચય સમજવું જોઈએ કે " **કરણી તણાં ફળ જાણજો જી, કદીએ ન નિષ્ફળ હોય.** " કેટલાક જીવો જન્મતાંવારને સુખી દેખાય છે તે પૂર્વોપાર્જિત પુણ્યનું ફળ છે. એ પ્રમાણે અહીંની કરણી પણ આગળ ફળ દેશેજ, **નિર્વેગણી કથાનો મુખ્ય હેતુ એ** છે કે * " **कडाण कम्माण न अत्थी मोक्खो** " અર્થાત્ કૃત-કર્મનાં ફળ અવશ્યમેવ ભોગવવાંજ પડશે. પછી આ ભવમાંજ મળે કે આવતા ભવમાં મળે. આવું સમજી કર્મના બંધથી બચવાનો હમેશાં પ્રયત્ન કરતા રહેવું.

વાંચવું, પૂછવું, અને પરિયટ્ટણ કરવું આ ત્રણ વિધિથી જે જ્ઞાન પાકકું કર્યું છે તે જ્ઞાનનો આ ચાર જાતની ધર્મ કથાઓ કરી બીજાને જરૂર લાભ આપવો જોઈએ.

આ ધર્મ ધ્યાનનાં ચાર આલંબન—આધાર કહ્યા. એ ચારે આધારમાં ધર્મ ધ્યાનીએ પોતાના મનને નિમગ્ન કરી, ઇંદ્રિઓને વિકારનાં માર્ગોથી બચાવી, આત્મસાધન રૂડી રીતે કરી, ઇષ્ટિતાર્થને (મોક્ષને) સિદ્ધ કરવો જોઈએ.

ચતુર્થ પ્રતિશાખા--ધર્મધ્યાનની અનુપ્રેક્ષા.

સૂત્ર—धम्मस्सणं झ्झाणस्स चत्तारि अणुप्पेहा पण्णत्ता तं जहा, १ अणिच्चाणुप्पेहा, २ असरणाणुप्पेहा, ३ एगत्ताणुप्पेहा, ४ संसाराणुप्पेहा.

અર્થ–ધર્મ ધ્યાનીની ચાર **અનુપ્રેક્ષા** (વિચાર) છે. ધર્મ ધ્યાનનો ધ્યાતા જ્ઞાની મહાત્મા, ચાર પ્રકારના ઉપયોગથી વિચાર કરે છે, તે શ્રી

---

*ઉત્તરા૦ ૧૩, ગાથા ૨૦.

પ્રભુએ જે પ્રમાણે ફરમાવ્યા છે તે પ્રમાણે અહીં કહે છે (૧) અનિત્યાનુપ્રેક્ષા, (૨) અસરણાણુપ્રેક્ષા, (૩) એકત્વાનુપ્રેક્ષા, અને (૪) સંસારાનુપ્રેક્ષા.

પ્રથમ પત્ર—"અનિત્યાનુપ્રેક્ષા."

ધર્માસ્તિકાય વગેરે છ દ્રવ્યવાળા **આ લોકનું** દ્રવ્યદ્રષ્ટિથી અવલોકન કરતાં છએ દ્રવ્યો પોતપોતાના ગુણમાં અને સ્વરૂપમાં શાશ્વત (નિત્ય) છે. એની પર્યાય અવસ્થા સ્વભાવ વિભાવ રૂપે ઉત્પન્ન થાય છે, તેમજ તેનો વિનાશ પણ થાય છે માટે અનિત્ય છે. આ છએ દ્રવ્યોના ગુણ,* પર્યાયનું સાધર્મ્ય (ગુણનું સરખાપણું) કહે છે.

નામ.	ધર્માસ્તિ-કાય	અધર્માસ્તિ-કાય.	આકાશાસ્તિ-કાય.	કાલાસ્તિ-કાય.	જીવાસ્તિ-કાય.	પુદ્ગલાસ્તિ કાય.
દ્રવ્યથી	એક, અસંખ્યાત-પ્રદેશી.	એક, અસંખ્યાત-પ્રદેશી.	એક, અસંખ્યાત-* પ્રદેશી.	અનંત, અસંખ્યાત-પ્રદેશી.	અનંત અસંખ્યા-ત પ્રદેશી	અનંત, અનંત, પ્રદેશી.
ક્ષેત્રથી	લોક પ્રમાણે.	લોક પ્રમાણે	લોકાલોક પ્રમાણે.	અઢીદ્વીપ પ્રમાણે.	લોક પ્રમાણે.	લોક પ્રમાણે.
કાળથી	અનાદિ, અનંત.	અનાદિ, અનંત.	અનાદિ, અનંત.	અનાદિ, અનંત.	અનાદિ, અનંત.	અનાદિ, અનંત.
ભાવથી	અરૂપી.	અરૂપી	અરૂપી.	અરૂપી.	અરૂપી.	રૂપી.
ગુણથી	અચેતન, અક્રિય, ગતિસહાય,	અચેતન, અક્રિય, સ્થિતિસહાય	અચેતન, અક્રિય, અવગાહના-દાન.	અચેતન, અક્રિય, વર્તમાન.+	ચેતન, અનંત-જ્ઞાન, અનંત-દર્શન, અનંત-ચારિત્ર, અનંત-વીર્ય.	અચેતન, અક્રિય, પૂરણને ગલન.

*લોકની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશ પણ અલોકના પ્રદેશ ગણીએ તો આકાશ અનંત પ્રદેશી કહેવાય.

+સૌપર કાળ વર્તી રહ્યો છે માટે વર્તમાન લક્ષણ અથવા વર્તના લક્ષણ.

એક અગુરૂલઘુ પર્યાયથી તો બધા દ્રવ્ય એક સરખાં છે. પુદ્ગળ દ્રવ્ય સિવાય બાકીનાં પાંચ દ્રવ્યો અરૂપી ગુણમાં એક સરખાં છે. જીવ દ્રવ્ય સિવાય બાકીનાં પાંચ દ્રવ્ય અચેતન ગુણમાં એક સરખાં છે. સક્રિયગુણ, નિશ્ચયપણે તો પુદ્ગળોમાં છે પણ વ્યવહારથી તો જીવમાં ગણાય છે. બાકીનાં ચાર દ્રવ્યમાં સક્રિયગુણ નથી.

હવે ભિન્ન ગુણોની વાત કરીએતો–છ દ્રવ્યમાંથી ચલણગુણ માત્ર ધર્માસ્તિકાયમાંજ છે, સ્થિરગુણ અધર્માસ્તિકાયમાંજ છે, વિકાસગુણ આકાશાસ્તિકાયમાંજ છે, વર્તમાનગુણ કાળમાંજ છે, ચૈતન્ય ગુણ જીવમાંજ છે, અને મળવું વિખરવું એ ગુણ માત્ર પુદ્ગળમાંજ છે બાકીનાં પાંચ દ્રવ્યોમાં નથી. આ પ્રમાણે છ દ્રવ્યમાં જે જે મૂળ ગુણ છે તે પોતપોતા સ્વામીત્વમાંજ રહે છે, બાકીનામાં નહિ. ધર્મ, અધર્મ અને આકાશ એ ત્રણ દ્રવ્યોના ત્રણ ગુણ તથા ચોથે પર્યાય એ ચાર એક સરખા છે. વળી એ ત્રણ દ્રવ્યોથી કેટલીક બાબતમાં કાળ પણ સમાનતા રાખે છે. ધર્મ અને અધર્મ એ અસંખ્યાત પ્રદેશી અને લોક વ્યાપી છે અને આકાશ દ્રવ્ય છે તે લોકની અપેક્ષાએ અસંખ્યાત અને અલોક ગણીએ તો અનંત પ્રદેશી અને લોકાલોક વ્યાપી છે. કાળદ્રવ્ય ઉપચારથી અઢીદ્વીપવ્યાપીજ ગણાય છે, કારણકે બાહ્ય કાળનો આધાર ચંદ્ર સૂર્યની ગતિ પરજ રહ્યો છે. જીવદ્રવ્ય અનંત છે, અકેક જીવના અસંખ્યાત અસંખ્યાત પ્રદેશ છે, એક જીવ શરીર માત્રમાં વ્યાપક છે, અને સર્વ જીવ આશરે વાત કરી એ તો લોક વ્યાપી જીવ છે. પુદ્ગળ દ્રવ્યના પરમાણુ અનંત છે, અને પ્રત્યેક પરમાણુ વર્ણ, ગંધ, રસ, સ્પર્શયુકત છે.

છ દ્રવ્યો નિશ્ચયનયથી પોતપોતાના સ્વરૂપમાં પરિણામ પામે છે. પણ દરેક દ્રવ્યનો પરિણમન ગુણ તો અલગ અલગ છે, કેમકે એકજ પરિણમન ગુણ હોય તો ભિન્ન ભિન્ન દ્રવ્ય શીરીતે કહેવાય ?

વ્યવહારથી જીવ અને પુદ્ગળ એ બેજ દ્રવ્ય પરિણામી છે. રાગદ્વેષ યુકત જે જીવ છે તેનો પુદ્ગળની સાથે પરિણમન પામવાનો સ્વભાવ છે તે અશુદ્ધ પરિણતિથી નીપજે છે. ધર્મ, અધર્મ આકાશ અને કાળ એ ચારેનો પરિણમન સ્વભાવ પોતાનાજ ગુણમાં હોવાથી શુદ્ધ પરિણમન કહેવાય છે, પણ જીવનું પરિણમન પુદ્ગળના સંયોગથી થાય છે, તે અશુદ્ધ પરિણમન કહેવાય છે. સંસારી જીવ અનાદિથી અશુદ્ધ પરિણતિમાંજ પરિણમી સમયે સમયે સાત આઠ કર્મોની વર્ગણા ગ્રહણ કરિ અશુદ્ધ બને છે. પુદ્ગળ દ્રવ્યના બે પરમાણુ ભેગા થવાથી દ્વયણુક, ત્રણ પરમાણુ ભેગા થવાથી ત્રયણુક, એમ સંખ્યાત પરમાણુઓ મળવાથી સંખ્યાણુક, અસંખ્યાત પરમાણુઓ મળવાથી અસંખ્યાણુક, અને અનંતા પરમાણુઓ મળવાથી અનંતાણુક કહેવાય છે. આવડા સ્કંધને પણ જીવ ગ્રહણ કરી શકતો નથી. જ્યારે અભવ્ય જીવથી અનંતગુણા અધિક પરમાણુઓ ભેગાં થાય છે ત્યારે ઔદારિક શરીરને ગ્રહણ કરવા લાયક સ્કંધ થાય છે, એનાથી અનંતગુણ અધિક પુદ્ગળનો સ્કંધ થાય તો તે વૈક્રય શરીરથી ગ્રહણ કરવા યોગ્ય થાય છે, એનાથી અનંતગુણ અધિક પુદ્ગળનો સ્કંધ બને તો આહારિક શરીરથી ગ્રહણ કરવા યોગ્ય થાય છે, એનાથી અનંતગણા અધિક તૈજસનાં, તેનાથી ભાષાનાં, ભાષાથી શ્વાસોચ્છ્વાસનાં, શ્વાસોચ્છ્વાસથી મનોવર્ગણાના અને મનથી અનંતગુણા અધિક પુદ્ગળ કર્મવર્ગણાથી ગ્રહણ થાય છે. આ આઠ વર્ગણામાંથી ઔદારિક, વૈક્રય, આહારિક, અને તૈજસ એ ચાર વર્ગણા બાદર હોય છે. એ બાદર વર્ગણામાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શ એમ ૨૦ બોલ મળે છે. બાકીની ચાર વર્ગણાને ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કર્મ છે તે સૂક્ષ્મ છે. તેમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪ સ્પર્શ એમ ૧૬ બોલ મળે છે. એક પરમાણુમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને ૨ સ્પર્શ એમ ૫ ગુણ હોય છે. એ પ્રમાણે ૮ વર્ગણાનાં

દળીઆં આત્માના અસંખ્યાત પ્રદેશોની સાથે મહેતાણ (રંગદાર બપોરીઆં) ના પ્રકાશની માફક÷ મળીને રહેલ છે. ઘણા સંસારી જીવોને વસ્તુના ગુણનું જ્ઞાન બિલકૂલ ન હોવાથી અને પર્યાયનું બદલવું પ્રત્યક્ષ જણાવાથી પર્યાયો ઉપરજ નિત્યાનિત્યની બુદ્ધિ લાગુ પાડી મમત્વભાવ આણી રાગદ્વેષને પામે છે. એવાની બુદ્ધિને સ્થિર કરવા સારૂ આંહી સ્પષ્ટપણે વિચાર પ્રગટ કરે છે.

મોહ નિદ્રાથી ફસાયેલા જીવોને **ઘડીઆળ** કટ, કટ, કરી ચેતાવે છે કે તમે એક વગ્યો, બે વાગ્યા, એમ શું કહો છો ? જેમ કાપતાં કાપતાં વસ્તુ ઓછી થાય છે, તેમ ઘડીઆળમાં પણ ઘડી ઘડી ઘટીને તમામ વસ્તુનું આયુષ્ય ઓછું થાય છે, અને એમ સર્વ આયુષ્યનો ક્ષય થતાં વસ્તુનો નાશ થઈ જાય છે. અર્થાત્ પ્રથમને રૂપે જે પરમાણુઓ હતાં તે વિખરી જઈ અલગ અલગ સૂક્ષ્મરૂપે બની રૂપાંતરને પામી બીજું રૂપ અને બીજો સ્વભાવ ધારણ કરે છે. આ અવસ્થા જોઈ જીવો પોતે વિભાવ પરિણામને પ્રાપ્ત થાય છે અને કહેવા માંડે છે કે હાય! મારૂં કલાણું નાશ પામ્યું ! ! આ મારૂં નથી ! ! હાય હાય ! આ શું થઇ ગયું ! ! ત્યારે જ્ઞાની લોક એવા જીવને ચેતાવે છે કે હે ચૈતન્ય ! આ જગતની દશા જોઈ ચેતો ચેતો ! ! જેવી રીતે તમારી ગયા કાળની તમામ ઘડીઓ ગઇ, તમારાં શરીર અને સંપત્તિએ પણ રૂપાંતર કર્યું, રમ્ય ચીજને અરમ્ય અને અરમ્ય અને રમ્ય બનાવી, તે પ્રમાણે હવે બાકી રહેલી ઘડીઓ પૂર્ણ થતાં ક્ષણ માત્રમાં આ શરીર અને આ સંપત્તિનો સંપૂર્ણ ક્ષય થઈ જશે. પછી તમે કરોડો ઉપાય કરી ગઈ ઘડીને બોલાવશો તો તે નહિજ આવવાની *

÷ લાલ રંગના મહેતાબને અગ્નિથી સળગાવીએ તો તેનો પ્રકાશ અરૂપી આકાશને લાલ રંગનો બનાવી દે છે. એવી રીતે અરૂપી આત્માની સાથે પુદ્ગળનો સંબંધ થવાથી તેવા ગુણ રૂપે પરિણામ પામે છે.

અને પસ્તાશો તોપણ કંઈપણ નહિ થવાનું, એવું જાણી હે હિતાર્થીઓ !

स्वःकार्यं मद्य कुर्वीत, पूर्वाह्णे चापराह्णिकम् ॥
न हि प्रतीक्षते मृत्युः, कृतमस्य न वा कृतम् ॥.

અર્થ—ધર્મનાં કામો કાલનાં આજ અને આજનાં હમણાં કરવાં હોય તે કરીજ લ્યો, કારણ કે કાળ (મૃત્યુ) જરાપણ વિચાર કરતો નથી કે આનું કામ અધુરૂં છે !

જે બાકી આયુષ્ય રહેલ છે તેને ફોગટ ગુમાવો નહિ. આ ચિંતામણી રત્ન જેવી ઘડીઓ કુકર્મમાં ન ગુમાવો ! આ ક્ષણિક સંસારની ક્ષણિક સ્થિતિમાં જે જે ક્ષણ જાય છે તેમાં સુધારો કરવો હોય તે કરી લઈ દરેક ક્ષણને લેખે લગાડો !

તમે જો **શરીર**ને નિત્ય માનતા હો તો શરીર નિત્ય છેજ નહિ. પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે જણાય છે કે શરીરના સ્વભાવ, રૂપ, વર્ણ આદિ તમામ ગુણોમાં ફેરફાર થતોજ જાય છે. જુઓ, પ્રથમ જીવ, મનુષ્યના પર્યાય રૂપે, માતાના ગર્ભમાં આવી ઉત્પન્ન થાય છે ત્યારે માના રૂધિર અને પિતાના શુક્રનો આહાર કરી ચોખાના ધોણ જેવું શરીર બાંધે છે. કાળસ્વભાવથી ફેર પડતાં પડતાં એ પુદ્ગળોમાં કઠણપણું પ્રાપ્ત થતાં થતાં, નાકની લીટ, ભોર, કેરી જેવું બની, અંગોપાંગનાં અંકુર ફૂટી ઇંદ્રિઓનાં છિદ્રો પડી, વાળ વગેરે થવા માંડતાં, સંપૂર્ણ શરીરના અવયવો પ્રાપ્ત

---

* जा जा वच्चइ रयणी, ण सा पडिणियत्तइ ।
अहर्म्म कुणमाणस्स, अफला जंति राइओ ॥

ઉત્તરા૦ અધ્ય૦ ૧૪ ગાથા ૨૪.

અર્થ—જે જે દિવસ રાત્રિ જાય છે તે પાછા આવતાં નથી. અધર્મિનાં રાતદિન નિષ્ફળ જાય છે, અને (તેની આગળની ૨૩મી ગાથામાં કહ્યું છે તે પ્રમાણે) ધર્મિનાં રાતદિન સફળ જાય છે.

થાય છે. જન્મતી વખત પુણ્યના પ્રતાપથી નિર્વિઘ્ને બહાર પડે છે, ÷ કે તરતજ અજ્ઞાન, અસમર્થ, અને પરાધીન દશા જે બાળપણ તેનાં અનેક કષ્ટો ભોગવે છે. તે પછી જરા મોટો થતાં જ્ઞાન લેવાની અવસ્થા પ્રાપ્ત થતાં વિદ્યાભ્યાસની માથાકૂટમાં પડે છે. જુવાન થતાં વિષય પોષણની સામગ્રીઓનો સંજોગ મેળવી સ્ત્રીઓનો વ્હાલો બનવામાં અને કુટુંબનું ભરણ પોષણ કરવામાં કાળ ચાલ્યો જાય છે. * એમ કરતાં કરતાં વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં કાયા નગરીની ખરાબી થવા માંડી, માથું ધ્રુણવામાંડયું કાન થોડું સાંભળવા માંડયા, આંખે તેજ ઘટતાં ઝાંખ આવવા લાગી, નાકમાંથી પાણી ને લીટ ઝરવા લાગ્યાં, દાંત પડી જવાથી મોઢું ઉજડ થયું, જીભ થોથરાવા લાગી અવાજ ઢીલો પડયો, જઠરાગ્નિ મંદ થતાં પાચન શકિત ઘટી, અને તેથી અનેક દરદો થવા લાગ્યાં, કેડ વાંકી વળી, ગુડા થાકવા લાગ્યા, પગ ધ્રુજવા લાગ્યા ઇત્યાદિ સ્થિતિ પ્રાપ્ત થતાં શરીરની શકિત નબળી અને નકામી થાય છે અને જેને પોતે વ્હાલો લાગતો હતો તેને કડવો ઝેર જેવો લાગે છે.+ આખર એક દિવસ તમામ

÷ કેટલાક ગર્ભમાં આડા આવે છે, તેથી ગર્ભના કટકા કટકા કાપી કાઢવા પડે છે.

* धंधेहीमें नित्य धावत धावत, टूट रहा जैसा रहाका टट्टू,
परके काज पचे नित पापमें, होय रहा जैसा हांडीका चट्टू;
धर्म विज्ञान कछू नहि जानत, पापही पाप महीं मन खट्टू,
हितकी बात विचारत है नहि, नाच रहा जैसा डोरका लट्टू.

+ छपय छंद.

मनुष्य तणो अवतार, वर्ष चालीसे मीठो,
कडवो होय पचास, साठे क्रोध पइठो;
सित्तर सगो न कोय, अस्सीए नांइ सगाइ,
नव्वे नागो होय, हसे सर्व लोक लुगाइ;
वर्ष आयो जब सेंकडा, तनमन हुवा खोकरा,
पतिव्रता पतिको कहे, अब मरे तो सुधरे डोकरा. ॥१॥

આયુષ્ય ક્ષય થતાં સર્વ સ્વજન મળીને એજ શરીરને અગ્નિમાં બાળી ભસ્મ કરી દેછે. આ પ્રમાણે આ શરીરની દશા ક્ષણ ક્ષણમાં બદલાતી જોઇએ છીએ. આ શરીર સદા સર્વદા નવાં નવાં રૂપ (અભિનવરૂપ) ધારણ કરે છે, અને સમયે સમયે વિકાર પામે છે. આ શરીરના બાળપણને જુવાની ગળી જાય છે, જુવાનીને ઘડપણ ગળી જાય છે, અને ઘડપણને મોત ગળી જાય છે. આ પ્રમાણે મોટાં માછલાં તેથી નાનાંને જેમ ગળી જાય છે તેવી **મચ્છ ગળા ગળી** લાગી પડી છે. પણ તે ઉપરથી એમ કદીપણ નસમજવું કે બાળ શરીર જુવાન થશેજ અને જુવાન શરીર વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરશેજ. એવો ભરોસો રાખવો મિથ્યા છે. કાળને બાળક, જુવાન, વૃદ્ધ, એનો કંઈ પણ વિચાર છેજ નહિ. કાળ રૂપ ઘંટીને હમેશાં ચંદ્ર અને સૂર્ય ફેરવ્યાં કરે છે. જેમ ઘંટીને બે પડ હોય છે. તેમ કાળરૂપ ઘંટીને ભૂતકાળરૂપ નીચેનું પડ તો સ્થિર હોય છે, અને ભવિષ્ય કાળરૂપ ઉપરનું પડ ચળ હોય છે. આયુષ્ય રૂપ ખીલડાને જેઓ અડી રહ્યા છે તે જીવો બચી રહે છે. "**ખૂટા છૂટા કે આટા ખૂટા**" અર્થાત્ ખીલડો છોડયો કે આયુષ્ય ખૂટયું સમજવું. આપણી નજર આગળ ઘણા ચાલ્યા ગયા, અને જે બાકી રહ્યા છે તે પણ એક દિવસ જનાર છે. અવી આ શરીરની દશા જોવા છતાં શરીરને નિત્ય જાણી ઘણા જીવો મોહમાં ગરક થઈ રહ્યા છે એ ભારે આશ્ચર્ય છે!

આ શરીરનું નામ **ઔદારિક** અથવા **ઉદારિક** છે. એના બે અર્થ કરે છેઃ—(૧) **ઉદાર=પ્રધાન** અને (૨) **ઉદારા=ઉધારા** એટલે **માગીને લીધેલું**. જેવી રીતે મહાજનની જગા કારજવરો કરવાને માટે થોડો વખત માગી લેવામાં આવે છે, પછી તે જગાને શણગારી તેમાં જે કારજ અવસર કરવાનો હોય તે કરી લે છે કે તરતજ છોડી દઈ મહાજનને પાછી આપે છે છતાં છોડનારને પ્રશ્ચાત્તાપ થતો નથી. પણ કારજ અવસર પૂર્ણ

થયા પહેલાં મહાજનના સિપાઇ તે મકાન ખાલી કરાવે તો રોવું પડે છે અને કહે છે કે કંઈ થયું નહિ. તેવી રીતે (પંચ* ભૂત વાદીના કથનાનુસાર) પૃથ્વી વગેરે પાંચ ભૂતનું બનેલું આ શરીર રૂપી દાન (=ભિક્ષા) ઉત્તમ ધર્મ કરણી કરવાને માટે પ્રાપ્ત થયેલ છે. જે ધર્મ કરણી કરી લેછે તેને મરતી વખતે શરીર છોડતાં જરાપણ પશ્ચાત્તાપ થતો નથી પણ જેણે ધર્મ કરણી નથી કરી તેના શરીરને કાળ છોડાવશે ત્યારે પસ્તાવાની સાથે શરીર છોડવું પડશે. એવું જાણી આ ક્ષણભંગુર શરીરથી બને તેટલી ધર્મ કરણી ઉતાવળથી કરી લેવી જોઇએ કે જેથી છોડતી વખત પસ્તાવો કરવો ન પડે.

જેવી શરીરની અનિત્યતા છે, તેવીજ **કુટુંબની** પણ અનિત્યતા જાણવી. માતા, પિતા, વગેરે સ્વજનનાં શરીર પણ ઉદારિક છે, તેથી નાશવંત અને અનિત્ય છે. **આપણી પહેલાં** આવેલાં માતા, પિતા, કાકા, મામા, વગેરે; **આપણી સાથેનાં** ભાઇ, બેન, સ્ત્રી, મિત્ર, વગેરે; **આપણી પછીનાં** પુત્ર, પૌત્ર, વગેરે એ ઉપરાંત જગત વાસી માણસો એ સૌ આપણી નજર આગળ જોતજોતામાં આયુષ્યનો અંત આવતાં ચાલ્યાં ગયાં છે, ચાલ્યાં જાય છે, અને રહેલ છે તે એક દિવસ ચાલ્યાં જશે. "**જે જન્મ્યું છે તે અવશ્ય મરશેજ**". એટલા માટે કુટુંબ પરિવારને પણ અનિત્ય સમજવો.

જેમ કુટુંબ અનિત્ય છે તે પ્રમાણે **ધન** પણ અનિત્ય છે. ધનનું નામ '**દોલત**' કહે છે, એટલે આવવું ને જવું એવી તેમજ પોતાને

---

* (૧) **આકાશથી**—કામ, ક્રોધ, શોક, મોહ, ભય. (૨) **વાયુથી** ધાવન, વલન, પ્રસરણ, આકુંચન, નિરોધન. (૩) **અગ્નિથી**—ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા, મૈથુન. (૪) **પાણીથી**—લાળ, મૂત્ર, લોહી, મજ્જા, રેત. (૫) **પૃથ્વીથી**—હાડ, નખ, માંસ, ત્વચા અને રોમ. એ પ્રમાણે પાંચ ભૂતથી પચીશ તત્ત્વ થયાનું કહે છે.

પોષનારને ક્ષણમાં હસાવવું અને ક્ષણમાં રોવરાવવું, એવી દ્રૌ લત એટલે એ લત પડી છે. આ ધન કોઈની પાસે સ્થિર રહેતું નથી. * "જર જોરૂ ઔર જમીન, કોઇકી ન હુઇ યહ તીન" એ કહેવત તદ્દન સાચી છે. જમીનની તીજોરીઓમાં, ભૂખ ઊંડા ખાડામાં, અથવા નાગી તરવારોના પહેરામાં પાક્કા બંદોબસ્તની સાથે રાખો તોપણ એ દોલત ન રહેવાની હોય તો નજ રહે. પુણ્ય ખૂટવાથી હાથમાં રાખેલું ધન પણ રૂપાંતર પામી, કાંકરા, કોયલા, પાણી, સાપ અગર વીંછી જેવું દેખાવા માંડે છે એવી લક્ષ્મી અનિત્ય છે.

તેજ પ્રમાણે ઘર પણ અનિત્ય છે, લાકડાં અને માટીના સંયોગથી બનેલા ઘરને આપણું માનીને બેઠા છીએ. એ ઘર જૂનું થતાં પડીને પાયમાલ થશે. ઘણાં ઘર, ગામ, વગેરે નવાં થાય છે, ઘણાં ઉજડ થાય છે, ઘણાં વિનાશ પામે છે, એથી એ પ્રત્યક્ષ અનિત્ય છે એમ દેખાય છે. એજ પ્રમાણે ઉપભોગ એટલે એકજ વાર ભોગવવામાં આવે તેવી વસ્તુઓ, અન્ન, ફૂલ વગેરે, અને પરિભોગ એટલે વારંવાર ભોગવવામાં આવે એવી વસ્તુઓ, વસ્ત્ર, ભૂષણ વગેરે, એ સર્વ પણ અનિત્ય છે, ક્ષણિક છે. કોઈ પણ વસ્તુ ઉત્પન્ન થઈ કે તરતજ તેના પર્યાયમા ફેર પડવા માંડે છે. એમ વિનાશકાળ સુધી ફેર પડતાં પડતાં એનું સ્વરૂપ સાવ જૂદું થઈ જાય છે. આ અનિત્યતાનું પ્રત્યક્ષપણું છે.

સાફ દેખાય છે કે, જ્યારે જીવ આવે છે ત્યારે બહારથી જોતાં કાંઇ પણ સાથે લઇને આવતો નથી, ઉત્પન્ન થયા પછી તેને શરીર,

---

* પિતાએ ખુશીમાં આવી જન્મ પુત્રીને કહ્યું કે 'લક્ષ્મી' આંહી આવ. ત્યારે પુત્રીએ ગુસ્સામાં આવીને કહ્યું, પિતાજી, એ નામથી મને કદાપિ બોલાવશોમાં, કારણ કે, હું લક્ષ્મી જેવી અનેક માલિક (પતિ) કરૂં એવી નીચ નથી.

સંપત્તિ, વગેરે સંજોગ મળે છે છેવટે 'પંચ સમવાય' * પ્રમાણે ઘટતાં ઘટતાં તે સામગ્રીઓનો અહીંજ પ્રલય થાય છે અથવા અહીં પડતી મૂકી જીવ પોતે આવ્યો હતો તેવો એકલો આગળ ÷ જાય છે. આવો તમાસો કંઇ એક વખતમાં પૂરો થતો નથી પણ અનંત કાળથી આમને આમ ચાલ્યું આવે છે અને ચાલ્યું જશે. મળવું અને જૂદું પડવું એ પુદ્ગળોનો ધર્મ છે તે રહેવાનોજ. સારાનું માઠું, માઠાનું સારૂં, નવાનું જૂનું અને જૂનાનું નવું, એવો રૂપાંતર થવાનો પુદ્ગળોનો જે સ્વભાવ છે તે પ્રત્યક્ષતાથી અથવા પરોક્ષતાથી થયાજ કરે છે. આ તમાસો જોતાં છતાં તેને નિત્ય માની તેમાં જે લુબ્ધ રહે છે તેનાથી વિશેષ અશ્ચર્ય બીજું શું?

---

* કાળ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને ઉદ્યમ એ પાંચ સમવાયના સંજોગથી તમામ કાર્ય થાય છે.

÷ संपतही गडी छांडी, सुंदरही मांडी छांडी,
रसोइ चडी छांडी, स्वप्नासो हो गयो;
ठाढे दास दासी छांडे, घोडे घास खाने छांडे,
यार आसपास छांडे, अपने मते गयो;
बुढे मात पिता छांडे, भाई विलविलाट छांडे,
बेटे अरडाट छांडे, सबको दुःख दे गयो;
देवीदास अंत समय, एकहु न आयो साथ,
देखो भैया अपनो, कियोसो साथ ले गयो. ॥ १ ॥
माताहि पुकारे पुत, रोवतहै छाती कूट,
बापहु कहत मेरो, नंदन कहां गयो;
भाई हु कहत मेरी, बहां आज दूर भई,
बेन कहत मेरो, वीर दुःख दे गयो;
कामनी कहत मेरो, शीश शिरताज कहां,
इतने के देखत, आप एकलो वह गयो;
देवीदास अंत समय, एकहु न आयो साथ,
देखो भैया अपनो, कियोसो साथ ले गयो. ॥२॥

મૂઢ પ્રાણીનું આયુષ્ય જેમ જેમ ઘટતું જાય છે, તેમ તેમ તે મમત્વ અને પાપની વૃદ્ધિ કરે છે, અને એનાં ફળ ભોગવવાને ખુદ પોતે રૂપાંતર પામી નરકમાં પડે છે; જ્યાં તે અસહ્ય દુઃખથી ગભરાઈ રોવા માંડે છે.

હે ભાઈ! અગ્નિથી સ્નાન કરતાં જેમ શીતલતા, અને ઝેર ખાવાથી જેમ અમરપણું કોઈ ઇચ્છે, તેમ આત્મઘાતી જન પુદ્ગળોના સંગથી સુખ ઇચ્છે છે. આવા અજ્ઞાન અને મૂઢ જનને શી રીતે સમજાવવો.

વળી અનિત્યતા બતાવવા સારૂ જુઓ. (૧) હમેશાં સાંજે પક્ષીઓનો સમુહ ઝાડોપર આવી ભેગો થાય છે, જે ડાળ ઉપર પોતે બેસે, ત્યાં તે બીજાં પક્ષીઓને બેસવા દેતું નથી. કારણ કે તે ડાળને પોતાની કરીને માની લીધી છે. પણ સૂર્યનો પ્રકાશ થયો કે તમામ પક્ષીઓ દશે દિશાએ ઉડી જાય છે, ત્યારે તે ઝાડનું યાદદું પણ તેની સાથે જતું નથી. તે પ્રમાણે આ દેહરૂપી ઝાડપર જીવરૂપી પક્ષીઓ ચાર ગતિઓમાંથી આવીને બેસે છે, પણ કાળરૂપી સૂર્યનો ઉદય થાય છે કે તમામ ભાગી જાય છે અને દેહ તો અહીંઆંજ રહી જાય છે.

(૨.) વાદીગર (ઇંદ્રજાળીઓ) ડુમડુમી વગાડવા મંડે છે. તે શબ્દ સાંભળતાંજ ચારે કોરથી માણસનાં ટોળે ટોળાં દોડી આવે છે. પણ તેણે ખેલ પૂરો કર્યો કે તમામ દશે દિશાએ જતાં રહે છે, અને બાજીગર એકલો લાકડીને ઠામ લઈ પોતાને રસ્તે ચાલ્યો જાય છે. તેજ પ્રમાણે જીવ બાજીગરની પુણ્યરૂપી સામગ્રી જોઇને કુટુંબ વગેરે આવી મળે છે. પુણ્ય ખૂટયાં કે તરતજ સૌ પોતપોતાને રસ્તે લાગશે અને જીવરૂપી બાજીગર એકલો ચાલ્યો જશે.

(૩.) મેળો, જાત્રા, વગેરેમાં ચારે તરફથી મનુષ્યોનો સમા-

ગમ થાય છે. પણ સમય પૂરો થયો કે તરતજ તે જગા અરણ્યના જેવી શૂન્ય ભાસે છે.

(૪.) લગ્ન વગેરે ઉત્સવોના પ્રસંગમાં સ્વજન, મિત્ર વગેરેનો સમુહ એકઠો થાય છે. પણ ઓચ્છવ પૂર્ણ થયો કે તરતજ ઘરધણી એકલોજ રહે છે.

(૫.) સાંજની વખતે ઘણે ભાગે આકાશમાં વિચિત્ર રંગો જણાય છે. પણ એક ક્ષણ પછી અંધકાર ચારે તરફથી ફેલાઈ જાય છે.

ઇત્યાદિ અનિત્યતા બતાવવાને માટે અનેક બનાવો આ દુનિયામાં હમેશાં બને છે. પણ મોહની અંધીમાં મુગ્ધ બની જતાં વિચાર કોણ કરે?!

એક સમયે જ્યાં રાજ્યગાદીપર બેસવાની ધામધુમ તેમજ લગ્નનો ઉત્સાહ નજરે પડતો હતો, તેજ સ્થળે તેજ સમયે પુદ્‌ગળોનું રૂપાંતર એટલે મોત વગેરે નીપજવાથી હાહાકાર મચી જાય છે! તેમજ મસાણમાં જવાની તૈયારી થવા માંડે છે તે શું ઘણીવાર નથી જોવામાં આવતું?! એવી એવી અનિત્યતા બતાવવાને માટે જગત્‌માં ઘણા દેખાવો ને સાધનો છે. વધારે શું કહું! જેને પરમાણુંઓ તેમજ પદાર્થો પર તું અત્યંત પ્રેમ રાખી બેઠો છે, અને જેનાથી તારા શરીરની રચના થઈ છે તેમજ પોષણ મળે છે તેજ પરમાણુઓએ ગયા કાળમાં તારા શત્રુ બની તેં ધારણ કરેલાં અનંત શરીરોનો નાશ કર્યો હતો, અને હજી પણ વખત આવ્યે તારા શરીરનો ઘાત કરનાર બનશે. મતલબ એ છે કે, પુદ્‌ગળોનો સંયોગ મળતાં સંબંધ બાંધે છે, અને યોગ મળતાં સંબંધ તોડે છે.

શ્રી ભગવતીજી સૂત્રમાં "**અવિચય**" મરણ કહેલ છે. તેનો અર્થ એવો થાય છે કે, જેવી રીતે અંજલિ (હાથનો ખોબો)

માં લીધેલું પાણી ટીપે ટીપે ઝરી જાય છે. તેવીજ રીતે જગતમાં સર્વ પદાર્થોનું આયુષ્ય ક્ષણે ક્ષણે ક્ષીણ થતું જાય છે.*

વળી જેવી (૧) **સ્વપ્નની સાહેબી**, (૨) **વાદળાંનો સમુહ**, (૩) **વિજળીનો ચમકારો**, (૪) **ઇંદ્ર ધનુષ્ય**, (૫) **માયાવી** (જંત્ર, મંત્રથી બનેલી) **સાહેબી** વગેરે અનેક પદાર્થો ક્ષણિકતા સૂચવે છે તે તમામને આંખોથી નિહાળી, હૃદયમાં વિચારી, ખ્યાલ કરી સમજીને માનવું કે એ પદાર્થો મારા સાચા **ઉપદેશક ગુરૂઓજ** છે. વળી જીવને સમજાવવો કે હે ચેતન! હવે ચેત! ચેત! મોહનાં પડળ ઉતારી, અજ્ઞાનતાનો પડદો દૂર કરી અને આંતરિક જ્ઞાનપર ધ્યાન દઈ જો. કપિલ કેવળીએ ફરમાવ્યું છે કે, **"अधुवे असासयंमि, संसारमि, दुरुख पउराए."**÷ એટલે આ સંસાર અધ્રુવ, અશાશ્વત અને દુઃખથી પૂર્ણ ભરેલ છે. એમાં જે મૂર્છાભાવ કે મમત્વ કરે છે, તે દુઃખી થાય છે. જ્યારે જીવોની નજર આગળ પોતાના માનેલા પદાર્થો નાશ પામે છે ત્યારે જીવનેજ પશ્ચાત્તાપ થાય છે કે, હાય! મારી પ્રાણ પ્યારી વસ્તુ કયાં ગઈ! વળી તેને પદાર્થો છોડીને જો જીવને જવું પડે છે તો તે રોતો જાય છે કે હાય હાય! હું આ સાહેબી છોડીને ચાલ્યો! પણ કોઈ દહાડો એ પદાર્થો રોતા નથી. કે અરેરે! મારો ધણી કયાં ગયો. કારણ કે, પદાર્થોના માલિક બનનારા તો પાછળ હજારો બેઠા છે. આવું સમજી હે સુખાર્થી ધર્માર્થી જીવો! આ **અનિત્યાનુપ્રેક્ષાના** ખરેખરા વિચારોની વિધિથી, અનિત્ય, અશાશ્વત વસ્તુઓપરથી

---

*હરિગીત છંદ—બહુ પુણ્ય કેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોએ અરે ભવચક્રનો, આંટો નહીં એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, નેક એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ નિરંતર ભાવ મરણે, કાં અહો રાચી રહો.
શ્રીમદ્ રાજચંદ્ર કવિ.

÷ ઉત્તરા૦ ૮ ગાથા ૧.

મમત્વભાવ છોડી, નિજાત્મ ગુણ જે નિત્ય, શાશ્વત, અક્ષય અને અનંત છે એવાં જ્ઞાનાદિ ત્રણ રત્નોમાં રમણ કરી સુખી બનો!

દ્વિતીય પત્ર—"અશરણાણુપ્રેક્ષા."

સ્યાદવાદ મતમાં ચારે તરફ એકાંત દ્રષ્ટિથી જોવામાં આવે છે. નિશ્ચયથી તો આ જગત્માં કોઇ કોઇનું શરણ કે આશ્રયદાતા છેજ નહિ. સર્વ દ્રવ્યો પોતપોતાની શક્તિના જોરથી ટકી રહ્યાં છે, માટે કોઇ કોનું કર્તા કે હર્તા છેજ નહિ. વ્યવહાર દ્રષ્ટિથી જોતાં નિમિત્ત માત્ર આ જીવ, પોતાને દુઃખ-કષ્ટ થતાં બીજાના શરણની અભિલાષા કરેછે. મારી કોઇ પણ ચીજને નુકશાન ન થાય, મારા ઉપર કોઇ પણ જાતનું દુઃખ આવી પડે નહિ, એટલા માટે કોઇ તારણ-શરણ-આશ્રયદાતા હોય તેનું શરણ ગ્રહણ કરૂં કે જેથી મને કોઇ પ્રકારનું દુઃખ થાય નહિ, ઇત્યાદિ વિચારોથી મુંઝાઈ અનેકનું શરણ લેવાને ફાંફાં મારે છે તેમજ માની બેસે છે કે મને આનું શરણ છે. પણ એમ નથી વિચારતો કે, જે દુઃખોથી બચવાને હું બીજાનું શરણ-આશ્રય ગ્રહણ કરૂંછું તેજ દુઃખથી તે ખુદ બચેલ છે કે નહિ? જે પોતે દુઃખથી મુક્ત હશે તેજ બીજાને બચાવશે. પણ જે પોતેજ પોતાની રક્ષા નહિ કરી શકે તો બીજાની શી રીતે કરશે? તો પછી ફોગટ તેવાનું શરણ લેવામાં શું સાર છે? હવે વિચાર કરીએ તો આપણે જેનું જેનું શરણ લઈએ છીએ તે યોગ્ય છે કે અયોગ્ય તેનો પૃથક્ પૃથક્ વિચાર કરીએ.

હે જીવ, તું આ **શરીરથી** તારૂં રક્ષણ ઇચ્છતો હો તો ખ્યાલ કર કે આ શરીર તો પુદ્ગળનો પિંડ માત્ર છે અને ક્ષણે ક્ષણે નાશ પામે છે. આ શરીર આધિ, વ્યાધિ, ઉપાધિ, એ ત્રણેથી ભરેલું છે, વારે વારે રોગથી ઘેરાય છે, જરા (ઘડપણ) થી ક્ષીણ થાય છે અને છેવટે કાળનો કોળીયો થાય છે. શરીર બિચારૂં પોતાની સંભાળ પોતે કરી શકતું નથી તો તારી શી રીતે કરશે?

બધો વિચાર કરતાં શરીરને તારણ-શરણ માનવું મિથ્યા છે. જો તું તારા **મિત્રપરિવારને** શરણદાતા માનતો હોતો એ તારી ભૂલ છે. મોહરહિત બુદ્ધિથી જોઇશ તો તરત જણાશે કે જ્યાં લગી તું પૈસા પેદા કરવામાં કુશળ હોઈને બધાંની ઇચ્છા પ્રમાણે ચાલીશ ત્યાં લગી માતાપિતા કહેશે કે, આ મારો રત્ન જેવો પુત્ર છે, ભાઈ કહેશે કે મારી બાંય છે, બ્હેન કહેશે કે, મારો હીરલેા ભાઈ છે, સ્ત્રી કહેશે કે, મારો ભરથાર પરમેશ્વર છે, એ પ્રમાણે સર્વે કુટુંબીઓ હાજર રહી તને જી, જી, કરવા માંડશે. પણ તું જો મૂર્ખ નિરૂદ્યમી તથા કમાણી વગરનો હઇશ તો માતાપિતા કહેશે કે આ દીકરાને બદલે ગર્ભમાંથી પત્થર આવ્યો હોત તો ઘરનો પાયો ચણવામાં કામ આવત! ભાઇ કહેશે કે મારો વેરી છે, બ્હેન કહેશે કે, કોનો ભાઈ ને કોનું કાંઇ, બાયડી કહેશે કે એતો મારો ગુલામ છે, મેં પૈસા ખરચી વેચાતો લીધો છે, એ પ્રમાણે સર્વે સ્વજનો તરફથી અપમાન અને દુઃખનો વરસાદ વરસશે. જુઓ, સ્વાર્થમાં ડૂબેલી માતાએ **બ્રહ્મદત્ત ચક્રવર્તિને** મારવાને ઉપાય કર્યો, **કનકરથ રાજાએ** જન્મતાંજ પુત્રોને માર્યા. **ભરત** અને **બાહુબલ** બંને ભાઈ પરસ્પર લડ્યા, **કોણિક કુંવરે** પોતાનાજ પિતા **શ્રેણિકને** પાંજરામાં પૂરી કબજે કર્યો, **દુર્યોધને** તમામ કુટુંબનો સંહાર કર્યો, અને **સૂરીકંતા** રાણીએ પોતાના વ્હાલા પતિ **પરદેશી રાજાનો** પ્રાણ લીધો, એવા એવા ઘણા પ્રાચીન દાખલાઓ છે. વર્તમાનકાળમાં પણ એવા એવા હજારો દાખલા બની રહ્યા છે. એવા મતલબીઆ સ્વજન, મિત્ર કદી પણ આશ્રયદાતા થઇ શકે નહિ.

જેને તું પ્રાણથી પણ અધિક પ્યારાં માની રહ્યો છે અને જેને માટે તું ચિંતામણી રૂપ મનુષ્ય જન્મ ગુમાવી બેઠોછું, તે **શરીર, ધન, કુટુંબ** વગેરે તારણ-શરણ રૂપ ન થાય તો પછી બીજાની તો વાત શી કરવી? જેઓ વિકરાળ **કાળરૂપી** વેતાળની

ફાંસીમાં ફસેલાં છે, એવાં ધન, કુટુંબાદિ આપણને એ ફાંસીથી બચાવવાને સમર્થ છેજ નહિ. કાળરૂપી બળવાન રાજા મહા જબ્બર છે. નરેંદ્ર, ચક્રવર્તિ વગેરે રાજાઓ, સુરેંદ્ર, શક્રેંદ્ર વગેરે દેવો, મોટા મોટા દૈત્ય જેવા શસ્ત્રધારી ક્ષત્રિયો, વેદ પાઠી બ્રાહ્મણો, શ્રીમંત સાહુકારો, જમીનદાર જાગીરદારો, સહસ્ર વિદ્યાના સાધનાર વિદ્યાધરો, સિંહ વગેરે વનચરો, સર્પ વગેરે ઉરચરો, ઘર, વસ્ત્ર, ભૂષણ વગેરે પદાર્થો, એ સૌની પાછળ કાળરૂપી વેતાળ લાગ્યો રહ્યો છે. કાળથી વિશેષ બળવાન આ દુનિયામાં કોઈ નથી. કાળથી બચી શકાય એવી ઘર, ભોંયરૂં, ગુફા, પહાડ વગેરે કોઈ જગા નથી, કે જ્યાં સંતાઇ રહીએ. અમૃત, અમરવેલ, વગેરે નામવાળી જડી બુટ્ટી કે ઔષધીઓથી પણ કાળરૂપી રોગ મટવો મહા મુશ્કેલ છે. તો બીજાનું શું કહેવું? રોહિણી, પ્રજ્ઞપ્તિ, વગેરે વિદ્યા, ધંટા કરણ વગેરે મંત્ર, વિજય પ્રતાપ વગેરે યંત્ર, રસસિદ્ધ વગેરે તંત્ર, એ સૌમાં પણ કાળથી બચાવવાની તાકાત નથી. અરે! શતઘ્ની આદિ કોઈ શસ્ત્ર પણ કાળને ડરાવવાને શક્તિમાન નથી. બંધુ ગણો! કાળ અજબ શક્તિવાળો છે, પાણીથી પીગળતો નથી, અગ્નિથી બળતો નથી, હવાથી ઉડી જતો નથી, વજ્રમય ભીંતથી પણ રોકાતો નથી, અને યમરાજ જેવા પરાક્રમીઓથી પણ દબાતો કે ડરતો નથી. કાળ મોટો અવિચારી છે, કારણ કે બાળ, વૃદ્ધ, તરૂણ, નવાં પરણેલ, ધનાઢય, ગરીબ, સુખી, દુઃખી, અનેકને પાળનાર, અનેકનો સંહાર કરનાર, એવા એવા મનુષ્યોને, પશુઓને, દિવાળી વગેરે તહેવારોને ઊંચનીચ ગ્રહોને, અધુરાં કામવાળાને, રાત્રિ દિન ભોગ વિલાસમાં મશગુલ રહેનારને વગેરે કોઈનો પણ તે વિચાર કરતો નથી. ગમે તે વખત હોય, ગમે તે સ્થિતિ હોય તો એ ઝપાટામાં આવવો જોઈએ, આવ્યો કે તરત ગટ કરી જાય છે. અનંત પ્રાણી અને અનંત વસ્તુઓનું અનંત વખત ભક્ષણ કર્યું તો પણ કાળનું પેટ ભરાણું નહિ. સાક્ષાત અગ્નિથી પણ તે સદા વિશેષ અતૃપ્ત રહે છે.

તે મહાવિકરાળ રાક્ષસજ છે, અને મહાપ્રતાપી પણ છે. મોટા મોટા સુરેંદ્ર, વગેરે પણ એની દ્રષ્ટિ માત્રથી અત્યંત ત્રાસ પામે છે, ભાન ભૂલી જાય છે, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન કરવા માંડે છે, એવા એવા મોટાની શરમ પણ કાળને આવતી નથી. એ કાળતો ફકત પોતાની મતલબ સાધવાની નજર ફકત રાખે છે. એવા નિર્દયી, નિર્લજ કાળરૂપી વેતાળની જાળમાં પડેલા જીવો બીજાનું શરણ લઈને સુખ મેળવવા ઇચ્છે છે, તેઓ મૃગજળ (ઝાંઝવાનાં પાણી) થી તરસ બુઝાવવા જેવું, વંધ્યાસ્ત્રીનો પુત્ર ખેલાવવા જેવું અને આકાશનાં ફૂલોથી શણગાર સજવા જેવું વ્યર્થ કામ કરે છે. *

આ કાળની રચનાનો જરા વિચાર કરો. કાળ દરેક વસ્તુનો એક વખત આહાર કરે છે, તરતજ પાછો તેનો નિહાર કરે છે અને તે પછી પણ ફરી તેજ ચીજનું આહાર કરવાનો લાલચુ બની તેની પાછળ પડે છે. જ્યાં લગી બીજી વાર તેનું પૂરેપૂરૂં ભક્ષણ નહિ કરે ત્યાં લગી તેનો ક્ષણે ક્ષણે ક્ષય કર્યાજ કરે છે અથવા અણધાર્યો ખાઇ જાય છે. તે છતાં પાછા એના એ હાલ. આ પ્રમાણે આહાર નિહાર કરતાં અનંતાનંત સમય જતો રહ્યો, તો પણ કાળ તૃપ્ત થયો નહિ તેમજ કદી તૃપ્ત થશે પણ નહિ.

આપણા સ્વજનનું મોત થતું જોઈ મૂર્ખ માણસ પોતે ફિકર કરે છે. પણ પોતે એમ નથી સમજતો કે હું પણ કાળની દાઢમાંજ છું. જરાક મસળવાનીજ વાર છે. ચાવ્યું કે તરતજ એના જેવાજ હાલ થશે.

---

*ગાથા—जस्सत्थि मच्चुणा सक्खं, जस्सत्थि पलायणं, ॥
जो जाणइ न मरिस्सामि, सोहू कंक्खे सुहेसिया.
ઉત્તરા૦ ૧૪ ગાથા ૨૭.

અર્થ—જેની કાળ સાથે પ્રીતિ હોય, જેનામાં ભાગી જવાની શક્તિ હોય, અથવા જેને ભરોસો હોય કે હું તો મરવાનોજ નથી તેજ સુખથી સૂઇ રહે છે.

કાળનો માત્ર વિચાર કરતાંજ મોટા મોટા ઇંદ્ર અને રાજાઓ જેવા પણ પોતાની પદવીપરથી નીચે પડી ગયા છે તો બિચારા કીડા જેવા માણસની શી વાત!

એક માણસ વગડામાં સૂતો હતો ત્યાં અચાનક ત્યાં રાત્રે દાવાનળ લાગ્યો. એ દાવાનળે આ માણસને ચારે તરફથી ઘેરી લીધો. ગરમી લાગતાં તરતજ જાગૃત થઈ એક ઝાડ ઉપર ચડી બેઠો. ચારે તરફ જંગલી જાનવરોને બળતાં જોઈ હસવા મંડયો તેમજ બોલવા મંડયો કે જુઓ, આ બળી ગયો! એ મરી ગયું! પણ મૂર્ખ એમ નથી સમજતો કે હું બેઠોછું એ ઝાડ બળ્યું કે મારી પણ એવીજ દશા થશે. સારાંશ કે એ જેવી રીતે જગતના જીવો મરે છે તેવી રીતે આપણે પણ મરશુંજ એમાં જરા પણ શક નથી.

બાપ, દાદા, વગેરે પણ ધન કુટુંબ વગેરેથી પોતાનો બચાવ કરી શકયા નહિ અને મરણ શરણ થયા તો તું કેવોક સમર્થ ને બળવાન છે કે બચી શકીશ.

એ નિશ્ચય સમજી લે કે મરતી વખત સર્વ સ્વજન આપણી પાસે મોઢાં ફાડી ઉભાજ રહેશે, તમામ સંપત્તિ પોત-પોતાની જગાએ પડીજ રહેશે, અને **ચિત મુનિના** કહ્યા પ્રમાણે એક દિવસ સૌની એવી દશા થશે.

ગાથા—જહેહ સિહો વ મિઅં ગહાય, મચ્ચૂ નરં ણેઇહૂ અંતકાલે,
ણ તસ્સ માયા વ પિયા વ ભાયા, કાલંમિ તમ્મં સહરા ભવંતિ.

ઉત્તરા૦ ૧૩ ગાથા ૨૨.

અર્થ—જેવી રીતે વનમાં ફરતાં રહેતાં હરણનાં ટોળાંમાંથી એક હરણ ને સિંહ પકડીને લઈ જાય છે, અને તે વખતે બધાં હરણો થરથર થરથર કાંપતાં પોતાનો જીવ બચાવવા જ્યાં ત્યાં ભાગી જાય છે, તેવી રીતે કુટુંબોનાં ટોળાંમાં રહેલા માણસને

કાળરૂપી સિંહ લઈ જાય છે ત્યારે બધાં મોઢું ફાડીને ઊભાં ઊભાં જોઈ રહે છે, પણ કોઇ પણ કાળના મોંમાંથી બચાવી શકતું નથી.*

તે પ્રમાણે આગળ ઉપર તમારી સહાય કરવામાં તમારી સંપત્તિમાંથી જરા પણ સાથે આવશે નહિ. કહ્યું છે કેઃ—

શ્લોક.

द्रव्याणि भूमौ पशव श्च गोष्टी। कान्ता गृहद्वारि जनस्य स्मशानं ॥
देह श्चितायां परलोक मार्गे। कर्मानुगो गच्छति जीव एकः ॥१॥

અર્થ—ધન, જમીન, પશુ, ઘર, સંપત્તિ એ તમામ પોત પોતાની જગાએજ રહી જવાનું, કાં તો પ્રિય પત્ની કે જેને દ્વારા કહે છે તે દરવાજા લગી આવશે, કુટુંબ પરિવાર સ્મશાન સુધી મડાને પહોંચાડવા આવશે અને આ દેહ તો મસાણમાં સળગતી ચિતામાં જળી જશે, એમ કોઇ સાથે નહિ આવે, માત્ર પોતે કરેલાં શુભ અશુભ કર્મોજ સાથે લઇ ચેતન એકલો ચાલ્યો જશે!

એ પ્રમાણે ખાત્રીથી માની, હે સુખાર્થી જીવો! આ દુર્લભ મનુષ્ય જન્મ વગેરે સામગ્રીઓને, ફોગટ બીજા ત્રીજાના શરણમાં પડી ગુમાવો નહિ! નિશ્ચય કરો કે આ જગત્‌માં કોઇ પણ પદાર્થ મારૂં રક્ષણ કરનાર નથી; પણ તમામ મારૂં ભક્ષણ કરનાર છે.

---

* कंचनके आसन, सुखवासन सब कंचनके,
कंचनके पलंग सब, इनामत धरे रहे;
हाथी हथ शालनमें, घोडे घुड शालनमें,
कपडे जामदानीमें, घडी बंधी ही रहे;
बेटा और बेटी, दोलतका पार नहि,
जवाहिरोंके डब्बेपें, तालेहि जडे रहे;
देह छोड डिगे जब, हो चले दिगंबर,
कुलके कुटुंब सब देखतेहि खडे रहे. ॥१॥

એવું જાણી તમામ પદાર્થો પરથી મમત્વ છોડી, તરણ તારણ, દુઃખ નિવારણ, નિરાધારના આધાર, ગરીબ નિવાજ, મહા કૃપાળુ, કરૂણા સાગર, અનંત દુઃખોમાંથી ઉદ્ધાર કર્તા, વિકરાળ કાળરૂપી સર્પના દુઃખનો મટાડનાર, અનંત, અક્ષય, અજર, અમર, અવિનાશી, અતુલ્ય સુખરૂપ એવા મોક્ષસ્થાનના દાતાર, એવી એવી અનેક ઉપમાથી શોભિત આશ્રય દાતા **શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય,** અને સાધુ એ **પંચપરમેષ્ટી** વ્યવહાર દ્રષ્ટિએ છે, અને નિશ્ચયમાં તો આપણા આત્માના ગુણ જે જ્ઞાન, દર્શન વગેરે ત્રણ રત્નની શુદ્ધતા છે, તેઓનો આશરો લઈને અજર, અમર, એવો આપણો આત્મા પરમાનંદી અને પરમસુખી બને!

તૃતીય પત્ર—"એકત્વાનુપ્રેક્ષા".

સોનું અને માટીનો અનાદિ કાળનો સંબંધ છે, તેથી તે માટીમાં સોનું પણ લાલ માટી રૂપે રહી બંનેનું એકજ રૂપ હોય તેમ દેખાય છે, છતાં તેમાંથી સોનું જૂદું પડે છે માટે બંને જૂદાં રૂપ છે એમ નક્કી થાય છે. વળી માટીમાંથી સોનાને તેના શુદ્ધ રૂપમાં જૂદું પાડવા સારૂ, **સોની, મુશ, દેવતા** અને **ટંકણખાર** એ ચાર મુખ્ય સાધનની તેમજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એ ચારની અનુકુળતા વગેરે જોગની જરૂર પડે છે તેવી રીતે જીવ અને કર્મનો અનાદિનો સંબંધ છે. તેને તોડાવવા—છોડાવવા માટે ચાર વસ્તુની પૂર્ણ જરૂર છે.

૧. **જ્ઞાનરૂપી સુવર્ણકાર (સોની)**—જેવી રીતે સોની માટીમાંથી સોનાનો ભાગ જૂદો કાઢી લેવાનું જાણે છે અને તે જાણપણાથી યથાવિધિ કર્મ કરીને પોતાનું કાર્ય સાધી શકે છે, તેવીજ રીતે જીવ જ્ઞાને કરી કર્મરૂપ માટીથી જૂદા થવાની વિધિનો જ્ઞાતા થાય છે એટલે કર્તવ્ય પરાયણ રહેવાની શક્તિ આવે છે.

૨. **દર્શનરૂપી મુશ**—જેમ શુદ્ધ સુવર્ણ મુશમાં રહે છે તેની પેઠે **શ્રદ્ધાજ** સદ્‌ગુણો રહેવાનું સ્થાન છે.

૩. **ચારિત્ર—સંયમરૂપી ટંકણખાર**–જેમ ટંકણખાર માટી મેલ સર્વને તોડી ફોડી અલગ કરી નાંખે છે તેમ કર્મરૂપી મેલને **સંયમજ** અલગ કરી નાંખે છે.

૪. **તપરૂપી અગ્નિ**–કર્મરૂપી મેલને બાળવા માટે તપરૂપી **અગ્નિ** સમર્થ છે.*

એ ચારે પદાર્થોનો જોગ મળે, વળી **ઉદારિક શરીરરૂપી દ્રવ્ય, આર્ય ભૂમિરૂપી ક્ષેત્ર, ચોથા આરો વગેરે કાળ, અને ભવ્ય આત્મારૂપી ભાવ** એ ચાર અનુકુળતાનો સંયોગ ભળે તો યથાવિધિ સાધન થતાં અનાદિનો કર્મરૂપી મેલ છે તેને દૂર કરી ચેતન પોતાના મૂળ સ્વરૂપને પામે છે.

દૂધમાં ઘી તો છેજ, પણ ખટાશ, રવાઈ, વાસણ, ફેરવનાર એ બધાંનો સંજોગ મળે તો છાશરૂપી મેલ દૂર થઈ, ઘી પોતાના રૂપમાં નીકળે છે; એ પ્રમાણે ફૂલ અને અત્તર, લોઢું અને ચમક વગેરે અનેક દ્રષ્ટાંતની પેઠે જીવ અને કર્મનો સંબંધ અનાદિનો છે તેમજ તે સંબંધ છોડાવી શુદ્ધ સ્વરૂપનું ભાન કરાવવાને, સોના વગેરેના ઉપાયોની પેઠે જીવને માટે **જ્ઞાન, દર્શન** વગેરે ચાર અકસીર ઉપાયો સમજવા.

વિશેષ દ્રષ્ટાંત—(૧) મોટો વિદ્વાન હોય, વળી હમેશાં સ્નાન વગેરે કર્મ કરી પવિત્ર રહેતો હોય પણ જો દારૂના નિશામાં ગરક થાય તો મળમૂત્રથી ભરેલા ઉકરડા પર આળોટવામાં એમ માનેકે હું મખમલની ગાદીમાં આળોટું છું, ગટરોની હવાને ફૂલવા-

---

*દુહા–મુશી પાવક સોહાગી, ફૂંકયા તણો ઉપાય;
રામચરણ ચારો મિલ્યાં, મેલ કનકકા જાય. ॥૧॥

અર્થ—મુસ, અગ્નિ, ટંકણખાર અને ફુંકવાના ઉપાયરૂપી સોની એ ચાર તે રામચરણમાં લાગે તો આત્મારૂપી સોનાનો કર્મરૂપી મેલ જતો રહે.

ડીની સહેલ પ્રમાણે ગણે, અને તે દુર્ગંધીમય જગાએથી દૂર જવાને કોઇ સમજાવે તો તેને મૂર્ખ ગણી ગાળો દેવા માંડે છે. પણ જો તેજ માણસ નિશામાંથી મુક્ત થાય તો પોતાની ખરાબ દશા જોઇ શરમાવા લાગે છે, અને કોઇના કહેવાની રાહ જોયા વગર ઝટપટ ઉકરડો છોડી ચાલ્યો જાય છે. તેવીજ રીતે આ જીવરૂપ પવિત્ર પુરૂષ મોહમદ રૂપી મદિરાના કેફમાં ગરક થઈ કર્મ રૂપી ઉકરડા જેવા સંસારના ભોગ વિલાસ રૂપી દુર્ગંધીથી સદા ભર્યો રહે છે, તેમાં આળોટીને આનંદ માને છે, અને વિષયથી વિરકત ત્યાગી મહાત્મા પુરૂષો જે સદ્બોધ આપે છે તેને મૂર્ખ સમજી તેમના ઉપદેશનો અનાદર કરેછે. પણ જો તેજ જીવ સત્સંગ, સદ્ગ્રંથ વગેરે પ્રસંગથી મોહમદ રૂપી નિશો ઉતરી જતાં શુદ્ધિમાં આવે છે તો પોતાની અજ્ઞાત દશામાં કરેલાં કુકર્મોનો પસ્તાવો કરી તુરતજ વિષયોથી વિરકત થઈ છેવટનો ભાવ જે આત્મ ભાવ તેનો અંગીકાર કરે છે.

(૨) જેવી રીતે નાનપણથી બકરાંના ટોળાંમાં ઉછરેલું સિંહનું બચ્ચું પોતાની જાતને ભૂલી જઇ પોતાને બકરાં જેવુંજ માની રહ્યું હતું, પણ તેવામાં સાચા સિંહના મળવાથી તેમજ સમજાવવાથી બકરાંનો સંગ છોડી ઇચ્છિત સુખ ભોગવવા એકલો સમર્થ થયો, તેવી રીતે જીવ રૂપ સિહનું બચ્ચું અનાદિ કાળથી કર્મરૂપી બકરાંની સોબતમાં રહીને પોતાનું સ્વરૂપ ભૂલી જઇ, પુદ્ગળ વગેરેથી ઉત્પન્ન થયેલ પદાર્થ જે શરીર, ધન, સ્વજન, સંપત્તિ વગેરેને પોતાનાં માની બેઠો છે. પણ જો પૂર્વ પુણ્યોદયથી સદ્ગુરૂનાં દર્શન અને સદ્બોધનો લાભ મળે તો જીવને નિજસ્વરૂપનું ભાન થાય છે. અને જાણવા માંડે છે કે હું તો **ચૈતન્ય**છું, **આધિ, વ્યાધિ, ઉપાધિથી રહિત** છું, આ શરીર, સંપતિ વગેરે તો **જડ** છે, અને આધિ, વ્યાધિ, ઉપાધિથી ભરેલાં છે; હું **નિરાકાર** છું, આ **સાકાર** છે; હું **શુદ્ધ પવિત્ર** છું એ બધાં **અશુદ્ધ** અને **અશુચિમય** છે; હું **અજર**

અમર છું, એ બધાં **ક્ષણિક** અને **વિનાશી** છે; હું **અનંત જ્ઞાનાદિ ગુણે કરી શોભનાર** ચૈતન્ય છું, એ **અજીવ** અને **જ્ઞાનાદિ ગુણથી રહિત** છે; વગેરે કોઈ રીતે મારા અને એના સંબંધ મળતો આવતો નથી. એ કર્મજન્ય પ્રસંગમાં પડીને હું ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લક્ષ જીવાજોનીમાં, ઊંચનીચ સ્થાનમાં અનંત વિટંબના ભોગવ્યાં કરૂં છું. હવે એનો સંગ છોડી મારે **એકત્વતા** ધારણ કરવી ઘટિત છે. આ પ્રમાણે વિચાર કરી સર્વ સંબંધનો પરિત્યાગ કરી વીતરાગ દશાનો આશ્રય લે છે.

(૩) જેવી રીતે વાદળાંનાં વીખરાવાથી સૂર્ય પોતાના ખરા સ્વરૂપમાં પ્રકાશે છે, તેવી રીતે કર્મનાં પડળ દૂર થવાથી આત્મા અનંત જ્ઞાનાદિ નિજ ગુણોથી પ્રકાશિત થાય છે અને પોતાનું ખરૂં સ્વરૂપ ઓળખે છે.

(૪) વળી **એકત્વાનુપ્રેક્ષાથી** વિચાર કરનાર એવો ખ્યાલ કરે કે, **હું કોણછું ? એક છું કે અનેક છું ? પ્રત્યક્ષ દેખાતા શરીર રૂપે તો હું એકજ છું**;× પણ જો એક માનું તો માતાપિતા કહે છે કે મારો પુત્ર છે, તો શું હું પુત્ર છું ? બહેન કહે છે કે મારો ભાઇ છે, તો શું હું ભાઇ છું ? સ્ત્રી કહે છે કે મારો ભર્તા છે તો શું હું ભર્તા છું ? પુત્ર પુત્રીઓ કહે છે કે મારો પિતા, તો

× **સવૈયા**–કેશ શીશ જુડ ભાલ, ભ્રહણી પલક નૈન ।
ગોલક કપોલગંડ, નાશા મુખ શ્રોન હૈ ॥
ઠોડી હોટ દંત, રસના મસૂઢા તાલુ ।
ચિબુકા કંઠિકા કંઠ, કંધ કર મૌન હૈ ॥
કાંખ કટિ ભુજા નાડી, નાભી કુચ પેટ પીઠ ।
અંગુલી હથેલી નખ, જંઘસ્થલ જૌન હૈ ॥
નિતંબ ચરણ રોમ, એતે નામ અંગનકે ।
તામે વિચાર નર, તેરા નામ કૌન હૈ ॥

શું હું પિતા છું? એ પ્રમાણે મને કોઈ કાકા, બાપા, મામા, માસા, વેવાઈ, જમાઈ એમ અનેક રીતે મારો મારો કહીને બોલાવે છે તો હવે હું કોણ છું? કોનો છું? અહાહા! અતિ આશ્ચર્યની વાત છે કે આ પ્રમાણેના વિચારોમાં તો મારો પત્તો લાગવો અતિ મુશ્કેલ છે! જો હું એક હોઉં તો આટલાં બધાં નામ મારાં શી રીતે થયાં ને એ બધામાંથી કોનો હું ગણાઉં? પણ નિશ્ચય રૂપે વિચાર કરી જોતાં જણાય છે કે આ બધા એક કર્મરૂપ શત્રુના ચાળા–નાટક છે. હું પુત્ર નથી, પિતાએ નથી, તેમ કોઇ બીજારૂપે પણ નથી, મારૂં કોઈ પણ નથી તેમ હું એ કોઈનો નથી; જો હું એ બધાં નામ રૂપે હોત તો સદા એને એ રૂપે રહેત; જો હું પુરૂષ છું એવો નિશ્ચય કરૂં તો અન્ય જન્મમાં સ્ત્રી થઈ પુરૂષના સંજોગની ઈચ્છા શા માટે કરી? જો હું સ્ત્રી છું એવો નિશ્ચય કરૂં તો અન્ય જન્મમાં પુરૂષ બનીને સ્ત્રી સાથે સંભોગ કરવાની કેમ ચાહના કરી? ઇત્યાદિ અનેક વિચારો ઉપરથી આ બધા મિથ્યા ભાવ છે એમ નક્કી જણાય છે. માત્ર હું મોહનિશામાં બે શુદ્ધ થઈ, કર્મ સંયોગથી વિકળ થઈ મારૂં શુદ્ધ સ્વરૂપ ભૂલી ગયો છું. જેવી રીતે નાટકશા-

---

+ एगया खत्तिओ होइ, तओ चंडाल बोक्कसो ।
तओ कीड पयंगो य, तओ कुंथु पिपीलिया ॥४॥
एवमावट्टजोणीसु, पाणीणो कम्म किव्विसा ।
न निविज्जंति संसारे, सवट्टेसु य खत्तिया ॥५॥
उत्तरा० ३, गाथा ४–५.

અર્થ—કોઇ વાર જીવ મરીને ક્ષત્રિય થાય છે, તેમજ ચાંડાળ અને બુક્કસ (વર્ણસંકર પ્રજા) થાય છે; અથવા તો કીડા, પતંગિયાં, કુંથુ અને કીડી થાય છે; એવી રીતે અધમ પ્રાણીઓ, જીવ યોનિને વિષે પરિભ્રમણ કરવા છતાં ઉદ્વેગ પામતા નથી. જેમ ક્ષત્રિય રાજા યુદ્ધ કરવાથી અને રાજ્ય રિદ્ધિ મળવાથી સંતોષ પામતો નથી તેમ એ જીવ સંસારમાં ફરતાં ફરતાં સંતોષ પામતો નથી.

ળામાં નાટકવાળો સ્ત્રી પુરૂષ વગેરે નાના પ્રકારનાં રૂપો ધારણ કરી નાચે છે, જેવો વેષ ધારણ કરે છે તેવો આબેહૂબ ભાવ ભજવે છે, પણ અંતર્દ્રષ્ટિથી જુઓ તો તે નાટકીઓ રાજા નથી, રાણી નથી, સંયોગી નથી, વિયોગી નથી, એ બધા ભાવોથી અલગજ છે, ફકત પ્રેક્ષકોને દેખાડવા, હસાવવા ફસાવવા, રોવરાવવા અનેક ભાવ દેખાડે છે, તેવી રીતે આ સંસારરૂપી નાટકશાળામાં ચૈતન્ય-રૂપી નટ, કર્મના સંયોગે અનેક ઊંચ નીચ, એકેંદ્રિયથી પચેંદ્રિય લગી, ચંડાળથી ચક્રવર્તિ રાજા લગી, અનેક રૂપો ધારણ કરી, એ પ્રમાણે કરવાનાં અનેક કર્મો કરે છે છતાં આખર એ તમામ રૂપોમાંથી એક પણ કાયમ રહ્યું નહિ, તમામ રૂપો પોતપોતાનાં સ્થાનમાં રહી ગયાં અને ચૈતન્ય સાવ અલગજ રહી ગયો ! જુઓ, આ કર્મના તમાશા; હવે જરા કર્મરૂપ નીશો ઉતરી જવાનો વખત આવ્યો દેખાય છે, અને તેથી કંઇક ભાન આવ્યું છે તેમજ વિચાર કરતાં કર્મોની વિચિત્રતા સમજી તું ભેદ વિજ્ઞાની બન્યો છે તો વિભાવ (પરભાવ) ને ત્યાગી સ્વભાવમાં રમણ કર.

૫. હે ચૈતન્ય ! વિચાર કર. જ્યારે તું માતાના ગર્ભમાંથી બહાર નીકળ્યો ત્યારે એકલોજ હતો; તારી નજર આગળ અનેક માણસો સ્મશાનમાં ગયાં, તે બધાં એકલાંજ ગયાં; તે પ્રમાણે તું એકલોજ જઇશ. અશુભ કર્મનાં ફળ ભોગવવાં પડશે તો નરકમાંએ એકલો અને શુભ કર્મનાં ફળ ભોગવવાં પડશે તો સ્વર્ગમાં પણ એકલોજ હોઇશ ! ધન, વસ્ત્ર, મકાન, આભૂષણ, ભોજન, વગેરેમાંથી ભાગ લેનારા અનેક સ્વજન છે પણ કરેલાં કર્મોનો હિસ્સો લેવામાં તે કોઇ ભાગીદાર નથી.

(૬.) આ જગત રૂપી દેશમાં અનેક રસ્તે પરિભ્રમણ કરનારા અનંત જીવોમાંથી રસ્તે ચાલતાં ચાલતાં થોડા વખતને માટે કોઇ સ્ત્રી થઈ જાય છે, કોઇ પુત્ર થઈ જાય છે, એવા એવા ક્ષણિક સંબંધ બાંધતાં બાંધતાં પુદ્ગળ પરાવર્તનના ચક્કરમાં કયાંના કયાં નીકળી

જાય છે, પાછો એનો પ-તો પણ લાગવો મુશ્કેલ છે; તેમ હે જીવ! તેં પણ કોઇનો બાપ, કોઇનો પુત્ર, કોઈની સ્ત્રી, વગેરે રૂપો ધારણ કર્યા, અને છોડયાં, હાલ તે તને ઓળખે નહિ, તું તેને પિછાણે નહિ, એવા એવા વિચારો તારી નજર આગળ રમ્યા થાય છે છતાં તને એકત્વપણાનો ભાસ પણ થતો નથી એ કેવું આશ્ચર્ય !!

સારાંશ એ છે કે–હે આત્મા, સર્વ જગતના પદાર્થો તારાથી સાવ જૂદા છે, અને તું તેનાથી જૂદો છે; તારે ને એને જરા પણ સંબંધ નથી; તેથી હવે તું તારા શુદ્ધ મૂળ સ્વરૂપને ઓળખી ખાત્રી કર કે હું શુદ્ધ છું, હું સત્ય છું, હું ચિદાનંદી છું. હમેશાં આ પ્રમાણેના ધ્યાનમાં લુબ્ધ થા તો જરૂર તે રૂપે બની જા.

ચતુર્થ પત્ર—"સંસારાનુપ્રેક્ષા."

"संसरति इति संसारः" જેમાં પરિભ્રમણ કરવાનું છે તે સંસાર અને તે સંસારના સ્વરૂપનો વિચાર તે **સંસારાનુપ્રેક્ષા.** સંસાર ચાર તરેહનો છે તે ચાર તરેહને ચાર ગતિ કહે છે. એ ચાર ગતિમાં ગમન ને આગમન એટલે ગતાગત થયાં કરે છે. ચાર ગતિનું વર્ણન આ પ્રમાણે છે.

(૧) **નરકગતિ**–**ન**=નહિ, **અર્ક**=સૂર્ય, અર્થાત્ જ્યાં સૂર્ય નથી, એવું અંધકારમય સ્થાન તે **નરકગતિ.** એ નરકગતિ કે તમ ગતિનાં * સાત સ્થાન અધોલોકમાં એકેકની નીચેછે. તેનાં નામ (૧) ÷**રત્નપ્રભા**–શ્યામ રંગનાં રત્નમય ભયંકર સર્વ સ્થાન. (૨) **શર્કરપ્રભા**–તરવારથી પણ અતિતીક્ષ્ણ સર્વ સ્થાન. (૩) **વાલુપ્રભા**–ભાડભું-જાના વાસણની રેતીથી પણ અત્યંત ગરમ સર્વ સ્થાન-(૪) **પંક-**

---

* ઘણાં શાસ્ત્રોમાં નરકગતિનું તમગતિ પણ નામ છે.

÷ ઘમ્મા, વંશા, શીલા, અંજણા, રિષ્ટા, મઘ્ઘા, માધવઇ, એ સાત નરકગતિનાં નામ છે, અને ઉપર જે અર્થ સહિત વર્ણન કર્યું છે તે નરકગતિનાં (રત્નપ્રભા વગેરે) સાત ગોત્ર છે.

પ્રભા–રક્ત, માંસ, પરૂના કાદવથી ભરેલાં સર્વ સ્થાન. (૫) **ધુમપ્રભા** રાઈ, મરચાંના ધૂમાડાથી પણ અધિક તીક્ષ્ણ ધૂમ્રમય સર્વ સ્થાન. (૬) **તમપ્રભા**—વાદળાંથી છવાયેલી ભાદરવા મહિનાની અમાસની રાતથી પણ અતિ અંધકારમય સર્વ સ્થાન. (૭) **તમ તમાપ્રભા**-અતિ ઘનઘોર અંધકારમય સર્વ સ્થાન--આ સાત નરકનાં **ગોત્રનાં ગુણનિષ્પન્ન** નામ છે. એ સાત નરકના બેતાલીસ આંતરા એટલે ખાલી જગ્યા છે, એગણુ પચાસ પાથડા એટલે નારકીને રહેવાની જગા છે, અને ચોરાસીલાખ નરકાવાસ એટલે નારકીનાં ઉત્પતિ સ્થાન છે. એમાં રહેલા સમદ્રષ્ટિ જીવ તો પોતાના કરેલાં કર્મનો ઉદય જાણી સમભાવથી દુઃખ રૂપી ફળ ભોગવે છે, અને મિથ્યા-દ્રષ્ટિ જીવ તો હાય હાય, ત્રાહ્ય ત્રાહ્ય કરી દુઃખ ભોગવે છે.

એ નરકમાં ત્રણ પ્રકારની **વેદના** છે. (૧) **પરમાધામીકૃત** (યમદેવથી થતી), (૨) **સ્વકૃત** (પોતાની કરેલી), અને (૩) **ક્ષેત્રવેદના.** (૧) **પરમાધામીકૃત વેદના**–પરમાધામી દેવ ૧૫ જાતના છે (૧) **અંબ**-તે નારકીને કેરીની પેઠે મસળે છે. (૨) **અંબરસ**–જેમ કેરીનો રસ કાઢવામાં આવે છે તેમ નારકીનાં રકત, માંસ, હાડકાં નોખાં નોખાં કરે છે. (૩) **શામ**-પ્રહાર કરે છે. (૪) **સબળ**—માંસ કાઢે છે. (૫) **રૂદ્ર**—શસ્ત્રથી ભેદી નાંખે છે. (૬) **મહારૂદ્ર**--કસાઈની પેઠે કડકે કડકા કરી નાંખે છે. (૭) **કાળ**--અગ્નિમાં પકવે છે. (૮) **મહાકાળ**–ચીપોઆથી ચામડી અને માંસ તોડે છે. (૯) **અસિપત્ર**--શસ્ત્રથી કાપે છે. (૧૦) **ધનુષ્ય**--શિકારીની પેઠે ધનુષ્ય અને બાણથી ભેદે છે. (૧૧) **કુંભ** —નરકની કુંભીમાં પકવે છે. (૧૨) **વાલુ**—ભાડ ભુંજાની પેઠે ઊની રેતીમાં ભુંજે છે. (૧૩) **વૈતરણી**—અત્યંત ઊના રસથી ભરેલી વૈતરણી નામની નદીમાં નાંખે છે. (૧૪) **ખરસ્વર**—શસ્ત્રથી પણ અતિ તીક્ષ્ણ પાંદડાંવાળાં શાલ્મલી વૃક્ષની નીચે બેસાડી તેને **માથે પાંદડાં નાંખે છે. (૧૫) મહાઘોષ**—અંધારી કોટડીમાં ઠાં-

સોઠાંસ ભરે છે. આ તો પરમાધામીનાં નામનું ગુણથી વર્ણન કર્યું. પણ એ સિવાય બીજાં પણ અનેક જાતનાં દુઃખોથી નારકીને પૂર્વે કરેલાં પાપ પ્રમાણે ફળ આપે છે. જેમકેઃ—**માંસભક્ષી જીવને**–તેનુંજ માંસ તોડીને ખવરાવે છે, **મદિરા પીનારને**—સીસું ગરમ કરી પીવરાવે છે, **પર સ્ત્રી લોગીને**—લોઢાની ગરમ કરેલી પુતળી સાથે સંગમ કરાવે છે, **હિંસકને**—જેવી હિંસા કરી હોય તે પ્રમાણે મારે છે; ઇત્યાદિ અનેક દુઃખો નારકીઓને આપે છે. તે બિચારા પરાધીન થઇ આક્રંદ કરતા કરતા સહન કરે છે.

(૨) **સ્વકૃત વેદના**—ત્રીજી નરક પછી પરમાધામી જઇ શકતા નથી. નારકીઓ પોતે એક જાતનાં વિકરાળ જંગલી તથા ખરાબ રૂપવાળા બનીને શેરીમાં નવો કૂતરો આવવાથી જેમ બીજાં કૂતરાં તૂટી પડે છે, તેમ અંદર અંદર લડે છે, મારે છે, અને હાય ત્રાહ્ય કરે છે.

(૩). **ક્ષેત્રવેદના**—એ વેદના ૧૦ જાતની છે· (૧) **અનંતક્ષુધા**—નરકના એક જીવને જગતના ખાવા યોગ્ય તમામ પદાર્થ ખવરાવવામાં આવે તોપણ ધરાય નહિ; છતાં ત્યાં આખી ઉમર એક પણ દાણો ખાવા મળે નહિ. (૨) **અનંત તૃષા** ÷ સર્વ જગતનું પાણી પીએ તોપણ તરસ છીપે નહિ છતાં પીવા એક ટીપું પાણી મળે નહિ. (૩) **અનંત શીતળતા**–લાખ મણનો લોઢાનો ગોળો વિખરી જાય એવી ઠંડક, ઉષ્ણ યોનિસ્થાનમાં છે. (૪) **અનંતઉષ્ણતા**–લાખ મણનો લોઢાનો ગોળો ગળીને રસરૂપ

÷પહેલીથી ત્રીજી નરક સુધી એકલા શીતયોનિયા નારકી, ચોથીમાં શીતયોનિયા વિશેષ અને ઉષ્ણ યોનિયા થોડા, પાંચમીમાં ઉષ્ણ યોનિયા વિશેષ અને શીત યોનિયા થોડા, અને છઠ્ઠી તથા સાતમી નરકમાં ફકત ઉષ્ણ યોનિયા છે. જ્યાં શીત યોનિઆ ઉત્પન્ન થાય છે ત્યાં ઉષ્ણતાની વેદના થાય છે, અને જ્યાં ઉષ્ણયોનિયા ઉત્પન્ન થાય છે ત્યાં શીતળતાની વેદના થાય છે.

પાણી થઈ જાય એવી ગરમી શીતયોનિ સ્થાનમાં છે. (૫) **અનંતદાહજ્વર** (૬) **અનંતરોગ**--બધા રોગોથી નારકીનું શરીર બિમાર છે. (૭) **અનંત ખુજલી** (ચળ) (૮) **અનંત-નિરાધાર** (૯) **અનંતશોક**-(ચિંતા) -**અનંતભય**-સદા ભય-ભીત રહે છે. આ ૧૦ પ્રકારની વેદના સ્વભાવથીજ હોય છે.

આવાં દુઃખમય સ્થાનોમાં આપણો જીવ અનંતીવાર ઉપજીને દુઃખ ભોગવી આવ્યો છે.

(૨) -**તિર્યંચ ગતિ**--વાંકાચુકા બહુજ વધવાથી તિર્યંચ (પશુ) કહેવામાં આવે છે. એના ૪૮ ભેદ છે. પૃથ્વીકાય, **અપકાય, તેઉકાય,** અને **વાયુકાય** એ ચારમાંના દરેકના સૂક્ષ્મ[૧] ને **બાદર**[૨] એમ બે ભેદ ગણતાં ૮ અને એ આઠમાંથી દરેકના **પ્રજાપ્તા**[૩] અને **અપ્રજાપ્તા**[૪] એવા બબ્બે ભેદ ગણતાં ૧૬ ભેદ થયા; વનસ્પતિના **સુક્ષ્મ, સાધારણ**[૫] અને **પ્રત્યેક**[૬] એ ત્રણ ભેદમાંના દરેકના **પ્રજાપ્તા અને અપ્રજાપ્તા** ગણતાં ૬ ભેદ થાય; **બેઇન્દ્રિય તેઇન્દ્રિય** અને **ચોરેંદ્રિય** એ ત્રણ વિકલેંદ્રિયના **પ્રજાપ્તા** અને **અપ્રજાપ્તા** ગણતાં ૬ ભેદ થાય; **જળચર,**[૭] **થળચર**[૮] [૯] **ખેચર** [૧૦] **ઉરપર** [૧૧] **ભુજપર** એ પાંચ પચેંદ્રિય તિર્યંચના [૧૨] **સંજ્ઞી** અને [૧૩] **અસંજ્ઞી** એવા બબ્બે ભેદ થતાં દસ અને એ દસના **પ્રજાપ્તા** અને

---

*૧ દ્રષ્ટિએ ન આવે એવા. ૨ દ્રષ્ટિથી જણાય એવા. ૩ જે સ્થાનમાં જેટલી પ્રજા છે તેટલી પૂરેપૂરી બાંધે તેને પ્રજાપ્તા જીવ કહે છે. ૪ જેસ્થાનમાં જેટલી પ્રજા છે તેટલી પૂરી ન બાંધે તેને અપ્રજાપ્તા જીવ કહે છે. એક શરીરમાં અનંત જીવ હોય તે. ૬ એક શરીરમાં એક જીવ હોય તેવા. ૭ પાણીમાં રહેનારા મચ્છ વગેરે જીવ. ૮ પૃથ્વીપર ચાલનારા ગાય, ભેંસ વગેરે જીવ. ૯ આકાશમાં ઉડનાર પંખી વગેરે. ૧૦ પેટથી ઘસડાઇ ચાલનારા જીવો સર્પ વગેરે. ૧૧ ભુજાથી ચાલે તે ઉંદર વગેરે. ૧૨ જે માત પિતાના સંજોગથી ઉપજે અને જેને મન હોય તે. ૧૩ માતપિતાના સંયોગ વગર સ્વભાવિક રીતે ઉપજે અને જેને મન ન હોય તે અસંજ્ઞી.

અપર્યાપ્તા ગણતાં ૨૦ ભેદ થાય. કુલ ૧૬+૬+૬+૬+૨૦ મળી ૪૮ ભેદ તિર્યંચગતિના છે.

આ બિચારા જીવો કર્માધીન બની પરવશ પડયા છે. બિચારા **પૃથ્વીકાય**ને એટલે માટીને ખોદે છે, તોડે છે, છાણ વગેરે તેમાં મેળવી નિર્જીવ કરે છે. **અપ્કાય** એટલે પાણીને ગરમ કરે છે, નાવણ ધોવણ વગેરે ઘર કામમાં વાપરે છે, ઢોળી દે છે, ક્ષાર વગેરે મેળવી નિર્જીવ કરે છે. **અગ્નિકાય** એટલે દેવતાને પ્રજાળે છે. બૂઝાવે છે, પાણી, ધૂળ વગેરેથી નિર્જીવ કરે છે, **વાયુકાય** એટલે હવાને, પંખો નાંખવો, ખાંડવું, ઝાટકવું, સોવું, ઉઘાડે મોઢે બોલવું, વગેરેથી નિર્જીવ કરે છે. **વનસ્પતિ**ને છેદન, ભેદન, પચન, પીલન, બાળવું, મસાલા વગેરેનું નાંખવું, એમ અનેક રીતે નિર્જીવ કરે છે, **બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચોરેંદ્રિય** જીવો તો, માટી, પાણી, લીલી વનસ્પતિ લાકડાં, અનાજ, વસ્ત્ર, પાત્ર વગેરેને આશરે રહે છે તે **ગમનાગમન** કરતાં, **આરંભસમારંભ** કરતાં **ધૂપ, ધુમાડો,** વગેરે પ્રયોગથી **ટાઢ, તાપ, વરસાદ** વગેરે ઋતુથી, એમ અનેક રીતે ઉપજે છે અને મરે પણ છે. **જળચર** જીવો પાણી સૂકાવાથી, નવું પાણી આવવાથી, તથા મચ્છીમાર વગેરેના પ્રહારથી મરે છે. **સ્થળચર** અને **વનચર** પશુઓ, તો બિચારાં ટાઢ, તાપ, વરસાદ, ભૂખ, તરસ, સહન કરે છે, કાંટા, કાંકરા, કાદવ, કીચડવાળી જમીનમાં પોતાનું આયુષ્ય પૂરું કરે છે. ઘર અને લૂગડાં વગર નિર્બળ, રાંક, અનાથ બની ઘાસ ચારો વગેરે નિર્માલ્ય અને જેટલું મળ્યું તેટલું ખાઇ સંતોષમાં રહે છે. એવાં નિરપરાધી જીવોને પણ રસના લાલચુ અને નિર્દયી લોકો મારી નાંખે છે, બાંધે છે, અને અનેક રીતે પીડા ઉપજાવે છે. એવીજ રીતે ગામમાં રહેનારા ગાય, ભેંસ વગેરે સ્થળચર જીવો તો નિર્માલ્ય અને જેટલું આપે તેટલું ખાઇને રહેનારા, ખેતી વગેરે અનેક કામોમાં મદદગાર, દૂધ જેવા ઉત્તમ પદાર્થના દાતાર અને ધણીની આજ્ઞામાં ચાલનારા છતાં એ બિચારાંને પાપી

ને ભુલમી લોકો કઠણ બંધનથી બાંધે છે, ગજા ઉપરાંત ભાર ખેંચાવે છે અથવા માથે નાંખે છે, સખ્ત માર મારે છે, ઘણે દૂર સુધી ચલાવે છે, દુઃખથી, રોગથી, કે થાકથી બેભાન થઈ પડી જાય તો શ્વાસ રોકી (મુંગો દઈ) ઉઠાડે છે, પૂરું ખાનપાન ન આપતાં પૂરું કામ કરાવે છે અને સ્વાર્થ સરી રહે ત્યારે કૃતઘ્ની બની કસાઈ વગેરેને વેચી દે છે. કસાઈઓ તેને છેરથી કે શસ્ત્રથી અકાળે રીબાવી રીબાવીને મારે છે. એવા ગરીબ જીવોપર કરૂણા રાખનાર કોણ છે? એવી તિર્યંચ ગતિમાં આપણો જીવ અનંત વખત ઉપજીને દુઃખ ભોગવી આવ્યો છે.

(૩) **મનુષ્ય ગતિ**--મનની ઇચ્છા પ્રમાણે સાધન કરી શકે તે **મનુષ્ય**-એ મનુષ્યના ૩૦૩ ભેદ છે. [૧]**અસી, મસી** અને [૩] **કસી** એ ત્રણ ધંધાથી પોતાનું ગુજરાન ચલાવે તેને **કર્મ ભૂમિના મનુષ્ય** કહે છે. એ કર્મભૂમિના મનુષ્યની ઉત્પત્તિનાં ૧૫ ક્ષેત્ર છે. ૧ **ભરત**, ૧ **ઇરવત**, અને ૧ **મહાવિદેહ** એમ ત્રણ ક્ષેત્ર જંબુદ્વીપમાં છે. ૨ **ભરત** ૨ **ઇરવત** અને ૨ **મહાવિદેહ** એમ ૬ ક્ષેત્ર ધાતકી ખંડમાં છે અને એજ પ્રમાણે બાકીના હોવાથી ૬ ક્ષેત્ર પુષ્કરાર્દ્ધ દ્વીપમાં છે. એમ કર્મ ભૂમિનાં કુલ ક્ષેત્ર ૧૫ છે. ઉપર જણાવેલો ત્રણ પ્રકારનો વ્યાપાર કર્યા વિના દશ પ્રકારનાં* **કલ્પવૃક્ષ** થી જેની ઉપજીવિકા (ભરણ પોષણ) થાય છે તે **અકર્મ**-

---

× [૧] હથિયાર શાસ્ત્ર શીખીને [૨] લખવાના વેપારથી [૩] ખેતીના ધંધાથી.

(૧) મતંગાવૃક્ષ—મધુર રસ આપે, (૨) ભિંગાવૃક્ષ-વાસણ આપે, (૩) તુડિયંગા વૃક્ષ-વાજિંત્ર સંભળાવે, (૪) દિવવૃક્ષ-દિવાનો પ્રકાશ કરે, (૫) જોઇવૃક્ષ—સૂર્યની પેઠે પ્રકાશ કરે, (૬) ચિત્તગાવૃક્ષ-વિચિત્ર રંગના પુષ્પોના હાર આપે, (૭) ચિત્તરસા વૃક્ષ-ઇચ્છિત ભોજન આપે, (૮) મણવેગા વૃક્ષ-રત્ન જડિત ભૂષણ આપે (૯) ગિહગારા-રહેવાને માટે સારૂં મકાન આપે, અને (૧૦) અણિયગણાઓ વૃક્ષ--શ્રેષ્ટ વસ્ત્ર આપે. ત્રીશ-અકર્મ ભૂમિ અને છપન અંતર દ્વીપમાં રહેનારાં મનુષ્યોની આ દશ પ્રકારના કલ્પવૃક્ષોથી ઇચ્છા પૂરી થાય છે.

ભૂમિનાં મનુષ્ય કહેવાય છે. તેને ઉપજવાનાં ૩૦ ક્ષેત્ર છે. ૧ હેમવય, ૧ હિરણ્યવય, ૧ હરિવાસ, ૧ રમકવાસ, ૧ દેવકુરૂ, ૧ ઉત્તરકુરૂ એમ છ ક્ષેત્ર જંબુ દ્વીપમાં, એવાં બબ્બે હોવાથી બાર ક્ષેત્ર ધાતકી ખંડમાં અને તેટલાંજ એટલે ૧૨ ક્ષેત્ર પુષ્કરાર્દ્ધ દ્વીપમાં છે તેથી કુલ ૬+૧૨+૧૨ મળી ૩૦ ક્ષેત્ર **અકર્મભૂમિ મનુષ્યનાં** છે. જંબુદ્વીપના ચુલહીમવંત અને શિખરી પર્વતમાંથી ચાર ચાર દાઢો (ખુણા) લવણ સમુદ્રમાં ગયેલ છે. એ અકેક દાઢપર સાત સાત દ્વીપ છે તેથી કુલ ૫૬ અંતર-દ્વીપ થાય તેમાં **અકર્મભૂમિ જેવાં મનુષ્ય** રહે છે. એ પ્રમાણે ૧૫, ૩૦, ૫૬ મળીને ૧૦૧ ક્ષેત્ર મનુષ્યનાં છે. એ ૧૦૧ ક્ષેત્રમાં જે માણસો ઉત્પન્ન થાય છે તેના પણ **પ્રજાપ્તા** અને **અપ્રજાપ્તા** એવા બે ભેદ છે તેથી ૨૦૨ ભેદ થયા, અને એજ ૧૦૧ ક્ષેત્રમાંના મનુષ્યની +૧૪ પ્રકારની અશુચિમાં **અપ્રજાપ્તા મનુષ્ય** ઉપજે છે તે ૧૦૧ ગણુતાં કુલ ૩૦૩ ભેદ મનુષ્યના થયા. એ ૧૪ સ્થાનકના અપર્યાપ્તા જીવને **સમૂર્છિમ મનુષ્ય** એટલે સ્વભાવથી ઉત્પન્ન થાય અને અપર્યાપ્તાજ મરે એવા કહે છે.

કર્મભૂમિનાં ક્ષેત્રોમાં મહાવિદેહ મૂકી બાકીનાં ૧૦ ક્ષેત્ર (૫ ભરત ને ૫ ઇરવત) માં છ આરાની પ્રવૃત્તિ થતી હોવાથી

+એ ૧૪ ચૌદ સ્થાનક આ પ્રમાણે છેઃ-(૧) ઉચ્ચાર—વિષ્ટામાં, (૨) પાસવણ-મૂત્રમાં, (૩) ખેળ-બળખામાં. (૪) સંઘાણુ—નાકની લીટ એટલે શેડામાં, (૫) વંત—ઉલટીમાં, (૬) પિત્ત-પિત્તમાં, (૭) પુય-પરૂમાં, (૮) સોણિય—લોહીમાં, (૯) સુક્ક-શુક્ર એટલે વીર્યમાં, (૧૦) સુક્ક પોગળ પરિસાડિય—વીર્યાદિકનાં પુદ્ગળ સૂકાયેલાં હોય તે પાછાં ભીનાં થાય તેમાં, (૧૧) વિગય જીવ કલેવર-મૃતક મનુષ્યના કલેવરમાં, (૧૨) ઇત્થિ પુરિસ સસંજોગ—સ્ત્રી પુરૂષના સંજોગમાં, (૧૩) નગર નિધમણ-નગરની ખાળમાં, (૧૪) સવ્વેસુચેવ અસુઇઠાણે—લોકનાં એટલે મનુષ્યનાં સર્વે અશુચિનાં સ્થાનમાં એ ૧૪ સ્થાનમાં પડેલી અશુચિ શીતળ થાય કે તરત સમૂર્છિમ અસંખ્યાત મનુષ્ય ઉત્પન્ન થાય છે.

કયારેક પુદ્ગલિક સુખની વૃદ્ધિ અને કયારેક હાનિ થાય છે; સદા એક સરખું ન રહેવું એ પણ દુઃખનુંજ કારણ છે. પાંચે મહાવિદેહ ક્ષેત્રમાં તેા સદા ચેાથેા આરેા (કાળ) પ્રવર્તે છે ત્યાં પણ વિચિત્ર પ્રકારનાં મનુષ્યેા છે; ટુંકામાં જ્યાં કર્મ કરીને ઉપજીવિકા કરવામાં આવે છે ત્યાં દુઃખજ છે. (૧) **અસિ**—હથિયારેાથી ઉપજીવિકા કરનારા લેાકેા. તેમાં કસાઈ થઈને બિચારા ગરીબ નિરપરાધી જીવેાની ઘાત કરી, મહાપાપ બાંધે છે, સિપાઈ બનીને અપરાધી અને નિરપરાધીને વિના કારણ પણ મારે છે, કેટલાક રાજાએા મહાભારત સંગ્રામ કરે છે, તેા કેટલાક પેાતાનાજ કુટુંબનેા સંહાર કરે છે, તેમાં એકેંદ્રિયાદિક હલકા જીવેાનેા જે સંહાર થાય તેની તેા વાતજ શી કરવી ? શસ્ત્ર છે તે અનર્થનુંજ કારણ છે. શસ્ત્ર હાથમાં આવ્યું કે તરતજ મનનાં પરિણામ હિંસામય થાય છે. (૨) **મસિ**—લેખક (લહીઆ) વગેરેનાં કામેા કરી ઉપજીવિકા કરનારા વણિક વગેરે કસાઇ, માળી, કલાલ એએા દાણાનેા, લેાઢાનેા, ધાતુનેા વગેરે અયેાગ્ય વેપાર કરી ગજા ઉપરાંત વજન ઉઠાવે છે, ગામડામાં ભટકે છે અને ગુલામી કરે છે. એવાં એવાં મહાકષ્ટેા સહન કરે છે. (૩) **કૃષિ**—કૃષિ એટલે ખેતીનું કામ કરી ગુજરાન ચલાવનાર. ખેડના કામમાં એકેંદ્રિયથી પચેંદ્રિય લગીના જીવેાની ઘાત થાય છે. ટાઢ, તાપ, ભૂખ, તરસ વગેરે મહા દુઃખેા સહન કરે છે, મહા મહેનતથી ત્રણે ઋતુ ગુજારે છે. ચાલુ જમાનાની સ્થિતિનેા ખ્યાલ કરી જોતાં સાફ જણાય છે કે જ્યાં દ્રવ્ય છે તેા ત્યાં બાળ બચ્ચાં હેાતાં નથી, બાળબચ્ચાં હેાય છે તેા દ્રવ્યની અંતરાઈ હેાય છે, અને ધન તથા કુટુંબ બંને હેાય છે તેા સંપ અને શાંતિ હેાતી નથી. કેટલાકને શરીર રેાગી, લેણુ દેણુ, આબરૂની ખટપટ વગેરે અનેક દુઃખ ભેાગવવાં પડે છે. કેટલાક એવા તેા ગરીબ અને લાચાર હેાય છે કે તેને કુટુંબનેા નિર્વાહ કરવાનું તેા બાજુપર રહ્યું પણ પેાતાનું પેટ ભરવાની ભારે મુસીબત વેઠવી પડે છે. કેટલાંક અંગ ઉપાંગ વગરનાં લૂલાં, લંગડાં, આંધળાં, બહેરાં હેાય છે. કેટલાક અનાર્ય

મ્લેચ્છ દેશોમાં ઉત્પન્ન થઈને નામ માત્ર મનુષ્ય હોય છે પણ તેનાં કર્મો તો પશુઓથી પણ ખરાબ હોય છે. તેઓ ધર્મના નામમાં પણ સમજતાં નથી, મનુષ્યનો આહાર કરે છે, નાગા ફરે છે. માતા, બ્હેન, પુત્રી વગેરે સાથે વ્યભિચાર કરવામાં પાછી પાની કરતા નથી, અને જંગલમાં ભટકી ભટકીને જન્મ પૂર્ણ કરે છે. **અકર્મભૂમિના** ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલાં દેવકુરૂ અને ઉત્તરકુરૂ ક્ષેત્રમાંનાં મનુષ્યોમાં સુખની ઉત્કૃષ્ટતા છે, હરિવાસ, રમકવાસમાં સુખની મધ્યમતા છે, અને હેમવય, હિરણ્યવયમાં સુખની કનિષ્ટતા છે. પણ ધર્મ રહિત ભદ્રિક પરિણામી હોઈને પૂર્વનાં પુણ્યના પ્રતાપે મળેલાં દશ પ્રકારનાં કલ્પવૃક્ષોના જોગથી સુખ ભોગવી તે મરી જાય છે.

અંતરદ્વીપમાં રહેનારા મનુષ્ય—નામ માત્ર મનુષ્ય છે. પાણીમાં આવેલા ડુંગરોમાં તથા વનમાં રહે છે, શરીર માણસના જેવું હોઇને કેટલાંકનાં મુખ, હાથી, ઘોડા, સિંહ, ગાય જેવાં હોય છે. એ મિથ્યાદ્રષ્ટિ છે, પુણ્યોદયથી એની પણ ઈચ્છા કલ્પવૃક્ષ પૂરે છે.

સમૂર્છિમ મનુષ્ય–ફકત મનુષ્યમાંથી નીકળતા અશુચિ પદાર્થ મળ, મૂત્ર, રકત વગેરેમાં થાય છે જેથી તેને મનુષ્ય કહે છે. એ મનુષ્ય નજરે ન દેખાય તેવાં સૂક્ષ્મ રૂપથી એક સ્થાનમાં ભેળાં અસંખ્ય ઉપજે છે અને તુરતજ મરે છે. ઝાડા ઉપર ઝાડો, પેશાબ ઉપર પેશાબ વગેરે ક્રિયાથી એ જીવોની હિંસા હરઘડી થાય છે. એવા દુઃખમય સ્થાનમાં આપણો જીવ અનંત વિટંબણા ભોગવી આવ્યો છે.

માણસના જન્મમાં દુઃખ ઘણાં છે છતાં તેને ઉત્તમ કહેવાનું કારણ એજ છે કે તેમાં તીર્થંકર, સાધુ, શ્રાવક વગેરે બને છે અને મનુષ્ય જન્મ વિના મોક્ષે જવાતું નથી.

(૪) **દેવગતિ**—દિવ્ય એટલે ઉચ્ચગતિવાળા તે દેવતા તેની **૧૯૮ જાત છે.**

(૧) **અસુરકુમાર**, (૨) **નાગકુમાર**, (૩) **સુવર્ણકુમાર**, (૪) **વિદ્યુત્‌કુમાર**, (૫) **અગ્નિકુમાર**, (૬) **ઉદધિકુમાર**, (૭) **દ્વિશાકુમાર**, (૮) **દ્વીપકુમાર**, (૯) **પવનકુમાર**, અને (૧૦) **સ્થનિતકુમાર.** એ દશ અને પ્રથમ ૧૫ **પરમાધામી** (=યમ) દેવતાનાં નામ કહ્યાં તે મળી કુલ ૨૫ **ભવનપતિની જાતના** દેવતા છે. એ દેવતા પહેલી નરકના આંતરામાં રહે છે.

(૧) **પિશાચ**, (૨) **ભૂત**, (૩) **યક્ષ**, (૪) **રાક્ષસ**, (૫) **કિન્નર**, (૬) **કિંપુરૂષ**, (૭) **મહોરગ**, (૮) **ગંધર્વ**, (૯) **ઇસીવાઇ**, (૧૦) **ભૂઇવાઇ**, (૧૧) **આણુપન્ની** (૧૨) **પાણુપન્ની**, (૧૩) (૧૩) **કંદિય**, (૧૪) **મહાકંદાય**, (૧૫) **કોહંડ**, (૧૬) **પયંગદેવ** એ સોળ વાણુવ્યંતર તથા (૧) **આણુજંભકા**, (૨) **પાણુજંભકા**, (૩) **લયણજંભકા**, (૪) **શયણુજંભકા**, (૫) **વત્થજંભકા**, (૬) **પત્તજંભકા**, (૭) **પુષ્પજંભકા**, (૮) **ફળજંભકા**, (૯) **બીજજંભકા**, (૧૦) **અવિયતજંભકા**, એ દશ જંભકા મળી ૨૬ ભેદ **વાણુવ્યંતર જાતિના દેવના** થયા, એ પહેલી નરકની ઉપર અને ત્રિછા લોકની પૃથ્વીની નીચે રહે છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, એ પાંચ અઢીદ્વીપની અંદર ફરતા ચાલે છે, અને એજ નામની ૫ જાત અઢીદ્વીપની બહાર **સ્થિર છે**; એ ૧૦ ને **જ્યોતિષી દેવ** કહે છે.

(૧) *ત્રણુપલ્લિયા, (૨) ત્રણુ સાગરીઆ અને (૩) **તેર સાગરીઆ**, એ ત્રણ કિલ્બિષી નામના નીચ જાતિના દેવ છે.

---

* ત્રણ પલ્યના આયુષ્ય વાળા કિલ્બિષી દેવ જ્યોતિષીની ઉપર રહે છે, ત્રણ સાગરના આયુષ્ય વાળા બીજા દેવ લોકની ઉપર અને ત્રીજા દેવ લોકની નીચે રહે છે, અને તેર સાગરના આયુષ્ય વાળા, છઠ્ઠા દેવ લોક ની પાસે રહે છે. એ વિરૂપ ને હીનસ્થિતિવાળા દેવો છે. ચાર તીર્થને નિંદનાર, ધર્મ ઠગ, ધર્મ નિંદક છતાં કંઇક કરણી કરેલ તેના પ્રતાપે દેવયોનિમાં અવતાર લેછે.

(૧) **સુધર્મ**, (૨) **ઇશાન** (૩) **સનકુમાર**, (૪) **મહેંદ્ર**, (૫) **બ્રહ્મલોક**, (૬) **લાંતક**, (૭) **મહાશુક્ર**, (૮) **સહસ્રાર** (૯) **આણુત**, (૧૦) **પ્રાણુત**, (૧૧) **આરણુ** અને (૧૨) **અચ્ચુય** એ બાર **દેવલોક** છે.

(૧) **સારસ્વત**, (૨) **આદિત્ય**, (૩) **વન્હિ**, (૪) **વરૂણુ**, (૫) **ગદ્દતોયા**, (૬) **તુષિયા**, (૭) **અવ્યાબાહા** (૮) **અગ્ગિચ્ચા**, (૯) **રિઠ્ઠા**, એ **નવ લોકાંતિક** ઊંચ જાતિના દેવ છે.

(૧) **ભદ્દે**, (૨) **સુભદ્દે**, (૩) **સુજાએ**, (૪) **સુમાણુસે** (૫) **પિયદંસણે**, (૬) **સુદંસણે**, (૭) **આમોહે**, (૮) **સુપડિબદ્ધે** (૯) **જસોધરે** એ ૯ **ગ્રેવેયક**ના દેવ છે.

(૧) **વિજય**, (૨) **વિજયંત**, (૩) **જયંત**, (૪) **અપરાજીત** (૫) **સર્વાર્થસિદ્ધ**, એ પાંચ **અનુત્તર વિમાનવાસી** દેવ છે.

એ પ્રમાણે ૨૫, ૨૬, ૧૦, ૩, ૧૨, ૯, ૯, ૫ મળીને ૯૯ જાતના દેવતા થયા તે દરેકના **અપર્યાપ્તા** અને **પર્યાપ્તા** એમ બે ભેદ પાડતાં ૧૯૮ ભેદ દેવતાના થયા.

બીજી ગતિ કરતાં દેવ ગતિમાં સુખની વિશેષતા છે. બધા દેવતા વૈક્રેય શરીરના ધરનાર, જેટલાં અને જેવાં રૂપો કરવાં હોય તેટલાં અને તેવાં મરજીરૂપ કરનારા, નિરોગી, મહાદિવ્ય અને સદા તરૂણ શરીરવાળા છે. **જઘન્ય** (થોડામાં થોડી) ૧૦ હજાર વર્ષની અને **ઉત્કૃષ્ટ** ૩૩ સાગરોપમની આવરદાના ધરનાર છે. સેંકડો હજારો વર્ષો વીતતાં ભૂખ લાગે તો તરત દશો દિશામાંથી શુભ પુદ્ગળોનો આહાર **રોમેરોમથી** ગ્રહણ કરી તૃપ્ત થાય છે. એમનું વિષય સુખ પણ અનુપમ અને સેંકડો હજારો વર્ષ સુધીનું હોય છે. એમનાં સામાન્ય નાટકમાં બે **હજાર વર્ષ** અને મોટા નાટકમાં **દશ હજાર વર્ષ** વ્યતીત થાય છે. દેવલોકમાં **રાત નથી**, સદા **મહા પ્રકાશજ** થઇ રહે છે.

આ પ્રમાણે ઘણાં સુખો દેવતા ભોગવે છે તો પણ તેઓ દુઃખી છે, કારણ કે એક તો ક્ષુધાવેદનીનું દુઃખ અને બીજું સૌ દેવનાં સુખ એક સરખાં નહિ. કેટલાક દેવ ઈંદ્ર છે, કેટલાક **ત્રાયસ્ત્રિંશક** એટલે ઇંદ્રના ગુરૂ દરજ્જાના દેવ છે, કેટલાક **સામાનિક** (ઇંદ્રના બરોબરીઆ) છે, કેટલાક **આત્મરક્ષક** એટલે પહેરેગીર છે, કેટલાક **પરિષદના દેવ** છે, કેટલાક **અણિકા** (સૈન્યના) દેવ છે, કેટલાક ગાયન કરનાર **ગંધર્વ** દેવ છે, કેટલાક **નાટકીઆ** એટલે નાચ કરનારા દેવ છે, કેટલાક **અભોગી** એટલે નોકર દેવ, અને બાકીના અનેક વિમાનના પ્રકીર્ણ દેવ; એ પ્રમાણે ૧૦ પ્રકારના દેવો બાર દેવ લોક સુધી છે; આ દેવોમાં જેઓ વિશેષ ઋદ્ધિના ધણી છે તેમને દેખીને થોડી ઋધિવાળા દેવો શરમાય છે, પશ્ચાત્તાપ કરે છે કે હાય! હું એના જેવો કેમ ન થયો !? કેટલાક **વ્યભિચારી દેવો** બીજા દેવતાની રૂપવાન દેવીનું તથા વસ્ત્રા ભૂષણનું હરણ કરે છે, તેને ઇંદ્ર મહારાજ શિક્ષા માટે વજ્ર પ્રહાર કરે છે, જેથી તે છ મહિના લગી મહા વેદના ભોગવે છે. વળી સૌથી મોટું દુઃખ તો **મરણનું** છે જે **મરણે દેવતાઓને** પણ છોડયા નથી. મોત આડા છ માસ રહે ત્યાં આળસ આવવા માંડે છે, પોતાના મહેલ, વસ્ત્ર, ઘરેણાંનું તેજ ઝાંખું જણાય છે, તેમજ તે ગમતાં નથી, ચિત્તમાં શંકા પડવા માંડે છે, ફૂલની માળા કરમાયેલી જણાય છે, વગેરે ચિહ્નોથી પોતાનું મોત નજીક આવ્યું જાણી વિચારમાં પડી જાય છે. એ વિચારમાંને વિચારમાં બોલવા માંડે છે કે હાય હાય! આવાં સુખોને છોડી મારે અશુચિમય સ્થાનમાં ઉપજવું પડશે, એ વગેરે વચનોથી મહા શોક સાગરમાં ડૂબી રહી પોતાનું બાકીનું આયુષ્ય પૂર્ણ કરે છે. બારે દેવ લોકની ઉપરના દેવતા **અહમેંદ્ર** એટલે **સ્વતઃ માલિક** છે. તે પણ ભૂખ અને **મોતની પીડા** વગેરે માનસિક દુઃખ ભોગવે છે. પાંચ અનુત્તર વિમાન સિવાયનાં તમામ સ્થાનોમાં આપણો જીવ અનંત

વખત ઉપજીને મૃત્યુ પામી તમામ પ્રકારની વિટંબના ભોગવી આવ્યો છે.

આ ચાર ગતિના દુઃખોનું ટુંકામાં વર્ણન કર્યું. **નરક** અને **નિગોદનાં** દુઃખો અપાર છે. આ પ્રમાણે આ સંસાર દુઃખથી સંપૂર્ણ ભરેલો છે અને એ દુઃખો આપણા જીવે અનંતીવાર સહન કર્યા છે.

गाथा—धी धी धी संसार, देवो मरिउण जं तिरीयं होइ,
मरिउणं राय राया, परिपच्चइ निरय जालाए;

(જૈન વૈરાગ્ય શતક શ્લોક ૫૫).

અર્થ—કોઈને એક વખત કોઈને બે વખત ધિક્કાર દેવામાં આવે છે. પણ આ સંસારને તો **ત્રણ વખત ધિક્કાર** છે. કારણ કે **દેવતા જેવી મહા ઋદ્ધિવાળી**, ભારે સુખો ભોગવનારી જાતિને મરીને **પૃથ્વી પાણી, વનસ્પતિ** વગેરે **તિર્યંચ યોનિમાં** ઉપજવું પડે છે, અને રાજાઓના પણ રાજા એવા **ચક્રવર્તિ મહારાજાઓને** મરીને **નરકમાં** જવું પડે છે.

કેવી આશ્ચર્યની વાત છે કે—એક તરફ આહીં ચક્રવર્તિ મરણ પામતાં તેના શબરૂપી દેહને મસાણમાં લઈ જવા સારૂ શણગાર, ધામધુમ, વગેરે ક્રિયા, અર્ચા, કરે છે, અને બીજી તરફ તેનો જીવ જે નરકમાં ઉપજ્યો છે ત્યાં તેના શરીરને યમદેવ (પરમાધામી) તાડન મારણ કરે છે. જુઓ શું **શરીરના હાલ** અને શું **જીવના હાલ**! માટે મહાન પુણ્યના પ્રતાપે મનુષ્ય જન્મરૂપી દુર્લભ સામગ્રી જે તને મળી છે તેનાથી ભવ ભ્રમણથી છૂટવાના ઉપાયો કરી, અનંત, અક્ષય, આવ્યાબાધ, **મોક્ષ સુખ** મેળવવું જોઈએ.

આ ધર્મ ધ્યાનના ધ્યાનારની ચાર **અનુપ્રેક્ષા** એટલે **વિચારણાનું** સ્વરૂપ કહેવામાં આવ્યું. એ ચાર **અનુપ્રેક્ષામાં** રમણ કરવાથી ધર્મ ધ્યાનમાં એકાગ્રતાનો લાભ થાય છે.

"ધર્મ ધ્યાનનાં પુણ્ય અને ફળ."

આ ધર્મ ધ્યાનમાં એકાંતતા ન હોવાથી, એટલે પુદ્ગળ પરિણતિની મિશ્રતાવાળા વિચારો અને પ્રવૃત્તિ હોવાથી કર્મની સંપૂર્ણ નિર્જરા ન થતાં **પુણ્યની વિશેષતા** થાય છે. એ પુણ્યનાં ફળ ભોગવવાને માટે ધ્યાનની જેવી જેવી અધિકતા હોય તેવા તેવા ઊંચા સ્વર્ગમાં જીવનો નિવાસ થાય છે.

સ્વર્ગ (દેવલોકમાં) ઉત્પન્ન થવાને ઠેકાણે એક શય્યા (પલંગ) હોય છે અને એ પલંગ પર એક **દેવદુષ્ય** નામે વસ્ત્ર ઢાંકેલું જ હોય છે. અહીંથી શરીર છોડીને ધર્મ ધ્યાનીનો જીવ તે શય્યામાં જઈ ઉત્પન્ન થાય છે. અને એક મુહૂર્ત્ત પછી પૂરેપૂરી પ્રજ્ઞા બાંધી એ વસ્ત્રને ઓઢી શરીરને ઢાંકી બેઠો થાય છે. તેજ વખતે તેની સેવામાં હાજર રહેલાં દેવ દેવીઓ × અત્યંત હર્ષ અને ઉત્સાહની સાથે હાથ જોડી ઘણીજ નમ્રતાથી પૂછે છે કે, "આપે શું કરણી કરી કે જેથી અમારા સ્વામી થયા?" ત્યારે તે જીવ અવધિ જ્ઞાનથી * પૂર્વભવની સ્થિતિ જાણી અને દેવલોકની રિદ્ધિ સિદ્ધિથી ચકિત થઇ પોતાનાં પૂર્વભવનાં સંબંધીઓને ચેતાવવા તૈયાર થાય છે. તે વખતે બધાં દેવ દેવીઓ કહે છે કે હે નાથ, એક મુહૂર્ત્ત માત્ર અમારૂં નાટક જોઈ પછી આપની ઇચ્છામાં આવે તે કરો." તરતજ તેઓ **સામાન્ય નાટક** કરે છે જેમાં આ લોકનાં બે હજાર વર્ષ વીતી જાય છે તેટલા વખતમાં તો તે જીવનાં સંબંધીઓ તો મરી જાય છે પણ તેની કેટલીક પેઢીઓ પણ અહીં વીતી જાય છે. વળી દેવલોકમાં ગયેલો જીવ સુખમાં લુબ્ધ બનતાં પૂર્વભવને સ્થળે જવાનું ભૂલી પણ જાય છે.

બીજા દેવલોક ઉપરના બધા દેવો **અહમેંદ્ર** છે એટલે સર્વે સરખા છે—કોઇ મોટા નાના નથી. જેથી ત્યાં નાટક ચેટક કરનારા

× બીજા દેવલોક પછીના દેવલોક ઉપર દેવીઓ નથી.

* દેવતાને જન્મથીજ અવધિજ્ઞાન હોય છે.

કોઈ નથી. વળી બાર દેવલોક અને નવ ગ્રૈવેયકની ઉપરના દેવલોકમાં જૈન શુદ્ધાચારી, વિપુલજ્ઞાની સાધુ મુનિરાજનો જીવ ઉપજે છે. એ જીવ પહેલેથીજ અલ્પમોહી હોય છે, તેથી જ્ઞાન ધ્યાન સિવાય બીજા કામમાં તેની રૂચિ મંદ હોય છે. તે દેવ ઉત્પન્ન થયા પછી તરત સાવધાન થઇ પૂર્વે સંપાદન કરેલ જ્ઞાન ધ્યાનમાં મશગુલ બની જાય છે, અને તેનું વધારેમાં વધારે ૩૩ સાગરોપમનું આયુષ્ય પરમાનંદ અને પરમ સુખમાં વ્યતીત થાય છે. ત્યાંથી આવરદા પૂર્ણ કરી જ્યાં + દશ બોલનો જોગ હોય તેવો મનુષ્ય થાય છે. એવો જીવ મનુષ્ય અનેદ્વેવતાના મળી જઘન્ય ત્રણ અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) ૧૫ ભવ અગર તો સંખ્યાતા ભવ કરી શુકલધ્યાની બની મોક્ષ પ્રાપ્ત કરે છે.

પરમ પૂજ્યશ્રી કહાનજી ઋષિ મહારાજના સંપ્રદાયના બાળ બ્રહ્મચારી મુનિશ્રી અમોલખ ઋષિજી રચિત ધ્યાન કલ્પતરુની ધર્મધ્યાન નામની ત્રીજી શાખા સમાપ્ત.

+ (૧) ક્ષેત્ર, ઘર, ધન, પશુ ગાય વગેરે. (૨) મિત્ર ઘણા (૩) સગાંને જ્ઞાતિલા ઘણા, (૪) ઊંચ ગોત્ર, (૫) સુંદર શરીર, (૬) રોગરહિત, (૭) તીવ્રબુદ્ધિ, (૮) યશવંત, (૯) વિનયવંત, (૧૦) પરાક્રમી એ ૧૦ બોલનો જોગ હોય ત્યાં પુણ્યાત્મા જીવ અવતાર ધારણ કરે છે.

ઉપશાખા—"શુદ્ધ ધ્યાન."

गुप्तेंन्द्रियमनोध्याता, ध्येयं वस्तु यथास्थितम् ।
एकाग्रचिंतनं ध्यानं, फलं संवर निर्जरौ ॥१॥

અર્થ—શુદ્ધ ધ્યાન ધરનારાએ પોતાની પાંચે ઇન્દ્રિઓ અને મનને તાબે કરી, શુદ્ધ વસ્તુ તરફ એક ચિત્તથી અખંડ અભિન્નપણું રાખી ધ્યાન ધ્યાય છે. સંવર (નવાં પાપ ન થવા દેવાં) અને નિર્જરા (પૂર્વે થયેલાં પાપનો ક્ષય) એ બે એનાં ફળ છે. એ પ્રમાણે સર્વ પાપનો ક્ષય થતાં મોક્ષનાં અનંત, અભય, અને અવ્યાબાધ સુખો મળે છે. એ હેતુથી મુમુક્ષુ (મોક્ષની ઇચ્છા રાખનારાઓ) ને શુદ્ધ ધ્યાનની કેટલી બધી અગત્યતા છે તે જણાવે છે.

ઉપરના શ્લોકમાં શુદ્ધ ધ્યાન ધરવાને ઇન્દ્રિય અને મનને કબજે રાખવાની જરૂર બતાવી છે. હવે ઇન્દ્રિયો તો મનને સ્વાધીન છે; ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કેઃ-"**एगं जीअं, जीअं पंच**" અર્થાત્ એક મનને જીતવાથી પાંચે ઇન્દ્રિયો વશ થઈ જાય છે; વળી કહેલ છે કેઃ-"**मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः**" અર્થાત્ કર્મથી બાંધનાર અને કર્મથી છોડનાર એક મનજ છે, માટે *પ્રસન્નચંદ્રરાજઋષિની માફક મનને જીતવાની અતિશય જરૂર છે.

---

* **રાજગૃહી** નગરીનો શ્રેણિક મહારાજા ગુણશીલ નામે બાગમાં બિરાજતા શ્રી **મહાવીર** ભગવાનનાં દર્શન કરવાને માટે જતો હતો. માર્ગમાં **પ્રસન્નચંદ્ર** નામે રાજઋષિને સૂર્યના મહા તાપમાં અડોલપણે ધ્યાનારૂઢ દેખી આશ્ચર્ય ચકિત થયો. **મહાવીર સ્વામીની** પાસે જઈ નમસ્કાર કરી પ્રશ્ન પૂછ્યો કેઃ—

શ્લોક–असंशयं महाबाहो, मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौंतेय, वैराग्येण च गृह्यते. ॥१॥

ભગવદ્ ગીતા અ૦ ૬, શ્લોક ૩૫.

શ્રેણિક—મહારાજ, દુષ્કર તપ કરનાર એ સાધુજી આયુષ્ય પૂર્ણ કરી કયાં જશે ? **ભગ૦**—હમણાંજ મરે તો પહેલી નરકે. શ્રેણિક૦—શું પહેલી નરકે ? **ભગ૦**—નહિ બીજી નરકે. શ્રેણિક—હેં બીજી નરકે ? **ભગ૦**—નહિ ત્રીજી નરકે. શ્રેણિક—હેં ત્રીજી નરકે ?

આ પ્રમાણે શ્રેણિકરાજા આશ્ચર્યમાં આવી પ્રશ્ન કરતો ગયો. અને **પ્રભુએ** ચોથી, પાંચમી, છઠ્ઠી ઠેઠ સાતમી નરક સુધી જવાબ દીધો. શ્રેણિકે ફરી આશ્ચર્યમાં આવી જઇ પ્રશ્ન કર્યો, મહારાજ, આવા મુનિ સાતમી નરકમાં જાય ? ત્યારે **પ્રભુએ** ફરમાવ્યું કે નહિ છઠ્ઠીમાં. એમ શ્રેણિક રાજા આશ્ચર્ય પામી પૂછતો ગયો તેમ તેમ પ્રભુએ, પાંચમી, ચોથી ત્રીજી, બીજી, પહેલી, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, દેવલોક, ગ્રૈવેયક, અને અનુત્તર વિમાન એમ એક પછી એક નામો જવાબમાં દીધાં એટલે તરતજ આકાશમાં દેવદુંદભીના શબ્દો સંભળાયા. ત્યારે શ્રેણિક રાજાએ પૂછયું, મહારાજ, આ દુંદભી કેમ વાગે છે ? પ્રભુએ ફરમાવ્યું કે, એ **પ્રસન્નચંદ્ર રાજઋષિને** કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. એ સાંભળી **શ્રેણિકરાજા** અતિશય આશ્ચર્ય ચકિત થઇ પૂછવા લાગ્યો, મહારાજજી, આ ભારે અજાયબી ભરેલી વાત છે કે થોડીવાર પહેલાં આપ તેને સાતમી નરક લગી ઉપજવાનું ફરમાવતા હતા, અને હમણાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું એનું કારણ શું ? પ્રભુએ ફરમાવ્યું કે તમારામાંના એક સુભટે તે મુનિને જોઇને કહ્યું કે "આ સાધુ ધણો નિર્દય છે, કારણ કે પોતાના નાના બાળકને રાજકારભાર સોંપી પોતે સાધુ થયેલછે અને અત્યારે તે નાના બાળકને બીજો રાજા બહુ સતાવે છે." એ સાંભળતાંજ રાજઋષિ ક્રોધાતુર થઇ પોતાના પુત્રને સતાવનાર તે બીજા રાજા (પરચક્રી) સાથે મનમાં ને મનમાં સંગ્રામ કરવા મંડયો. હે **શ્રેણિક રાજા**, જે વખતે તું પૂછતો હતો તે વખત તેને માટે સાતમી નરકનો હતો, કારણ કે તે વખતે તેણે અનેક સૈન્યનો સંહાર કરી શત્રુને મારવાને ચક્ર ઉપાડવા સારૂ માથા ઉપર હાથ નાંખ્યો હતો. પણ માથું તો રૂંઢમુંઢ હોવાથી એકદમ ચોંકી ઉઠી પોતાને ભાન આવ્યું કે "**અરે! મેં સાધુ**

અર્થ—શ્રી કૃષ્ણ કહે છે કે—હે અર્જુન, મનને વશ કરવું ઘણુંજ મુશ્કેલ છે, કારણ કે મન અતિ ચપળ છે. પરંતુ નિરંતર અભ્યાસથી અને વૈરાગ્યથી મન વશ થઈ શકે છે.*

જગત્માં કોઈને પણ આપણે પૂછીએ કે ભાઈ, તમે મનને વશ કરી શકો છો? તરતજ જવાબ મળશે કે "ઘણો ઉપાય કરું છું પણ પાપી મન વશ થતું નથી." એવા મનને વશ કરવાને આ શ્લોકમાં સહજ ઉપાય સ્પષ્ટ બતાવ્યો છે કે જે મનુષ્ય વૈરાગ્ય પ્રાપ્ત કરવાને નિરંતર અભ્યાસ કર્યાજ કરે છે તે મનને વશ કરી શકે છે.

પાંચ ઇંદ્રિયોના છિદ્રોદ્વારા શબ્દ, સ્પર્શ, રૂપ વગેરે પુદ્ગળોનો પ્રવેશ થાય છે. એ પુદ્ગળોને ગ્રહણ કરી મન રાગદ્વેષ રૂપે પરિણામ પામી સુખી દુઃખી બને છે. એ રાગદ્વેષમાં પરિણામ પામતાં મનને રોકવું એનેજ **વૈરાગ્ય** કહે છે. રાગદ્વેષની ધારામાં ચાલવાનો મનનો અનંત કાળ થયાં સ્વભાવ પડી રહ્યો છે. એ ધારામાંથી મનને એકદમ ખેંચી લેવું બહુજ મુશ્કેલ છે, માટે મનને રોકવાનો અભ્યાસ કરવો જોઈએ. જેવી રીતે પૂર જોસમાં

થઇ આ શું જુલમ કર્યો? મારે આવા વિચારો ન કરવા જોઇએ." વગેરે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. તેજ વખતે તેનાં પાપરૂપ દળ જે સંચેલાં હતાં તે ખપવા માંડયાં—ઘટવા લાગ્યાં અને જીવનો અધિકાર ઊંચે ચડતો ગયો. શુદ્ધ વિચારોમાં એકાગ્ર થતાં છેવટે ઘનઘાતિક ચાર મોટાં કર્મ પણ નાશ પામ્યાં એટલે કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ થઇ. શુદ્ધ ધ્યાન ને અશુદ્ધ ધ્યાનની એટલી બધી પ્રબળતા છે. આ સાંભળી **શ્રેણિકરાજા** ઘણો ખુશ થઇ ગયો અને તે **પ્રભુ, રાજઋષિ** તથા **બીજા સાધુઓને** નમસ્કાર કરી પોતાને સ્થાનકે ગયો.

*"अतिचंचल मतिसूक्ष्म सुदुर्लभं वेगवतया चेतः" હેમચંદ્રાચાર્ય કહે છે કે આ મન અતિ ચંચળ હોઇને ઘણુંજ સૂક્ષ્મ છે, તેથી તેની ગતિને રોકવી મુશ્કેલ છે.

વહેતી નદીના પૂરને એકદમ કોઈ રોકવા ચાહે તો કદી પણ રોકી શકશે નહિ. પણ તે પ્રવાહને બદલાવવાનો પ્રયત્ન તો થઈ શકે. બસ, એજ રીતે મનના વેગને બદલાવવાના અભ્યાસની આવશ્યકતા છે.

આ અભ્યાસ એવી જાતનો કરવો જોઇએ કે, જે વખતે શબ્દ, રૂપ, રસ વગેરે જે જે વિષયનાં પુદ્ગળોમાં મન ચોંટે તેજ વખતે તે તે પુદ્ગળોના સ્વભાવ, ગુણ અને ફળનો [એટલે આ વિષય તો ક્ષણિક છે, તેનાં ફળ કડવાં છે, એવી વિચારણાનો] અભ્યાસ રાખવાથી કોઈને કોઇ દિવસ પણ મન ઇંદ્રિયોના વિષયથી નિવૃત્તિપણાને પામશે.

ધ્યાનમાં મનને સ્થિર કરવા સારૂ **એકાગ્રતા** રાખવાનો અભ્યાસ કરવો. મન એકદમ એકાગ્ર થવું મુશ્કેલ છે, પણ અભ્યાસથી તે પણ થઇ શકે છે. આપણાં જે જે કામ નિત્ય અને નિયમસર કરવાનાં છે, તેમાં પ્રથમ મનને એકાગ્ર કરવું જોઇએ. **પ્રતિક્રમણ** ચાલતું હોય તો મનને એ પ્રતિક્રમણના શબ્દ, અર્થ વગેરેમાં ચોંટાડવું. પ્રતિક્રમણનો વિચાર છોડી બીજી તરફ જવા દેવું નહિ. એજ પ્રમાણે **સઝ્ઝાય** (=સ્વાધ્યાય) કરતી વેળા સ્વાધ્યાયમાં, **વ્યાખ્યાન** આપતી વખત વ્યાખ્યાનમાં, **ગોચરી** અને **આહાર** કરતી વખત તે તે કામમાં, આ પ્રમાણે રાત અને દિવસનાં જે જે કર્તવ્ય છે તે તમામમાં સદા-સર્વદા ક્ષણનો પણ અંતર પાડયા વગર મનને એકાગ્ર કરવાનો અભ્યાસ પાડવો. કેટલાક કાળ લગી આ પ્રમાણે થયાં કરશે તો સહજે મન એક વસ્તુ પર ટકી જશે અને તે પછી તો દરેક દૃષ્ટિ પદાર્થપર મન એકાગ્ર રહેવા મંડશે. અભ્યાસ પાડેલા વૈરાગ્યથી મન અડોલ અને ધ્યાની બને છે.

કહ્યું છે કેઃ—

यस्त्व विज्ञानवान् भवत्यमनस्कः सदाऽशुचिः ॥
न स तत् पदमाप्नोति स सारं नाधिगच्छति ॥१॥

यस्तु विज्ञानवानास्ति स मनस्कः सदा शुचिः ॥
स तत्पद मवाप्नोति यस्मादभूयो न जायते ॥२॥

અર્થ—જે વિવેક રહિત મનુષ્ય મનની પાછળ દોડે છે; તે સદા અપવિત્ર રહે છે, તેને શાંતિ પદની પ્રાપ્તિ થતી નથી, પણ તે અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે. ॥૧॥

વળી જે વિવેકવંત મનને જીતે છે તે નિરંતર વિશુદ્ધ ભાવવાળો હોય છે, તેને પરમાનંદ પદની પ્રાપ્તિ થાય છે કે જેથી ફરી અવતાર ધારણ કરવો ન પડે.

હવે તે એકાગ્રતા તથા ધ્યાન કઈ વસ્તુનું કરવું તે જણાવે છે.

પ્રથમ પ્રતિશાખા—"આત્મા."

સૂત્ર—જે એગં જાણઇ, સે સવ્વં જાણઇ;
જે સવ્વં જાણઇ, સે એગં જાણઇ.

આચારાંગ અ૦ ૩, ઉદ્દેશ ૪, સૂત્ર ૨૦૯.

અર્થ—જે એકને જાણે છે તે સર્વને જાણે છે, અને જે સર્વને જાણે છે, તે એકને જાણે છે.*

જેને જાણવાથી સર્વજ્ઞતાનો લાભ થાય છે તે આ એક પદાર્થ કોણ છે? કેવો છે? તેનું સ્વરૂપ હવે દર્શાવે છે.÷

---

*શ્લોક.

एको भावः सर्वथा येन दृष्टः। सर्वे भावाः सर्वथा ते न दृष्टाः ॥
सर्वे भावाः सर्वथी येन दृष्टाः । एको भावः सर्वथा तेन दृष्टः॥१॥

અર્થ—જેણે એક પદાર્થને પ્રતિપૂર્ણ રૂપથી જોયો છે તેણે સર્વ પદાર્થોને પ્રતિપૂર્ણ રૂપથી જોયા છે; વળી જેણે સર્વ પદાર્થને પ્રતિપૂર્ણ રૂપથી જોયા છે તેણે એક પદાર્થને પ્રતિપૂર્ણ રૂપથી જોયો છે.

દુહા—નિજ રૂપે નિજ વસ્તુ હૈ, પર રૂપે પર વસ્ત,
જિસને જાણા પેચ યહ, ઉનને જાણા સમસ્ત.

તે પદાર્થ તે "આત્મા" છે. એ આત્માના ત્રણ ભેદ કર્યા છે (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા, (૩) પરમાત્મા.

પ્રથમ પત્ર-"બહિરાત્મા."

(૧) બહિરાત્મા—જે આ હાડકાંના પાંજરા જેવું, લોહી, માંસ, પરૂ વગરે ધાતુથી ભરેલું, રંગબેરંગી ચામડીથી મઢેલું મનુષ્ય અને તિર્યંચ (પશુ વગેરે) નું પ્રત્યક્ષ શરીર છે તે, અશુભ પુદ્ગળોથી બનેલું નરકમાં રહેલા જીવોનું શરીર છે તે, તથા શુભ પુદ્ગળોથી બનેલું દેવલોકમાં રહેલા દેવતાઓનું શરીર છે તે શરીરોને બહિરાત્મા કહે છે. અજ્ઞાની જીવો એ હલન વલન કરતા શરીરનેજ આત્મા માની બેઠા છે. તેઓ પોતાના શરીરને હાથ લગાડી કહે છે કે, હું ગોરો છું, હું કાળો છું, લાંબો છું, નાનો છું, જાડો છું, પાતળો છું, મારૂં છેદન ભેદન થાય છે, મારાં અંગોપાંગ દુઃખે છે, રખે મારા આત્માનો વિનાશ થઈ જાય; એવા અજ્ઞાની જીવો ઇંદ્રિયોના શબ્દાદિક વિષયોના પોષણમાં મજા માની બેઠા છે. હું સ્ત્રી છું, પુરૂષ છું, નપુંસક છું, વગેરે વિચારો કરી પરસ્પર ભોગમાં આનંદ માને છે, અને હાયવોય પણ કરે છે. મતલબ કે જે જીવો શરીરનેજ આત્મા માને, શરીરના સુખ દુઃખને આત્માના સુખ દુઃખ ગણે, શરીરની પુષ્ટિથી આનંદમાં આવી જાય અને શરીરની નબળાઈ તથા કષ્ટથી પોતાને દુઃખી ગણે તેઓ બહિરાત્માનેજ આત્મા માનનારા બાળ જીવો છે.× શુદ્ધ ધ્યાનનો ધ્યાનાર આ અનાદિથી હેરાન કરનાર અસદ્ભાવને મટાડવા, દેહાધ્યાસ છોડવા, અને

×શ્લોક—દેહાત્મ બુદ્ધિજં પાપં, ન તદ્ ગૌવધ કોટિભિઃ ॥
આત્માહં બુદ્ધિજં પુણ્યં, ન ભૂતો ન ભવિષ્યતિ ॥૧॥

અર્થ—શરીરનેજ જે આત્મા માને છે તેને કરોડો ગાયોના વધ કરતાં પણ અધિક પાપ લાગે છે; અને હું આત્મા છું, દેહ નથી એવો વિચાર કરનારને જે પુણ્ય થાય છે તે ત્રણે કાળના પુણ્યથી પણ વધારે છે.

પરિણામોની વિશુદ્ધિ કરવા એવો વિચાર કર્યા કરે છે કે આ શરીર એ તો બહિરાત્મા છે, પુદ્ગળોના સંજોગથી ઉત્પન્ન થયેલ છે અને તે છોડવા યોગ્ય છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ફરમાવ્યું છે કેઃ—

नो इंदियग्गिज्झ अमुत्तभावा, अमुत्तभावा वि य होइ णिच्चो ॥
अज्झत्थहेउं नियस्स बंधो, संसारहेउं च वयंति बंधं ॥

ઉત્તરાધ્યયન અધ્યયન ૧૪ ગાથા ૧૯.

અર્થ—જે મૂર્ત્ત પદાર્થ (રૂપી પદાર્થ) છે તેજ ઇંદ્રિયોથી ગ્રહણ થાય છે, અને જે ઇંદ્રિયોથી ગ્રહણ થાય તે પદાર્થ જડ હોય છે, ચૈતન્ય તો અમૂર્ત્ત (અરૂપી) છે, તેને ઇંદ્રિયો ગ્રહણ કરી શકતી નથી, માટે તે અજડ, અવિનાશી, અને નિત્ય છે. અનાદિકાળથી દેહાધ્યાસ (દેહનેજ આત્મા માનવાની રૂઢિ) ના કારણે જડ અને ચૈતન્ય, દૂધ અને ઘીની માફક સંબંધ પામી એકરૂપ થઇ ગયેલ છે. એ જડ અને ચૈતન્યનો સંબંધ છે તેજ આ સંસારનું મૂળ કારણ છે. એ અનાદિના સંબંધનું નિકંદન કાઢવા સારૂ શ્રી આચારાંગ સૂત્રમાં ફરમાવ્યું છે કેઃ—

जे एगं णामे, से बहु णामे, जे बहु णामे, से एगं णामे.

આચા ०, અધ્ય૰ ૩, ઉદ્દેશ ૪, સૂત્ર ૨૧૧.

અર્થ—જે એકને (ફક્ત મોહને) નમાવે, તે ઘણાને (સર્વે કર્મોને) નમાવે, અને જે ઘણાને નમાવે છે, તે એકને (મમત્વને) નમાવશે વળી તેજ સ્થળે ૨૧૩ મા સૂત્રમાં ફરમાવે છે કેઃ—

एगं विगिंचमाणे, पुढो विगिंचइ, पुढो विगिंचमाणे, एगं विगिंचइ.

અર્થ—જે એક (મોહ)ને ખપાવે છે, તે સર્વ કર્મોને ખપાવે છે, અને જે સર્વને ખપાવે છે, તે એકને ખપાવે છે (=ક્ષય કરે છે), વગેરે વિચારો કરી, શરીરમાંથી આત્મબુદ્ધિનો ત્યાગ કરી, મમત્વ ભાવ ઉતારી, અંતર આત્માની તરફ દ્રષ્ટિ બતાવવી.

દ્વિતીય પત્ર—"અંતરાત્મા."

(૨) અંતરાત્મા—અંતરાત્મામાં રમણ કરનાર જ્ઞાની એવો વિચાર કરે છે કે, હું જેને જેને જે જે નામ દઈને બોલાવું છું, તે તો ફક્ત લૌકિક વ્યવહાર છે, કારણ કે આત્મા તો નિષ્કલંક છે, તેને કોણ સંબોધન કરી શકે તેમ છે? આત્મા તો આત્મમય પદાર્થનેજ ગ્રહણ કરે છે, બીજા પદાર્થને આત્મા ગ્રહણ કરેજ નહિ. આત્મિક સિવાયના પદાર્થને તો અન્ય પદાર્થ ગ્રહણ કરે છે. એવું (પુદ્ગળ અને ચૈતન્યની ભિન્નતાનું) ભેદવિજ્ઞાન જેને થાય, અને અંતર (પોતાના આત્મસ્વરૂપ) તરફ લક્ષ ચોંટે તે અંતરાત્મા જીવ ગણાય છે. અંધકારમાં સ્થંભ હોય તે જેમ માણસ રૂપે દેખાય છે, અને અંધકારનો નાશ થવાથી પાછો જેવોને તેવો સ્થંભજ દેખાય છે, તે રીતે પ્રથમના ભ્રમનો જ્યારે નાશ થાય છે, અને કદી નહિ આથમે તેવા ભેદવિજ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થાય છે, ત્યારે શરીર અને આત્માનું યથાર્થ સ્વરૂપ જણાય છે.

"અંતર આત્મ વિજ્ઞાનીના વિચાર."

(૧) સ્ત્રી, પુરૂષ, નપુંસક વગેરે પુદ્ગળ પર્યાયનાં શરીરો છે તે માત્ર કર્મનો સ્વભાવ છે, ચૈતન્યનો નથી. ચૈતન્ય તો વેદ અને વિકાર રહિત છે, માટે ચૈતન્યે પોતે વિકારી વસ્તુઓને દેખી વિકારી બનવું જ નહિ; પોતાનો નિર્વિકારી સ્વભાવ કાયમ રાખવો.

(૨) દુનિઆમાં શત્રુના અને મિત્રતાનાં જે બંધન કે પરિણામો થાય છે તે પણ કર્મનાજ સ્વભાવ છે. નિશ્ચય મતથી તો "अप्पा मित्तममित्तं च" એજ સાચું છે. આત્મા પોતે જો અકૃત્યથી દૂર રહે તો તે પોતાનો મિત્ર પોતેજ છે, નહિ તો શત્રુ તરીકે પણ પોતેજ છે. પોતે પોતાનો મિત્ર ન થાય તો શત્રુ તરીકે તો અનાદિથી થયેલોજ છે. આ વિચારથી શત્રુ અને મિત્રપર તેમજ સારી અને નઠારી વસ્તુપર સમ પરિણામી બનવું; રાગ દ્વેષ ન કરવો.

(૩). આટલા દિવસ તે બીજાથી પ્રેરાઈને બાળકની પેઠે અનેક ચેષ્ટાઓ કરી. એ પ્રેરણા આત્માએ કરી નથી, કારણ કે ચૈતન્ય તો અનંતજ્ઞાન, અનંત દર્શન વગેરે શક્તિથી ભરેલ છે તેથી તે કોઈ પણ પ્રકારની ચેષ્ટા કરેજ નહિ.

(૪). આટલા દિવસ બીજા પદાર્થો સાચા લાગતા હતા, હવે તે તમામ સ્વપ્ન અથવા ઇંન્દ્ર જાળના તમાસા જેવા માલમ પડવા લાગ્યા તો હવે તેનો વિશ્વાસ શો કરવો? અસત્ય પદાર્થોને સત્ય માનવા તેનું નામજ મિથ્યાત્વ છે.

(૫). જે પરમાત્મા અવિનાશી કહેવાય છે, તેજ હું પોતેજ છું; અને એમ છે તો પછી જંગમ અને સ્થાવર પદાર્થોથી મારો વિનાશ થાય છે એ વ્હેમજ સાવ ખોટો છે. "મરે તે બીજો, અને હું પણ બીજો" આવો વિચાર કરી આત્મવિજ્ઞાનીએ નિડર બનવું.

(૬) ઓહો હો!! ભારે આશ્ચર્યની વાત છે કે, જે કામો અને કારણોથી અજ્ઞાની જીવો, આત્મા સાથે કર્મનો બંધ પાડે છે. એજ કામોથી જ્ઞાની મહાત્મા, કર્મના બંધ તોડી મુક્ત દશા મેળવે છે. આવો વિચાર કરીને તમામ ચીજોપરથી મમત્વ ભાવ ઘટાડતા જવું.

(૭). આટલા દિવસ આ સંસારમાં અનેક રૂપો જોઈને હું અજાયબ થયો, તે "ભેદ વિજ્ઞાન" ના અભાવથીજ બન્યું છે. હવે હું "ભેદ વિજ્ઞાન" એટલે જડને જડ અને ચૈતન્યને ચૈતન્ય રૂપે જોવાનું જ્ઞાન પામ્યો છું તેથી હવે અજાયબ નહિ થાઉં, તેમજ ભિન્ન ભિન્ન રૂપો જોઈને હું તેવો નહિ બનું.

(૮). આવા વિચારો રૂપી વહાણ કે જે આખા જગતને તારનારૂં છે, તે પાસે થઈને ચાલ્યું જાય છે તો પણ અજ્ઞાનના દરિયામાં અનંત જીવો ડૂબી રહ્યા છે. એનું મુખ્ય કારણ "ભેદવિજ્ઞાન" નો અભાવ અથવા અજ્ઞાન દશાજ છે. હવે હું એ અજ્ઞાનથી છૂટો થઈશ.

(૯). કેવી આનંદની વાત છે કે આ આત્મા, આત્મા-દ્વારાએજ ઓળખાય છે, તેને ચશ્માં, દૂરબીન કે કોઈ બીજાના આશરાની જરૂર નથી. તારી મેળેજ તું તારા આત્માને જોઇને ઓળખ.

(૧૦). વિશેષ આશ્ચર્યની વાત તો એ છે કે, જે વિષથી ભરેલા વિષયો અને પદાર્થો અજ્ઞાનીઓને પ્રીતિ ઉત્પન્ન કરનારા છે તે જ્ઞાનીઓને અપ્રિય અને દુઃખદાયક લાગે છે. વળી સંજમ, તપ, જપ, વગેરે અજ્ઞાનીઓને દુઃખ અને અપ્રીતિ ઉત્પન્ન કરે એવા જણાય છે તે જ્ઞાનીઓને સુખ અને આનંદ આપે એવા ભાસે છે.

(૧૧). "હું છું એજ, એજ હું છું" એવી રીતે એકાંત-ભાવના કોઇ કરે તો આત્મા તે પદને પ્રાપ્ત થાય છે. "**अप्पा सो परमप्पा**" એટલે આત્મા છે તેજ પરમાત્મા છે, અને એજ આત્મા *પરમાત્માના પદને મેળવે છે એથી વિશેષ સદ્બોધ બીજો કયો છે?

(૧૨). જો હું મારી ઉપાસના શરૂ કરું તો મારે બીજા કોઈની ઉપાસના કરવાની જરૂર નથી, કારણ જેવો પરમાત્મા છે તેવોજ હું છું.+

---

* અન્યમતિ પણ કહે છે કે–"આત્મા ચીને સો પરમાત્મા"

+પ્રીતિસી ન પાતિ કોઉ, પ્રેમસે ન ફૂલ ઔર,
ચિત્તસો ન ચંદન, સ્નેહસો ન સેહરા;
હૃદયસો ન આસન, સહજસો ન સિંહાસન,
ભાવસો ન સુન ઔર, સુનસો ન ગેહરા;
શીલસો ન સ્નાન નાંહી, ધ્યાનસો ન ધૂપ ઔર,
જ્ઞાનસો ન દીપક, અજ્ઞાન તમકો હરા;
મનસો ન માલા કોઉ, સોહં સોહં જાપ નાંહી;
આતમાસો દેવ નાંહી, દેહસો ન દેહરા. ॥ ૧ ॥

(૧૩). ભેદ વિજ્ઞાનવાળા મહાત્માને અતિ દુષ્કર તપ અને મહાન ઉપસર્ગ પણ લેશ માત્ર દિલગીર કે ચલાયમાન કરી શકતાં નથી.

(૧૪). રાગાદિ શત્રુનો ક્ષય થવાથી અંતર આત્માનું ધ્યાન બરોબર થાય છે.

(૧૫). જે ભ્રમથી રહિત બનશે અને જે જીવ અને દેહને અલગ સમજશે, તેજ કર્મનાં બંધનોથી છૂટી મોક્ષ પ્રાપ્ત કરશે. રાગાદિ શત્રુ દૂર થયા કે આત્માનો સાક્ષાત્કાર થયોજ સમજો.

(૧૬). અજ્ઞાન અને વિભ્રમ દૂર થતાંજ આત્મતત્ત્વનો ભાસ થાય છે.

(૧૭). જે કાયાને પ્રાણપ્યારી કરી રાખી હતી તેજ કાયાને જ્ઞાની-જન આત્મજ્ઞાન થતાં તપ, સંયમ વગેરેમાં ગાળી નાંખવા મંડે છે.

(૧૮). આત્મજ્ઞાન વિના કોરાં તપ કરવાથી દુઃખમુક્ત થવાતું નથી.

(૧૯). બાહ્ય આત્મજ્ઞાની જીવ રૂપ, ધન, બળ, સુખ વગેરેનું અહોનિશ ધ્યાન કરે છે, અને અંતર આત્મજ્ઞાની તો એ બધાથી વિરક્ત રહીને, અંદર રહેલા પોતાના સાચા કુટુંબ પરિવાર સાથે રમણ કરે છે.*

---

*ધૈર્ય-તાત, ક્ષમા-જનની, પરમાર્થ-મિત્ર, મહારુચિ-માસી,
જ્ઞાનસો પૂત, સુતા-કરુણા, મતિ-પુત્રવધુ, સમતા-પ્રતિભાસી ;
ઉદ્યમ-દાસ, વિવેક-સહોદર, બુદ્ધિ-કલત્ર, મોહોદય-દાસી,
સબ કુટુંબ સદા જિનકે ઢિગ, યોં મુનિકો કહીએ ગ્રહવાસી.

શ્લોક—નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકં ।
ન ચૈનં ક્લેદયંત્યાપો, ન શોષયતિ મારુતઃ ॥ ૧ ॥

અર્થ—આ આત્માને તીક્ષ્ણ શસ્ત્ર છેદી શકતું નથી, પ્રચંડ અગ્નિ બાળી શકતી નથી, પાણી ઓગાળી શકતું નથી, અને વાયુ સૂકવી શકતો નથી તો પછી તેને શાનો ભય છે ? અર્થાત્ કોઇનો નથી.

ભગવદ્ ગીતા—અ૦ ૨, શ્લોક ૨૩.

(૨૦). અજ્ઞાની ફકત બહારના ત્યાગથી સિદ્ધિ માને છે, અને જ્ઞાની તો બહારના અને અંદરના બંને દુશ્મનોને (ઉપાધિઓને) છોડી તેમાંજ ખરી સિદ્ધિ માને છે.

(૨૧). અધ્યાત્મજ્ઞાની પુરૂષ વ્યવહારમાં વચન અને કાયાથી અનન્ય કાર્ય કરતાં છતાં મનથી તો એકાંતપણે અંતરાત્મામાંજ લીન રહે છે.

(૨૨). આત્મ સાધન કરતાં જે ઉપસર્ગો અને દુઃખો પડે તેને અધ્યાત્મી જીવ દુઃખ ન સમજતાં રોગી માણસ જેમ કડવાં ઓસડોના સ્વાદને ન જોતાં ગુણગ્રાહક બને છે તેમ સુખજ લેખે છે.

(૨૩). જ્ઞાનીને આત્મ સાધન સિવાય બીજાં કામ કરવા માટે જરાપણ કુરસદ નથી.

(૨૪). પરમાનંદ પોતાના આત્મમાંજ છે. બહાર શા માટે ફુંઢો છો ?

(૨૫). ઈચ્છા એજ સંસાર છે, ઈચ્છાનો ત્યાગ કરવાથી સંસાર સહેજે છૂટે છે.

(૨૬.) જેવી રીતે પહેરેલાં લૂગડાં જૂનાં, ઝાંખાં અને નષ્ટ થતાં છતાં પહેરનારનું શરીર જીર્ણ, ઝાંખું અને નષ્ટ થતું નથી તેવી રીતે શરીર અને આત્માનું સમજવું.

(૨૭.) અજ્ઞાની જીવ, મંદબુદ્ધિથી પરવસ્તુમાં આનંદ માને છે, અને જ્ઞાની તો અંતર આત્મામાંજ આનંદ માને છે, કારણ કે તેના ભ્રમનો નાશ થયો હોય છે.

(૨૮.) સ્થિર સ્વભાવી આત્માજ મોક્ષ પામે છે; સ્થિરતાજ સમ્યક્‌દર્શનની ઋદ્ધિ (દોલત) છે.

(૨૯.) લૌકિક પ્રેમ (આ દુનિયાનો વ્યવહારિક પ્રેમ) શબ્દથી વચનાલાપ (વાણીનો વિલાસ) કરવો પડે છે, વચનાલાપથી ચિત્ત વિભ્રમ, ચિત્તવિભ્રમથી ગભરામણ, ગભરામણથી ચંચ-

ળતા, એમ એકમાંથી અનેક દુર્ગુણોની વૃદ્ધિ થતી જાણી લૌકિક પ્રેમને છોડી લોકોત્તર (આત્મિક) પ્રેમ રાખવો.

(૩૦). જ્યારે ખરૂં જ્ઞાન થાય છે ત્યારે જગત બાવરૂં અથવા ગાંડા જેવું દેખાય છે, અને જ્યારે ધ્યાન થાય છે ત્યારે દરેક વસ્તુનો યથાર્થ સ્વભાવ પ્રગટ થાય છે અને તેથી જેવું હોય તેવું દેખાય છે, અને રાગદ્વેષનો નાશ થાય છે.

(૩૧). આત્મા આત્માની મારફત એવો વિચાર કરે કે, હું આત્માજ છું અને શરીરથી જૂદો છું, એવો દ્રઢ નિશ્ચય થવાથી ફરી સ્વપ્નમાં પણ શરીર ભાવને પામે નહિ. આવી દ્રઢતાથી આત્મસિદ્ધિ થાય છે.

(૩૨). જાતિ અને લિંગની અહંતા ત્યાગ કરવાથીજ સિદ્ધિ થાય છે.

(૩૩). જેમ વાટ દીવાને મેળવીને દીવા રૂપજ થાય છે તેમ આત્મા સિદ્ધના સ્વરૂપનો અનુભવ કરવાથી સિદ્ધ રૂપ બને છે.

(૩૪). આત્માને આત્માનીજ આરાધના કરવાની છે, બીજાની નહિ. એજ આરાધનાથી આત્મા પરમાત્મા બને છે. જેમ લાકડું લાકડાં સાથે ઘસવાથી અગ્નિ થાય છે તેમ આત્મા આત્માનું ચિંતવન કરે તો પરમાત્મા થાય છે.

(૩૫). આપણે મરી ગયા એવું સ્વપ્ન આવતાં જેમ આપણે મરતા નથી તેમ જાગૃત અવસ્થામાં પણ પોતે મરી જાય છતાં પોતે મરતો નથી કારણ કે આત્મા અમર છે.

(૩૬). અવસર, શકિત, વિભાગ, અભ્યાસ, સમય, વિનય, સ્વસમય (સ્વમત), પરસમય (પરમત), અભિપ્રાય વગેરેનો વિચાર કરી જ્ઞાની પુરૂષ ઈચ્છા રહિત થઈ જગતમાં પ્રવર્તે છે.

(૩૭). શરીર જેમ બહાર અસાર છે તેવુંજ અંદર છે.

(૩૮). જ્યાં મમતા નહિ ત્યાં સમતા છે, ત્યાંજ મુક્તિ માર્ગ છે.

(૩૯). લોકનું સ્વરૂપ જાણી લોક સંજ્ઞાથી દૂર રહેવું.

(૪૦). પરમાર્થદર્શી પુરૂષ, મોક્ષ માર્ગ સિવાય બીજી કોઇ પણ જગાએ જરા પણ સુખ માનતો નથી. એવા પુરૂષોનેજ મોક્ષ મળે છે.

(૪૧). કેવળી ભગવાન તો નથી બંધાયેલા કે નથી મૂકાયેલા. (આચારાંગ અધ્ય. ૨ સૂત્ર ૧૬૦)

(૪૨). પરમાર્થ દર્શીને જરા પણ ભોખમ છેજ નહિ.

(૪૩). અજ્ઞાની સદા ઉંઘે છે, પરમાર્થી સદા જાગે છે.

(૪૪) જે શબ્દ, રૂપ, ગંધ, રસ, અને સ્પર્શની સુંદરતા તથા અસુંદરતામાં સમ પરિણામ રાખે છે, તે જ્ઞાન અથવા બ્રહ્મને (નિર્વિકલ્પ સુખને) જાણી શકે છે, તેમજ તેજ લોકા લોકને જાણે છે.

(૪૫). કર્મો તોડવાથી પવિત્ર આત્માનાં દર્શન થાય છે.

(૪૬). જે પોતાની તરફ જુએ છે તે બધી તરફ જુએ છે.

(૪૭). જે ક્રોધને છોડશે તે માનને છોડશે, જે માનને છોડશે તે માયાને છોડશે, જે માયાને છોડશે તે લોભને છોડશે, જે લોભને છોડશે તે રાગને છોડશે, જે રાગને છોડશે તે દ્વેષને છોડશે, જે દ્વેષને છોડશે તે મોહને છોડશે, જે મોહને છોડશે તે ગર્ભથી છૂટશે, જે ગર્ભથી છૂટશે તે જન્મથી છૂટશે, જે જન્મથી છૂટશે તે મરણુથી છૂટશે, જે મરણુથી છૂટશે તે નરકથી છૂટશે, જે નરકથી છૂટશે તે તિર્યંચથી છૂટશે અને જે તિર્યંચથી છૂટશે તે સર્વ દુઃખથી છૂટી પરમ સુખી થશે.

(આચારાંગ અધ્ય ૦ ૩, સૂત્ર ૨૧૭).

(૪૮). આત્મજ્ઞાન વિના શાસ્ત્રજ્ઞાન નકામું છે.

(૪૯). ઇંદ્રિયોના સુખો છોડીને આત્મજ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરતાં એમ ન સમજવું કે ઇંદ્રિઓનાં સુખ છોડવાથી દુઃખી થવાશે; કારણ કે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં અમૃતમય થઈ જવાય

છે. એ અમૃતનું પાન કરતાં ભયંકર જન્મ મરણનું દુઃખ દૂર થાય છે અને તેથી પરમસુખી દશા પ્રાપ્ત થાય છે.

(૫૦). હે આત્મા, તું તારી સાથે નિશ્ચય કર કે, હું અતીન્દ્રિય છું એટલે મારે ઇંદ્રિયોજ નથી, તેમજ હું ઇંદ્રિયોથી ઓળખાઈ શકું તેમ નથી અને ઇંદ્રિયોના શબ્દ સ્પર્શ વગેરે વિષયો મારા આત્મામાં છેજ નહિ. એજ કારણથી મને **અતીન્દ્રિય** અથવા **ઇંદ્રિયાતીત** કહે છે. વળી હું **અનિર્દેશ** છું એટલે વાણીની મારફત પણ મારૂં વર્ણન થઈ શકે નહિ. એજ કારણથી **મને અનિર્વચનીય** અથવા **વચનાતીત** કહે છે. એજ પ્રમાણે હું **અમૂર્ત્ત** (નિરાકારી), **ચૈતન્ય, આનંદમય** અને **પૂર્ણ** છું. આવા વિચારો કરીને નીજસ્વરૂપમાં નિશ્ચલ થવું.

(૫૧). હે આત્મા, આત્માની સાથે એવો વિશુદ્ધ નિર્મળ અનુભવ કર કે હું તો સમસ્ત લોક (બ્રહ્માંડ) નું યથાર્થ સ્વરૂપ પ્રગટ કરનાર **અદ્વિતીય સૂર્ય** છું. આ દુનિઆમાં સામાન્ય દેવતાથી દિવાનો પ્રકાશ અધિક છે. દિવાથી મશાલનો, મશાલથી ગ્યાસનો, અને ગ્યાસથી વિજળીનો પ્રકાશ વધારે હોય છે, આ બધા કૃત્રિમ પ્રકાશથી ચંદ્રમાનો પ્રકાશવિશેષ છે, અને તે ચંદ્રમાથી સૂર્યનો પ્રકાશ ઘણો વધારે છે. દિવા વગેરેનો પ્રકાશ તો વાયુ વગેરેથી નાશ પામે છે, ચંદ્ર સૂર્યનો પ્રકાશ રાહુ અને વાદળાંથી ઘેરાતાં તથા અસ્ત પામતાં જતો રહે છે, પણ આત્મ જ્યોતિનો પ્રકાશ તો મેરૂ પર્વતને હલાવે તેવા વાયુથી બુઝાતો નથી, તેમજ વાદળાં, રાહુ વગેરે પણ ઢાંકી શકતા નથી. ખરા રૂપમાં આત્મ-જ્યોતિ પ્રગટ થતાં ત્રણ લોકમાંના સૂક્ષ્મ, બાદર, ચરાચર સર્વ પદાર્થ એકજ વખતે એકજ સમય માત્રમાં પ્રત્યક્ષ થાય છે, અને તે વખતે આત્માને પરમાનંદ મળે છે.

એ વગેરે વિચારોમાં જે હમેશાં પ્રવર્તે તેને અંતર આત્માવાળો જાણવો. એ અંતરઆત્માને પ્રાપ્ત થનાર પરમાત્માને સાધે છે.

તૃતીય પત્ર—"પરમાત્મા"

(૩). પરમાત્મા—સર્વ કર્મ રહિત, અનંતજ્ઞાન વગેરે આઠ ગુણ સહિત, સિદ્ધિ (મોક્ષ) સ્થાનમાં રહેલા અજરામર, અવિકારી એવા જે સિદ્ધ પરમાત્મા છે તેજ પરમાત્મા છે.

"પુષ્પ—ફળ."

આ ત્રણ પ્રકારના આત્માનું ધ્યાન વિશેષતાથી અપ્રમત્ત મુનિરાજને થાય છે. કેમકે અપ્રમત્ત દશાથીજ ધ્યાનની શુદ્ધતા અને ઉત્કૃષ્ટતા થાય છે. એના જોરથી મહા મુનિરાજ ગુણ સ્થાનકપર સુખે સુખે ચડી સર્વ કર્મોને ખપાવી સિદ્ધ સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

દ્વિતીય પ્રતિશાખા—"ઉપધ્યાન ચાર".

શ્લોક–પિંડસ્થં ચ પદસ્થં ચ, રૂપસ્થં રૂપવર્જિતમ્ ॥
ચતુર્ધા ધ્યાનમામ્નાતં, ભવ્યરાજીવભાસ્કરે ॥ ૧ ॥

જ્ઞાનાર્ણવ અ. ૩૮, ગાથા ૨.

અર્થ—(૧) પિંડસ્થ ધ્યાન, (૨) પદસ્થ ધ્યાન, (૩) રૂપસ્થ ધ્યાન, (૪) રૂપાતીત ધ્યાન, એ ચાર ધ્યાન નીચે પ્રમાણે વર્ણવે છે.

શ્લોક–પદસ્થ મંત્રવાક્યસ્થં, પિંડસ્થં સ્વાત્મચિંતનમ્ ॥
રૂપસ્થં સર્વચિદ્રૂપં, રૂપાતીતં નિરંજનમ્ ॥ ૧ ॥

બૃહદ્ દ્રવ્ય સંગ્રહ.

અર્થ—(૧) મૂળ મંત્રાક્ષરોનું સ્મરણ કરવું તે "પદસ્થધ્યાન."
(૨) સ્વ આત્માના પર્યાયનો વિચાર કરવો તે "પિંડસ્થ ધ્યાન."
(૩) ચિદ્રૂપ અર્હંત્ ભગવાનનું ધ્યાન કરવું તે રૂપસ્થ ધ્યાન.
(૪) નિરંજન, નિરાકાર, સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું તે "રૂપાતીત ધ્યાન,"

"પ્રથમ પત્ર—પદસ્થ ધ્યાન."

(૧) પદસ્થ ધ્યાન—મંત્ર એટલે મનને તૃપ્ત કરે એવાં પદ કે વાકય તેનું સ્મરણ કરવું તે પદસ્થ ધ્યાન. આ જગત્માં મતમતાંતરોની ભિન્નતાથી ઇષ્ટ દેવો વિષેની શ્રદ્ધામાં પણ ભિન્નતા થઇ ગઇ છે. એ કારણથી ભિન્ન ભિન્ન મતાવલંબીઓ ભિન્ન ભિન્ન દેવોના નામથી મંત્રો રચાવીને એનું સ્મરણ કરે છે. જેમ કે—"ॐ नमः शिवाय" "ॐ नमो वासुदेवाय" વગેરે. જૈન ધર્મમાં માનનીય અનાદિ સિદ્ધ દેવાધિદેવ પંચપરમેષ્ઠી છે. એમનું સ્મરણ સર્વોત્તમ છે, અને તે સ્મરણ ઘણી રીતે કરવામાં આવે છે. જેમ કે:—

पणतीस सोलछप्पग, चउदु गमेगं च जवहज्झाएह ॥
परमेट्ठी वाचयाण, अण्णं च गुरुवएसण ॥ १ ॥

દ્રવ્ય સંગ્રહ.

અર્થ—પાંત્રીશ, સોળ, આઠ, પાંચ, ચાર, બે, એક એ પ્રમાણે અક્ષરોનું સ્મરણ કરવાથી પંચપરમેષ્ઠીનું ધ્યાન (જપ) થઇ શકે છે. એ સિવાય બીજી રીતે ન્યૂનાધિક અક્ષરોનું પ્રમાણ ગોઠવીને પણ પંચપરમેષ્ઠીનું ધ્યાન બને છે તે વાત ગુરૂ મહારાજથી સમજી ધારણ કરી જપ કરવો.

૩૫ અક્ષરનો મૂળ મંત્ર.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
ણ મો અ રિ હં તા ણં, ણ મો સિ દ્ધા ણં, ણ મો આ ય–
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫
રિ યા ણં, ણ મો ઉ વ જ્ઝા યા ણં, ણ મો લો એ સ વ્વ સા હૂ ણં.

૧૬ અક્ષરનો મંત્ર.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
અ રિ હં ત, સિ દ્ધ, આ ય રિ ય, ઉ વ જ્ઝા ય, સા હુ*

*આમાં પાંચ પરમેષ્ઠીનાં નામ માત્ર છે.

આઠ અક્ષરનો મંત્ર.	પાંચ અક્ષરનો મંત્ર.
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮	૧ ૨ ૩ ૪ ૫
અ રિ હં ત સિ દ્ધ સા હુ*	અ સિ આ ઉ સા+

ચાર અક્ષરનો મંત્ર.	બે અક્ષરનો મંત્ર.	એક અક્ષરનો મંત્ર.
૧ ૨ ૩ ૪	૧ ૨	૧
સિ દ્ધ સા હુ×	સિ દ્ધ÷	ૐ§

આ પંચપરમેષ્ટી મંત્રના જાપ સ્મરણની સંક્ષેપમાં રીત

---

* આમા અરિહંત અને સિદ્ધ બે મૂળ મંત્રનાં પદ કાયમ રાખીને પછી બાકીનાં ત્રણ પદો એક સાહુ પદમાં ગણ્યાં છે, કારણ કે આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુ એ ત્રણ સાધુજ હોય છે.

+ આમાં અ થી અરિહંત, સિ થી સિદ્ધ, આ થી આચાર્ય, ઉ થી ઉપાધ્યાય, અને સા થી સાધુ એમ એક એક પ્રથમ અક્ષરનો જાપ છે.

× આમાં અરિહંત અને સિદ્ધ એ બંને પદને સિદ્ધ શબ્દમાં ગણ્યા છે કારણ કે અરિહંત ભવિષ્યમાં સિદ્ધ થવાના છેજ તેથી સિદ્ધ કહેવામાં જરાપણ અડચણ નથી, અને આચાર્ય વગેરે ત્રણ પદ તો ઉપર કહ્યા પ્રમાણે સાધુ પદમાં સમાઇ જાય છે.

÷ સિદ્ધ પદ છોડી બાકીનાં ચાર પદની મુખ્ય ઇચ્છા સિદ્ધ થવાની છે તેથી પાંચેનો એક સિદ્ધ શબ્દમાં સમાવેશ કર્યો છે.

§ ગાથા—અરિહંતા અસરીરા, આયરિયા ઉવજ્ઝાય મુણિણો ॥
પંચક્ખર નિપ્પન્નો, ૐકારો પંચપરમેટ્ઠી ॥

અર્થ—અરિહંત શબ્દના આદિમાં અ છે, અશરીર (એટલે સિદ્ધ) ની આદિમાં અ છે, આચાર્યની આદિમાં આ છે, ઉપાધ્યાયની આદિમાં ઉ છે, મુનિ (સાધુ) ની આદિમાં મ્ છે. આ પાંચ અક્ષર અ અ આ ઉ મ્ ની વ્યાકરણની રીતે સંધિ કરતાં ૐ થાય છે, સિદ્ધહેમચંદ્રાચાર્યકૃત શાકટાયનનાં સૂત્રથી અ, અ, આ એ ત્રણ મળી દીર્ઘ આ થાય છે, આ ને ઉ મળી ઓ થાય છે અને ઓ કારમાં મ્ કારબિંદુરૂપે મળતાં ૐકાર સિદ્ધ થાય છે,

બતાવી છે. એ સિવાય શાસ્ત્ર ગ્રંથોમાં સ્મરણ કરવાના ઘણા મંત્રો છે તેમાંથી કંઈક અંહીઆં બતાવીએ છીએ.

શ્લોક-મંગલં શરણોત્તમ પદનિ, કુરવ યસ્તુ સંયમી સ્મરતિ ।
અવિકલમેકાગ્રધિયા, સ ચાપવર્ગશ્રિયં શ્રયતિ ॥

જ્ઞાનાર્ણવ શ્લો. ૩૮-૫૭.

અર્થ-- જે મંગળરૂપ, શરણરૂપ અને ઉત્તમ છે એવાં પદોનું જે સંયમી પુરૂષ વિકળ થયા વિના એક ધ્યાનથી સ્મરણ કરે છે તે મુનિરાજ મોક્ષરૂપી મહાલક્ષ્મીનો આશ્રય લે છે. એવાં પદો નીચે પ્રમાણે છે.

મંત્ર.

चत्तारि मंगलं, अरिहंता मंगलं, सिद्धा मंगलं, साहु मंगलं, केवली पण्णत्तो धम्मो मंगलं , चत्तारि लोगुत्तमा, अरिहंता लोगुत्तमा, सिद्धा लोगुत्तमा, साहु लोगुत्तमा, केवली पण्णतो धम्मो लोगुत्तमा, चतारि सरणं पव्वजामि, अरिहंता सरणं पव्वजामि, सिद्धा सरणं पव्वजामि साहु सरणं पव्वजामि, केवली पण्णतो धम्मो सरणं पव्वजामि.

સૂત્ર- ॥ चउवीसथ्थएण दंसणविसोहि जणयइ ॥

(ઉત્તરા૦ ૨૯ ગાથા ૯).

અર્થ--ચઉવિસત્થ (चतुर्विंशति जिनस्तवं મંત્ર) એટલે ચોવીશ તીર્થંકરોની સ્તુતિ—ગુણગ્રામ કરવા (જેથી દર્શન એટલે સમ્યક્ત્વની વિશુદ્ધતા થાય છે) તેને ચઉવીસત્થો કહે છે.

ચઉર્વિ સંથ્થો-મંત્ર.

लोगस्स उज्जोयगरे, धम्म तीथ्थयरे जिणे ।
अरिहंते कितइस्सं, चउवीसंपि केवली ॥ १ ॥
उसभ मजियं च वंदे, संभवमभिनंदणं च सुमइं च ॥

पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥
सुविहं च पुप्फदंतं, सीअलं सिज्जंसं वासुपुज्जं च ॥
विमल मणंतं च जिणं, धम्मं संति च वंदामि ॥ ३ ॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ॥
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥
एवंमये अभिथ्थुया, विहूयरयमला पहीणजरमरणा ॥
चउविसं पि जिणवरा, तीथ्थयरा मे पसीयंतु ॥ ५ ॥
कितिय वंदिय महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ॥
आरुग्ग बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥
चंदेस्सु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ॥
सागर वर गंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

આ મંત્રને "ચઉવી સંથ્થો" "લોગસ્સ" અથવા "ચતુર્વિંશતિ સ્તવ" કહે છે.

સૂત્ર—थयथुइमंगलेणं, नाणदंसणचरितबोहिलाभं जणयइ, नाणदंसणचरितबोहिलाभं संपण्णे य णं, जीवे अंतकिरियं, कप्पविमाणीववत्तिगं आराहणं आरोहइ ॥ (उत्तरा० २९ गाथा १४).

અર્થ—થય થુઇ (સ્તુતિત્રય) મંગલં તે નમોત્થુણં ત્રય મંત્ર ભણવાથી જ્ઞાનની નિર્મલતા થાય, બુદ્ધિમાં વધારા થાય, દર્શનની નિર્મળતા થાય, સમ્યકત્વની શુદ્ધિ થાય, ચારિત્ર ગુણની વૃદ્ધિ થાય, બોધિબીજનો પરમ લાભ થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધિ થવાથી, મોક્ષ પદની પ્રાપ્તિ થાય છે. કદાપિ પુણ્યની વૃદ્ધિ થઈ જાય તો, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયિક, ૫ અનુત્તર વિમાન એ વિમાનોમાં મહાઋદ્ધિ ધારણ કરનાર દેવતા થાય છે.

थयथुइ मंगल-मंत्र.

नमोत्थुणं, अरिहंताणं, भगवंताणं, आइगराणं, तीथ्थयराणं,

सयंसंबुद्धाणं, पुरिसोत्तमाणं, पुरिससिंहाणं, पुरिसवर पुंडरियाणं, पुरिसवरगंध हत्थीणं, लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहियाणं, लोगपइवाणं, लोगपज्जोयगराणं, अभयदयाणं, चक्खुदयाणं, मग्गदयाणं, सरणदयाणं, जीवदयाणं, बोहिदयाणं, धम्मदयाणं, धम्मदेसियाणं, धम्मनायगाणं, धम्मसारहिणं, धम्मवर चाउरंत चक्कवट्टीणं, दीवो-ताणं-सरणं-गइपइट्ठा, अपडिहय-वर-नाण-दंसण धराणं, वियट्टछउमाणं, जिणाणं, जावयाणं, तिन्नाणं, तारयाणं, बुद्धाणं, बोहियाणं, मुत्ताणं, मोयगाणं, सव्वन्नूणं, सव्वदरिसिणं, सिव, मयल, मरुय, मणंत, मक्खय, मव्वाबाह मपुणंरावित्तिं, सिद्धिगइनामधेयं, ठाणंसंपत्ताणं, नमोजिणाणं, जियभयाणं ॥

આ "थयथुय" અથવા "नमोत्थुणं"નો પાઠ છે.

નવકાર, ચઉવીસંત્તવ (લોગસ્સ), અને નમોત્થુણં એ ત્રણ સ્મરણ તો અહીં બતાવ્યાં; એ સિવાય જિનપ્રભુનાં ભાખેલાં મૂળ સૂત્રોના પાઠોની સઝાય, જિન સ્તવનો, મુનિસ્તવનો કે જેમાં વૈરાગ્ય, આત્મજ્ઞાન, આધ્યાત્મિકજ્ઞાન અને શાંતિ આદિ ઉત્તમ રસો ગર્ભિત રીતે ભરપૂર હોય એવું જે જે ફેરવવું, પરિયટ્ટણ કરવું તે તમામ પદસ્થ ધ્યાનનું કાર્ય સમજવું. *

અનુભવ સાથે જે જીવ પદસ્થ ધ્યાન ધ્યાય છે તે જીવ પરમ ઉત્કૃષ્ટ રસમાં ચડીને મહાનિર્જરા કરે છે.

દ્વિતીય પત્ર —"પિંડસ્થ ધ્યાન"

(૨). પિંડસ્થં ધ્યાન— (પિંડ = શરીર + સ્થ = રહેનાર) શરીરમાં રહેલ આત્મા શરીરથી ભિન્ન છે એવી ચિંતવણા કરવી તે પિંડસ્થ ધ્યાન.

---

* હૂઁ એ પદસ્થ ધ્યાનનો બીજ મંત્ર છે.

गर्भित पुद्गल पिंडमें, अलख अमूर्ति देव ;
फिरे सहज भव चक्रमें, यह अनादकी टेव. ॥ १ ॥

અર્થ—સાત ધાતુનું બનેલું, ઘણી ગંદકીનો ભંડાર, ક્ષણ ક્ષણમાં જેના પર્યાયો બદલે છે, મૃગાપુત્રના કહેવા પ્રમાણે *"वाहि रोगाण आलये" એટલે આધિ—ચિંતા, વ્યાધિ—રોગ અને ઉપાધિ—દુઃખ એ ત્રણનું ઘર, એવું આ શરીર છે તેમાં અલખ એટલે જેના ગુણ લક્ષમાં નથી આવતા એવો, અને અમૂર્તિ એટલે જે જોવામાં નથી આવતો એવો, આત્મારૂપી દેવ વિરાજમાન છે. જેનો અનાદિકાળ થયાં દેહાધ્યાસ (દેહ છે તેજ હું છું એવા ભ્રમ) થી તથા કર્મના સંજોગથી પરિભ્રમણ કરવાનો સ્વભાવ થઈ રહ્યો છે, તેથી સંસારરૂપી ગોળ ચક્કરમાં અનંત ભવ કરે છે તેનો મુખ્ય હેતુ એ છે કેઃ—

जो जो पुद्गलकी दशा, ते निज माने हंस;
याहि भरम विभावतें, बढे कर्मको वंश ॥ २ ॥

દેહમાં રહેલ આત્મા જે જે પુદ્ગલિક પદાર્થો જગતમાં છે તેને પોતાના માની રહ્યો છે, વળી પુદ્ગળોના સ્વાભાવિક સ્વભાવમાં ફેરફાર અને સંયોગ વિયોગ થતાં પોતાનોજ સંયોગ વિયોગ સમજે છે, અને પોતાની અનંત જ્ઞાનમય, તેમજ ચૈતન્ય મય અવસ્થા છે તેને કર્મ રૂપી નિશામાં છેક ભૂલી જઈ ભ્રમમાં પડી પોતાનો સ્વભાવ છોડી વિભાવમાં રચીપચી રહ્યો છે કે જેથી કર્મોની વૃદ્ધિ થાય છે અને ભવ ભ્રમણ કરવું પડે છે. કહ્યું છે કેઃ—

कर्म संग जीव मूढ है, पावे नाना रुप ;
कर्म रुप मलके टले, चैतन्य सिध्ध स्वरुप. ॥ ३ ॥

આ તમામ ફેરફારો કર્મના સંગથીજ થાય છે, એ બધો કર્મનોજ સ્વભાવ છે, ચૈતન્યનો સ્વભાવ નથી, ચૈતન્ય તો સિદ્ધ

---

* ઉત્તરા૦ ૧૯, ગાથા ૧૪.

સ્વરૂપ અથવા પરમાત્મ રૂપજ છે, ચૈતન્યનો ભવ ભ્રમણમાં પડવાનો સ્વભાવ છેજ નહિ, હોય તો સિદ્ધ ભગવાનની પણ પુનરાવૃત્તિ થાય અને જન્મ મરણ કરવાં પડે, કર્મોના સંયોગથી મૂઢ બની જીવ એકેંદ્રિય વગેરે યોનિમાં અનેક પ્રકારનાં રૂપ ધારણ કરે છે, અને જ્યારે કર્મરૂપો મેલ દૂર થાય છે તેમજ દેહાધ્યાસ છુટી જાય છે ત્યારે નિજરૂપ જે સિદ્ધ સ્વરૂપ તે પદને પ્રાપ્ત થાય છે, આવા વિચારો હમેશાં કરવાની દરેક જીવાત્માને પૂર્ણ જરૂર છે.

સંસારી જીવોને અનાદિકાળથી જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોનો સંબંધ હોવાથી આત્માની અનંત જ્ઞાનમય ચૈતન્ય શક્તિનો લોપ થયો છે અને તેથી આત્મા વિભાવરૂપ થઇ રહ્યો છે. જેમ કીચડના સંયોગથી શુદ્ધ જળની સ્વચ્છતાનો નાશ થાય છે, તેમ કર્મરૂપી કીચડથી ચૈતન્યમાં ડોળ ચડી તેનું શુદ્ધ સ્વરૂપ વિભાવ રૂપ થયું છે. જ્યારે ભવ સ્થિતિ પરિપકવ થાય છે, ત્યારે સમ્યકત્વાદિ સામગ્રી મળે છે, અને કર્મનો નાશ થઈ શુદ્ધ ચૈતન્ય દશા પ્રગટે છે કે તરતજ જીવ સર્વજ્ઞપણાને પામી એક સમયમાં ત્રણ કાળના સર્વ પદાર્થને જાણવા ને જોવા લાગે છે.

सिध्धा जैसा जीव हे, जीव सोहि सिध्ध होय,
कर्म मेलका आंतरा, बूझे विरला कोय. ॥ ४ ॥
कर्म पुद्गळ रुप है, जीव रुप है ज्ञान ;
दो मिलके बहु रुप है, विछडे पद निर्वान. ॥ ५ ॥

આ પ્રમાણે આ જીવ સિદ્ધ સ્વરૂપજ છે, કેમકે જીવ પોતેજ સિદ્ધપદને મેળવી શકે છે, બીજી કોઇ ચીજ સિદ્ધપદને મેળવી શકતી નથી. વાર માત્ર એટલીજ છે કે કર્મ અને જીવનો મૂળ સ્વભાવ પિછાણવો જોઇએ. કર્મ છે તે પુદ્ગળજ છે, પુદ્ગળ-મય પદાર્થ હમેશાં રૂપી, નિર્જીવ અને જડ છે, જીવ તો જ્ઞાનસ્વરૂપી, અરૂપી, ચૈતન્યવંત છે, એ બંનેનો અનાદિકાળથી સંબંધ છે અને તેથી દેહાધ્યાસના પ્રતાપે ભવાંતરમાં અનેક તરેહના દેહો ધારણ

કરી જીવ ભમે છે. આ પ્રકારનું જાણુપણું જગતમાં ઘણા થોડાને હોય છે. જે જાણશે તે કર્મસંબંધ તોડી, નિર્વાણ પદ મેળવવાનો સતત પ્રયત્ન કરશે.

जीवो उवओगमओ, अमुत्ति कत्ता सदेहपरिमाणो,
भोत्ता संसारत्थो सिद्धो, सो विस्ससोड्ढगइ ॥१॥

દ્રવ્ય સંગ્રહ.

" जीवो "–આ જીવ નિશ્ચય નયથી આદિ, મધ્ય, અને અંત રહિત, સ્વ અને પરનો પ્રકાશક, ઉપાધિ રહિત, શુદ્ધ જ્ઞાનરૂપ, અને નિશ્ચયપ્રાણુથી * જીવનારો છે, તોપણ અશુદ્ધ નિશ્ચય નયથી અનાદિ કાળથી કર્મના બંધને વશે, અશુદ્ધદ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણુથી જીવતો હોવાથી " જીવ " કહેવામાં આવે છે " उवओगमओ "–શુદ્ધદ્રવ્યાર્થિક નયથી પરિપૂર્ણ નિર્મલ એવા બે ઉપયોગ છે અને તે બે ઉપયોગમય જીવ છે છતાં અશુદ્ધ નયથી જીવને ક્ષયોપશમિકજ્ઞાન અને દર્શન છે. " अमुत्ति "–જીવ વ્યવહાર નયથી મૂર્ત એવાં જે કર્મ તેને આધીન થવાથી વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને રૂપથી મૂર્તિમાન દેખાય છે તો પણ

---

*ત્રણે કાળમાં જીવને ચાર પ્રાણ હોય છે. ઈંદ્રિયોથી અગોચર શુદ્ધ ચૈતન્ય પ્રાણ અને તેનો પ્રતિપક્ષી ક્ષયોપશમવાળો ઇંદ્રિયરૂપ પ્રાણ. (૨) અનંતવીર્ય રૂપ બલપ્રાણ અને હાલ તો તેનો અનંતમો ભાગ મન બળ, વચન બળ અને કામબળરૂપીપ્રાણ. (૩) અનંત શુદ્ધ ચૈતન્ય પ્રાણ અને તેનો પ્રતિપક્ષી આદિ અંત સહિત આયુષ્ય પ્રાણ. (૪) શ્વાસોચ્છ્વાસ આદિ ખેદ રહિત શુદ્ધ ચિત્ત પ્રાણ તેનો પ્રતિપક્ષી શ્વાસોચ્છ્વાસ પ્રાણ છે. આ ૪ ભાવ પ્રાણ અને ૪ દ્રવ્ય પ્રાણથી જે જીવો જીવે છે અને જીવશે તેને વ્યવહાર નયથી જીવ કહે છે. જેમ સ્ફાટિક રત્ન સ્વભાવિક રીતે સ્વચ્છ અને ઉજ્વળ હોય છે, પણ તેની નીચેના બીજા લાલ પીળા, વગેરે રંગના પદાર્થોથી રંગમય દેખાય છે તેજ પ્રમાણે શુદ્ધ ચૈતન્ય રૂપ આત્મા નિર્મળ છે છતાં કર્મના પ્રભાવે અશુદ્ધ લાગે છે.

નિશ્ચય નયથી અમૂર્તિ અને ઇંદ્રિયોથી અગોચર શુદ્ધ સ્વભાવનો ધરનાર છે. "**कत्ता**" જીવ નિશ્ચય નયથી ક્રિયા રહિત, ઉપાધિ-રહિત એવો ફક્ત જ્ઞાયકસ્વભાવ ધરનાર છે, તો પણ વ્યવહાર-નયથી મન, વચન, અને કાયાનો વેપાર ઉત્પન્ન કરનારાં કર્મને લીધે શુભ અશુભ કર્મનો કર્તા છે. "**सदेह परिमाणो**"–જીવ નિશ્ચય નયથી સ્વાભાવિક રીતે લોકાકાશ પ્રમાણે +શુદ્ધ અસંખ્યાત પ્રદેશનો ધારક છે, તો પણ શરીરનામકર્મોદયથી ઉત્પન્ન થવું, સંકુચિત થવું, વિસ્તાર પામવો વગેરેને આધિન થઇ દેહપ્રમાણ ધારણ કરી રહ્યો છે. જેમ દીવો પોતે જેમાં રહેલ હોય તે ભાજન (પાત્ર) પ્રમાણે પ્રકાશ કરે છે તેમ દેહના વિસ્તાર પ્રમાણે જીવ શક્તિ ફેલાવે છે. "**भोत्ता**"–શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી વિચારતાં જીવ રાગ દ્વેષ રૂપ વિકલ્પ રહિત, અને ઉપાધિથી સાવ ભિન્ન છે અને તેથી આત્મ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં સુખ રૂપી અમૃતને ભોગવે છે છતાં અશુદ્ધનયથી તે અમૃતરૂપી ભોજનનો અભાવ થયો છે અને શુભાશુભ કર્મથી ઉત્પન્ન થયેલાં દુઃખ અને સુખ ભોગવે છે. "**संसारत्थ**"–જીવ શુદ્ધનિશ્ચય નયથી સંસાર રહિત, નિત્યાનંદરૂપ, એકજ સ્વભાવનો ધારક છે, તો પણ અશુદ્ધ નયથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ અને ભવ એ પાંચ પ્રકારના સંસારમાં રહેનાર છે. **सिद्धो**—જીવ શુદ્ધ નિશ્ચય નયથી અનંતજ્ઞાન વગેરે ગુણ-રૂપી સ્વભાવનો ધારક હોવાથી સિદ્ધ છે, પણ વ્યવહારનયથી

+કેવળજ્ઞાની મહાત્માનું આયુષ્યકર્મ કમ રહે અને વેદનીયકર્મ વધારે રહે તો બંનેને બરાબર કરવા સારૂ આઠ સમયમાં સમુદ્‌ઘાત કરે છે આ સમુદ્‌ઘાતને કેવળ સમુદ્‌ઘાત કહે છે. આત્મપ્રદેશને પહેલે સમયે ચૌદ રાજલોકમાં ઊંચા નીચા દંડરૂપ કરે, બીજે સમયે કપાટ રૂપે કરે, ત્રીજે સમયે મથન કરે, અને ચોથે સમયે અંતર પૂરે તે વખતે આખા લોકમાં આત્મા વ્યાપી રહે છે. પાંચમે સમયે અંતરને સારી લે, છઠ્ઠે સમયે મથન સારી લે, સાતમે સમયે કપાટ અને આઠમે સમય દંડ સારે.

નિજ આત્મસ્વરૂપની પ્રાપ્તિરૂપ જે સિદ્ધપણું તેને કર્મના ઉદયથી મેળવી ન શકતો હોવાથી અસિદ્ધ છે, "विस्ससोड्ढगइ" જીવ નિશ્ચય નયથી કેવળ જ્ઞાન વગેરે અનંત ગુણોની પ્રાપ્તિરૂપ જે મોક્ષ છે તેમાં જતી વખતે સ્વભાવથીજ ઉર્દ્ધગમન કરે છે પણ વ્યવહારનયથી ચાર ગતિમાં ભ્રમણ કરનારો અને કર્મોદયથી ઊંચી નીચી અને તિરછી દિશામાં ગમન કરનારો છે.

શુદ્ધ ચૈતન્ય ઉજ્વલ દ્રવ્ય, રહ્યો કર્મમલ છાય,
તપ સંયમતેં ધોવતાં, જ્ઞાનજ્યોતિ બઢ જાય. ॥૬॥

એવું જાણી હે મુમુક્ષુ પ્રાણીઓ, દેહ પિંડ (=કર્મ પિંડ)-થી આત્માને મુકત કરવાનો ઉપાય જ્ઞાનયુકત તપ અને સંયમ વડે કરો કે જેથી ચૈતન્ય આત્મા શુદ્ધ જ્ઞાન સ્વરૂપજ બની જાય. ÷ જ્ઞાનાદિરત્ન રાખવાનું ખરૂં સ્થળ ચૈતન્યજ છે તેથી જેમ ચાંદીને ખટાશથી ધોતાં મેલ દૂર થઈ સ્વચ્છ થાય છે તે પ્રમાણે ચૈતન્યને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરો.

જ્ઞાન થકી જાણે સકલ, દર્શન શ્રદ્ધા રૂપ,
ચારિત્રથી આવત રૂકે, તપસ્યા ક્ષપન સ્વરૂપ. ॥ ૭ ॥

જ્ઞાનના પ્રભાવે ચૈતન્યમાં રહેલ કર્મરૂપી મેલનો સ્વભાવ તથા કૃતિથી વાકેફ થાય, દર્શનથી એ કર્મનાં કૃત્યો, સ્વભાવ, સ્થિતિ વગેરેને કેવળી ભગવાને ભાખેલાં શાસ્ત્રો પ્રમાણે સત્ય ગણી શ્રધ્ધે, ચારિત્રથી શુદ્ધ ચૈતન્ય આત્માને કર્મરૂપી મેલથી દૂર કરવાની ક્રિયાઓ કરે તથા આચાર પાળે અને તપે કરીને જીવ અને કર્મને જૂદાં કરે. એ ખરે ખરો ઉપાય છે.

જીવ કર્મ ભિન્ન ભિન્ન કરો, મનુષ્ય જન્મકે પાય, ॥
જ્ઞાનાત્મ વૈરાગ્યસે, ધૈર્ય ધ્યાન જગાય. ॥ ૮ ॥

આત્મા અને કર્મને જૂદા કરવાનો પ્રયત્ન મનુષ્યજન્મમાંજ થાય છે માટે મોક્ષના અર્થી જીવો, આ ખરો અને ઉત્તમ અર્થ સિદ્ધ કરવાનો અવસર (મનુષ્ય જન્મ, નિરોગી કાયા, પૂર્ણ ઇંદ્રિયો, વગેરે) પ્રાપ્ત થયો છે તેમાં વૈરાગ્ય અને ધૈર્ય ધારણ કરી જ્ઞાન સહિત ધ્યાની બની જીવને કર્મથી જૂદો કરો.

આ પ્રમાણે જીવ અને કર્મની જૂદાઇ જાણવાનો તથા તેને ભિન્ન કરવાનો ઉપાય સંક્ષેપમાં કહ્યો વળી ગ્રંથકાર કહે છે કે....*

---

*પિંડસ્થ ધ્યાનમાં સંસ્થિત થઇ આત્માની જ્ઞાનરૂપી જ્યોતિ પ્રકાશિત કરવાનો સરળ ઉપાય એક ગ્રંથકાર એવો કહે છે કે:—

શુભ ધ્યાનમાં કહ્યા પ્રમાણે દ્રવ્ય વગેરે શુભ સામગ્રીઓ સહિત ધ્યાનસ્થ બની જ્યારે પોતાનો શ્વાસ બહાર નિકળે ત્યારે અંતઃકરણમાં વિચારે કે હું સ્વસ્થાનક છોડી બહાર આવ્યો, વળી પાછો અંદર શ્વાસ જાય તે વખતે વિચારે કે હું અંદર જવા મંડયો; એમ વિચારતાં વિચારતાં શિરસ્થાનથી કંઠસ્થાન અને કંઠસ્થાનથી નાભિના કમલ સ્થાનપર જઇ વિરાજમાન થવું અને ત્યાં સ્થિર થઇ અંદરની તરફ દ્રષ્ટિને ખુલ્લી કરી જોવાથી એવું જણાશે કે હું નાભિકમળપર રહેલો છું. એમ કરતાં જ્યારે પોતાના આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ ધ્યાનમાં આવે ત્યારે તે સૂક્ષ્મ સ્વરૂપની દ્રષ્ટિ ખુલ્લી કરી નાભિની આજુબાજુ ચારે તરફ અવલોકન કરવું. આ પ્રમાણે ધીરજ અને દ્રઢ નિશ્ચયથી અવલોકન કરતાં જો અંધકાર જોવામાં આવે તો તેજ વખત દ્રઢ નિશ્ચયથી કલ્પના કરે કે "આ અંધકારનો તરત નાશ થાઓ, અને અનંતપ્રકાશી સૂર્ય મંડળનો મારા હૃદયમાં પ્રકાશ થાઓ." આમ કહીને સૂક્ષ્મરૂપથી આકાશની તરફ અવલોકન કરતાં તરતજ સૂર્ય જેવો પ્રકાશ અંતઃકરણમાં દેખાશે. આવી રીતે હમેશાં અભ્યાસ રાખવાથી અંતરાત્માની જ્ઞાનરૂપી જ્યોતિમાં દિન પ્રતિદિન વિશેષ શુદ્ધિ થશે અને આંતરિક (અંદરની) ગુપ્ત વસ્તુઓ જાણવામાં આવશે તેમજ અનેક ગુપ્ત શક્તિઓ પ્રગટ થશે.

પિંડસ્થ ધ્યાનમાં પાંચ તત્ત્વનો વિચાર કરવાથી પણ જ્ઞાન જ્યોતિનો પ્રકાશ થાય છે એમ પણ એક ગ્રંથકાર જણાવે છે. તે એવી રીતે કે ધ્યાનમાં

એજ રીતે પિંડસ્થ ધ્યાનમાં 'સપ્તભંગી'થી આત્મતત્ત્વ વિચારે. (૧)–પ્રત્યેક પદાર્થ પોત પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની + (દ્રવ્ય ચતુષ્ટયની) અપેક્ષાએ અસ્તિરૂપ છે. આત્મામાં જ્ઞાન,

---

એસી દ્રઢતા પૂર્વક પ્રથમ પૃથ્વી તત્ત્વનો વિચાર કરે તે એવી રીતે કે ગોળાકાર પૃથ્વી છે તેના મધ્યમાં ક્ષીર સાગર, તેની મધ્યમાં જંબુદ્વીપને કમળરૂપ માને, અને તેની મધ્યમાં મેરૂ પર્વતને પાંખડીઓ રૂપે ગણી તેમાં સિંહાસન છે એવી કલ્પના કરવી, એ સિંહાસનપર હું આવીને બેઠો છું એમ નિશ્ચય કરે. (૨) તે પછી બીજા અગ્નિતત્ત્વનો એવો વિચાર કરે કે હૃદયમાં ૧૬ પાંખડીના કમળમાં અ થી માંડી ૧૬ મા અઃ સ્વરની સ્થાપનાની વચમાં "હૂઁ" બીજ ગોઠવે, તે પછી વિચાર કરે કે વચમાં ધુમાડો નીકળવા માંડયો તે પછી મહા જવાળા નીકળતાં કમળને ભસ્મ કરી ભક્ષના અભાવથી અગ્નિ શાંત થઇ. (૩) ત્રીજા વાયુ તત્ત્વને માટે એવો વિચાર કરે કે મહાવાયુ પ્રગટ થયો અને મેરૂને કંપાવવા માંડયો, અને પ્રથમની ભસ્મ હતી તેને ઉડાડીને લઇ ગયો તેથી તે જગા સાફ થઇ ગઇ. (૪) પાણી તત્ત્વને માટે એવો વિચાર કરે કે, આકાશમાં ગર્જના થઇ, વરસાદ પડવા લાગ્યો, અને મહામેઘ પડીને તે સ્થાન વિશેષ સાફ થયું. તે પછી વરસાદ જતો રહ્યો. (૫) આકાશ તત્ત્વને માટે એમ વિચારે કે હવે મારો આત્મા સાત ધાતુમય પિંડ રહિત, પૂર્ણ ચંદ્રના જેવો પ્રકાશિત, નિર્મલ, અને સર્વજ્ઞ દેવ રૂપ બન્યો છે. આ પ્રમાણે દ્રઢતાથી અને નિશ્ચયાત્મક બુદ્ધિથી વિચારતાં ઉપર લખ્યા મુજબ આબેહુબ બનાવ દ્રષ્ટિ ગોચર થાય છે.

+ પોતાના દ્રવ ચતુષ્ટય (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ) થી સર્વ પદાર્થ સત્ય છે. જેમકે— (૧) આત્મા જ્ઞાનાદિગુણોનું પાત્ર છે માટે તે ગુણો તેનું દ્રવ્ય કહેવાય. જ્ઞાનાદિ ગુણોમાં સમય સમયમાં જે ફેરફાર થાય છે તે આત્માના સ્વભાવનો નહિ પણ પર્યાયોનો ફેરફાર થાય છે (૨). આત્માના જે અસંખ્યાત પ્રદેશોમાં જ્ઞાનાદિ ગુણ કહેલ છે તે સ્વક્ષેત્ર કહેવાય (૩) પર્યાયોમાં જે ઉત્પાદ-વ્યય ક્ષણે ક્ષણે થાય છે તે સ્વકાળ છે (૪) અને આત્માના ગુણોના તથા પર્યાયોના જે જે કાર્ય રૂપી ધર્મો છે તે સ્વભાવ છે.

દર્શન વગેરે ગુણનું અસ્તિત્વ સદા છે જ તેથી તે * **'સ્યાદ્ અસ્તિ'** કહેવાય. (૨) તે આત્મા બીજા પદાર્થના દેશ, કાળ, ક્ષેત્ર, ભાવ એટલે દ્રવ્ય ચતુષ્ટયથી તપાસીએ તો **નાસ્તિરૂપ** છે. જેમકે જડતા એટલે અચેતનપણાથી રહિત હોવાથી **'સ્યાદ્ નાસ્તિ'** છે. (૩) તમામ પદાર્થો પોત પોતાની અપેક્ષાએ **અસ્તિ** રૂપ અને પર પદાર્થની અપેક્ષાએ **નાસ્તિરૂપ** છે. જેમકે આત્મામાં ચૈતન્યની **અસ્તિ** છે અને જડતાની **નાસ્તિ** છે માટે એકજ સમયે **'સ્યાદ્ અસ્તિ નાસ્તિ'** કહેવાય. (૪) પદાર્થનું ખરૂં સ્વરૂપ એકાંત પણે કહી ન શકાય કેમકે **અસ્તિ** કહે તો **નાસ્તિ**નો અને **નાસ્તિ** કહે તો **અસ્તિ**નો અભાવ આવે આથી પદાર્થનું રૂપ જેવું છે તેવું એકજ સમયે (બંને ભાવથી) પ્રકાશી શકાય નહિ. કેવળ જ્ઞાની મહારાજ એક સમયમાં ઉપરના બંને ભાવ જાણી શકે છે પણ વાણી દ્વારા કહી શકે નહિ તો બીજા જ્ઞાનીઓનું તો શું ગજું? આવી સ્થિતિને લીધે પદાર્થને **'સ્યાદ્ અવક્તવ્ય'** કહેવાય. (૫) એકજ સમયમાં આત્મા-ને વિષે પોતાના તમામ પર્યાયોનો સદ્ભાવ ચાલુ રહેલો છે એટલે **અસ્તિત્વ** છે અને તેજ સમયે પરપર્યાયોનો સદ્ભાવ નથી એટલે **નાસ્તિત્વ** છે, વળી બંને ભાવ એકજ વખતે કહી પણ ન શકાય, **અસ્તિ** કહે તો **નાસ્તિ**નો અભાવ આવે, અને તેથી મૃષાવાદ ગણાય માટે **'સ્યાદ્ અસ્તિ અવક્તવ્ય'** કહે છે. (૬) એજ પ્રમાણે **નાસ્તિ** કહે તો **અસ્તિ**નો અભાવ આવે માટે નાસ્તિ કહી શકાય નહિ આથી

---

* "સ્યાત્" અગર "સ્યાદ્" એ શબ્દનો અર્થ "હોવું" અથવા "હા, એમ પણ હોય" એવો થાય છે.

*આત્માનું ધ્યાન કેની પેઠે ધરવું તે વિષે એક કવિ કહે છે કે :—

पाणीहारी कुंभ, अरु नटवर वृतमें, कामीको कांता, सती पति च्हाइ,
गौ वच्छ, बालक मात, लोभी धन, चकवी सूर्य, पपैया मेहाइ;
कोकिल अंब, ने सायर चंद्रज्यों, हंसोदधि मधु मालती ताइ,
भयवंत सरण, आयंको औषधि, अमोल निजात्मत्यों नितध्याइ. ॥१॥

'સ્યાદ્ નાસ્તિ અવક્તવ્ય' કહે છે.(૭) ફક્ત અસ્તિ કહે તો નાસ્તિનો અભાવ અને નાસ્તિ કહે તો અસ્તિ અભાવ થાય અને પદાર્થમાં તો એકજ સમયે અસ્તિ અને નાસ્તિ બંને પ્રકાર છે પણ તે બંને કહી શકાય નહિ, કારણ કે વ્યાખ્યા તો ક્રમ પ્રમાણે કહેવાય. આથી પદાર્થને માટે 'સ્યાદ્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય' કહે છે. આ અસ્તિ નાસ્તિને આધારે સ્યાદ્વાદ મતથી આત્માનું સ્વરૂપ બતાવવામાં આવ્યું.

એ પ્રમાણે નિત્ય, અનિત્ય, સત્ય, અસત્ય, વગેરે અનેક રીતથી આત્મસ્વરૂપના વિચારમાં જે નિમગ્ન થાય તેણે પુદ્ગળના પિંડથી આત્મા જૂદો છે એમ નિરાકરણ કરવું અને નિશ્ચયથી આત્મસ્વરૂપી બનવું.

પિંડસ્થ ધ્યાનમાં આવી જાતના ચિંતવન કરવાનો હેતુ એ છે કે આપણું મન બધી વસ્તુઓમાં રાત દિન રમણ કર્યા કરે છે તેમાંથી તેને ખેંચી સત્ ચિત્ રૂપ જે આત્મા છે તેમાંજ લગાવવું. આત્મામાં મનની એકાગ્રતા થવાથી પરપુદ્ગળને તે ગ્રહણ કરતું નથી અને તેથી નવીન કર્મનો બંધ પડતો નથી એ મોટો લાભ થાય છે. આખરે જૂનાં કર્મથી ક્ષણે ક્ષણે અલગ થઇ આત્માની જ્યોતિ પૂર્ણ પ્રકાશમાન થાય છે અને તે વખતે સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

હવે પિંડસ્થ ધ્યાનનો સંક્ષેપમાં વિચાર એ છે કે, જ્ઞાનાદિ અનંતપર્યાયનો પિંડ તે હું પોતે એક આત્માજ છું, અને વર્ણ રસ, રૂપ વગેરે અનંત પર્યાયનો પિંડ તે કર્મ તથા તેનાથી ઉત્પન્ન થયેલ શરીર એ બંને પિંડનો સ્વભાવ ભિન્ન ભિન્નજ છે અને તેથી તે બંને સાવ જૂદીજ ચીજો છે. આવો નિશ્ચય થાય તેનું નામજ 'પિંડસ્થ ધ્યાન,' આ ધ્યાન ધરવાથી ભેદ વિજ્ઞાની થવાય છે. એવું ભેદવિજ્ઞાન પ્રાપ્ત થતાં આપણે આત્મસ્વભાવમાં અત્યંત-સ્થિર સ્વભાવી, ક્ષાંત, દાંત આદિ ગુણોમાં સ્વાભાવિક રીતે જાગૃત

થઈએ છીએ અને તેથી તમામ જાતના ભયથી નિવૃત્તિ થાય છે. એવા મહાત્મા મહા ભયંકર સ્થળમાં, હિંસક અને ક્રૂર પ્રાણીઓના સમુહમાં, પ્રાણાંત ઉપસર્ગ પડે તેવા પ્રસંગમાં જરા પણ ક્ષોભ પામતા નથી. એ ધ્યાન અખંડ અને એકાગ્રતાથી ચાલુ રાખવાથી અલ્પ કાળમાં તે મહાત્મા ઈષ્ટિત અર્થ સાધી **પરમ સુખ** પામે છે.

તૃતીય પત્ર—"રૂપસ્થ ધ્યાન"

(૩). "**રૂપસ્થ ધ્યાન**"—રૂપી પરમાત્માના ગુણમાં સ્થિર થવું તે '**રૂપસ્થ ધ્યાન**' એમ અર્હત પાહુડમાં કહેલું છે.

જે જાણઇ અરિહંત, દવ્વ ગુણ પજ્જવે હિયં,।
તે જાણઇ નિયડ્પ્પા, મોહે ખલુ જાઇયં લયં;॥

અર્થ—જે દ્રવ્ય, ગુણ અને પર્યાયે કરી અર્હત્ પ્રભુનું **સ્વરૂપ** જાણશે તેજ આત્માના સ્વરૂપને જાણશે; અને જે આત્માને પિછાણશે તેજ મોહ કર્મનો નાશ કરશે.

અર્હત, અરિહંત અને **અરૂહંત** એવા ૩ શબ્દ છે. (૧) દેવેંદ્ર, નરેંદ્ર વગેરેના પૂજ્ય; ચોત્રીશ અતિશય વગેરે ઋદ્ધિવાળા તે **અર્હત**, (૨) કર્મ અને રાગદ્વેષ રૂપી શત્રુનો નાશ કરે તે **અરિહંત** અને (૩) જન્મ રોગ વગેરે દુઃખના અંકુરને નાશ કરનારને **અરૂહંત** કહે છે.

શ્રી અર્હત્ ભગવાન **અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર** અને **અનંત તપ** એ ચાર **અનંત ચતુષ્ટયે** વિરાજમાન છે; વળી સમવસરણની મધ્યમાં, અશોક વૃક્ષની નીચે, મણિરત્નથી જડિત એવા સિંહાસન ઉપર, ચાર આંગળ અધર, છત્ર, ચામર, પ્રભા મંડળની વિભૂતિથી વિરાજમાન, બાર જાતની પરિષદાથી વિચરો પ્રભુ દિવ્ય ધ્વનિનો પ્રકાશ કરે છે. ભાદરવા મહિનાની વરસાદની ગર્જનાની પેઠે એ અવાજ (દિવ્ય ધ્વનિ) ચારે તરફ ચાર કોસમાં ફેલાય છે. પ્રભુની એ દિવ્ય ધ્વનિ સાંભળીને અચ્યુતેંદ્ર, શક્રેંદ્ર ધરે-

ઇંદ્ર, નરેંદ્ર (ચક્રવર્તિ રાજા) અને બ્રહસ્પતિ જેવા વિદ્યામાં પ્રવીણ, છ શાસ્ત્રના પારગામી, મહાતેજસ્વી, વક્તૃત્વકળાધારક, મહા ચતુર પણ ચમત્કાર પામે છે, અને કહે છે કે આહાહા! શું અતુલ્ય શક્તિ! કેવી વિદ્યાસાગરતા! એકેક વાક્યમાં કેવી શુદ્ધતા, મધુરતા અને સરળતા! ઇત્યાદિ વચનો કહેતાં ગુણોમાં પ્રેમમય બની વાહ વાહ કરતા અત્યંત આનંદ પામે છે. જેમ ક્ષુધાતુર મિષ્ટાન્ન ભોજનને અને તૃષાતુર ઠંડા પાણીને ગ્રહણ કરે છે તેવી રીતે શ્રોતાઓ પ્રભુના એકેક શબ્દને અત્યંત પ્રેમાતુરપણાથી ગ્રહણ કરી હૃદયને શાંત કરે છે, મહા વૈરાગ્ય પામે છે, અને એ પ્રમાણે સાંભળતાં સાંભળતાં તમામ કામ ભૂલી જઈ પ્રભુમાંજ એકાગ્રતા લગાડે છે.

વળી મનહર, શાંત, ગંભીર, મહાતેજસ્વી, એક હજારને આઠ ઉત્તમોત્તમ લક્ષણોથી વિભૂષિત, દેદિપ્યમાન, સર્વોત્તમ, અત્યંત પ્રિય એવું પ્રભુનું સ્વરૂપ નિહાળી પ્રેક્ષકો (જોનારાઓ) તેમાં લુબ્ધ થાય છે જોતાં જોતાં હૃદયમાં કહે છે કે, અહાહા! કેવી સ્વરૂપ સંપત્તિ છે! કેવી અપૂર્વ વૈરાગ્ય દશા છે!

નિષ્કામી, અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અરાગી, અદ્વેષી, નિર્વિકારી, નિરહંકારી, મહાદયાળ, મહામયાળ, મહામંગળ, મહારક્ષપાળ, અશરણશરણ, તરણતારણ, ભવદુઃખવારણ, જન્મસુધારણ, જગત્ ઉદ્ધારણ, અચિંત્ય, અતુલ્ય શક્તિના ધારક, ત્રિદુઃખ નિવારક, અક્ષોભ, અનંત નેત્ર યુકત, પરમ નિર્યામક, પરમ વૈદ્ય, પરમ ગારૂડી, પરમ જ્યોતિ, પરમ જહાજ, પરમશાંત, પરમકાંત, પરમદાંત, પરમમહંત, પરમઇષ્ટ, પરમમિષ્ટ, પરમજ્યેષ્ઠ, પરમશ્રેષ્ઠ, પરમપંડિત, ધર્મપંડિત, મિથ્યાત્વ ખંડિત, પરમઉપયોગી, આત્મગુણભોગી, પરમયોગી, મહાત્યાગી, મહાવૈરાગી, અગમ્ય, મહારમ્ય, અનંત દાનલબ્ધિ—અનંત લાભલબ્ધિ—અનંત ભોગલબ્ધિ,—અનંત ઉપભોગલબ્ધિ—અનંત બળ વીર્ય લબ્ધિના ધ-

રણહાર, ક્ષાયિકસમ્યકત્વ-જથાખ્યાત ચારિત્ર--કેવળજ્ઞાન—કેવળદર્શન યુકત, અઢાર દોષ રહિત, ચોત્રીશ અતિશયે વિરાજમાન, પાંત્રીશ પ્રકારની સત્ય વચન વાણીના ગુણ સહિત, પરમશુકલલેશી, પરમશુકલધ્યાની, અદ્વૈતભાવી, પરમ કલ્યાણરૂપ, પરમ શાંતિરૂપ, પરમ પવિત્ર, પરમ વિચિત્ર, પરમ દાતા પરમ ભોકતા, સર્વજ્ઞ, સર્વદર્શી, સિદ્ધ, બુદ્ધ, હિતૈષી, મહર્ષિ, નિરામય (નિરોગી), મહાચંદ્ર, મહાસૂર્ય, મહાસાગર, યોગીન્દ્ર, મુનીન્દ્ર, દેવાધિદેવ, અચળ, વિમળ, અકલંક, અવંક, ત્રિલોક તાત, ત્રિલોક માત, ત્રિલોક ભ્રાત, ત્રિલોક ઈશ્વર, ત્રિલોક પૂજ્ય, પરમપ્રતાપી, પરમાત્મા, શુદ્ધાત્મા, આનંદકંદ, દ્વંદ્વનિકંદ, લોકાલોકપ્રકાશક, મિથ્યાત્વતિમિરવિનાશક, સત્યસ્વરૂપી, સકલ સુખદાયક, એવા એવા અનંત વિશેષણથી વિરાજતા પ્રભુ સ્યાદ્વાદ વાણીની રીતે મહાદેશના આપો ફરમાવે છે કે, અહો ભવ્ય જીવો ! ચેતો ચેતો, મોહનિદ્રા છોડો, જાગો, જરા જ્ઞાનદ્રષ્ટિથી જુઓ, આ અત્યુત્તમ મનુષ્ય જન્મ વગેરે સામગ્રી પૂર્વનાં મહાન પુણ્યોદયથી તમને પ્રાપ્ત થઇ છે એને વ્યર્થ ન ગુમાવતાં લાભ લ્યો, જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી ત્રણ રત્નોથી ભરેલો અક્ષય ખજાનો તમારી પાસે છે તે સંભાળો, એ ખજાનાના રક્ષક બનો, એ ખજાનાને લૂટનારા મોહ, મદ, વિષય, કષાય વગેરે ઠગારા તમારી પાછળ લાગ્યા છે, માટે એ ઠગારાના ફંદથી બચો, એ ઠગારાના પ્રસંગથી અનંતભવભ્રમણની શ્રેણીઓમાં જે વિપત્તિ તમે સહન કરી છે, તેને યાદ કરી ફરી એ દુઃખના દરિયામાં પડવાથી ડરો, એ દુઃખસાગરથી બચવાને માટે ઉપાય કરવાનો આજ ઉત્તમ વખત છે. આ વખત જો હાથમાંથી ગયો તો પછી અવસર મળવો મહા મુશ્કેલ છે, જો આ વખતને ફોગટ ગુમાવી દેશો તો પછી ઘણો પસ્તાવો થશે, એ સત્ય માનજો. મળેલા દુર્લભ લાભને ગુમાવો નહિ, અને હાથ આવેલ વખતમાં જે લાભ લેવાય તે લઇ લો, માનો! અરે માનો ! વિકરાળ માયાની જાળને તોડી જગતના ફંદને છોડી,

હુશીઆર બની અમારી સાથે ચાલો. અમે શાશ્વત અવિચળ, એવું જે મોક્ષ નગર છે ત્યાં જે પરમાનંદ પરમસુખમય નિત્ય સ્થાન છે ત્યાં જઇએ છીએ. તમારે આપવું હોય તો અમારી સાથે આવો. તે તમારૂં ને અમારૂં ઘર છે ત્યાં ગયા પછી પુનરાગમન કરવું પડશે નહિ. ત્યાં અનંત, અક્ષય, અવ્યાબાધ સુખમાં અનંતકાળ પર્યંત રહેવું થશે. ચેતો! ચેતો!! ચેતો! ઇત્યાદિ પરમોત્કૃષ્ટ ધર્મોપદેશ અર્હંત ભગવાન કહે છે તે સાંભળીને, સ્પર્શ કરીને (પાળીને) ભૂતકાળમાં અનંતજીવો* મોક્ષમાં ગયા છે, વર્તમાનકાળમાં સંખ્યાતા જીવ મોક્ષમાં જાય છે, અને ભવિષ્યકાળમાં અનંતજીવો મોક્ષમાં જશે. માટે હે આત્મન્! અહો મારા પ્યારા ચેતન! તું મહાભાગ્યોદયથી જીનેશ્વર ભગવાનનો ધર્મ પામ્યો છે અને તને તેના ખરેખરા ગુણની ઓળખાણ થઇ છે, તો તે પ્રભુના જેવો થવાને તેમના ગુણોમાં લીન થા, તેમના હુકમ પ્રમાણે ચાલ, તેમણે કહેલ છે તે કૃત્યો યથાયોગ્ય કર, એમના રૂપજ બની જા, અને તન્મય બની લયલીન થઇ જા. સ્વપ્ન અવસ્થામાં પોતાની મૂળ સ્થિતિ ભૂલી જઇ દ્રષ્ટ વસ્તુના ધ્યાનમાં લીન થઇ તે રૂપજ બની જવાય છે તે તો મોહ દશા છે, પણ તેવીજ રીતે જ્ઞાનદશામાં લયલીન બની અર્હંત ભગવાનના ગુણોમાં તન્મય બન કે જેના પ્રતાપે તારી અનંત આત્મ શક્તિ પ્રગટે અને તુંજ અર્હંત્ બને.

ચતુર્થ પત્ર—"રૂપાતીત ધ્યાન".

(૪). 'રૂપાતીત ધ્યાન'—રૂપથી અતીત (એટલે રહિત)

---

*અવ્યવહારરાશિના જીવોમાંથી બરોબર ૧૦૮ જીવો નિમા કરી (નિશ્ચયથી), ૬ માસ, અને આઠ સમયમાં નીકળી વ્યવહાર રાશિમાં આવે છે, અને તેટલા જીવ વ્યવહાર રાશિમાંથી નીકળી મોક્ષ જાય છે, તોપણ ત્રણ કાળમાં નિગોદના એક શરીરના જીવોમાંથી એક અંશ પણ ખાલી થતો નથી. એવું સુદ્રષ્ટ તરંગણિ નામે દિગમ્બર ગ્રંથ તથા પન્નવણા સૂત્રની વૃત્તિમાં લખ્યું છે.

એવું જે અરૂપી સિદ્ધ પરમાત્માનું ધ્યાન એટલે ચિંતવન તેને ' રૂપાતીત ધ્યાન ' કહે છે.

ગાથા–જારિસ્સ સિદ્ધ સહાવો, તારિસ્સ સહાવો સવ્વ જીવાણં ।
તમ્હા સિદ્ધંત રુઇ, કાયવ્વા ભવ્વ જીવેહિ ॥ ૧ ॥

સિદ્ધ પાહુડ.

અર્થ—જેવું સિદ્ધ ભગવાનના આત્માનું સ્વરૂપ છે તેવુંજ સર્વ જીવોના આત્માનું સ્વરૂપ છે, માટે સર્વ ભવ્ય જીવોએ સિદ્ધના સ્વરૂપમાં રૂચિ કરવીજ જોઇએ એટલે સિદ્ધના સ્વરૂપનું ધ્યાન કરવું જોઇએ.

ગાથા–જં સંઠાણં તુ ઇહ ભવં ચ યં, તસ્સ ચરિમ સમયંમિ ।
આસિય પએસઘણં, તં સંઠાણં તહિં તસ્સ ॥ ૩ ॥
દીહં વા હસ્સં વા, જં ચરિમે ભવે હવેજ્જ સંઠાણં ।
તત્તો ત્તિ ભાગ હીણં, સિદ્ધાણોગાહણા ભણિયા ॥ ૪ ॥

ઉવ્વાઈ સૂત્ર.

અર્થ—જે ઉત્તમ મનુષ્ય નિર્વાણ પામતાં મોક્ષેજ જવાનો છે તે માણસના શરીરનો જેવો આકાર છેલ્લા સમયે આંહી હોય છે, તે શરીરના બે તૃતીયાંશ (બે ત્રીજ ભાગ) જેટલી લંબાઈ, તે માણસના બધા આત્મ પ્રદેશ અહીંથી નીકળી સિદ્ધ ક્ષેત્રે (લોકના અગ્ર ભાગે) જઈ પહોંચે ત્યારે હોય છે. એ પ્રમાણે સિદ્ધ ક્ષેત્રમાં દરેક સિદ્ધ ભગવાનની અવગાહના (અવધેણા), તે જીવ (એટલે મનુષ્યજ) છેલ્લો વખતે આંહી હતો ત્યારે જે શરીર હતું તેના કે જેટલી કહેલી છે.*

---

*નાક વગેરે સ્થાનમાં જે પોલ (ખાલી જગા) છે તેમાં આત્મપ્રદેશ નથી, માત્ર વાયુ છે, તેથી તેવી જગાના પ્રમાણમાં સિદ્ધ થતાં બરોબર એક તૃતીયાંશ અવધેણા ઓછી થાય છે. સિદ્ધના જીવની અવધેણા ઓછામાં ઓછી એક હાથ ને ચાર આંગળ, મધ્યમ ગણીએ તો ચાર હાથ ને સોળ

હવે એ જીવ દ્રવ્ય કેવી રીતે છે તે સૂત્રથી કહે છે.
"मति तत्थण गहिता, ओए अप्पति ट्ठाणस्स खेयन्ने ॥"

આંગળ અને વધુમાં વધુ ત્રણસો તેત્રીશ ધનુષ્ય ને બત્રીશ આંગળ હોય છે.

પ્રશ્ન—સિદ્ધના જીવો અરૂપી છે તો અરૂપી જીવને વળી અવધેણા કેવી ?

સમાધાનરૂપે ઉત્તર—(૧) અરૂપીની અવધેણા (અવગાહના) સિદ્ધ કરવાને અરૂપી પદાર્થનું દ્રષ્ટાંત જોઇએ. જેમકે આકાશ અરૂપી છે તેને પણ અવધેણા છે. લોકાકાશ, ઘટાકાશ, મઠાકાશ વગેરે આકાશ સાદિ (આદિ સહિત) અને સાંત (અંત સહિત) છે. આકાશ એ દ્રવ્ય છે, તેને આદિ અને અંત થાય છે તે પ્રમાણે સિદ્ધની અવધેણા જાણવી. ફેર એટલોજ કે આકાશ દ્રવ્ય અરૂપી અને અચેતન છે અને સિદ્ધ દ્રવ્ય અરૂપી અને સચેતન છે. (૨) કોઇ વિદ્વાનને પૂછીએ કે આપ જેટલી વિદ્યા ભણ્યા છો તે અમને હસ્તામ્લક (હાથમાં આબળાના ફળની) માફક બતાવો. પણ તે બતાવી શકશે નહિ. તે પ્રમાણે સિદ્ધનું સ્વરૂપ પણ સંતપુરૂષો "નિર્મળ જ્ઞાનરૂપ" બતાવે છે. ॥**ज्ञान स्वरूप ममलं प्रवदन्ति संतः**॥ એ પદનો પણ એજ અર્થ છે. સારાંશ કે સિદ્ધને સ્વરૂપ છે, અવગાહના છે પણ તે અવગાહના જ્ઞાન—દર્શનરૂપ, માત્ર ચૈતન્યના પિંડરૂપ હોવાથી અગમ્ય છે, કેવળજ્ઞાની તથા સિદ્ધ પોતેજ તે સ્વરૂપને જાણી શકે છે. (૩) હવે રૂપી પદાર્થના દ્રષ્ટાંતથી સમજાવીએ તો માટીની મુસમાં મીણનો પટ લગાવી, પિત્તળ વગેરે ધાતુનો રસ રેડે છે અને તેનાં અનેક ઘરેણાં બનાવે છે, પછી તે ઘરેણાં તેમાંથી કાઢી લેવામાં આવે છે જેથી મુસમાં મીણના આકારનો ભાસ માત્ર રહે છે તેવી રીતે સિદ્ધ પ્રભુના અરૂપી આકારની અવગાહના છે. (૪) આરીસામાં કોઇ પણ ચીજનું જેમ પ્રતિબિંબ ભાસે છે તે પ્રમાણે સિદ્ધના જીવોની અવગાહના છે. (૫) સિદ્ધ ભગવાન જ્યોતિ સ્વરૂપ કહેવાય છે તેનું કારણ એ છે કે એક ઓરડીમાં દિવો કરીએ તે દિવાનો પ્રકાશ તે ઓરડીમાં સમાઇ જાય છે, અને વધારે દિવા કરીએ તોપણ તે બધા દિવાનો પ્રકાશ તેજ કોટડીમાં સમાઇ જાય છે; એમ છતાં તે તમામ દિવાનો પ્રકાશ જગા રોકતો નથી એટલે તે કોટડીમાંની જમીન

અર્થ—સિદ્ધ ભગવાનના સ્વરૂપ અને ગુણનું વર્ણન કરવાને કોઇપણ વાણી સમર્થ નથી. " **सव्व सरा नियट्टंता** " એટલે કોઈ પણ શબ્દથી તેનું વ્યાખ્યાન થઈ શકતું નથી, એ સ્વરૂપ સદા અવક્તવ્ય છે. એ સ્વરૂપને માટે કલ્પના કે વિચાર શક્તિ પણ પહોંચી શકતી નથી. મોટા મોટા બ્રહ્મવેત્તા, સદ્‌ગુરૂ બૃહસ્પતિ, અને સર્વ શાસ્ત્રોના પારગામી મહાત્માઓની વૃદ્ધિ પણ હજી સુધી તે સ્થળે પહોંચી શકી નથી તો બીજા સાધારણ જીવોનું તો ગજું શું ? જેઓ વિશેષ જ્ઞાની છે તેઓ તે સ્વરૂપનું જાણપણું કરી શકે છે પણ વાણીથી તો એટલુંજ કહી શકે છે કે ત્યાં રહેલો જીવ કેવળ શુદ્ધ સ્વરૂપે છે, કર્મરૂપી કલંકથી તેમજ સર્વ સંગથી રહિત છે, तत् सत् चित् आनंदरूप આત્મા પોતાના પ્રદેશથી વિરાજે છે, અને સંપૂર્ણ જ્ઞાનમય છે.

વળી તે સિદ્ધનો જીવ કેવો છે તે સૂત્ર ન્યાયે કહે છે :—

સૂત્ર—से ण दीहे, ण हस्से, ण वट्टे, ण तंसे, ण चउरंसे, ण परिमंडले, ण किण्हे, ण णीले, ण लोहिए, ण हालिद्दे, ण सुकिल्ले, ण सुरहिगंधे, ण दुरहिगंधे, ण तित्ते, ण कडुए, ण कसाते, ण अंबिले, ण महुरे, ण कक्खडे, ण मउए, ण गरुए,

---

જાડી થતી નથી એ રીતે અનંત સિદ્ધ ભગવંત હાલ મોક્ષમાં બીરાજે છે અને બીજા અનંત હજી થશે છતાં જ્યોતમાં જ્યોત મળી જાય છે પણ બિલકુલ જગા રહેતી નથી. એક દિવાનો પ્રકાશ જેટલી જગામાં ફેલાય છે તેટલી તે પ્રકારની અવગાહના છે તે પ્રમાણે સિદ્ધ ભગવાનના શુદ્ધ નિર્મળ અને અકર્મો આત્મ પ્રદેશની અવગાહના સમજવી. (ક) સિદ્ધ ભગવાન સંસારી છદ્મસ્થ જીવોની અપેક્ષાથી અરૂપી છે એટલે દેખતા નથી એમ કહેવાય છે, પણ કેવળજ્ઞાની મહાત્મા તો તેમને જોઇ શકે છે. કેવળી ભગવાન સિદ્ધનું જે સ્વરૂપ જુએ છે તે જીવ દ્રવ્યના શુદ્ધ આત્મપ્રદેશ માત્ર છે, અને એજ અવધેણા છે. ઇત્યાદિ દ્રષ્ટાંતોથી સિદ્ધની અવગાહનાની સમજણ ધારવી.

ण लहुए, ण सिए, ण उण्हे, ण णिद्धे, ण लुक्खे, ण काऊ, ण रुहे, ण संगे, ण इत्थी, ण पुरिसे, ण अन्नहा, परिण्णे सण्णे, उवमा ण विज्जति, अरूवी सत्ता अपयस्स पयं णत्थि.

આચારાંગ સૂત્ર અધ્યયન ૫, સૂત્ર ૩૩૧.

અર્થ—સિદ્ધ અવસ્થામાં રહેલો જીવ લાંબો નથી, ટુંકો નથી, લાડવા જેવો ગોળ નથી, ત્રિકોણ નથી, ચોખુણ નથી, ચુડી જેવો મંડલાકાર નથી, કાળો નથી, લીલો નથી, લાલ નથી, પીળો નથી, ધોળો નથી, સુગંધીમય નથી, દુર્ગંધીમય નથી, મરી જેવો તીખો નથી, કડવો નથી, કસાયેલો નથી, ખાટો નથી, મીઠો નથી, કઠણ નથી, નરમ નથી, ભારે નથી, હળવો નથી, ઠંડો નથી, ઉન્હો નથી, ચીકણો નથી, લુખો નથી એ પ્રમાણે કોઇ પ્રકારના ગુણવાળો નથી. એ જીવને જન્મવું પણ નથી, મરવું પણ નથી તેમ કોઇનો સંગ પણ નથી; તે જીવ સ્ત્રી નથી, પુરૂષ નથી, તેમ નપુંસક પણ નથી; પરંતુ સર્વ પદાર્થના પરિજ્ઞાતા (સંપૂર્ણ જાણનાર) છે; એ સદા એકજ સ્થળે સ્થિર થઈને વિરાજમાન છે; એમની સાથે સરખાવી ઉપમા અપાય એવો એક પણ પદાર્થ આ જગત્માં નથી, કારણ કે સિદ્ધ તો અરૂપી છે, અને ઉપમા દેવા યોગ્ય તથા વચનથી કહી શકાય તેવા પદાર્થરૂપી છે. અરૂપીને રૂપીની ઉપમા ઘટતી નથી; સિદ્ધની અવસ્થા કોઇપણ પ્રકારના વિશેષણોથી ખપાતી નથી, તેથીજ કહેવામાં આવે છે કે એ સિદ્ધ સ્વરૂપને જાણવા માટે, બતાવવા માટે, કોઇપણ શબ્દ શક્તિ ધરાવતો નથી માત્ર વ્યક્તિરૂપજ ગુણનો ઉચ્ચાર થઇ શકે છે.

ગાથા—જહા સવ્વ કામ ગુણિયં, પુરિસો ભોત્તણ, ભોયણં કોઇ।
તણ્હા છુહા વિપ્પમુક્કો, અચ્છેજ્જ જહા અભિયતિત્તો ॥૧૮॥
ઇય સવ્વ કાલ, તિત્તા અલં નિવ્વાણ મુવગયા સિદ્ધા ॥
સાસય મવ્વાબાહં, વટ્ટઇ સુહી સુહં પત્તા ॥ ૧૯ ॥

ઉવવાઇ સૂત્ર.

અર્થ—સિદ્ધના સુખને માટે એવું દૃષ્ટાંત છે કે—જેમ કોઇ પુણ્યવંત, શ્રીમંત, સર્વ પ્રકારના સુખની સામગ્રીવાળો પુરૂષ, મન વાંછિત રાગ રાગણી સાંભળી, નાટક વગેરે અવલોકન કરી, પુષ્પ વગેરે સુંઘી, છ રસનાં ઇચ્છિત ભોજન જમી, અને ઇચ્છા પ્રમાણેનાં સર્વ સુખોનો ભોગોપભોગ લઇને તૃપ્ત થયો હોય, પોતાની સુખ શય્યામાં નિશ્ચિંત થઈ આનંદમાં બેઠો હોય, સર્વે મનોરથો પૂરા કરી સંતુષ્ટ થયો હોય, હવે કોઇપણ તરેહની ઇચ્છા તેને રહી હોય નહિ તે પ્રમાણે સિદ્ધ પ્રભુ સિદ્ધ સ્થાનરૂપ અનંત સુખની સેજમાં સર્વે કામભોગથી તૃપ્ત અને ઇચ્છા રહિત બની, અતુલ્ય, અનુપમ, અમિશ્ર, શાશ્વત, અવ્યાબાધ, નિરામય, અપાર, સદા અખંડ એવા સુખથી સંતુષ્ટ થઈ વિરાજે છે. ગત કાળની, વર્તમાનની કે ભવિષ્યની કોઇ પણ સંપત્તિની કિંચિત્ માત્ર ઇચ્છા તેમને ઉત્પન્ન થતી નથી. સિદ્ધ ભગવાન એવી જાતના પરમાનંદ અને પરમ સુખમાં અનંતકાળ લગી સંસ્થિત રહે છે.

એવા એવા અનેક સિદ્ધ પરમાત્માના ગુણનું રટણ, મનન અને નિદિધ્યાસન એકાગ્રતાથી કરી તેમાં લીન થઈ જે મનુષ્ય ધ્યાન ધરે, એ ધ્યાનના સમયમાં કોઇપણ કલ્પના પોતાના હૃદયમાં આવવા ન દે, જ્યાં દૃષ્ટિ કરે ત્યાં સિદ્ધનું સ્વરૂપજ દૃષ્ટિગત થાય, તો એવી લયલીન દશાવાળો મનુષ્ય દૃઢ અભ્યાસને લીધે ચારે તરફ સિદ્ધ સ્વરૂપનેજ જ્ઞાન દૃષ્ટિથી જોઇ શકે છે. ત્યારપછી તે પોતાના આત્મ સ્વરૂપની અને સિદ્ધ સ્વરૂપની સરખામણી કરે છે અને પોતાનામાં અને એમાં શું શું ફેર છે તે તપાસે છે. એ તપાસણીમાં તેને બંને સ્વરૂપમાં જરાપણ ભિન્નભાવ જણાતો નથી. તે પુરૂષ જાણે છે કે જેવું મારૂં સ્વરૂપ છે તેવુંજ આ પરમાત્માનું છે. હું પણ સર્વજ્ઞ, સર્વ શક્તિમાન, નિષ્કલંક, નિરાબાધ, ચૈતન્ય માત્ર, સિદ્ધ, બુદ્ધ, અને પરમાત્માજ છું. એવી ભેદ રહિત બુદ્ધિની નિશ્ચળતા અને સ્થિરતા થાય ત્યારે તે પુરૂષ પોતાને પણ શરિર રહિત

(અશરીરી) કર્મ મેલ વિનાનો, શુદ્ધ ચિત્ આનંદમય જાણવા લાગે છે, એકાત્મ ભાવને પ્રાપ્ત થાય છે, દ્વિતીય ભાવ-દ્વૈત ભાવ બિલકુલ રહેતો નથી અને તેજ સમયે ધ્યાતા (ધ્યાન કરનાર પુરૂષ) અને ધ્યેય (ધ્યાન કરવાની વસ્તુ તે સિદ્ધ) બંને એકરૂપ બની જાય છે.

अशब्दमस्पर्शमरूपमव्ययं । तथा ऽ रसं नित्यमगंधवच्च यत् ॥
अनाद्यनन्तं महतः परं ध्रुवं । निचाय्य तं मृत्यु मुखात् प्रमुच्यते ॥

(કઠોપનિષદ્ તૃતિય બલ્લી.)

અર્થ—શબ્દ, સ્પર્શ, રૂપ, ઇંદ્રિય અને ગંધથી રહિત, અવિનાશી, નિત્ય, સદા એક સરખા, અનંત, અતિ સૂક્ષ્મ, ઉત્પત્તિ પ્રલયથી રહિત, અચળ, એવા એવા ગુણોથી યુકત એવા પરમાત્માને જે જાણશે તે મોતના મુખથી છુટી પરમાત્મારૂપ-દશાને પામી જન્મ મરણથી રહિત થશે.

જેના સર્વ સંકલ્પ વિકલ્પ દૂર થયા છે, રાગાદિ દોષનો ક્ષય થયેલ છે, મોક્ષ સ્વરૂપ બની ગયેલ છે, અને સર્વ લોકનું નાથપણું જેના આત્મામાં પ્રકાશી રહ્યું છે, એવા પરમ અને અસાધારણ પુરૂષને **રૂપાતીત ધ્યાનના ધ્યાતા** કહે છે.

આ રૂપાતીત ધ્યાનના પ્રભાવથી, અનાદિનાં સખ્ત બંધનવાળાં જે કર્મો છે તે તત્ક્ષણ છેદાઈ ભેદાઈ નાશ થઈ જાય છે અને તે પછી તેજ ક્ષણે કેવળજ્ઞાન કેવળ દર્શનની પ્રાપ્તિ થતાં નિશ્ચયપૂર્વક મોક્ષ સુખસંપત્તિ પામે છે. (આ ધ્યાનની વાત આગળ શુકલ ધ્યાનના પેટામાં કહેવામાં આવશે.)

આવા શુદ્ધ ધ્યાનના પ્રભાવે, ધ્યાતા પુરૂષનો આત્મા નિર્મળ થતાં આઠ પ્રકારની ઋદ્ધિ (આત્મશકિત) પ્રગટ થાય છે. તે આઠ ઋદ્ધિનું વર્ણન વિસ્તારથી નીચે પ્રમાણે છે.

(૧) **જ્ઞાન ઋદ્ધિના ૧૮ ભેદ**—(૧) **કેવળજ્ઞાન**, (૨) **મનપર્યવજ્ઞાન**, (૩) **અવધિજ્ઞાન**, (૪) **ચૌદ પૂર્વ**, (૫) **દશ પૂર્વ**,

(૬) **અષ્ટાંગ‡ નિમિત્ત,** (૭) **બીજ બુદ્ધિ=**શુદ્ધ ક્ષેત્રમાં યોગ્ય વરસાદથી જેમ ધાન્યની વૃદ્ધિ થાય તેમ, (૮) **કોષ્ટક બુદ્ધિ=** જેમ કોઠારમાં વસ્તુ બગડે નહિ તેમ જ્ઞાન બગડે નહિ તથા રાજાનો ભંડારી ભંડારમાં વખતો વખત યથાયોગ્ય માલ દીધાં કરે છે તેમ જ્ઞાન આપે, (૯) * **પદાનુસારિણી =** એક પદના અનુસારે સર્વ ગ્રંથ સમજી જાય, (૧૦) **+સંભિન્ન શ્રોત=**સૂક્ષ્મ શબ્દો પણ સાંભળી લે, તથા એક વખતમાં અનેક શબ્દો સાંભળે, (૧૧) **દુરાસ્વાદ=**ભિન્ન ભિન્ન સ્વાદને એક વખતે જાણી લે, તથા છેટેના રસનો પણ સ્વાદ લે, (૧૨ થી ૧૬)÷ **શ્રવણ, દર્શન, ઘ્રાણ, સ્વાદ** અને **સ્પર્શ** એ પાંચે ઇંદ્રિયોની તીવ્ર શક્તિ પ્રાપ્ત થાય, (૧૭) **પ્રત્યેક બુદ્ધ=**ઉપદેશ વિના બીજા સંયોગોથી વૈરાગ્ય આવે, (૧૮) **વાદિત્વશક્તિ=**ઇંદ્ર વગેરે દેવતાઓનો પણ ચર્ચા કરવામાં પરાજય કરે.

(૨) **ક્રિયા ઋદ્ધિના ૯ ભેદ—**(૧) **જળચરણ=**પાણી ઉપર ચાલે પણ ડૂબે નહિ. (૨) **અગ્નિચરણ=**અગ્નિ ઉપર ચાલે પણ

---

‡**નિમિત્તના ૮ પ્રકાર** છે—(૧) અંતરિક્ષ=આકાશમાંના ચંદ્ર, સૂર્ય ગ્રહ નક્ષત્ર, વાદળાં વગેરે જોઇને. (૨) ભૂમિ=એટલે પૃથ્વી કંપવાથી (તથા બીજાં લક્ષણોથી) પૃથ્વીની અંદરનાં નિધાનને જાણે. (૩) અંગ= મનુષ્ય વગેરેનાં અંગ ફરકવાથી. (૪) સ્વર=દુર્ગા વગેરે પક્ષીઓના અવાજથી. (૫) લક્ષણ=માણસ, પશુ વગેરેનાં લક્ષણ જોઇને, (૬) વ્યંજન = તલ, મસ વગેરે નિશાનીથી. (૭) ઉત્પાત=રાતી દિશા વગેરે જોઇ. (૮) સ્વપ્ન=સ્વપ્નથી. એમ આઠ કર્મથી નિમિત્ત જાણનારો હવે પછી થવાનાં શુભાશુભ ભવિષ્યને જાણે પણ પ્રગટ કરે નહિ

***પદાનુસારિણી ઋદ્ધિના ૩ ભેદ** છે—(૧) પ્રતિસારી એટલે પેહેલાં પદ મેળવે, (૨) અનુસારી=એટલે છેલ્લું પદ મેળવે. (૩) ઉભરીસય એટલે વચ્ચેનાં પદો મેળવી ગ્રંથ પૂર્ણ કરે.

+બાર જોજન લગીનો શબ્દ સાંભળે.

÷પાંચ ઇંદ્રિઓના વિષયોને ૯ જોજન દૂરથી જાણી લે.

બળે નહિ. (૩ થી ૬) પુષ્પચરણ, પત્તચરણ, બીજચરણ અને તંતુચરણ=ફૂલ, પાંદડા, બી, તથા કરોળિયાની જાળના તાંતણા ઉપર ચાલે છે છતાં તે બિલકુલ દબાય નહિ. (૭) શ્રેણિચરણ=પક્ષીની પેઠે ઉડે, (૮) જંઘાચરણ=જાંગને હાથ લાગતાં અને (૯) વિદ્યાચરણ=એટલે વિદ્યાના પ્રભાવથી ક્ષણ માત્રમાં અનેક જોજન જાય.

(૩) વૈક્રેય ઋદ્ધિના ૧૧ ભેદ—(૧)અણિમા=સૂક્ષ્મ શરીર બનાવે. (૨) મહિમા=ચક્રવર્તિની ઋદ્ધિ બનાવે. (૩) લઘિમા=હવાના જેવું હલકું શરીર બનાવે. (૪) ગરિમા=વજ્રના જેવું ભારે શરીર બનાવે. (૫) પ્રાપ્તિ=પૃથ્વીપર રહ્યો થકો મેરૂ પર્વતની મૂલિકાનો સ્પર્શ કરી લે. (૬) પ્રાકામ્ય=પાણી ઉપર પૃથ્વીની પેઠે ચાલે, અથવા પાણીમાં ડૂબકી મારી સમાઈ જાય તેમ પૃથ્વીમાં પેસી જાય. (૭) ઈશત્વ=તીર્થંકરની માફક સમવસરણ વગેરે ઋદ્ધિ બનાવે. (૮) વશત્વ=સર્વને વ્હાલો લાગે. (૯) અપ્રતિઘાત=પર્વતને ભેદી તેની અંદરથી નીકળી જાય. (૧૦) અંતર્ધાન=અદ્રશ્ય થઈ જાય (૧૧) કામરૂપ=ઈચ્છામાં આવે તેવાં રૂપ બનાવે.

(૪) તપઋદ્ધિના ૭ ભેદ—(૧) ઉગ્રતપ=એક અપવાસનું પારણું કરી બે ઉપવાસ કરે, બેને પારણે ત્રણ, ત્રણને પારણે ચાર, એમ જાવજીવ લગી ચડાવ્યે જાય તે ઉપ્રગ્રત, જીવતરની આશા છોડીને જે તપ કરે તે ઉગ્રોગ્ર તપ, અને એકાંતરા ઉપવાસ કરે તેમાં અંતરાય* આવી જાય તો બેલે બેલે પારણું કરે, એમ ચડાવ્યે જાય તે અવસ્થિતોગ્ર તપ. (૨) દીપ્તતપે=તપે કરીને શરીર દુર્બળ થઈ જાય, પરંતુ શરીરમાંથી સુગંધ

*પારણાનો જોગ બને નહિ તેમજ બીજા કોઇ કારણથી ઉપવાસમાં અંતરાય આવી જાય તો વળી બેલે બેલે પારણું કરે, તેમાં પણ અંતરાય આવે તો તેલે તેલે પારણું કરે એ પ્રમાણે જાવજીવ ચડાવ્યે જાય.

આવે અને કાંતિમાં વધારો થાય. (૩) **તપ્તતવે**=જેમ તપેલા લોઢાપર પડેલ પાણી સૂકાય જાય તેમ તીવ્ર ક્ષુધા લાગે ત્યારે થોડો આહાર કરે જેથી લઘુનીત (પેશાબ) અને વડીનીત (ઝાડે ફરવું) ની જરૂર રહે નહિ. એથી દેવતા કરતાં અધિક બળ શરીરમાં આવે તેમજ અનેક લબ્ધિઓ આવી મળે. (૪) **મહાતવે**=માસખમણથી જાવત છમાસી તપ કરે, જરા પણ આંતરા રહિત શ્રુતજ્ઞાનમાં તલ્લીન રહે, જેથી પરમશ્રુત-જ્ઞાન, અવધિજ્ઞાન, અને મનઃપર્યવ જ્ઞાનની પ્રાપ્તિ થાય. (૫) **ઘોરતવે**=મોટી વેદના થયા છતાં જરાપણ કાયર ન થાય, ઓસડ લે નહિ, આદરેલું તપ છોડે નહિ, ઉગ્ર અભિગ્રહ ધારણ કરે, શરીરની સંભાળ ન કરે, અને મમત્વરહિત વિચરે. (૬) **ઘોર પરાક્રમ**=તપ સંયમના પ્રભાવથી સ્વશક્તિ-વડે ત્રણ જગત્ને ભય ભ્રાંત કરી શકે, સમુદ્ર શોષી લે, પૃથ્વીને ઉંધી કરી શકે વગેરે મહાશક્તિમાન થાય. (૭) **ઘોર-ગુણ બ્રહ્મચારી**=નવ વાડથી વિશુદ્ધ અને નવ કોટિવાળું શુદ્ધ શીલ વગેરે વ્રતના પ્રભાવે ત્રણ જગત્ના મહા રોગોને શાંત કરે, અને ચોતરફ શાંતિ ફેલાવે, સર્વ ભયનો નાશ કરે, વ્યંતર ભય, જંગમ-સ્થાવર-વિષ વગેરે ઉપસર્ગો તે મહાત્માનો જરાપણ પરાભવ કરી ન શકે, એ મહાત્મા જ્યાં રહે ત્યાં માર, મારી, દુકાળ વગેરેનો ઉપદ્રવ થાય નહિ, એવી એવી અનેક રીતે પ્રભાવશાળી થાય.

(૫) **બળ ઋદ્ધિના ૩ ભેદ**-(૧) **મન બલી**=રાગ, દ્વેષ, સંકલ્પ વિકલ્પના પરિણામ રહિત મન થાય. (૨) **વચન બલી**= અંતર મુહુર્ત્તમાં દ્વાદશાંગીનો અભ્યાસ કરે અને ઘણો વખત અભ્યાસ કરે છતાં જરા પણ થાક ન લાગે. (૩) **કાય બલી**= મહિનો કે વર્ષ લગી કાયોત્સર્ગ (કાઉસગ્ગ) કરે તોપણ થાકે નહિ એવી મહાશક્તિમાન કાયા થાય.

(૬) **ઔષધ ઋદ્ધિના ૮ ભેદ**—(૧) **આમોસહી** = ચરણરજ (પગની ધૂળ) ના સ્પર્શથી, (૨) **ખેલોસહી**=નાકની લીટ, મોંમાનું થુંક વગેરેના સ્પર્શથી, (૩) **જલોસહી** = શરીરના પરસેવાના સ્પર્શથી, (૪) **મલોસહી**=કાન, નાક, આંખ વગેરેના મેલના સ્પર્શથી. (૫) **વિપોસહી**=વિષ્ટા અને મૂત્રનો સ્પર્શથી. (૬) **સવ્વોસહી**=સર્વનો સ્પર્શ થતાં. એ ૬ પ્રકારનો સ્પર્શ રોગીને થાય તો તેના સર્વ રોગ નાશ થાય છે. (૭) **આસીવિષ**=વિષ હોય તે અમૃતરૂપ પ્રગટે તથા માત્ર વચન સાંભળતાં તમામ ઝેર ઉતરી જાય. (૮) **દ્રષ્ટિવિષ** = માત્ર કૃપા દ્રષ્ટિથી તમામ ઝેર અમૃતરૂપ થઈ જાય, મહાવિકારી હોય તે નિર્વિકારી બને, પણ કોપવાળી દ્રષ્ટિથી જુએ તો અમૃતમાંથી ઝેર થઈ જાય, એવા મહા શક્તિમાન હોય છે.

(૭) **રસ ઋદ્ધિના ૬ ભેદ**—(૧) **અસ્સીવિષા**–માત્ર ક્રોધાતુર વચનથી, અને (૨) **દ્રષ્ટિવિષા**–દ્રષ્ટિ માત્રથી બીજાના પ્રાણનો નાશ કરી શકે, (૩) **ખીરાસવી**–નિરસ (રસ રહિત) આહાર હોય તેને હાથ લગાડે ત્યાં તો દૂધ જેવો મીઠો થઈ જાય અને વચન સંભળાવતાં નિર્બળ હોય તેને પુષ્ટ બનાવી શકે, (૪) **મહુરાસવી**–કડવો ખોરાક હોય તેને સ્પર્શ કરે ત્યાં મધુર થઈ જાય, અને તેનાં વચન મધુર મધ જેવાં પ્રગમે, (૫) **સપ્પિરાસવી**–લુખો આહાર હોય તેને સ્પર્શ કરતાં ઘીથી ચોપડયા જેવો થઈ જાય; અને વચન સંભળાવતાં રોગ સમાઈ જાય, (૬) **અમઇરાસવી**–વિષને સ્પર્શ કરતાં તે અમૃત જેવું થઈ જાય, અને વચનથી ઝેર ઉતારી શકે.

(૮) **ક્ષેત્ર ઋદ્ધિના ૨ ભેદ**—(૧) **અખીણમાણુસી**—થોડો આહાર હોય તેને અડતાં ચક્રવર્તિનું સૈન્ય જમે તોપણ ખૂટે નહિ તેટલો થઈ જાય, (૨) **અખીણ મહાલય**–સ્પર્શ માત્રથી ભોજન, વસ્ત્ર, માત્ર, સર્વે અખૂટ થઈ જાય.

આ સર્વ મળીને (૧૮+૯+૧૧+૭+૩+૮+૬+૨ =) ૬૪ લોક લબ્ધિ ઋદ્ધિના થયા.

મહાતપ અને શુદ્ધ ધ્યાનના પ્રતાપથી આવી આવી આત્મ શક્તિઓ મુનિ મહારાજને પ્રગટ થાય છે, છતાં તેઓ તે લબ્ધિના ફળની પોતાને માટે પણ આશા રાખતા નથી તો બીજાને નુકશાન કે સુખ આપવાનું તો હોયજ નહિ.

શ્લોક–અહો અનન્તવીર્યોઽય, માત્મા વિશ્વપ્રકાશકઃ ।
ત્રૈલોક્યં ચાલયત્યેવ, ધ્યાનશક્તિપ્રભાવતઃ ॥ ૧ ॥

અર્થ—અહો ! તમામ વિશ્વને પ્રકાશ કરનાર આત્મા, તારી શક્તિનું વર્ણન કરવાને કોણ સમર્થ છે? કોઈ નહિ. તું અનંત અપાર શક્તિમાન છે. જો તું સાચા દિલથી ધ્યાનમાં તન્મય થઈને તારૂં પરાક્રમ બજાવે તો એક ક્ષણ માત્રમાં અધો, મધ્ય, ઉર્દ્ધ એ ત્રણે લોકને હલાવી શકે છે!! આ તો શુદ્ધ ધ્યાનની દ્રવ્ય-ગુણ શક્તિની વાત થઈ, પણ ભાવગુણશક્તિ પ્રગટ થતાં તો અનંત અક્ષય મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે.

પરમ પૂજ્યશ્રી કહાનજી ઋષિજીના સંપ્રદાયવાળા બાળ બ્રહ્મચારી મુનિશ્રી અમોલખ ઋષિ રચિત " ધ્યાન કલ્પતરુ "
ગ્રંથની શુદ્ધ ધ્યાન નામે ઉપશાખા સંમાપ્ત.

ચતુર્થ શાખા—"શુકલ ધ્યાન".

સૂત્ર—સુક્કેઝ્ઝાણે ચઉવ્વિહે ચઉપ્પડાયારે પણ્ણત્તે તં જહા.

ઉવવાઈ સૂત્ર.

અર્થ—શુકલ ધ્યાનના ચાર પાયા, ચાર લક્ષણ, ચાર આલંબન અને ચાર અનુપ્રેક્ષા મળી સોળ ભેદ ભગવાને ફરમાવ્યા છે. એ સોળ ભેદ જેવા છે તેવા કહે છે.

ધર્મ ધ્યાનની યોગ્યતા મેળવીને શુદ્ધ ધ્યાન ધ્યાનાર મુનિરાજને અધિક ગુણોની પ્રાપ્તિ થાય છે અને ઘણી શુદ્ધતા મેળવે છે. એવા ધીર વીર મુનિવર હોય તે શુકલ ધ્યાનને ધ્યાય છે.

શુકલ ધ્યાનીના ગુણ.

શુકલ ધ્યાનની યોગ્યતા જેનામાં આવે છે, તેના આત્મામાં સ્વાભાવિક રીતે સદ્‌ગુણો પેદા થાય છે. એ ગુણો "**સાગાર ધર્મામૃત**" નામના ગ્રંથની ટીકામાં નીચે પ્રમાણે કહેલ છે.

શ્લોક—યસ્યેંદ્રિયાણિં વિષયેષુ નિવર્તિતાનિ ।
સંકલ્પ મપ્યથ વિકલ્પ વિકાર દોષૈઃ ॥
યોગૈઃ સદા ત્રિભિરહર્નિંશિતાન્તરાત્મા ।
ધ્યાનં તુ શુક્લમિતિ તત્પ્રવદન્તિ તજ્જ્ઞાઃ ॥ ૧ ॥

અર્થ—(૧) **ઇંદ્રિયાતીત** હોય એટલે જે પાંચે ઇંદ્રિયોના *૨૩ વિષય અને ૨૪૦ વિકારોથી નિવૃત્ત થઈ, શાંત બની, કુ-

---

*પાંચ ઇંદ્રિયના ૨૩ વિષય અને ૨૪૦ વિકાર છે તે નીચે પ્રમાણે છેઃ—
૧ શ્રોતેંદ્રિના ૩ વિષય ને ૧૨ વિકાર છે.
૧ જીવ શબ્દ, ૨ અજીવ શબ્દ, ૩ જીવાજીવ એટલે મિશ્ર શબ્દ એમ ૩ વિષય છે.

માર્ગમાં પ્રવેશ કરવાથી અટકયા હોય. (૨) ઇચ્છાતીત—જે ઇચ્છા રહિત હોય એટલે જેના મનની સર્વ પ્રકારની ઇચ્છા એટલે ચાહના નિવૃત્ત થઈ હોય. આ ગુણથી મનમાં કોઈપણ પ્રકારના સંકલ્પ, વિકલ્પ એટલે ચળવિચળપણું રહે નહિ. એકાંત ન્યાય

એ ત્રણ વિષયના શુભ અને અશુભ એવા બે ભાગ પાડતાં ૬ અને એ ૬ ઉપર રાગ અને દ્વેષ જોડતાં બાર વિકાર શ્રોતેંદ્રિયના થાય.

૨ ચક્ષુ ઇંદ્રિયના ૫ વિષય અને ૬૦ વિકાર છે.

૧ કાળો, ૨ લીલો, ૩ લાલ, ૪ પીળો, ૫ શ્વેત એ પાંચ વિષય છે. એ પાંચ વિષયમાંના દરેકના સચિત અચિત અને મિશ્ર એમ ત્રણ બોલ લગાડતાં પંદર અને તે પંદરને શુભ અને અશુભ એવા બે બોલ લગાડતાં ત્રીશ અને એ ત્રીશ ભેદ પર રાગ અને દ્વેષ જોડતાં સાઠ વિકાર શ્રોતેંદ્રિયના થયા.

૩ ઘાણેંદ્રિયના ૨ વિષય અને ૧૨ વિકાર છે.

સુગંધ અને દુર્ગંધ એવા બે વિષય છે.

તેઓને સચિત, અચિત, અને મિશ્ર એવા ત્રણ બોલ લગાડતાં ૬ ભેદ અને એ ૬ ભેદને રાગ અને દ્વેષ જોડતાં ૬ દુ:બાર વિકાર ઘ્રાણેંદ્રિયના થાય.

૪ રસેંદ્રિયના ૫ વિષય અને ૬૦ વિકાર છે.

૧ ખાટો, ૨ મીઠો, ૩ તીખો, ૪ કડવો, ૫ કસાયેલો એ ૫ વિષયછે. એ ૫ વિષયને સચિત, અચિત અને મિશ્ર એ ત્રણ બોલ લાગતાં પંદર ભેદ અને એ પંદરના શુભ અને અશુભ એવા વિભાગ પાડતાં ત્રીશ ભેદ અને એ ત્રીશપર રાગ અને દ્વેષ જોડતાં સાઠ વિકાર રસેંદ્રિયના થયા.

૫. સ્પર્શેંદ્રિયના ૮ વિષય અને ૯૬ વિકાર છે.

૧ હલકો, ૨ ભારી, ૩ ટાઢો, ૪ ઉન્હો, ૫ લુખો, ૬ ચીકણો, ૭ નરમ, ૮ કઠણ એ આઠ વિષય છે.

એ આઠ વિષયને સચિત, અચિત, અને મિશ્ર બોલ લાગતાં ચોવીસ ભેદ અને એ ચોવીસના શુભ અને અશુભ બોલથી ભાગ પાડતાં અડતાળીશ અને એ અડતાળીશને રાગ ને દ્વેષ જોડતાં છન્નુ ભેદ સ્પર્શેંદ્રિયના થયા.

બધા મળી [૩+૫+૨+૫+૮=] ૨૩ વિષય અને [૧૨+૬૦++૧૨+૬૦+૯૬=] ૨૪૦ વિકાર પાંચે ઇંદ્રિયોના થાય છે.

માર્ગ તરફ ચિત્ત ચોંટી રહે. દેવાંગના અગર ઇંદ્રની તમામ ઋદ્ધિ પણ તેના ચિત્તને ક્ષોભ (વ્યાકુળતા) ઉપજાવી શકે નહિ, અને ધ્યાનમાંથી ચળાવી શકે નહિ. આ લોકમાં પૂજા, વખાણ, કે માનની ઇચ્છા નહિ તેમજ પરલોકમાં દેવાદિકની ઋદ્ધિની ઇચ્છા પણ ન થાય. મેરૂ પર્વતની પેઠે પરિણામની ધાર સ્થિરીભૂત થઇને રહે. (૩) **યોગાતીત**—મન, વચન અને કાયાના યોગને રૂંધન કરેલ હોય. મનને આત્મજ્ઞાનમાં રમાડે, વગર કારણે એક પણ શબ્દ બોલે નહિ, અને કાયાનું હલન ચલન વગર પ્રયોજને કરેજ નહિ. ' **ઠાણ ઠિય** ' એટલે એક સ્થાનમાં સ્થિર થઇને રહે. (૪) **કષાયાતીત**—ક્રોધ વગેરે દુર્ગુણોની અગ્નિને ઓલવી શાંત અને શીતલ થયેલ હોય. અપમાન, તિરસ્કાર અને છેવટ મરણ જેવા ભયંકર ઉપસર્ગ (દુઃખ) પડે છતાં કંપિત તો ન થાય પણ મનમાં પણ માઠો ભાવ ન ઉપજે. (૫) **ક્રિયાતીત**-* કાયિક વગેરે ૨૫ ક્રિયાથી જે નિવૃત્ત થયેલ છે. મન, વચન, કાયાના યોગથી સર્વવ્રતી બનવાથી, બાહ્ય અને અભ્યંતર ક્રિયા આવવી સર્વથા બંધ થવાથી નિષ્ક્રિય (અક્રિય=ક્રિયા રહિત) બનેલ હોય. (૬) **દ્રઢસંહનન** (૭)**શુદ્ધ ચારિત્ર**—જિન ભગવાને કરેલી ક્રિયા કરે એટલે વિશુદ્ધ અધ્યવસાયી હોય. (૮) **શૌચ**-વિકળતા રહિત હોય. (૯) **નિષ્કંપ**—અડોલવૃત્તિ. આ પ્રમાણે ગુણોવાળા જે હોય તેજ શુકલધ્યાન કરી શકે છે. જેનું વર્ણન ચાર વિભાગમાં આગળ કહે છે.

---

* ૧૩ ક્રિયા છે. (૧) અર્થ દંડક્રિયા—મતલબ માટે કર્મ કરે (૨) અનર્થ દંડ ક્રિયા-કંઇ પણ સ્વાર્થ ન છતાં ક્રિયા કરે-(૩) હિંસા દંડક્રિયા-જીવઘાત કરે (૪) અકસ્માત દંડ ક્રિયા-અણધાર્યું કામ થાય (૫) દ્રષ્ટ વિપારયાસીયા દંડ-ક્રિયા-ભરમથી ઘાત કરે. (૬) મોષવતી દંડ ક્રિયા-જૂઠું બોલે (૭) અદત્ત દાન દંડ ક્રિયા-ચોરી કરે. (૮) આધ્યાત્મિક દંડ ક્રિયા-અશુભ ધ્યાન ધ્યાવે. (૯) માનવતી ક્રિયા-અભિમાન કરે તે. (૧૦) મિત્ર દ્વેષવતી ક્રિયા-મિત્ર પર દ્વેષ કરે. (૧૧) માયાવતી ક્રિયા-કપટ કરે. (૧૨) લોભવતી ક્રિયા-લોભ કરે. (એ પ્રમાણેની ૧૨ ક્રિયાથી નિવૃતે) (૧૩) ઇરિયાવહી ક્રિયા—તે કેવળજ્ઞાનીને માટે કહેલી છે. એ ૧૩ ક્રિયા સૂયગડાંગ નામે સૂત્રના બીજા શ્રુતસ્કંધમાં કહેલ છે.

પ્રથમ પ્રતિશાખા—'શુકલધ્યાનના પાયા.'

સૂત્ર—પુહત્ત વિયક્કે સવિયારી, એગત વિયક્કે અવિયારી ।
સુહુમ કિરિએ અપ્પડિવાઈ, સમુચ્છિન્ન કિરિએ અણિયટ્ટિ. ॥

ઉવવાઈ સૂત્ર.

અર્થ—પૃથકત્વ વિતર્ક, (૨) એકત્વ વિતર્ક, (૩) સૂક્ષ્મ ક્રિયા અપ્રતિપાતિ અને (૪) સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ ધ્યાતા.

એ પ્રમાણે શુકલ ધ્યાનના ૪ પાયા છે. જેમ મકાનની મજબૂતીને માટે પાયાની મજબૂતી કરવામાં આવે છે, તેમ શુકલ ધ્યાનની સ્થિરતા માટે ચાર પ્રકારના વિચાર રૂપ મછબૂત પાયા કરવામાં આવે છે.

પ્રથમ પત્ર—'પૃથકૃત્વ વિતર્ક.'

(૧) પૃથકત્વવિતર્ક* તે જીવ અને અજીવના પર્યાયનો ભિન્ન ભિન્ન વિચાર કરે. શ્રુતજ્ઞાનથી પ્રથમ જીવના પર્યાયનો વિચાર કરતાં કરતાં અજીવના પર્યાયમાં પ્રવેશ કરે. પછી અજીવના પર્યાયનો વિચાર કરતાં કરતાં જીવના પર્યાયમાં પ્રવેશ કરે. નય, નિક્ષેપા, પ્રમાણ, સ્વભાવ, વિભાવ, વગેરે રીતોથી ભિન્ન ભિન્ન કરીને ચિંતવન કરે. આત્મા દ્રવ્યથી ધર્માસ્તિનું ભિન્ન ભિન્ન પણું કરે, દ્રવ્ય ગુણ પર્યાયનું ભિન્ન ભિન્ન પણું કરે, એક પર્યાયના પણ દ્રવ્ય ગુણ પર્યાયનું પૃથકપણું ચિંતવે, અને આત્માના અસંખ્ય પ્રદેશોમાંથી

+ પૃથક્=વિવિધપ્રકાર અને વિતર્ક=શ્રુતજ્ઞાનમાં વિચાર. એટલે વિવિધ પ્રકારે શ્રુતજ્ઞાનમાં વિચાર કરવો તેનું નામ પૃથકવિતર્ક છે. તેના ત્રણ સંક્રમ છે. (૧) વ્યંજનસંક્રમ તે અભિધાનથી થાય તે. (૨) અર્થ સંક્રમ એટલે અર્થનો બોધ અને પ્રગમવું તે; (૩) યોગસંક્રમ એટલે મન વગેરે ત્રણે યોગમાં રમણુતા. એ ત્રણ સંક્રમ આ પાયામાં હોય છે.

એક પ્રદેશનો પણ વ્યંજન, અર્થ, અને યોગથી ભિન્ન ભિન્ન દ્રવ્ય ગુણ પર્યાય વિચારે. એમ વિવિધરૂપથી એકેક વસ્તુનો વિચાર કરતાં તેમાં પ્રવેશ કરી અનેક પ્રકારના તર્ક વિતર્ક ઉપજાવે અને તે તમામનું પોતાનાજ મનથી સમાધાન કરતો જાય. એ વિચારોમાં તલ્લીન બની ગયા પછી પોતાના આત્મા તરફ લક્ષ પહોંચાડી ખ્યાલ કરે કે આ પ્રત્યક્ષ દેખાય છે તે જડ પુદ્ગળનો પિંડ અને તેમાં રહેલો સચેતન આત્મા એ બંને ભિન્ન ભિન્ન છે. જેમ દૂધ અને પાણી ભેગાં મળે છે તો પણ દૂધ તો દૂધના સ્વભાવમાં છે અને પાણી તે પાણીના સ્વભાવમાં છે, એકત્ર નથીજ. એકત્ર હોય તો હંસની ચાંચના પુદ્ગળ પ્રભાવથી તે અલગ અલગ શામાટે થાય છે. એવી રીતે દેહ અને જીવ, કર્મ અને જીવ એ બંને એક જેવા લાગે છે છતાં ચૈતન્યનો ચેતન ગુણ અને જડનો જડ ગુણ પોત પોતાની સત્તામાં અલગ અલગ છેજ. એવું નિશ્ચય પૂર્વક જાણી બંનેની પ્રથક્તાનો ત્યાગ કરી, પોતાના ચૈતન્ય સ્વભાવમાં સ્થિર થાય અને સૂત્રના બાર અંગની વાણી રૂપી પાણીવાળા મહા-સાગરમાં ડૂબકીઓ ખાય. આવું ધ્યાન ચૌદ પૂર્વના ભણુનારને થાય છે. આ ધ્યાન મન વચન કાયાના યોગોની દ્રઢતા રાખવાથી રહ્યાં કરે છે. આ ધ્યાનં ધ્યાતી વખતે એક યોગથી બીજામાં અને બીજા-માંથી ત્રીજા યોગમાં પ્રવેશ થયાં કરે છે; અને એમ વિચાર પલટયાં કરે તેથી આ પાયાનું નામ પૃથક્ વિતર્ક ધ્યાન કહેવાયું છે. ૮-૯-૧૦-૧૧ એ ગુણ સ્થાનકવાળા મુનિરાજને આ ધ્યાન હોય છે. આ ધ્યાનથી ચિત્ત શાંત, આત્મા અભ્યંતર દ્રષ્ટિવાળો, ઇન્દ્રિયો નિર્વિ-કાર, અને મોહનો ક્ષય તથા ઉપશમ થાય છે.

દ્વિતીય પત્ર—"એકત્વ વિતર્ક."

(૨). **એકત્વ વિતર્ક**—આનો વિચાર પહેલા પાયાથી ઉલટો છે. પહેલા પાયામાં પ્રથક્ પ્રથક્ તર્ક વિતર્ક હોય છે અને આમાં

એકત્વ--ઐકય રૂપી તર્ક વિતર્ક હોય છે. આ વિચાર સ્વભાવિકજ થાય છે. આ પાયાવાળા ધ્યાનીઓના વિચારો બદલતા નથી. એક દ્રવ્યનો, એક પર્યાયનો અગર એક અણુમાત્રનો વિચાર ચિંતવતા તેમાં એવી તો એકાગ્રતા લગાવે કે મેરૂ પર્વતની પેઠે સ્થિરી ભૂત બની જાય. આ ધ્યાન ફકત બારમા ગુણસ્થાનવાળાને હોય છે. આ ધ્યાનમાં ચોંટયા પછી એક ક્ષણુમાં મોહકર્મની પ્રકૃતિઓનો નાશ કરે કે તરતજ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય એ ત્રણ કર્મોનો પણ સમૂલગો નાશ થાય છે. એ પ્રમાણે ચાર ઘનઘાતીકર્મનો ક્ષય થતાં તરતજ તેરમું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે અને બીજા પાયાથી આગળ વધે છે. વળી તેજ વખત કેવળજ્ઞાન અને કેવળદર્શનની અપૂર્વ પ્રાપ્તિ થાય છે. અગાઉના અનંતાકાળમાં કદી એ કેવળજ્ઞાન ને કેવળદર્શનની પ્રાપ્તિ થઈ નહોતી. કેવળજ્ઞાની મહાત્મા સર્વજ્ઞ, સર્વદર્શી એટલે સર્વ લોકાલોક, બાહ્ય ને અભ્યંતર, સૂક્ષ્મ ને બાદર. એમ સર્વ પદાર્થો હસ્તામ્લક એટલે હાથમાં રહેલા આંબળાના ફળની માફક જાણી લે છે અને જોઈ લે છે. ત્રણે કાળમાં જે જે થયું, થાય છે, અને થવાનું તે એક સમય માત્રમાં દેખી શકે છે. અનંત દાનલબ્ધિ, અનંત ભોગલબ્ધિ, અનંત ઉપભોગલબ્ધિ, અનંત લાભલબ્ધિ તથા અનંત બલવીર્યલબ્ધિની પ્રાપ્તિ થાય છે. એ મહાત્માને દેવેન્દ્ર, મુનીન્દ્ર વંદન નમસ્કાર કરે છે. પણ જો એ મહાત્માએ પહેલાના ત્રીજા ભવમાં તીર્થંકર ગોત્ર ઉપાર્જન કર્યું હોય તો આ વખતે તીર્થંકર થતાં સમવસરણની રચના થાય છે અને તેના મધ્ય ભાગમાં ચોત્રીશ અતિશયથી પોતે વિરાજમાન થાય છે. પાંત્રીશ પ્રકારના ગુણવાળી વાણી પ્રકાશે છે. એ વાણીરૂપ સૂર્યનો ઉદય થતાં મિથ્યાત્વરૂપી તિમિરનો તરતજ નાશ થાય છે અને ભવ્યજનોરૂપી કમળનાં ફૂલોનું વન નવપલ્લવિત બીલે છે. એ તીર્થંકર મહારાજના સદ્બોધનું શ્રવણ થતાં હળુકર્મી જીવો સુમાર્ગે ચડતાં ભવ ભ્રમણ રૂપી અથવા સંચિત પાપરૂપી કચરાને બાળી ભસ્મ કરે છે, અને મોક્ષને સન્મુખ થઈ

મોક્ષ પ્રાપ્ત કરે છે. આવા પરમોપકારના કર્તા કેવળજ્ઞાની છે. કેવળજ્ઞાની મહાત્મા શુકલ ધ્યાનને ત્રીજે પાયે પહોંચે છે.

તૃતીય પત્ર—'સુક્ષ્મક્રિયા.'

(૩) **સૂક્ષ્મક્રિયા—અપ્રતિપાતિ**–એ તેરમા ગુણસ્થાનકમાં પ્રવર્તતા કેવળજ્ઞાની મહારાજને હોય છે. સૂક્ષ્મ એટલે થોડી અને ક્રિયા એટલે કર્મની રજ, થોડી કર્મની રજ રહે અર્થાત્ જેમ ભુંજેલું અનાજ ખાવાથી પેટ તો ભરાય છે, પરંતુ તે ઉગતું નથી, તેમ અઘાતીયા કર્મની સત્તાથી ચલન વલન વગેરે ક્રિયા તેરમા ગુણસ્થાનકવાળા મહાત્મા કરે છે પણ તે ક્રિયા ભવાંકુર (ભવના અંકુરા) ઉત્પન્ન કરી શકતી નથી. આ ક્રિયા તેજ ભવના આયુષ્ય લગીજ લાગે છે. આયુષ્યના યોગથી સૂક્ષ્મ તથા ઇરિયાવહી ક્રિયા લાગે છે. મન, વચન અને કાયાના શુભયોગની પ્રવૃત્તિ થતાં, આહાર અને નિહાર (મળમૂત્રાદિ ક્રિયા) વગેરે કરતાં સૂક્ષ્મ જીવોની વિરાધના થવાથી ક્રિયા લાગે, પણ તે ક્રિયા કેવળી ભગવાન પહેલે સમયે બાંધે છે, બીજે સમયે વેદે છે, અને ત્રીજે સમયે દૂર કરે છે એટલે નિર્જરે છે. કાચ ઉપર લાગેલી ધૂળ હવાથી ઉડી જાય તેમ ઇરિયાવહીની સૂક્ષ્મ ક્રિયા આત્માના પ્રદેશ પરથી ઉડી જાય છે. **અપ્રતિપાતિ** એટલે આવ્યું જ્ઞાન પાછું જાય નહિ. મતિ, શ્રુત વગેરે ચાર જ્ઞાન તો પરિણામોની વૃદ્ધિ થતાં ચડે છે અને પરિણામોની હીનતા થતાં ઉતરી પણ જાય છે પણ પાંચમું કેવળજ્ઞાન તો એક વાર આવ્યા પછી જતું નથી, એક સરખું સંપૂર્ણ રહે છે, જરા પણ હાની વૃદ્ધિ થતી નથી.

ચતુર્થ પત્ર—'સમુચ્છિન્નક્રિયા.'

(૪) **સમુચ્છિન્ન ક્રિયા—અનિવૃત્ત**–આ ચોથો પાયો ચૌદમા ગુણસ્થાનકમાં થાય છે. ચૌદમા ગુણસ્થાનકનું નામ અયોગી કેવળી છે. આ ગુણસ્થાનકમાં મન, વચન અને કાયાના યોગ હોતાજ નથી,

જેથી સમુચ્છિન્ન ક્રિયા (સર્વ ક્રિયાનો નાશ) થાય છે. ત્યાં યોગ અને લેશ્યા નહિ ત્યાં ક્રિયાની જરૂર પડતી નથી તેથી તે અક્રિય થાય છે. અનિવૃત્તિ એટલે મેરૂ પર્વત જેવી **શૈલેશી સ્થિરઅવસ્થાને** પ્રાપ્ત થાય છે. જેથી તે **શુદ્ધ ચિત્** પૂર્ણ **આનંદ** અને **પરમ વિશુદ્ધતામય** થાય છે. અઘાતિક કર્મનો નાશ થતાં શુદ્ધ ચૈતન્યતા પ્રગટ થાય છે, પછી એ સ્વભાવથી કદી પણ નિવૃત્તતો નથી અને મોક્ષ પધારી એની એજ સ્થિતિમાં અનંતકાળ કાયમ રહે છે. એ શુકલ ધ્યાનનો ચોથો પાયો કહેવાય છે.

દ્વિતીય પ્રતિશાખા–'શુકલધ્યાનનાં લક્ષણ.'

सुक्कस्सणं झाणस्स चत्तारि लख्खणा पण्णत्ता तं जहा,
विवेगे, विउसग्गे, अवट्ठे, असंमोहे.

શુકલધ્યાનીનાં ચાર લક્ષણ ભગવાને ફરમાવ્યાં છે તે કહે છે. (૧) **વિવકત**=નિવૃત્તિ ભાવ, (૨) **વ્યુત્સર્ગ**=સર્વ સંગ પરિત્યાગ, (૩) **અવસ્થિત**=સ્થિરીભૂત અને (૪) **અમોહ**=મોહમમત્વ રહિતતા.

પ્રથમ પત્ર—'વિવકત.'

૧. વિવક્ત શુકલ ધ્યાનીને સદા એવો વિચાર રહે છે કે—

ગાથા–એગો મે સાસઓ અપ્પા, णाण दंसण संजुओ ॥
सेसा मे बाहिरा भावा, सव्वे संजोग लख्खणा. ॥१॥

અર્થ—હું એક છું, મારૂં બીજું કોઈ નથી, હું બીજા કોઈનો નથી, મને કોઇ દ્રવ્યે ઉત્પન્ન કર્યો નથી, જીવ દ્રવ્ય અનાદિ અનંત છે, એને ઉત્પન્ન કરવાની ને નાશ કરવાની શકિત બીજા કોઈ દ્રવ્યમાં છેજ નહિ, તેમ જીવ કોઇ દિવસ ઉત્પન્ન થયોજ નથી, કારણ કે અનાદિથી છે, તેમ તેનો કદી નાશ પણ થશે નહિ કાર-

ણુ કે અવિનાશીને અનંત છે. આવી સ્થિતિને લીધે કહેલ છે કે **'सासओअप्पा'** એટલે આત્મા શાશ્વતો છે, જે ઉપજે છે તેનો નાશ પણ થાય છે, પણ આત્મા તો ઉત્પન્ન થયેલજ નથી, તેથી તેનો નાશ પણ નથી. આત્મા શાશ્વતો છે, આત્મા અસંગ છે, અભંગ છે, અરંગ છે, પરસંગની તેને જરા પણ જરૂર છેજ નહિ. આત્માનો નિજ ગુણ જ્ઞાન અને દર્શન છે. આત્મા અનાદિ અનંત છે. જ્ઞાન અને દર્શન કહેવામાં બે પણ સંગત્વમાં તો એકતારૂપજ છે, એકલું જ્ઞાન કોઈ સ્થાને વિશેષ કાળ સ્થિર રહી શકતું નથી. જ્ઞાનની સાથેજ દર્શન ઉત્પન્ન થાય છે. જ્ઞાન એટલે જાણવું અને દર્શન એટલે શ્રદ્ધા, એ બે જીવનાં લક્ષણ છે. એના વિના બીજું જે કંઈ છે, (તે + સૂક્ષ્મ એટલે અદ્રશ્ય પદાર્થ હો કે બાદર એટલે દ્રશ્ય પદાર્થ હો) તે તમામ પદાર્થો આત્માના સચેતન દ્રવ્યથી સ્વભાવમાં તથા ગુણમાં ભિન્ન ભિન્ન છે. કારણ કે **"सव्व संजोग लक्खणं"** એટલે પુદ્ગળમાં સંજોગિક, વિજોગિક, સ્વભાવ સહેજે હોય, એ અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં મળી જાય છે અને વિખરી પણ જાય છે. એનો ભરોસો શું? એવું જાણી શુકલધ્યાની સ્વભાવિક રીતે નિવૃત્તિભાવને મેળવે છે. બીજી કોઈ પણ પ્રવૃત્તિને તેના આત્મસ્વભાવમાં પ્રવેશ કરવાનો અવકાશજ આવતો નથી કારણ કે તે પુદ્ગળિક સ્વભાવથી સ્વભાવિક રીતે અલગજ છે.

+ પુદ્ગળ ૭ પ્રકારનાં થાય છે. (૧) બાદર બાદર—જે પુદ્ગળના કટકા થયા પછી એક બીજા સાથે પાછા મળે નહિ તેવાં. જેમકે—કાષ્ટ વગેરે. (૨) બાદર—કટકા જૂદા પડયા પછી મળી જાય, જેમકે—ઘી, તેલ, દૂધ, વગેરે. (૩) બાદરસૂક્ષ્મ—દેખાય પણ ગ્રહણ કરી શકાય નહિ, જેમકે—ધૂપ, છાયા, ચાંદની વગેરે. (૪) સૂક્ષ્મબાદર—શરીરને લાગે પણ દેખાય નહિ, જેમકે—હવા, સુગંધ વગેરે. (૫) સૂક્ષ્મ પરમાણુ—એકના બે ન થાય. (૬) સૂક્ષ્મ સૂક્ષ્મ—તે કર્મ વર્ગણાના પુદ્ગળ. (ગોમટ સાર)

દ્વિતીય પત્ર--'વ્યુત્સર્ગ.'

(૨) વ્યુત્સર્ગ—શુકલ ધ્યાની સ્વાભાવિક રીતે સર્વ સંગ રહિત હોય છે. કપિલ કેવળીજીએ ફરમાવ્યું છે કેઃ--

ગાથા–વિજહિતુ પુવ્વસંજોગં, ન સિણેહં કહિંચિ કુવ્વેજ્જા ॥
અસિણેહ સિણેહ કરેહિં, દોસપઓસેહિ મુચ્ચએ ભિક્ખુ. ॥૨॥
સવ્વં ગંથં કલહં ચ, વિપ્પજહે તહા વિહં ભિક્ખુ, ॥
સવ્વેસુ કામજાએસુ, પાસમાણો ન લિપ્પઈ તાઈ. ॥૪॥

ઉત્તરાધ્યયન ૮. ગાથા ૨-૪.

અર્થ--સંસારમાં પ્રથમ સંજોગ માતા પિતાનો અને પછી સાસુ સસરાનો એમ પૂર્વ અને પશ્ચાત્ બંને પ્રકારના બાહ્ય સંજોગો છે. તેમજ રાગ, દ્વેષ, અને કષાય રૂપી પરિણતિ (વિચારણા) એ અભ્યંતર સંજોગછે. એમ બાહ્ય અને અભ્યંતર બંને સંજોગ કલેશનું કારણ છે. શુકલધ્યાની પુરૂષને આ બંને પ્રકારના સંબંધ ઉપરથી સ્વભાવિક રીતે મમત્વ ભાવ દૂર થઈ જાય છે. વળી શબ્દ, રૂપ, રસ વગેરે સર્વે ભોગ બંધન રૂપ જણાય છે અને તેથી તેમાં લેપાતો નથી. રાગદ્વેષ રહિત થાય છે. એ સંબંધ અનાદિ કાળથી અનંત પરિભ્રમણ કરાવનારો હોવાથી તેની સાથે પછી કોઇ પણ પ્રકારે સંબંધ થાય એવું કરે નહિ, કારણકે સ્નેહ ન કરવા જેવી અને રખડાવનારી વસ્તુ સાથે સ્નેહ શા માટે કરવો? એ અસ્નેહી વસ્તુઓ સાથે વીતરાગ ભાવે વર્તે કે જેથી તે કલેશકારક અને બંધનરૂપ ન થાય. એવો વીતરાગ ભાવ હંમેશાં અંદરથી તેમજ બહારથી શાંતિદાતા તેમજ મુકિતદાતા છે. શુકલધ્યાની જીવને એવા પ્રકારનો સંબંધ સ્વાભાવિક રહેતો હોવાથી તે સદા રાગ દ્વેષની પરિણતિથી રહિત રહે છે અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ ત્રણ રત્નની જ્યોત સદા પ્રકાશિત રહેતાં **અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અને અનંત તપરૂપ ચતુષ્ટય રત્નનો ધોકતા** થાય છે.

તૃતીય પત્ર—'અવસ્થિત'

(૩.) **અવસ્થિત** એટલે સ્થિરીભૂત રહે. અનંત ચતુષ્ટયની (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત તપ) પ્રાપ્તિ થતાં સર્વજ્ઞ, સર્વદર્શી, અને નિર્મોહી બને છે. અનંત શક્તિઓ પ્રગટાવી, તમામ ઇચ્છાઓથી મુકત બને છે. જેમ મહા તોફાની વાયુ વાતાં છતાં મેરૂ પર્વત ચલાયમાન થતો નથી તેમ મહાન્ પ્રાણાંતિક કષ્ટ આવે તો પણ પરિણામોની ધારા સદા અચળ રહે છે, પણ જરાએ ચળવિચળ થતી નથી.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્રના બીજા અધ્યયનમાં કહેલું છે કે–

ગાથા–સમણં સંજયં દંતં, હણેજ્જા કોઇ કત્થઈ ।
નત્થિ જીવસ્સ નાસોત્તિ, એવં પેહાજ્જ સંજએ ॥૨૭॥ *

ઉતરાધ્યયન ૨ ગાથા ૨૭.

અર્થ—કષાયનો નાશ થવાથી શ્રમણ થયેલા, પોતાના આત્માને સાધીને સંયતિ થયેલા, રાગ વગેરે શત્રુઓનો નાશ થવાથી દમિત થયેલા એવા ઋષિરાજને કર્મોદયથી કોઇપણ આવીને ગમે તે પ્રકારનું દુઃખ, અરે! પ્રાણાંત થાય તેવો ઉપસર્ગ કરે તો પણ પરિણામની ધારાને ડગવા દેતા નથી. એ સમયે એવો વિચાર કરે છે કે મારો આત્મા તો અનુપસર્ગી છે, સદા અખંડ અને અવિનાશી છે.

"નૈનં છિંદન્તિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવકઃ" * એ ગીતાજીનું વાકય સત્ય છે. આત્મા શસ્ત્રે કરીને છેદાતો કે ભેદાતો નથી, અગ્નિમાં બળતો નથી, પાણીમાં ઓગળતો નથી. મારા આત્માને કોઈ પણ પુરૂષ કોઇ પણ જાતનો ઉપસર્ગ આપવા સમર્થ છેજ નહિ. **"નત્થિ જીવસ્સ નાસોત્તિ"** જીવનો નાશ કદાપિ હોયજ નહિ.

* ગીતા અધ્યાય ૩,ગાથા ૨૩.

આથી હું તો અમર છું. મનુષ્ય, પશુ અગર દેવ અમર આત્માનો નાશ કરી શકે નહિ, પણ નાશવંત જે દેહ તેનો નાશ કરે છે, અને દેહ તો નાશવંત છેજ. આજ નહિ તો કાલ, કાલ નહિ તો ભવિષ્યમાં પણ તેનો નાશ થવાનોજ. કરોડો જતન કરો તોએ તે નાશવંત ચીજ રહેશે નહિ. આવો નિશ્ચય જેના આત્મામાં સદાકાળ વર્તે છે, તેને કોઇ પણ જાતની બાધા, પીડા, કે દુઃખ અસર કરતુંજ નથી. મહામુનિ **ગજસુકુમાર** વગેરેનો દાખલો લઇએ.

ગજસુકુમાર મુનીશ્વરના શિર ઉપર તેને સાસરે અગ્નિના અંગારા મૂકયા જેથી તડતડ ખોપરી બળીને રાખ થઈ ગઈ. એમ છતાં તે મહાત્માએ જરા પણ શરીર હલાવ્યું નહિ. **બંધક ઋષિરાજ**ના શરીરની ચામડી મરેલા ઢોરની પેઠે ઉતરડી નાંખી અને લોહીની નીક વહી છતાં તે મહાત્માએ મોમાંથી અરર જેવો શબ્દ ન કાઢયો. વળી એ ઋષિરાજના પાંચસો શિષ્યોને ઘાણીમાં ઘાલી તલની માફક પીલ્યા છતાં તેમણે આંખમાં જરા પણ ક્રોધ આણ્યો નહિ. **મેતારજઋષિ-વર**ને માથે તાજું આળું ચામડું બાંધી તડકામાં ઊભા રાખ્યા જેથી તેમની આંખના ડોળા નીકળી પડયા પરંતુ મનમાં જરા પણ રાગ દ્વેષ આણ્યો નહિ. એવા એવા અનેક દાખલા શાસ્ત્રમાં આપવામાં આવ્યા છે. મહાન ભયંકર ઉપસર્ગો છતા પરિણામોની ધારા એક સરખી રાખવી એ સહેલું કામ નથી, તો મોક્ષ પ્રાપ્ત કરવું એ કયાં રસ્તામાં પડયું છે? મહાત્માઓનો એવો દ્રઢ નિશ્ચય થઇ ગયો છે કે, "**નત્થિ જીવસ્સ નાસોત્તિ,**" જીવનો નાશ કદાપિ થતો નથી, જીવ તો અજરામર છે જે જળે છે, જે ગળે છે, તે જીવ નહિ પણ બીજી ચીજ છે અને હું પોતે (આત્મા) તેથી અલગ છું. હું દ્રષ્ટા છું. હું ચેતન છું, અખંડ છું અને અવિનાશી છું. એવા પરિણામોથી સ્થિર થયેલી એકત્ર ધારા પ્રવર્તતાં મહાત્માઓએ થોડા કાળમાં આત્મા સાથેની અનંત કર્મવર્ગણાનો ક્ષય કર્યો અને અનંત,, અક્ષય, અવ્યાબાધ, એવું મોક્ષ સુખ પ્રાપ્ત કર્યું.

ચતુર્થ પત્ર--'અસંમોહ.'

(૪) **અસંમોહ**—શુકલધ્યાની સ્વભાવથીજ નિર્મોહી હોય છે, "**મોહો બન્ધતિ કર્માણિ, નિર્મોહો વિમુચ્યતે.**" મોહથી કર્મનો બંધ થાય છે અને નિર્મોહપણાથી કર્મબંધ છૂટે છે. શુકલધ્યાનીનો એવો નિશ્ચય હોવાથી નિર્મોહી અવસ્થા સ્વભાવથીજ પ્રાપ્ત થઈ જાય છે. આ જગત્નો કોઈ પણ પદાર્થ એમને મોહ ઉત્પન્ન કરે એવો દેખાતો નથી.

ઉત્તરાધ્યયનજી સૂત્રમાં ચિત્ત મુનિશ્વરને કહ્યું છે કેઃ—

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडंबणा ॥
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥१६॥ *

ઉત્તરાધ્યયન સૂત્ર ૧૩, ગાથા ૧૬.

અર્થ—તમામ ગીત અને ગાયન છે તે વિલાપ જેવાં છે, કારણ કે વિલાપ અને ગીત શબ્દની ઉત્પતિનું અને ભોગવવાનું સ્થાન એકજ છે. બંને પ્રકારના શબ્દો મુખથી બોલાય છે અને કાન સાંભળે છે. એ બંને ઇંદ્રિયો રાગ દ્વેષની પરિણુતિનાં ધામ છે. ગાયન પોતે જેમ પ્રેમ અને ઉદાસી ઉપજાવે છે તેમ રૂદનથી પણ પ્રેમ અને ઉદાસી બંને ઉપજે છે. આ પ્રમાણે મોહમાં ડૂબેલા જીવોને થાય છે, નિર્મોહીને કંઈ નથી. મોહમદથી ભરેલાં, કર્મ વિકારથીજ ઉત્પન્ન થયેલાં ચિત્તને વિચિત્રતા વગેરે અનેક અસદ્-ભાવનું કારણ ગીતો થાય છે. કેવળજ્ઞાની મહાત્મા ગમે ત્યાં બેઠા હોય તો એ દેવતા, મનુષ્ય સંબંધી ગીતો પ્રત્યક્ષ દેખી શકે અને સંપૂર્ણ સાંભળી શકે છતાં સ્વભાવથીજ તે પર રાગ દ્વેષ આણતા નથી. આખી દુનિયામાં ગમે ત્યાં જે નાટક અને નાચ થઈ રહેલ છે તેને તેઓ એક જાતની વિંડબના માને છે. જીવ માત્રને ચતુર્ગતિ પરિભ્રમણમાં જે દુઃખ થાય છે, તેવીજ વિંડબના કર્મને આધીન થઈ નાટક ચેટક દ્વારે બિચારાઓ કરે છે. તે અનાથ જીવો,

કોઇ વાર પુરૂષ, કોઇવાર સ્ત્રી, કોઇ વાર ઊંચ, કોઇ વાર નીચ એવી અનેક વિચિત્ર આકૃતિ ધારણ કરી અનેક માણસોના મંડળને અથવા અનેક દેવોને, હાસ્ય, રૂદન, શૃંગાર વગેરેના ખેલ કરી બતાવે છે. એ સમયે ભવભ્રમણની વિચિત્રતાને ભૂલી વાંચનાર અને જોનાર બંને હર્ષ અને આનંદમાં મગ્ન થાય છે. જાણે તેઓ ચાર ગતિમાં આત્માના જૂદા જૂદા દેહે પરિભ્રમણ કરવાની વિંડબનાથી તૃપ્ત ન થયા તેથી હવે સ્વતઃ નાટક અને ગાયન દેખી તૃપ્ત થતા હોયની! જ્ઞાની પુરૂષ જગત્‌ની નાટકરૂપી વિંડબનાને જ્ઞાનદ્રષ્ટિથી નિહાળે છે અને રાગ દ્વેષ રહિત સમભાવમાં રહે છે. કાંકરા, પત્થર, ધૂળ, લોઢું વગેરે પણ પૃથ્વીમાંથી નીકળે છે અને સુવર્ણ, ચાંદી, પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય છે. બંને જાતના પદાર્થો એક સરખા ભારે છે, છતાં સરાગી જીવો કાંકરા અને પત્થરને ઉપાડવામાં ઘણું દુઃખ માને છે અને સુવર્ણ, ચાંદી, હીરા, માણેકનાં ભૂષણોનો ભાર ઉપાડવામાં હર્ષ માને છે!! વીતરાગી પુરૂષ તો યથાર્થ દ્રષ્ટિથી જોઈ, શણગાર સજેલા અને નગ્ન બંને પર સમભાવે મધ્યસ્થ ભાવે રહે છે. જેટલાં જગતમાં દુઃખો છે તે તમામ કામભોગથીજ ઉત્પન્ન થાય છે. કામભોગનો લાલચુજ, આ અનંત દુઃખમય સંસારનો ભાર ઉઠાવે છે, તેજ દુઃખ પામે છે, અને એવું પ્રત્યક્ષ જગત્‌માં પણ દેખાય છે. જ્ઞાની મહાત્માઓ સ્વભાવિક રીતેજ અભિલાષા રહિત શાંત હોય છે. તેમના મોહનો સર્વથા નાશ થાય છે તેથી તેઓ વીતરાગી બને છે.

તૃતીય પ્રતિશાખા—'શુકલધ્યાનનું આલંબન.'

સૂત્ર—સુક્કસ્સણં ઝાણસ્સ ચત્તારિ આલંબણા પણ્ણત્તા તં જહા
ખંતિ, મુત્તી, અજ્જવે, મદ્દવે. ઉવવાઇ સૂત્ર.

અર્થ—શુકલધ્યાનના ધ્યાનારને ચાર પ્રકારની આલંબના (આધાર) છે. (૧) ક્ષમા, (૨) નિર્લોભતા, (૩) સરળતા, (૪) નમ્રતા.

પ્રથમ પત્ર—'ક્ષમા.'

ક્ષમા શ્રમણ પુરૂષ, ક્ષમારૂપી સ્વભાવમાં, સ્વભાવથીજ રમણ કરી, બીજા તરફથી, પરપુદ્ગળોથી, પોતાનાજ વિચારોની વિપરીતતાથી અને ચિત્તને ક્ષોભ થાય એવા પુદ્ગળોનો સંબંધ મળવાથી, પોતાના કે પરના આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી પર્યાયનો સંકલ્પ વિકલ્પ કરી કદી પણ ઘાત કરે નહિ, કરાવે નહિ, અને કરતા પ્રત્યે રૂડું જાણે નહિ. પોતાના ક્ષમારૂપી અમૂલ્ય ગુણનો કદાપિ નાશ થવા દે નહિ. શુભ અને અશુભ સંજોગોમાં ચિત્તની વૃત્તિને સ્થિર રાખે છે. પુદ્ગળોના સ્વભાવ તરફ હંમેશાં દ્રષ્ટિ રાખી એવો વિચાર કરે છે કે, જે જે વખતે જે જે પુદ્ગળોના જે જે પ્રકારની પરિણુતિમાં પ્રગમવાનો દ્રવ્યાદિ સંયોગ થાય છે, તે તે વખતે તે પ્રમાણે બન્યા વગર રહેતુંજ નથી. જગતનો એ અનાદિનો સ્વભાવ છે. શુકલધ્યાની મહાત્મા સ્વભાવથીજ આવી પરિણુતિ (ક્રિયા–વિચાર) થી વિરકત હોવાને લીધે તેઓમાં સદા સમભાવ કે મધ્યસ્થભાવ રહે છે. પુદ્ગળોની પરિણુતિ તેમને અસર કરતી નથી. જગતમાં અનાદિથી પુદ્ગલિક પરિણુતિઓ ભ્રમણ કરે છે, તે પરિણુતિ વધે છે, ઘટે છે, છતાં તે વીતરાગી મહાત્માના આત્માને સ્પર્શ કરી કે ખરાબ કરી શકતી નથી. જગતનું જે કાર્ય છે તે તો અનાદિથી ચાલ્યું આવે છે અને અનંત કાળ લગી ચાલ્યાં કરશે. વળી મન, વચન, કાયાના શુભાશુભ પુદ્ગળોનું ચક્કર પણ ફરતુંજ રહે છે. ભ્રમમાં ભમેલો જીવ નાહક ખોટા ઉચ્ચાર, ખોટા વિચાર અને ખોટા આચાર વડે કરવું, કરાવવું અને અનુમોદવું આદરે છે. ચીકટો ઘડો ઉડતી ધૂળને પોતાની તરફ ખેંચે છે અને તેથી મેલો થાય છે, તે રીતે શુદ્ધ આત્મા, કર્મરૂપ ચીકાશને લીધે પોતે પરપુદ્ગ-

બીજાને ખેંચી મલીન વિશેષ થાય છે. એ પ્રમાણે મલીન થતાં નીજ સ્વરૂપ ઢંકાઇ જાય છે, પર સ્વભાવમાં આત્મા ચોંટે છે અને સ્વભાવ દશામાંથી વિભાવ દશા પ્રાપ્ત થતાં પોતાનું બગાડે છે. જ્ઞાની પુરૂષ તો કાચના ઉજળા ઘડાની માફક નિર્લેપ અને ચિકાશ રહિત રહે છે જેથી જગત્‌ના પુદ્‌ગળિક બનાવો તેમના આત્મા ઉપર ઠરતાજ નથી. સ્વાભાવિક રીતેજ મન, વચન, અને કાયાના યોગની શુભ પ્રવૃત્તિથી પણ તેઓ અલગ રહી પોતાના જે જ્ઞાનાદિ આત્મિક ગુણો છે તેમાંજ રમણ કરે છે. આ જગતમાં અનેક જીવો બોલે છે, અને અનેક જીવો સાંભળે છે, તેના પર ધ્યાન દે નહિ તો તે પુદ્‌ગળ આપણા પ્રત્યે રાગ, દ્વેષ કર્તા બને નહિ, પણ જો તેજ શબ્દને આપણે આપણી તરફ ખેંચીએ, અને માનીએ કે આ ગાળ તો મનેજ દીધી, તો તરતજ તે પુદ્‌ગળ આપણા આત્મામાં પરિણમે છે, અને આપણને દ્વેષી બનાવી દે છે. આપણે જરા લાંબો વિચાર કરીને જોઇએ તો આપણી નિંદા કોઇ કરતું જ નથી તેમ કરી શકે એવું પણ નથી. નિંદા થઇ શકે એવા આપણા આત્માનો સ્વભાવજ નથી. આપણો આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો મહા સાગર છે, અને એ જ્ઞાનાદિ ગુણની નિંદા કોઇ કરતું જ નથી. નિંદા તો વિષય, કષાય, વગેરે પ્રકૃતિઓની થાય છે, જે પ્રકૃતિઓ તો કર્મજનિત છે, અને કર્મ પોતે પુદ્‌ગળ છે. આત્મા અને કર્મનો સ્વભાવ તદ્દન વિપરીત છે, તેથી કર્મ તો નિંદાપાત્ર છે, નિંદાપાત્રની નિંદા થશેજ. તું ચૈતન્યરૂપો આત્મા તેનાથી અલગ છે તો પછી શા માટે તે પુદ્‌ગળિક પરિણતિમાં પડી મલીન થાય છે અથવા બૂરૂં માને છે ? જેને જગત્‌ ખરાબ કહે છે તેના પર તે વચનો સમજવાં, આપણા પર નહિ. એ વચનોથી આપણે તો એટલું સમજવું કે એ દુર્ગુણો મારામાં હોય તો તેનો જલદી નાશ થાઓ કે જેથી મારૂં પરમ કલ્યાણ થાય. ખરાબ વચનો પર વિચાર કરતાં પોતાના આત્માનું ભલું થાય છે તો કયો સુજ્ઞ પુરૂષ, ગુણ

ઉપર અવગુણ કરશે ? કોઇ નહિ. શુકલધ્યાની મહાશય એવા એવા તેમજ એથી ચડતી સ્થિતિના અત્યુત્તમ વિચારો પ્રથમથીજ કર્યાં કરે છે અને તેથી તે વિચારો તેના આત્મામાં દ્રઢ ઠસી રહે છે. વળી તે મહાત્મા પ્રત્યક્ષ પણ દેખે છે કે, ક્રોધરૂપી મહા દાવાનળથી આખું જગત્ બળી જળી રહ્યું છે, તમામ જીવોની દશા ક્રોધાગ્નિથી છિન્ન ભિન્ન થઇ રહી છે, તો હું મારા આત્માને એ લાહ્યમાંથી બચાવી લઉં. મારો આત્મા તો તેનાથી અલગજ છે અને જ્ઞાન-દર્શન વગેરે ગુણરૂપી મહાસાગરની લ્હેરોમાં મગ્ન છે, તેને તે ક્રોધાગ્નિ અડવાને પણ સમર્થ નથી, તો આંચ તો શી રીતે લાગે ? મારો આત્મા સદા સંબૂડ, નિબૂડ, શાંત, શીતળીભૂત હોવાથી અખંડાનંદમાં રમણ કર્યા કરે છે.

દ્વિતીયપત્ર—મુત્તી (નિર્લોભતા.)

(૨) **મુત્તી**—મુક્તિ થવી છૂટી જવું તે. લોભ અને તૃષ્ણારૂપી ફાંસામાં આખી દુનિયા ફસી રહી છે. શુકલધ્યાની જીવ એ ફાંસાને પ્રથમથીજ જડમૂળથી ઉખેડી નાંખી પોતાના આત્માને સંતોષમાં સ્થાપે છે. જ્ઞાની જીવ જ્ઞાનદશાથી પ્રત્યક્ષ જાણે છે કે, આ જગત્માં કોઈ એવો પદાર્થ નથી કે જેનું ધણીપણું આ જીવે ન કર્યું હોય. તમામ પુદ્ગળોની માલિકી અને ભોગ ઉપભોગ આ જીવ અનંત કરી આવ્યો છે. એક વખત આહાર કરેલી વસ્તુનો જ્યારે નિહાર (બહાર કાઢવું) થાય છે ત્યારે તે વસ્તુ જોતાંજ આપણે અત્યંત દુગંછા પામીએ છીએ છતાં જે વસ્તુઓનો અનંત વખત વખત આહાર કરી અનંત વખત નિહાર (છોડી દેવું, મૂકવું) કર્યા છતાં તે પર દુગંછા (અભાવ) થતો નથી એ કેટલું બધું આશ્ચર્ય છે ! એ નિહાર કરેલી વસ્તુઓનોજ પાછો ઉપભોગ કરવાને જીવ તરસ્યો થાય છે, તરફડીઆં મારે છે, એનીજ તૃષ્ણામાં આકુળ વ્યાકુળ થઈ રહ્યો છે, અને જરા પણ ધરાયો ન હોય તેવો જણાય છે. હે જીવ, તને એક સંતોષરૂપી અમૃત વિના આ જગત્ના

પદાર્થોની તૃપ્તિ કદી થવાની નથી એ નક્કી સમજવું. આહાહા!! શું મોહદશાનો ઝપાટો છે! એ મોહદશાને લીધે આ જગત્‌ના તમામ જીવો વિચાર રહિત બની ગયા છે. હે ભાઇ, આ વર્તમાન કાળના તારા શરીરના પુદ્‌ગળો તથા તે પહેલાં જેટલાં જેટલાં શરીર તેં ધારણ કર્યા, તે તમામનો તેં ફરી ફરી અનંતવાર જે રીતે આહાર અને નિહાર કર્યો છે તેજ પ્રમાણે સર્વ જીવ માત્રના શરીરના પુદ્‌ગળોને પણ તેં અનંત વખત ભક્ષણ કરી છોડયાં છે, જગત્‌ની તમામ રિદ્ધિનો માલિક પણ તું બન્યો, દાસ બન્યો, અનંત પર્યાયરૂપી આ સંસારમાં આત્મા જૂદે જૂદે રૂપે પરિણમ્યો, અને અનંત પર્યાયો પણ આત્મામાં જૂદે જૂદે રૂપે પરિણમ્યા, ખાવા યોગ્ય તમામ પદાર્થ ખાધા, પીવા યોગ્ય સર્વ વસ્તુ પીધી, સર્વ ભોગ ભોગવ્યા, છતાં કાંઈ પણ ગરજ સરી નહિ, આખર એવો ને એવો અતૃપ્ત રહ્યો એ અતિ આશ્ચર્યજનક છે! હવે સમજણ રાખી વિચાર કરીશ તો જણાશે જે હું કોઇનો થયો નથી, તેમ મારૂં કોઇ થયું નથી, નથી મને કોઇએ ખાધો કે નથી મેં કોઇ પદાર્થને ખાધો; પુદ્‌ગળજ પુદ્‌ગળનું ભક્ષણ કરે છે અને છોડે છે; આ તમામ કામ પુદ્‌ગળથી પ્રગમે છે, અને નિર્ગમે છે; મારે ને એને લેવા દેવા છેજ નહિ; અરે! એ પુદ્‌ગળ છે અને હું તો ચેતન છું. જેમ નાટકવાળો નાના પ્રકારના વેષ ધારણ કરી જોનારને અનેક રીતે ખુશ કરે છે, કયારેક રૂએ છે, કયારેક હસે છે, છતાં પ્રેક્ષકને એ નાટકવાળાનાં ચરિત્ર દેખી પોતાપર સુખ દુઃખ અનુભવવાની જેમ જરૂર નથી તેમ આ જગતરૂપી અનાદિ અનંત નાટકમાં હું પ્રેક્ષકરૂપ છું, જગતની વિચિત્રતા જોઇ મને તેના વિચારોમાં લીન થવાની કે દુઃખી બનવાની જરા પણ જરૂર નથી. શુકલધ્યાની મહાત્મા એવા અને એથી પણ ચડતા ભાવ સ્વાભાવિક રીતે હૃદયમાં ધરાવે છે, જેથી સર્વ સંગના પરિત્યાગી બની, સિદ્ધની બરોબર સદા નિસ્પૃહ ભાવમાં તૃપ્ત રહી આત્મ-સ્વરૂપમાં રમણ કરે છે.

તૃતીય પત્ર—" અજ્જવ ",

અજ્જવ-આર્જવ-શુકલધ્યાનીમાં સરળતાથી રહેવાનો સ્વભાવ સ્વાભાવિક રીતે હોય છે. સૂયગડાંગજી સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે કે--"अज्जुधम्मं गइ तच्च" આર્ય અને સરલ આત્માથીજ ધર્મ માર્ગમાં પ્રવૃત્તિ થઈ શકે છે. વક્ર આત્મા બીજાને ઠગવા જતાં પોતેજ ઠગાય છે. એક વખત ઠગનાર પ્રાણી કર્મના અનુયોગથી ભવાંતરોની શ્રેણીઓમાં અનંત વખત ઠગાતો રહે છે. પુદ્ગળના વિકારોમાં ભળેલો પદાર્થ દુઃખ અને કલેશથીજ ભરેલો હોય છે. સંસારી આત્મા જે પદાર્થમાં પોતાના વિચારો દોડાવે તે પદાર્થના પુદ્ગળનું આકર્ષણ કરી તે રૂપ બને છે. એવી અવસ્થાને " માયા શલ્ય " કહે છે. માયાશલ્ય વૃત્તિ મિથ્યાત્વનું મૂળ છે, અને તેથી આત્માના જ્ઞાનાદિ ઉત્તમ ગુણો ઢંકાઈ જાય છે. શલ્યનું બીજું નામ કાંટો છે. જેમ શરીરની અંદર રહેલો કાંટો તંદુરસ્તીને નુકશાન કરે છે, તેમ માયારૂપી શલ્ય જેના હૃદયમાંથી નથી નીકળ્યું, એનામાં ધ્યાનની સ્થિરતા ને શુદ્ધતા રહેતી નથી. જેમ સીધા મ્યાનમાં વાંકી તરવાર પેસતી નથી, તેમ જેની હૃદયરૂપી તરવાર વક્રગતિરૂપ છે, તે શુકલધ્યાનરૂપી સીધા મ્યાનમાં પ્રવેશ કરતી નથી. એવો નિશ્ચય હોવાથી શુકલધ્યાનીના હૃદયમાંથી માયા (કપટ) નો તો સ્વભાવિક રીતે નાશ થાય છે.

વળી શુકલધ્યાની મહાત્મા વિચારે છે કે-હું કપટ કોની સાથે કરું ? આત્માનો નિજ ગુણ તો સર્વજ્ઞાની ને સર્વદર્શી હોવાથી તે કપટથી કદી પણ ઠગાતો નથી. આત્માનો નિજ સ્વભાવ તો સરળ અને શુદ્ધ છે, એવા ઉત્તમ સ્વભાવને છોડી કપટરૂપી મલિનતામાં પડવું એ તો મહા અજ્ઞાન દશાજ કહેવાય. એવું જાણી શુકલધ્યાની મહાત્મા સ્વાભાવિક રીતેજ પરમજ્ઞાની પરમધ્યાની, નિષ્કપટી, નિર્વિકારી, અને આત્મગુણમાં લીન રહી, બાહ્ય અને અંભ્યતર શુદ્ધ અને સરળ પ્રવૃત્તિ રાખે છે.

ચતુર્થ પત્ર—'મદ્દવ.'

મદ્દવ–માર્દવ એટલે લઘુતા, કોમળતા અગર નમ્રતા. શુકલધ્યાની મહાત્માએ અભિમાનને તો સ્વભાવિક રીતે મર્દન કરેલું હોય છે. તે જાણે છે કે આ જગત્માં ઘણો મોટો અને જબરો શત્રુ અભિમાનજ છે. ઊંચે ચડેલાને અભિમાનથી નીચે પડવું પડે છે, દેવલોકના સુખમાં ગરક થયેલાને તિર્યંચની ગતિમાં અવતાર લેવો પડે છે, અભિમાનથી એવી એવી અનેક વિટંબના પડે છે. શુકલધ્યાની મહાત્મા વિચાર કરે છે કે અભિમાન કઇ વાતનું કરવું? અભિમાન પોતે છે શું? જુઓ, કોઇ અભણ અને મૂર્ખ માણસને બીજો માણસ પંડિત કહે તો તે ચીડાય છે, નિર્ધન માણસને કોઈ શ્રીમંત કહે તો તેને ખોટું લાગે છે અને મશ્કરી રૂપ માને છે, તે પ્રમાણે આપણાં કોઇ વખાણ કરે તો તે ટાણે ડાહ્યો માણસ એમ માને છે કે એ સંપૂર્ણ ગુણ મારા આત્મામાં છે નહિ તો મારે અભિમાન શા માટે કરવું જોઇએ? એ મારાં વખાણ નથી કરતો પણ મને ઉપદેશ દે છે કે, સત્ય, શીલ, દયા, ક્ષમાદિ ગુણો તમે ધારણ કરો. શુકલધ્યાની જીવ તો સર્વોત્તમ ગુણધારક હોય છે છતાં તેને પોતાના ગુણોનું કિંચિત્ માત્ર અભિમાન કોઇ કાળે હોતું નથી. એ તો સદા નિરભિમાની હોય છે. વળી ગુણગ્રામ જે થાય છે તે તો ગુણના થાય છે અને એ ગુણને પોતાને અભિમાન થતું નથી તો વચમાં હું તે શા માટે અભિમાન કરૂં? સંસારમાં કહેવત છે કે ફલાણા માણસે ફલાણી સારી વસ્તુની પ્રશંસા કરી તેથી તે વસ્તુને નજર લાગતાં બગડી ગઈ તેજ પ્રમાણે તારા ગુણાનુવાદ થતાં જો તું ફૂલાઇશ તો તારાજ ગુણોની ખરાબી થશે. એવું જાણી પોતાના ગુણોની ખરાબી કરવાના કોણ ઉપાય કરે?*

---

* प्रिय प्राया वृत्ति र्विनयमधुरो वाचि नियमः ।
प्रकृत्या कल्याणी मतिरनवगीतः परिचयः ॥

વળી જે જે સદ્‌ગુણોની પ્રાપ્તિ થઈ છે, તે પોતાના આત્માનો સુધારો કરવા માટે થઇ છે, છતાં બગાડો કરવો એ કેવી મોટી ભૂલ ગણાય. એવા એવા વિચારો શુકલધ્યાનીને સ્વાભાવિક ઉપજતા હોવાથી તેનો આત્મા સદા નિરભિમાની ને નમ્ર હોય છે.

આ ચાર મોટા ગુણોનું શુકલધ્યાનીને સ્વભાવથીજ આલંબન હોવાથી તે સદા અખંડ અપ્રતિપાતી ધ્યાનમાં રહે છે.

ચતુર્થ પ્રતિશાખા—શુકલધ્યાનીની અનુપ્રેક્ષા.

સૂત્ર—સુક્કસ્સણં ઝાણસ્સ ચત્તારિ અણુપ્પેહા પણ્ણત્તા તં જહા;—(૧) અવાયાણુપ્પેહા, (૨) અસુભાણુપ્પેહા, (૩) અનંતવત્તિયાણુપ્પેહા, (૪) વિપરિમાણાણુપ્પેહા.

અર્થ—શુકલધ્યાન ધ્યાતાની ૪ અનુપ્રેક્ષા એટલે વિચારણા છે. (૧) અપાયાનુપ્રેક્ષા એટલે દુઃખથી છૂટવાનો વિચાર, (૨) અશુભાનુપ્રેક્ષા એટલે અશુભ પ્રવૃત્તિ વગેરેથી નિવર્તવાનો વિચાર, (૩) અનંતવૃત્તિયાનુપ્રેક્ષા એટલે અનંત પ્રવૃત્તિઓથી છૂટવાનો વિચાર અને (૪) વિપરિમાણુપ્રેક્ષા એટલે વિપરીત પરિણામોથી છૂટવાનો વિચાર. એ ચાર પ્રકારની વિચારણા શુકલધ્યાની જીવને સ્વભાવિક રીત થાય છે.

પુરો વા પશ્ચાદ્વા તદિદમવિપર્યાસિતરસં ।
રહસ્યં સાધૂનામનુપધિ વિશુદ્ધં વિજયતે ॥

અર્થ—સાધુઓની શારીરિક ક્રિયા ઘણું કરીને પ્રિયકારક, વચન વિનયયુક્ત, નમ્ર, બુદ્ધિ સ્વભાવથીજ કલ્યાણકારી અને સંગ નિર્દોષ હોય છે. એટલા બધા ગુણો છતાં તેઓ ભૂતકાળ અને ભવિષ્ય કાળમાં એક સરખા સરળ સ્વભાવી, દંભરહિત અને પ્રમાદ વગેરે દુર્ગુણોથી મુક્ત રહે છે, એવા સત્પુરૂષોનું રહસ્ય હમેશાં વિજયવંત હોય છે.

પ્રથમ પત્ર—'અપાયાનુપ્રેક્ષા.'

(૧) **અપાયાનુપ્રેક્ષા**—સંસારમાં જન્મ મરણ કરતા જીવોને (૧) **મિથ્યાત્વ**, (૨) **અવ્રત**, (૩) **પ્રમાદ**, (૪) **કષાય**, (૫) **યોગ** એ પાંચ અતિ દુઃખદાયી છે.

(૧) અભ્યંતરમાં, નિજ આત્માની વીતરાગરૂપ દશાના અનુભવથી વિપરીત રૂચિ તેમાં તથા બાહ્યમાં શુદ્ધ આત્મતત્ત્વથી માંડીને પરસંબંધી સંપૂર્ણ દ્રવ્યોમાં જે વિપરીત આગ્રહ તેને **મિથ્યાત્વ** કહે છે. (૨) અભ્યંતરમાં, આત્મા પરમાત્માના રૂપની ભાવનાથી ઉત્પન્ન થયેલ પરમસૂત્રરૂપ અમૃતભોજન ખાવાની રૂચિને બદલાવે છે, અને બાહ્યમાં, વ્રત વગેરે ધારણ ન કરવાની જે પ્રવૃત્તિ થાય તેને **અવ્રત** કહે છે. (૩) અભ્યંતરમાં, પ્રમાદ રહિત જે શુદ્ધ આત્મા છે, તેના આનંદમય અનુભવથી ફેરવવાની જે પ્રવૃત્તિ તથા બાહ્યમાં, મૂળ અને ઉત્તમ ગુણો છે તેમાં અતિચાર ઉત્પન્ન કરાવનાર તેને **પ્રમાદ** કહે છે. (૪) અભ્યંતરમાં, કેવળજ્ઞાન વગેરે મહાન્ અનંતગુણો સ્વાભાવિક રીતે ધારણ કરનાર અને પરમ ઉપશમ મૂર્તિ રૂપ જે નિજ આત્મા તેને તેના પરમાત્મસ્વરૂપમાં આકુળ વ્યાકુળતા કરાવનાર તથા બાહ્યમાં, સાંસારિક વિષયોના સંબંધથી ક્રૂરતા વગેરે ક્રોધાદિ જુસ્સા તેને **કષાય** કહે છે. (૫) નિશ્ચયમાં અક્રિય આત્મા છે તેને તથા વ્યવહારથી વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમ થતાં ઉત્પન્ન થયેલ જે મન, વચન કાયાની પુદ્ગળ વર્ગણા, તેનું અવલંબન કરનારાં કર્મોને ગ્રહણ કરવામાં કારણ રૂપ એવા આત્માના પ્રદેશોનું ચલન વલન તેને **યોગ** કહે છે.

આ પાંચ આસ્રવ અનાદિ કાળથી દરેક સંસારીના આત્મામાં સ્થિતિ રૂપે અને ક્રિયારૂપે રહેલ છે. એ આસ્રવથીજ આત્માને આ સંસારમાં જન્મ મરણની અસર ભોગવવી પડે છે. શુક્લધ્યાનીએ પાંચે આસ્રવ સ્વાભાવિક રીતે નાશ કર્યા હોવાથી તેના બદલામાં (૧) **ક્ષાયિકસમ્યક્ત્વ**, (૨) **યથાખ્યાતચારિત્ર**, (૩)

અપ્રમાદી, (૪) ક્ષીણકષાયી અને (૫) સ્થિરીભૂત સ્વભાવ એ પાંચ મહા ગુણ પણ સ્વાભાવિક રીતે પ્રાપ્ત થયેલ હોય છે.

દ્વિતીય પત્ર—" અશુભાનુપ્રેક્ષા ".

(૨) અશુભાનુપ્રેક્ષા—જીવનું શુભાશુભ થવાના બે માર્ગ છે. (૧) નિશ્ચય, (૨) વ્યવહાર. નિજગુણમાંજ પ્રવૃત્તિ તેને નિશ્ચય, અને બાહ્યમાં પ્રવૃત્તિ તેને વ્યવહાર કહે છે. છદ્મસ્થ જીવોને માટે વ્યવહાર પ્રથમ હોવાથી તેઓએ હમેશા વ્યવહારમાં શુદ્ધ કર્મો કરી આત્મસાધનમાં એટલે નિશ્ચયમાં દ્રષ્ટિ રાખવાની છે. સર્વજ્ઞ પ્રભુ સદા નિશ્ચયની પ્રવૃત્તિમાંજ હોય છે છતાં વ્યવહારને ભગાડતા નથી, માટે કર્મનો આત્મા સાથે શું સંબંધ છે તે જાણવાની વ્યવહારથી જરૂર છે. વ્યવહારમાં કર્મનો કર્તા પુદ્ગળ છે; કારણ કે આત્મા તો મન, વચન, કાયાના ત્રણે યોગથી રહિત હોઈને તે તો સદા સર્વદા નિજસ્વરૂપની ભાવનામાં વર્તે છે. એ ભાવનાથી આત્માને વિમુખ કરનાર પુદ્ગળજ છે. આ સંસારના જ્ઞાનાવરણીય વગેરે દ્રવ્યકર્મોનો ઉપચરિત અને અસદ્ભૂત વ્યવહાર છે તેનો; ઉદારિક, વૈક્રેય અને આહારક એ ત્રણ શરીરને લીધે, તથા આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, મન અને ભાષા એ છ પર્યાપ્તિ વગેરેને લીધે પુદ્ગળસમુહનું જે કર્મ છે તેનો અને તેજ પ્રમાણે ઘટપટ વગેરે ઉપચરિતઅસદ્ભૂતબાહ્ય વિષય છે તેનો કર્તા પુદ્ગળજ છે. આ પ્રમાણે વ્યવહારની વ્યાખ્યા થઈ. હવે નિશ્ચયની અપેક્ષાથી તો ચૈતન્યજ કર્મનો કર્તા છે. આત્માનું મૂળસ્વરૂપ તો રાગદ્વેષ વગેરે સંકલ્પ વિકલ્પરૂપી ઉદાસીથી તેમજ ક્રિયાથી રહિત છે, છતાં ક્રિયા રહિત એવો આત્મા રાગદ્વેષ ઉત્પન્ન થાય એવા કર્મોનું ઉપાર્જન કરે છે. તે કર્મોનો ઉદય થતાં અક્રિય ને નિર્મલ આત્મા અજ્ઞાન દશામાં આવી ભાવ કર્મનો અથવા રાગદ્વેષનો કર્તા બંને છે. મન, વચન, અને કાયાના ત્રણે યોગના

વ્યવહારથી રહિત તેમજ શુદ્ધ તત્ત્વજ્ઞરૂપ એક સ્વભાવમાં જ્યારે આત્મા વર્તે છે, ત્યારે છદ્મસ્થ અવસ્થા હોય તો અનંતજ્ઞાનાદિ સુખના શુદ્ધ ભાવોની ભાવનારૂપ વિવિક્ષિત શુદ્ધ એક દેશનો નિશ્ચયથી કર્તા બને છે અને મુકત અવસ્થા હોય તો નિશ્ચયથી અનંતજ્ઞાન, અનંત દર્શન વગેરે શુદ્ધ ભાવોનો કર્તા બને છે.

શુદ્ધ અને અશુદ્ધ ભાવો જે વર્તે છે તેનો કર્તા જીવ છે એમ માનવું. નિત્ય, નિરાકાર, નિષ્ક્રિય, એવી આત્મસ્વરૂપની ભાવનાથી રહિત જે જીવ છે તેનેજ કર્મોનો કર્તા કહેલ છે. પુદ્ગળોની વિચારણા એટલે પરપરિણતિજ શુભ અને અશુભ બંધનું મુખ્ય કારણ છે. એ પરપરિણતિથી દૂર રહી પોતાના આત્મામાં ભાવના ભાવવી. વળી વ્યવહારથી આત્મા સુખ અને દુઃખરૂપ જે પુદ્ગળિક કર્મોને ભોગવે છે તે તમામ કર્મનાં ફળોનો તેમજ નિશ્ચય નયથી ચૈતન્ય ભાવનો ભોકતા આત્માજ છે. આ ચૈતન્ય ભાવ આપણો પોતાનો સદા સંબંધી છે. જ્ઞાનવડે નિજ શુદ્ધ આત્માને પારમાર્થિક, સુખમય અમૃતરસરૂપી ભોજન મળે છે તે ન મેળવે એવો આત્મા ઉપચરિત અસદ્‌ભુત વ્યવહારને લીધે પાંચે ઇંદ્રિયોના ઇષ્ટ અને અનિષ્ટ વિષયોથી ઉત્પન્ન થતાં સુખ અને દુઃખ ભોગવે છે. તેજ પ્રમાણે અનુપરિત અસદ્‌વ્યવહારથી અભ્યંતરમાં સુખ દુઃખ ઉત્પન્ન કરનારા દ્રવ્ય કર્મ જે સત્તા અસતારૂપે ઉદય છે તેને પણ ભોગવે છે. વળી આત્મા હર્ષ અને શોક પામે છે, છતાં શુદ્ધ નિશ્ચયમાં તો પરમાત્મ સ્વરૂપની સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન અને ક્રિયાથી ઉત્પન્ન થતા અવિકારી આનંદરૂપ એક સ્થિતિવાળા સુખામૃતને ભોગવે છે.

સારાંશ એ છે કે—સ્વાભાવિક રીતે ઉત્પન્ન થતા સુખ-રૂપી અમૃત ભોજનની પ્રાપ્તિ ન થવાથી આ આત્મા ઇંદ્રિયથી ઉત્પન્ન થતા સુખને ભોગવે છે, અને તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે. આત્માનો સ્વભાવ તો ઇંદ્રિયોથી જે અગોચર સુખ છે તે

સુખને ઉત્પન્ન કરવાનો છે અને તે સ્વભાવ ગ્રહણ કરવા યોગ્ય છે. આ અગોચર સુખને શુકલ ધ્યાની સ્વાભાવિક રીતે ગ્રહણ કરે છે, જેથી સંસારરૂપી ઝાડનાં, શુભ અશુભ, કડવાં મીઠાં અને ઉંચ નીચ ફળોને આપનારો, પુદ્‌ગળની પ્રવૃત્તિથી થયેલો જે સ્વભાવ તે સ્વભાવ સહજજ જતો રહે છે અને શુદ્ધ આત્માનંદ ચૈતન્ય-મય સ્વભાવમાં સદા રમણ કરે છે.

તૃતીય પત્ર--" અનંત વૃત્તિયાનુપ્રેક્ષા ".

(૩) **અનંત વૃત્તિયાનુપ્રેક્ષા**—આ સંસારમાં પરિભ્રમણ કરવાની જે પ્રવૃત્તિ છે, તેનાથી નિવર્તવાનો સ્વાભાવિક વિચાર થાય તે. આ સંસારમાં અનંત પુદ્‌ગળ પરાવર્ત્તન કર્યાં તે પરા-વર્ત્તન ૮ પ્રકારનાં છે.

(૧) **દ્રવ્યથી બાદર પુદ્‌ગળ પરાવર્ત્તન**—ઉદારિક, વૈક્રેય, તૈજસ, કાર્મણ, મન, વચન અને શ્વાસોચ્છ્વાસ એ સાત પ્રકારના પુદ્‌ગળ જગત્‌માં જેટલાં છે તે તમામનો સ્પર્શ કરે.

(૨) **દ્રવ્યથા સૂક્ષ્મ પુદ્‌ગળ પરાવર્ત્તન**—તે પ્રથમ કહેલાં સાત પ્રકારનાં પુદ્‌ગળોમાંથી પ્રથમ ઉદારિક શરીરનાં જેટલાં પુદ્‌ગળો જગત્‌માં છે તેને અનુક્રમે સ્પર્શે, જરાપણ છોડે નહિ, પછી અનુક્રમે વૈક્રેયનાં, પછી અનુક્રમે તૈજસનાં એમ સાતેનાં અનુક્રમે સ્પર્શે.

(૩) **ક્ષેત્રથી બાદર પુદ્‌ગળ પરાવર્ત્તન**—મેરૂ પર્વતથી માંડીને દશે દિશાઓમાં આકાશની અસંખ્યાત શ્રેણિઓ કરોળી-આએ ગુંથેલી જાળના તાંતણાની માફક વિસ્તાર પામી છે, તે તમામ ક્ષેત્ર ઉપર જન્મ મરણ કરી સ્પર્શે.

(૪) **ક્ષેત્રથી** સૂક્ષ્મ **પુદ્‌ગળ પરાવર્ત્તન**-ઉપર કહી તે શ્રેણિઓ-માંથી પ્રથમ એક શ્રેણિ ગ્રહણ કરી, તેનાપર મેરૂથી અલોક લગી અનુક્રમે જન્મ મરણ કરી સ્પર્શે, જરાપણ છોડે નહિ. પછી બીજી શ્રેણિ પણ એજ રીતે, એમ તમામ શ્રેણિ સ્પર્શે.

(૫) **કાળથી બાદર પુદ્ગળ પરાવર્ત્તન**—સમય, આવલિકા, સ્તોક, લવ, મુહૂર્ત્ત, દિન, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, પૂર્વ, પલ્ય, સાગર, અવસર્પિણી, ઉત્સર્પિણી, કાળચક્ર એ તમામ કાળમાં જન્મ મરણ કરી સ્પર્શે.

(૬) **કાળથી સૂક્ષ્મ પુદ્ગળ પરાવર્ત્તન**—પ્રથમ સર્પિણી કાળ શરૂ થયો હોય તેના પહેલા સમયમાં જન્મ મરણ કરે, વળી બીજી વખત સર્પિણી આવે ત્યારે તેના બીજા સમયમાં જન્મીને મરે, એ પ્રમાણે આવળિકાના સમય પૂરા થાય ત્યાં લગી જન્મ મરણ કરે, વળી સર્પિણી કાળ બેસે તેની પહેલી આવળિકામાં જન્મીને મરે, વળી બીજી સર્પિણીમાં એમ સ્તોકનો કાળ પૂરો કરે, એ અનુક્રમે સર્વ કાળ જન્મ મરણ રહી સ્પર્શે.

(૭) **ભાવથી બાદર પુદ્ગળ પરાવર્ત્તન**—૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ એ ૨૦ જાતના સર્વ પુદ્ગળોને જન્મ મરણથી સ્પર્શ કરે.

૮ **ભાવથી સુક્ષ્મ પુદ્ગળ પરાવર્ત્તન**—પ્રથમ એક ગુણ રંગનાં જગત્માં જેટલાં પુદ્ગળ છે તે તમામને સ્પર્શે, પછી દુગુણા કાળા રંગનાં, પછી ત્રણગુણાં એમ ઠેઠ અસંખ્યાત ગુણા કાળા રંગનાં પુદ્ગળોને સ્પર્શે. એમ સર્વે કાળા રંગનાં પુદ્ગળોને સ્પર્શ્યા પછી લીલા વર્ણનાં પુદ્ગળોને કાળા વર્ણની માફક અનુક્રમે સ્પર્શે એ પ્રમાણે ૨૦ જાતના પુદ્ગળોને અનુક્રમે સ્પર્શે.

આ આઠ પ્રકારના પુદ્ગળ પરાવર્તન જન્મ મરણે કરીને કરે તેને એક પુદ્ગળ પરાવર્તન કહે છે, એવાં એવાં અનંત પુદ્ગળ પરાવર્તન અકેક જીવ સંસારમાં કરે છે. આપણો જીવ પણ કરી આવ્યો છે. એ પ્રમાણે સંસાર પરિભ્રમણ કરતાં કરતાં અનંતાનંત પુણ્યનો ઉદય થવાથી, મનુષ્ય જન્મમાં શુકલધ્યાન પમાય તેટલી સામગ્રીઓ હાથ આવી છે. આ સામગ્રીઓ પુદ્ગળ પરાવર્તનને ઉખેડી નાંખનારી અને અખંડ, અચળ, નિરામય મોક્ષનાં સુખને

આપનારી છે. શુકલધ્યાની મહાત્માને એવો દૃઢ નિશ્ચય સ્વાભાવિક રીતે થાય છે. આ સંસારના અનંત જીવો અનંત પુદ્‌ગળ પરાવર્તન રૂપ ભ્રમણ ક્રિયામાં પડીને, વિભાવરૂપ (પુદ્‌ગળિક સુખ રૂપ) વિચિત્રતામાં પડી જાય છે. એ સ્થિતિની પ્રતિચ્છાયા શુકલધ્યાની મહાત્માના શુદ્ધ આત્મામાં સ્વભાવિક રીતે પડે છે. એવા જ્ઞાનવાળા અપ્રતિપાતિ (કદી ન પડે તેવા) ધ્યાનમાં શુકલધ્યાની સદા મગ્ન રહે છે.

ચતુર્થ પત્ર—વિપરિણામાનુપ્રેક્ષા.

વિપરિણામાનુપ્રેક્ષા—આ વિશ્વરૂપી ઉદર ૩૪૩ રાજુ છે. તે જડ અને ચેતન પદાર્થોથી સંપૂર્ણ ભર્યું છે. એ વિશ્વમાંનાં પુદ્‌ગળો ક્ષણે ક્ષણે વિકાર પામે છે. જેમ કુંભાર માટીના પિંડમાંથી સારાં, નરસાં, મોટાં, નાનાં, અનેક પ્રકારનાં વાસણો બનાવે છે, તેમ પુદ્‌ગળોના સમુહમાંથી મનુષ્ય અને પશુ જેવાં જૂદા જૂદા આકારનાં વાસણ બને છે. એ આકારોને જોઈને ઘણું માણસો, કોઈને સારો અને કોઇને ખરાબ કહે છે એ માત્ર દ્રષ્ટિનોજ ફેર છે. બાકી સૌ આકારો એનાં એ પુદ્‌ગળોમાંથી બન્યા છે, એમાં વસ્તુનો ફેર છેજ નહિ. સર્વ લોક (=જગત્)જીવ અને અજીવથી ભરેલ છે, તેમાં જીવ અનાદિ કાળથી, અનંતપરમાણુઓના સમુહથી, અને પંચ સમવાયની પ્રેરણાથી સંયોગ વિયોગ પામી અનેક આકારમાં પ્રવર્તે છે. એ આકારના પુદ્‌ગળોમાં અનંતકાળથી સામાન્યપણું અને વિશેષપણું થયાં કરે છે. એજ પ્રમાણે આખા લોકમાં રાગ, દ્વેષનાં પુદ્‌ગળો પણ ભર્યા છે તેને સકર્મી (સંસારી) જીવો, લોહચુંબક ને લોઢાની પેઠે ખેંચે છે. તેથીજ મિથ્યાત્વ અને મોહની શક્તિ પ્રબળ થાય છે અને પરિણામમાં પ્રેમ અને દ્વેષ રૂપી અનેક સંકલ્પ વિકલ્પ થયાં કરે છે. કોઇ પર પ્રેમ આવે છે અને કોઇ પર દ્વેષ થાય છે, એ બંને વસ્તુઓ એજ પુદ્‌ગળોનાં પરમાણુઓની બની છે. આપણું ઘર, ધન, સ્ત્રી, સ્વજન, ભૂષણ, મિષ્ટાન્ન

વગેરે પ્રિય વસ્તુઓ અને ઝેર, મલીનતા, દુશ્મન, વગેરે અપ્રિય વસ્તુઓ એ તમામ પુદ્ગળોનેાજ ઠાઠ છે. ક્ષણેક્ષણે પુદ્ગળોનું રૂપાંતર થયાંજ કરે છે અને તે રૂપાંતર પ્રમાણે જીવોની પ્રવૃત્તિમાં ફેર પડે છે. જીવોની પ્રવૃત્તિમાં રાગ દ્વેષ રૂપી ચકમક એટલે ઝટપટી ભાવ આવતાં, જીવ તેવાં પુદ્ગળોનું આકર્ષણ કરી ભારે થાય છે. એમ ભારે બનવાથી ઊંચામાં ઊંચી જે મોક્ષ ગતિ છે, ત્યાં જીવ પહોંચી શકતો નથી. સંસારમાં રખડવાનું આ કારણ અનાદિ અનંત છે. આ બધી જંજાળ અને વિકારી દશા પુદ્ગળોની પ્રવૃત્તિને લીધે થાય છે. એ પુદ્ગળિક ઠાઠમાં લીન થવાથી ઉત્તમને નિર્મલ ચેતન આજપર્યંત દુઃખી થયેા, તેમજ વિકાર પામ્યેા એવું નિશ્ચયાત્મક જ્ઞાન શુકલધ્યાનીને થાય છે. એ જ્ઞાનથી સર્વ પુદ્ગળો ઉપરથી રાગદ્વેષ જતો રહે છે, અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ થાય છે, અને માલુમ પડે છે કે મારો આત્મ ગુણ તો અખંડ છે, અવિનાશી છે, સદા એક રૂપમાં રહેનાર, સચેતન, અગુરૂ લઘુ, સંયેાગ વિયેાગ વગરનો, અને અનાદિથી નિજ સ્વરૂપમાં રમણ કરનાર છે. પરગુણેાથી (પુદ્ગળિક રચનાના સ્વભાવથી) ઢંકાયેલેા હેાવાથી આટલા દિવસ આત્મા એ કેવી ઉત્તમ ચીજ છે, તેની કાંઇ પણ એાળખાણ થઇ નહિ. પણ હાલ એ પુદ્ગળોથી ઉલટી શકિત ધારણ કરનારા એવા આત્મિક ગુણનેા જોગ થવાથી નિજ-ગુણ પ્રગટે છે. વાયુના જોગથી વાદળાં વિખરાઈ જાય છે અને તરતજ સૂર્યનેા પ્રકાશ પ્રગટે છે, તેમજ પુદ્ગળની પલટતી દશા-રૂપ વાદળાં વૈરાગ્ય રૂપી પવનથી દૂર થતાં અનંત જ્ઞાન રૂપ જ્યેાતિના સૂર્યનેા અરૂણેાદય થાય છે, અને એ અરૂણેાદય થયેા એટલે પૂર્ણ પ્રકાશ થવાનેા દ્રઢ નિશ્ચય પણ થયેા. એથી કાળાંતરે સર્વ પુદ્ગળોના પરિચયથી મારો આત્મા દૂર થશે, સત્ય, ચિત્ અને આનંદવાળું સ્વરૂપ પ્રગટશે અને ત્યારેજ હું નિરામય, નિત્ય, અને અચળ સુખનેા ભોક્તા બનીશ.

શુકલધ્યાનનાં પુષ્પ-ફળ.

આ ચાર પ્રકારના વિચારો શુકલધ્યાનીના હૃદયમાં સદા સ્વભાવથીજ વર્તે છે. એ મહાન્ શક્તિને લીધે, શુકલધ્યાનીનો આત્મા સર્વે પુદ્‌ગળ પ્રવૃત્તિના સંબંધથી (વિભાવ પ્રવૃત્તિથી) દૂર રહી, તમામ કર્મોથી છૂટી, અત્યંત પવિત્રતાને મેળવી, અનંત અક્ષય, અવ્યાબાધ (ઉપાધિ રહિત,) મોક્ષ સુખમાં તલ્લીન રહે છે.

એ પ્રમાણે **શુકલધ્યાનીના ૪ પાયા, ૪ લક્ષણ, ૪ આલંબન,** અને ૪ **અનુપ્રેક્ષા** એમ ૧૬ ભેદનું વર્ણન થયું.

ગ્રંથ કર્તાની લઘુતા.

હું એક અલ્પજ્ઞ, વિષય અને કષાયનુંજ ઘર, અનેક અન્ય દુર્ગુણોથી પણ ભરેલો, શુકલધ્યાન જેવા ગહન વિષયનું યથાર્થ વર્ણન કરવાને અસમર્થ છું. કારણ કે શુકલધ્યાન તો મારા અનુભવની બહાર છે. મેં જે કાંઈ લખ્યું છે તે કેવળીએ પ્રરૂપેલાં સૂત્ર અને કેટલાક ગ્રંથોને અનુસરીને, અને કેટલેક ઠેકાણે તો સ્વાભાવિક બોધ રૂપે લખ્યું છે. માટે વાંચનાર જિજ્ઞાસુઓ પાસે નમ્રતાથી માફી માગું છું.

પરમ પૂજ્ય શ્રી કહાનજી ઋષિજી મહારાજની સંપ્રદાયના મહંતમુનિ શ્રી બાળબ્રહ્મચારી મુનિ શ્રી અમોલખઋષિજી મહારાજરચિત ધ્યાનકલ્પતરુ ગ્રંથની શુકલધ્યાન નામે ચોથી શાખા સમાપ્ત.



ઉપસંહાર.

આ ધ્યાનકલ્પતરુ ગ્રંથની ચાર શાખા તથા બે ઉપશાખા મળી કુલ છ શાખાઓમાં ચાર ધ્યાન તથા ઉપયુક્ત બે ધ્યાન (શુભ અને શુદ્ધ) નું વર્ણન સૂત્ર પ્રમાણે કરેલું છે. આ ગ્રંથને ખરા દિલથી ભણતાં વિચારતાં અને આચરતાં આ જગત્માં પ્રવર્તતી સર્વે શુભ અને અશુભ બાબતોનું જ્ઞાન સરળતાથી થશે. એવા જ્ઞાનથી લાભ એ લેવો કે જે હેય લાગે તે છોડવું, અને જે ઉપાદેય લાગે તે આદરવું. **આર્ત્ત** અને **રૌદ્રધ્યાન** આ ભવ તેમજ હવે પછીના ભવમાં અત્યંત દુઃખદાયક છે એવું આત્માને જણાશે કે તરતજ મોક્ષનો અભિલાષી આત્મા તેને છોડવાનો હમેશાં વિશેષ વિશેષ પ્રયત્ન કરી જરૂર ત્યાગશે. એ બે ધ્યાનથી નિવર્તવાની રીત પ્રથમ **શુભધ્યાન** રૂપી ઉપશાખામાં બરોબર સમજાવેલી છે. એ પ્રમાણે અશુભ ધ્યાનથી નિવર્ત્યાથીજ આ કાળમાં ફક્ત **ધર્મધ્યાન** બની શકે છે. **ધર્મધ્યાન** આ ભવ અને પરભવમાં ઉત્તમોત્તમ સુખદાતા છે. **ધર્મધ્યાન**માં આત્મા બરોબર ઉતરી જાય તો તેનાથી ઊંચી દશામાં આત્માને લાવવા સારૂ બીજી ઉપશાખામાં **શુદ્ધધ્યાન** બતાવેલું છે. એ **શુદ્ધધ્યાન** મેળવવાને ધીર વીર સત્પુરૂષો પ્રયત્ન કરે છે જેથી **અનુત્તર** (સૌથી શ્રેષ્ટ) **સુખ** મેળવે છે. હવે અત્યન્ત વિશુદ્ધ અને સર્વોપરિ આત્મદશા પ્રાપ્ત કરનાર ચોથું જે **શુક્લધ્યાન** છે તે આ કળિકાળમાં (પંચમ આરામાં) પ્રાપ્ત થવું મુશ્કેલ છે તો પણ તેનું સ્વરૂપ દરેક આત્માએ જરૂર સમજવું જોઈએ કે જેથી ભૂતકાળમાં મારા પૂર્વજ મહાત્માઓ કેવી કેવી વૃત્તિઓ ધારણ કરી પરમપદ મેળવતા હતા તેનો ખ્યાલ આવે. હે પ્રભુ ! મને પણ એવો અવસર પ્રાપ્ત થાઓ એવી ભાવના પરમ સુખના ચાહનારા વાચક વર્ગને થાય તો તેનો આત્મા અનેક લાભ મેળવશે.

अंतोमुहुत्तमितं, चित्तावत्थाणमेयवत्थुमी ॥
छउमत्थाणं झाणं, जोग निरोहो जिणाणं तु ॥ १ ॥

અર્થ—એકને એક ધ્યેયમાં, માત્ર અંતમુહૂર્ત્ત લગી ચિત્તની એકાગ્રતા રહે તે છદ્મસ્તનું ધ્યાન છે, * અને યોગને રૂંધી વિકલ્પ રહિત આત્માની સ્થિરતા તે જિનેશ્વર પ્રભુનું ધ્યાન છે.

जे जित्तिआय हेउ, भवस्म ते चेव तित्तिआ मुक्खे ॥
गुण गणाइआ लोगा, दुएहवी पुन्ना भवे तुल्ला ॥ २ ॥

અર્થ—આ વિશ્વમાં જેટલા સંસારના હેતુઓ છે તેટલાજ મોક્ષના હેતુઓ છે. ગુણના સમુહથી પૂર્ણ એવા આ ત્રણ લોકમાં બંને હેતુઓ પૂર્ણ ભરેલ છે અને એકત્ર છે. એમાં ખૂબી ધ્યાન કરનારની છે, જે બાજુ લક્ષ આપશે તેવું ફળ મેળવશે.

जह चिअ संचिअमिंधण, मणलोयपवणसहिओदुडहइ ॥
तह कम्मिंधण मिंअं, खणेण जाणा लोडहइ ॥ ३ ॥

જેમ ઘણા વખતનાં લેગાં થયેલાં ઇંધણાં (લાકડાં) ને દેવતા, પવનના જોરથી જરા વારમાં બાળીને ભસ્મ કરી નાખે છે, તેમ અનંત અનંત ભવોનાં એકઠાં થયેલાં કર્મરૂપ ઇંધણાંને શુકલધ્યાનરૂપી મહા અગ્નિ ક્ષણમાત્રમાં બાળી ખાખ કરી તેની રાખ ઉડાડી નાખી આત્માને તદ્દન પવિત્ર બનાવે છે.

सिद्धाः सिध्यन्ति, सेत्स्यन्ति यावन्तः के ऽपि मानवाः ॥
ध्यानतपोबले नैव, ते सर्वे ऽपि शुभाशयाः ॥४॥

અર્થ—ભૂતકાળમાં અનંત સિદ્ધ ભગવંત થયા, વર્તમાનમાં (મહાવિદેહ ક્ષેત્રમાં) થાય છે, અને ભવિષ્ય કાળમાં થશે તે તમામ શુદ્ધ ધ્યાનરૂપી મહાતપના પ્રભાવથીજ થાય છે. તેથી નિશ્ચય થાય છે કે મોક્ષની પ્રાપ્તિનું મુખ્ય સાધન ધ્યાનજ છે.

---

*સૂત્ર—उत्तम संहननस्यैकाग्रचित्त निरोधो ध्यानमन्तर्मुहूर्त्ता-तु ॥

અર્થ—ઉત્તમ સંઘયણના ધારક ચિત્તની એકાગ્રતા અંતમુહૂર્ત્ત પર્યંત કરે છે તે.

મારા તથા પરના આત્માને સિદ્ધ કરવાના હેતુથી આ ગ્રંથ મેં બનાવ્યો છે. ધ્યાન એ એવો ગહન વિષય છે કે, તેનું સંપૂર્ણ અને યથાર્થ વર્ણન કરવું એ મારા જેવા અલ્પજ્ઞ જીવને માટે મશ્કરી રૂપ છે. તો પણ બાળકની રમતની પેઠે આ ગ્રંથ લખી હું તત્ત્વવેતા મહાન્ પુરૂષોને સમર્પણ કરૂં છું કે આપ મહાનુભાવ પુરૂષો તેને સર્વ દોષોમાંથી મુકત કરી, વિશુદ્ધ કરી મારા આશય પ્રમાણે તેને (આ ગ્રંથને) બનાવી મુમુક્ષુઓને પરમાનંદ, પરમ-શાંતિ રૂપી મહાલાભની બક્ષિસ કરશો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમ પૂજય શ્રી કહાનજીઋષિજીમહારાજના સંપ્રદાયના મહંતમુનિરાજ શ્રી ખુબાઋષિજીમહારાજના શિષ્યવર્ય આર્યમુનિ શ્રી ચેનાઋષિજીમહારાજ, તેના

શિષ્ય બાલબ્રહ્મચારી **મુનીશ્રીઅમોલખ**

ઋષિજી મહારાજ રચિત આ **ધ્યાન-**

કલ્પતરૂ નામક

ગ્રંથ

